ગુ. યુ. પ્રેસ ૧૧૧૦--૪૧૦--૨--૧૯૭૦

સિન્ડિકેટ (જાન્યુઆરી) : તા. ૧૦/૧૧--૧--૧૯૭૦

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની જાન્યુઆરી માસની સભા, શનિવાર, તા. ૧૦–૧–૧૯૭૦ના રોજ બપોરના ૧૨–૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને રવિવાર, તા. ૧૧–૧–૧૯૭૦ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. બંને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોષીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૦–૧–૧૯૭૦	તા. ૧૧–૧–૧૯૭૦
૧.	શ્રી. ઉમાશંકર જોષી, કુલપતિ	હાજર	હાજર
૨.	શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર	ગેરહાજર
૩.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૪.	શ્રી. ડાહ્યાભાઈ મણિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૫.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	ગેરહાજર
૭.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર	હાજર
૮.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૯.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૧૦.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૧.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	ગેરહાજર	હાજર
૧૪.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર	હાજર
૧૫.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૧૬.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર.

૧. તા. ૬/૭-૧૨-૧૯૬૯ના રોજ મળેલ સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૬/૭–૧૨–૧૯૬૯ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી :

"બાબત નં ૧૮માં જણાવેલી સમિતિના સભ્યોની નામાવલિમાં શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદીનું નામ ઉમેરવું."

૨. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીવિજ્ઞાન વિભાગના રીડર ડૉ. એમ. એસ. દુબલેની અભ્યાસ-રજા સિન્ડિકેટે તેની તા. ૬–૭–૧૯૬૯ની સભામાં તા. ૫–૧૨–૧૯૬૯ સુધીની મંજૂર કરી હતી, પરંતુ શ્રી. દુબલે તા. ૮–૧૨–૧૯૬૯ના રોજ હાજર થઈ શકયા હોવાથી વધુ બે દિવસની રજા મંજૂર કર્યાના;

(૨) સિન્ડિકેટની તા. ૧૧–૫–૧૯૬૯ની બાબત ક્રમાંક ૬૫માં ફકરા નં. ૩માં "કૉલેજોએ જેટલી રકમ આ પેટે આપી હશે તેટલી બીજી રકમ રૂ. ૧૦૦ની મર્યાદામાં રહીને પ્રત્યેક વર્ષે કૉલેજ દીઠ યુનિવર્સિટી તરફથી આપવામાં આવશે" તેમ છે તેમાં રૂ. ૧૦૦ની જે રકમ છે તેને બદલે રૂ. ૧,૦૦૦ની રકમ જોઈએ તો તે પ્રમાણે સદરહુ છાપભૂલ સુધાર્યાના;

(૩) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકારી જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
૧.	શ્રી. આઈ સી. મોદી	વિજ્ઞાન--રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. એન. એ. પટેલ	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૩.	શ્રી. એ. જે. લોધા	વિનયન—હિન્દી	પીએચ.ડી.

(૪) શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદમાં સ્થાપવામાં આવેલ એમ.એ. પદવી ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એસ. વી. પટેલની નિમણૂક કર્યાના;

(૫) ઑકટોબર ૧૯૬૯માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં જરૂર પડયે પ્રાશ્નિક-પરીક્ષકોની અવેજી નિમણૂંકો કર્યાના;

(૬) વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગના કેમોન્સ્ટ્રેટર શ્રી. એ. એ. શેખની તા. ૩૦–૯–૧૯૬૯ના રોજ પૂરી થતી અભ્યાસ-રજાઓ સાથે તા. ૧–૧૦–૧૯૬૯ થી તા. ૭–૧૦–૧૯૬૯ સુધીની આકસ્મિક રજાઓ જોડવા માટે મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૩. સને ૧૯૬૭–૬૮થી શરૂ થતા ત્રિવાર્ષિક ગાળા માટે કામચલાઉ ધોરણે વાર્ષિક રૂ. ૪,૧૬,૦૦૦ની બ્લૉક મેઇન્ટેનન્સ ગ્રાન્ટ ઉપરાંત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને પંચવર્ષીય યોજના હેઠળ મંજૂર કરેલ યોજનાઓ કે જેનો અમલ થયેથી પાંચ વર્ષની મુદત બાદ આ

યોજનાઓનો તમામ ખર્ચ રાજ્ય સરકાર ભોગવશે તે પરની તેમ જ સને ૧૯૬૮-૬૯ તથા ૧૯૬૯-૭૦ના 'વેજ બિલ'ના ૩૬ ટકા પ્રમાણે વધારાની ગ્લોક ગ્રાન્ટ મંજૂર કરવાની સત્તા શિક્ષણનિયામક, ગુજરાત રાજ્યને આપવામાં આવી છે તેમ જણાવતા રાજ્ય સરકારના તા. ૩-૧૧-૧૯૬૯ના પત્રાંક યુએસજી-૧૨૬૭-ખ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. ધી ઇન્ડસ્ટ્રીઝ કમિશનર, અમદાવાદ તરફથી તેમના પત્રાંક **DW/Chem./S.I.R. C./6289**, તા. ૩-૧૨-૧૯૬૯થી વિજ્ઞાન વિદ્યાભવનના નીચે જણાવેલ શિક્ષકોની ૧૯૬૯-૭૦ના વર્ષની સંશોધનયોજનાઓ માટે આર્થિક સહાય મંજૂર કર્યાની નોંધ લેવા બાબત :

No.	*Name of the Sponsor*	*Name of the Scheme*	*Amount of the expenditure*
(1)	Dr. J. C. Vora, Reader in Chemistry, Uni. School of Sciences, Gujarat University, Ahmedabad-9	Corrosion of water pipes and other materials	Rs. 7,000-00
(2)	Dr. A M. Trivedi, Prof. of Chemistry, Uni. School of Sciences Gujarat University, Ahmedabad-9	Studies in Corrosion and methods to prevent it with special reference to problems in Gujarat State	Rs. 7,000-00
(3)	Dr. M. N. Desai, Reader in Chemistry, Uni. School of Sciences, Gujarat University, Ahmedabad-9	I. Studies in the Corrosion of Aluminium Alloys II. Atmospheric Corrosion of the typical metals and Alloys at Dandi	Rs. 6,258·3 .
(4)	Dr. M. N. Desai, Reader in Chemistry, Uni. School of Sciences, Gujarat University, Ahmedabad-9	I. Studies in Corrosion of zinc in neutral, acidic and alkaline solutions and its inhibition by the use of inhibitors II. Atmospheric Corrosion studies at Uchha in an Industrial Area	Rs. 10,000·00

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. માર્ચ-એપ્રિલ ૧૯૭૦માં જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂંકો અંગે જે તે વિદ્યાશાખાની પરીક્ષાસમિતિઓની ભલામણો અને તે પર તા. ૭/૮-૧-૧૯૭૦ના રોજ મળેલી એકેડેમિક કાઉન્સિલે કરેલી વિચારણાને અનુલક્ષીને સદરહુ નિમણૂંકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૦માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂંકો અંગે જે તે વિદ્યાશાખાઓની પરીક્ષા સમિતિઓની ભલામણો અને તે અંગે એકેડેમિક કાઉન્સિલે કરેલા ઠરાવને અનુલક્ષીને સભાગૃહમાં સૂચવવામાં આવેલા ફેરફાર સાથે પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂંકોની યાદી મંજૂર કરવી.

(**નોંધ.**—સદરહુ બાબતની વિચારણા રવિવાર, તા. ૧૧-૧-૧૯૭૦ના રોજ કરવામાં આવી હતી.)

(મંજૂર કરવામાં આવેલી સદરહુ યાદીની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૬. યુનિવર્સિટી પરીક્ષાના પ્રશ્નપત્રો પ્રત્યેક કેન્દ્ર પર છાપવામાં આવતા નથી, પરંતુ ૨૧ જેટલાં સ્થળે તે છાપી નજીકનાં કેન્દ્રોને છાપેલા પ્રશ્નપત્રો પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવે છે. તેથી ફક્ત જે કેન્દ્ર પર પ્રશ્નપત્રો છાપવાના હોય તે કેન્દ્ર માટે જ પ્રશ્નપત્રોની હસ્તપ્રતો પ્રાશ્નિકો પાસે માગવા અંગેના કાર્યાલયના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલયનું સદરહુ સૂચન ચાલુ વર્ષે પ્રયોગાત્મક ધોરણે સ્વીકારવું અને તે બાબતમાં સંબંધકર્તા સિનિયર સુપરવાઇઝરને જરૂરી સૂચનાઓ આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭. ફેબ્રુઆરી ૩થી ૯, ૧૯૭૦ દરમિયાન અલાહાબાદ મુકામે "વિશ્વ સંસ્કૃત સંમેલન" યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર અધિવેશનના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંમેલનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કુલપતિશ્રી ડૉ. ઉમાશંકર જોશીને મોકલવા.

૮. "ઑલ-ઈન્ડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સ" નું ૩૦મું અધિવેશન ફેબ્રુઆરીની તા. ૪થી ૭, ૧૯૭૦ના સમય દરમ્યાન પટણા મુકામે યોજનાર છે તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના માનદ સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચે મુજબની વ્યક્તિઓને મોકલવી :

(૧) ડૉ. આર. એલ. દૂધિયા; અને
(૨) અન્ય કોઈ શિક્ષક, જેને કુલપતિશ્રી નીમે તે.

૯. કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સ શ્રી. જે. એમ. મહેતાનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૪-૨-૧૯૭૦ના રોજ પૂરો થતો હોઈ તે તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સ શ્રી. જે. એમ. મહેતાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સની જગ્યા પર શ્રી. જે. એમ. મહેતાને તા. ૫-૨-૧૯૭૦થી કાયમ કરવા.

૧૦. યુનિવર્સિટી કાર્યાલયના સિનિયર ક્લાર્ક શ્રી. એમ. બી. દવેને તા. ૧૨-૨-૧૯૭૦થી રૂ. ૧૩૦-૮-૧૭૦ ઈ.બી.-૧૨-૨૯૦-૧૫-૩૫૦ના પગારધોરણમાં રૂ. ૧૭૦થી કાર્યક્ષમ અંતરાય (Efficiency Bar) ઓળંગવા માટે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એમ. બી. દવેની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એમ. બી. દવેને સદરહુ પગારધોરણમાં રૂ. ૧૭૦થી આગળનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧૨-૨-૧૯૭૦થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

૧૧. વિજ્ઞાન વિદ્યાભવનના ફોટોગ્રાફર શ્રી. એન. એ. શાહને તા. ૫-૧-૧૯૬૯ના રોજ રૂ. ૯૦-૫-૧૪૦ ઈ.બી. ૧૦-૨૦૦ના પગારધોરણમાં રૂ. ૧૪૦થી કાર્યક્ષમ અંતરાય (Efficiency Bar) ઓળંગવા માટે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૨. યુનિવર્સિટી પ્રેસના મશીનમેન શ્રી. આર. એમ. શેલત તા. ૩૧-૧-૧૯૭૦ના રોજ રૂ. ૬૦-૪-૧૦૦ ઈ.બી. ૧૨૦ના પગારધોરણમાં રૂ. ૧૦૦ મેળવતા હોવાથી તેમનો કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી પ્રેસના મશીનમેન શ્રી. આર. એમ. શેલતની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. આર. એમ. શેલતને યુનિવર્સિટી પ્રેસના મશીનમેનની જગ્યા પર સદરહુ પગારધોરણમાં રૂ. ૧૦૦ની આગળનો કાર્યક્ષમતા અંતરાય તા. ૩૧-૧-૧૯૭૦થી ઓળંગવા માટે મંજૂરી આપવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં ૭૪ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૭૪. સેનેટ સભ્ય શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત:

> "આપણા ત્રણ સારસ્વતો—અ. ફ્રેરોજ દાવર, ડૉ. કનૈયાલાલ મુનશી અને આચાર્યશ્રી કાકા કાલેલકરને તેમની સંનિષ્ઠ આજીવન વિદ્યોપાસના માટે આપણી યુનિવર્સિટીની ડૉક્ટરેટની પદવી અર્પણ કરવી અને એ માટે ઘટતી કાર્યવાહી તરત જ શરૂ કરવી."

ચર્ચાવિચારણાને અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે નીચે જણાવેલી વ્યક્તિઓને તેમની સંનિષ્ઠ આજીવન વિદ્યોપાસના માટે આ યુનિવર્સિટીની ડી.લિટ.ની માનાર્હ પદવી આપવા માટે સેનેટને ભલામણ કરવી :

(૧) પ્રો. ફિરોઝ કાવસજી દાવર;
(૨) ડૉ. કનૈયાલાલ માણેકલાલ મુનશી; અને
(૩) આચાર્યશ્રી દત્તાત્રય બાલકૃષ્ણ કાલેલકર (કાકાસાહેબ કાલેલકર).

(નોંધ.—સદરહુ ભલામણ સિન્ડિકેટના ઠરાવ રૂપે કરવામાં આવી ત્યારે ૧૨ સભ્યોની હાજરી હતી, જે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૫ મુજબ પર્યાપ્ત છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે લોકસાહિત્ય માટે યોગ્ય કાર્યક્રમ યોજવા માટે તથા તે માટે જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૩. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. જે. એચ. ભાવસાર તા. ૨૯-૧૧-૧૯૬૯ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૨૯-૧૧-૧૯૬૯ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી. જે. એચ. ભાવસાર તા. ૨૩-૩-૧૯૬૭ના રોજ કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૨૯-૧૧-૧૯૬૯ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જે. એચ. ભાવસારને તેમને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૧૪. સિન્ડિકેટની તા. ૬-૭-૧૯૬૯ની સભાના ઠરાવ અન્વયે કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર, અમદાવાદ ઉપર વિજ્ઞાન વિદ્યાભવનના રીડરની કક્ષાના ઓછામાં ઓછા એક શિક્ષકને એક કે બે સત્ર માટે મોકલવા અંગેની તા. ૨૧-૭-૧૯૬૯ની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિઓની તા. ૨૭-૧૦-૧૯૬૮ની સભામાં થયેલ સૂચનના સંદર્ભમાં ભવનના અધ્યક્ષશ્રી આવી રીતે શિક્ષકોને મોકલવા અંગે ખુશી છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૫. સેનેટ સભ્ય ડૉ. દલસુખભાઈ ડી. માલવણિયાને વિનયન વિદ્યાશાખા હેઠળ આવતી (૧) પાકૃત-પાલિ, અને (૨) સંસ્કૃતની બે અભ્યાસસમિતિઓ એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. દલસુખભાઈ ડી. માલવણિયાને નીચે જણાવેલી અભ્યાસ-સમિતિઓનું સભ્યપદ આપવું :

(૧) પ્રાકૃત-પાલિ; અને
(૨) સંસ્કૃત.

૧૬. આચાર્ય ડૉ. ટી. એન. મહેતાને ઇજનેરી વિદ્યાશાખા હેઠળ આવતી કોઈ બે વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) કેમિકલ એન્જિનિયરિંગ, તથા (૨) ભૂસ્તરવિજ્ઞાનની અભ્યાસસમિતિઓ પર સેવા આપવાની ઇચ્છા બતાવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. ટી. એન. મહેતાને નીચે જણાવેલી અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું :

(૧) કેમિકલ એન્જિનિયરિંગ; અને

(૨) ભૂસ્તરવિજ્ઞાન.

૧૭. ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨–એ અનુસાર મહેન્દ્રસિંહજી હૉસ્પિટલ, મોરબીને ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટ નીમેલી સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"We recommend recognition for sending four intems (including two lady students) to be sent at Mahendrasinhji Hospital, Morvi."

આથી ઠરાવવામાં આવે છે કે મહેન્દ્રસિંહજી હૉસ્પિટલ, મોરબીને ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે બે વિદ્યાર્થીનીઓ સહિત કુલ ચાર વિદ્યાર્થીઓ માટે માન્યતા આપવી.

૧૮. અધ્યાપકવર્ગમાં થતા ફેરફાર અંગેની સ્થાયી સમિતિની તા. ૫–૧૨–૧૯૬૯ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૫–૧૨–૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૫–૧૨–૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૯. પ્રકાશન બોર્ડની તા. ૨૭–૧૧–૧૯૬૯ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૨૭–૧૧–૧૯૬૯ની સભાની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી :

સદરહુ બોર્ડની તા. ૨૭–૧૧–૧૯૬૯ની સભાની નોંધમાં બાબત નં. ૪ અંગે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

"પ્રો. એફ. સી. દાવર કૃત 'Socrates and Christ'નું પ્રકાશન યુનિવર્સિટીએ હાથ ધરવાનું રાખવું અને પ્રો. દાવરને તે માટે કેટલો પુરસ્કાર આપવો તે અંગે નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી અથવા તો વિકલ્પે સદરહુ પ્રકાશન માટે પ્રો. દાવરને કેટલી આર્થિક સહાય આપવી તે માટે નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી."

(સદરહુ બોર્ડની તા. ૨૭–૧૧–૧૯૬૯ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૦. વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમ્યાન અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાંશ્રકો–પરીક્ષકો–નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરી, સિન્ડિકેટ સમક્ષ ભલામણો રજૂ કરવા માટે પરીક્ષા-શુદ્ધિ સમિતિ(Mistakes and Unfair means Committee)ની પુનર્રચના કરવા બાબત.

[નોંધ.—જાન્યુઆરી ૧૯૬૮થી ડિસેંબર ૧૯૬૯ના સમયના ગાળા દરમ્યાન સદરહુ સમિતિ પર નીચેના સભ્યો હતા :

(૧) કુલપતિશ્રી
(૨) શ્રી. બટુભાઈ હ. દેસાઈ
(૩) શ્રી. આર. જી. શાસ્ત્રી
(૪) શ્રી. વી. આર. રણદીવે
(૫) આચાર્યા ઊર્મિલાબહેન પટેલ
(૬) શ્રી. એમ. સી. શાહ.]

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૦ના વર્ષ માટે વિદ્યાર્થીઓએ પરીક્ષા દરમિયાન અજમાવેલ ગેરવાજબી ઈલાજો અંગેના કેસો પર તેમ જ પ્રાંશ્રકો–પરીક્ષકો–નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરીને ભલામણો રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) કુલપતિશ્રી
(૨) શ્રી. બટુભાઈ હ. દેસાઈ
(૩) શ્રી. આર. જી. શાસ્ત્રી
(૪) આચાર્ય વી. આર. રણદીવે
(૫) આચાર્યા ઊર્મિલાબહેન પટેલ
(૬) આચાર્ય એમ. સી. શાહ.

આ તબક્કે કુલપતિશ્રીને અન્ય કામકાજ માટે સભાગૃહની બહાર જવાનું થયું ત્યારે સભાગૃહનું પ્રમુખપદ સભાગૃહની સંમતિથી શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ સંભાળ્યું.

૨૧. શ્રીમતી યુ. જી. અંબાણીના "બિલ્હન–જીવન અને કવન" એ શીર્ષક નીચે ઑર્ડિ. ૩૨૩ અન્વયે ફરીથી રજૂ થયેલ સંસ્કૃત વિષય પરના મહાનિબંધ અંગે તે મહા-નિબંધને સુધારીને ફરીથી રજૂ કરવા જણાવવા માટે રેફરીઓએ સર્વાનુમતે કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી. પદવી માટે શ્રીમતી યુ. જી. અંબાણીનો સદરહુ મહાનિબંધ તેના હાલના સ્વરૂપમાં ન સ્વીકારતાં તેને સુધારીને ફરીથી રજૂ કરવા માટે તેમને પરવાનગી આપવી.

૨૨. શ્રી. જી. બી. જોશીના Studies in Chelating of Ortho-hydroxy Anils એ શીર્ષક નીચે કેમિસ્ટ્રી વિષય પરનો પીએચ.ડી. પદવીનો મહાનિબંધ

તપાસવા માટે સિન્ડિકેટે તેની તા. ૧-૧૧-૧૯૬૯ની સભામાં ચોથા રેફરી તરીકે ડૉ. બી. સી. હલદરની નિમણૂક કરી છે. હવે વિદ્યાર્થીની મૌખિક પરીક્ષા માટે કોની નિમણૂક કરવી તે બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—એકસ્ટર્નલ ફોરેન રેફરી એલ. સકોનીએ તથા એકસ્ટર્નલ ભારતીય રેફરી શ્રી. એમ. બી. કલાડીએ શ્રી. જી. બી. જોશીનો મહાનિબંધ અસ્વીકાર્ય ગણ્યો છે, જ્યારે વિદ્યાર્થીના માર્ગદર્શક શિક્ષક જેઓ આંતરિક પરીક્ષક પણ છે તે ઉપરના બન્ને બાહ્ય રેફરીની ભલામણ સાથે સંમત થતા નથી. ઑર્ડિ. ૩૨૧ અનુસાર ચોથા રેફરી તરીકે શ્રી. બી. સી. હલદરની નિમણૂક સિન્ડિકેટે કરી છે, પરંતુ ડૉ. હલદર (શ્રી. કલાડીની જગ્યાએ) મૌખિક પરીક્ષા પણ લેશે કે કેમ તે અંગે સિન્ડિકેટે સ્પષ્ટતા કરી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જી. બી. જોશીની મૌખિક પરીક્ષા માટે ડૉ. બી. સી. હલદરની નિમણૂક કરવી.

૨૩. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના ડૉ. એસ. કે. મિત્રના માર્ગદર્શન હેઠળ અગાઉ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા શ્રી. આશિષ નાન્દી જેમણે વર્ષ ૧૯૬૨ અને ૧૯૬૪ દરમ્યાન જરૂરી ચાર સત્રો ભરેલાં છે તેમનું રજિસ્ટ્રેશન ડૉ. પી. એચ. પ્રભુના માર્ગદર્શન હેઠળ બદલી તે કેસ Regularise કરવા તથા ડૉ. પ્રભુ હવે પરદેશ હોવાથી શ્રી. નાન્દીનો મહાનિબંધ તપાસવા માટે આંતરિક પરીક્ષક તરીકે કોને નીમવા તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. નાન્દીનું રજિસ્ટ્રેશન ડૉ. પ્રભુના માર્ગદર્શન હેઠળ ફેરવવા માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવી નથી, એમ કાર્યાલયના દફતર ઉપરથી જણાય છે તેથી તે માટે પણ સિન્ડિકેટની મંજૂરીની આવશ્યકતા રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આશિષ નાન્દીએ પીએચ.ડી.ની પદવી માટે ભરેલાં સત્રો ધોરણસર (regularise) કરીને તેને માન્ય ગણવાં અને તેમના આંતરિક પરીક્ષક (Internal Referee) તરીકે ડૉ. સી. ટી. ભોપટકરની નિમણૂક કરવી.

૨૪. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ કોમ્યુનિટી ડેવલપમેન્ટ, હૈદરાબાદ (એ. પી.) ખાતે તા. ૬-૪-૧૯૭૦થી તા. ૫-૫-૧૯૭૦ દરમ્યાન યોજાનાર ૬૯મા ઓરિયેન્ટેશન કોર્સમાં ભાગ લેવા માટે સમાજવિદ્યા ભવનના અધ્યાપક શ્રી. ઈ. જે. મસિહોના નામનું સૂચન ભવનના કાર્યકારી અધ્યક્ષશ્રી તરફથી કરવામાં આવ્યું છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—યુનિવર્સિટીએ પ્રવાસ-ખર્ચનો રૂ. ૧૭૨-૨૦ જેટલો ખર્ચ ભોગવવાનો રહેશે, જે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળેલી "અનએસાઇન્ડ ગ્રાન્ટ" ખાતે પાડી શકાશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસક્રમમાં ભાગ લેવા માટે સમાજવિદ્યા ભવનના સમાજશાસ્ત્રના અધ્યાપક શ્રી. ઈ. જે. મસિહીને મોકલવા.

૨૫. સને ૧૯૬૯-૭૦(એપ્રિલ ૧૯૬૯થી માર્ચ ૧૯૭૦)ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં કયા દરે વ્યાજ આપવું તે ઓ. ૧૧૭ મુજબ નક્કી કરવા બાબત.

[**નોંધ.**— (૧) સને ૧૯૬૮-૬૯ના વર્ષ માટે પ્રોવિડંટ ફંડની ઊઘડતી બાકી ઉપર ૫.૨૫ ટકાના દરે વ્યાજ આપ્યું હતું.

(૨) વર્ષ દરમ્યાન શરૂઆતના ૭ માસના ફાળા ઉપર ૨.૭૫ ટકાના દરે વ્યાજ આપ્યું હતું.

(૩) સને ૧૯૬૯-૭૦ના વર્ષ માટે ગુજરાત રાજ્ય સરકારે ૫.૫૦ ટકાના દરે વ્યાજ આપવાનું નક્કી કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૯-૭૦ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં ઊઘડતી બાકી ઉપર ૫.૫૦ ટકાના દરે અને વર્ષના શરૂઆતના ૭ માસ દરમિયાન ભેગી થયેલી રકમ ઉપર ૨.૭૫ ટકાના દરે વ્યાજ આપવું.

૨૬. ગ્રંથાલય-પુસ્તક ખરીદી ખાતે ૧૯૬૯-૭૦ના ચાલુ વર્ષ માટે રૂ. ૧,૦૦,૦૦૦ની ગ્રંથાલય-અંદાજપત્રમાં જોગવાઈ કરેલી છે, તે વધારીને રૂ. ૧,૪૦,૦૦૦ની જોગવાઈ કરવા માટે વિચારણા કરવા બાબત.

(આ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ગ્રાન્ટ મળેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૯-૭૦ના વર્ષના ગ્રંથાલયના અંદાજપત્રમાં વધુ રૂ. ૪૦,૦૦૦ની જોગવાઈ કરીને રૂ. ૧,૪૦,૦૦૦ની અંદાજી જોગવાઈ મંજૂર કરવી.

૨૭. શ્રી. બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાની ૨૫ વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી આપવા માટેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ચાલુ વર્ષે ૭૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપેલી છે. (૨) જરૂરી શિક્ષકો નીમવાની બાંયધરી કૉલેજ આપે છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૨૮. ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો અથવા માન્ય સંસ્થાઓ અથવા યુનિવર્સિટી ભવનોના શિક્ષકો પૈકી જે શિક્ષક અર્થશાસ્ત્રના વિષયના સંશોધન કામમાં આ અંગે નિમાનાર નિષ્ણાતોની સમિતિના અભિપ્રાય મુજબ સૌથી વધુ ગુણવત્તા ધરાવતા હોય તેમને સુવર્ણચંદ્રક આપવા અંગેના પ્રદાન અંગે આચાર્યશ્રી એમ. સી. દેસાઈના તા. ૧૫-૧૧-૧૯૬૯ના પત્રાંક પ૧૧-૬૯-૭૦ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાન સાભાર સ્વીકારવા માટે સિન્ડિકેટ સંમત છે એમ આચાર્યશ્રી એમ. સી. દેસાઈને જણાવીને તે અંગેના નિયમો ઘડીને રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૨૯. જૂના એમ.કૉમ. ૫(બી) હેઠળ અગાઉ ફર્સ્ટ બી.કૉમ. અને સેકન્ડ બી.કૉમ. પરીક્ષામાં બેઠા હોય અને આ બંને પરીક્ષાઓમાં નાપાસ થયેલ હોય તેવા વિદ્યાર્થીઓને હાલમાં એ. કૉમ. ૫(બી) મુજબ સેકન્ડ બી.કૉમ.ના સાતેય પેપરોની પરીક્ષા આપવાની થતી હોઈ તેમના એફ.વાય.બી.કૉમ.ના પેપરો જે તે હવે એસ.વાય.બી.કૉમ.માં નવા નિયમ મુજબ આપશે તેના ગુણ ગ્રો-રેટા ગણી ચાલવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના કેસોમાં સંબંધકર્તા વિષયના ગુણાંક ઉપર જણાવ્યા મુજબ પ્રમાણસર (pro-rata) ગણવાનું રાખવું.

૩૦. સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદે જૂન ૧૯૬૮થી બી.એ. (સ્પે.) મનોવિજ્ઞાનના વિષયમાં જોડાણ ન હોવા છતાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપ્યો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ કૉલેજમાંથી નીચે પ્રમાણેના વિદ્યાર્થીઓ માર્ચ–એપ્રિલ ૧૯૬૯ની પરીક્ષામાં બેઠા હતા :

	મુખ્ય	ગૌણ
૧૯૬૯ ...	૮	૫૦)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ગેરનિયમિતતા માટે સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજને ઠપકો આપીને જણાવવું કે ભવિષ્યમાં આવું બનવા પામે નહિ તે જોવું આવશ્યક છે.

૩૧. કુજનેરી વિદ્યાશાખાની તા. ૪-૭-૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. ૭૫નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦ / ૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

Engineering Faculty

First Term		Second Term	
Date of Commencement	*Date of Conclusion*	*Date of Commencement*	*Date of Conclusion*
15th June	15th October	15th December	31st March

(No Christmas Holidays)

For Post-Diploma Degree Course In Engineering

First Term		Second Term	
Date of Commencement	*Date of Conclusion*	*Date of Commencement*	*Date of Conclusion*
1st December	30th April	1st June	15th October

(No Christmas Holidays)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા માટે મોકલવી.

૩૨. તા. ૧૮-૧૦-૧૯૬૯ના રોજ મળેલ સિવિલ એન્જિનિયરિંગની અભ્યાસ-સમિતિએ ઇજનેરી વિદ્યાશાખાના પ્રશ્નપત્રો અંગ્રેજીમાં જ કાઢવા અંગે કરેલી નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે ઇજનેરી વિદ્યાશાખાના પ્રશ્નપત્રો અંગ્રેજીમાં જ કાઢવા."

(**નોંધ.**—હાલની પ્રથા મુજબ ગુજરાતી તેમ જ અંગ્રેજી એમ બંને ભાષામાં પ્રશ્નપત્રો કાઢવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતી અને અંગ્રેજી બેઉ ભાષામાં પ્રશ્નપત્રો કાઢવાની હાલની નીતિમાં કશો ફેરફાર કરવો નહિ.

૩૩. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણના આચાર્યશ્રી તરફથી કૉલેજમાં ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી અંગે સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) પ્રો. એન. જે. પટેલ—માન્ય અનુસ્નાતક શિક્ષક...ઑર્ગેનિક કેમિસ્ટ્રી
(૨) શ્રી. એન. સી. સાલવી—માન્ય અનુસ્નાતક શિક્ષકના...ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી
મદદનીશ શિક્ષક
(૩) શ્રી. જી. જે. પટેલ ,, ,,
(૪) શ્રી. એ. આર. મજમુદાર ,, ઑર્ગેનિક કેમિસ્ટ્રી]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં સ્થાપવામાં આવેલાં અન્ય અનુસ્નાતક કેન્દ્રો અંગે સ્થાનિક શિક્ષકોની બાબતમાં શી પરિસ્થિતિ છે તે અંગેની જરૂરી માહિતી મેળવીને સદરહુ બાબત ફરીથી રજૂ કરવાનું રાખવું.

બાબત નં. ૩૪, ૩૫ અને ૭૮ની વિચારણા સાથે કરવામાં આવી.

૩૪. (૧) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા, (૨) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ, અને (૩) આર્ટ્સ કૉલેજ, સંખેડાના આચાર્યો તરફથી તેમની કૉલેજમાં ગુજરાતીના શિક્ષણ માટે જૂન ૧૯૭૦થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની તેમની અરજીઓની બાબતમાં સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ઉપરની કૉલેજોમાં અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી સ્થાનિક શિક્ષકગણ અંગેની પરિસ્થિતિ નીચે મુજબ છે :

ક્રમાંક	**કૉલેજનું નામ**	**વિષય**	**સ્થાનિક શિક્ષકગણ**
(૧)	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા	ગુજરાતી	(૧) શ્રી. બી. પી. ડોકારી, શિક્ષક (૨) શ્રી. બી. ડી. ઠાકર હાલ મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે. જૂન ૧૯૭૦થી શિક્ષક તરીકે માન્યતા મેળવવા લાયકાત પ્રાપ્ત કરશે.

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય	સ્થાનિક શિક્ષકગણ
(૨)	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	ગુજરાતી	(૧) શ્રી. બી. આર. મિસ્ત્રી, શિક્ષક (૨) શ્રી. એચ. ટી. દક્કર હાલ મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે. જૂન ૧૯૭૦થી શિક્ષક તરીકે માન્યતા મેળવવા લાયકાત પ્રાપ્ત કરશે.
(૩)	આર્ટ્સ કૉલેજ, સંખેડા	ગુજરાતી	(૧) આચાર્યશ્રી બી. જી. ઉપાધ્યાય, શિક્ષક (૨) શ્રી. જે. સી. પાઠક, જેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની અમરેલી કૉલેજમાં શિક્ષક તરીકે છે તેઓ જૂન ૧૯૭૦થી તેમની કૉલેજમાં જોડાશે. અગાઉ આપણી યુનિવર્સિટીમાં શિક્ષક તરીકે માન્યતા ધરાવતા હતા.

નોંધ.—ગઈ સાલ ડભોઈ અને સંખેડામાં ગુજરાતીનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે અરજીઓ આવી હતી તે વખતે સિન્ડિકેટે આ બન્ને કૉલેજોને કેન્દ્ર સ્થાપવા મંજૂરી આપી ન હતી.]

૩૫. અમદાવાદની (૧) વિવેકાનંદ કૉમર્સ કૉલેજ, (૨) સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અને (૩) સિટી કૉમર્સ કૉલેજના આચાર્યો તરફથી તેમની કૉલેજમાં એમ.કૉમ.ના શિક્ષણ માટે જૂન ૧૯૭૦થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની તેમની અરજીની બાબતમાં સ્થાનિક તપાસસમિતિ નીમવાના પ્રશ્ન અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ. – ઉપરની કૉલેજોમાં અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી સ્થાનિક શિક્ષકગણ અંગેની પરીસ્થિતિ નીચે મુજબ છે:

ક્રમાંક	કૉલેજનું નામ	એમ.કૉમ.ના વિષયો	સ્થાનિક શિક્ષકગણ
(૧)	વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	કૉસ્ટિંગ	(૧) આચાર્યશ્રી એચ. પી. પંડ્યા, શિક્ષક (૨) શ્રી. બી. એસ. જોશી, મદદનીશ શિક્ષક (૩) શ્રી. આઈ. એન. પટેલ, મદદનીશ શિક્ષક

ક્રમાંક	કૉલેજનું નામ	એમ.કૉમ.ના વિષયો	સ્થાનિક શિક્ષકગણ
(૨)	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	(૧) કૉસ્ટિંગ (૨) સ્ટેટિસ્ટિક્સ	(૧) આચાર્યશ્રી ડી. એમ. શીખ, શિક્ષક (૨) શ્રી. બી. એમ. પટેલ, શિક્ષક (૩) શ્રી. આર. બી. શાહ, શિક્ષક (૪) શ્રી. આર. એમ. શાહ, મદદનીશ (૫) શ્રી. જે. ડી. પટેલ, મદદનીશ
(૩)	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	કૉસ્ટિંગ	(૧) આચાર્યશ્રી જે. સી. ત્રિવેદી, શિક્ષક (૨) શ્રી. એસ. જે. દિવેટિયા, શિક્ષક (૩) શ્રી. જે. એલ. દેસાઈ, શિક્ષક (૪) શ્રી. વી. એસ. દોશી, શિક્ષક (૫) શ્રી. આર. એન. શાહ, મદદનીશ (૬) શ્રી. પી. એન. વડવાલા, મદદનીશ]

૭૮. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણમાં એમ.એ. પદવીના અભ્યાસક્રમ માટે ગુજરાતી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર જૂન ૧૯૭૦થી સ્થાપવા અંગે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી :

૧. શ્રી. એ. વાય. ત્રિપાઠી—માન્ય અનુસ્નાતક શિક્ષક

૨. શ્રી. આર. પી. દ્વે—માન્ય અનુસ્નાતક શિક્ષક—જૂન ૧૯૭૦થી જોડાશે.

"હાલ આ ઝોનમાં ગુજરાતીનાં ત્રણ કેન્દ્રો છે. આવતા વર્ષથી નવા કેન્દ્ર માટે આ અગાઉ ડભોઈ અને સંખેડાની અરજીઓ આવેલી છે અને મિયાગામ-કરજણની ત્રીજી અરજી થશે. હાલના ઑર્ડિનન્સ પ્રમાણે અપવાદ તરીકે ચોથું કેન્દ્ર આપવાનું વિચારવામાં આવે તો નવી ત્રણ અરજીઓ પૈકી ગમે તે એકની જ પસંદગી કરવાની રહેશે."]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતોની વિચારણા મોકૂફ રાખવી.

૩૬. કન્સલ્ટેટિવ કમિટી ઑફ પાર્લમેન્ટ ફૉર ધી મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન એન્ડ યૂથ સર્વિસીઝની તા. ૮-૭-૧૯૬૯ની સભાનો નીચેનો ઠરાવ ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂરખાતાએ તેમના તા. ૯-૧૨-૧૯૬૯ના પત્રથી યુનિવર્સિટીને ઘટતાં પગલાં લેવા માટે મોકલ્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"There was need for inculcating social and moral values among students through examples and other methods but there should be

no compulsion. The need to develop proper atmosphere for inculcating moral and social values was emphasised."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૭. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાના નિયમો અંગે નીચેની બાબતો પર વિચારણા કરવા બાબત:

(૧) સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૧૯-૯-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

"સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોની નોકરી અંગેના નિયમોમાં નિયમ ૧૦ કે જેનો અમલ તા. ૭-૩-૧૯૬૯થી કરવા સિન્ડિકેટે ઠરાવ્યું છે તે નિયમ પર પુનર્વિચારણા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(૨) સત્રનો આરંભ થવાની તૈયારીમાં હોય તેવે સમયે સંલગ્ન કૉલેજોની સેવા અંગેના નીચે જણાવેલ નિયમ ૬ પર વિચારણા કરવા બાબત:

'No member of the staff shall leave the employment of the college in the mi-st of any term and without giving to the authorities three months' notice, if he is confirmed or one month's notice, if he is temporary or on probation, provided that such notice shall end with the end of a vacation. In case, however, a member does not give the required notice, the college authorities shall be entitled to claim from him an amount not exceeding the salary and such allowances as may be payable to him for the period of notice.'

(૩) કયા નિયમો ખંડ સમયના શિક્ષકોને લાગુ પડે તે અંગે સ્પષ્ટતા કરવા બાબત.

(૪) છૂટા કરાયેલ શિક્ષકો અન્યત્ર નોકરી મેળવી શકયા હોય તો, તેના સંદર્ભમાં છ માસનું વળતર આપવાનો જે નિયમ છે તેની પુનર્વિચારણા કરવા અંગે તા. ૨૫-૮-૧૯૬૯ના ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

(૫) શિક્ષકોની માંદગીની રજા એકસાથે કેટલી જમા કરાવી શકાય તથા એકીસાથે માંદગીની રજા કેટલી ભોગવી શકાય તે અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ ઉપર જણાવેલી પોતાની ભલામણ નં. (૧)માં શિક્ષકોની નોકરી અંગેના નિયમ નં. ૧૦ના અમલ માટે સૂચવ્યું છે તેના સંદર્ભમાં જે ચોક્કસ કેસો યુનિવર્સિટી કાર્યાલય સમક્ષ આવ્યા હોય તે કેસો પર વિચારણા કરીને પોતાની સ્પષ્ટ ભલામણ રજૂ કરવા માટે સ્થાયી કાનૂનવિષયક સમિતિને જણાવવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો નં. (૨)થી (૫)ની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૭૨ પર વિચારણા કરવામાં આવી.

૭૨. સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (લીગલ) સમિતિની તા. ૬-૧-૧૯૭૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ સમિતિની તા. ૬–૧–૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૬–૧–૧૯૭૦ની સભાની કાર્યવાહીના નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૭૮. સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે નોકરીના નિયમો ઘડવાની સત્તા યુનિવર્સિટીને નથી તેવા કુલાધિપતિશ્રીના પત્રના સંદર્ભમાં કૉલેજોના ગ્રંથપાલનાં પગારધોરણ અને ગ્રાન્ટમાં ગ્રાન્ટી લાયકાતનાં ધોરણો અંગેના નિયમો અંગેની પરિસ્થિતિ પર વિચારણા કરવા માટેની બાબત સિન્ડિકેટ સમક્ષ મૂકી હતી, જે સિન્ડિકેટે તેની તા. ૬–૯–૧૯૬૯ની સભામાં કાનૂનવિષયક સ્થાયી સમિતિને મોકલી છે અને જેની ભલામણો હજુ સુધી આવી નથી તે દરમ્યાન નીચેના મુદ્દાઓ અંગે વિચારણા કરવા બાબત :

(૧) કેટલાક કૉલેજોમાં ગ્રંથપાલ જરૂરી લાયકાત ધરાવતા નથી અને/અથવા નિયત કરેલ પગાર કરતાં ઓછો પગાર મેળવે છે.

(૨) સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલને માટે પગારધોરણ નિયત થયું છે, પણ મોંઘવારીભથ્થાંના દર અને ઘરભાડાંભથ્થાં અંગે કોઈ નિર્ણય થયો નથી.

(૩) જે ગ્રંથપાલ જરૂરી લાયકાત ધરાવતા ના હોય તેઓને યુનિવર્સિટીના તાલીમ વર્ગની તાલીમ નિયત સમયમાં મેળવે તો તેવા ગ્રંથપાલોને કયું પગારધોરણ આપવું તે.

સદરહુ બાબત અંગે સ્થાયી કાનૂનવિષયક સમિતિની ભલામણ ઉપર બાબત નં. ૭૨માં મંજૂર કરવામાં આવેલી હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહ્યું નહિ.

૭૯. સેનેટની તા. ૧૮/૧૯–૧–૧૯૬૯ની સભામાં થયેલ નીચેના ઠરાવ પર એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૧૮–૯–૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

સેનેટનો ઠરાવ

"ગુજરાત યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધી એક્સ્ટર્નલ પરીક્ષા આપવાની જે જોગવાઈ છે તે ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં સતત બે વર્ષથી શિક્ષણ-કાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધારવા સેનેટની આ સભા જરૂરી કાર્યવાહી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીની લાગતીવળગતી અધિકારી સત્તાઓને ભલામણ કરે છે."

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭/૧૮-૯-૧૯૬૯ની ભલામણ

"બહુમતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રસ્તાવ મંજૂર કરવા માટે આ સભા સંમત નથી, એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ સ્વીકારવી.

૪૦. સને ૧૯૬૦થી ૧૯૬૮ દરમિયાન રાજકોટ કેન્દ્રના યુનિવર્સિટીની પરીક્ષાઓના પ્રશ્નપત્રોના છાપકામના કામ ઉપર ઓવરટાઈમની ગણતરીમાં ભૂલ હોવાથી નવેસરથી કરવાની થઈ તેથી તે અંગે સરકારી પ્રેસ, રાજકોટને ગણતરીના તફાવતના રૂા. ૩૧,૭૯૩-૦૨ પૈસાની રકમની ચુકવણીની તેમની માગણી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સરકારી પ્રેસ સાથે યુનિવર્સિટીના પ્રશ્નપત્રો છાપવા માટે કોઈ દર નક્કી કરવામાં આવેલા ન હતા, પરંતુ સરકારી દર પ્રમાણે જે ચાર્જ તેઓ લઈ શકે તે દરે કામ સોંપવામાં આવ્યું હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ફાઇનાન્સ કમિટીની વિચારણા માટે મોકલવી.

૪૧. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ અને શ્રી. ગોસ્વામી એમ. એન. આર્ટ્સ કૉલેજ, કહેગામમાં એકાઉન્ટન્સી વિષયના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક થયેલી ન હોઈ શ્રી. આર. ડી. પટેલની નિમણૂક ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી માન્ય કરવા માટેની આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.— શ્રી. આર. ડી. પટેલની બાબતમાં નીચેની ઊણપ છે :

તેઓ બી.કૉમ. પાસ કલાસ અને સી.એ. પાસ કલાસ છે. ધંધાકીય અનુભવ ૬ વર્ષ; પ્રાધ્યાપક માટે પાંચ વર્ષના વ્યાખ્યાતા તરીકેનો અનુભવ જોઈએ તે નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક તરીકે શ્રી. આર. ડી. પટેલની નિમણૂક ફક્ત ચાલુ વર્ષ પૂરતી ચલાવી લેવાનું રાખવું.

આ તબક્કે કુલપતિ શ્રી. ઉમાશંકર જોશી સભાગૃહમાં પાછા આવતાં શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી પાસેથી પ્રમુખપદ તેમણે સંભાળ્યું.

૪૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના Retirement benefits to teachers in Universities and Colleges અંગેના તા. ૫-૧-૧૯૬૮ના પત્રાંક પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીની નાણાકીય જવાબદારી અંગેની માહિતી સાથે આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

૪૩. પ્રત્યેક અનુસ્નાતક વિદ્યાભવને અને પ્રત્યેક અનુસ્નાતક કેન્દ્રે વર્ષમાં જે બે ટેસ્ટ લેવાનું હવે આ વર્ષથી આવશ્યક ગણવામાં આવ્યું છે તેના સંદર્ભમાં આ વર્ષે કોમી

અશાંતિને કારણે કેટલાંક ભવનો-કેન્દ્રોમાં પ્રથમ ટેસ્ટ યોજાયો નથી, તથા જે કેટલીક કૉલેજોએ તે ટેસ્ટ લીધો છે તેમાં કેટલાક વિદ્યાર્થીઓ બેસી શકયા નથી તો તે બાબત-માંથી ઊભી થતી પરિસ્થિતિ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૯-૭૦ના વર્ષ દરમિયાન પ્રથમ સત્રમાં જો કોઈ વિદ્યાભવનો કે અનુસ્નાતક કેન્દ્રો વિદ્યાર્થીઓની કસોટી (ટેસ્ટ) લઈ શકયાં ન હોય તો કોમી અશાંતિના સંદર્ભમાં તે ક્ષમ્ય ગણીને ચલાવી લેવાનું રાખવું.

૪૪. ઑકટોબર ૧૯૬૯માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન પ્રાશ્નિક/પરીક્ષકોના કેસો પર તેમ જ કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તથા વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૩૦-૧૨-૧૯૬૯ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૦-૧૨-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૪૫. જૂન ૧૯૭૦થી ઇડર ખાતે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ શરૂ કરવા માટે શ્રી ઇડર પ્રજાકીય વિદ્યોત્તેજક સમિતિએ અરજી કરેલી. સદરહુ કૉલેજનું સંચાલન હવે ઉત્તર સાબરકાંઠા જિલ્લા ઉચ્ચ કેળવણી મંડળ, ઇડર કરવા માગે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઉત્તર સાબરકાંઠા જિલ્લા ઉચ્ચ કેળવણી મંડળ તા. ૧૨-૯-૧૯૬૯ના રોજ રજિસ્ટર્ડ થયેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૭૦થી ઈડર ખાતે જે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ શરૂ કરવા માટે જોડાણ માટેની અરજી આવેલી છે તે કૉલેજને ઈડર પ્રજાકીય વિદ્યોત્તેજક સમિતિને બદલે ઉત્તર સાબરકાંઠા જિલ્લા ઉચ્ચ કેળવણી મંડળ પ્રણીત અરજી ગણવાની તેમની માગણી માન્ય કરવી.

૪૬. એન.એસ.સી. એડમિનિસ્ટ્રેટરની એક હંગામી જગ્યા તથા આસિ. એડમિનિ-સ્ટ્રેટરની બે હંગામી જગ્યાઓ માટેની તા. ૧-૧-૧૯૭૦ની વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ વરણીસમિતિની તા. ૧-૧-૧૯૭૦ની સભાની ભલામણો પર વિચારણા કર્યા પછી નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે એન. એસ. સી. એડમિનિસ્ટ્રેટરની હંગામી જગ્યા પર તા. ૩૧-૩-૧૯૭૦ સુધીની મુદત માટે શ્રીમતી બિન્દુબહેન એ. શાહની નિમણૂક રૂ. ૪૦૦-૨૦-૫૦૦-૨૫-૬૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૫૦૦થી કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રીમતી બિન્દુબહેન એ. શાહ સદરહુ જગ્યા પર જોડાઈ શકે નહિ તો તે જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને અરજીઓ મગાવવાનું રાખવું.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે આસિસ્ટન્ટ એન. એસ. સી. એડમિનિસ્ટ્રેટરની બે હંગામી જગ્યાઓ પર તા. ૩૧–૩–૧૯૭૦ સુધીની મુદત માટે નીચેની વ્યક્તિઓની નિમણૂક રૂ. ૩૨૦–૨૦–૪૦૦–૨૦–૫૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૩૨૦થી કરવી.

(૧) શ્રી. આર. એસ. પટેલ; અને

(૨) શ્રી. જે. જી. સોલંકી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે એન. એસ. સી. આસિસ્ટન્ટ એડમિનિસ્ટ્રેટરની જગ્યા માટેની ઓછામાં ઓછી લાયકાતના ધોરણ પર પુનર્વિચારણા કરીને પોતાની ભલામણ રજૂ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

(સદરહુ સમિતિની તા. ૧–૧–૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૪૭. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં જૂન ૧૯૭૦થી ઇતિહાસ–અર્થશાસ્ત્ર જૂથ "એ" અને "સી" વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટેની અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) શ્રી. વી. એ. પટેલ (જૂથ "સી")—માન્ય અનુસ્નાતક શિક્ષક.

(૨) શ્રી. બી. એન. ગાંધી (જૂથ "એ" અને "બી")—માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક. જૂન ૧૯૭૦થી માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતાને પાત્ર થશે તેમ આચાર્યશ્રી જણાવે છે.

(૩) શ્રી. એન. પી. વ્યાસ (જૂથ "સી" અને "ડી")—માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૪૮. સને ૧૯૬૯–૭૦ના વર્ષના યુનિવર્સિટીના પુનર્નિર્મિત અંદાજપત્ર અને સને ૧૯૭૦–૭૧ના વર્ષના અંદાજપત્ર અંગે સિન્ડિકેટે નીમેલી અંદાજપત્ર સમિતિની તા. ૨–૧–૧૯૭૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૯–૭૦ના વર્ષ માટેનું સદરહુ સમિતિએ ઘડેલું યુનિવર્સિટીનું પુનર્નિર્મિત અંદાજપત્ર અને સને ૧૯૭૦–૭૧ના વર્ષ માટેનું યુનિવર્સિટીનું અંદાજપત્ર—એ બેઉ અંદાજપત્રો મંજૂર કરવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે બજેટ-કમિટીની તા. ૨–૧–૧૯૭૦ની સભાની બીજી ભલામણો પણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી બજેટ-કમિટીની તા. ૨–૧–૧૯૭૦ની સભાની ભલામણો **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૪૯. યુનિવર્સિટી કર્મચારીઓને મકાન ખરીદવા, બાંધવા કે મકાન મરામત કરાવવા માટેની ગ્રેચ્યુઇટી ફંડ તથા યુનિવર્સિટીના પ્રોવિડંટ ફંડ ફાળામાંથી લોન આપવાનું સિન્ડિકેટે તેની તા. ૯/૧૦-૮-૧૯૬૯ની સભામાં ઠરાવેલ હોઈ તેને અનુલક્ષીને સ્ટે. ૧૯૩-એ અને સ્ટે. ૧૮૮ સુધારવા તથા ઓર્ડિ. ૨૧૯ રદ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૮૮ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી :

St. 188—Loans to Subscribers

Advances from the Fund may be granted to the subscribers as under :

(*i*) In case of illness of a subscriber or any member of his family or for any other reason deemed fit by the Vice-Chancellor, advance to the extent of his own subscription may be granted to the subscriber at the discretion of the Vice-Chancellor. Such advances shall be repaid in such number of monthly instalments not exceeding 24 and at such rate of interest as may be fixed by the Syndicate from time to time.

(*ii*) A subscriber who has completed at least twelve years of service in the employment of the University may be granted an advance by the Syndicate in its discretion for constructing or purchasing a house or carrying out the repairs of his house to the extent of his own subscription plus 50% of the contribution of the University credited to his Provident Fund Account as on 31st March immediately preceding his application. Such advance shall be repaid in monthly instalments not exceeding 120 and at such rate of interest as may be fixed by the Syndicate from time to time.

(*iii*) Such advances shall be recovered by deductions from the salary paid by the University to the subscriber. The first of such deductions shall be made from the first payment of a full month's salary after the subscriber has drawn the advance. The amount of such instalments shall be fixed in round numbers and the last instalment shall cover the entire balance then to be refunded by the subscriber, provided that the subscriber may at his option pay any additional sum over and above the amount of the instalment fixed in round figures.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૯૩-એ સુધારવાના પ્રસ્તાવની વિચારણા મોકૂફ રાખવી.

૫૦. સિન્ડિકેટે તેની તા. ૬/૭-૧૨-૧૯૬૯ની સભામાં ઠરાવ્યા પ્રમાણે સને ૧૯૬૮-૬૯ના વર્ષ માટે "આચાર્ય ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક" (વિજ્ઞાન વિદ્યાશાખા) એનાયત કરવા માટેની સમિતિના સભ્ય તરીકે શ્રી. એસ. એન. શેઠનાની જગ્યાએ ડૉ. કે. એસ. નારગુંડની નિમણૂક કરી હતી, પરંતુ ડૉ. નારગુંડે સમિતિના સભ્ય તરીકે કામ કરવાની અશક્તિ દર્શાવી હોવાથી તેમની જગ્યાએ બીજા સભ્યશ્રીની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

(સદરહુ સમિતિ પર અન્ય સભ્યો નીચે મુજબ છે :

૧. શ્રી. એ. એસ. દિવેટિયા
૨. શ્રી. આર. ડી. આડતિયા
૩. શ્રી. યુ. એન. સિંગ.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. નારગુંડની જગ્યાએ ડૉ. આર. ડી. પટેલની નિમણૂક કરવી.

૫૧. સિન્ડિકેટે નીમેલી સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૩-૧-૧૯૭૦ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૩૪ સુધારવા અંગેની સદરહુ સમિતિની તા. ૩-૧-૧૯૭૦ની સભાની ભલામણ સ્વીકારીને તે સ્ટેચ્યૂટ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા સેનેટને ભલામણ કરવી :

St. 134 :

"The pay-scale of the Registrar shall be Rs. 1,000-50-1,300-60-1,600 and he shall, in addition, be entitled to receive such allowances and at such rates as may be admissible to other whole time employees of the University from time to time, provided, however, that with effect from the date on which the post of the Controller of Examinations is filled in, he shall cease to receive the examination allowance paid to the supervisory staff of the University.

He shall, in addition, be entitled to a rent-free furnished house including water and telephone facilities.

He shall also be entitled to the benefit of Provident Fund and Gratuity and such other benefits and at such rates as are admissible to other whole time employees of the University from time to time.

The provisions of this Statute shall be deemed to take effect from 1-7-1967."

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩-૧-૧૯૭૦ની સભાની બાકીની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩-૧-૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૫૨. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. જે. જે. ચિનોયની નિવૃત્તિ વયમર્યાદામાં બીજા એક વર્ષનો વધારો આપવા અંગેના તેઓના તા. ૨૪–૧૨–૧૯૬૯ના પત્રાંક જી.યુ. બોટ. જે.જે.સી. ૨૮૭ ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—૧. નિવૃત્તિ વયમર્યાદા અંગે સિન્ડિકેટે તેની તા. ૪–૯–૧૯૬૫ની સભામાં બાબત નં. ૨૨થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિ વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી. પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવાઓમાં રાખી શકાશે નહીં."

૨. સિન્ડિકેટની તા. ૮–૨–૧૯૬૯ની સભામાં ડૉ. જે. જે. ચિનોયની નિવૃત્તિ વયમર્યાદા વધુ એક વર્ષની એટલે કે તા. ૧૭–૨–૧૯૭૦ સુધી લંબાવવાનું ઠરાવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. જે. જે. ચિનોયને પોતાની તબીબી તપાસ ડૉ. છોટુભાઈ નાયક પાસે કરાવવા માટે જણાવવું.

૫૩. સામાન્ય શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૧૭–૧૦–૧૯૬૯ની સભામાં નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આ સભા ઠરાવે છે કે 'જનરલ એજ્યુકેશન'નો વિષય યુનિવર્સિટી પરીક્ષાનો ભાગ હોઈ તેની ઉત્તરવહીઓ (વાર્ષિક પરીક્ષાની) તપાસનાર પરીક્ષકોને મહેનતાણું આપવું જોઈએ તેમ જ જે તે કૉલેજને તે અંગેની વ્યવસ્થાનું ખર્ચ પણ આપવું જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ.

૫૪. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં નીચેની જગાઓ સંબંધી વરણીસમિતિઓ પર ઑર્ડિ. ૬૬ અન્વયે સિન્ડિકેટ તરફથી ત્રણ ત્રણ સભ્યો નીમવા બાબત :

(૧) પ્રોફેસર ઑફ હિસ્ટરી
(૨) પ્રોફેસર ઑફ લેબરવેલ્ફેર
(૩) રીડર-ઇન-પોલિટિક્સ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી શનિવાર, તા. ૧૦–૧–૧૯૭૦ના રોજ સભાગૃહનું કામકાજ બંધ કરવામાં આવ્યું અને રવિવાર, તા. ૧૧–૧–૧૯૭૦ના રોજ સવારે ૯–૦૦ વાગ્યે સભાગૃહ ફરી મળતાં બાકી રહેલી બાબતો વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૫૫. માંદગીને કારણે આ યુનિવર્સિટીની પરીક્ષામાં બેસી ન શકનાર વિદ્યાર્થીને પરીક્ષાની અર્ધી ફી પરત કરવા અંગેના ઑ. ૧૩૦ તથા ઑ. ૧૭૪ (ઈ)માં " 24 hours

before" ને બદલે "on the day of" એમ શબ્દો મૂકી સુધારવા વિચારણા કરવા બાબત.

સુધારેલો ઑર્ડનન્સ ૧૩૦ નીચે મુજબ વંચાશે :

"Examination fees once paid shall not be refunded except in the circumstances and to the extent mentioned below :

(1) Where the candidate dies prior to the examination, the entire fee shall be refunded.

(2) Where a candidate is suddenly taken ill and prevented from appearing at the examination, and sends an application for refund supported by a medical certificate so as to reach the University Registrar, on the day of commencement of the examination, one half of the fee shall be refunded.

Proviso.—If a telegraphic intimation is received by the Registrar on the day of the commencement of the examination and is followed by an application for refund supported by a medical certificate, it shall be competent for the University to refund one-half of the fee."

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૧૩૦ અને ઑર્ડિ. ૧૭૪-ઈમાં હાલને તબક્કે કશો ફેરફાર કરવો નહિ.

૫૬. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણામાં 'એજ્યુકેશન' વિષયનું અનુસ્નાતક શિક્ષણ આપવા જૂન ૧૯૭૦થી કેન્દ્ર સ્થાપવા સદરહુ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) આચાર્ય એચ. જે. પંડિત—માન્ય અનુસ્નાતક શિક્ષક

(૨) શ્રી આર. આર. દવે—માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક

(૩) શ્રી એમ. બી. કર્ણિક—માન્ય અનુસ્નાતક શિક્ષક જેઓ હાલ વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદમાં છે તેઓ જૂન ૧૯૭૦થી તેમની કૉલેજમાં જોડાશે તેમ આચાર્ય જણાવે છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૭. આ યુનિવર્સિટીમાં ગુરુ નાનક ચેર ઊભી કરવા માંગતા હોઈએ તો તે માટેના પ્રસ્તાવ મોકલી આપવાના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સેક્રેટરીના તા. ૨૩-૧૨-૧૯૬૯ના પત્ર નં. એફ. ૫-૧-૧૯૬૯ (એચ.) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યુનિવર્સિટીની આર્થિક જવાબદારી અંગેની માહિતી સાથે આ બાબત ફરીથી સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૫૮. ફાર્મસીની નવા કોર્સની પ્રાયોગિક પરીક્ષામાં લેબોરેટરી સ્ટાફની નિમણૂક આ સાથેના પરિશિષ્ટમાં બતાવ્યા પ્રમાણે કરવા અંગે એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીના આચાર્યના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાર્મસીના નવા અભ્યાસક્રમ મુજબની પ્રાયોગિક પરીક્ષા માટે લેબોરેટરી સ્ટાફની નિમણૂકની બાબતમાં એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીના આચાર્યનું સૂચન મંજૂર કરવું.

(ફાર્મસીના નવા અભ્યાસક્રમ મુજબની પ્રાયોગિક પરીક્ષા માટે મંજૂર કરવામાં આવેલ લેબોરેટરી સ્ટાફ અંગેની જરૂરિયાત દર્શાવતું પત્રક **પરિશિષ્ટ "જ"** તરીકે આ સાથે સામેલ છે.)

૫૯. શ્રી. કે. કે. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધ્રાંગધ્રાના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૭૦થી ગુજરાતી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) પ્રા. કે. ડી. પટેલ, માન્ય અનુસ્નાતક શિક્ષક

(૨) પ્રો. એસ. જી. વ્યાસ, માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા જૂન ૧૯૭૦થી મેળવવાને પાત્ર થશે

(૩) પ્રા. કુ. સી. બી. મોદી, માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા જૂન ૧૯૭૦થી મેળવવાને પાત્ર થશે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૦. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, મોડાસાના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૭૦થી ઇતિહાસ-અર્થશાસ્ત્ર જૂથ "એ" અને "સી" વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સ્થાનિક શિક્ષકગણ અંગેની માહિતી નીચે મુજબ છે :

(૧) પ્રો. જે. જે. જોશી—માન્ય અનુસ્નાતક શિક્ષક, જૂથ "એ", "બી"

(૨) પ્રો. એન. બી. જોશી—માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક, જૂથ "સી" અને "ડી"

(૩) શ્રી. એ. સી. સોની—માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે જૂન ૧૯૭૦થી જૂથ "સી" અને "ડી" માટે માન્યતા મેળવવાને પાત્ર થશે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૧. ફાઇનાન્સ કમિટીની તા. ૫-૧-૧૯૭૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૫-૧-૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(**સદરહુ સમિતિની તા. ૫-૧-૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૬૨. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન તરફથી યુનિવર્સિટી કૅમ્પસમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૩૨ હેઠળ ૧૨૦ ફૂટ અને ૧૩૨ ફૂટના રસ્તાઓ માટેની જમીન કપાય છે તે અંગે તથા આ સ્કીમના પ્રસ્તાવો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બાંધકામ સમિતિની વિચારણા માટે મોકલવી અને તે અંગે યુનિવર્સિટી તરફથી અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સમક્ષ ઘટતી રજૂઆત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૩. અમદાવાદમાં અને ગુજરાતમાં બીજાં કેટલાંક સ્થળોએ થયેલા કોમી રમખાણને કારણે કૉલેજોનું કામ કેટલાક દિવસ બંધ રહેવાને કારણે આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૭૮ મુજબ પ્રથમ ઓછામાં ઓછી જે હાજરી ભરવી જરૂરી છે તેમાં ઘટ પડવા સંભવ હોઈ પહેલા સત્રની ઓછામાં ઓછી હાજરી આ સંજોગોમાં પહેલા સત્રમાં વિદ્યાર્થીએ કેટલી ભરી હોય તેનું પ્રથમ સત્ર માન્ય ગણવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૯–૭૦ના વર્ષ દરમિયાન પ્રથમ સત્રમાં કોમી અશાંતિને કારણે કેટલીક કૉલેજોનું કામકાજ ચાલી શકયું ન હતું તે હકીકતના સંદર્ભમાં પ્રથમ સત્રમાં વિદ્યાર્થીઓની જે હાજરી ઑર્ડિ. ૭૮ મુજબ આવશ્યક ગણવામાં આવી છે તેના કરતાં ૨૦ દિવસ ઓછા ગણવાનું રાખવું.

૬૪. શ્રી સાવલી તાલુકા કેળવણી મંડળ, સાવલી તરફથી જૂન ૧૯૭૦થી સાવલી ખાતે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ શરૂ કરવા આવેલ અરજી સદરહુ મંડળના પ્રમુખશ્રીએ પાછી ખેંચી હોઈ તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૫. "નેશનલ સર્વિસ કૉર્પ્સ પ્રોગામ" હેઠળની યોજનાનો અમલ કરવાની બાબતમાં કૉલેજોના પ્રસ્તાવો તથા તેના અંદાજી ખર્ચની બાબતમાં મંજૂરી અંગેની કાર્યરીતિ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે 'નેશનલ સર્વિસ કૅાર પ્રોગ્રામ' હેઠળની યોજનાના અમલ કરવાની બાબતમાં કૉલેજોના પ્રસ્તાવો તથા તેના અંદાજી ખર્ચની બાબતમાં તે જોઈતપાસીને સલાહ આપવા માટે નીચે જણાવેલા સભ્યોની સલાહકાર સમિતિ રચવી :

(૧) કુલપતિશ્રી—અધ્યક્ષ
(૨) આચાર્ય એમ. સી. શાહ
(૩) આચાર્ય હરિહર શુકલ
(૪) આચાર્ય ધીરુભાઈ ઠાકર
(૫) આચાર્ય શરદભાઈ મહેતા
(૬) આચાર્ય રમેશભાઈ ભટ્ટ
(૭) ડૉ. ડી. એચ. સુતરિયા
(૮) પ્રો. મણિશંકર પી. પંડ્યા

(૯) આચાર્ય યશવંતભાઈ પી. શુકલ
(૧૦) પ્રો. વી. જે. ત્રિવેદી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નેશનલ સર્વિસ કેાર પ્રોગ્રામ હેઠળની યેાજનાના અમલ અંગે જરૂરી કાર્યવાહી અને ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યાના:

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
૧.	શ્રી. એ. બી. વેારા	વિજ્ઞાન–વનસ્પતિવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. એમ. બી. પાઠક	વિનયન–માનસશાસ્ત્ર	પીએચ.ડી.
૩.	શ્રી. એ. પી. મનસૂરી	વિજ્ઞાન–પ્રાણીવિજ્ઞાન	પીએચ.ડી.;

(૨) વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગના રીડર ડૉ. આર. કે. શાહને તેઓની તા. ૨૦-૧૨-૧૯૬૯ની અરજી ઉપરથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના આશ્રયે "ઈન્ડો-હંગેરિયન કલ્ચરલ એકસચેન્જ" પેાગ્રામ નીચે હંગેરી જવાનું નિમંત્રણ સ્વીકારવાની કુલપતિશ્રીએ પરવાનગી આપ્યાના (તેઓને હવાઈ પ્રવાસ અંગેનેા ખર્ચ યુ.જી.સી. આપશે અને રેાકાણ વગેરેનેા ખર્ચ હંગેરી સરકાર આપશે.) તથા આ અંગે જરૂરી રજાઓ મંજૂર કરવા માટે ડૉ. શાહની તા. ૨૦-૧૨-૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત;

(નોંધ.—શ્રી. શાહ જણાવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન નક્કી કરે તે પ્રમાણે ૬ માસની રજાઓની જરૂર રહેશે. શ્રી. શાહનેા મૂળ માસિક પગાર હાલ રૂ. ૭૫૦ છે.)

(૩) ગણિતશાસ્ત્રના અધ્યાપક ડૉ. પી. સી. વૈદ્યનેા ગુજરાત યુનિવર્સિટીના એફ.વાય.-બી.એસસી.ના ગણિતશાસ્ત્ર વિષયના જૂન, ૧૯૭૦થી અમલમાં આવતા નવા અભ્યાસક્રમ અંગે સંલગ્ન વિજ્ઞાનની કેાલેજોના ગણિતના શિક્ષકેાનેા તારીખ ૧૭/૧૮-૧-૧૯૭૦નેા એમ બે દિવસનેા પરિસંવાદ યેાજવાનેા પ્રસ્તાવ તથા તે માટે રૂ. ૫૨૦(અંકે રૂપિયા પાંચસેા વીસ પૂરા)નેા ખર્ચ કુલપતિશ્રીએ મંજૂર કર્યાના;

(૪) આર્ટ્સ એન્ડ સાયન્સ કેાલેજ, પાટણમાં સ્થાપવામાં આવેલ અંગ્રેજી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રેાફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. કે. એન. આયરની તા. ૧૪-૬-૧૯૭૦ સુધી નિમણૂક કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૬૭. અનુસ્નાતક કેન્દ્રોની ત્રિવાર્ષિક તપાસ માટે નિમાયેલ તપાસસમિતિએ આપવાના એહવાલના પત્રક(ફેાર્મ)નેા મુસદ્દો મંજૂર કરવાનું વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કેન્દ્રોની ત્રિવાર્ષિક તપાસ માટેના સદરહુ ફેાર્મનેા મુસદ્દો મંજૂર કરવેા.

(ફેાર્મના મંજૂર કરવામાં આવેલા મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૬૮. ગુજરાત યુનિવર્સિટીએ હાથ પર લીધેલાં પ્રકાશનો પૈકી કુલ ૧૮ જેટલાં પ્રકાશનો પ્રકાશિત કરવા અંગેના યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્યના સભ્ય સચિવશ્રી તરફથી આવેલ પત્રાંક ૧૭૬ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીએ પ્રકાશન માટે જે પુસ્તકોનું કામ હાથ ધર્યું છે તે પૈકી આ સાથેની યાદીમાં જણાવેલાં ૧૮ પુસ્તકોના પ્રકાશનકામ માટે ગુજરાત રાજ્યના યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ તરફથી પ્રકાશન અંગેનું પૂરેપૂરું ખર્ચ ચૂકવવા માટે સદરહુ બોર્ડ સંમત થાય તો તે પ્રકાશનો નીચેની શરતોએ બહાર પાડવાનું સ્વીકારવું :

૧. યુનિવર્સિટીની પ્રસ્તાવનામાં ગુજરાત રાજ્યના યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના ખાતે અને ખર્ચે પુસ્તકોનું પ્રકાશન થયેલ છે તેનો નિર્દેશ કરવામાં આવે;

૨. પુસ્તકના પહેલા પાન પર 'ગુજરાત રાજ્યના યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ પુરસ્કૃત' એમ છાપવામાં આવે;

૩. પ્રકાશનમાં ગુજરાત રાજ્યના યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડના અધ્યક્ષની પ્રસ્તાવના મૂકવામાં આવે;

૪. પુસ્તકના સર્વ હક અને અધિકાર ગુજરાત યુનિવર્સિટીના રહેશે;

૫. પુસ્તકના પ્રકાશન અંગે સર્ટિફાઈડ વાઉચર પ્રમાણે થયેલો ખર્ચ તથા તે ઉપરાંત તે ખર્ચના ૧૦ % યુનિવર્સિટીને વહીવટી ખર્ચ પેટે ગુજરાત રાજ્યના યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડે ગુજરાત યુનિવર્સિટીને આપવાના રહેશે;

૬. પુસ્તકના વેચાણ દ્વારા યુનિવર્સિટીને થયેલી આવકનાં નાણાં પ્રત્યેક નાણાકીય વર્ષ પૂરું થયેથી ૭ માસ સુધીમાં ગુજરાત રાજ્યના યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોડને મોકલી આપશે;

૭. જ્યાં સુધી બોર્ડ પોતાની અલાયદી વિતરણ અને વેચાણવ્યવસ્થા ન કરે ત્યાં સુધી યુનિવર્સિટીએ હાલમાં ગોઠવેલ વિતરણ–વેચાણ વ્યવસ્થા ચાલુ રાખવામાં આવે. આ માટે વેચાણ ઉપર વિક્રેતાઓને તથા સંસ્થાઓને જે વળતર આપવામાં આવે તે ઉપરાંત ૫% જેટલું કુલ વેચાણ ઉપર વળતર ગુજરાત યુનિવર્સિટીને આપવાનું રહેશે;

૮. યુનિવર્સિટી તેના વખતોવખત અમલમાં હોય તે ધારાધોરણ પ્રમાણે સદરહુ પ્રકાશનો પર વિક્રેતાઓને તેમ જ સંસ્થાઓને તે કમિશન આપશે; અને

૯. પ્રકાશનનાં રૂપરંગ અને બાંધણી તથા છૂટક વેચાણ કિંમત યુનિવર્સિટી નિયત કરવા સ્વતંત્ર રહેશે.

(પ્રકાશન કામ માટેનાં ૧૮ પુસ્તકોની યાદી આ સાથે **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૬૯. ઑક્ટોબર ૧૯૬૭ના પદવીદાન સમારંભમાં બી.ઈ. પરીક્ષાનાં ઑનર્સનાં પ્રમાણપત્રો અપાયા બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૩૦–૧૧–૧૯૬૮ની સભામાં વિદ્યાર્થીઓને ઑનર્સવાળાં જે પ્રમાણપત્રો ભૂલથી અપાયાં હતાં તે પાછાં મંગાવીને તેમને નવાં પ્રમાણપત્રો આપવા ઠરાવેલ તેને બદલે "વિથ ઑનર્સ" શબ્દો રદ કરીને તે પર

જરૂરી એન્ડોર્સમેન્ટ કરવાનું સૂચવતા રાજ્યપાલશ્રીના તથા કુલાધિપતિના આસિસ્ટન્ટ સેક્રેટરીના પત્રાંક ઇ.જી.એસ. ૧૨/૬૧૫૩/૬૯, તા. ૩૦-૧૨-૧૯૬૯ના પેરા ૧ મુજબ કરવા માટે મંજૂરી માટ તથા પેરા નં. ૨માં જણાવ્યા મુજબની કાર્યવાહી કરવા અંગે જણાવેલું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ભૂલમાં અપાયેલાં સદરહુ પ્રમાણપત્રોમાં "With Honours" એ શબ્દો રદ કરીને તે પર જરૂરી એન્ડોર્સમેન્ટ કરવા અંગેની કુલાધિપતિશ્રીની સૂચનાની નોંધ લેવી.

"આથી ઠરાવવામાં આવે છે કે ડીસા નગરપંચાયત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૧–૬–૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર, ઇતિહાસ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૧–૬–૧૯૭૦થી તા.૧૪–૬–૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, મનોવિજ્ઞાન અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ગુજરાતીના વ્યાખ્યાતા
(૨) મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૩) સંસ્કૃતના વ્યાખ્યાતા
(૪) તર્કશાસ્ત્રના વ્યાખ્યાતા
(૫) અંગ્રેજીના વ્યાખ્યાતા
(૬) અર્થશાસ્ત્રના ટ્યૂટર
(૭) આંકડાશાસ્ત્રના ટ્યૂટર
(૮) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. મે ૧૯૭૦ સુધીમાં નીચે જણાવેલ સગવડ ધરાવતું કૉલેજ માટેનું યોગ્ય એવું મકાન તૈયાર કરવામાં આવે :

(૧) પ્રત્યેક ૮૦૦ ચો. ફૂટવાળા એવા ચાર ખંડો
(૨) પ્રત્યેક ૪૦૦ ચો. ફૂટવાળા એવા બે ખંડો

(૩) ૬૦૦ ચો. ફૂટવાળો ગ્રંથપાલનો ખંડ
(૪) ૬૦૦ ચો. ફૂટવાળો વિદ્યાર્થીઓ માટેનો ખંડ
(૫) ૩૦૦ ચો. ફૂટવાળો શૌચની વ્યવસ્થા સાથેનો બહેનો માટેનો ખંડ
(૬) ૪૦૦ ચો. ફૂટનો શૌચની વ્યવસ્થા સાથેનો વહીવટી કામ માટેનો ખંડ
(૭) ૩૦૦ ચો. ફૂટનો શૌચની વ્યવસ્થા સાથેનો આચાર્ય માટેનો ખંડ
(૮) ૪૦૦ ચો. ફૂટનો શૌચની વ્યવસ્થા સાથેનો શિક્ષકો માટેનો ખંડ;

૩. પુસ્તકો અને સામયિકો માટે નીચે મુજબ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) ગુજરાતી	... રૂ. ૧,૦૦૦
(૨) મનોવિજ્ઞાન	... રૂ. ૧,૦૦૦
(૩) સંસ્કૃત	... રૂ. ૧,૦૦૦;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. છાત્રાલય માટે ગૃહપતિની નિમણૂક કરવામાં આવે અને તેમને માટે ભાડામુકત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૬. કૉલેજ માટે ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે તથા તે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યાની જોગવાઈ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે; અને

૮. ૧૯૭૦--૭૧ની ખાધ ભરપાઈ કરવા માટે રૂ. ૭૫,૦૦૦ બૅંકમાં જમા મૂકી તે અંગેનું બૅંકનું સર્ટિફિકેટ મોકલવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૩. ચંદનબહેન ઍન્ડ સોમાલાલ હરિલાલ દેસાઈ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી લીલાવતી કીર્તનલાલ લાલચંદ દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર તરફથી જૂન ૧૯૭૦થી પ્રી-યુનિ. આર્ટ્સ અને પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, અંગ્રેજી, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, હિન્દી અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં ઍડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ચંદનબહેન ઍન્ડ સોમાલાલ હરિલાલ દેસાઈ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી લીલાવતી કીર્તનલાલ લાલચંદ દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર, શિક્ષકગણની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રી-યુનિ. આર્ટ્સ અને પ્રી-યુનિ. કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સંસ્કૃત, અંગ્રેજી, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન,

આંકડાશાસ્ત્ર અને હિંદી; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલી નિમણૂકો કરવામાં આવે :
   (૧) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૨) અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૩) હિંદીના ખંડ સમયના વ્યાખ્યાતાને બદલે પૂરા સમયના વ્યાખ્યાતા;
૨. યોગ્ય સગવડો ધરાવતું કૉલેજનું સ્વતંત્ર મકાન મે ૧૯૭૦ સુધીમાં તૈયાર કરવામાં આવે;
૩. અર્થશાસ્ત્ર, ગુજરાતી, સંસ્કૃત, અંગ્રેજી, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, આંકડાશાસ્ત્ર, હિન્દી અને એકાઉન્ટન્સ એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૪. શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત તરફથી જૂન ૧૯૭૦થી ડિપ્લોમા ઇન એજ્યુકેશનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં કરે તો તેને ડિપ્લોમા ઇન એજ્યુકેશનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧-૬-૧૯૭૦થી તા. ૩૧-૫-૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. દર દસ તાલીમાર્થી દીઠ એક લેખે વધુ બે વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;
૨. ડિપ્લોમા ઇન એજ્યુકેશનના અભ્યાસક્રમને લગતાં રૂ. ૧,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે;
૩. શાળાઓનાં ધોરણ ૫, ૬, ૭ના અભ્યાસક્રમને લગતાં રૂ. ૫૦૦નાં શૈક્ષણિક સાધનો વસાવવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ડિપ્લોમા ઇન એજ્યુકેશનના અભ્યાસક્રમમાં વધુમાં વધુ ૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ તરફથી જૂન ૧૯૭૦થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧–૬–૧૯૭૦થી તા. ૩૧–૫–૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. વિદ્યાર્થીઓની સંખ્યાના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

૨. દૃશ્ય–શ્રાવ્ય સાધનો માટે અગાઉની શરત પેટે કરવાનો બાકીનો રૂ. ૬,૦૩૭નો ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે બી.એડ.ના વર્ગમાં સને ૧૯૭૦–૭૧ના શૈક્ષણિક વર્ષ માટે વધુમાં વધુ ૭૫ વિદ્યાર્થીઓને પ્રવેશ માટે મંજૂરી આપવામાં આવી છે તે જ ચાલુ રાખવી અને ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેની વિનંતી મંજૂર કરવી નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૬. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧–૬–૧૯૭૦થી તા. ૩૧–૫–૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે બી.એડ.ના વર્ગમાં સને ૧૯૭૦–૭૧ના શૈક્ષણિક વર્ષ માટે વધુમાં વધુ ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની મંજૂરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૭. સેકંડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૭૦થી બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વીસનગર, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧--૬--૧૯૭૦થી તા. ૩૧--૫--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

(૧) બે વ્યાખ્યાતા

(૨) એક ટ્યૂટર;

૨. ગ્રંથાલયમાં રૂ. ૫,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ઉમેરવામાં આવે;

૩. વિજ્ઞાનની પ્રયોગશાળા માટે રૂ. ૨,૦૦૦નાં વધુ સાધનો વસાવવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વધુમાં વધુ ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૮. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ--૯, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપક

(૨) આંકડાશાસ્ત્રના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. પોતાની કૉલેજના આંકડાશાસ્ત્રના વિદ્યાર્થીઓ માટે અલગ વર્ગો ચલાવવામાં આવે;
૩. આંકડાશાસ્ત્રનાં વધુ પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૧,૫૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૪૯. એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા તરફથી જૂન ૧૯૭૦થી બી.એસસી. (સ્પે.)માં રસાયણ-વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૭-૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૨. યુનિવર્સિટીનાં ધારધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૦. સાયન્સ કૉલેજ, કડી તરફથી જૂન ૧૯૭૦થી બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કડી સાયન્સ કૉલેજ, કડી તા. ૩૧-૧-૧૯૭૦ સુધીમાં સમિતિએ દર્શાવેલી ક્ષતિઓ દૂર કરીને યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરે તે શરતે નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૭-૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.(જન.)માં વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા ભૌતિકવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે અગાઉના ખર્ચ પેટે રૂ. ૫,૫૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવાતી પ્રયોગશાળા અંગેની ફી પ્રયોગશાળાનાં સાધનો, કેમિકલ્સ વગેરે માટે ખર્ચવામાં આવે;

૪. યુનિયન ફી તથા જિમખાના ફી વગેરે વિદ્યાર્થી-પ્રવૃત્તિ માટે વાપરવામાં આવે તથા તે રકમ જુદી રાખી તે અંગેના હિસાબો જુદા રાખવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૧. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એસસી. (સ્પે.)માં રસાયણ-વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં પ્રાણીવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (જન.)માં વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ભૌતિકવિજ્ઞાનના એક વ્યાખ્યાતા
   (૨) અનુસ્નાતક પદવી ધરાવતા ભૌતિકવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. વિદ્યાર્થી-ખંડ માટે વધુ સુયોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૩. ભૌતિકવિજ્ઞાન(મુખ્ય)ના શિક્ષણ માટે સુયોગ્ય પ્રયોગશાળાની સવલતો કરવામાં આવે તથા આ વિષય માટે રૂ. ૨૦,૦૦૦નાં સાધનો વસાવવામાં આવે;

૪. ૫૦ વિદ્યાર્થીઓ એકીસાથે પ્રાયોગિક કાર્ય કરી શકે તેવી રસાયણવિજ્ઞાનની એક વધુ પ્રયોગશાળા બાંધવામાં આવે;

૫. પુસ્તકો માટે નીચે જણાવ્યા મુજબ ખર્ચ કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાન	...	... રૂ. ૫,૦૦૦
(૨) રસાયણવિજ્ઞાન	...	... રૂ. ૩,૦૦૦
(૩) ગણિતશાસ્ત્ર	...	... રૂ. ૩,૦૦૦
(૪) જીવશાસ્ત્ર	...	... રૂ. ૨,૦૦૦
(૫) અંગ્રેજી	...	... રૂ. ૧,૦૦૦
(૬) ગુજરાતી	...	... રૂ. ૧,૦૦૦;

૬. શિક્ષકોને મોંઘવારી ભથ્થાની બાકી રહેતી લેણી રકમ ચૂકવવામાં આવે;

૭. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૨. શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર; અને બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; અને બી.એસસી.(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી.(જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી.(સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન; તથા બી.એસસી.-(જન.)માં પ્રાણીવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૨) વનસ્પતિવિજ્ઞાનના એક પ્રાધ્યાપક

(૩) પ્રાણીવિજ્ઞાનના એક વ્યાખ્યાતા

(૪) કાર્યભાર અનુસાર જરૂરી અધ્યાપક કે ડેમોન્સ્ટ્રેટર;

૨. રસાયણવિજ્ઞાનની પ્રયોગશાળા ૧,૨૦૦થી ૧,૫૦૦ ચો. ફૂટની કરવામાં આવે;

૩. ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન અને પ્રાણીવિજ્ઞાન માટે ૧,૦૦૦થી ૧,૨૦૦ ચો. ફૂટની કુલ ત્રણ પ્રયોગશાળાઓ બનાવવામાં આવે;

૪. પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે નીચે પ્રમાણેનો ખર્ચ કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાન માટે ... રૂ. ૩૦,૦૦૦

(૨) વનસ્પતિવિજ્ઞાન માટે ... રૂ. ૧૫,૦૦૦

(૩) પ્રાણીવિજ્ઞાન માટે ... રૂ. ૧૫,૦૦૦;

૫. લાલનું ગ્રંથાલય વિસ્તૃત કરી નીચે જણાવેલ વિષયોનાં પુસ્તકો માટે ગ્રંથાલય માટે તે સામે જણાવેલ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) ભૌતિકવિજ્ઞાન માટે ... રૂ. ૨,૦૦૦
(૨) વનસ્પતિવિજ્ઞાન માટે ... રૂ. ૨,૦૦૦
(૩) પ્રાણીવિજ્ઞાન માટે ... રૂ. ૧,૦૦૦;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૩. કૉમર્સ કૉલેજ, ડભોઈને જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉમર્સ કૉલેજ, ડભોઈ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
(૨) વાણિજ્યના પ્રાધ્યાપક
(૩) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
(૪) બૅંકિંગના વ્યાખ્યાતા
(૫) મર્કન્ટાઈલ લૉના એક અંડ સમયના વ્યાખ્યાતા
(૬) અંગ્રેજીના એક ટ્યૂટર અથવા વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે નીચે જણાવેલ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) એકાઉન્ટન્સી ... ... રૂ. ૨,૦૦૦
(૨) બૅંકિંગ ... ... રૂ. ૨,૦૦૦;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૪. બ્રહ્મચારી વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના ચાલુ તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં બૅંકિંગ, આંકડાશાસ્ત્ર; અને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે બ્રહ્મચારી વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગનું ચાલુ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને બૅંકિંગ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૨) વાણિજ્યના પ્રાધ્યાપક
   (૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૪) અંગ્રેજીના ટ્યૂટર
   (૫) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૬) બૅંકિંગના વ્યાખ્યાતા
   (૭) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગો માટે વ્યાખ્યાનખંડો તથા ટ્યુટોરિયલ્સ ખંડની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે એકાઉન્ટન્સી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦ તથા બૅંકિંગ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦ તથા આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૫. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના ચાલુ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૬. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ તરફથી જૂન, ૧૯૭૦થી બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦ નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ જોડાણની મુદત તારીખ ૧૫-૬-૧૯૭૦ થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીના બે વર્ષની રાખવાના સુધારા સાથે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ મંજૂર કરવા સેનેટને રિપોર્ટ કરવો.

૫૭. એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૭૦થી પ્રી-યુનિ. કૉમર્સ તથા ફર્સ્ટ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦ થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ

એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) કૉમર્સના પ્રાધ્યાપક
   (૨) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૩) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૪) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૫) અંગ્રેજીના વ્યાખ્યાતા
   (૬) મર્કન્ટાઇલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. વધારાના વર્ગો માટે જરૂરી વર્ગખંડો તથા ટ્યુટોરિયલ્સ ખંડોની જોગવાઈ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે ગૃહપતિની નિમણૂક કરવામાં આવે તથા તેમના માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં એકાઉન્ટન્સી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ જોડાણની મુદત તારીખ ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીના બે વર્ષની રાખવાના સુધારા સાથે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ મંજૂર કરવા સેનેટને રિપોર્ટ કરવો.

૧૮. બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ તરફથી જૂન, ૧૯૭૦થી બી.એસસી.(સ્પે.)માં રસાયણ વિજ્ઞાન, ભૌતિકવિજ્ઞાન અને બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનના ચાલુ; તથા બી.એસસી.-(સ્પે.)માં ગણિતશાસ્ત્ર; અને બી.એસસી. (જન.)માં કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે બોરસદ સાયન્સ ઍન્ડ લૉ કૉલેજ, બોરસદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સલિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન અને ભૌતિકવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ગણિતશાસ્ત્ર અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્ર અને કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૨) કીટાણુવિજ્ઞાનના પ્રાધ્યાપક
   (૩) કીટાણુવિજ્ઞાનના એક ડેમોન્સ્ટ્રેટર;

૨. કીટાણુવિજ્ઞાનની અલગ પ્રયોગશાળા તૈયાર કરવામાં આવે;
૩. કીટાણુવિજ્ઞાનની પ્રયોગશાળાનાં સાધનસામગ્રી માટે રૂ. ૩૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. ગ્રંથાલય માટે ગણિતશાસ્ત્ર અને કીટાણુવિજ્ઞાન—એ પ્રત્યેક વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫૯. નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના ચાલુ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને દ્વિતીય વર્ષમાં એક્ચ્યુઅરિયલ સાયન્સ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગનું ચાલુ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને બૅંકિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૩ સુધીનું વધારાનું જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને એક્ચ્યુઅરિયલ સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) વાણિજ્યના પ્રાધ્યાપક
   (૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૩) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૪) બૅંકિંગના પ્રાધ્યાપક
   (૫) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૬) એક્ચ્યુઅરિયલ સાયન્સના વ્યાખ્યાતા
   (૭) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા;
૨. વધારાના વર્ગો બેસાડવા માટે વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ વર્ગોની જોગવાઈ કરવામાં આવે;
૩. ગ્રંથાલયમાં એકાઉન્ટન્સી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦, બૅંકિંગ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦, આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦ તથા એક્ચ્યુઅરિયલ સાયન્સ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણમાં 'પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર અને એક્ચ્યુઅરિયલ સાયન્સના' એમ જણાવવામાં આવેલ છે તેને બદલે 'પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર તથા દ્વિતીય વર્ષ બી.કૉમ.માં એક્ચ્યુઅરિયલ સાયન્સના' એમ શબ્દો મૂકવાના સુધારા સાથે સદરહુ ભલામણ મંજૂર કરવા સેનેટને રિપોર્ટ કરવો.

૬૦. શ્રી. મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, વીસનગર તરફથી જૂન ૧૯૭૦થી પ્રી-યુનિ. કૉમર્સના વિષયો અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા પ્રથમ એલએલ.બી.ના ચાલુ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ અને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, વીસનગર શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ; તથા પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ તથા દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) એકાઉન્ટન્સીના પ્રાધ્યાપક
   (૨) અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક
   (૩) કૉમર્સના પ્રાધ્યાપક
   (૪) અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૫) અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૬) મર્કન્ટાઈલ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૭) કાયદાના વ્યાખ્યાતા
   (૮) કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા;
૨. ગ્રંથાલય માટે એકાઉન્ટન્સી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને
૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૧. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન ઍન્ડ લૉ, મહેસાણા તરફથી જૂન ૧૯૭૦થી બી.એડ. તથા સેકન્ડ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ ઍન્ડ એજ્યુકેશન, મહેસાણા શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને દ્વિતીય વર્ષ એલએલ.બી. સુધીના તથા બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. શિક્ષણશાખામાં વધારાના બે વ્યાખ્યાતા તથા એક ટ્યૂટરની નિમણૂક કરવામાં આવે;
૨. વિદ્યાર્થીઓ માટે અલાયદો ખંડ સંપૂર્ણ સુવિધાઓ સાથે તૈયાર કરવામાં આવે;
૩. સંસ્થા જુદા મકાનની તાત્કાલિક સગવડ મેળવે;
૪. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;
૫. વિજ્ઞાનની પ્રયોગશાળામાં વધુ રૂ. ૨,૦૦૦ની કિંમતનાં સાધનો વસાવવામાં આવે;
૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે; અને
૮. કૉલેજના સંચાલનમાં જે ખામી જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૨. પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ-કચ્છ તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમવર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તારીખ ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ; તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
(૧) યોગ્ય લાયકાત ધરાવતા આચાર્ય
(૨) ખંડ સમયના કાયદાના એક પ્રાધ્યાપક
(૩) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલ;

૨. વધારાના વર્ગો માટે વધારાના ખંડોની જોગવાઈ કરવામાં આવે;

૩. ઓછામાં ઓછા ૨૫ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુકત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. આચાર્યને હોદ્દાની રૂએ ગવર્નિંગ બોડીના સભ્ય બનાવવામાં આવે;

૬. કૉલેજના સંચાલનમાં જે ખોટ જાય તે પૂરી કરવાની બાંયધરી આપવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૩. શેઠ વ્રિજલાલ સેવકરામ લૉ કૉલેજ, ઊંઝા તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા ચાલુ જોડાણ; તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે શેઠ વ્રિજલાલ સેવકરામ લૉ કૉલેજ, ઊંઝા, શિક્ષકની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ તથા દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. કાયદાના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૪. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ બી.ઈ.-(કેમ.) અને દ્વિતીય વર્ષ બી.ઈ.(કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા તૃતીય વર્ષ બી.ઈ.-(કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

" આથી ઠરાવવામાં આવે છે કે ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ અને દ્વિતીય બી.ઈ. (કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧

સુધીનું ચાલુ જોડાણ તથા તૃતીય વર્ષ બી.ઈ. (કેમ.)ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) મિકેનિકલ એન્જિનિયરિંગના સિનિયર વ્યાખ્યાતા અથવા આસિસ્ટન્ટ પ્રાધ્યાપક
   (૨) કેમિકલ એન્જિનિયરિંગના સિનિયર વ્યાખ્યાતા અથવા આસિસ્ટન્ટ પ્રાધ્યાપક
   (૩) એન્જિનિયરિંગ કેમિસ્ટ્રીના સિનિયર વ્યાખ્યાતા અથવા આસિસ્ટન્ટ પ્રાધ્યાપક
   (૪) એન્જિનિયરિંગ કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા
   (૫) કેમિકલ એન્જિનિયરિંગના આસિસ્ટન્ટ વ્યાખ્યાતા અથવા ડેમોન્સ્ટ્રેટર;

૨. કૉલેજના મકાનના લાલના બાંધકામમાં ૫,૦૦૦ ચો. ફૂટના બાંધકામનો ઉમેરો કરવામાં આવે;

૩. વર્કશોપ હીટ લેબોરેટરી અને ફિઝિકલ લેબોરેટરી સુસજ્જ કરવા માટે અગાઉના બાકી ખર્ચ પેટે નીચે જણાવ્યા પ્રમાણે ખર્ચ કરવામાં આવે :

	રૂપિયા
(૧) ગ્રાઈન્ડિંગ મશીન	૨,૫૦૦
(૨) લેથ્સ	૪૨,૦૦૦
(૩) શેપિંગ મશીન	૫,૦૦૦
(૪) પ્રિસિઝન ઈન્સ્ટ્રુમેન્ટ	૨,૦૦૦
(૫) સ્ટીલ એન્જિન મોડેલ ડ્રોપ વાલ્વ ટાઈપ	૫૦૦
(૬) સ્ટીલ એન્જિન મોડેલ સ્લાઈડ વાલ્વ ટાઈપ	૫૦૦
(૭) એન્જિનિયરિંગ પાર્ટ્સ	
(ક) કનેક્ટિંગ શેડ	૨૫૦
(ખ) ક્રેન્ક અને ક્રેન્ક પિન સાથેનો શાફ્ટ	૨૦૦
(ગ) પિસ્ટન રિંગ્સ અને પિસ્ટન રોડ સાથેનો પિસ્ટન	૨૫૦
(ઘ) જુદી જુદી જાતના ગવર્નર્સ	૩૫૦
(ચ) કાર્બ્યુરેટર	૨૦૦
(૮) ચાર-સ્ટોક સેક્શનાઈઝ્ડ વૂડન પેટ્રોલ એન્જિન મોડેલ	૬૦૦
(૯) ઈન્ડિકેટર ડાયાગ્રામ અને બ્રેકની વ્યવસ્થા સાથેનું ૧૨ હૉર્સ પાવર હોરિઝોન્ટલ ડીઝલ એન્જિન	૧૨,૦૦૦
(૧૦) ડૉબી મશીન ઈન્ડિકેટર ફૉર ઑઈલ એન્જિન	૪,૦૦૦
(૧૧) સેપરેટિંગ ઍન્ડ થ્રોટિંગ કૅલેરીમીટર	૪,૦૦૦
(૧૨) સેક્શનાઈઝ્ડ વૂડન સ્ટીમ ટર્બાઈન મોડેલ	૫૦૦
(૧૩) સ્ટીમ બોઈલર	૧૦,૦૦૦
(૧૪) ડાયોડ ટ્રાયોડ વગેરે સાથેનું ફિઝિક્સ ઈક્વિપમેન્ટ	૫,૦૦૦
(૧૫) ફિઝિકલ કેમિસ્ટ્રી ઈક્વિપમેન્ટ	૧૦,૦૦૦
(૧૬) પાઈપ બેન્ડિંગ મશીન	૩,૫૦૦
	૧,૦૩,૩૫૦;

૪. કેમિકલ એન્જિનિયરિંગ ઈક્વિપમેન્ટ માટે રૂ. ૨,૦૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે; અને

૮. પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂ. ૨૦૦ના પ્રમાણે કુલ ૪૫૦ વિદ્યાર્થીઓને લક્ષમાં લેતાં રૂ. ૯૦,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાની જોગવાઈ કરવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તૃતીય વર્ષ બી.ઈ.(કેમ.)નો અભ્યાસક્રમ સભામાં થયેલી ચર્ચાને અનુલક્ષીને નિયત કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૫. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ (પોસ્ટ-બેઝિક) બી.એસસી.-(નર્સિંગ)ના તથા દ્વિતીય વર્ષ (પોસ્ટ-બેઝિક) બી.એસસી. (નર્સિંગ)ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને દ્વિતીય વર્ષ પોસ્ટ-બેઝિક બી.એસસી. (નર્સિંગ) સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૨ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. બી.એસસી. અથવા એમ.એસસી. ટ્રેઇન્ડ નર્સની નિમણૂક કરવામાં આવે;

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણે વ્યવસ્થા કરવામાં આવે :

(૧) નર્સિંગ કૉલેજ પ્રત્યેક વર્ષ ૭૫થી ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે તે પ્રમાણે જોગવાઈ માટે મકાનમાં જરૂરી માળ કે પાંખો (વિંગ) બાંધી મકાનનું વિસ્તૃતીકરણ તથા ખાસ વિભાગો માટે જરૂરી જગ્યા, ગ્રંથાલય સાથે જોડાયેલ પરંતુ અલગ વાચનખંડ

(૨) ૨૫૦ વિદ્યાર્થીઓ એકીસાથે બેસી શકે તેવું ઑડિટોરિયમ — મેડિકલ ફિલ્મ્સ બતાવવા, પરિસંવાદ યોજવા ઇત્યાદિ માટે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૬. આર્ટ્સ કૉલેજ, સંખેડા તરફથી જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ.(સબો.)માં ઈતિહાસ અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટેનું ચાલુ જોડાણ; તથા બી.એ.(સબો.)માં હિંદીના અભ્યાસક્રમો; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટેના વધારાના જોડાણ માટે આવેલ અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ કૉલેજ, સંખેડા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૫–૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર અને બી.એ. (સબો.)માં ઈતિહાસ અને સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦ થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.એ. (સબો.)માં હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા તથા સદરહુ કૉલેજને વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી તેમાં પ્રી-યુનિ. કૉમર્સનું તા. ૧૫–૬–૧૯૭૦થી તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) અંગ્રેજીના વ્યાખ્યાતા
   (૨) અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૩) અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૪) હિન્દીના વ્યાખ્યાતા
   (૫) કૉમર્સના વ્યાખ્યાતા
   (૬) એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા
   (૭) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા
   (૮) તર્કશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા
   (૯) હાલના ખંડ સમયના વ્યાયામશિક્ષકને બદલે પૂરા સમયના વ્યાયામશિક્ષક;

૨. કૉલેજના નવા મકાનમાં ગ્રંથાલયનો ખંડ તૈયાર કરવામાં આવે;

૩. ઓછામાં ઓછા ૨૫ (પચીસ) વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં હિન્દી વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ગ્રંથાલયમાં વાણિજ્યની વિદ્યાશાખા માટે નીચે મુજબનો અનાવર્તક ખર્ચ કરવામાં આવે :
   (૧) પુસ્તકો માટે ... ... રૂ. ૫,૦૦૦
   (૨) સામયિકો માટે ... ... રૂ. ૧,૦૦૦
   (૩) સંદર્ભગ્રંથો માટે ... ... રૂ. ૧,૦૦૦;

૬. પુસ્તકો અને સામયિકો માટે વિનયન વિદ્યાશાખા માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૭. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલીને જૂન ૧૯૭૦થી બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (સબો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોડેલી, નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર અને ગુજરાતી, તથા બી.એ.(સબો.)માં ઇતિહાસ, મનોવિજ્ઞાન અને હિંદીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી કાયમી જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૨. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૮. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને જૂન ૧૯૭૦થી પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર માટે ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર તથા પ્રથમ અને દ્વિતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો (૧) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદને પ્રથમ વર્ષ બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ; તથા બી.કૉમ.માં આંકડાશાસ્ત્ર; તથા (૨) જૂન ૧૯૭૦થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજને પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(૧) સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૧. આંકડાશાસ્ત્રના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલયમાં આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે વાણિજ્યની વિદ્યાશાખા માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. આંકડાશાસ્ત્રના વિષય માટે પ્રત્યેક ત્રણ વિદ્યાર્થી દીઠ એક કેલ્કયુલેટિંગ મશીન ખરીદવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

(૨) કાયદાની કૉલેજ

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) એક વ્યાખ્યાતા
   (૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતા
   (૪) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેનો ખંડ
   (૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)
   (૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
   (૬) ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચો. ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
   (૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ
   (૮) પીવાના પાણી માટેનો ખંડ
   (૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	... ...	રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	... ...	રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	... ...	રૂ. ૧,૦૦૦;

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચો. વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો. વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુકત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૯. પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદનું જૂન ૧૯૭૦થી વિભાગીકરણ કરી વિભાજ્ય થતી વિનયનની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી (૧) પ્રભુદાસ ઠક્કર સાયન્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; અને બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા (૨) પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત અને તત્ત્વજ્ઞાન; તથા બી.એ. (સમો.)માં ગુજરાતી, હિંદી, અંગ્રેજી અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રભુદાસ ઠક્કર આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં કરે તો તેને બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, સંસ્કૃત અને તત્ત્વજ્ઞાન; તથા બી.એ.(સમો.)માં ગુજરાતી, હિન્દી, અંગ્રેજી અને મનોવિજ્ઞાન; તથા પ્રથમ વર્ષ બી.એસસી.માં જીવવિજ્ઞાન અને ગણિતશાસ્ત્ર; તથા બી.એસસી. (સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા તથા વાણિજ્યની વિદ્યાશાખાના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ ન આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા (ઑર્ગેનિક કેમિસ્ટ્રી)
   (૨) રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા (ઈન-ઑર્ગેનિક અથવા ફિઝિકલ કેમિસ્ટ્રી)
   (૩) રસાયણવિજ્ઞાનના ટ્યૂટર અથવા ડેમોન્સ્ટ્રેટર
   (૪) વનસ્પતિવિજ્ઞાનના ટ્યૂટર અથવા ડેમોન્સ્ટ્રેટર
   (૫) હિન્દીના ખંડ સમયના વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે વિદ્યાશાખા દીઠ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે તૃતીય વર્ષ બી.એસસી.માં રસાયણવિજ્ઞાનના વિષયમાં વધુમાં વધુ ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.!

૭૦. શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદનું જૂન ૧૯૭૦થી વિભાગીકરણ કરી વિભાજ્ય થતી વિનયનની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી, (૧) એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એસસી. (સ્પે.)માં રસાયણ-વિજ્ઞાન; તથા બી.એસસી. (જન.)માં ભૌતિકવિજ્ઞાન, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા (૨) શેઠ એસ. પી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, તલોદને સ્વતંત્ર કૉલેજ તરીકે બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી, અંગ્રેજી; તથા બી.એ.(સબો.)માં સંસ્કૃત અને મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાના જોડાણ માટેની અરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં કરે તો તેનું જૂન ૧૯૭૦થી (૧) શેઠ એચ. પી. આર્ટ્સ કૉલેજ તલોદ, તથા (૨) એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ—એમ વિભાગીકરણ કરવા તથા શેઠ એચ. પી. આર્ટ્સ કૉલેજ, તલોદ સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરી (૧) શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજને બી.એ.(પ્રિન્સિ.) માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, હિન્દી અને અંગ્રેજી; તથા બી.એ. (સબો.)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૫ સુધીનું ચાલુ જોડાણ; તથા પ્રથમ વર્ષ બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ; તથા (૨) એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદને બી.એસસી.(સ્પે.)માં રસાયણવિજ્ઞાન; તથા બી.એસસી.-(જન.)માં ભૌતિકવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન, પ્રાણીવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું ચાલુ જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

(૧) શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) વાણિજ્યના વ્યાખ્યાતા
   (૩) એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા;

૨. વધારાની વિદ્યાશાખા માટેના વર્ગો માટે વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ ખંડોની જોગવાઈ કરવામાં આવે;

૩. આચાર્યને લોદ્રાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૪. આચાર્ય માટે ભાડામુકત રહેઠાણની જોગવાઈ કરવામાં આવે;

૫. વાણિજ્યની વિદ્યાશાખાનાં પુસ્તકો માટે નીચે મુજબ અનાવર્તક ખર્ચ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો મ	...	રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂ. ૧,૦૦૦
કુલ	...	રૂ. ૭,૦૦૦;

૬. વિનયન વિદ્યાશાખામાં પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે.

(૨) એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) અંગ્રેજીના વ્યાખ્યાતા

(૨) હિન્દીના વ્યાખ્યાતા

(૩) ગુજરાતીના વ્યાખ્યાતા;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે; અને

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૧. શ્રી કેળવણી મંડળ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી અમદાવાદ ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજને પ્રથમ વર્ષ બી.એ. તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"નવી કૉલેજોની જરૂરિયાતો નક્કી કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩--૪--૧૯૬૯ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ તરફ સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું અને સદરહુ અહેવાલ તથા સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પર સમગ્રપણે ચર્ચાવિચારણા કરી તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી કેળવણી મંડળ, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજને જોડાણ ન આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૨. શિક્ષણનિયામકશ્રી, ગુજરાત રાજ્ય તરફથી જૂન ૧૯૭૦થી ગાંધીનગર ખાતે શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજને પ્રથમ વર્ષ બી.એ. સુધી અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ગુજરાતી, હિંદી, ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, આંકડાશાસ્ત્ર, અંગ્રેજી અને સંસ્કૃત; તથા બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, ગુજરાતી અને હિંદી; તથા બી.એ.(સબો.)માં ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, આંકડાશાસ્ત્ર, અંગ્રેજી અને સંસ્કૃતના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણનિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ તરફથી ગાંધીનગર ખાતે જૂન ૧૯૭૦ની શરૂ કરાનાર વિનયન અને વાણિજ્યની કૉલેજ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫–૭–૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.એ. સુધી અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, અર્થશાસ્ત્ર, ઈતિહાસ, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો; તથા બી.એ.(પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ગુજરાતી અને હિન્દી; તથા બી.એ.(સબો.)માં ઈતિહાસ, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, આંકડાશાસ્ત્ર અંગ્રેજી અને સંસ્કૃતના અભ્યાસક્રમો; તથા પ્રથમ વર્ષ બી.કૉમ. સુધી એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ અને આંકડાશાસ્ત્ર; તથા બી.કૉમ.માં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બૅંકિંગ તથા આંકડા-શાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૭૦ની તા. ૧૪–૬–૧૯૭૧ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય
(૨) અર્થશાસ્ત્રના એક પ્રાધ્યાપક
૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. રૂપિયા ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અનામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે.

(૨) કાયદાની કૉલેજ

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) આચાર્ય

(૨) એક વ્યાખ્યાતા

(૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતા

(૪) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો

(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ્સ માટેના જરૂરી ખંડો

(૩) શિક્ષકો માટેનો ખંડ

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)

(૬) ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય

(૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ

(૮) પીવાના પાણી માટેનો ખંડ

(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂ. ૧,૦૦૦;

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે; અને

૧૦. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૮. ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત તરફથી જૂન ૧૯૭૦થી ખંભાત ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજને પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ તરફથી ખંભાત ખાતે શરૂ કરાનાર કાયદાની કૉલેજ, શિક્ષકગણની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન તા. ૧૫--૫--૧૯૭૦ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે કરે તો તેને પ્રથમ વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫--૬--૧૯૭૦ થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :
   (૧) આચાર્ય
   (૨) એક વ્યાખ્યાતા
   (૩) કાયદાના ખંડ સમયના બે વ્યાખ્યાતા
   (૪) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
   (૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
   (૩) શિક્ષકો માટેનો ખંડ
   (૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે એવો)
   (૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
   (૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
   (૭) પ્રત્યેક કૉલેજ દીઠ આચાર્યનો અલાયદો ખંડ
   (૮) પીવાના પાણી માટેનો ખંડ
   (૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂ. ૫,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂ. ૧,૦૦૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂ. ૧,૦૦૦;

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડંટ ફંડનો લાભ આપવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખાધ જાય તે પૂરી કરવાની સંચાલકમંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. રૂ. ૧૦,૦૦૦ની અનામત યુનિવર્સિટી પાસે મૂકવામાં આવે અને જે પછીના વર્ષે જોડાણ ચાલુ રાખવા માટે રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી પરત કરવામાં આવે તથા શરતોના પરિપાલનનો અહેવાલ મોકલતી વખતે તેની પાસે રૂ. ૫૦,૦૦૦ની રોકડ કે ઋણમુક્ત અસ્કામત છે તેનું શ્રી. ચૅરિટી કમિશનરનું અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર આપવું આવશ્યક રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૯. શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત તરફથી જૂન ૧૯૭૦થી ખંભાત ખાતે શરૂ કરાનાર ફાર્મસીની કૉલેજને પ્રથમ વર્ષ બી.ફાર્મ.ના અભ્યાસક્રમો તથા પ્રથમ વર્ષ ડિપ્લોમા ઈન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત તરફથી જૂન ૧૯૭૦થી ખંભાત ખાતે શરૂ કરાનાર ફાર્મસી કૉલેજના શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫--૧--૧૯૭૦ સુધીમાં કરે તો તેને પ્રથમ વર્ષ બી.ફાર્મ.ના અભ્યાસક્રમ તથા પ્રથમ વર્ષ ડિપ્લોમા ઈન ફાર્મસીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધીનું વધારાનું જોડાણ આપવા સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરવી :

૧. નીચે જણાવેલ નિમણૂકો કરવામાં આવે :

(૧) ફાર્મસીના વિષયોમાં અનુસ્નાતક પદવી ધરાવતા આચાર્ય
(૨) જીવવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૩) ગણિતશાસ્ત્રના વ્યાખ્યાતા
(૪) ભૌતિકવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૫) રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા
(૬) અંગ્રેજીના વ્યાખ્યાતા

(૭) એન્જિનિયરિંગ મિકેનિકના વ્યાખ્યાતા (એન્જિ. ડ્રૉઇંગ)
(૮) એનેટોમી–ફિઝિયોલોજી વગેરે માટેના વ્યાખ્યાતા
(૯) જીવવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
(૧૦) ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
(૧૧) રસાયણવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર
(૧૨) એન્જિનિયરિંગ મિકેનિકના ડેમોન્સ્ટ્રેટર (એન્જિ. ડ્રૉઇંગ)
(૧૩) એનેટોમી--ફિઝિયોલોજી વગેરે માટેના ડેમોન્સ્ટ્રેટર
(૧૪) વ્યાયામશિક્ષક
(૧૫) ગ્રંથપાલ;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે તથા આલેખ મુજબનું મકાન ત્રણ વર્ષમાં તૈયાર કરવામાં આવે અને તેના માટેની નાણાકીય જોગવાઈ અંગે સંતોષજનક પ્રતીતિ કરાવવામાં આવે :
(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો)
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો, વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા ૪૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે રૂ. ૧૧,૦૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :
(૧) પુસ્તકો માટે ... રૂ. ૭,૦૦૦
(૨) સામયિકો માટે ... રૂ. ૪,૦૦૦;

૫. ઑલ-ઇન્ડિયા કાઉન્સિલ ઑફ ટેકનિકલ એજ્યુકેશન અને કાઉન્સિલની તરાહ(pattern)ના સંદર્ભમાં બી. સી. જકુંધવાલા સાયન્સ કૉલેજમાં પ્રાયોગિક કાર્ય અને સાધનોની જે સવલત ઉપલબ્ધ થઈ શકે તે ઉપરાંત પ્રયોગશાળા અને સાધનોની સવલત ઊભી કરવામાં આવે;

૬. ફાર્મેકોગ્નોસીના ભાગ માટે આશરે ૧૧૦૦ ચોરસ મીટરની જગ્યાની વ્યવસ્થા કરવામાં આવે તથા તે માટે રૂ. ૧૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસ વાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસ વાર જેટલી ખુલ્લી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં એકૅડેમિક કાઉન્સિલે સૂચવેલી શરતોમાં નીચે મુજબ સુધારાવધારા કરીને તે પ્રમાણે સુધારાયેલી શરતોનું પાલન સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં કરવામાં આવે તો ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ખંભાત તરફથી શરૂ થનાર ફાર્મસી કૉલેજને પ્રથમ વર્ષ બી.ફાર્મ.નો અભ્યાસક્રમ તથા પ્રથમ વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસીનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧૪-૬-૧૯૭૧ સુધીનું જોડાણ આપવા માટે સેનેટને ભલામણ કરવી:

શરત **નં.** ૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવામાં આવે :

૨. કૉલેજના મકાનમાં નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે તથા સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવેલા આલેખ મુજબનું મકાન ત્રણ વર્ષમાં તૈયાર કરી શકાય તે રીતે તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં ઓછામાં ઓછું ૧૦,૦૦૦ ચોરસ ફૂટ જેટલું પ્રથમ તબક્કાનું બાંધકામ પૂરું કરવામાં આવે :

(૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી અને શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય અભ્યાસખંડો
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો
(૩) શિક્ષકો માટેનો ખંડ
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓને ચાલી શકે તેવો.)
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરેની સુવિધા સહિતનો)
(૬) ઓછામાં ઓછા દસ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો વિદ્યાર્થી દીઠ સરેરાશ ૮ ચોરસ ફૂટની જગ્યાવાળા સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય
(૭) આચાર્ય માટેનો ખંડ
(૮) પીવાના પાણી માટેનો ખંડ
(૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

નીચેની શરત, શરત નં. ૨(અ) તરીકે ઉમેરવામાં આવે :

૨.(અ) તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં પ્રયોગશાળાનાં સાધનો, રાચરચીલું, રસાયણો વગેરે માટે રૂપિયા ૮૦,૦૦૦ જેટલું ખર્ચ કરવામાં આવે તથા ૧૯૭૦—૭૧ના વર્ષ દરમિયાન રૂ. ૧,૨૦,૦૦૦ જેટલા આવર્તક ખર્ચ માટેની જોગવાઈ કરવામાં આવે અને વધુમાં જાન્યુઆરી ૧૯૭૧ સુધીમાં કૉલેજના મકાનના બાંધકામના બીજા તબક્કા માટે રૂ. ૨,૦૦,૦૦૦ના ભંડોળની જોગવાઈ કરવામાં આવે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે—

(૧) પ્રથમ વર્ષ બી.ફાર્મ.ના અભ્યાસક્રમ માટે ૩૦ વિદ્યાર્થીઓને અને પ્રથમ વર્ષ ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે ૬૦ વિદ્યાર્થીઓને, જોગાનુની શરતોનું પરિપાલન થયેથી, પ્રવેશ આપવા માટે પરવાનગી આપવામાં આવે.

(૨) ફાર્મસી કૉલેજ શરૂ કરવા માટે ઑલ-ઈન્ડિયા કાઉન્સિલ ફૉર ટેકનિકલ એજ્યુકેશનની અનુમતિ મેળવવા માટે સદરહુ કૉલેજના પુરસ્કર્તાઓને અરજી કરવા માટે સૂચવવું અને તેમની અરજી આવ્યેથી ઘટતી ભલામણ સાથે તે અરજી સદરહુ કાઉન્સિલને મોકલી આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(૩) સદરહુ કૉલેજના વિદ્યાર્થીઓની સત્ર દીઠ ટયૂશન ફી વધુમાં વધુ રૂ. ૨૬૦ રાખવામાં આવે એમ કૉલેજના સત્તાવાળાઓને સૂચના આપવી.

(૪) સદરહુ કૉલેજમાં વિદ્યાર્થીઓને તેમની ગુણવત્તાના ધોરણે જ પ્રવેશ આપવામાં આવે એમ કૉલેજના સત્તાવાળાઓને સૂચના આપવી.

૯૦. આગામી ગ્રીષ્મ ઋતુમાં કૉલેજોના શિક્ષકો માટે ગ્રીષ્મવર્ગ યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક એફ. ૯-૪૮-૭૦ (એસ.આઈ.), તા. ૯-૧-૧૯૭૦થી "ઑન એકાઉન્ટ" ગ્રાન્ટ્સની રકમ રૂ. ૩૦,૦૦૦ (ત્રીસ હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૧. વિજ્ઞાન વિદ્યાભવનના ફોટોગ્રાફર શ્રી. એન. એ. શાહને તા. ૧-૧-૧૯૬૯ના રોજ રૂ. ૯૦-૫-૧૪૦-ઈબી-૧૦-૨૦૦ના પગારધોરણમાં રૂ. ૧૪૦થી કાર્યક્ષમ અંતરાય (efficiency bar) ઓળંગવા માટે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાભવનના ફોટોગ્રાફર શ્રી. એન. એ. શાહની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે વિજ્ઞાન વિદ્યાભવનના ફોટોગ્રાફર શ્રી. એન. એ. શાહને રૂ. ૯૦-૫-૧૪૦ ઈ.બી.-૧૦-૨૦૦ના પગારધોરણમાં રૂ. ૧૪૦ આગળનો કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) તા. ૫-૧-૧૯૭૦થી ઓળંગવા માટે પરવાનગી આપવી.

૯૨. સેનેટના નીચે જણાવેલ લોદ્દાગત સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખા હેઠળ આવતી અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિ
(૧)	આચાર્ય બાબુભાઈ સી. પટેલ	શિક્ષણ સહિતની વિનયન ...	(૧) શિક્ષણ અને (૨) મનોવિજ્ઞાન
(૨)	આચાર્ય ઠાકોરભાઈ એમ. દેસાઈ	વિજ્ઞાન ...	(૧) રસાયણવિજ્ઞાન અને (૨) કીટાણુવિજ્ઞાન
(૩)	આચાર્ય ડી. એમ. ભાવસાર	શિક્ષણ સહિતની વિનયન ...	(૧) શિક્ષણ અને (૨) ગણિત
(૪)	આચાર્ય હર્બર્ટ ઓ. ડિસોઝા	શિક્ષણ સહિતની વિનયન ...	(૧) અંગ્રેજી અને (૨) ફ્રેંચ—જર્મન
(૫)	શ્રી. એ. એ. ખત્રી	શિક્ષણ સહિતની વિનયન ...	(૧) મનોવિજ્ઞાન અને (૨) શિક્ષણ.

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટના સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખા હેઠળની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૯૩. ભારત સરકારના આણ્વશક્તિ વિભાગ તરફથી બેંગ્લોર મુકામે ફેબ્રુઆરી ૨૪ થી ૨૮ ૧૯૭૦ના સમય દરમિયાન Materials, Science and Research India પર એક પરિસંવાદ યોજનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા જણાવતા ભારત સરકારના નામથી સચિવ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૪. ઈન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઈન્સ્ટિટ્યૂટ ડૉકયુમેન્ટેશન રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ સેન્ટર, બેંગ્લોરના પત્રાંક ૫૮૭૭, તા. ૨૫-૧૧-૧૯૬૯ના સંદર્ભમાં તે સંસ્થામાં મે ૧૯૭૦માં શરૂ થનાર એક અઠવાડિયાના રિફ્રેશર કોર્સ ઈન કેટલોગિંગના અભ્યાસ માટે યુનિવર્સિટી ગ્રંથાલયશાસ્ત્ર ભવનના મદદનીશ ગ્રંથપાલ (ટીચિંગ) શ્રી. આર. એચ. ગાંધીને મોકલવા અંગેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગેનો મુસાફરીભથ્થા તથા રહેઠાણભથ્થાનો અંદાજી ખર્ચ રૂ. ૨૧૦ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ રિફ્રેશર કોર્સનો અભ્યાસ કરવા માટે મદદનીશ ગ્રંથપાલ શ્રી. આર. એચ. ગાંધીને મોકલવા.

૯૫. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં નીચેની જગ્યાઓ સંબંધી વરણીસમિતિઓ પર ઑર્ડિ. ૬૬ અન્વયે સિન્ડિકેટ તરફથી ત્રણ ત્રણ સભ્યો નીમવા બાબત :

(૧) પ્રોફેસર ઑફ હિસ્ટરી
(૨) પ્રોફેસર ઑફ લેબરવેલ્ફેર
(૩) રીડર-ઈન-પોલિટિકસ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી બાબત નં. ૯૬ અને બાબત નં. ૧૬૩ની વિચારણા સાથે કરવામાં આવી.

૯૬. અમદાવાદ શહેર વિભાગની (૧) વિવેકાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, (૨) સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તથા (૩) સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યો તરફથી તેમની કૉલેજમાં એમ.કૉમ.ના શિક્ષણ માટે જૂન ૧૯૭૦થી અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે આવેલી અરજીઓની બાબતમાં સ્થાનિક તપાસસમિતિઓ નીમવા વિચારણા કરવા બાબત.

નોંધ.— મજકૂર કૉલેજોમાં અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી સ્થાનિક શિક્ષકગણ અંગેની પરિસ્થિતિ નીચે મુજબ છે :

ક્રમાંક	કૉલેજનું નામ	એમ.કૉમ.ના વિષયો	સ્થાનિક શિક્ષકગણ
૧.	વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	કૉસ્ટિંગ	૧. આચાર્ય એચ. પી. પંડ્યા, શિક્ષક ૨. શ્રી. વી. એસ. જોશી, મદદનીશ ૩. શ્રી. આઈ. એન. પટેલ, મદદનીશ

ક્રમાંક	કૉલેજનું નામ	એમ.કૉમ.ના વિષયો	સ્થાનિક શિક્ષકગણ
૨.	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧. કૉસ્ટિંગ ૨. સ્ટેટિસ્ટિકસ	૧. આચાર્ય ડી. એમ. શીખ, શિક્ષક ૨. શ્રી. બી. એમ. પટેલ, શિક્ષક ૩. શ્રી. આર. બી. શાહ, શિક્ષક ૪. શ્રી. આર. એમ. શાહ, મદદનીશ ૫. શ્રી. જે. ડી. પટેલ, મદદનીશ
૩.	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	કૉસ્ટિંગ	૧. આચાર્ય જે. સી ત્રિવેદી, શિક્ષક ૨. શ્રી. એસ. જે. દિવેટિયા, શિક્ષક ૩. શ્રી. જે. એલ. દેસાઈ, શિક્ષક ૪. શ્રી. વી. એસ દોશી, શિક્ષક ૫. શ્રી. આર. એન. શાહ, મદદનીશ ૬. શ્રી. પી. એન. વડવાલા, મદદનીશ
૪.	શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	એકાઉન્ટન્સી	(અ) ૧. શ્રી. સી. આર. લાખિયા માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે એકાઉન્ટિંગ વિષયમાં માન્યતા ધરાવે છે. ૨. શ્રી. પંચોલી તેમની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા એમ.એ.માંથી એમ.કૉમ. માટે કેન્દ્ર અપાય તે પહેલાં બદલાવી લેશે તેમ આચાર્યશ્રી જણાવે છે. (બ) અનુસ્નાતક કેન્દ્ર માટે અરજી તા. ૩૧-૧૨-૧૯૬૯ સુધી આવવી જોઈએ.

આ અરજી તા. ૨૭-૧-૧૯૭૦ના રોજ આવી છે, જે મોડી ગણાય.

નોંધ.—ઑર્ડિ. ૬૫--એસ અનુસાર કોઈ પણ એક ઝોનમાં કોઈ પણ વિષયનું ચોથું કેન્દ્ર અપવાદ-રૂપે જ આપવાની જોગવાઈ છે.

હાલ અમદાવાદ ઝોનમાં અમદાવાદની ત્રણ કૉલેજો (૧) એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, (૨) એચ. એ. કૉમર્સ કૉલેજ, અને (૩) નવગુજરાત કૉમર્સ કૉલેજમાં એમ.કૉમ.નાં અનુસ્નાતક કેન્દ્રો છે એટલે ચોથું કેન્દ્ર અપવાદ રૂપે આપવાનું વિચારાય તો વધુ એક જ કેન્દ્ર સ્થાપવા માટે અવકાશ છે.

ઉત્તર વિભાગ

૨. (અ) ઉત્તર વિભાગની (૧) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા, અને (૨) શ્રી. કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકામાં ગુજરાતી વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો જૂન ૧૯૭૦થી સ્થાપવા માટે તે કૉલેજના આચાર્યો તરફથી આવેલ અરજીઓ પર સ્થાનિક તપાસસમિતિ નીમવા વિચારણા કરવા બાબત.

નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય	સ્થાનિક શિક્ષકગણ
૧.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા	ગુજરાતી	૧. શ્રી. બી. પી. કોઠારી, શિક્ષક ૨. શ્રી. બી. ડી. ઠાકર—હાલ મદદનીશ શિક્ષક તરીકે માન્યતા ધરાવે છે. જૂન ૧૯૭૦થી શિક્ષક તરીકે માન્યતા મેળવવા લાયકાત પ્રાપ્ત કરશે.

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય	સ્થાનિક શિક્ષકગણ
	૨. શ્રી. કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	ગુજરાતી	૧. પ્રા. કે. ડી. પટેલ, શિક્ષક ૨. પ્રા. એસ. જી. વ્યાસ, મદદનીશ શિક્ષક તરીકે જૂન ૧૯૭૦થી માન્યતા મેળવવા પાત્ર થશે. ૩. પ્રા. કુ. સી. બી. મોદી માન્યતા મેળવવા પાત્ર થશે.

(બ) ઉત્તર વિભાગમાં લાલ એમ. એન. કૉલેજ, વીસનગરમાં ગુજરાતી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર છે. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણના આચાર્ય તરફથી તેમની કૉલેજમાં ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી અંગે સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—૧. સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) પ્રો. એન. જે. પટેલ—માન્ય અનુસ્નાતક શિક્ષક (ઑર્ગેનિક કેમિસ્ટ્રી)
(૨) શ્રી. એન. સી. સાલવી મદદનીશ શિક્ષક (ઈનઑર્ગેનિક કેમિસ્ટ્રી)
(૩) શ્રી. જી. જે. પટેલ—મદદનીશ શિક્ષક (ઈનઑર્ગેનિક કેમિસ્ટ્રી)
(૪) શ્રી. એ. આર. મજમુદાર—મદદનીશ શિક્ષક (ઑર્ગેનિક કેમિસ્ટ્રી).

૨. નૉર્થ ઝોનમાં લાલ યુ. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ(પિલવાઈ)માં ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર છે.

(ક) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણામાં એજ્યુકેશન વિષયમાં જૂન ૧૯૭૦થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—૧. સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) આચાર્ય એચ. જે. પંડિત -માન્ય અનુસ્નાતક શિક્ષક
(૨) શ્રી. આર. આર. દવે—મદદનીશ શિક્ષક
(૩) શ્રી. એમ. બી. કર્મિક—માન્ય અનુસ્નાતક શિક્ષક, જેઓ લાલ વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદમાં છે. તેઓ જૂન ૧૯૭૦થી તેમની કૉલેજમાં જોડાશે તેમ આચાર્યશ્રી જણાવે છે.

૨. ઉત્તર વિભાગમાં લાલ કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણમાં એજ્યુકેશન વિષયનું અનુસ્નાતક કેન્દ્ર છે.

ખેડા વિભાગ

૩. (અ) ખેડા વિભાગની સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડાના આચાર્ય તરફથી તેમની કૉલેજમાં એમ.એડ. એજ્યુકેશન વિષયમાં જૂન ૧૯૭૦થી કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગેના પ્રશ્ન પર વિચારણા કરવા બાબત.

નોંધ.—૧. સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) શ્રી. એન. પી. રાવળ—માન્ય અનુસ્નાતક શિક્ષક
(૨) શ્રી. વી. એ. પટેલ—માન્ય અનુસ્નાતક શિક્ષક—જૂન ૧૯૭૦થી જોડાશે.

૨. ખેડા વિભાગમાં લાલ ખંભાતમાં એજ્યુકેશન વિષયનું અનુસ્નાતક કેન્દ્ર ચાલે છે.

(બ) ખેડા વિભાગની આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૭૦થી એમ.એ. ગુજરાતી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગેના પ્રશ્ન પર વિચારણા કરવા બાબત.

નોંધ.— ૧. સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) શ્રી. આર. એમ. દેસાઈ—માન્ય અનુસ્નાતક શિક્ષક
(૨) શ્રી. એચ. એ. પટેલ—મદદનીશ શિક્ષક
(૩) શ્રી. એચ. એસ. પટેલ—મદદનીશ શિક્ષક તરીકે જૂન ૧૯૭૦થી માન્યતા મેળવવાને પાત્ર થશે.

૨. ખેડા વિભાગમાં હાલ નડિયાદ અને ખંભાત બે સ્થળે ગુજરાતી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર છે.

૩. અનુસ્નાતક કેન્દ્ર માટે અરજી ડિસેંબર માસમાં કરવી તેવા ઠરાવ સિન્ડિકેટે કર્યો છે. આ કૉલેજની અરજી જાન્યુઆરીની તા. ૧૫મીએ આવી છે, જે મોડી ગણાય.

પૂર્વ વિભાગ

૪. (અ) પૂર્વ વિભાગની (૧) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ, (૨) આર્ટ્સ કૉલેજ, સંખેડા, અને (૩) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજાણમાં ગુજરાતી વિષયમાં જૂન ૧૯૭૦થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલી અરજીઓ પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—ઉપરની કૉલેજમાં સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય	સ્થાનિક શિક્ષકગણ
૧.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	ગુજરાતી	૧. શ્રી. બી. આર. મિસ્ત્રી, અનુસ્નાતક શિક્ષક ૨. શ્રી. એચ. ટી. ઠક્કર, હાલ માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા ધરાવે છે. જૂન ૧૯૭૦થી તેઓ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા લાયકાત પ્રાપ્ત કરશે.
૨.	આર્ટ્સ કૉલેજ, સંખેડા	ગુજરાતી	૧. આચાર્યશ્રી વી. જી. ઉપાધ્યાય — માન્ય અનુસ્નાતક શિક્ષક ૨. શ્રી. જે. સી. પાઠક — જેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની અમરેલી કૉલેજમાં શિક્ષક તરીકે છે. જૂન ૧૯૭૦થી તેમની કૉલેજમાં જોડાશે. અગાઉ આપણી યુનિવર્સિટીમાંથી શિક્ષક તરીકે માન્યતા ધરાવતા હતા.
૩.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજાણ	ગુજરાતી	૧. શ્રી. એ. વાય. ત્રિપાઠી — માન્ય અનુસ્નાતક શિક્ષક ૨. શ્રી. આર. પી. દવે — માન્ય અનુસ્નાતક શિક્ષક. જૂન ૧૯૭૦થી તેમની કૉલેજમાં જોડાશે. હાલ કપડવંજ કૉલેજમાં છે.

નોંધ. —ઑર્ડિ. ૬૧-એસ અનુસાર કોઈ પણ ઝોનમાં કોઈ પણ વિષયનું ચોથું કેન્દ્ર અપવાદ રૂપે જ આપવાની જોગવાઈ છે.

હાલ ઈસ્ટ ઝોનમાં ત્રણ કૉલેજો (૧) મોડાસા, (૨) તલોદ, (૩) દાહોદમાં ગુજરાતી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર છે એટલે અપવાદરૂપે ચોથું કેન્દ્ર આપવાનું વિચારાય તો વધુ એક જ કેન્દ્ર સ્થાપવા માટે અવકાશ છે.

(બ) પૂર્વ વિભાગની આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસાના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૭૦થી ઇતિહાસ—અર્થશાસ્ત્ર, જૂથ "એ" અને "સી" વિષયનું અનુસ્નાતક કેંદ્ર સ્થાપવા અંગે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા વિચારણા કરવા બાબત.

નોંધ.—શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

કૉલેજનું નામ	વિષયો	સ્થાનિક શિક્ષકગણ
આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસા	ઇતિહાસ-અર્થશાસ્ત્ર જૂથ "એ" અને "સી"	૧. પ્રો. જે. જે. જોશી — માન્ય અનુસ્નાતક શિક્ષક, જૂથ "એ" અને "સી" ૨. પ્રો. એન. બી. જોશી — મદદનીશ શિક્ષક, જૂથ "સી" અને "ડી" ૩. શ્રી. એ. સી. સોની — મદદનીશ શિક્ષક તરીકે જૂન ૧૯૭૦થી માન્યતા મેળવવાની લાયકાત પ્રાપ્ત કરશે.

(ક) પૂર્વ વિભાગની શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં જૂન ૧૯૭૦થી ઇતિહાસ —અર્થશાસ્ત્ર જૂથ "એ" અને "સી" વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા વિચારણા કરવા બાબત.

નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

કૉલેજનું નામ	વિષય	સ્થાનિક શિક્ષકગણ
શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	ઇતિહાસ-અર્થશાસ્ત્ર જૂથ "એ" અને "સી"	૧. શ્રી. વી. એ. પટેલ, માન્ય અનુસ્નાતક શિક્ષક, જૂથ "સી" ૨. શ્રી. બી. એન. ગાંધી, મદદનીશ શિક્ષક, જૂથ "એ" અને "બી", જૂન ૧૯૭૦થી માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા પાત્ર થશે તેમ આચાર્યશ્રી જણાવે છે. ૩. શ્રી. એન. પી. વ્યાસ, મદદનીશ શિક્ષક, જૂથ "સી" અને "ડી".

નોંધ.—આ ઝોનમાં આ વિષયનું અન્ય કોઈ કેન્દ્ર નથી.

૧૬૩. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં એમ.કૉમ. કૉર્સિઝ માટે જૂન ૧૯૭૦થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

(૧) પ્રો. સી. એફ. પટેલ—માન્ય અનુસ્નાતક શિક્ષક

(૨) શ્રી. આર. એમ. પંચાલ, એમ.એ. અર્થશાસ્ત્ર વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા ધરાવે છે અને એમ.કૉમ.માં માન્યતા બદલી આપવા અરજી આવી છે જે પર ડીનનો અભિપ્રાય મગાવ્યો છે.]

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબતોની વિચારણા હાલ મોકૂફ રાખવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૧૧૧, ૧૩૨, ૧૬૨ અને ૧૬૪ની વિચારણા હાથ ધરવામાં આવી.

૧૧૧. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સ'ની તા. ૧૧-૧૨-૧૯૬૯ના રોજ મળેલ સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીનું રમતનું ધોરણ જે રીતે સુધરી રહ્યું છે અને ધોરણ વધુ સુધારવા માટે જાદી જુદી રમતો માટેના કોચીઝ--રાહબરોની નિમણૂકને આવશ્યક ગણી તેમની નિમણૂક માટેના ખર્ચ પેટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને યુનિવર્સિટીઓને ૭૫ ટકા આર્થિક સહાય આપવાનું નક્કી કર્યું છે તે જોતાં તથા રજાઓ દરમિયાન એન.એસ.ઓ.ની આર્થિક સહાયથી આવતા ઉનાળાની રજાઓમાં રમતોના શિબિરો યોજવાના છે તે જોતાં હાલના જે બે કોચીઝ છે તેમની સેવાઓ કાયમ મળે તેમ કરવાનું અને બીજી રમતો માટેના કોચીઝની વધુ જગ્યા ઊભી કરવાની આ બોર્ડ સિન્ડિકેટને આગ્રહભરી ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી. તે દરમ્યાન હાલ હંગામી ધોરણે નિમાયેલા બે કોચીઝની સેવાઓની મુદત વધુ એક માસ માટે એટલે કે તા. ૩૧--૩--૧૯૭૦ સુધી લંબાવવી.

૧૩૨. જે વિદ્યાર્થીઓએ ઈન્ટર ફાર્મસી કે ડિપ્લોમા ઈન ફાર્મસીની પરીક્ષામાં (૧) ડિસ્પેન્સિંગ ફાર્મસી, અને (૨) ફોરેન્સિક ફાર્મસીના વિષયોની પરીક્ષા પાસ કરેલી હોય તેમને જૂન ૧૯૭૦ની થર્ડ બી.ફાર્મ.ની પરીક્ષામાં તે વિષયોમાં મુકિત આપવાની તથા તે માટે નીચેનો ટ્રાન્ઝિટરી ઑર્ડિ. ૧૪--એ તાત્કાલિક (માર્ચ--એપ્રિલ ૧૯૭૦ની પરીક્ષાથી અમલમાં આવે તે રીતે) મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭, ૮ અને ૨૩--૧--૧૯૭૦ના રોજ મળેલ સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

Transitory O. 14-A :

" Notwithstanding anything contained elsewhere it is hereby provided that the candidates who have passed in the subjects of (1) Dispensing Pharmacy, and (2) Forensic Pharmacy in their Examination of Inter Pharmacy or Diploma in Pharmacy of this University be exempted from appearing in those subjects at the Third B.Pharm. Examination to be held in March–April, 1970."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ ઉપરનો ટ્રાન્ઝટરી ઑર્ડિ. ૧૪-ઓ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક (એટલે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૦ની પરીક્ષાને લાગુ પડે તે રીતે) અમલમાં મૂકવો.

૧૬૨. સિન્ડિકેટની તા. ૧-૧૧-૧૯૬૯ની સભાના ઠરાવ અનુસાર ડિપ્લોમા ઇન સાયકોલોજિકલ મેડિસિન(ડી.પી.એમ.)નો અભ્યાસક્રમ જૂન ૧૯૭૦ના બદલે ફેબ્રુઆરી ૧૯૭૦થી દાખલ કરવા અંગે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં એ વિષય માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગેની અરજી પરથી સિન્ડિકેટે તેની તા. ૭-૧૨-૧૯૬૯ની સભામાં નીમેલ તપાસસમિતિના અહેવાલને અનુલક્ષીને સદરહુ કેન્દ્ર સ્થાપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**- નબીબી કૉલેજોમાં અનુસ્નાતક અભ્યાસક્રમ માટેનું સત્ર ફેબ્રુઆરીમાં શરૂ થતું હોઈ, સદરહુ બાબત અંગે કૉલેજના આચાર્યશ્રીની વિનંતીથી બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની બહાલીની અપેક્ષાએ સદરહુ કેન્દ્ર સ્થાપવા માટેની ભલામણ કુલપતિશ્રીના આદેશથી આ સભાગૃહ સમક્ષ મૂકવામાં આવેલી છે.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચમાં ડિપ્લોમા-ઇન-સાયકોલોજિકલ મેડિસિન(ડી.પી.એમ.)ના અભ્યાસક્રમ માટે અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ ડિપ્લોમા અભ્યાસક્રમ જૂન ૧૯૭૦થી શરૂ કરવાનું સિન્ડિકેટે તેની તા. ૧-૧૧-૧૯૬૯ની સભામાં ઠરાવ્યું હતું તેને બદલે તે અંગેના સંબંધકર્તા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોને તાત્કાલિક અમલમાં મૂકવા.

૧૬૪. મેસર્સ કે. રૉય પ્રા. લિ. સામેના કેસમાં યુનિવર્સિટી તરફથી ગ્રંથપાલ શ્રી. પી. એફ. પટેલને જરૂરી મુખ્તયારનામું આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતમાં જરૂરી કાનૂની કાર્યવાહી કરવા માટે યુનિવર્સિટીના ગ્રંથપાલ શ્રી. પી. એફ. પટેલને મુખ્તયારનામું (Power of Attorney) આ સાથે જોડેલા મુસદ્દા પ્રમાણે આપવું અને યુનિવર્સિટી વતી એ મુખ્તયારનામા (Power of Attorney) પર સહી કરવા માટે કુલસચિવશ્રીને સત્તા આપવી.

(મુખ્તયારનામાના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.

તે પછી શનિવાર, તા. ૧૪-૨-૧૯૭૦ના રોજ સભાગૃહનું કામકાજ બંધ કરવામાં આવ્યું અને રવિવાર, તા. ૧૫-૨-૧૯૭૦ના રોજ સવારે ૯-૦૦ વાગ્યે સભાગૃહ ફરી મળતાં બાકી પરનાં બાકીનાં કામકાજ વિચારણા માટે હાથ ધરવામાં આવ્યાં.

૯૭. શ્રી. એસ. એમ. આપ્ટેએ "પ્રોડક્ટિવિટી કોરિલેટ્સ" વિષય અંગે પીએચ.ડી. પદવી માટે રજૂ કરેલ મહાનિબંધ તપાસવા રેફરીઓની નિમણૂક આ અગાઉ કરેલી, તે પૈકી બહારના રેફરીઓએ રેફરી તરીકે કામ કરવા અશક્તિ દર્શાવતાં તેમની જગાએ મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર નીચે જણાવેલા

રેફ્રીની નિમણૂક કરવામાં એકેડેમિક કાઉન્સિલની તા. ૭--૧--૧૯૭૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

External Referee : Dr. George E, Passey, Chairman,
Dept. of Social Sciences,
University of Alabama,
720, South, 20th Street,
Burmingham, Alabama (U.S.A.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ અંગે બહારના રેફ્રીની ખાલી પડેલી જગ્યા પર ડૉ. જ્યોર્જ ઈ. પેસીની નિમણૂક કરવી.

૯૮. સંબંધકર્તા અભ્યાસસમિતિની ભલામણ અનુસાર પીએચ.ડી. પદવી માટે નીચે જણાવેલ વિદ્યાર્થીઓના મહાનિબંધો અંગે રેફ્રીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮--૧--૧૯૭૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) હિન્દીની અભ્યાસસમિતિની ભલામણ નીચે મુજબ છે :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફ્રી	સૂચિત રેફ્રીઓ
૧.	શ્રી. એ. એસ. શર્મા	હિન્દી : "રામસ્નેહી સંત સ્વામી રામચરણ જીવન સંપ્રદાય એવમ્ કૃતિત્વ"	ડૉ. જી. ડી. શર્મા	૧. ડૉ. વિજયેન્દ્ર સ્નાતક, એમ.એ.,પીએચ.ડી., રીડર, હિંદી વિભાગ, દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી. ૨. ડૉ. સી. પી. સિંઘ (ફોર વાઈવા), એમ.એ.,પીએચ.ડી., ડી.લિટ., પ્રોફેસર તથા અધ્યક્ષ, મગધ યુનિવર્સિટી, ગયા (બિહાર). ૩. ડૉ. ભોલાશંકર વ્યાસ, એમ.એ., પીએચ.ડી., ડી.લિટ., રીડર, બનારસ હિંદુ યુનિવર્સિટી, વારાસણી (ઉ. પ્રદેશ). ૪. ડૉ. રામસિંગજી તોમર, એમ.એ., પીએચ.ડી., ડી.લિટ., પ્રાધ્યાપક તથા અધ્યક્ષ, હિંદી વિભાગ, વિશ્વભારતી, શાન્તિ નિકેતન, કલકત્તા (બંગાળ).
૨.	શ્રી. એમ. બી. શર્મા	"હિંદી ઉપન્યાસ સાહિત્ય મેં ડૉ. પી. સી. શર્મા અન્વરદ્યન્દ"		૧. ડૉ. દેવેન્દ્રનાથ શર્મા, એમ.એ., પીએચ.ડી., ડી.લિટ., પ્રોફેસર તથા અધ્યક્ષ, હિંદી વિભાગ, પટણા વિશ્વવિદ્યાલય, પટણા (બિહાર).

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	સૂચિત રેફરીઓ
				૨. ડૉ. સરનામસિંહ શર્મા (ફૉર વાઈવા), એમ.એ., પીએચ.ડી., ડી.લિટ., પ્રોફેસર તથા અધ્યક્ષ, હિંદી વિભાગ, રાજસ્થાન યુનિવર્સિટી, જયપુર (રાજસ્થાન).
				૩. ડૉ. દેવરાજ ઉપાધ્યાય, એમ.એ., પીએચ.ડી., રીડર, હિંદી વિભાગ, ઉદેપુર યુનિવર્સિટી, ઉદેપુર (રાજસ્થાન).
				૪. ડૉ. આનંદપ્રસાદ દીક્ષિત, એમ.એ., પીએચ.ડી., પ્રાધ્યાપક તથા અધ્યક્ષ, હિંદી વિભાગ, પૂના યુનિવર્સિટી, પૂના (મહારાષ્ટ્ર).

(૨) મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ નીચે મુજબ છે:

Name of Student	*Subject*	*Internal Refer* ફ	*Referees*
Smt. S. Y. Mehta	Psychology : "Preparing a scale for measuring marital adjustment of women"	Dr. C. T. Bhopatkar	1. Prof. George, F. J. Lehner, Department of Psychology, University of California, At Los Angelis, California. (U.S.A.). 2. Dr. Eila S. Kube, Research Consultant, Occidental College, Los Angelis, California (U.S.A.) *For viva only* Dr. P. H. Prabhu, Associate Prof. of Psychology, Department of Psychology, State University College, Oswago (U.S.A.).

Name of Student	*Subject*	*Internal Referee*	*External Referees*
			(*N.B.*— Smt. Mehta has asked for arranging her viva-voce in U.S.A. hence this recommendation Dr. Prabhu was also her guide initially). Dr. T. Krishnan, Prof. & Head of the Department of Psychology, Gangotry, Mysore University, Mysore.

(૩) ગણિતની અભ્યાસસમિતિની ભલામણ નીચે મુજબ છે :

Smt. Y. I. Sheth	"Gravitational contraction of massive spheres in general relativity"	Prof. P. C. Vaidya	1. W. B. Bonnor, Queen Elizabeth College, London. 2. Dr. J. V. Narlikar, Institute of Theoretical Astronomy, Cambridge, England. *For viva* 1. Dr. S. I. Husain, Regional Engineering College, Nasim Bagh, Shreenagar (Kashmir). 2. Dr. Ram Bihari, Faculty of Mathematics, Delhi University, Delhi.

(૪) ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ નીચે મુજબ છે :

Shri K. G. Jani	"Studies on Ionosphere and Radio-Propagation"	Dr. K. M. Kotadia, Physics Dept., Uni. School of Sciences, Ahmedabad	1. Dr. J. W. King, Radio and Space Research Station, Ditton Park, Slough, Bucks, England (U.K.).

Name of Student	*Sudject*	*Internal Referee*	*Referees*
			2. Prof. Dr. K. Rawer, Arbeitsgruppl fur physikahsches Weltraumforschung, 78, Freiburg'/ Br, Kronenstrasx–13 (West Germany).
			3. Dr. J. Taubenheim, Henrich Hertz Institute (Ionosphere Division), German Academy of Science, 1199 *Berlin-Adlershof.* 1 *DDR.* Rudower Chaussee–5 (German Democratic Republic).
			Indian Referee (*viva*)
			1. Prof. B. Ramchandra Rao, Head of the Department of Physics, Andhra University, Waltair (Andhra State.

(૫) ગુજરાતીની અભ્યાસસમિતિની ભલામણ નીચે મુજબ છે :

વિદ્યાર્થીનું નામ	**વિષય**	**ઇન્ટર્નલ રેફરી**	**રેફરીનાં નામ**
શ્રી. આઈ. એમ. ભટ્ટ	"ગુજરાતી કલેવત—એક સ્વાધ્યાય"	ડૉ. બી. જે. ઝવેરી	૧. ડૉ. ટી. એન. દવે, ભવભૂતિ, નહેરુનગર સામે, સુરેન્દ્ર રોડ, સી. એન. પાઠળ, અમદાવાદ. ૨. ડૉ. ભાગીલાલ જ. સાંડેસરા, વડોદરા. ૩. ડૉ. કે. બી. વ્યાસ, મુંબઈ.

નોંધ.— ડૉ. ટી. એન. દવે મૌખિક પરીક્ષા માટે પણ રહેશે.

(૬) રસાયણવિજ્ઞાનના અભ્યાસસમિતિની ભલામણ નીચે મુજબ છે :

Name of Student	*Subject*	*Internal Referee*	*Referees*
(1) Shri M. J. Dave	"Optional Transmission and Biferringence of Certain Colloids in a Magnetic Field."	Dr. V. M. Thakore	1. Dr. T. K. Ress, Head of the Corrosion Research Laboratory, Mancherster College of Science and Technology, Manchester–1, P. O. Box No. 88 (U.K.).

Name of the Student	*Subject*	*Interanl Referee*	*Referees*
			2. Dr. (Miss) Dora Brasher, National Physical Laboratory, Teddington (U.K.). 3. Dr. J. B. Cotton, Research Department, Imperial Metal Industries (Kynoch) Ltd., P. O. Box No. 216, Kynoch Works Wilton, Birmingham–6 (U.K.). *For viva-voce* 1. Dr. B. Synyal, Defence Research Laboratory, P.O. Box No. 320, Kanpur. 2. Dr. K. S. Rajagopalan, Central Electro-Chemical Research Institute, Karai Kudi–3 (South India). 3. Dr. T. L. Ramachar, Indian Institute of Science, Chemistry Department, Bangalore.
(2) Shri J. R. Sanghavi	"Studies on recoveries of Sodium Sulphate and Potassium Sulphate in aqueous organic systems and Potash alum and Potassium Chloride in aqueous systems from sea bittern."	Dr. K. Sheshadri	*Referees* 1. Dr. Brad Gunn, Head of the Department of Chemistry, Saskatchewan Research Council, Saskateen (Saskatchewan), Canada. 2. Dr. Les Pratt, Lecturer in Inorganic Chemistry, Royal College of Science, Imperial College, London. *For viva-voce* 1. Dr. J. Gupta, Scientist, National Council Laboratory, Poona–8. 2. Dr. Mataprasad, Mathura Nivas, 4281, Pipal Mandi, Agra (U.P.). 3. Dr. R. P. Daroga, Tata Chemicals Ltd. Mithapur.

Name of the Student	*Subject*	*Internal Referee*	*Referees*
(3) Shri M. M. Shaikh	"Studies in surface and ground waters in Gujarat (Geo.-Chemical and related aspects)"	Dr. R. K. Shah	1. Professor Roy E. Williams, Assistan Professor of Hydrogeology, College of Mines, University of Idaho, Moscow, Idaho, 83843 (U.S.A.). 2. Dr. D. C. Hahl, United States Geological Survey, Salt Lake City, Utah (U.S.A.). 3. Dr. Gerald M. Friend-man, Hudson Laboratory, Columbia University Dobbs Ferry, New York (U.S.A.). 4. Professor V. H. Scott, Department of Irrigation, University of California (U.S.A.). *For viva-voce* 1. Dr. B. V. Mehta, Head of the Chemistry Depart-ment, B.A. Institute of Agriculture, Anand. 2. Dr. G V. Bakore, Professor of Chemistry M. B. College, University of Udaipur, Udaipur, Rajasthan. 3. Dr. D. K. Patel, Sugar Cane Co-operative Factory, Bardoli, Dist. Surat.
(4) Shri B. N. Oza	"Studies in Mineral and Soil Clays (Physics, Chemical and Minerological aspects)"	Dr. R. K. Shah	1. Dr. Breland Herman L., Florida Agricultural Expe-riment Station, Gaines-villa, Florida (U.S.A.).

Name of the Student	*Subject*	*Internal Referee*	*Referees*
			2. Dr. B. L. Mc Neal, Soil Chemist, U. S. Salinity Laboratory, Riverside, California (U.S.A.).
			3. Dr. Milton Fireman, 831-14th Street, Denver Colorado, 80202 (U.S.A.).
			4. Professor P. M. Huang, Department of Soil and Water Sciences, University of Wisconsin (U.S.A.).
			5. Prof. Uchiyama Nobuo, Tohoku University, Sendai (Japan).
			For viva-voce
			1. Dr. S. Aditya, Reader in Chemistry, Department of Applied Chemistry, University College of Science and Technology, 92, Acharya Prafullachandra Road, Calcutta-9.
			2. Dr. H. G. Pandya, Principal, College of Agriculture, South Gujarat University, Navsari.
			3. Dr. J. S. Dave, Professor of Chemistry, College of Engineering and Technology, M. S. University of Baroda, Baroda.
(5) Shri N. N. Mistry	"Studies on optical activity and optically active compounds"	Dr. K. A. Thaker	1. Dr. C. L. Arcus, Department of Chemistry, Guilford Survey, England (U.K.).

Name of the Student	*Subject*	*Internal Referee*	*Referees*
			2. Prof. A. G. Davies, Department of Chemistry, University School of Sciences, Gower Street, London, W. C. 1 (U.K.).
			For viva-voce
			1. Prof. K. C. Joshi, Department of Chemistry, Jaipur University, Jaipur.
			2. Prof. Saxena J. P., Department of Chemistry, University of Udaipur, Udaipur.
			3. C. V. Jadhav, Bombay.
(6) Shri A. P. Desai	"Studies on Optical Activity and Mechanism of reaction"	Dr. K. A. Thaker	1. Prof. Alwyn G. Davies, Dept. of Chemistry, University School of Sciences, Gower Street, London, W. C. 1 (U.K.).
			2. Dr. C. L. Arcus, Dept. of Chemistry, University of Survey, Guilford Survey, England (U.K.).
			For viva-voce
			1. Prof. R. L. Mittal, Dept. of Chemistry, Jaipur University, Jaipur.
			2. Prof. Saxena J. P., Dept. of Chemistry, Udaipur University, Udaipur.
			3. Prof. G. V. Jadhav, Bombay.

Name of the Student	*Subject*	*Internal Referee*	*Referees*
(7) S. F. Miyagiwala	"Synthesis of compounds of medicine value, Local Anaesthetics and Anticonvulsants"	Dr. J. J. Trivedi	1. Dr. Arthur Burger, Bacher Laboratories, Morton Grove, Illinois, 800353 (U.S.A.). 2. Prof. F. Ford Millikan, University of Georgia, School of Pharmacy, Alhens Gerogia 30601 (U.S.A.). 3. Dr. Maxwell Gordan. Smill Alive and French Laboratories, Philadelphia PA 19101 (U.S.A.). *For viva-voce* 1. Dr. J. R. Merchant, B/14/6, Govt. Officers Quarters, Haji Ali Park, Bombay-34. 2. Dr. Suresh Sethna, University Department of Chemistry, M. S. University of Baroda, Baroda.

(૭) પ્રાણીવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ નીચે મુજબ છે :

Shri A. B. Vyas	"Studies in Myology"	Dr. M. S. Duble, Department of Zoology, University School of Sciences, Ahmedabad-9.	1. Dr. Herbert Stahnke, Director, Poisions Animals Research Laboratory, Arizona State University Tempe, Arizone, 85281 (U.S.A.). 2. Dr. John B. Burch, Museum of Zoology, University of Michigan, Ann Arobor, Michigan 48103 (U.S.A.).

Name of the Student	*Subject*	*Internal Referee*	*External Referees*
			For viva-voce
			1. Dr. Nagbhushanan R., D.Sc.,Ph.D.,FL.Z.S.I., Sigma XI, Marathawad University, Aurangabad (Dn.).
			2. Swarup H., M.Sc., Ph.D. (Oxon), Professor &Head S chool of Studies in Zoology, Vikram University, Ujjain (M.P.).

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધો તપાસવા માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૯૯. **ઑર્ડિ. ૬૫--ડબલ્યુ હેઠળ માન્ય થયેલ ભાભા ઍટોમિક રિસર્ચ સેન્ટર, મુંબઈમાં નીચે જણાવેલ વિદ્યાર્થીઓને જે તે માન્ય શિક્ષકની હેઠળ પીએચ.ડી. પદવી માટે ઑર્ડિ. ૬૫--એક્સ હેઠળ નોંધવા પરવાનગી આપવા વિચારણા કરવા બાબત :**

ક્રમાંક	**વિદ્યાર્થીનું નામ**	**વિષય**	**માન્ય શિક્ષકનું નામ**
૧.	શ્રી. એસ. ડી. મિશ્રા	બોટાની	ડૉ. બી. કે. ગોર
૨.	શ્રી. એમ. કે. ભાંડારકર	બોટાની	ડૉ. બી. કે. ગોર
૩.	શ્રી. એલ. એચ. પેશોરી	ફિઝિક્સ	ડૉ. એ. કે. ગાંગુલી
૪.	શ્રી. એન. ડી. પટેલ	કેમિસ્ટ્રી	ડૉ. એન. એ. નરસિંહમ્

(**નોંધ.**—ઑર્ડિનન્સ ૬૫—એક્સ હેઠળ જે વિદ્યાર્થીઓ આ યુનિવર્સિટી સિવાયના અન્ય યુનિવર્સિટીના હોય તેમને પીએચ.ડી. માટે નોંધવા માટે સિન્ડિકેટની ખાસ પરવાનગીની જરૂર રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓને ઑર્ડિ. ૬૫-એક્સ હેઠળ પીએચ.ડી. પદવી માટેના સંશોધન વિદ્યાર્થીઓ તરીકે ખાસ કેસ તરીકે પરવાનગી આપવી.

૧૦૦. ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત "સી. બી. પટેલ આર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ, નડિયાદ"નું નામ બદલી "સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ" રાખવા પરવાનગી આપવાની સદરહુ સોસાયટીના મંત્રીશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજ યુનિવર્સિટી સાથે જોડાયેલી છે ને હેતું પૂરતું નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત સી. બી. પટેલ આર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ નડિયાદનું નામ બદલીને સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ એ નામ રાખવા માટે મંજૂરી આપવી અને તે અંગે સરકારી જાહેરનામામાં જરૂરી સુધારો કરવા માટે રાજ્ય સરકારને જણાવવું.

૧૦૧. શ્રી. એસ. સી. રંગાટિયાના "જૈન રાસસાહિત્ય પંદરમી શતી તક" એ શીર્ષક નીચેના હિન્દી વિષય પરના પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ પર આવેલા રેફરીઓના અહેવાલો તથા મૌખિક પરીક્ષાના રેફરીઓના અહેવાલો પરત્વે વિચારણા કરી મજકૂર વિદ્યાર્થીને પીએચ.ડી. પદવી માટે યોગ્ય ગણવો કે કેમ તે અંગે નિર્ણય લેવા બાબત.

નોંધ.— શ્રી. એસ. સી. રંગાટિયાનો મહાનિબંધ તપાસવા નિમાયેલ રેફરીઓની ભલામણ નીચે મુજબ છે:

૧. ડૉ. માતાપ્રસાદ—ભારતના એક્સ્ટર્નલ રેફરી મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરતા નથી.

૨. ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદી—ભારતના એક્સ્ટર્નલ રેફરી મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરે છે.

૩. ડૉ. જી. ડી. શર્મા—માર્ગદર્શક શિક્ષક મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરે છે.

૪. ઉપરોકત ત્રણ રેફરીઓ વચ્ચે મતભેદ પડતાં સિન્ડિકેટે નીમેલા ચોથા રેફરી શ્રી. પુણ્યવિજયજી મહારાજ મહાનિબંધ સ્વીકારવા ભલામણ કરે છે.

સદરહુ મહાનિબંધ અંગે તમામ રેફરીઓના હેવાલો પર વિચારણા કરવામાં આવી અને તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એસ. સી. રંગાટિયાનો સદરહુ મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે સ્વીકારવો.

૧૦૨. સંલગ્ન કૉલેજોમાં ગ્રંથપાલની સેવાઓ બાબતમાં નીચેના મુદ્દાઓ પરત્વે સ્પષ્ટતા કરવા બાબત:

(૧) સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલ માટે પગારધોરણ નિયત થયું છે, પણ મોંઘવારી ભથ્થાના દર અને ઘરભાડા ભથ્થા અંગે કોઈ નિર્ણય થયો નથી.

(૨) જે ગ્રંથપાલો લાયકાત ધરાવતા ન હોય, પરંતુ યુનિવર્સિટી ગ્રંથાલયના તાલીમવર્ગની તાલીમ નિયત સમયમાં મેળવે તો તેવા ગ્રંથપાલોને કયું પગારધોરણ આપવું તે.

[નોંધ.— સિન્ડિકેટની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભામાં નીચે પ્રમાણે પગારધોરણ નિયત થયાં છે:

(૧) જરૂરી લાયકાત ધરાવતા ગ્રંથપાલને રૂ. ૧૫૦-૧૦-૨૫૦ ઈ.બી. ૧૦-૩૦૦

(૨) તે સિવાયના ગ્રંથપાલને રૂ. ૧૨૦-૧૦-૨૫૦.]

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલોને પણ યુનિવર્સિટીએ સંલગ્ન કૉલેજોના શિક્ષકોને માટે મોંઘવારીભથ્થા અને ઘરભાડાભથ્થાના જે દરો નિયત કર્યા છે તે દરો લાગુ પડે છે એમ સ્પષ્ટતા કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના જે ગ્રંથપાલો યુનિવર્સિટીએ નિયત કરેલી લાયકાત ધરાવતા નથી પરંતુ સિન્ડિકેટની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભામાં બાબત નં. ૪થી થયેલા ઠરાવ અન્વયે જરૂરી તાલીમ સફળતાપૂર્વક પામ્યા હોય તેમને માટે રૂ. ૧૨૦-૧૦-૨૫૦નું પગારધોરણ નિયત કરવું.

૧૦૩. માર્ચ--એપ્રિલ ૧૯૭૦માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે જુદાં જુદાં કેન્દ્રો પર મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો કરવા માટે આચાર્યો પાસેથી મંગાવેલી ભલામણોની યાદી મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ--એપ્રિલ ૧૯૭૦માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે મુખ્ય નિરીક્ષકોની યાદી મંજૂર કરવી તથા તે યાદીમાંથી જરૂર મુજબ નિરીક્ષકોની નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૫. સિન્ડિકેટની તારીખ ૬-૭-૧૯૬૯ની સભાના ઠરાવ અન્વયે કૉમ્યુનિટી સાયન્સ સેન્ટર, અમદાવાદ ઉપર વિજ્ઞાન વિદ્યાભવનના રીડરની કક્ષાના ઓછામાં ઓછા એક શિક્ષકને એક કે બે સત્ર માટે મોકલવા અંગેની તારીખ ૧૧-૭-૧૯૬૯ની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(સદરહુ વિનંતી ગુજરાત રાજ્યના યુનિવર્સિટીઓના કુલપતિઓની તારીખ ૨૭-૧૦-૧૯૬૮ની સભામાં થયેલ સૂચનના સંદર્ભમાં છે. ભવનના અધ્યક્ષશ્રી આવી રીતે શિક્ષકોને મોકલવા અંગે ખુશી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૬. શ્રી. બી. ડી. શાહ કૉલેજ ઑફ એજ્યુકેશન, મોડાસાની ૨૫ વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી આપવા માટેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**- (૧) ચાલુ વર્ષે ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપેલી છે.
(૨) જરૂરી શિક્ષકો નીમવાની બાંયધરી કૉલેજ આપે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને જૂન ૧૯૭૦થી ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચેની બાબતો શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિની વિચારણા માટે મોકલવામાં આવે :

(અ) બી.એડ.ના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેનાં ધારાધોરણોમાં લાલ શિક્ષણ કામના કશા પણ અનુભવ વિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની જોગવાઈ છે ને જોગવાઈની બાબતમાં ફેરવિચારણા કરવી.

(બ) શિક્ષણશાસ્ત્રની સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંગેના ચોક્કસ ધોરણ માટે કાંઈક વિચારવું.

૧૦૬. સિન્ડિકેટે તેની તા. ૧/૨-૩-૧૯૬૯ ની સભામાં સ્વીકારવામાં આવેલા "સ્વ. પંડિત સાતવળેકર પારિતોષિક" અંગેના પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પારિતોષિક અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૦૭. સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાના નિયમો અંગે નીચેની બાબતો પર વિચારણા કરવા બાબત :

(૧) સ્થાયી કાનૂનવિષયક સમિતિની તારીખ ૧૯-૬-૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોની નોકરી અંગેના નિયમોમાં નિયમ ૧૦ કે જેનો અમલ તા. ૭-૩-૧૯૬૯ થી કરવા સિન્ડિકેટે ઠરાવ્યું છે ને નિયમ પર પુનર્વિચારણા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

(૨) સત્રનો આરંભ થવાની તૈયારીમાં હોય તેવે સમયે સંલગ્ન કૉલેજોની સેવા અંગેના નિયમ ૯ પર વિચારણા કરવા બાબત.

9. No member of the staff shall leave the employment of the college in the midst of any term and without giving to the authorities

three months notice, if he is confirmed or one month's notice, if he is temporary or on probation, provided that such notice shall end with the end of a vacation. In case however, a member does not give the required notice the college authorities shall be entitled to claim from him an amount not exceeding the salary and such allowances as may be payable to him for the peirod of notice.

(૩) કયા નિયમો ખંડ સમયના શિક્ષકોને લાગુ પડે તે અંગે સ્પષ્ટતા કરવા બાબત.

(૪) છૂટા કરાયેલ શિક્ષકો અન્યત્ર નોકરી મેળવી શકયા હોય તો તેના સંદર્ભમાં છ માસનું વળતર આપવાનો જે નિયમ છે તેની પુનર્વિચારણા કરવા અંગેના ભકત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, અમદાવાદના આચાર્યશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

(૫) શિક્ષકોની માંદગીની રજા એકીસાથે કેટલી જમા કરાવી શકાય તથા એકીસાથે માંદગીની રજા કેટલી ભોગવી શકાય તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ઉપરની પેટાબાબત (૧) અંગે સ્થાયી કાનૂનવિષયક સમિતિના અભિપ્રાયની રાહ જોવી.

(૨) ઉપરની પેટાબાબતો નં. (૨), (૩), (૪) તથા (૫) અંગે વિચારણા કરીને તથા શિક્ષકોની સેવાઓ અંગેના હાલના નિયમોમાં જરૂરી સુધારાવધારા કરવાનું યોગ્ય જણાય તો તે પર વિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ રચવી :

(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૨) આચાર્ય એમ. સી. શાહ
(૩) આચાર્ય વી. આર. રણદીવે
(૪) પ્રો. મણિશંકર પી. પંડયા
(૫) આચાર્ય કે. એન. શાહ

૧૦૮. સિન્ડિકેટની તા. ૩૦-૧૧-૧૯૬૮ની સભામાં મંજૂર થયેલા પ્રોવિડંટ ફંડના નિયમો તા. ૧૫-૬-૧૯૬૯થી કેટલીક કોલેજોએ હજુ અમલમાં મૂકયા ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીએ તેની સંલગ્ન કોલેજો માટે ઘડેલા પ્રોવિડન્ટ ફંડ માટેના નિયમોનું યથાર્થ પરિપાલન કરવું આવશ્યક છે એમ સદરહુ કોલેજોને જણાવવું.

૧૦૯. કોલેજોમાં અને યુનિવર્સિટીઓમાં શારીરિક શિક્ષણના ડિરેકટર તરીકે કામ કરનાર માટે ભારત સરકારના શિક્ષણ અને યુવક સેવા મંત્રાલય તરફથી શૈક્ષણિક લાયકાત અને તેને આનુષંગિક પગારધોરણો માટે સૂચનો કરતા તારીખ ૨૮-૧૧-૧૯૬૯ના આવેલ પત્રાંક એફ-૧૦-૧૪-૧૬૭-વાય : એસ-જજ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૦. નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે તા. ૪/૫-૧-૧૯૬૯ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ નીમેલ સમિતિની તા. ૧૯-૧-૧૯૭૦ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯–૧–૧૯૭૦ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૯–૧–૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૧૧. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૯૬ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૧૨. શ્રી. એ. એમ. કોલાનાં પ્રથમ એલએલ.બી. તેમ જ બીજી એલએલ.બી.નાં સત્રો તથા પરિણામો તા. ૩૦, ૩૧ મે ૧૯૬૯ના સિન્ડિકેટના ઠરાવથી રદ કર્યાં હોઈ, તેમને ૩જી ઑક્ટોબર ૧૯૬૩ના પદવીદાન સમારંભમાં અર્પણ થયેલ એલએલ.બી.ની પદવી પાછી ખેંચવા બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૧૩. સિન્ડિકેટે તેની તા. ૭-૧-૧૯૭૦ની સભામાં ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લેવાની મુદત તા. ૧-૨-૧૯૭૦ સુધી લંબાવી હતી, પરંતુ હજુ સુધી લગભગ ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ચાલુ સાલે ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવ્યાં નહીં હોવાથી તે મુદત વધુ લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે જે વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) હજી સુધી કઢાવ્યું ન હોય તેમને તે ત્વરિત કઢાવી લેવા માટે જણાવવું અને તે વિદ્યાર્થીઓને કામચલાઉ ધોરણે તેમના હિસાબે અને જોખમે પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવી પરંતુ તેઓ જરૂરી પ્રમાણપત્ર રજૂ કરે નહીં તો તેમનું પરિણામ અનામત રાખવું.

૧૧૪. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોનની સ્થાયી સમિતિની તા. ૩ એપ્રિલ ૧૯૬૯ની સભાની નીચેની બાબતો પરની ભલામણ પર વિચારણા કરવા બાબત :

2. "To consider the question of recognition of the B.Sc. (Hons.) in Economics of the University of London as equivalent to the M.A. in Economics of an Indian University."

Resolved to leave the matter to the Universities to decide.

12. "To consider letter of F. 27–6/65–U-5, dated 15th January 1969 from the Joint Educational Adviser to the Govt. of India, Ministry of Education, addressed to the Chairman, Inter-University Board with regard to recognition of the Post-graduate Diploma in (1) Agricultural Economics and Co-operation, and (2) Rural Sociology and Community Development awarded by the National Council for Rural Higher Education as equivalent to a Master's Degree of an Indian University for purposes of further study in a University."

The Committee noted the observations made by the expert committee and the previous decision taken, in view of the likelihood of these Institutions being

recognised by the respective State Universities in whose territorial Jurisdiction they are situated, it is recommended that as an interim measure ad-hoc equivalence of these diplomas to the M.A. degree for purposes of further study may be granted.

18. "To consider the request received from the Indian Institute of Management, Calcutta, with regard to the recognition of post-graduate diploma in management conducted by the Institute as equal to a Master's degree in Business Administration of an Indian University."

Resolved to recognise the Post-graduate Diploma Courses in Management/ Business Administration conducted by the Indian Institutes of Management, Calcutta and Ahmedabad, as equivalent to a Master's degree in Business Management/Administration of an Indian University.

23. "To consider the following recommedation made by the Committee on Communal Aspects adopted by the National Integration Council in its meeting held on 21 June 1968 (Forwarded by the Indian School of International Studies, New Delhi for comment.)

The Committee has not gone into the educational aspects of national integration which are of paramount importance and the effective use of mass media of communication to promote communal harmony, as another Committee is going into these matters. The Committee would, however, draw attention to one important matter in the field of education. Teachers in Primary and Secondary Schools and Colleges play a vital role in moulding the minds of young men and women at the formative years of their lives. To discharge this heavy responsibility, the members of the teaching profession should refrain from any activity which is anti-secular or which tends to create communal disharmony. State Government should examine immediately the need to modify service regulations prescribed for teachers in Government or Government guided schools and colleges and make provisions which should facilitate the removal from service of teachers who may be found quality of such activity. Similar action may be taken by the Universities in respect of University and college teachers."

Resolved to recommend the proposal to the Universities.

24. "To consider the proposal on Rovering and Rangering as an alternative to N.C.C. in Colleges." (Marathawada University)

Resolved to accept Rovering and Rangering as an alternative to NCC in Colleges.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ બોર્ડની ઉપર જણાવેલ ભલામણો નં. ૨ અને ૧૨ ઇક્વિવેલેન્સ સમિતિની વિચારણા માટે મોકલવી.

(૨) સદરહુ સમિતિની ઉપર જણાવેલ ભલામણ નં. ૧૮ અંગે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, કલકત્તા અને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મેનેજમેન્ટ, અમદાવાદના અનુસ્નાતક ડિપ્લોમાને માન્ય કરવાની બાબતમાં આ યુનિવર્સિટીએ કરેલા ઠરાવોની સદરહુ બોર્ડને જાણ કરવી.

(૩) સદરહુ બોર્ડની ઉપર જણાવેલ ભલામણ નં. ૨૩ અંગે ઘટતું કરવા માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને ભલામણ કરવી.

(૪) સદરહુ બોર્ડની ઉપર જણાવેલ ભલામણ નં. ૨૪ની નોંધ લેવી.

૧૧૫. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑ. સ્ટોર્સ લિ.ની વ્યવસ્થાપક સમિતિ ઉપર યુનિવર્સિટીએ નિયુકત કરેલ ચાર સભ્યો પૈકી પ્રો. પી. સી. વૈદ્ય સભ્યપદેથી રાજીનામું આપ્યું હોવાથી તેમની જગ્યાએ બીજા સભ્ય નિયુકત (nominate) કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ.ની વ્યવસ્થાપક સમિતિ પર યુનિવર્સિટીએ નિયુકત કરેલ ડૉ. પી. સી. વૈદ્યની ખાલ પડેલ જગ્યા પર ડૉ. રમણલાલ જી. ભટ્ટની નિમણૂક કરવી.

૧૧૬. ભારતની કોઈ માન્ય યુનિવર્સિટી કે પરદેશની કોઈ યુનિવર્સિટીની પ્રથમ ડોકટરલ ડિગ્રી ધરાવતા હોય તેવા અથવા સંસ્થાના સંચાલકમંડળે માન્ય રાખેલ હોય એવા ઉત્કૃષ્ટ સંશોધનકાર્યમાં નોંધપાત્ર શકિત બતાવી હોય તેવી માનવવિદ્યા કે સમાજવિદ્યા ક્ષેત્રે કાર્ય કરતી વ્યકિતઓની ફેલો તરીકેની પસંદગી માટે નામો સૂચવવા અંગે "ઇન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઑફ એડવાન્સ્ડ સ્ટડી" સીમલા તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—

૧. પસંદ થયેલા સંશોધન કાર્યકરોને એકથી ત્રણ સત્ર સુધી કામ કરવાનું રહેશે અને તેઓને રૂ. ૬૫૦થી રૂ. ૧,૮૦૦ સુધીનું માનદ વેતન અને હાફ-ફર્નિશ્ડ રહેઠાણ મળશે.

૨. આ ક્ષેત્રમાં સંશોધનકાર્ય કરનારાઓને આ સંસ્થા તરફથી નાની સહાયો તેમના મનપસંદ સંશોધનકાર્ય માટે પણ ઉપલબ્ધ થશે.

૩. આ અંગે નીચેના ત્રણ શિક્ષકોની અરજીઓ આવેલ છે :

(૧) ડૉ. કે. જી. દેસાઈ, કાર્યકારી અધ્યક્ષ, મનોવિજ્ઞાન વિદ્યાભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

(૨) પ્રો. એસ. સી. કાનાવાળા, પ્રોફેસર અને સાયકોલોજી ડિપાર્ટમેન્ટના વડા, ભકત વલ્લભ ધોળા આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, અમદાવાદ

(૩) શ્રી. જગદીશ દવે, ગુજરાતીના અધ્યાપક, મ્યુનિસિપલ આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, મહેસાણા.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ડૉ. કે. જી. દેસાઈની અરજી ઘટતી ભલામણ સાથે મોકલી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અન્ય કોઈ અનુભવી શિક્ષકની અરજી પણ કુલપતિશ્રીને યોગ્ય લાગે તો મોકલી આપવા માટે તેઓશ્રીને સત્તા આપવી.

૧૧૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સૂચનાથી યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય એકતા સમિતિ રચવાનું નક્કી કરવામાં આવેલ હોઈ સદરહુ સમિતિ પર કામ કરવાની સંમતિ દર્શાવનાર સભ્યો તથા કોમી એખલાસ અને રાષ્ટ્રીય એકતા

સ્થાપવા અંગે રચવામાં આવેલ સંકલનસમિતિના સભ્યોનું એકત્રીકરણ કરી ચાલુ વર્ષે એક સમિતિ રચવાના કાર્યાલયના સૂચન અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બેઉ સમિતિઓનું સંકલન કરીને એક સમિતિ રચવા માટે કાર્યાલયનું સૂચન સ્વીકારવું અને તે મુજબ એક રાષ્ટ્રીય એકતા સમિતિની રચના કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૧૮. યુનિવર્સિટી દ્વારા લેવાતી પ્રથમ વર્ષ એમ.બી.,બી.એસ.ની ફિઝિયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષામાં Volunteersની નિમણૂક કરવા અંગે મહેનતાણાના દરની પુસ્તકોમાં કોઈ ઉલ્લેખ ન હોઈ તે મુજબની નિમણૂકની જોગવાઈ કરવા અંગે અને તેમના મહેનતાણાનો દર મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી દ્વારા લેવાયેલી પ્રથમ એમ.બી.,બી.એસ. ફિઝિયોલોજી પ્રાયોગિક પરીક્ષા દરમિયાન Volunteers ની નિમણૂક કરવી જરૂરી હોઈ તે કર્યાના; અને તેમના મહેનતાણા અંગે મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદને રૂ. ૧૨૦ મંજૂર કરવા અંગેની માંગણી આવી છે.

આ બાબતમાં મુંબઈ યુનિવર્સિટીમાં શી પ્રથા છે અને મહેનતાણાના દર શા છે તે અંગે પુછાવતાં નીચેની માહિતી આવી છે:

Name of the Exam.	*No. of Volunteers per day*	*Remuneration paid to each volunteers*
I. M.B.,B.S. Physiology	2	Rupee 1 per day to each volunteer

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની ફર્સ્ટ એમ.બી.,બી.એસ.ની ફિઝિયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષામાં વોલન્ટીયર્સની નિમણૂક અને તેમના વેતન માટે ઉપર જણાવેલું ધોરણ મંજૂર કરવું.

૧૧૯. રેગ્યુ. સાયન્સ જનરલ ૧માં પેટાકલમ ૪ પછી નીચેની પેટાકલમ ૫ ઉમેરવા તથા તેમ કરીને સદરહુ સુધારેલો રેગ્યુલેશન મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૩૦/૩૧-૭-૧૯૬૯ની સભાની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૯/૧૦-૯-૧૯૬૯ની સભામાં વિજ્ઞાન વિદ્યાશાખાની વિચારણા માટે મોકલી હતી તે પર વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૬૯ની સભાએ કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Instead of holding one Practical examination every term, a college, if it is so desires, shall have the option to assess continuously throughout the year the students in the practical work done by them in their regular periods, in which case the average marks of this assessment per term shall be accepted as the internal evaluation marking for the concerned practical work for the term."

વિજ્ઞાન વિદ્યાશાખાની ભલામણ

"આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે બાબત ક્રમાંક ૧૫માં પ્રાયોગિક કામ માટે જે ને વિષયમાં જે (સદરહુ સૂચિત ધોરણ આ સાથે સામેલ છે) ધોરણ સૂચવ્યું છે તેના કરતાં ૨--૩ વિદ્યાર્થીની સંખ્યાની બેચ

બનાવી શકે અને તે પ્રમાણે ડેમોન્સ્ટ્રેટર્સની સંખ્યા જે કૉલેજ ધરાવતી હોય તે કૉલેજ યુનિવર્સિટી સિન્ડિકેટની મંજૂરી લઈ આ વિકલ્પ બધા જ વર્ગોમાં મૂકવા તૈયાર હોય તો તે વિકલ્પનો અમલ કરે."

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. સાયન્સ જનરલ--૧માં પેટાકલમ (૪) પછી ઉપર મુજબ પેટાકલમ (૫) ઉમેરીને સુધારેલો રેગ્યુ. સાયન્સ જનરલ--૧ મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવો.

૧૨૦. સિન્ડિકેટની તા. ૩-૧૦-૧૯૬૯ ની સભાની બાબત નં. ૩૧ તથા બાબત નં. ૪૦ થી ઑર્ડિ. ૬૫--કે "(બી) ક્લિનિકલ"ના મથાળા હેઠળ ૬ (બી) પછી (સી) તરીકે માન્યતા માટેની જરૂરિયાત ઉમેરવા ઠરાવ થયેલ તેમાં (સી)નો ક્રમાંક બેવડાવાતો હોવાથી બાબત નં. ૩૧ ઉપરના ઠરાવથી ઉમેરાતી પેટાકલમનો ક્રમાંક (સી) અને બાબત નં. ૪૦ પરના ઠરાવથી ઉમેરાતી બે પેટાકલમોના ક્રમાંક (ડી) અને (ઈ) કરી શાબ્દિક ફેરફાર કરવા આપેલી મંજૂરીની નોંધ લેવા બાબત.

6. (*c*) A teacher with a post-graduate qualification of M.D. or D.P.M. or its equivalent will be recognised as a post-graduate teacher, if he has at least 5 years' teaching experience in the subject concerned at the undergraduate level.

6. (*d*) Up to 1975 minimum qualifications for recognition as a post-graduate teacher for M.D. (Radio-diagnosis) and M.D. (Radio-therapy) will be M.D.,D.M., R.D., D.M.R.T. or equivalent qualifications and five years' teaching experience as a senior Lecturer or on a higher post, or as assistant to post-graduate teacher in X-ray Department of a teaching hospital.

6. (*e*) Up to 1975 minimum qualifications for recognition as a post-graduate teacher for M.D. Dermatology will be M.D. or D.V. & D. or equivalent qualifications and five years' teaching experience as Senior Lecturer or on a higher post or as Assistant to post-graduate teacher in Skin and V.D. Department of a teaching hospital.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨૧. સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩--૩--૧૯૬૯ની સભામાં બિઝનેસ મૅનેજમેન્ટનો અભ્યાસક્રમ જૂન ૧૯૭૦થી શરૂ કરવા નિર્ણય કર્યો હોવાથી સેનેટે તેની તા. ૧૨/૧૩--૩--૧૯૬૨ની સભામાં મંજૂર કરેલી નીચેની જગ્યાઓ પૂરવા માટે ઑર્ડિ. ૬૬ (*iii*) (*b*) અનુસાર વરણીસમિતિ પર ત્રણ સભ્યોની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત :

૧. પ્રોફેસર ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ	... એક જગ્યા
૨. પ્રોફેસર ઈન માર્કેટિંગ	... એક જગ્યા
૩. રીડર ઈન ફાઈનેન્શિયલ મૅનેજમેન્ટ	... એક જગ્યા
૪. રીડર ઈન પ્રોડક્શન મૅનેજમેન્ટ	... એક જગ્યા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૨. સેવાસંઘ સાર્વજનિક હૉસ્પિટલ, મોડાસા (જિ. સાબરકાંઠા)ને ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા અંગે તા. ૨૬--૧--૧૯૭૦ના પત્રથી આવેલ અરજી અંગે તપાસ કરી રિપોર્ટ કરવા સારૂ સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હૉસ્પિટલને માન્યતા આપવાની બાબતમાં નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) ડૉ. જે. બી. હરિભક્તિ

(૨) ડૉ. પન્નાલાલ શાહ

૧૨૩. ત્રીજી (ફાઇનલ) એમ.બી.,બી.એસ.ની જૂના અભ્યાસક્રમની પરીક્ષા એપ્રિલ ૧૯૭૦ પછી વધુ ત્રણ ટાયલ સુધી, એટલે કે ઑક્ટોબર ૧૯૭૧ સુધી લેવા અંગે તબીબી વિદ્યાશાખાના ડીનના અભિપ્રાય પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ત્યાર બાદ આ અભ્યાસક્રમમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓને નવા અભ્યાસક્રમ મુજબ પરીક્ષા આપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૪. મોડરેશન અંગેનો હાલનો નીચેનો નિયમ નં. ૧૫ સુધારી નીચે પ્રમાણે વંચાય તે પ્રમાણે સુધારવા બાબત :

હાલનો નિયમ નં. ૧૫ :

The Moderators will be paid halting allowance at the rate of Rs. 7-50 P. per day subject to a maximum of 20 days only. The Moderators residing in Ahmedabad shall not be paid any allowance.

સુધારેલો નિયમ :

In case where moderation system has been introduced, the Moderators, who are required to attend any meeting in connection with their duties, shall be paid travelling and other allowance at the rate at which the same are paid to the Paper-setters.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષામાં મોડરેટરોના વેતન અંગેનો નિયમ નં. ૧૫ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવો.

૧૨૫. બાઈ રુક્ષ્મણી ચિમનલાલ કપૂરચંદ વૈષ્ણવ મંડાણ ટ્રસ્ટની સખાવતના નિયમ ૨ અન્વયે શ્રીમદ્ વલ્લભાચાર્ય શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શન (પુષ્ટિમાર્ગીય સિદ્ધાંત) અંગે સંશોધન, પ્રકાશન કે વ્યાખ્યાનો ગોઠવવા વિચારણા કરવા બાબત.

નિયમ ૨ :

The balance left after deducting the amount of scholarships mentioned in No. 1 above from the next revenue of the Endowment shall be utilized for a research publication on lectures on Shrimad Vallabhacharya's Shuddhadwaita Philosophy (Pustimarga's Siddhant) or Anubhashyam as and when possible and necessary.

(હાલ તા. ૩૧--૩--૧૯૬૯ના રોજ રૂ. ૮,૪૨૮ની પુરાંત નીકળે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિષય ઉપર ૧૯૭૦--૭૧ના વર્ષમાં શ્રી. જેકલાલ શાહની એક વ્યાખ્યાનમાળા યોજવી.

૧૨૬. **સિન્ડિકેટે તા. ૯/૧૦-૮-૧૯૬૯ની સભામાં યુનિવર્સિટીનાં બધાં અનુસ્નાતક ભવનો માટે રમત-ગમતની પ્રવૃત્તિઓ સંકલિત ધોરણે ચલાવવાની બાબતમાં નિયુક્ત કરેલ સમિતિની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :**

"૧. યુનિવર્સિટી ભવનોના જિમખાના માટે નીચે જણાવ્યા પ્રમાણેનું એક કાયમી વ્યવસ્થાતંત્ર ઊભું કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

		અંદાજી ખર્ચ
એક વ્યાયામશિક્ષક	...	રૂ. ૫,૦૦૦-૦૦
એક ક્લાર્ક-ટાઇપિસ્ટ	...	રૂ. ૩,૦૦૦-૦૦
બે પટાવાળા	...	રૂ. ૩,૦૦૦-૦૦

(**નોંધ.**—આ અંગેની જોગવાઈ ભવનોના અંદાજપત્રમાં જુદી કરવાની થશે.)

૨. વિદ્યાર્થીઓના યુનિયનકાર્યને અને જિમખાનાના ખર્ચને પહોંચી વળવા ટર્મ-ફી લાલ રૂ. ૩ છે તેને વધારીને રૂ. ૧૦ કરવી અને તેમાંથી જિમખાના માટેના ફાળો વિદ્યાર્થી દીઠ રૂ. ૧ રાખવાની ભલામણ કરવી.

૩. એન.આર.એસ. સેન્ટરની બાજુમાં ખાડામાં જ્યાં નાનું ટેમ્પરરી સ્ટેડિયમ ઊભું કરીને વૉલીબૉલ રમવાના યુનિવર્સિટી કોર્ટ બનાવવામાં આવ્યા છે ત્યાં અનુસ્નાતક ભવનો માટે ખોખો, બાસ્કેટબૉલ, કબડ્ડી અને હૉકીનાં મેદાનો હજુ બીજી વધુ જમીન માટી નાખીને પૂરીને મેળવી તૈયાર કરાવવા અને પગથિયાંની હરોળ થોડી ઉત્તર તરફ વધારવા અને હૉકી, બાસ્કેટબૉલ, વૉલીબૉલ અને ખોખોના થાંભલા ખરીદવા માટે જરૂરી ખર્ચ પેટે રૂ. ૧૫,૦૦૦ (પાંચ હજાર) ભવનોના નવા વર્ષના અંદાજપત્રમાં મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૨૭. **નવા અભ્યાસક્રમ પ્રમાણેની થર્ડ બી.ફાર્મ. અને બી.ફાર્મ. પરીક્ષાની ફી અંગે તેમ જ ઑર્ડિ. ૧૨૯માં નીચે પ્રમાણેની જોગવાઈ કરવાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :**

(**નોંધ.**—ઑર્ડિ. ૧૨૯માં થતા સુધારાના સંબંધકર્તા પાઠ નીચે પ્રમાણે છે :

Name of the Examination	*How many times in a year ?*	*Date of Commencement*	*Last Date of Application*	*Examination fees Rs.*
Third B.Pharm.	Twice	Third Monday in April and	1st Feb. & 1st Sept.	90/-
Final B. Pharm.	,,	Second Monday in October	,,	100/-)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી અને ઑર્ડિ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ સુધારીને તેને તાત્કાલિક (એટલે કે માર્ચ-એપ્રિલ ૧૯૭૦ની પરીક્ષાને લાગુ પડે તે રીતે) અમલમાં મૂકવો.

૧૨૮. **ભારત સરકારના કેળવણી અને યુવક પ્રવૃત્તિઓના ખાતાના સંયુકત સચિવશ્રીના તા. ૨૯ ડિસેંબરના પત્રાંક ઓફ. ૧૦--૪૭--૬૯--વાય.એસ.આઈ. દ્વારા સને ૧૯૭૦--૭૧ના વર્ષમાં રાષ્ટ્રીય સેવા યોજનામાં ૨૫૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા વધારીને ૨૭૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા મંજૂર કરવામાં આવેલ છે તે જોતાં ૧૯૭૦--૭૧ના વર્ષ દરમિયાન વધુ કઈ બે કૉલેજોની પસંદગી કરવી તે અંગે વિચારણા કરવા બાબત.**

(**નોંધ.**—૧૯૬૯--૭૦ના વર્ષ દરમિયાન રાષ્ટ્રીય સેવા યોજના માટે પસંદ કરવામાં આવેલ કૉલેજોની યાદી આ સાથે સામેલ છે અને કપડવંજની સાયન્સ કૉલેજ અને સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજની આ માટેની માગણી આવી છે જે જાણ સારુ.)

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૦--૭૧ના વર્ષમાં રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ નીચે-ની બે વધુ કૉલેજોની પસંદગી કરવી :

(૧) પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ

(૨) સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, સરસપુર, અમદાવાદ.

૧૨૯. **ચાલુ સત્રમાં રાષ્ટ્રીય સેવા યોજનાનો એકમ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદની અવેજીમાં ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદને આપવાનું મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૩૦. **તા. ૧૩--૨--૧૯૭૦ના રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.**

સદરહુ સમિતિની તા. ૧૩--૨--૧૯૭૦ની સભાની ભલામણો પર વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટીના વર્ગો માટે ૧૯૭૦--૭૧, ૧૯૭૧--૭૨ અને ૧૯૭૨--૭૩નાં વર્ષો માટે અંગ્રેજી ગદ્યપદ્યસંગ્રહ/સંગ્રહોના મુદ્રણ, પ્રકાશન, વેચાણ વગેરે માટે મેસર્સ બી. એસ. શાહની કું., અમદાવાદને રોયલ્ટીના ૪૩.૫ ટકાના દરથી ટેન્ડરની શરતોને આધીન રહીને કામ સોંપવું અને વધુમાં એક શરત ઉમેરવી કે સદરહુ સંગ્રહોનું મુદ્રણકામ કુલપતિશ્રી મંજૂર કરે તે મુદ્રણાલયમાં કરાવવાનું રહેશે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે આ સાથે જોડેલા કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો તથા તે પર યુનિવર્સિટી તરફથી સહી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ સમિતિની તા. ૧૩--૨--૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૩૧. **વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પ્રી-યુનિવર્સિટી પરીક્ષાઓમાં કોઈ પણ ઉમેદવાર એક વિષયમાં નાપાસ થાય અને તે પરીક્ષાના બીજા બધા વિષયોમાં ઉત્તીર્ણ થાય તો તેને અનુક્રમે એફ.વાય.બી.એ., એફ.વાય.બી.એસસી. અને એફ.વાય.બી.કૉમ.ના વર્ગોમાં સત્રો ભરવાની પરવાનગી આપવાનો સિદ્ધાંત સ્વીકારવા અને તેને અનુલક્ષીને નીચેના રેગ્યુ. પ્રી-આર્ટ્સ--૪, પ્રી-સાયન્સ--૫ અને પ્રી-કૉમર્સ--૬**

મંજૂર કરવા તથા તેનો અમલ ૧૯૭૦ના વર્ષની પ્રી-યુનિવર્સિટીની પરીક્ષાઓમાં બેસનાર વિદ્યાર્થીઓને લાભ મળે તે રીતે કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૭, ૮ અને ૨૩--૧--૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

Pre-Uni. Arts–4 :

"A candidate who fails in only one subject but passes in all the remaining subjects at the Pre-Uni. Arts Examination shall be allowed to keep terms for the First B.A. Examination, but shall not be declared to have passed the Pre-Uni. Arts Examination, unless he passes in a previous or the same examination season in the remaining subject. His result for the First B.A. Examination shall not be declared till he passes the pre-Uni. Arts Examination."

Pre-Uni. Science–5 :

"A candidate who fails in only one subject but passes in all the remaining subjects at the Pre-Uni. Science Examination shall be allowed to keep terms for the First B.Sc. Examination, but shall not be declared to have passed the Pre-Uni. Science Examination, unless he passes in a previous or the same examination season in the remaining subject. His result for the First B.Sc. Examination shall not be declared till he passes the Pre-Uni. Science Examination."

Pre-Uni. Com.–6 :

"A candidate who fails in only one subject but passes in all the remaining subjects at the Pre-Uni. Commerce Examination shall be allowed to keep terms for the First B.Com. Examination, but shall not be declared to have passed the Pre-Uni. Commerce Examination, unless he passes in a previous or the same examination season in the remaining subject. His result for the First B.Com. Examination shall not be declared till he passes the Pre-Uni. Commerce Examination."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ ઉપરના રેગ્યુલેશનો પ્રી-આર્ટ્સ--૪, પ્રી-સાયન્સ--૫ અને પ્રી-કોમર્સ--૬ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક (એટલે કે માર્ચ--એપ્રિલ ૧૯૭૦ની પરીક્ષાને લાગુ પડે તે રીતે) અમલમાં મૂકવા.

સદરહુ બાબતના સંદર્ભમાં કેટલાક વિદ્યાર્થીઓની પ્રી-યુનિવર્સિટીની પરીક્ષામાં એ.ટી.કે.ટી.નો લાભ ૧૯૬૯ની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને આપવા માટેની વિનંતી અંગેની અરજી પર સભાગૃહનું ધ્યાન ખેંચવામાં આવ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે પરીક્ષાના પરિણામ અંગેના સુધારેલા ઉપરના રેગ્યુલેશનોનો અમલ પશ્ચાદ્‌વર્તી કરી શકાય નહીં તે જોતાં સદરહુ વિનંતી માન્ય કરવી નહીં.

૧૩૨. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૧૧ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૩૩. ઑર્ડિ. ૧૨૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની અને સદરહુ સુધારેલા ઑર્ડિ. ૧૨૭ને અનુલક્ષીને જે વિદ્યાર્થીઓનાં પરિણામ હાલના ઑર્ડિ. ૧૨૭ હેઠળ ભૂતકાળમાં અનામત રાખેલાં હતાં તેમને પણ તેમની માગણી આવ્યેથી સુધારેલા ઑર્ડિ. ૧૨૭નો લાભ આપવાની

૨. નાટ્યવિદ્યાના અભ્યાસક્રમનું શિક્ષણ જરૂરી જણાય તો તે અભ્યાસક્રમમાં ફક્ત સ્નાતક થયેલા વિદ્યાર્થીઓને જ દાખલ કરવાની વ્યવસ્થા કરવી. તે અભ્યાસક્રમ જૂન ૧૯૭૦ થી યુનિવર્સિટી પોતાને હસ્તક લઈને શરૂ કરી શકે તે માટે જરૂરી તજવીજ કરવાની;

૩. આ યુનિવર્સિટીમાં લલિતકળાઓ(Fine-Arts)ની જુદી વિદ્યાશાખા સ્થાપવા માટે જરૂરી પગલાં લેવાની.

સદરહુ બાબતના સંદર્ભમાં જૂન ૧૯૭૦થી નાટ્યવિદ્યા અને પત્રકારત્વનો અભ્યાસક્રમ શરૂ કરવા માટે પરવાનગી આપવાની વિનંતી કરતો ગુજરાત કૉલેજના આચાર્યનો તા. ૨-૨-૧૯૭૦નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) સદરહુ કૉલેજને ખાસ કેસ તરીકે અને એડહૉક ધોરણે જૂન ૧૯૭૦થી પત્રકારત્વ અને નાટ્યવિદ્યાના અભ્યાસક્રમો શીખવવા માટે પરવાનગી આપવી.

(૨) ઉપર બાબત નં. (૧) અંગેનો ઠરાવ જોતાં સદરહુ બાબત અંગે વિશેષ વિચારણા કરવાની જરૂર રહેતી નથી.

(૩) આ યુનિવર્સિટીમાં લલિતકળાઓ(ફાઈન આર્ટ્સ)ની જુદી વિદ્યાશાખા સ્થાપવાની ભલામણ મંજૂર કરવી નહીં.

૧૩૮. પટેલ જે. બી. રૂદેલવાળા આર્ટ્સ અને પટેલ એ. એમ. રૂદેલવાળા કૉમર્સ કૉલેજ, બોરસદે ચાલુ શૈક્ષણિક વર્ષના બીજા સત્રથી વાણિજ્યના વિષયનું શૈક્ષણિક કાર્ય યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપક સિવાય ચલાવ્યું તે અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) વાણિજ્યના પ્રાધ્યાપક તરીકે શ્રી. જે. એ. શાહની નિમણૂક કરી છે. તેઓ બી.કૉમ.ની તથા સી.એ.ની પદવી ધરાવે છે તથા ધંધાકીય અનુભવ પાંચ વર્ષનો ધરાવે છે.

(૨) વાણિજ્યના પ્રાધ્યાપક માટે એમ.કૉમ.ની પદવી આવશ્યક છે, જે શ્રી. જે. એ. શાહ ધરાવતા નથી.

(૩) સત્રની અધવચ્ચે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપક મળતા નહિ હોવાથી આચાર્ય શ્રી. જે. એ. શાહની નિમણૂક ચાલુ સત્ર પૂરતી માન્ય કરવા વિનંતી કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૩૯. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડાની કુલ એક સો વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી આપવા માટેની વિનંતી પર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં કુલ ૧૦૦ (એકસો) વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે પરવાનગી આપવી.

૧૪૦. જૂન ૧૯૭૧થી (અ) નવી કૉલેજો માટે, (બ) વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે, તથા (ક) વિભાગીકરણ અને વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે આવેલ જોડાણઅરજીઓ પર સ્થાનિક તપાસ-સમિતિ નીમવા બાબત.

(અ) નવી કૉલેજો

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	સ્થળ	અભ્યાસક્રમો
(૧)	અધ્યક્ષ, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ	મહેસાણા	વિનયન અને વાણિજ્ય
(૨)	પ્રમુખશ્રી, કપિલાબહેન ઍન્ડ ત્રિવેદી એજ્યુકેશન સોસાયટી, મહેમદાવાદ	મહેમદાવાદ	વિનયન અને વાણિજ્ય
(૩)	મૅનેજિંગ ટ્રસ્ટી, ધ. ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ, શ્રીસહજાનંદ કૉલેજ, સચિવાલય પાસે, અમદાવાદ	અમદાવાદ	વિજ્ઞાન
(૪)	અધ્યક્ષ, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ	અમદાવાદ	વિજ્ઞાન
(૫)	મૅનેજિંગ ટ્રસ્ટી, જયહિન્દ એજ્યુકેશન ટ્રસ્ટ, "જય વલ્લભ", લાલ બંગલાની પાછળ, એલિસબ્રિજ, અમદાવાદ--૬	અમદાવાદ	વાણિજ્ય
(૬)	મંત્રીશ્રી, નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ	પાટણ	વાણિજ્ય
(૭)	પ્રમુખશ્રી, પંચમહાલ શિક્ષણ પ્રચારક મંડળ, ગોધરા	ગોધરા	વાણિજ્ય
(૮)	મંત્રીશ્રી, પંકજ કેળવણી મંડળ, એલિસબ્રિજ, અમદાવાદ--૬	અમદાવાદ	શિક્ષણ
(૯)	મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, કમલા એજ્યુકેશન ટ્રસ્ટ નરેન્દ્ર ભવન, શાહપુર મિલ કંપાઉન્ડ, શાહપુર, અમદાવાદ	અમદાવાદ	શિક્ષણ
(૧૦)	સુપરિન્ટેન્ડન્ટશ્રી, શ્રી પાલનપુર જૈન શિશુશાળા, બાલમંદિર અને એજ્યુકેશન ટ્રસ્ટ, મુંબઈ	પાલનપુર	શિક્ષણ

(બ) વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	સ્થળ	અભ્યાસક્રમો
(૧૧)	મંત્રીશ્રી, કલોલ તાલુકા કેળવણી મંડળ, કલોલ (ઉ. ગુ.)	કલોલ	જૂન ૧૯૭૦થી શરૂ કરાનાર વાણિજ્યની કૉલેજ સાથે શિક્ષણની કૉલેજના વધારાના જોડાણ માટે
(૧૨)	મંત્રીશ્રી, નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ	પાટણ	હાલની શિક્ષણની કૉલેજ સાથે કાનૂની વિદ્યાશાખાના વધારાના જોડાણ માટે

(ક) વિભાગીકરણ અને વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે

(૧૩)	આચાર્યશ્રી, નવગુજરાત લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ--૧૩	અમદાવાદ	હાલની નવગુજરાત લૉ એન્ડ કૉમર્સ કૉલેજનું વિભાગીકરણ
(૧૪)	પ્રમુખશ્રી, પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ	પેટલાદ	હાલની આર. કે. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજનું વિભાગીકરણ કરવા તથા આર. કે. આર્ટ્સ કૉલેજ સાથે ૧૯૭૦થી શરૂ કરાનાર નવી વાણિજ્યની કૉલેજનું સંયોજન કરવા માટે.
(૧૫)	પ્રમુખશ્રી, બી. એમ. હાઈસ્કૂલ ટ્રસ્ટ, બોરસદ	બોરસદ	શિક્ષણની કૉલેજ તથા હાલની વિનયન અને કાયદાની કૉલેજ પૈકી કાયદાની વિદ્યાશાખાનું શિક્ષણની કૉલેજ સાથે જોડાણ કરવા માટે.

[નોંધ.—હાલની વિજ્ઞાન અને કાયદાની કૉલેજનું વિભાગીકરણ કરવાની અરજી વિના ઉપર મુજબની અરજી વિચારવી શકય નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪૧. "ધ નેશનલ એકેડેમી ઑફ સાયન્સીઝ" નું ૩૯મું વાર્ષિક અધિવેશન રૂરકી મુકામે માર્ચ ૬ થી ૮ ૧૯૭૦ દરમિયાન મળનાર હોઈ તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટે સદરહુ એકેડેમીના સામાન્ય મંત્રાશ્રીના તા. ૨૭--૧--૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એકેડેમીના આગામી વાર્ષિક અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય કે. એન. શાહને મોકલવા.

૧૪૨. રાષ્ટ્રીય સેવા યોજના માટે સને ૧૯૬૯--૭૦ માટે રાજ્ય સરકારે તેમના ફાળા પેટે રૂ. ૬૨,૧૦૦ની ગ્રાન્ટ તેમના તા. ૨૭--૧--૧૯૭૦ના ઠરાવ ક્રમાંક એન.એસસા--૧૦૬૮--૧૦૧૭૦૭--જીથી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૪૩. ગુજરાત રાજ્યના શિક્ષણ અને ગ્રામખાતા તરફથી કેન્દ્રીય લોકસેવા આયોગની ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ પરીક્ષા અંગે આવેલ નોંધ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪૪. રાષ્ટ્રીય સેવા યોજના અંગે સિન્ડિકેટે નીમેલી સલાહકાર સમિતિની તા. ૩--૨--૧૯૭૦ના રોજ મળેલ સભાની નોંધ જાણ સારુ તથા તેમાં સૂચવવામાં આવેલ બાબત ૬ મુજબ નીચે જણાવવામાં આવેલ સાધનો ખરીદવા મંજૂરી આપવા બાબત.

[**નોંધ.**--સાધનો ખરીદવા માટેનું અંદાજી ખર્ચ નીચે મુજબ છે :

	રૂ.
૧. પ્રોજેક્ટર	૭,૦૦૦
૨. ટેપ રેકોર્ડિંગ મશીન	૩,૦૦૦
૩. જીપ (સ્ટેશનવેગન)	૩૫,૦૦૦
૪. તંબુઓ (આશરે ૨૫)	૨૦,૦૦૦
૫. મુવી કેમેરા	૧૫,૦૦૦
૬. શેતરંજીઓ	૧,૧૦૦
૭. સાઈકલ	૩૦૦
૮. ડુપ્લિકેટિંગ મશીન	૯,૦૦૦
૯. પેટ્રોમેક્સ કે બેટરી ચાર્જ લાઈટ	૨,૧૦૦
૧૦. બેટરીથી ચાલે તેવું લાઉડસ્પીકર (એક માઈક-સેટ ૨ હોર્ન યુનિટ સાથે)	૨,૦૦૦
	૮૪,૮૦૦]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ જરૂરી કાર્યવાહી તથા તેની ખરીદી માટે જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૪૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

૧. નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
(૧)	શ્રી. આર. બી. ખંડયા	વિજ્ઞાન--વનસ્પતિવિજ્ઞાન	પીએચ.ડી.
(૨)	કુ. એમ. કે. મહાદેવિયા	વિજ્ઞાન--રસાયણવિજ્ઞાન	,,
(૩)	શ્રી. જી. બી. દવે	વિજ્ઞાન--રસાયણવિજ્ઞાન	,,
(૪)	શ્રી. સી. જે. ત્રિવેદી	વિજ્ઞાન--રસાયણવિજ્ઞાન	,,

૨. જૂના અભ્યાસક્રમની પ્રથમ એલએલ.બી. પરીક્ષામાં ફક્ત એલિ. અને કૉન્સ્ટિટ્યુશન વિષયમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓ માટે ડીનશ્રીની ભલામણ મુજબ આ વિષયની છેલ્લી વધુ એક પરીક્ષા આગામી એપ્રિલ માસમાં લેવાનું મંજૂર કર્યાના;

૩. (ક) સિન્ડિકેટની તા. ૬/૭--૧૨--૧૯૬૯ની સભામાં કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવાની જે બાબત નં. ૬૮ (૨) મંજૂર થઈ છે, તેમાં ડૉ. પી. સી. વૈદ્યને તા. ૯--૨--૧૯૭૦થી તા. ૩૧--૩--૧૯૭૦ સુધીની બ્રિટિશ કાઉન્સિલ કૉમનવેલ્થ યુનિવર્સિટીમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે જવા માટે જે બિનપગારી રજાઓ 'મંજૂર થઈ છે' તે શબ્દો વાપરેલા છે તેને બદલે 'ખાસ રજાઓ મૂળ માસિક પગાર સાથે' મંજૂર કર્યાના; અને

(ખ) ડૉ. પી. સી. વૈદ્યને સ્કૂટર અકસ્માત થવાથી તેમના કાર્યક્રમમાં ફેરફાર થતાં તેઓને તા. ૧--૪--૧૯૭૦થી તા. ૩૦--૬--૧૯૭૦ સુધી ડબ્લિન ખાતે વિઝિટિંગ પ્રોફેસર તરીકે જવાનું હોઈ તે માટેની તારીખોનો ફેરફાર મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૧૪૬. શ્રી કેળવણી મંડળ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી અમદાવાદ ખાતે વિનયન અને વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માટે જે અરજી આવી છે તેની કાર્યવાહી ચાલુ છે. દરમિયાન સદરહુ સંસ્થા તરફથી તા. ૩૧--૧--૧૯૭૦ના પત્રથી સદરહુ અરજી જૂન ૧૯૭૧થી જોડાણ માટે માન્ય ગણવા માટે કરેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) જૂન ૧૯૭૦થી અમદાવાદ ખાતે વિનયન અને વાણિજ્યની કૉલેજ શરૂ કરવા માટેની સદરહુ સંસ્થાની જોડાણઅરજી મંજૂર ન કરવા ઍકેડેમિક કાઉન્સિલે ભલામણ કરી છે.

(૨) જૂન ૧૯૭૧થી નવી કૉલેજ શરૂ કરવા માટેની જોડાણઅરજી સુધારેલા ઑર્ડિ. ૧૨૦ પ્રમાણે નિયત પત્રકમાં જરૂરી અનામત સાથે ૧લી ફેબ્રુઆરી પહેલાં યુનિવર્સિટી કાર્યાલયને મળવી આવશ્યક હતી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અરજી સ્વીકારીને તે અંગે જરૂરી કાર્યવાહી કરવાનું રાખવું.

૧૪૭. ૧૯૬૯--૭૦ના વર્ષની ઑર્ડિ. ૯૬ પ્રમાણેની કૉલેજો તરફથી આવેલ માહિતીના સંદર્ભમાં નીચેની કૉલેજોનાં નામ સામે જણાવેલ મુદ્દાઓ અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
(૧)	શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	(૧) અનુસ્નાતક પદવી ધરાવતા ડેમોન્સ્ટ્રેટરને પગાર ઓછો અપાય છે. (૨) ૧૯૬૮--૬૯ના વર્ષમાં પ્રવેશ-ફી વધુ લેવાઈ હતી તે અનિયમિતતા માફ કરવા કૉલેજે વિનંતિ કરી છે. ચાલુ વર્ષે નિયમ પ્રમાણે ફેરફાર (Regularise) કરી વધારાની ફી મજરે આપી છે.

ક્રમાંક	કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
(૨)	મ્યુનિ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા	છાત્રાલયની કામચલાઉ વ્યવસ્થા રાખી છે. (શી વ્યવસ્થા છે તેવા પત્રનો જવાબ હજુ આવ્યો નથી.)
(૩)	શ્રીમતી એચ. સી. પટેલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કરજાણ	(૧) અર્થશાસ્ત્રના બે તાસ વાણિજ્યના શિક્ષકને સોંપ્યા હતા. (બંધ સમયના ટ્યૂટરની નિમણૂક હવે કરાઈ રહી છે તેમ આચાર્યશ્રીએ જણાવ્યું છે.) (૨) સંસ્કૃત અને જગતના ધર્મોના તાસ ગુજરાતીના વ્યાખ્યાતાને સોંપ્યા હતા. (એક બંધ સમયના શિક્ષકની નિમણૂક કરાઈ રહી છે તેમ આચાર્યશ્રી જણાવે છે.)
(૪)	ના. હ. લ. મ્યુનિ. મેડિકલ કૉલેજ, અમદાવાદ	નિયમ કરતાં વધારે પ્રવેશ-ફી લેવાય છે.
(૫)	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	,, ,, ,,
(૬)	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ	,, ,, ,,
(૭)	ભવન્સ કૉલેજ, ડાકોર	(૧) પ્રવેશ ફી નિયમ કરતાં વધારે લેવાય છે. (૨) અર્થશાસ્ત્રના વિષયનો કુલ કાર્યભાર અને શિક્ષકોમાં કરેલી તેની વહેંચણી નીચે પ્રમાણે છે : કુલ કાર્યભાર ૩૭+૧૦નો છે. શ્રી. કે. એચ. પટેલ (પ્રાધ્યાપક, અનુસ્નાતક શિક્ષક) ૧૪+૨ શ્રી. એમ. ઓ. શાહ વ્યાખ્યાતા ૧૫+૪ કુ. ડી. સી. પટવારી ટ્યૂટર ૮+૪ ૩૭+૧૦ (પરંતુ અનુસ્નાતક શિક્ષકને ૧૩થી વધારે વ્યાખ્યાન આપી શકાય નહિ એટલે એક વધારાના શિક્ષકની નિમણૂક આવશ્યક બને.)

(**નોંધ.**—આચાર્યશ્રી જણાવે છે કે શિક્ષકોની લાયકાતની બાબતમાં મતભેદ હોવાથી આ પરિસ્થિતિ ઉપસ્થિત થઈ હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૪૮. બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સને ૧૯૬૮–૬૯ના વાર્ષિક અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સને ૧૯૬૮--૬૯ના વાર્ષિક અહેવાલની નોંધ લેવી અને તેને સેનેટની વિચારણા માટે મોકલવી.

(બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અહેવાલની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૧૪૯. સરકારી ઑડિટરોએ તપાસેલ સને ૧૯૬૭--૬૮ના વાર્ષિક હિસાબો તથા સને ૧૯૬૭--૬૮ના વર્ષના હિસાબો અંગેની સરકારી ઑડિટનોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સરકારી ઑડિટરોએ તપાસેલ સને ૧૯૬૭--૬૮ના વાર્ષિક હિસાબો તથા સને ૧૯૬૭--૬૮ના વર્ષના હિસાબો અંગેની સરકારી ઑડિટના રિપોર્ટની નોંધ લેવી અને તે અંગે કાર્યાલયે રજૂ કરેલ નોંધ મંજૂર કરવી તથા સદરહુ ઑડિટ અહેવાલો સેનેટની વિચારણા માટે મોકલી આપવા.

(વાર્ષિક હેવાલો પરના ઑડિટ રિપોર્ટ પરની કાર્યાલયની નોંધ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૧૫૦. બી.એ.(રૂપે. અને જન.)ની જૂના અભ્યાસક્રમની પરીક્ષામાં નાપાસ થયા હોય અને અંગ્રેજી ફરજિયાત તથા મુખ્ય અને ગૌણ વિષયનાં આઠ પેપરોમાં પરીક્ષામુક્તિ મેળવી હોય તેવા વિદ્યાર્થીઓની નવા અભ્યાસ-ક્રમ મુજબની સેકન્ડ બી.એ. તથા થર્ડ બી.એ.ની—એમ બન્ને પરીક્ષામાં જે તે વિષયમાં મુક્તિ ચાલુ રાખવા દેવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૩–૧--૧૯૬૯ની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૧--૧--૧૯૭૦ની સભામાં મંજૂર કરી છે તે અંગે કાર્યાલયે સૂચવેલ રેગ્યુ. આર્ટ્સ-૧૪નો પાઠ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. આર્ટ્સ--૧૪ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક (એટલે કે માર્ચ--એપ્રિલ ૧૯૭૦નાં પરીક્ષાને લાગુ પડે તે રીતે) અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા રેગ્યુ. આર્ટ્સ--૧૪ની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.

૧૫૧. શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદના આચાર્યશ્રી કે. એન. શાહ તરફથી આવેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટમાં શીખવાતા વિષયો પૈકી રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર તથા વનસ્પતિવિજ્ઞાનમાં પૂરતી સંખ્યાના વિદ્યાર્થીઓ લીધા પછી વધારાના વિદ્યાર્થીઓ માટે શહેરની જે કૉલેજોમાં તે વિષય માટે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના પ્રોફેસર તથા રીડરની સંખ્યા જેટલા માન્ય અનુસ્નાતક શિક્ષકો હોય અને તે વિષયના યુનિવર્સિટીના વ્યાખ્યાતા જેટલા અનુસ્નાતક મદદનીશ શિક્ષકો હોય તે કૉલેજો પૈકી બી.એસસી.માં જ્યાં સૌથી વધારે વિદ્યાર્થીઓ હોય અને લેબોરેટરી તથા લાઇબ્રેરીની પૂરતી સગવડો હોય અને વિદ્યાર્થીઓનો સંપૂર્ણ વિકાસ કરી શકે તેવું શૈક્ષણિક વાતાવરણ ઊભું કરી શકે તેવી શહેરની કૉલેજમાંની વિષયવાર એકને જૂન ૧૯૭૦થી યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ વતી અનુસ્નાતક વિષય માટે કેન્દ્ર શરૂ કરવા પરવાનગી આપવી અને યુનિવર્સિટીના તે વિષયના પ્રાધ્યાપકને વ્યવસ્થા કરવા જણાવવું. આવાં કેન્દ્રો અઠવાડિયાના છ દિવસ કામ કરે તે રીતે યુનિવર્સિટીના પ્રાધ્યાપકે વ્યવસ્થા કરવા જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫૨. સને ૧૯૬૯--૭૦ના વર્ષ માટે વિદ્યાર્થીઓની તબીબી તપાસ ખાતે રૂ. ૧૫,૦૦૦ની જોગવાઈ છે તે વધારીને રૂ. ૨૦,૦૦૦ની કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૯--૭૦ના વર્ષમાં વિદ્યાર્થીઓની તબીબી તપાસ ખાતે રૂ. ૧૧,૦૦૦ના ખર્ચની જોગવાઈ છે તે વધારીને રૂ. ૨૦,૦૦૦ની કરવી.

૧૧૩. સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧--૧--૧૯૭૦ની સભામાં વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રી પ્રો. જે. જે. ચિનોયની તબીબી તપાસ માટે ડૉ. સી. એચ. નાયકની નિમણૂક કરેલ. તેના સંદર્ભમાં તબીબી તપાસ અંગેના ડૉ. સી. એચ. નાયકના તા. ૧૦--૨--૧૯૭૦ના રિપોર્ટને અનુલક્ષીને પ્રો. જે. જે. ચિનોયની સેવાઓ વધુ એક વર્ષ માટે લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) નિવૃત્તિ-વયમર્યાદા અંગે સિન્ડિકેટે તેની તા. ૪--૯--૧૯૬૧ની સભામાં બાબત નં. ૨૨થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

" આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વહીવટી અને શિક્ષકવર્ગના કર્મચારીઓની નિવૃત્તિ-વય-મર્યાદા ૬૦ વર્ષની રાખવી, પણ આ વયમર્યાદા સિન્ડિકેટને યોગ્ય લાગે તે કેસોમાં જરૂરી તબીબી તપાસ કરાવીને પ્રત્યેક વર્ષે એક વર્ષ સુધી એમ ૬૫ વર્ષ સુધી લંબાવી શકાશે. કોઈ પણ કર્મચારીને ૬૫ વર્ષ પૂરાં કર્યા પછી તેને કોઈ પણ સંજોગોમાં યુનિવર્સિટીની સેવાઓમાં રાખી શકાશે નહિ.

(૨) સિન્ડિકેટે તેની તા. ૮--૨--૧૯૬૯ની સભામાં ડૉ. જે. જે. ચિનોયની નિવૃત્તિ-વયમર્યાદા વધુ એક વર્ષની એટલે કે તા. ૧૭--૨--૧૯૭૦ સુધી લંબાવવાનું ઠરાવ્યું હતું.]

આથી ઠરાવવામાં આવે છે કે **વનસ્પતિવિજ્ઞાનના પ્રોફેસર અને વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ** તરીકે પ્રો. જે. જે. ચિનોયની સેવાઓ તા. ૧૮--૨--૧૯૭૧ સુધી લંબાવવી.

૧૧૪. ભારત સરકારના શિક્ષણ અને યુવક-કલ્યાણ ખાતા તરફથી આવેલ પત્રાંક એફ. ૧૦--૪૭--૬૯--વાઈ.એસ.આઈ., તા. ૧૧--૧૨--૧૯૬૯ મુજબ રાષ્ટ્રીય સેવા યોજના સને ૧૯૭૦--૭૧ના વર્ષમાં ચાલુ રહે છે તેની નોંધ લઈને આગળનાં જરૂરી પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને નીચેની હંગામી જગ્યાઓની મુદત તા. ૩૧--૩--૧૯૭૦ના રોજ પૂરી થાય છે તે હંગામી ધોરણે વધુ એક વર્ષ એટલે કે તા. ૩૧--૩--૧૯૭૧ સુધી મંજૂર કરવી :

જગ્યાનું નામ	જગ્યા	પગારધોરણ
એન.એસ.સી. એડમિનિસ્ટ્રેટર	એક	રૂ. ૪૦૦-૨૦-૫૦૦-૨૫-૬૫૦
મદદનીશ એન.એસ.સી. એડમિનિસ્ટ્રેટર	બે	રૂ. ૩૨૦-૨૦-૪૦૦ ઈ.બી. ૨૦-૫૦૦
હેડક્લાર્ક	એક	રૂ. ૨૦૦-૧૨-૨૬૦-૧૫-૩૨૦ ઈ.બી. -૨૦-૪૦૦
જુનિયર ક્લાર્ક	એક	રૂ. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦ ઈ.બી. ૧૨-૩૦૦
ટાઇપિસ્ટ	એક	(ઉપર મુજબ)
પટાવાળા	એક	રૂ. ૪૦-૨-૬૦-૩-૭૫

શ્રીમતી ઇન્દુબેન એ. શાહે અને શ્રી. જે. જી. સોનકીએ અનુક્રમે એન.એસ.સી. એડમિનિસ્ટ્રેટર અને મદદનીશ એન.એસ.સી. એડમિનિસ્ટ્રેટરની હંગામી જગ્યા પરની નિમણૂકો સ્વીકારી નથી તેની સભાગૃહને જાણ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે બાકીની જગ્યાઓ પર હંગામી ધોરણે નીમવામાં આવેલા કર્મચારીઓને વધુ એક વર્ષ માટે એટલે કે તા. ૩૧--૩--૧૯૭૧ સુધી ચાલુ રાખવા.

૧૫૫. વિજ્ઞાન વિદ્યાભવનના વર્કશોપના જુદા જુદા કામકાજના દર નક્કી કરવા અધ્યક્ષશ્રીની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૫૬. બાંધકામ સમિતિની તા. ૩૦--૧--૧૯૭૦ની સભાની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૦--૧--૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩૦--૧--૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૧૫૭. ટીચર્સ હૉસ્ટેલના બાંધકામના કંત્રાટી મે. એચ. કે. કન્સ્ટ્રક્શન કંપનીએ યુનિવર્સિટી પાસે બાકી લેણી નીકળતી રકમ લેવા માટે સિટી સિવિલ કૉર્ટમાં દાવાઅરજી કરેલી તે અંગે યુનિવર્સિટી તરફથી રોકવામાં આવેલા વકીલ શ્રી. એલ. ટી. શાહે આ કૉન્ટ્રાક્ટર સાથેના દાવામાં રાજીનામું કરવા અંગેની આપેલી સલાહને અનુલક્ષીને તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ટીચર્સ હૉસ્ટેલના બાંધકામના કૉન્ટ્રાક્ટર મેસર્સ એચ. કે. કન્સ્ટ્રક્શન કું. તરફથી દાવા અરજી સિટી સિવિલ કોર્ટમાં થયેલી તે બાબતમાં વકીલ શ્રી. એલ. ટી. શાહે તેમના તા. ૧૦-૨-૧૯૭૦ના પત્ર અનુસાર આપેલી સલાહ મુજબ મકાનના બાંધકામમાં રૂ. ૪,૫૦૦ની કપાત કરીને કૉન્ટ્રાક્ટર સાથેના દાવાનું રાજીનામું કરવું અને તે મુજબ મેસર્સ એચ. કે. કન્સ્ટ્રક્શન કંપનીને નીચે મુજબની રકમ ચૂકતે કરવી :

(૧) સિવિલ વર્કના ફાઈનલ બિલ પેટે બાકીના		રૂ. ૨૦,૦૯૧--૦૬
(૨) વૉટર સપ્લાય અને સેનિટરી અંગેના કામકાજના ફાઈનલ બિલ પેટે બાકીના		રૂ. ૩,૭૫૪--૧૯
(૩) વૉટર સપ્લાયના કામની સિક્યોરિટી ડિપોઝિટ		રૂ. ૨,૧૩૯--૧૦
(૪) વૉટર સપ્લાયના કામની બાનાની રકમ		રૂ. ૫૦૦--૦૦
(૫) તા. ૨૦--૮--૧૯૬૮ની યુનિવર્સિટીની બાંધકામ સમિતિએ ખામીઓ તથા ઊણપો માટે કપાત કરવાની રકમ નક્કી કરી તે	રૂ. ૯,૫૪૯--૩૮	
બાદ કોર્ટમાં રાજીનામું થતાં નામદાર કોર્ટે નક્કી કરેલી કપાતની રકમ	રૂ. ૪,૫૦૦--૦૦	
	રૂ. ૫,૦૪૯--૩૮	રૂ. ૫,૦૪૯--૩૮
		ચૂકવવાની કુલ રકમ રૂ. ૩૧,૭૩૩--૭૩

૧૫૮. સિન્ડિકેટની તા. ૧૦/૧૧--૧--૧૯૭૦ની સભામાં આ યુનિવર્સિટીએ પ્રકાશન માટે હાથ ધરેલ કામો પૈકી ૧૮ પુસ્તકો ગુજરાત રાજ્યના યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડને સોંપવા જે શરતો નક્કી કરી હતી તે પૈકી શરત ક્રમાંક ૫ અને ૭ અંગે સદરહુ બોર્ડના સભ્યસચિવશ્રી તરફથી આવેલ પત્રાંક ૨૩૦, તા. ૨૮--૧--૧૯૭૦ પર વિચારણા કરવા બાબત.

(૫) પુસ્તક-પ્રકાશન અંગે સર્ટિફાઇડ વાઉચર પ્રમાણે થયેલા ખર્ચ તથા તે ઉપરાંત તે ખર્ચના ૧૦ ટકા યુનિવર્સિટીને વહીવટી ખર્ચ પેટે ગુજરાત રાજ્યના યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડે ગુજરાત યુનિવર્સિટીને આપવાના રહેશે.

(૭) જ્યાં સુધી બોર્ડ પોતાની અલાયદી વિતરણ અને વેચાણ-વ્યવસ્થા ન કરે ત્યાં સુધી યુનિવર્સિટીએ હાલમાં ગોઠવેલ વિતરણ અને વેચાણ-વ્યવસ્થા ચાલુ રાખવામાં આવે. આ માટે વેચાણ ઉપર વિક્રેતાઓને તથા સંસ્થાઓને જે વળતર આપવામાં આવે તે ઉપરાંત કુલ વેચાણ ઉપર ૫ ટકા જેટલું વળતર ગુજરાત યુનિવર્સિટીને આપવાનું રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ૧૮ પુસ્તકો ગુજરાત રાજ્યના યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડને સોંપવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧--૧--૧૯૭૦ની સભામાં મંજૂર કરેલી શરતો પૈકી ઉપર જણાવેલ શરત નં. (૧) અને (૭) રદ કરવી અને બાકીની શરતોના ક્રમાંક સુધારવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રકાશનો અંગે જે કંઈ કુલ ખર્ચ થાય તે ઉપરાંત કુલ ખર્ચના ૧૦ ટકા રકમ સ્ટોરેજ, વેચાણ, વગેરે પેટે ઉમેરવાનું રાખવું અને તે પ્રમાણે બિલ બનાવવું.

૧૫૯. ઉપયોગમાં લેવામાં આવતી ખાસ પ્રકારની સાધનસામગ્રી તેમ જ અનિવાર્ય રીતે જાળવવી પડતી છાપકામની શુદ્ધિ તથા ચોકસાઈને લીધે આપવા પડતા વિશેષ શ્રમ અને સમયને કારણે ઊંચા આવતા પડતર-ખર્ચને અનુલક્ષીને યુનિવર્સિટી મુદ્રણાલયમાં પુસ્તક-પ્રકાશનના છાપકામના સુધારેલા ભાવો મંજૂર કરવા અંગેના શ્રી. પ્રેસ-વ્યવસ્થાપકના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી મુદ્રણાલયમાં પુસ્તક પ્રકાશનો અંગેના છાપકામના સુધારેલા ભાવો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા ભાવોની નકલ **પરિશિષ્ટ "૨"** તરીકે સામેલ છે.)

૧૬૦. યુનિવર્સિટીમાં "સોશિયલ વર્ક" નો અભ્યાસક્રમ અનુસ્નાતક કક્ષાએ દાખલ કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩--૧--૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં સોશિયલ વર્કનો અભ્યાસક્રમ અનુસ્નાતક કક્ષાએ શક્ય હોય તો તેને મજૂર-કલ્યાણ વિભાગ સાથે સંયોજિત કરીને દાખલ કરવા માટે ઘટતાં પગલાં લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૬૧. યુનિવર્સિટીમાં સામાજિક પરિવર્તનનો વિભાગ (Institute of Social Change) સ્થાપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩--૧--૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં તેના એક વિભાગ તરીકે સામાજિક પરિવર્તનનો વિભાગ (Institute of Social change) સ્થાપવા માટે અને તે અંગે સંબંધકર્તા સ્ટેચ્યૂટમાં જરૂરી સુધારો કરવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ વિભાગમાં નીચેની જગ્યાઓ સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી :

પ્રોફેસર	...	૨ જગ્યા
રીડર	...	૩ જગ્યા
લેક્ચરર	...	૪ જગ્યા
સંશોધન મદદનીશ	...	૪ જગ્યા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૬૨. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૩૨ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૬૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૯૬ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૬૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૬૨ પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૬૫. **ગુજરાત યુનિવર્સિટી મધ્યસ્થ યુવક કલ્યાણ સમિતિની ૧૯૬૯--૭૦ના વર્ષની તા. ૪--૨--૧૯૭૦ના રોજ મળેલ સભાની નીચે જણાવેલ ભલામણો મંજૂર કરવા બાબત :**

(ક) વધુમાં ઠરાવવામાં આવે છે કે ત્રાગુ ટુકડીમાં યોજવા ધારેલ પર્વતારોહણ શિબિરો માટે જરૂરી અંદાજ ખર્ચની વિગતો આ સાથે સામેલ છે. તેમાં જણાવ્યા પ્રમાણેનો ખર્ચ મંજૂર કરવા તથા તે અંગે સઘળાં જરૂરી પગલાં લેવાની સત્તા કુલપતિશ્રીને આપવાનું તથા અંદાજખર્ચની મર્યાદામાં રહીને ખર્ચ કરવાની સત્તા તથા આ અંગેના અંદાજપત્રમાં ફાળવેલ રકમને જરૂર પડે તો એક મથાળેથી બીજા મથાળે ફેરફાર કરવાની સત્તા યુવક કલ્યાણ સમિતિના મંત્રીશ્રીને આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ખ) વધુમાં ઠરાવવામાં આવે છે કે, નાટય પ્રવૃત્તિ તાલીમ શિબિરનો આ સાથે જોડેલ સુધારેલ અંદાજ ખર્ચ (કુલ રૂ. ૫,૦૦૦) મંજૂર કરવા તથા તે પ્રમાણે ખર્ચ કરવાની સત્તા યુવક કલ્યાણ સમિતિના મંત્રીશ્રીને આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ગ) આથી ઠરાવવામાં આવે છે કે મનાલી તથા દાર્જિલિંગ ખાતે આવેલી સંસ્થાઓ તરફથી યોજાતા પ્રાથમિક કે એડવાન્સ કોર્સ માટે આ યુનિવર્સિટીના ઉપક્રમે કે ગુજરાત રાજ્યની પર્વતારોહણ તાલીમ સંસ્થાના ઉપક્રમે યોજાયેલ તાલીમ શિબિરોમાં તાલીમ લીધેલ વિદ્યાર્થીઓ પૈકી આ યુનિવર્સિટીના કોઈ વિદ્યાર્થીને પ્રવેશ મળે તો, આ વર્ષે વધુમાં વધુ છથી સાત વિદ્યાર્થીની મર્યાદામાં રહીને તેમને નીચેના ધોરણે આ માટે રૂ. ૧,૫૦૦ની અંદાજપત્રમાં જે જોગવાઈ કરી છે તેમાંથી આર્થિક સહાય આપવાની સત્તા કુલપતિશ્રીને આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(ધ) વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી માર્ગદર્શન કેન્દ્ર શરૂ કરવા માટે જરૂરી પગલાં લેવા તથા પ્રત્યેક સંલગ્ન કૉલેજમાં વિદ્યાર્થી માર્ગદર્શન કેન્દ્ર સ્થાપવાનું સૂચવવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(ય) આથી ઠરાવવામાં આવે છે કે ગાંધી વિચાર શિબિરના હેવાલની નોંધ લેવી અને સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીને જાણ માટે તે પરિપત્રિત કરવો તેમ જ સદરહુ શિબિરમાં થયેલ વ્યાખ્યાનો અંગે પુસ્તિકા પ્રકાશન કરવા માટે તથા તે અંગે જરૂરી પગલાં લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(છ) ત્યાર બાદ પ્રમુખશ્રીની મંજૂરીથી અધ્યાપકો માટે યુવક-નેતા અને વિદ્યાર્થીઓ માટે ગાંધીવિચાર શિબિરના હેવાલમાં થયેલ આવા પ્રકારના શિબિરો ચાલુ રાખવા અંગેનાં સૂચનો પર ચર્ચાવિચારણા થયા બાદ સિન્ડિકેટને નીચે પ્રમાણેની ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

(૧) ૨૫ અધ્યાપકો માટે દિવાળીની રજાઓમાં ૧૫ દિવસનો યુવક-નેતા તાલીમ શિબિર યોજવો અને આ યુવક-નેતા તાલીમ શિબિરમાં વિદ્યાર્થીઓ પણ સાથે તાલીમ માટે જોડાય એવી વ્યવસ્થા કરવી.

(૨) ૫૦ વિદ્યાર્થીઓ માટે દિવાળીની રજાઓમાં છથી સાત દિવસનો ગાંધીવિચાર શિબિર યોજવો.

(૩) ઉપરોકત બન્ને શિબિરનું સ્થળ શકય હોય તો તે એક જ રાખવું.

(૪) વિદ્યાર્થી શિબિરાર્થીઓ પાસેથી રૂ. ૧૦ અને અધ્યાપક શિબિરાર્થીઓ પાસેથી રૂ. ૨૫ અનામત તરીકે લેવાનું રાખવું.

(૫) યુવક-નેતા તાલીમ શિબિર તથા ગાંધીવિચાર શિબિરના કાર્યક્રમમાં પગપાળા પણ કાર્યક્રમ સમાવી લેવો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

(પર્વતારોહણ તાલીમ શિબિર તથા નાટય-પ્રવૃત્તિ તાલીમ શિબિરના અંદાજી ખર્ચની વિગતોની **નકલ પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૧૬૬. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) વિજ્ઞાન વિદ્યાભવનના રીડર ઇન ઝૂલોજી ડૉ. એમ. એસ. દુબલે નેશનલ કાઉન્સિલ ફૉર સાયન્સ એજ્યુકેશનના ઉપક્રમે ત્રણ માસ માટે અમેરિકા જતા હોઈ તેમના અમદાવાદથી દિલ્હી જવા-આવવા માટે હવાઈ પ્રવાસ મંજૂર કર્યાના;

(**નોંધ.**—આ અંગેનું ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવું તેમ યુ. જી. સી.એ તેના તા. ૫-૨-૧૯૬૯ના પત્રથી જણાવેલ છે.)

(૨) Corrosion Advisory Bureauના આશ્રયે મુંબઈ મુકામે Corrosion in Chemical Industryના તા. ૩-૨-૧૯૭૦થી તા. ૬-૨-૧૯૭૦ સુધીના સેમિનારમાં ભાગ લેવા માટે યુનિવર્સિટી તરફથી ડૉ. એ. એમ. ત્રિવેદી (પ્રોફેસર), તથા વિજ્ઞાન વિદ્યાભવન તરફથી ડૉ. એમ. એન. દેસાઈ (રીડર)ને મોકલ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૬૭. ઈન્ડિયન કેમિકલ સોસાયટી, ખડગપુર મુકામે તા. ૨૭-૧૨-૧૯૬૯થી યોજાયેલ પરિષદમાં ભવનના પ્રતિનિધિ તરીકે ગયેલ શ્રી. આઈ. જી. વશીને મુસાફરી દરમિયાન તેમ જ ખડગપુર પહોંચીને કીડનીના દુખાવાના કારણે હૉસ્પિટલમાં દાખલ થવું પડેલ અને તબીબી સલાહ અનુસાર તેઓશ્રીને વળતી મુસાફરી ટ્રેનમાં કરવી હિતાવહ ન હોવાથી હવાઈ મુસાફરી કરવી પડેલ હોઈ તેમની આ વળતી મુસાફરી માટે અપવાદ રૂપે હવાઈ ખર્ચ મંજૂર કરવા અંગેના તેમના તા. ૬-૧-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ**--ડૉ. આઈ. જી. વશીને નિયમ પ્રમાણે બીજા વર્ગનું મુસાફરી ભાડા ભથ્થું આપી શકાય અને આ હવાઈ ખર્ચ માટે આશરે રૂ. ૪૦૦નું વધારાનું ખર્ચ થાય.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આઈ. જી. વશીનું, ઉપર જણાવેલ વિશિષ્ટ સંજોગો જોતાં ખાસ કેસ તરીકે ખડગપુરથી અમદાવાદ સુધીનું હવાઈપ્રવાસ માટેનું રૂ. ૪૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૧૬૮. ઑડિ. ૬૬ લેઠળ રીડર ઈન સોશિયોલોજીની જગા પર સિન્ડિકેટના પ્રતિનિધિ તરીકે નિમાયેલ શ્રીમતી ઈરાવતી કર્વેએ આ જગા પર વરણીસમિતિના સભ્ય તરીકે કામ કરવાની અશક્તિ દર્શાવેલ હોઈ તેઓની જગાએ એક સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર શ્રીમતી ઈરાવતી કર્વેની ખાલી પડેલી જગ્યા પર ડૉ. આર. એન. સક્સેનાની નિમણૂક કરવી.

૧૬૯. ઑડિ. ૬૬ લેઠળ રીડર ઈન સ્ટેટિસ્ટિક્સની જગા પર સિન્ડિકેટના પ્રતિનિધિ તરીકે નિમાયેલા સર્વશ્રી ડૉ. સી. આર. રાવ અને ડૉ. એમ. સી. ચક્રવર્તીએ આ જગ્યા પર વરણીસમિતિના સભ્ય તરીકે કામ કરવા અશક્તિ દર્શાવેલ હોઈ તેઓની જગ્યાએ બે સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ડૉ. સી. આર. રાવ અને ડૉ. એમ. સી. ચક્રવર્તીની ખાલી પડેલી જગ્યાઓ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી :

(૧) ડૉ. એસ. કે. મિત્ર
(૨) ડૉ. વી. એસ. હુઝુરબજાર

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

૧૭૦. એમ.એસસી. આંકડાશાસ્ત્રની જૂના અભ્યાસક્રમ મુજબની વધુ એક પરીક્ષા લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ--એપ્રિલ ૧૯૭૦માં એમ.એસસી.માં આંકડાશાસ્ત્રની જૂના અભ્યાસક્રમ મુજબની વધુ એક પરીક્ષા લેવાનું રાખવું.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./પ્રેસ--૧૬૧૬/૧૯૭૦
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ--૯.
તા. ૧૨--૩--૧૯૭૦.

કં. ચં. પરીખ
કુલસચિવ

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૦૬

"સ્વ. પંડિત સાતવળેકર પારિતોષિક"

૧. દાતાનું નામ : માનદ મંત્રી, વેદમહર્ષિ પંડિત શ્રી. ડી. સાતવળેકર જન્મશતાબ્દી સત્કાર સમારંભ સમિતિ, 'માતૃછાયા', ૯, અધ્યાપક સોસાયટી, ગુલબાઈ ટેકરા, અમદાવાદ--૬.

૨. દાનની રકમ : રૂ. ૧૧,૦૦૦.

૩. દાનનો પ્રકાર : રોકડ રકમ આશરે રૂ. ૨૨૫નું પારિતોષિક.

૪. દાન સ્વીકારવાનું સિન્ડિકેટે તેની તા. ૧/૨--૩--૧૯૬૯ની સભામાં ઠરાવ નં. ૭૧થી મંજૂર કર્યું છે.

નિયમો

૧. "સ્વ. પંડિત સાતવળેકર પારિતોષિક" આશરે રૂ. ૨૨૫નું રોકડ રકમનું પારિતોષિક દર વર્ષે એમ.એ.ની પદવી પરીક્ષામાં મુખ્ય વિષય સંસ્કૃત લઈને પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થી ઐચ્છિક વિષય તરીકે "વેદ અને કંપેરેટિવ ફિલોલોજી"નાં પેપરોમાં સૌથી વધુ ગુણાંક મેળવી ઉત્તીર્ણ થશે તેને આપવામાં આવશે. જો ઐચ્છિક વિષય તરીકે વેદ અને કંપેરેટિવ ફિલોલોજીમાં કોઈ વિદ્યાર્થી બેઠેલ નહિ હોય તો ઐચ્છિક વિષય તરીકે વેદાન્તશાસ્ત્રમાં "શાંકરવેદાન્ત" લઈ તેમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને આપવામાં આવશે.

૨. પારિતોષિક વિજેતાનું નામ શક્ય હશે તો જે તે પરીક્ષાના પરિણામ વખતે જાહેર કરવામાં આવશે.

૩. પારિતોષિક આપવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો બાધ ગણવામાં આવશે નહિ.

૪. પ્રદાનની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૧૧૦

નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે તા. ૪/૫--૧--૧૯૬૯ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ નીમેલ સમિતિની એક સભા તા. ૧૯--૧--૧૯૭૦ ને સોમવારના રોજ બપોરના ૨--૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર
શ્રી. કે. એન. શાહ	હાજર
શ્રી. એમ. સી. શાહ	હાજર.

સભાનું પ્રમુખસ્થાન શ્રી. આર. જી. શાસ્ત્રીએ સંભાળ્યું હતું.

૧. સદરહુ સમિતિની તા. ૨૦--૬--૧૯૬૯ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી.

૨. દ્વારકા સિમેન્ટ ફેક્ટરીમાં નોકરી કરતાં કરતાં શ્રી. માધવલાલ મોહનલાલ શાહ તે જ સમય દરમ્યાન દ્વારકાથી ૫૯૦ કિલોમીટર દૂર આવેલી નડિયાદની સોનાવાલા લૉ કૉલેજમાં સેકન્ડ એલએલ.બી.ના વર્ગમાં સને ૧૯૬૮--૬૯ના વર્ષ દરમ્યાન અભ્યાસ કરતા હતા અને તે રીતે નોકરી અને અભ્યાસ એકસાથે કરી કૉલેજમાં ખોટી રીતે હાજરી પુરાવી હતી. તે અંગેની આવેલી અરજી પર કૉલેજના આચાર્યશ્રી તથા વિદ્યાર્થી તરફથી આવેલ જવાબો અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ કેસના કાગળો તેમ જ શ્રી. માધવલાલ શાહના તા. ૨૧--૭--૧૯૬૯ તથા તા. ૨૫-૭-૧૯૬૯ના પત્રો જોતાં શ્રી. માધવલાલ શાહને સદરહુ સમિતિની તા. ૧૪--૨--૧૯૭૦ ને શનિવારના રોજ બપોરે ૨ વાગ્યે મળનાર સભા સમક્ષ હાજર રહેવા જણાવવાનું ઠરાવ્યું.

૩. હિંમતનગરમાં કલેક્ટરના સ્ટેનો તરીકે નોકરી કરતાં કરતાં શ્રી. રમણલાલ વિઠ્ઠલદાસ સોની તે જ સમય દરમ્યાન હિંમતનગરથી ૧૦ માઈલ દૂર આવેલ અમદાવાદની ન્યૂ લૉ કૉલેજમાં ફર્સ્ટ એલએલ.બી.ના વર્ગોમાં સને ૧૯૬૭--૬૮ના વર્ષ દરમ્યાન અભ્યાસ કરતા હતા, અને તે રીતે નોકરી અને અભ્યાસ એકસાથે કરી તેમણે કૉલેજમાં ખોટી રીતે હાજરી પુરાવી હતી. તે અંગેની આવેલી અરજી પર કૉલેજના આચાર્યશ્રી તથા કલેક્ટર તથા વિદ્યાર્થી તરફથી આવેલ જવાબો અંગે વિચારણા કરવા બાબત.

સમગ્ર કેસની વિગતો ધ્યાનમાં લેતાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) શ્રી. સોની રમણલાલને પત્ર લખી પુછાવવું કે તેઓ જે સ્કૂટર પર હિંમતનગરથી અમદાવાદ કૉલેજમાં હાજરી આપવા માટે અવરજવર કરતા હતા તે સ્કૂટર કોની માલિકીનું હતું, તે સ્કૂટરનો નંબર તથા લાઈસન્સ નંબર શો હતો તથા ફર્સ્ટ એલએલ.બી.ની પરીક્ષા પાસ કરી સેકન્ડ એલએલ.બી. માટે કઈ કૉલેજમાં દાખલ થઈ તેનો ભર્યા છે ?

(૨) ન્યૂ લૉ કૉલેજના આચાર્યશ્રીને પુછાવવું કે શ્રી. રમણલાલ સોની જ્યારે જ્યારે કૉલેજમાં મોડા પડતા ત્યારે ત્યારે તેમને કેટલા સમયની મર્યાદામાં મોડા આવવાનું ચલાવી લઈને વર્ગમાં બેસવા દેતા હતા? કૉલેજના પ્રથમ એલએલ.બી.ના વર્ગો કયારે શરૂ થતા અને કયારે પૂરા થતા હતા ?

(૩) ગુજરાત સરકારના માહિતી ખાતાને પત્ર લખી પુછાવવું કે ૧૯૬૭--૬૮ના વર્ષ દરમિયાન સાબરકાંઠા જિલ્લાના કલેકટર કોણ હતા અને અત્યારના કલેકટર શ્રી. જે. પી. રાવલ સાબરકાંઠા જિલ્લાના કલેકટર કયારથી નિમાયા છે ?

૪. કેન્ટોનમેન્ટ હાઈસ્કૂલ, સાબરમતીમાં શિક્ષક તરીકે નોકરી કરતાં કરતાં શ્રી. શંકરલ લ ડી. પ્રજાપતિએ અમદાવાદની આર્ટ્સ કૉલેજમાં થર્ડ બી.એ.ના વર્ગમાં સને ૧૯૬૭--૬૮ના વર્ષ દરમિયાન ખોટી હાજરી પુરાવી સત્રો મંજૂર કરવા બાબત.

સદરહુ કેસના કાગળો જોઈતપાસી, મણિનગરની બેસ્ટ હાઈસ્કૂલના હેડમાસ્તરને પત્ર લખી શ્રી. શંકરલાલ પ્રજાપતિ તેમની હાઈસ્કૂલમાં કયા વર્ષથી કયા વર્ષ સુધી નોકરી કરતા હતા તથા તેમનો નોકરીનો સમય તેમ જ તેમણે અભ્યાસ કરવાની પરવાનગી માગેલી કે કેમ તે વિગતો પુછાવવાનું ઠરાવવામાં આવ્યું.

૫. ધર્મેન્દ્રસિંહજી આર્ટ્સ એન્ડ એ. એમ. પી. લૉ કૉલેજ, રાજકોટમાં વર્ષ ૧૯૫૮--૫૯, ૧૯૫૯ તથા ૧૯૬૦--૬૧ના વર્ષ દરમિયાન શ્રી. એફ. આઈ. કાદિયાણી નામના વિદ્યાર્થીએ એમ.એ.ના વર્ગમાં ખોટી હાજરી પુરાવ્યા બાબત.

ઉપરોકત કેસમાં સદરહુ સમિતિની તા. ૧૬--૧--૧૯૬૯ના ઠરાવ મુજબ "લાંચરૂશવત વિરોધી ખાતા" પાસેથી શ્રી. કાદિયાણીએ કયાં કયાં ગામોએ કામ કરેલ છે અને તે દિવસોમાં રોજનું કેટલું ભથ્થું ભાડું લીધેલ છે તથા તેના માઈલેજ તેમ જ જે સ્થળે ગયા હોય તે સ્થળનું નામ, તે ગામનું નામ તથા તે ગામમાં રોકાણનો સમય તેમ જ તે ગામ રાજકોટ અને ધોળથી કેટલા માઈલના અંતરે છે તે માહિતી તેમ જ શ્રી. કાદિયાણી પાસે કોઈ વાહન હતું કે કેમ તે બધી માહિતી મંગાવવામાં આવી હતી અને શ્રી. કાદિયાણીને તેમના તા. ૨૯--૭--૧૯૬૮ના પત્રમાં દર્શાવેલ મુદ્દાઓ સાથે આ સમિતિ સંમત થઈ શકતી નથી તે જણાવવામાં આવ્યું, અને વધુમાં લાંચરૂશવત વિરોધી ખાતાના નિયામકશ્રીના તા. ૩--૯--૧૯૬૯ના પત્રમાં દર્શાવેલ તારીખોની વિગત જણાવી પુછાવ્યું કે ધર્મેન્દ્રસિંહજી કૉલેજના અનુસ્નાતક અભ્યાસક્રમના કેન્દ્રમાં તેઓએ આ દિવસોની હાજરી આપી નથી, કારણ કે તે દિવસોમાં તેમણે જુદાં જુદાં ગામોએ મુકામ કરી સરકારી કામગીરી બજાવેલી છે.

સદરહુ કેસના તમામ કાગળો જોતાં તેમ જ એમ.એ.ના જૂના કોર્સનો અભ્યાસક્રમ બંધ થયો હોઈ તથા સદરહુ વિદ્યાર્થી હજુ એમ.એ.ની પરીક્ષામાં બેઠો નથી એ વિગતો લક્ષમાં લેતાં આ વિદ્યાર્થી અંગેના કાગળો ફાઈલ કરવા એમ ઠરાવવામાં આવ્યું.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૧૩૦

ફાઇનાન્સ સમિતિની તા. ૧૩-૨-૧૯૭૦ની સભાની સિન્ડિકેટને ભલામણ

પ્રી-યુનિવર્સિટી વર્ગો માટે ૧૯૭૧-૭૩નાં વર્ષો માટે અંગ્રેજી ગદ્યપદ્યસંગ્રહના પ્રકાશનનું વેચાણ બહારના પ્રકાશકોને સોંપવા મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટીના વર્ગો માટે ૧૯૭૧--૭૩નાં વર્ષો માટે અંગ્રેજી ગદ્યપદ્યસંગ્રહના મુદ્રણ, પ્રકાશન, વેચાણ વગેરે અંગે પ્રકાશકો તરફથી આવેલાં ચાર ટેન્ડરો પૈકી મેસર્સ બી. એસ. શાહની કંપની, અમદાવાદને સદરહુ પ્રકાશનોનું કામ રોયલ્ટીના ૪૩.૫ ટકાના દરથી (જે દર તેઓએ ૧૯૬૮-૭૦નાં વર્ષો માટે આપ્યો હતો) ટેન્ડરની શરતોને આધીન રહીને સોંપવું.

DRAFT AGREEMENT TO BE EXECUTED BY PUBLISHER OF THE GUJARAT UNIVERSITY SELECTIONS IN ENGLISH FOR 1971-73

AGREEMENT made this _____ day of _____ 197 between Gujarat University, Ahmedabad-9 having its principal office at Navrangpura, Ahmedabad-9 (hereinafter called the party of the First Part and _____ a company registered under the Indian Companies Act with its Head Office at _____ _____ or a partnership firm registered under the Indian Partnership Act by its partner _____ _____ hereinafter called the Company/Contractor, which expression shall unless repugnant to the context or meaning thereof, mean and include the said Company/Contractor (or the firm as the case may be) its assigns and members constituting the said Company/Contractor (or the firm) from time to time, their respective heirs, executors, administrators and assigns of the Second Part, and

_____ _____ _____ Manager and Proprietor of the _____ _____ _____ Press having the office at _____ _____ hereinafter called as "Contractor" which will include assigns, heirs, administrators etc. of the Second Part.

Whereas the Gujatat University on _____ calles for tenders for printing, publication, production, distribution and sale of copies of the Selection in English for Pre-University Examinations from March 1971 to October 1973 (inclusive).

AND WHEREAS the Company/Contractor has duly submitted their tender on_____

AND WHEREAS the said Company/Contractor has agreed with the Gujarat University to print, publish, produce a distribute and sell copies of Selection in English prescribed for the Pre-University Examinations on the following terms and conditions:

NOW THEREFORE it is hereby agreed by these presents between the parties :

(1) That a fair manuscript copy of the Selection shall be supplied to the Company /Contractor by the Gujarat University.

(2) That the Company/Contractor shall treat the Selection as strictly confidential and shall not print or publish and shall not allow to be printed or published translations, annotations, commentaries or guides in connection or any part of the Selection printed or published by the Company/Contractor of this condition the Company/Contractor shall be liable to pay damages to the Gujarat University without prejudice to other legal right of the Gujarat University and for this purpose the term Company shall include any partner or *Director of the Company*/Contractor in his individual capacity or other firm or Company/Contractor having any interest in the party of the Second Part.

(3) That the party of the Second Part bear all financial responsibilities of the printing and publication of the Selection in English for Pre-University Classes including the payment of copyright cost, etc., to those concerned for the said book.

Infringement of copyright of the University's Selection shall be prevented and protected by the Company/Contractor at its own expenses. The Company/ Contractor shall be exclusively liable for the breach of copyright in any article or piece selected and printed and the Company/Contractor shall indemnity the Gujarat University for any lots or damage the Gujarat University may suffer for breach of copyright,

(4) That the paper (to be supplied by the Company/Contractor) shall be as set out in the memorandum of conditions and shall be subject to the approval of the Registrar, Gujarat University from time to time.

(5) That the Selection shall be printed in the type and scripts as specified in the memorandum of conditions and the binding shall also be as per specifications given in the said memorandum. The binding and get up will be subject to the approval of the Registrar, Gujarat University.

(6) That the Company/Contractor shall provide for efficient general supervision of the publication while it is in the press with due regard to secrecy, time-schedule, proof correction and carrying out of other directions in this behalf given to the Company/Contractor from time to time by the Registrar, Gujarat University.

(7) That the Company/Contractor shall appoint at its own cost proof correctors but the final proof shall be submitted by the Company/Contractor to the Gujarat University or any person appointed on its behalf by the Gujarat University for reading proofs, according to a time-schedule to be fixed by the Gujarat University and the Company/Contractor shall not undertake the final printing unless and until the final proofs thereof has been approved by the Gujarat University and the print order given by the University or its authorized agents in this behalf.

The following candidates have been found to be suitable for the post of Professor of Philosophy. We are, therefore, glad to recommend the following in order of priority for appointment to the post of the Professor of Philosophy :

1. Dr. S. S. Barlingay
2. Dr. N. V. Joshi.

Umashankar Joshi
D. M. Patel
Dr. A. G. Javdekar.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૪

સિન્ડિકેટની વરણીસમિતિની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૨૩--૨--૧૯૭૦ના રોજ ૧૨--૩૦ વાગ્યે તથા તા. ૨૪--૨--૧૯૭૦ના રોજ ૧૨--૩૦ વાગ્યે સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન ઇકોનોમિક્સ અને લેક્ચરર ઇન સોશિયોલોજી, વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન મૅથેમેટિક્સ, મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન સાયકોલોજી અને ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર ઇન ગુજરાતીની જગ્યાઓ માટે ઉમેદવારોની મુલાકાત લઈને પોતાની ભલામણો રજૂ કરવા માટે મળી હતી.

પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૩--૨--૧૯૭૦	તા. ૨૪--૨--૧૯૭૦
૧.	શ્રી. ઉમાશંકર જે. જોશી	હાજર	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર	ગેરહાજર
૩.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૪.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૫.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર	હાજર
૭.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર	ગેરહાજર
૮.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૯.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૧૦.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	ગેરહાજર
૧૧.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	ગેરહાજર	હાજર
૧૩.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર	હાજર
૧૪.	આચાર્ય ઊર્મિલાબેન ચિમનભાઈ પટેલ	હાજર	હાજર
૧૫.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૧૬.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રાણદીવે	ગેરહાજર	ગેરહાજર.

(૧) **લેક્ચરર ઇન ઇકોનોમિકસ** — શ્રી. એમ. એસ. ત્રિવેદીએ રાજીનામું આપતાં ખાલી પડેલ જગ્યા સહિત કુલ **બે જગ્યાઓ**

લેક્ચરર ઇન ઇકોનોમિકસની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. એ. કે. દવે	ગેરહાજર
૨. શ્રી. પી. કે. દવે	હાજર
૩. શ્રી. આર. એસ. જયસ્વાલ	હાજર
૪. શ્રી. કે. જી. મુનશી	હાજર
૫. શ્રીમતી એલ. બી. પંડ્યા	હાજર
૬. શ્રી. આર. સી. પોપટ	ગેરહાજર
૭. શ્રી. બી. જે. સંગનકર	હાજર
૮. શ્રી. આર. એલ. સંઘવી	ગેરહાજર
૯. શ્રી. જે. કે. શાહ	ગેરહાજર
૧૦. શ્રી. એસ. સીંગ	હાજર
૧૧. શ્રી. બી. એન. મુલે	હાજર
૧૨. શ્રી. જે. એચ. પટેલ	હાજર
૧૩. શ્રી. એચ. વી. સુથાર	હાજર
૧૪. શ્રી. એમ. બી. પાટીલ	ગેરહાજર
૧૫. શ્રી. એમ. એસ. રાજ	હાજર
૧૬. શ્રી. પી. એમ. ઉપાધ્યાય	હાજર.

નિષ્ણાત તરીકે સમાજવિદ્યા ભવનના કાર્યકારી અધ્યક્ષ પ્રો. ડી. એન. પાઠક તથા અર્થશાસ્ત્રના માનાર્હ પ્રાધ્યાપક પ્રો. ડી. ટી. લાકડાવાલાને બોલાવવામાં આવ્યા હતા. પ્રો. લાકડાવાલા હાજર રહ્યા હતા, જ્યારે પ્રો. પાઠક બહારગામ હોવાને કારણે હાજર રહી શકયા નહોતા.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના ઉમેદવારોને ક્રમાનુવર્તી રૂ. ૪૦૦–૪૦–૮૦૦–૫૦–૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૪૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે ભલામણ કરવી :

ક્રમાંક	નામ	મૂળ માસિક પગાર
૧.	શ્રી. પ્રમોદરાય દવે	રૂ. ૪૦૦
૨.	ડૉ. એચ. વી. સુથાર	રૂ. ૪૦૦
૩.	શ્રી. એમ. એસ. રાજ	રૂ. ૪૦૦.

(૨) લેકચરર ઇન સાયકોલોજી — એક જગ્યા

લેક્ચરર ઇન સાયકોલોજીની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. એમ. એમ. દવે	હાજર
૨. ડૉ. એ. એન. દેસાઈ	હાજર
૩. શ્રી. યુ. એ. કાપડિયા	હાજર

૪. શ્રી. એસ. સી. કાનાવાલા ગેરહાજર
૫. શ્રી. એમ. બી. માથુર ગેરહાજર
૬. શ્રી. એમ. એમ. પટેલ હાજર
૭. શ્રી. એન. એમ. પરીખ હાજર
૮. શ્રી. એસ. ડી. પાઠક હાજર
૯. શ્રીમતી કમલેશ કપૂર ગેરહાજર
૧૦. શ્રી. કે. કે. શુકલ હાજર
૧૧. શ્રીમતી મીરાં યાદવ ગેરહાજર
૧૨. શ્રી. એસ. એન. દવે હાજર.

નિષ્ણાત તરીકે મનોવિજ્ઞાન વિદ્યાભવનના કાર્યકારી અધ્યક્ષ ડૉ. કે. જી. દેસાઈ તથા માનસશાસ્ત્ર વિષયના રીડર ડૉ. સી. ટી. ભોપટકર નિમંત્રણથી હાજર રહ્યા હતા.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા બાદ સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"આથી ઠરાવવામાં આવે છે કે નીચેના ઉમેદવારોને ક્રમાનુવર્તી રૂ. ૪૦૦–૪૦–૮૦૦–૫૦–૧૫૦ના પગારધોરણમાં તેમનાં નામ સામે બતાવેલ મૂળ માસિક પગારથી બે વર્ષના અજમાયશ ધોરણે નીમવા માટે ભલામણ કરવી :

ક્રમાંક	નામ	મૂળ માસિક પગાર
૧.	શ્રી. એન. એમ. પરીખ	રૂ. ૫૨૦
૨.	શ્રી. એસ. ડી. પાઠક	રૂ. ૪૦૦.

(૩) લેક્ચરર ઇન મૅથેમેટિક્સ—એક જગ્યા

લેક્ચરર ઇન મૅથેમેટિક્સની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા:

૧. શ્રી. ડી. બી. ભાવસાર ગેરહાજર
૨. શ્રી. આર. એસ. દેસાઈ ગેરહાજર
૩. શ્રી. એલ. કે. પટેલ હાજર
૪. શ્રી. કે. આર. દવે હાજર.

નિષ્ણાત તરીકે વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્રના રીડર શ્રી. એચ. એન. રાવળ હાજર રહ્યા હતા.

(નોંધ.—વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. પી. સી. વૈદ્ય પરદેશ ગયેલ છે.)

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા બાદ સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના ઉમેદવારોને ક્રમાનુવર્તી રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૪૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે ભલામણ કરવી :

૧. શ્રી. એલ. કે. પટેલ
૨. શ્રી. કે. આર. દવે.

(૪) લેક્ચરર ઇન સોશિયોલોજી--એક જગ્યા, જૂન ૧૯૭૦થી પૂરવાની છે તે સહિત કુલ બે જગ્યાઓ

લેક્ચરર ઇન સોશિયોલોજીની જગ્યાઓ માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. ડી. બી. દેસાઈ હાજર
૨. શ્રી. પી. કે. સક્સેના ગેરહાજર
૩. શ્રી. કે. એલ. શર્મા હાજર.

નિષ્ણાત તરીકે સમાજવિદ્યા ભવનના કાર્યકારી અધ્યક્ષ પ્રો. ડી. એન. પાઠક તથા સમાજશાસ્ત્રનાં પ્રાધ્યાપક ડૉ. તારાબેન એન. પટેલ નિમંત્રણથી હાજર રહ્યાં હતાં.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા બાદ સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના બે ઉમેદવારોને સરખા ગણીને (Bracket કરીને) તેમની યથાયોગ્ય નિમણૂક રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૧૦-૯૧૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૪૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે ભલામણ કરવી :

૧. શ્રી. ડી. બી. દેસાઈ
૨. શ્રી. કે. એલ. શર્મા.

(૫) લેક્ચરર ઇન ગુજરાતી—એક જગ્યા

લેક્ચરર ઇન ગુજરાતીની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧.	શ્રી. સી. પી. ભટ્ટ	ગેરહાજર
૨.	શ્રી. આર. એમ. ભટ્ટ	હાજર
૩.	શ્રી. કે. એલ. બ્રહ્મભટ્ટ	હાજર
૪.	શ્રી. જે. જે. દવે	હાજર
૫.	શ્રી. આર. વી. દવે	હાજર
૬.	શ્રી. ડી. એમ. માસ્ટર	હાજર
૭.	શ્રી. સી. સી. મોદી	હાજર
૮.	શ્રી. આર. એસ. નાયક	ગેરહાજર
૯.	શ્રી. જે. એન. પરમાર	હાજર
૧૦.	શ્રી. બી. આર. પટેલ	હાજર
૧૧.	શ્રી. એસ. જી. રાલી	હાજર
૧૨.	શ્રી. સી. ટી. શેઠ	હાજર
૧૩.	શ્રી. એચ. ટી. ઠક્કર	હાજર
૧૪.	શ્રી. સી. એ. ટોપીવાલા	હાજર.

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા બાદ સમિતિએ નીચે મુજબ ઠરાવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના ઉમેદવારોને ક્રમાનુવર્તી રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૧૦-૯૧૦ના પગાર-ધોરણમાં તેમનાં નામ સામે બતાવેલ મૂળ માસિક પગારથી બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે ભલામણ કરવી :

ક્રમાંક	નામ	મૂળમાસિક પગાર
૧.	શ્રી. એ. એલ. બ્રહ્મભટ્ટ	રૂ. ૫૬૦
૨.	શ્રી. એસ. જી. રાલી	રૂ. ૫૨૦.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૮

Sr. No.	*Description of work*	*Type of work*	*Rate: Rs.*
1.	Upto 6 cm. × 3 cm. size. Aluminium brass, copper plate cutting 22 to 26 SWG	Uniform	25/- 1000 pcs.
2.	Upto 6 cm. × 3 cm. size. Aluminium brass, copper plate cutting 18 to 20 SWG	,,	30/- ,,
3.	6 cm. × 3 cm. size. Aluminium brass, copper plate drilling 22–26 SWG	,,	25/- ,,
4.	6 cm. × 3 cm.. size. Aluminium brass, copper plate drilling 18 to 20 SWG	,,	30/- ,,
5.	6 cm. × 3 cm. size. Stainless steel plate cutting 22 to 26 SWG	,,	30/- ,,
6.	6 cm. × 3 cm. size. Stainless steel plate cutting 18 to 20 SWG	,,	35/- ,,
7.	6 cm. × 3 cm. size. Stainless steel plate drilling 22 to 26 SWG	,,	35/- ,,
8.	6 cm. × 3 cm. size. Stainless steel plate drilling 18 to 20 SWG	,,	35/- ,,
9.	Vacuum pump serving	,,	15/- ,,
10.	Vacuum pump serving overhauling	,,	50/- ,,
11.	Vacuu m pump serving repairing	Non-uniform	Ad-hoc
12.	Electric motor servicing	Uniform	15/-
13.	Electric motor servicing overhauling	,,	50/-
14.	Electric motor servicing repairing	Non-uniform	Ad-hoc
15.	Exhaust fan servicing	Uniform	5/-
16.	Exhaust fan servicing overhauling	,,	25/-
17.	Exhaust fan servicing repairing	,,	Ad-hoc
18.	Table fan servicing	Uniform	5/-

S.No. Description of work	*Type of work*	*Rate Rs.*
19. Table fan servicing overhauling	Uniform	25/-
20. Table fan servicing repairing	Non-uniform	Ad-hoc
21. Ceiling fan servicing	Uniform	5/-
22. Ceiling fan servicing overhauling	,,	25/-
23. Ceiling fan servicing repairing	Non-uniform	Ad-hoc
24. Electric services to the fittings	Uniform	2/-
25. Electric switch board repairing	Non-uniform	Ad-hoc
26. Repairing of hot plates	-do-	,,
27. Ovens repairing	-do-	,,
28. Auto clave repairing	-do-	,,
29. Garden scissors sharpening	Uniform	0 · 50
30. Garden scissors sharpening repairing	Non-uniform	Ad-hoc
31. Garden shovels sharpening	Uniform	0.75
32. Garden shovels repairing	Non-uniform	Ad-hoc
33. Garden Khurpies sharpening	Uniform	0.40
34. Garden Khurpies repairing	Uniform	2/-
35. Lawn movers servicing	Uniform	5/-
36. Lawn movers repairing	Non-uniform	Ad-hoc
37. Gas burners servicing	Uniform	5/-
38. Gas burners repairing	Non-uniform	Ad-hoc
39. Microscope servicing	Uniform	15/-
40. Microscope repairing	Non-uniform	Ad-hoc
41. Microtome servicing	Uniform	10/-
42. Microtome repairing	Non-uniform	Ad-hoc
43. Centrifug seervicing	Uniform	15/-
44. Centrifuge repairing	Non-uniform	Ad-hoc
45. Calculating machine servicing	Uniform	25/-
46. Calculating machine repairing	Non-uniform	Ad-hoc
47. Muffle furnace repairing	,,	,,
48. Projector repairing	,,	,,
49. Gates repairing	,,	,,
50. Electric clock oiling & servicing	Uniform	5/-

S.No. Gescription of work	*Type of work*	*Rate Rs.*
51. Electric clock oiling & repairing	Non-uniform	Ah-hoc
52. Distillation plant repairing	,,	,,
53. Rubber cork drilling as per required size	Uniform	0.30
54. University tower clock rewinding and servicing	,,	25/- month
55. University tower clock repairing	Non-uniform	Ad-hoc
56. Any type of machine repairing of University Press	,,	,,
57. Any type of fabrication work of equipments	,,	,,
58. Water valve repairing	,,	,,
95. Replacement of water cocks	Uniform	2/-
60. Replacement cock washers	,,	0.50
61. Any type of lathe work	Non-uniform	Ad-hoc
62. Any type of drilling work	,,	,,
63. Any type of shaping work	,,	,,
64. Any type of cutting work	,,	,,
65. Any type of welding work	,,	,,
66. Supervising and general checking of air conditioning plants of Botany Department	Uniform	50/-p.m.
67. Draft tenders preparing for electric installation	Non-uniform	Ad-hoc
68. Draft tenders preparing for telephone lines	,,	Ad-hoc
69. Supervising the electric contractor's work and electric installation	,,	,,

Note.—Rates for all the undefined and non-uniform work and immergency work shall be decided by the Director, University School of Sciences.

પરિશિષ્ટ "છ"
ઠરાવઠરાવ ક્રમાંક ૨૦

"PRINCIPAL SHRI M. C. DESAI GOLD MEDAL" ENDOWMENT

1. *The name of the Donor :* Principal Shri M. C. Desai, H. A. College of Commerce, Ellisbridge, Ahmedabad–6.
2. *The amount of the Donation :* Amount of Rs. 7,000/- in cash and additional amount of Rs. 350/- in cash for the current year.
3. *Desciption of the Award :* One Gold Medal of about Rs. 200/-
4. Accepted under Syndicate Resolution No. 28, dt. 20/11–1–1970.

RULES

1. A Gold Medal in the name of "Principal Shri M. C. Desai Gold Medal" of the value of about Rs. 200/- shall be awarded in the subject of Economics annually to a teacher who is working in any affiliated college of the University or a recognised institution of the University or any post-graduate department of the Gujarat University and whose Research work published during the year preceding the convocation is adjudged to be of the highest merit, by a special committee of experts who have made their mark in their respective fields of work. This committee shall be appointed by the Syndicate of the Gujarat University every year and the decision of the committee in the matter shall be final.

2. The Medal shall be awarded irrespective of the winner's caste, creed, sex or community.

3. The Medal shall, as far as possible & be presented to the winner at the Annual Convocation of the University.

4. The annual income of the Endowment shall be subject to a deduction of 5 per cent as contribution to the General Fund of the University.

પરિશિષ્ટ "જ"
જ ક્રમાંક ૨૧

અનુસ્નાતક અભ્યાસ માટે ઉપલબ્ધ શિષ્યવૃત્તિઓ અને સંશોધન શિષ્યવૃત્તિઓ માટેની અરજીઓ ઉપર વિચારણા કરી પોતાની ભલામણો રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની વર્ષ ૧૯૬૯–૭૦ની બીજી સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં શુક્રવાર, તા. ૨૦–૨–૧૯૭૦ના રોજ બપોરના ૨–૦૦ વાગ્યે કુલપતિશ્રી ઉમાશંકર જોશીના અધ્યક્ષપદે મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિ	હાજર
૨. શ્રી. સી. એલ. શાસ્ત્રી	હાજર
૩. શ્રી. એલ. ડી. દવે	હાજર
૪. શ્રી. કે. એમ. તલાટી	હાજર
૫. શ્રી. ડી. એન. પાઠક	હાજર
૬. શ્રી. કે. જી. દેસાઈ	હાજર
૭. શ્રી. જે. જે. ચિનોય	હાજર
૮. શ્રી. એમ. એસ. પંડિત	હાજર
૯. શ્રી. વાય. જી. નાયક	ગેરહાજર.

૧. તા. ૧૨–૯–૧૯૬૯ના રોજ મળેલી સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની નોંધ મંજૂર કરવા બાબત.

સંશોધન શિષ્યવૃત્તિ સમિતિની તા. ૧૨–૯–૧૯૬૯ના રોજ મળેલી સભાના કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. વર્ષ ૧૯૬૯–૭૦ દરમ્યાન આ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. પદવી માટે નોંધાયેલ વિદ્યાર્થીને ગુજરાત યુનિવર્સિટીની આપવાની બાકી રહેલી રૂ. ૨૫૦ની એક એવી ૫ શિષ્યવૃત્તિઓ કોને આપવી તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તા. ૧–૧–૧૯૭૦થી મજકૂર સ્કૉલરશિપની રકમ રૂ. ૨૦૦થી વધારીને રૂ. ૨૫૦ની કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે (૧) નીચેના વિદ્યાર્થીઓને યુનિવર્સિટીની પીએચ.ડી. સંશોધન શિષ્યવૃત્તિઓ તેઓ જે તારીખથી પીએચ.ડી. પદવી માટે નોંધાય તે તારીખથી તેમના સંશોધનકાળ દરમ્યાન નોકરી કે અન્ય

કોઈ વ્યવસાય કરશે નહિ તે શરતે તથા મજકૂર સંશોધન શિષ્યવૃત્તિઓ અંગેની શરતો નિયમોને આધીન રહી બે વર્ષ માટે એનાયત કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	કૉલેજ–સંસ્થા	શિષ્યવૃત્તિની મુદત
૧.	શ્રી. અન્સારી મુનીરઅહમદ અબ્દુલગફ્ફાર	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ--૯	તા. ૧૫--૬--૧૯૬૯થી તા. ૧૪--૬--૧૯૭૧ સુધી
૨.	શ્રી. દીક્ષિત વીરેન્દ્રદાસ મોહનલાલ	એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદ	તા. ૧૬--૬--૧૯૬૯થી તા. ૧૫--૬--૧૯૭૧સુધી
૩.	શ્રીમતી બદામી ચારુલતા હરકાન્ત	યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકોલોજી, ફિલોસોફી ઍન્ડ એજ્યુકેશન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ--૯	તેઓને જે તારીખથી નોંધવામાં આવે તે તારીખથી
૪.	શ્રી. પટેલ ધીરુભાઈ રાવજીભાઈ	બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	,,
૫.	શ્રી. સક્સેના રાજેન્દ્રબિહારી હરપ્રસાદ	યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયન્સીઝ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ--૯	,,

(૨) આથી ઠરાવવામાં આવે છે કે નીચેના બે વિદ્યાર્થીઓ, જેમને આ અગાઉ પીએચ.ડી. સંશોધન શિષ્યવૃત્તિ આપવામાં આવેલી હતી અને આ વખતે તે મેળવવા માટે અરજી કરી છે, તેમને શિષ્યવૃત્તિઓ આપવાની તેમની વિનંતી ન સ્વીકારવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	અગાઉ સ્કૉલરશિપ મળ્યાનો સમય
૧.	શ્રી. મિસ્ત્રી નગીનભાઈ નાથુભાઈ	૧૯૬૬--૬૭થી ૧૯૬૯ સુધી
૨.	શ્રી. દેસાઈ અશ્વિનભાઈ પ્રેમચંદ	તા. ૧૪--૭--૧૯૬૬થી તા. ૧૩--૭--૧૯૬૯ સુધી

(૩) નીચે જણાવેલ વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલ શિષ્યવૃત્તિની રકમ તેઓએ સંશોધનકાર્ય પૂરું કર્યું નહિ હોવાથી તેમનાં નામ સામે જણાવેલ ચૂકવવામાં આવેલ રકમ પરત લેવા અંગે કુલપતિશ્રીએ કરેલ કાર્યવાહીની નોંધ લેવા બાબત :

ક્રમાંક	નામ તથા સંસ્થા	સ્કૉલરશિપનો પ્રકાર તથા આપ્યાનું વર્ષ	ચૂકવેલ રકમ, જે પરત લેવાની થાય છે તે
૧.	શ્રી. શાહ સુમતિલાલ મણિલાલ, એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯	માસિક રૂ. ૨૫૦ યુ.જી.સી.ની સ્કૉલરશિપ, ૧૯૬૮--૧૯૬૯	રૂ. ૩,૦૦૦
૨.	શ્રી. જોશી ઇન્દ્રશંકર મણિશંકર, ભો. જે. વિદ્યાભવન, અમદાવાદ--૯	માસિક રૂ. ૨૦૦ની યુનિવર્સિટીની સ્કૉલરશિપ, ૧૯૬૭--૧૯૬૮	રૂ. ૨,૪૦૦

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૪. વર્ષ ૧૯૬૯--૭૦ દરમ્યાન જે વિદ્યાર્થીઓને યુ.જી.સી.ની માસિક રૂ. ૨૫૦ ની એક એવી સાત શિષ્યવૃત્તિઓ આપી હતી, તેમાંથી નીચેના વિદ્યાર્થીઓએ એક યા બીજા કારણે અસ્વીકાર કર્યો હોવાથી તે ખાલી પડેલી શિષ્યવૃત્તિઓ કોને આપવી તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	સંસ્થા
૧.	શ્રી. ઠાકર ભરતરાય ચૂનીલાલ	યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ--૯
૨.	શ્રીમતી જાની વંદનાબેન મહેન્દ્રભાઈ	" " "

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત બંને વિદ્યાર્થીઓને તેમની રજિસ્ટ્રેશનની તારીખથી તા. ૨૧–૧૨--૧૯૬૯ સુધી યુનિવર્સિટીની શિષ્યવૃત્તિ અને તા. ૨૨--૧૨--૧૯૬૯થી ત્રણ વર્ષ માટે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનની શિષ્યવૃત્તિ આપવા માટે અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની શિષ્યવૃત્તિની રકમમાંથી યોગ્ય માસિક હપતાઓમાં યુનિવર્સિટીની શિષ્યવૃત્તિની રકમ વસૂલ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. નીચેના વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલા વર્ષમાં યુનિવર્સિટીની માસિક રૂ. ૨૦૦ની શિષ્યવૃત્તિ આપવામાં આવેલી, પરંતુ ત્યાર પછી તેમના તરફથી તેમના કાર્યનો પ્રગતિ-હેવાલ કે વધુ મુદત મેળવવાની માગણી આવેલી નહિ હોવાથી તેમના વિશે શાં પગલાં લેવાં તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ તથા કૉલેજ	શિષ્યવૃત્તિનો પ્રકાર	શિષ્યવૃત્તિ આપ્યાનું વર્ષ	ચૂકવવામાં આવેલ રકમ
૧.	શ્રી. બી. ડી. અંજારિયા, યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવન	ગુજરાત યુનિવર્સિટી માસિક રૂ. ૧૦૦/--	૧૯૫૯--૧૯૬૦	
૨.	શ્રી. આર. આર. જોશી, યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવન	"		
૩.	શ્રી. વી. કે. મહેતા, યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન	"	૧૯૬૦--૧૯૬૧	
૪.	શ્રી. આર. એન. પરીખ, ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન	"	"	
૫.	શ્રી. સી. આઈ. પટેલ, એલ. ડી. આર્ટ્સ કૉલેજ	ગુજરાત યુનિવર્સિટી માસિક રૂ. ૨૦૦	૧૯૬૧--૧૯૬૨	
૬.	કુ. દિવ્યા માલિની મંકોડી, ગુજરાત કૉલેજ	"	"	
૭.	શ્રી પી. જે. પટણી, એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટયૂટ	"	"	
૮.	શ્રી વાય. એમ. મહેતા, જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ	"	૧૯૬૨--૧૯૬૩	

ક્રમાંક	નામ તથા કૉલેજ	શિષ્યવૃત્તિનો પ્રકાર	શિષ્યવૃત્તિ આપ્યાનું વર્ષ	ચૂકવવામાં આવેલ રકમ
૯.	શ્રીમતી એસ. એસ. દેરાસરી, વિજ્ઞાન વિદ્યાભવન	ગુજરાત યુનિવર્સિટી માસિક રૂ. ૨૦૦	૧૯૬૪--૧૯૬૫	
૧૦.	શ્રી. ડી. વી. પટણી, શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર	,,	૧૯૬૫--૧૯૬૬	
૧૧.	શ્રી. જે. એ. વ્યાસ, શામળદાસ આર્ટ્સ કૉલેજ, ભાવનગર	,,	,,	
૧૨.	શ્રી. એમ. આઈ. પ્રજાપતિ, ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન	,,	,,	
૧૩.	શ્રી. એચ. એમ. રાવલ, વિજ્ઞાન વિદ્યાભવન	,,	,,	
૧૪.	કુમારી એસ. કે. ગાંધી, વિજ્ઞાન વિદ્યાભવન	,,	,,	
૧૫.	શ્રી. એન. નીલકન્દન, વિજ્ઞાન વિદ્યાભવન	,,	,,	

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલ વિદ્યાર્થીઓને ચૂકવાયેલ શિષ્યવૃત્તિની રકમ પરત કેમ ન મેળવવી તે અંગે ખુલાસો મંગાવવા અને તે આવ્યેથી યોગ્ય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઉપરના વિદ્યાર્થીઓ પૈકી કોઈ વિદ્યાર્થી પોતાનું કામ હજ પણ ચાલુ રાખવા ઇચ્છતો હોય તો તેનું નામ જરૂરી ફી આવ્યેથી ફરીથી નોંધવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

બી. એમ. વૈશ્ય
કુલસચિવ વતી.

ગુ. યુ. પ્રેસ ૧૭-૪૧૦-૪-૭૦

સિન્ડિકેટ (માર્ચ) : તા. ૧૪/૧૧--૩--૧૯૭૦

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની માર્ચ માસની સભા શનિવાર, તા. ૧૪--૩--૧૯૭૦ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી અને રવિવાર, તા. ૧૧--૩--૧૯૭૦ના રોજ સવારના ૯--૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. બન્ને દિવસોએ પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૪-૩-૧૯૭૦	તા. ૧૧-૩-૧૯૭૦
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. ઇન્દ્રવદન ઉમિયાશંકર વસાવડા સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર
૩.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૪.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર	ગેરહાજર
૫.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૭.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર	હાજર
૮.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૯.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	હાજર	હાજર
૧૦.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૧.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૩.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર	હાજર
૧૪.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર	હાજર
૧૫.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૧૬.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચન્દ્ર રાણદીવે	ગેરહાજર	ગેરહાજર.

૧. (અ) સિન્ડિકેટની તા. ૧૪/૧૫--૨--૧૯૭૦ના રોજ મળેલ સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૧૪/૧૫--૨--૧૯૭૦ના રોજ મળેલી સિન્ડિકેટની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૧. (બ) સિન્ડિકેટની તા. ૨૭--૨--૧૯૭૦ના રોજ મળેલ વિશેષ સભાની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૭--૨--૧૯૭૦ના રોજ મળેલ સિન્ડિકેટની વિશેષ સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) ૧૯૬૯--૭૦ના વર્ષ માટે યુનિવર્સિટીની મિલકતની આકારણી કૉર્પોરેશન તરફથી કરવામાં આવેલી છે તેની સામે સ્મોલ કૉઝ કોર્ટમાં અપીલ કરવા માટે મંજૂરી આપ્યાના.

સદરહુ આકારણીની વિગતો નીચે મુજબ છે:

ક્રમાંક	મકાનનું નામ	ગ્રોસ રેટેબલ વેલ્યૂ	નેટ રેટેબલ વેલ્યૂ
		રૂ.	રૂ.
૧.	સમાજવિદ્યા ભવન (મનોવિજ્ઞાન વિદ્યાભવન સાથે)	૪૭,૩૨૮	૪૨,૧૯૫
૨.	વિજ્ઞાન વિદ્યાભવન	૭૦,૧૪૫	૬૩,૧૩૦
૩.	સ્પોર્ટ્સ પેવેલિયન	૧૬,૮૧૬	૧૫,૧૩૪
૪.	હેલ્થ સેન્ટર	૮,૧૬૦	૭,૩૪૪
૫.	ઝૂલૉજી	૧૩,૪૬૯	૧૨,૧૨૨
૬.	પ્રેસ	૨૧,૩૨૧	૧૯,૧૮૯
૭.	લાઈબ્રેરી	૩૩,૧૪૭	૨૯,૮૩૨
૮.	યુનિવર્સિટી કાર્યાલય, સેનેટ હૉલ, સાઈકલ શેડ, મોટર ગૅરેજ, પંપ રૂમ	૧,૪૩,૯૩૮	૧,૨૯,૫૪૪
૯.	એન. આર. એસ. સેન્ટર	૧૦,૭૬૯	૯,૬૯૨
૧૦.	વર્કશૉપ	૭,૮૬૦	૭,૦૭૪
૧૧.	ભાષા-સાહિત્ય ભવન--ઍસિડ રૂમ સાથે	૪૩,૪૯૪	૩૯,૧૪૫

(૨) એજ્યુકેશન કૉલેજ, પાટણને બી.એડ.ના વર્ગમાં ૧૦૦ (એકસો) વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા અંગેની પરવાનગી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૭૮ વિચારણા માટે હાથ ધરવામાં આવી અને લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૭૮. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવા અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. તા. ૧--૪--૧૯૬૬ પહેલાં નિમાયેલા યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના અધ્યાપકો માટે યુ.જી.સી. પગારધોરણો ખરેખર રીતે (actually) સ્વીકારીને રાજ્ય સરકારના તા. ૯--૩--૧૯૭૦ના જી.આર. નં. MIS-1068/Kh પ્રમાણે અમલમાં મૂકવાં અને તે જ જી.આર. પ્રમાણે મોંઘવારી ભથ્થું તેમને આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે તા. ૧--૪--૧૯૬૬ પહેલાં નિમાયેલા સંલગ્ન કૉલેજોના શિક્ષકોનું મોંઘવારી ભથ્થું રાજ્ય સરકારના ધોરણે મૂળ પગારમાં તા. ૧--૪--૧૯૭૧થી ભેળવવું.

૨. તા. ૧--૪--૧૯૬૬ના રોજ કે તે પછી નિમાયેલા અધ્યાપકો માટે પણ આ પગારધોરણો વૈચારિક રીતે (notionally) સ્વીકારવામાં આવ્યાં છે તેમ ગણીને તા. ૧૫--૬--૧૯૭૦ના દિવસે તેઓનો ખરેખર પગાર (actually) નીચેની પદ્ધતિએ ગણતરી કરીને નક્કી કરવો :

શિક્ષક જે તારીખે જોડાયા હોય તે તારીખે તેમના જૂના પગારધોરણના પગારમાં અનમર્જ્ડ ડી.એ. અને મર્જ્ડ ડી.એ.(આ બેઉ પ્રકારનાં ડી.એ. માટે રાજ્ય સરકારે વખતોવખત સ્વીકારેલું ધોરણ ગણવાનું રહેશે)નો તફાવત ઉમેરીને જે રકમ થાય તે તેઓને અપાય, પરંતુ આ રકમ જો નવા પગારધોરણમાંનું પગથિયું ન હોય તો તે પછીના તરતના પગથિયે અથવા તો નવા પગારધોરણમાં ઓછામાં ઓછી રકમ, એ બેમાંથી જે વધારે હોય તે પર તેમને મૂકવા. આ નિયમની જરૂરી સ્પષ્ટતા માટે નીચેનું દૃષ્ટાંત જોવું :

જો કોઈ અધ્યાપક તા. ૧--૪--૧૯૬૭ના રોજ જૂના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૨૬૦થી નિમાયા હોય તો તેઓના રૂ. ૨૬૦ (મૂળ પગાર) + રૂ. ૧૮૯ (મોંઘવારી ભથ્થું) મળીને તેમને કુલ વેતન રૂ. ૪૪૯ મળતું હતું. હવે તેમના મૂળ પગારમાં રૂ. ૧૮૯ અનમર્જ્ડ ડી.એ. ઓછા રૂ. ૧૧૯ મર્જ્ડ ડી.એ. = રૂ. ૭૦ ઉમેરવામાં આવે, તેથી તા. ૧--૪--૧૯૬૭ના રોજ તેમને રૂ. ૨૬૦+રૂ. ૭૦=રૂ. ૩૩૦ સુધારેલો મૂળ પગાર થાય, જે નવા પગારધોરણનું નિયત પગથિયું ન હોવાથી તેમનો રૂ. ૩૫૦ મૂળ પગાર નક્કી કરવાનો થાય. તે ઉપર રૂ. ૧૧૯ મોંઘવારી ભથ્થું ભળતાં તેમને કુલ વેતન રૂ. ૪૬૯ મળે.

૩. તા. ૧--૪--૧૯૬૬ના રોજ કે તે પછી નવા નિમાયેલા અધ્યાપકોને યુ.જી.સી. પગારધોરણો મળતાં થાય તે વૈચારિક રીતે (notionally) સ્વીકારવામાં આવેલ હોઈ, તા. ૧--૪--૧૯૬૬ પછી જોડાયેલા શિક્ષકોના તા. ૧૫--૬--૧૯૭૦ સુધીના વચ્ચેના સમય માટેના પગાર અંગેના પ્રશ્નો પર વિચારણા કરીને તથા રાજ્ય સરકાર સાથે ઘટતી વાટાઘાટ વગેરે કરીને પોતાનો સુચિન્તિત હેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની એક સમિતિ રચવી :

૧. કુલપતિશ્રી
૨. શ્રી. ચંદ્રકાન્ત ગાંધી
૩. શ્રી. શંકરલાલ શાહ
૪. પ્રો. કનુભાઈ શાહ
૫. પ્રો. ડી. ડી. ત્રિવેદી
૬. પ્રો. સી. ટી. દરુ
૭. પ્રો. અશ્વિનભાઈ ત્રિવેદી
૮. ડૉ. જયંત હરિભક્તિ
૯. શ્રી. ઈન્દ્રવદન નાણાવટી
૧૦. શ્રી. રણજિતરાય શાસ્ત્રી
૧૧. આચાર્ય એમ. સી. શાહ
૧૨. શ્રી. ઈન્દ્રવદન મોદી.

૪. વધુમાં ઠરાવવામાં આવે છે કે આ ઠરાવની રાજ્ય સરકારને જાણ કરવી અને સુધારેલાં પગારધોરણોમાં Initial pay fixation અંગે રાજ્ય સરકાર તરફથી જરૂરી સૂચનાઓ મળ્યેથી આ બાબત અંગે જરૂરી કાર્યવાહી કરવા માટેની બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

(સમિતિના હેવાલ તથા રાજ્ય સરકારના તા. ૯--૩--૧૯૭૦ના સંબંધિત ઠરાવોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૩. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર વાર્ષિક અહેવાલ પર ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ, ૧૯૪૯ની કલમ ૧૮(૧) (૧૧) હેઠળ રજૂ થનાર આચાર્ય ગિરીશભાઈ સી. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે સિન્ડિકેટે તેની તા. ૭—૩—૧૯૬૯ની સભામાં પસાર કરેલી અધ્યાપકોની નોકરીની શરતોના મુસદ્દાને યોગ્ય ઑર્ડિનન્સમાં ફેરવી નાખવામાં આવે, જેથી કેટલીક કૉલેજો તરફથી આ ઠરાવની થતી ઉપેક્ષા નિવારી શકાય."

[**નોંધ.**—પ્રા. કે. કા. શાસ્ત્રીએ પણ ઉપર જણાવ્યા પ્રમાણેનો પ્રસ્તાવ અલાયદો (પણ વાર્ષિક અહેવાલ પર નહિ) મોકલેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યો છે તેવો ઑર્ડિનન્સ ઘડવાની જરૂર જણાતી નથી, એમ સિન્ડિકેટના અભિપ્રાય છે, તેમ સેનેટને જણાવવું.

૪. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર વાર્ષિક અહેવાલ પર ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ, ૧૯૪૯ની કલમ ૧૮(૧) (૧૧) હેઠળ રજૂ થનાર આચાર્ય ગિરીશભાઈ સી. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"શિક્ષક છૂટો થાય અથવા શિક્ષકને છૂટો કરવામાં આવે તે પછી શિક્ષકને તેની પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવામાં સંલગ્ન કૉલેજો અમર્યાદિત સમય વિતાવે છે, તો આ અંગેની કોઈ ચોક્કસ સમયમર્યાદા નક્કી કરીને પ્રવર્તમાન નિયમોમાં તેની જોગવાઈ કરવામાં આવે તેમ આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે."

[**નોંધ.**—પ્રા. કે. કા. શાસ્ત્રી, શ્રી. એસ. કે. ઝવેરી અને ડૉ. એ. એમ. ત્રિવેદીએ પ્રત્યેકે ઉપર જણાવ્યા પ્રમાણેનો પ્રસ્તાવ અલાયદો (પણ વાર્ષિક હેવાલ પર નહિ) મોકલેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર વાર્ષિક અહેવાલ પર ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ, ૧૯૪૯ની કલમ ૧૮(૧) (૧૧) હેઠળ રજૂ થનાર આચાર્ય ગિરીશભાઈ સી. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"રાજ્યની બધી યુનિવર્સિટીઓના કાયદા સુધારવા સરકારે એક પંચની નિમણૂક કરી છે અને એ પંચ પોતાની કાર્યવાહી માત્ર છ મહિનામાં પૂરી કરી લેવા ધારે છે ત્યારે ગુજરાત યુનિવર્સિટી પોતે પણ પોતાના કાયદામાં આમૂલ ફેરફારો કરાવવા માટેની ભલામણો તૈયાર કરવા એક સમિતિ સત્વરે નીમે અને તદર્થ સમિતિમાં આચાર્ય સિવાયના અધ્યાપકો અને વિદ્યાર્થીઓને પણ પ્રતિનિધિત્વ આપવામાં આવે એમ આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટને ભલામણ કરે છે."

[**નોંધ.**—પ્રો. કે. કા. શાસ્ત્રીએ પણ ઉપર જણાવ્યા પ્રમાણેનો પ્રસ્તાવ અલાયદો (પણ વાર્ષિક અહેવાલ પર નહિ) મોકલેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફારો સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની કાર્યવાહી ચાલુ છે અને તેમાં વિદ્યાર્થી સંસદના પ્રતિનિધિઓનો પણ સમાવેશ કરી શકાશે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૬. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર વાર્ષિક અહેવાલ પર ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ, ૧૯૪૯ની કલમ ૧૮(૧)(૧૧) હેઠળ રજૂ થનાર આચાર્ય ગિરીશભાઈ સી. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટી કાયદો સુધારવા માટેની ભલામણો તૈયાર કરવામાં ઉપયોગી નીવડે તે માટે સેનેટ, સિન્ડિકેટ, ઍકેડેમિક કાઉન્સિલ અને અભ્યાસસમિતિઓ વગેરે(bodies)નું માળખું કેવું હોવું જોઈએ તે માટે યુનિવર્સિટીએ એપ્રિલ, મે અને જૂન માસમાં ઓછામાં ઓછા ૩ પરિસંવાદો યોજવા અને તેના રિપોર્ટ તૈયાર કરાવીને યુનિવર્સિટીએ નીમેલી સમિતિ સમક્ષ રજૂ કરવાનું આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફાર સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની કાર્યવાહી ચાલુ છે તે જોતાં સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યા છે તેવા પરિસંવાદો યોજવાની જરૂર જણાતી નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૭. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર વાર્ષિક અહેવાલ પર ગુજરાત યુનિવર્સિટી ઍક્ટ ૧૯૪૯ની કલમ ૧૮(૧)(૧૧) હેઠળ રજૂ થનાર આચાર્ય ગિરીશભાઈ સી. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સંલગ્ન કૉલેજોના અધ્યાપકો માટે યુ.જી.સી.એ. ભલામણ કરેલાં અને ગુજરાત સરકારે સ્વીકાર કરેલાં પગારધોરણોનો તાત્કાલિક અમલ કરવા માટે સેનેટની આ સભા સિન્ડિકેટને ખાસ ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલાં પગારધોરણોના અમલ અંગે સિન્ડિકેટે કરેલા ઠરાવની સેનેટને જાણ કરવી.

૮. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય ગિરીશ સી. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત.

"સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે સિન્ડિકેટે તેની તા. ૭–૩–૧૯૭૦ની સભામાં પસાર કરેલી અધ્યાપકોની નોકરીની શરતોના મુસદ્દાને યોગ્ય ઑર્ડિનન્સમાં ફેરવી નાખવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યો છે તેવો ઑર્ડિનન્સ ઘડવાની જરૂર જણાતી નથી, એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે, તેમ સેનેટને જણાવવું.

૯. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય આઈ. એમ. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા યુનિવર્સિટીનાં સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ કરે છે કે ઑર્ડિ. ૬૫–એસ નીચે પ્રમાણે સુધારવો :

The Syndicate may, in its discretion, permit the opening of as many post-graduate centres in the same subject in a zone, as it may think necessary, for the

same subject of post-graduate study at another place in the zone if (*i*) there are at least ten students enrolled in the centres instituted in the preceding year; and (*ii*) the institution applying for the new post-graduate centre has at least ten students ready for enrolment to start with and fulfils all the conditions laid down under the relevant rules for the opening of post-graduate centres."

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષણની પુનર્વ્યવસ્થા અંગેનો પ્રશ્ન હાલ યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ હોઈ, સિન્ડિકેટ હાલને તબક્કે કશો અભિપ્રાય વ્યકત કરવા ઇચ્છતી નથી, એમ સેનેટને જણાવવું.

૧૦. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર પ્રા. પી. એફ. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે ઑર્ડિ. ૬૫--એચ નીચે પ્રમાણે સુધારવો :

There shall not generally be more than four post-graduate centres in the same subject in a zone. Provided, however, that the Syndicate may in its discretion permit only as an exception the opening of a fifth centre for the same subject of post-graduate study at another place in the zone if (*i*) there are at least ten students enrolled in four centres already instituted in the preceding year, and (*ii*) the institution applying for the new post-graduate centre has at least ten candidates ready for enrolment to start with and fulfils all the conditions laid down under the relevant rules for the opening of post-graduate centres. In no case there shall be more than five centres in the same zone."

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષણની પુનર્વ્યવસ્થા અંગેનો પ્રશ્ન હાલ યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ હોઈ, સિન્ડિકેટ હાલને તબક્કે કશો અભિપ્રાય વ્યકત કરવા ઇચ્છતી નથી, એમ સેનેટને જણાવવું.

૧૧. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર ડૉ. એમ. એન. દેસાઈના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ઑ. ૧૨૦--બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા સેનેટની આ સભા લાગતાંવળગતાં સત્તામંડળોને વિનંતી કરે છે :

(*i*) There shall not be more than 1200 students in a college of *one faculty unit.*

(*ii*) There shall not be more than two faculty units in a college.

(*iii*) If a college has *two faculty units*, the total strength of the *two* units taken together shall not exceed 1500 students.

(*iv*) No college shall have more than *four* divisions of a class and each division shall be of not more than hundred students, provided that it will be competent for the Vice-Chancellor in his discretion and at the request of a college to permit admission of an additional number of students in each class *or* in a division thereof, subject to the maximum total of 1200 *students in a college with one faculty unit and of* 1500 *students in a college with two faculty units* as mentioned respectively in (*i*) and (*iii*) above.

Provided further that in the case of a college affiliated for teaching courses of studies in two faculties there shall not at any of the stages, viz., either Pre-University class *or* F.Y. class be more than six divisions in both the faculties taken together.

Notwithstanding anything contained in (*iv*) above it shall be competent for the Vice-Chancellor to permit in his discretion and at the request of a Medical College admission of such number of additional students as does not exceed thirty per cent of the maximum permissible in a class or in a division thereof."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૨. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય સી. એલ. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"The Senate requests the Syndicate to amend Statute 107 as follows :

(Second Para) :

Each of the Deans so elected shall hold office for 2 years or until another Dean selected and may be reelected."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૩. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય જે. બી. સાણ્ડિલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"This meeting of the Senate resolves that the appointment should be made to the office of the Rector and requests the Vice-Chancellor to take necessary steps for the same."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કોઈ નિર્ણય કરતાં પહેલાં ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના ધારાઓનું આધુનીકરણ કરવાના પ્રશ્નનો વિચાર કરવા માટે રાજ્ય સરકારે તાજેતરમાં નીમેલા પંચના અહેવાલની રાહ જોવી યોગ્ય થશે એમ સેનેટને જણાવવું.

૧૪. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય જે. બી. સાણ્ડિલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય અપવા બાબત :

"This meeting of the Senate recommends to the Syndicate that the statute determining the emoluments and conditions of service of the Rector should be as under :

(*i*) The pay-scale of the Rector shall be Rs. 1,650–75–2,100, and he shall in addition be entitled to receive such allowances and at such rates as may be admissible to other whole-time employees of the University from time to time.

(*ii*) He shall in addition be entitled to a furnished house including water and telephone facilities and shall be charged for the same at the rate of 10% of his basic salary per month.

(*iii*) He shall also be entitled to the benefits of Provident Fund and Gratuity and such other benefits and at such rates as are admissible to other whole-time employees of the University from time to time."

[નોંધ.—ગુજરાત યુનિવર્સિટી ધારાની સંબંધકર્તા કલમ નં. ૧૨ નીચે મુજબ છે :

12. (1) (*a*) The Senate may, by resolution, decide that appointment shall or shall not be made to the office of the Rector :

Provided that nothing in this section shall entitle the Senate to decide that the First Rector, if any, appointed under Section 61-A shall vacate his office during the period of his appointment.

(*b*) If the Senate decides under clause (*a*) that appointment shall be made to the office of the Rector, the Rector shall be appointed by the Chancellor, on the recommendation of the Vice-Chancellor. The Rector shall be a whole-time salaried officer and his emoluments and conditions of service shall be determined by the Statutes.

(2) The powers conferred on the Vice-Chancellor by or under this Act shall, subject to the control of the Vice-Chancellor, also be exercisable, so far as may be, by the Rector.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કોઈ નિર્ણય કરતાં પહેલાં ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના ધારાઓનું આધુનીકરણ કરવાના પ્રશ્નનો વિચાર કરવા માટે રાજ્ય સરકારે તાજેતરમાં નીમેલા પંચના અહેવાલની રાહ જોવી યોગ્ય થશે એમ સેનેટને જણાવવું.

૧૧. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય ય. ગુ. નાયક તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યના ત્રિવાર્ષિક અભ્યાસક્રમ ઉપરાંત આ ત્રણે વિદ્યાશાખાઓમાં વિશિષ્ટ ઑનર્સ અભ્યાસક્રમ શરૂ કરવા. આ અભ્યાસક્રમ ઉચ્ચ કક્ષાનો અને તેજસ્વી વિદ્યાર્થીઓને જે તે વિદ્યામાં પારંગત બનાવવામાં મદદરૂપ થાય તેવો હોવો જોઈએ. એ અભ્યાસક્રમના શિક્ષણ તથા પરિક્ષણ અંગે પણ વિશિષ્ટ યોજના ઘડી કાઢવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટ પોતાનો અભિપ્રાય વ્યકત કરતાં પહેલાં ઍકેડેમિક કાઉન્સિલનું મંતવ્ય જાણવા ઇચ્છે છે, એમ સેનેટને જણાવવું.

૧૬. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય ય. ગુ. નાયક તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઠરાવે છે કે યુનિવર્સિટીમાં હાલની યોજના મુજબ ચાલતાં વિદ્યાભવનો(સ્કૂલો)નું વિકેન્દ્રીકરણ કરી શકય તેટલા વિષયોનાં વિદ્યાભવન (Departments) સ્વતંત્ર એકમ તરીકે છૂટાં પાડવાં અને જરૂર લાગે ત્યાં જ માત્ર આનુષંગિક વિદ્યા(વિષયો)નું જોડાણ કરી વિદ્યાભવન (Departments)

રચવાં. વધુમાં ઠરાવે છે કે યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ, સિન્ડિકેટ તથા અન્ય જવાબદાર મંડળોને આ અંગે યોજના ઘડી તાત્કાલિક અમલમાં મૂકવા માટે પગલાં લેવા ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કોઈ નિર્ણય કરતાં પહેલાં ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના ધારાઓનું આધુનીકરણ કરવાના પ્રશ્નનો વિચાર કરવા માટે રાજ્ય સરકારે તાજેતરમાં નીમેલા પંચના અહેવાલની રાહ જોવી યોગ્ય થશે એમ સેનેટને જણાવવું.

૧૭. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય આઈ. જે. ધ્રુવના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"જનરલ એજ્યુકેશન વિષયની પરીક્ષા અન્ય વિષયોની જેમ જ યુનિવર્સિટી તરફથી લેવાની જોગવાઈ કરવા માટે સેનેટની આ સભા સંબંધિત સત્તામંડળોને આથી ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલે કરેલા નીચેના ઠરાવની સેનેટને જાણ કરવી :

"આથી ઠરાવવામાં આવે છે કે જનરલ એજ્યુકેશનના અભ્યાસક્રમની બાબતમાં હાલ જે વ્યવસ્થા છે તેમાં કશો ફેરફાર કરવો નહીં."

૧૮. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સંબંધિત સૌને ભલામણ કરે છે કે કૉલેજોની તેમ જ વાહનવ્યવહારની પૂરતી સગવડને કારણે હવે કૉલેજના છાત્રાલયની આવશ્યકતા રહેતી ન હોઈ, કૉલેજના જોડાણની શરતોમાંથી છાત્રાલયની અનિવાર્યતા કાઢી નાખવી."

આથી વધુમને ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૧૯. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સરકારશ્રીને તેમ જ સંબંધિત સત્તામંડળોને ભલામણ કરે છે કે અંગ્રેજી વગર એસ.એસ.સી. પરીક્ષા પાસ થયેલા વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણથી વંચિત ન રહે તે હેતુથી વિનયન વિદ્યાશાખામાં ફરજિયાત અંગ્રેજીને બદલે ફરજિયાત હિન્દીનું પ્રશ્નપત્ર શીખવવાની જોગવાઈ કરી તથા બાકીના પ્રશ્નપત્ર યથાવત્ રાખી તેવા વિદ્યાર્થીઓને કૉલેજ-શિક્ષણ આપવામાં આવે તેવી વ્યવસ્થા જૂન ૧૯૭૦થી કરવામાં આવે."

આથી વધુમને ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૦. આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સરકારશ્રીને તેમ જ સંબંધિત સત્તામંડળોને ભલામણ કરે છે કે અંગ્રેજી વિષય વિના પણ એસ.એસ.સી. પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને જૂન ૧૯૭૦થી ગુજરાત યુનિવર્સિટીની

વિનયન વિદ્યાશાખામાં પ્રવેશ આપવો અને તેવા વિદ્યાર્થીઓને બી.એ. સુધીમાં ફરજિયાત અંગ્રેજીને બદલે ફરજિયાત ગુજરાતી કે ફરજિયાત હિન્દી લેવાની સગવડ કરવી."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૧. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા સંબંધિત સત્તાઓને ભલામણ કરે છે કે અંગ્રેજી વગર એસ.એસ.સી. પરીક્ષા પાસ થયેલા વિદ્યાર્થીઓને જૂન ૧૯૭૦થી વિનયન વિદ્યાશાખામાં પ્રવેશ આપવો અને તેમને બી.એ. સુધીમાં ફરજિયાત અંગ્રેજીના પ્રશ્નપત્રમાંથી મુક્તિ આપવી."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૨. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં છેલ્લાં પગારધોરણો તા. ૧-૪-૧૯૬૬થી અમલમાં આવતાં હોવા છતાં આજ દિન સુધી આપણી યુનિવર્સિટીમાં એનો અમલ થયો નથી તેમ જ કયારે થશે તે સ્પષ્ટ સમજાતું નથી. આથી સેનેટની આ સભા સંબંધિત સત્તામંડળોને ભલામણ કરે છે કે સરકાર તરફથી રજૂ કરવામાં આવેલાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં પગારધોરણો તાકીદે સ્વીકારી લેવાં અને યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજોના સર્વ અધ્યાપકો માટે ફરજિયાત રાખવાં તથા એ અંગે ઊભા થતા પ્રશ્નો કે સૂચનો માટે યુનિવર્સિટીએ સરકાર સાથે ચર્ચાવિચારણા ચાલુ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને સૂચવેલાં પગારધોરણોના અમલ અંગે સિન્ડિકેટે કરેલા ઠરાવની સેનેટને જાણ કરવી.

૨૩. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"કૉલેજના ગ્રંથપાલ અશૈક્ષણિક (Non-teaching) સ્ટાફમાં ગણાતા હોવાથી સેનેટની આ સભા સંબંધિત સત્તામંડળોને ભલામણ કરે છે કે તે અંગે યુનિવર્સિટીએ ઘડેલા નિયમો રદ કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૪. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"પહેલાં બે વર્ષની પરીક્ષાઓ માટે અન્ય યુનિવર્સિટીના પરીક્ષકો, પ્રાશ્નિકો, સમીક્ષકો નિયુકત કરવાથી કશી વિશેષતા સધાતી ન હોવાથી યુનિવર્સિટીનાં પ્રથમ બે વર્ષ (એટલે કે પ્રથમ વર્ષ બી.એ., બી.કૉમ., બી.એસસી. વગેરે) પરીક્ષાઓ માટે અન્ય યુનિવર્સિટીની વ્યકિતઓની નિયુકિત ન કરવી એવી આ સભા સંબંધિત સત્તામંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૫. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત. :

"તૃતીય વર્ષ બી.એ.માં માત્ર મુખ્ય વિષય જ લેવાનો હોય છે, અને એમ.એ.માં મુખ્ય વિષય સાથે ગૌણ વિષય લેવો પડે એવી કેટલાક વિષયોમાં વ્યવસ્થા છે તે અસંગતિ દૂર કરવા એમ.એ.માં માત્ર મુખ્ય વિષયનાં જ બધાં પ્રશ્નપત્રો રાખવાં એવી આ સેનેટની સભા સંબંધિત સત્તામંડળોને ભલામણકરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૬. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર (૧) પ્રા. કે. કા. શાસ્ત્રી અને બીજા સોળ સભ્યો તરફથી, અને (૨) શ્રી. ડી. એસ. બસન, (૩) શ્રી. આર. વી. શાહ તથા (૪) પ્રો. એન. જે. પટેલ તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતમાં શહેરીકરણની પ્રક્રિયાના પરિણામે શૈક્ષણિક કેન્દ્રો અને ખાસ કરીને ઉચ્ચ કેળવણી આપતા સર્વ વિસ્તારોમાં વસવાટની તંગીને પરિણામે મકાનભાડાંઓમાં અતિ તીવ્ર વધારો થઈ રહ્યો છે. અધ્યાપકોને છેલ્લાં કેટલાંક વર્ષથી અપાતું મકાનભાડા વળતર મૂળ પગારના માત્ર ૫ ટકા અપાય છે, જે આના સંદર્ભમાં અપૂરતું છે.

સિન્ડિકેટે આચાર્યોનો માનમરતબો અને સગવડો જળવાય તથા અધ્યાપનકાર્ય યોગ્ય રીતે કરી શકે તે માટે થોડાક સમય પહેલાં ૧૦૦ ચોરસ વારના રહેઠાણની જોગવાઈ અથવા રૂ. ૨૫૦ મકાનભાડા પેટે આપવાનું ઠરાવી આચાર્યોની મુશ્કેલી દૂર કરી છે.

તે જ રીતે અધ્યાપકોની મુશ્કેલીઓ દૂર કરવા માટે સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે સંલગ્ન કૉલેજોમાં કામ કરતા તમામ શિક્ષકોને મૂળ પગારના ૧૫ ટકા મકાનભાડા (House rent allowance) પેટે આપવું જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ જે રૂપમાં રજૂ કરવામાં આવ્યો છે તે રૂપમાં તે સ્વીકારવાની તરફેણમાં સિન્ડિકેટ નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૭. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર પ્રા. કે. કા. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"છેલ્લાં કેટલાંક વર્ષોથી ગુજરાતમાં શહેરીકરણની પ્રક્રિયાને પરિણામે શૈક્ષણિક કેન્દ્રો અને ખાસ કરીને ઉચ્ચ કેળવણી આપતા સર્વ વિસ્તારોમાં વસવાટની તંગીને પરિણામે મકાનભાડાંઓમાં અતિ તીવ્ર વધારો થઈ રહ્યો છે. અધ્યાપકોને છેલ્લાં વીશ વર્ષથી અપાનું મકાનભાડા વળતર મૂળ પગારના માત્ર ૫ ટકા અપાય છે, જે આના સંદર્ભમાં અપૂરતું છે.

સિન્ડિકેટે આચાર્યોનો માનમરતબો અને સગવડો જળવાય તથા અધ્યાપનકાર્ય યોગ્ય રીતે કરી શકે એ માટે થોડાક સમય પહેલાં ૧૦૦ ચોરસ વારની રહેઠાણની જોગવાઈ અથવા રૂ. ૨૫૦ મકાન ભાડા પેટે આપવાનું ઠરાવી આચાર્યોની મુશ્કેલી દૂર કરી છે.

એ જ રીતે અધ્યાપકોની મુશ્કેલીઓ દૂર કરવા માટે સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે સંલગ્ન કૉલેજમાં કામ કરતા તમામ શિક્ષકોને મૂળ પગારના ૧૧ ટકા મકાનભાડા (House rent allowance) પેટે આપવા અથવા અધ્યાપક માટે ૬૫ ચોરસ વાર વિસ્તારની રહેઠાણની જોગવાઈ કરી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ જે રૂપમાં રજૂ કરવામાં આવ્યો છે તે રૂપમાં તે સ્વીકારવાની તરફેણમાં સિન્ડિકેટ નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૨૮. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજ થનાર પ્રા. કે. કા. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં કામ કરતા શિક્ષકો માટે યુનિવર્સિટી ઍક્ટની જોગવાઈ પ્રમાણે નોકરીની શરતો, પગારધોરણો વગેરે યુનિવર્સિટી નક્કી કરે છે, પરંતુ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા નૉન-ટીચિંગ સ્ટાફ (કારકુન, પટાવાળા વગેરે) અંગે નોકરીની શરતો, પગારધોરણો વગેરે નક્કી કરવા માટે ગુજરાત યુનિવર્સિટીના કાયદામાં લાલ કોઈ જોગવાઈ નથી એને કારણે યુનિવર્સિટી પણ એની માન્ય સંસ્થાઓ અને સંલગ્ન કૉલેજોમાં કામ કરતા નૉન-ટીચિંગ સ્ટાફ માટે કોઈ જવાબદારી લેવા તૈયાર નથી એને કારણે આજે દરેક સંસ્થામાં નૉન-ટીચિંગ સ્ટાફનાં પગારધોરણો તેમ જ નોકરીની શરતો જુદી જુદી પ્રવર્તે છે અને એમનું ભારે શોષણ થઈ રહ્યું હોવાની માહિતી બહાર આવી છે.

ગુજરાત સરકારે હવે યુનિવર્સિટી ઍક્ટ સુધારવા માટે એક સમિતિ રચી છે ત્યારે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા નૉન-ટીચિંગ સ્ટાફ અંગેની સઘળી જવાબદારી પણ યુનિવર્સિટી સ્વીકારે અને શક્ય હોય તો ઑર્ડિનન્સ બનાવીને એમની નોકરીની શરતો અને પગારધોરણો યુનિવર્સિટી નક્કી કરે એવી જોગવાઈ યુનિવર્સિટી ઍક્ટમાં કરી લેવામાં આવે એમ આ સભા યુનિવર્સિટીનાં લાગતાં-વળગતાં મંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે કોઈ નિર્ણય કરતાં પહેલાં ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના ધારાઓનું આધુનીકરણ કરવાના પ્રશ્નનો વિચાર કરવા માટે રાજ્ય સરકારે તાજેતરમાં નીમેલા પંચના અહેવાલની રાહ જોવી યોગ્ય થશે એમ સેનેટને જણાવવું.

૨૯. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર પ્રા. કે. કા. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ગુજરાત યુનિવર્સિટીમાં લેવાતી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો અને પરીક્ષકોની નિમણૂક કરવા માટે આંતરિક અધ્યાપકો પાસેથી અરજીઓ મંગાવવાની પ્રથા બંધ કરવાની અને દર વર્ષે જે તે કૉલેજ અને અનુસ્નાતક સંસ્થા પાસેથી અધ્યાપકોને લગતી માહિતી મંગાવવામાં આવે છે તે માહિતીની મદદથી તૈયાર કરેલી યાદીઓ ઉપરથી પૅનલો તૈયાર કરાવવાની લાગતાવળગતા ખાતાને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ વિચારણા હેઠળ છે, એમ સેનેટને જણાવવું.

૩૦. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર ડૉ. ડી. એચ. સુતરિયાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો, માન્ય અનુસ્નાતક કેન્દ્રો, યુનિવર્સિટીનાં ભવનોના શિક્ષકો અને યુનિવર્સિટીના કર્મચારીઓ અને તે સૌના કુટુંબને મળતી તબીબી સારવાર અંગે કરેલ ખર્ચ પેટે કુલ ખર્ચના ૨૫ ટકા ખર્ચ (એક વર્ષમાં વધુમાં વધુ રૂ. ૨૦૦ સુધી) Employer પાસેથી અપાવવા યોગ્ય જોગવાઈ કરવા યુનિવર્સિટીનાં અધિકૃત મંડળોને સેનેટની આ સભા વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીને પોતાનું આરોગ્યકેન્દ્ર છે તથા સંલગ્ન કૉલેજો માટે આરોગ્ય-કેન્દ્રો સ્થાપવા માટેની યોજના તાજેતરમાં ઘડવામાં આવેલી છે તે જોતાં યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો, માન્ય અનુસ્નાતક કેન્દ્રો તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો અને યુનિવર્સિટી કર્મચારીઓને સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યા મુજબનું તબીબી સારવાર અંગેનું ભથ્થું આપવાની તરફેણમાં સિન્ડિકેટ નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૩૧. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર ડૉ. ડી. એચ. સુતરિયાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ઉપરોક્ત ઠરાવને અમલી બનાવવા નીચેના સિદ્ધાંતોને ધ્યાનમાં લઈ જરૂરી નિયમો ઘડવા સેનેટની આ સભા અધિકૃત મંડળોને વિનંતી કરે છે :

(૧) કુટુંબમાં આવા હકને પાત્ર નીચેની વ્યકિતઓ ગણાશે :
પત્ની કે પતિ, બાળકો, માતા, પિતા, તેમની સાથે રહેતા સંપૂર્ણ આશ્રિત તેવા અપરિણીત ભાઈઓ અને બહેનો.

(૨) સારવાર અંગે થયેલ ખર્ચનું યોગ્ય પ્રમાણપત્ર, પ્રમાણિત તબીબી ચિકિત્સક પાસેથી લાવવાનું રહેશે.

(૩) પ્રમાણપત્ર રજૂ કર્યા બાદ વધુમાં વધુ એક માસમાં તે રકમ ચૂકવવાની રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીને પોતાનું આરોગ્યકેન્દ્ર છે તથા સંલગ્ન કૉલેજો માટે આરોગ્ય-કેન્દ્રો સ્થાપવા માટેની યોજના તાજેતરમાં ઘડવામાં આવેલી છે તે જોતાં યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો, માન્ય અનુસ્નાતક કેન્દ્રો તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો અને યુનિવર્સિટી કર્મચારીઓને સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યા મુજબનું તબીબી સારવાર અંગેનું ભથ્થું આપવાની તરફેણમાં સિન્ડિકેટ નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો:

૩૨. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર શ્રી. એસ. એમ. ઠક્કરના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની સભાઓની કામકાજની યાદીઓમાં જણાવવામાં આવતાં તમામ કાર્યો સામાન્યત: નિશ્ચિત સમયમર્યાદાને કારણે પૂરાં થઈ શકતાં નથી. આથી વારંવાર શિક્ષણના હિતનાં કેટલાંક મહત્ત્વનાં કાર્યો બાકી જ રહી જાય છે. આમ ન બને તે સારૂ આ સેનેટની કામકાજની યાદી પરનું તમામ કામ પૂરું થાય ત્યાં સુધી સેનેટની ચાલુ સભાને જરૂર પડયે લંબાવવાની જોગવાઈ કરવા સેનેટની આ સભા લાગતી-વળગતી અધિકારી વ્યકિતઓને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૩૩. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર શ્રી. એસ. એમ. ઠક્કરના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ (એન. સી. ઈ. આર. ટી.) પ્રયોજિત રિજિયોનલ કૉલેજ ઑફ એજ્યુકેશન, ભોપાલ સંચાલિત ચૌદ માસના બી.એડ.ના સમર કોર્સ (Summer Course) દ્વારા વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈન તરફથી લેવામાં આવતી પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર શિક્ષકોને આપવામાં આવતી બી.એડ. ડિગ્રીને આપણી યુનિવર્સિટીની બી.એડ. ડિગ્રી સમકક્ષ ગણી તેવા બી.એડ. શિક્ષકોને ગુજરાત યુનિવર્સિટીના એમ.એડ.ના અભ્યાસક્રમ માટે પ્રવેશપાત્ર ગણવા સેનેટની આ સભા લાગતાંવળગતાં અધિકારી મંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૩૪. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર શ્રી. એસ. એમ. ઠક્કરના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાતમાં માધ્યમિક શિક્ષણનો ઝડપથી વધતો જતો વ્યાપ અને તેના કારણે નીચાં જતાં શિક્ષણનાં ધોરણો જોતાં માધ્યમિક શાળાઓમાં એમ.એડ. થયેલા નિષ્ણાત શિક્ષકો વધુ પ્રમાણમાં મળી રહે તે માટે હાલના બી.એડ. થયેલા શિક્ષકોને એમ.એડ. થવાની તકો વિસ્તૃત બનાવવા સેનેટની આ સભા એમ.એડ. માટે વેકેશન વર્ગો શરૂ કરવા યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેનો પ્રસ્તાવ યુનિવર્સિટીનાં સત્તામંડળોની વિચારણા હેઠળ છે તેની સેનેટને જાણ કરવી.

૩૫. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર શ્રી. એસ. એમ. ઠક્કરના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ભારતનાં કેટલાંક રાજ્યોમાં આવેલી યુનિવર્સિટીઓએ પોતાના વિસ્તારોમાં આવેલી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા વિનયન વિદ્યાશાખાના સ્નાતક શિક્ષકો વિકાસોન્મુખ રહી અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધી શકે તે માટે એકસ્ટર્નલ એમ.એ.ની જોગવાઈ કરેલી છે. કમનસીબે ગુજરાતની એક પણ યુનિવર્સિટીમાં આવી જોગવાઈ નથી. આથી ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધી શકે તેવી તકો ઊભી કરવા અને તેમ કરતાં શિક્ષણનાં ધોરણો નીચાં ન પડે તે માટે સેનેટની આ સભા માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં એમ.એ.ના વેકેશન વર્ગો શરૂ કરવાની કોઈ અસરકારક યોજના ઘડી કાઢવા લાગતાંવળગતાં અધિકારી સત્તામંડળોને વિનંતી કરે છે."

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૩૬. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર શ્રી. રણજિતરાય શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આપણા દેશમાં પ્રવર્તતી નિરક્ષરતા નિવારવા વિદ્યાર્થીઓ મહત્ત્વની કામગીરી બજાવી શકે તે હેતુથી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં સ્નાતકની પદવી મેળવવા ઇચ્છતો વિદ્યાર્થી

એસ.એસ.સી. પરીક્ષા પછી કૉલેજમાં પ્રવેશ મેળવે ત્યાર પછી વૅકેશનમાં યા તેને અનુકૂળ સમયે ૧૦૦ નિરક્ષરોની નિરક્ષરતા દૂર કરે તેવી કામગીરી ફરજિયાત બનાવવા અને તે અંગે થતા ખર્ચ વગેરેની યોજના ઘડી રાજ્ય સરકાર તે જવાબદારી ઉઠાવે તે માટે જરૂરી કાર્યવાહી કરવા યુનિવર્સિટી સેનેટની આ સભા ઍકેડેમિક કાઉન્સિલ, સિન્ડિકેટ તથા લાગતીવળગતી કમિટીઓને ભલામણ કરે છે ".

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવમાં રહેલી ભાવના સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૩૭. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર આચાર્ય બી. એમ. પીરઝાદાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

" ફીની આવકમાંથી આવર્તક ખર્ચ બાદ કરતાં જે કૉલેજો પુરાંત મેળવે છે તેમણે પોતાની પુરાંતના ૭૫ ટકા car-marked રિઝર્વ ફંડમાં લઈ જઈ કૉલેજના વિકાસ માટેનાં કાર્યોમાં જ તે રકમ વાપરવા અંગે યોગ્ય નિયમનો ઉપસ્થિત કરવા સેનેટની આ સભા યુનિવર્સિટીનાં અધિકૃત સત્તામંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોની આર્થિક બાબતો અંગેનો સદરહુ પ્રસ્તાવ યુનિવર્સિટીના સત્તાક્ષેત્રની મર્યાદા બહાર છે એમ સિન્ડિકેટનું મંતવ્ય છે, તેમ સેનેટને જણાવવું.

૩૮. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર પ્રા. કે. કા. શાસ્ત્રીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

" યુનિવર્સિટી કાયદો સુધારવા માટેની ભલામણો તૈયાર કરવામાં ઉપયોગી નીવડે એ માટે સેનેટ, સિન્ડિકેટ, ઍકેડેમિક કાઉન્સિલ, અભ્યાસસમિતિઓ વગેરે(Bodies)નું માળખું કેવું હોવું જોઈએ આ માટે યુનિવર્સિટીએ એપ્રિલ, મે અને જૂન માસમાં ઓછામાં ઓછા ૬ પરિસંવાદ યોજવા અને એના રિપોર્ટ તૈયાર કરાવીને યુનિવર્સિટીએ નીમેલી સમિતિ સમક્ષ રજૂ કરવાનું આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટને ભલામણ કરે છે. "

(**નોંધ.** —પ્રિન્સિ. ગિરીશ પટેલે પાન ઉપર પ્રમાણેનો પ્રસ્તાવ રજૂ કરવાની નોટિસ આપી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફાર સૂચવવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની કાર્યવાહી ચાલુ છે તે જોતાં સદરહુ પ્રસ્તાવમાં સૂચવ્યા છે તેવા પરિસંવાદો યોજવાની જરૂર જણાતી નથી એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૩૯. રાજ્ય સરકારે તા. ૧--૪--૧૯૬૮થી મોંઘવારી ભથ્થાના દરમાં કરેલ વધારા અંગે તા. ૧--૪--૧૯૬૮થી તા. ૨૮--૨--૧૯૬૯ના સમય માટેની આ યુનિવર્સિટીને રૂ. ૪૪,૫૯૧ની ગ્રાન્ટ શિક્ષણનિયામક, ગુજરાત રાજ્ય, અમદાવાદે તેમના તા. ૨૧--૨--૧૯૭૦ના પત્રાંક એસ-૯૧-ડી.એ.ગુજ-એ.થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૦. રાજ્ય સરકારના ઠરાવ નં. યુ.એસ.જી.--૧૧૬૭-ખ, તા. ૯--૧૨--૧૯૬૯થી આપેલ સત્તા અન્વયે શિક્ષણનિયામક, ગુજરાત રાજ્ય, અમદાવાદ તરફથી બ્લૉક મેઇન્ટેનન્સ ગ્રાન્ટના ૧૯૬૯-૭૦ના વર્ષના છેલ્લા અને ચોથા હપતાની ગ્રાન્ટ રૂ. ૧,૦૪,૦૦૦ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

(**નોંધ.** —૧૯૬૯--૭૦ના વર્ષમાં બ્લૉક મેઇન્ટેનન્સ ગ્રાન્ટ આ સાથે કુલ રૂ. ૪,૧૬,૦૦૦ની થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૧. રાજ્ય સરકારના ઠરાવ નં. યુ.એસ.જી. ૧૧૬૮-ખ તા. ૩--૧૧--૧૯૬૯થી આપાયેલ સત્તા અન્વયે શિક્ષણનિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ તરફથી ૧૯૬૮-૬૯ના વેજ બિલના ૩૩ ટકા પ્રમાણે રૂ. ૭૧,૧૬૩ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૨. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણશાસ્ત્ર વિભાગના ઉપક્રમે સેકન્ડરી સ્કૂલના શિક્ષકો માટે રસાયણશાસ્ત્રના વિષય અંગે આગામી ગ્રીષ્મ ઋતુમાં ગ્રીષ્મ સંસ્થા સ્થાપવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્ર નં. એફ-૮-૧૭-૭૦-એસ.આઈ., તા. ૩૦--૧--૧૯૭૦થી "ઑન એકાઉન્ટ" રૂ. ૨૦,૦૦૦- (વીસ હજાર)ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૩. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના ધારાઓનું આધુનીકરણ કરવાના પ્રશ્નનો વિચાર કરવા રાજ્ય સરકારે તેમના તા. ૧૬--૨--૧૯૭૦ના સરકારી ઠરાવ ક્રમાંક યુ.એસ.જી.૪૨૬૮-કે.એચ.થી કમિશનની નિમણૂક કર્યાની જાણ કરતા ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૧૮--૨--૧૯૭૦ના પત્રાંક યુ.એસ.જી.૪૨૬૮-કે.એચ.ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૪. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. બી. એમ. તન્ના તા. ૩૧--૧--૧૯૭૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ (અ) તેમને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા, તથા (બ) સ્ટે. ૧૯૩-એ પ્રમાણે ગ્રૅચ્યુઇટીની રકમ આપવા અંગેની તેઓની તા. ૨--૨--૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ. –શ્રી. બી. એમ. તન્ના તા. ૩૦--૮--૧૯૬૮ના રોજ યુનિવર્સિટી ગ્રંથાલયમાં જોડાયા હતા અને તા. ૩૧--૧--૧૯૭૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એમ. તન્નાને તેમને ખાતે નીકળતી (અ) પ્રૉવિડન્ટ ફંડની રકમ, અને (બ) ગ્રૅચ્યુઇટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર ચૂકવી આપવી.

૪૫. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો તેમનાં નામ સામે બતાવેલ તારીખથી અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થયાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એન. પી. રાઠોડ	પટાવાળા	૨૧--૪--૧૯૭૦	૨૨--૪--૧૯૭૦
૨.	શ્રી. આર. વી. નાયક	,,	૨૧--૪--૧૯૭૦	૨૨--૪--૧૯૭૦
૩.	શ્રી. રામજશ યાદવ	,,	૨૧--૪--૧૯૭૦	૨૨--૪--૧૯૭૦
૪.	શ્રી. એ. જી. પટેલ	,,	૨૧--૪--૧૯૭૦	૨૨--૪--૧૯૭૦.

સદરહુ કર્મચારીઓની કામગીરી અંગેના ખાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઉપર જણાવેલ તમામ કર્મચારીઓને પટાવાળાની જગ્યા પર તેમનાં નામ સામે જણાવેલ તારીખોએ કાયમ કરવા.

૪૬. "The Association of Physicians of India"ના ઉપક્રમે "The International Congress of Internal Medicine"નું અગિયારમું અધિવેશન (ભારતમાં પ્રથમ વાર મળે છે) તા. ૨૫થી તા. ૩૦ ઑક્ટોબર ૧૯૭૦ દરમ્યાન નવી દિલ્હી મુકામે મળનાર લોઈ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટે અધિવેશનના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલા તા. ૧૬--૨--૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ડેલિગેટ ફી રૂ. ૩૦૦ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડૉ. છોટુભાઈ એચ. નાયક અને ડૉ. જે. એમ. પટેલને મોકલવા.

૪૭. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં નીચેની જગ્યાઓ સંબંધી વરણીસમિતિઓ પર ઑર્ડિ. ૬૬ અન્વયે સિન્ડિકેટ તરફથી ત્રણ ત્રણ સભ્યો નીમવા બાબત :

(૧) પ્રોફેસર ઑફ હિસ્ટરી
(૨) પ્રોફેસર ઑફ લેબર વેલ્ફેર
(૩) રીડર ઈન પોલિટિક્સ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. સિન્ડિકેટે તેની તા. ૧૨/૧૩--૩--૧૯૬૯ની સભામાં બિઝનેસ મૅનેજમેન્ટનો અભ્યાસક્રમ જૂન ૧૯૭૦થી શરૂ કરવા નિર્ણય કર્યો હોવાથી, તેની તા. ૧૨/૧૩--૩--૧૯૬૨ની સભામાં મંજૂર કરેલી નીચેની જગ્યાઓ પૂરવા માટે ઑર્ડિ. ૬૬ (*iii*) (*h*) અનુસાર વરણીસમિતિ પર ત્રણ સભ્યોની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત:

(૧) પ્રોફેસર ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ	એક જગ્યા
(૨) પ્રોફેસર ઑફ માર્કેટિંગ	એક જગ્યા
(૩) રીડર ઈન ફાઈનેન્સિયલ મૅનેજમેન્ટ	એક જગ્યા
(૪) રીડર ઈન પ્રોડક્શન મૅનેજમેન્ટ	એક જગ્યા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૯. પ્રી-યુનિવર્સિટી વર્ગો માટે ગુજરાતીના વિષયમાં નરસિંહ, મીરાં, દયારામ વગેરે મધ્યકાલીન કવિઓની પસંદ કરેલ કૃતિઓના યુનિવર્સિટી સંપાદિત સંગ્રહો ૧૯૭૧--૭૨ના વર્ષથી અભ્યાસક્રમમાં નિયત કરેલ હોઈ સદરહુ સંગ્રહો તૈયાર કરવા માટે સંપાદનસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ગુજરાતીની અભ્યાસસમિતિએ નિયત કરેલ અભ્યાસક્રમ ઍકેડેમિક કાઉન્સિલે મંજૂર કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી એક સંપાદન-સમિતિ રચવી :

(૧) આચાર્ય ધીરુભાઈ ઠાકર
(૨) આચાર્ય પ્રેમશંકર ભટ્ટ
(૩) આચાર્ય રામપ્રસાદ શુકલ.

૫૦. ફાર્મસીના વિષય અંગેની પરિભાષા સમિતિએ તેની તા. ૧૧–૨–૧૯૭૦ની સભામાં કરેલ નીચેની ભલામણ મંજૂર કરવા બાબત :

"સદરહુ પરિભાષા તૈયાર કરવા અંગેની નીમેલ આ સમિતિમાં ગુજરાતી ભાષાના એક નિષ્ણાતને સામેલ કરવાની આ સભાને જરૂર લાગે છે, તો નીચે દર્શાવેલ સભ્યોમાંથી ક્રમાનુવર્તી નિમણૂક કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) શ્રી. અનંતરાય રાવળ
(૨) ડૉ. એચ. સી. ભાયાણી
(૩) શ્રી. કે. કા. શાસ્ત્રી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિભાષા-સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૧. સેનેટના નીચેના હોદ્દાગત સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખા હેઠળ આવતી કોઈ પણ બે વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત :

ક્રમાંક	નામ	વિદ્યાશાખા	ઈચ્છિત અભ્યાસસમિતિઓ
(૧)	આચાર્ય ડી. એન. શાહ	વિજ્ઞાન	(૧) રસાયણવિજ્ઞાન; અને (૨) ફિઝિક્સ
(૨)	આચાર્ય કે. ઓ. બધેકા	ધારાશાસ્ત્ર	(૧) જ્યુરિસ્પ્રુડન્સ ઇત્યાદિ, અને (૨) લૉ ઑફ પ્રોપર્ટી ઇત્યાદિ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૫૨. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ સાયકોલોજીની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૨૮--૨--૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૨૮--૨--૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૮--૨--૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૫૩. બાંધકામ સમિતિની તા. ૨૭--૨--૧૯૭૦ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૭--૨--૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૭--૨--૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૫૪. પટેલ જે. બી. ફૂદેલવાલા આર્ટ્સ અને પટેલ એ. એમ. ફૂદેલવાલા કૉમર્સ કૉલેજ, બોરસદે ચાલુ શૈક્ષણિક વર્ષના બીજા સત્રથી વાણિજ્યના વિષયનું શૈક્ષણિક કાર્ય યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપક સિવાય ચલાવ્યું તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) વાણિજ્યના પ્રાધ્યાપક તરીકે શ્રી. જે. એ. શાહની નિમણૂક કરી છે. તેઓ બી.કૉમ.ની તથા સી.એ.ની પદવી ધરાવે છે તથા ધંધાકીય અનુભવ પાંચ વર્ષનો ધરાવે છે.

(૨) વાણિજ્યના પ્રાધ્યાપક માટે એમ.કૉમ.ની પદવી આવશ્યક છે, જે શ્રી. જે. એ. શાહ ધરાવતા નથી.

(૩) સત્રની અધવચ્ચે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપક મળતા નહીં હોવાથી આચાર્ય શ્રી જે. એ. શાહની નિમણૂક ચાલુ સત્ર પૂરતી માન્ય કરવા વિનંતી કરી છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૫. ૧૯૬૯–૭૦ના વર્ષની ઑર્ડિ. ૯૬ પ્રમાણે કૉલેજો તરફથી આવેલ માહિતીના સંદર્ભમાં નીચેની કૉલેજોનાં નામ સામે જણાવેલ મુદ્દાઓ અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
(૧)	શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	(૧) અનુસ્નાતક પદવી ધરાવતા ડેમોન્સ્ટ્રેટરને પગાર ઓછો અપાય છે. (૨) ૧૯૬૮–૬૯ના વર્ષમાં પ્રવેશ ફી વધુ લેવાઈ હતી તે અનિયમિતતા માફ કરવા કૉલેજે વિનંતી કરી છે. [ચાલુ વર્ષે નિયમ પ્રમાણે ફેરફાર કરી (**Regularise**) વધારાની ફી મજરે આપી છે.]
(૨)	મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા	છાત્રાલયની કામચલાઉ વ્યવસ્થા રાખી છે. (શું વ્યવસ્થા છે તેવા પત્રનો જવાબ હજુ આવ્યો નથી.)
(૩)	શ્રીમતી એચ. સી. પટેલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ	(૧) અર્થશાસ્ત્રના બે તાસ વાણિજ્યના શિક્ષકને સોંપ્યા હતા. (ખંડ સમયના ટ્યૂટરની નિમણૂક હવે કરાઈ રહી છે તેમ આચાર્યશ્રીએ જણાવ્યું છે.) (૨) સંસ્કૃત અને જગતના ધર્મોના બે તાસ ગુજરાતીના વ્યાખ્યાતાને સોંપ્યા હતા. (એક ખંડ સમયના શિક્ષકની નિમણૂક કરાઈ રહી છે એમ આચાર્યશ્રી જણાવે છે.)
	(**નોંધ.**—આચાર્યશ્રી જણાવે છે કે શિક્ષકોની લાયકાતની બાબતમાં મતભેદ હોવાથી આ પરિસ્થિતિ ઉપસ્થિત થઈ હતી.)	
(૪)	ના. હ. લ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ	નિયમ કરતાં વધારે પ્રવેશ ફી લેવાય છે.
(૫)	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	નિયત કરતાં વધારે પ્રવેશ ફી લેવાય છે.
(૬)	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ	નિયમ કરતાં વધારે પ્રવેશ ફી લેવાય છે.
(૭)	ભવન્સ કૉલેજ, ડાકોર	(૧) પ્રવેશ ફી નિયમ કરતાં વધારે લેવાય છે.

(૨) અર્થશાસ્ત્રના વિષયનો કુલ કાર્યભાર અને શિક્ષકોમાં કરેલી તેની વહેંચણી નીચે પ્રમાણે છે :

કુલ કાર્યભાર ૩૭+૧૦ નો છે.

શ્રી. કે. એચ. પટેલ, પ્રાધ્યાપક, અનુસ્નાતક શિક્ષક	...૧૪+૨
શ્રી. એમ. ઓ. શાહ, વ્યાખ્યાતા	...૧૧+૪
શ્રી. ડી. સી. પટવારી, ટ્યૂટર	...૮+૪
	૩૭+૧૦

(પરંતુ અનુસ્નાતક શિક્ષકને ૧૪થી વધારે વ્યાખ્યાન આપી શકાય નહિ એટલે એક વધારાના શિક્ષકની નિમણૂક આવશ્યક બને.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૬. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૩--૧૦--૧૯૬૯ની સભાની નીચેની ભલામણના સંદર્ભમાં અભ્યાસ-સમિતિના અધ્યક્ષશ્રી તરફથી પરિસંવાદ યોજવા માટે આવેલી યોજના (અંદાજી ખર્ચ સહિતની) અંગે વિચારણા કરવા બાબત :

(1) "The Board of studies in Psychology resolves that as this University has introduced a dissertation as a Compulsory Component of the M.A. II Examination in Psychology it is recommended that the University should arrange a seminar on Research Methodology to enable the recognised post-graduate teachers to pick up the technical infomation and skill required for guiding the students in their dissertations.

(2) The Board of Studies in Psychology resolves to recommend that a week-end Seminar-cum-Workshop be organised for teachers of Experimental Psychology to avoid confusion and variation in the matter of teaching Experimental Psychology Practicals of T.Y.B.A. Level."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૭. કૉલેજોમાં અને યુનિવર્સિટીઓમાં શારીરિક શિક્ષણના ડિરેક્ટર તરીકે કામ કરનાર માટે ભારત સરકારના શિક્ષણ અને યુવક સેવા મંત્રાલય તરફથી શૈક્ષણિક લાયકાત અને તેને આનુષંગિક પગારધોરણો માટે સૂચનો કરતા તા. ૨૮--૧૧--૧૯૬૯ના આવેલ પત્રાંક એફ. ૧૦-૧૪-૬૭-વાય.એસ.-૪ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૮. ગુજરાત રાજ્યના શિક્ષણ અને શ્રમખાતા તરફથી કેન્દ્રીય લોકસેવા આયોગની ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ પરીક્ષા અંગે આવેલ નોંધ અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૯. નીચે જણાવેલ સ્ટેચ્યૂટ ૧૧૦માં અભ્યાસસમિતિઓની રચના કરવા બાબતમાં "at meeting of the faculties" શબ્દો રદ કરવા અંગે વિચારણા કરવા બાબત :

"All Boards of studies shall, save as otherwise provided, be formed every five years at meetings of the Faculties."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૦. ઈજનેરી વિદ્યાશાખાની તા. ૧૩--૧--૧૯૭૦ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે ઈજનેરીની પરીક્ષાઓનાં પરિણામો (રિઝલ્ટ્સ) નક્કી કરવા બાબતમાં 'મોડરેશન બોર્ડ' નીચે જણાવેલ સભ્યોનું બનેલું સ્થાપવું :

(૧) ઈજનેરી વિદ્યાશાખાના ડીન

(૨) ઈજનેરીની તમામ અભ્યાસસમિતિઓના અધ્યક્ષો."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૧. ઈજનેરી વિદ્યાશાખામાં સ્નાતક કક્ષા સુધીના પાંચ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમની તેમ જ સેમેસ્ટર પદ્ધતિની પરીક્ષાઓ લેવાય છે. કેમિકલ ટેકનોલોજી, સિવિલ, મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલની જુદી જુદી શાખાઓની બી.ઈ. ૧થી બી.ઈ. ૪ સુધીની દરેકની બે સેમેસ્ટરની મળીને જુદી જુદી દરેક પરીક્ષા દીઠ વાર્ષિક રૂ. ૧૦૦નો યુનિવર્સિટી પુરસ્કાર આપવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

બાબત નં. ૬૨ અને બાબત નં. ૮૩ની વિચારણા સાથે કરવામાં આવી.

૬૨. અમદાવાદ શહેર વિભાગની (૧) વિવેકાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ, (૨) સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તથા (૩) સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યો તરફથી તેમની કૉલેજમાં એમ.કૉમ.ના શિક્ષણ માટે જૂન ૧૯૭૦થી અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે આવેલી અરજીઓની બાબતમાં સ્થાનિક તપાસસમિતિઓ નીમવા વિચારણા કરવા બાબત.

નોંધ.—મજકૂર કૉલેજોમાં અનુસ્નાતક કેન્દ્રને માટે જરૂરી સ્થાનિક શિક્ષકગણ અંગેની પરિસ્થિતિ નીચે મુજબ છે :

ક્રમાંક	કૉલેજનું નામ	એમ.કૉમ.ના વિષયો	સ્થાનિક શિક્ષકગણ
૧.	વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	કૉસ્ટિંગ	૧. આચાર્ય એચ. પી. પંડ્યા (શિક્ષક) ૨. શ્રી. વી. એસ. જોશી (મદદનીશ) ૩. શ્રી. આઈ. એન. પટેલ (મદદનીશ)
૨.	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૧. કૉસ્ટિંગ ૨. સ્ટેટિસ્ટિક્સ	૧. આચાર્ય ડી. એમ. શીખ (શિક્ષક) ૨. શ્રી. બી. એમ. પટેલ (શિક્ષક) ૩. શ્રી. આર. બી. શાહ (શિક્ષક) ૪. શ્રી. આર. એમ. શાહ (મદદનીશ) ૫. શ્રી. જે. ડી. પટેલ (મદદનીશ)

ક્રમાંક	કૉલેજનું નામ	એમ.કૉમ.ના વિષયો	સ્થાનિક શિક્ષકગણ
૩.	સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	કૉસ્ટિંગ	૧. આચાર્ય જે. સી. ત્રિવેદી (શિક્ષક) ૨. શ્રી. એસ. જે. દિવેટિયા (શિક્ષક) ૩. શ્રી. જે. એલ. દેસાઈ (શિક્ષક) ૪. શ્રી. વી. એસ. દોશી (શિક્ષક) ૫. શ્રી. આર. એન. શાહ (મદદનીશ) ૬. શ્રી. પી. એન. વડવાલા (મદદનીશ)
૪.	શ્રી. સહજાનંદ આર્ટ્સ એન્ડ એકાઉન્ટન્સી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	(અ) ૧. શ્રી. સી. આર. લાખિયા (માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે એકાઉન્ટિંગ વિષયમાં માન્યતા ધરાવે છે. ૨. શ્રી. પંચોલી—તેમની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા એમ.એ.માંથી એમ.કૉમ. માટે કેન્દ્ર અપાય તે પહેલાં બદલાવી લેશે તેમ આચાર્યશ્રી જણાવે છે. (બ) અનુસ્નાતક કેન્દ્ર માટે અરજી તા. ૩૧–૧૨–૧૯૬૯ સુધી આવવી જોઈએ. આ અરજી તારીખ ૨૭–૧–૧૯૭૦ના રોજ આવી છે, જે મોડી ગણાય.	

નોંધ.—ઑર્ડિ. ૬૧-એસ અનુસાર કોઈ પણ એક ઝોનમાં કોઈ પણ વિષયનું ચોથું કેન્દ્ર અપવાદ રૂપે જ આપવાની જોગવાઈ છે.

હાલ અમદાવાદ ઝોનમાં અમદાવાદની ત્રણ કૉલેજો (૧) એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, (૨) એચ. એ. કૉમર્સ કૉલેજ, અને (૩) નવગુજરાત કૉમર્સ કૉલેજમાં એમ.કૉમ.નાં અનુસ્નાતક કેન્દ્રો છે એટલે ચોથું કેન્દ્ર અપવાદ રૂપે આપવાનું વિચારાય તો વધુ એક જ કેન્દ્ર સ્થાપવા માટે અવકાશ છે.

ઉત્તર વિભાગ

૨. **(અ)** ઉત્તર વિભાગની (૧) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોલકા, અને (૨) શ્રી. કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકામાં ગુજરાતી વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો જૂન ૧૯૭૦થી સ્થાપવા માટે તે કૉલેજના આચાર્યો તરફથી આવેલ અરજીઓ પર સ્થાનિક તપાસસમિતિ નીમવા વિચારણા કરવા બાબત.

નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય	સ્થાનિક શિક્ષકગણ
૧.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા	ગુજરાતી	૧. શ્રી. બી. પી. કોઠારી, શિક્ષક ૨. શ્રી. બી. ડી. ઠાકર, હાલ મદદનીશ શિક્ષક તરીકે માન્યતા ધરાવે છે. જૂન ૧૯૭૦થી શિક્ષક તરીકે માન્યતા મેળવવા લાયકાત પ્રાપ્ત કરશે.

ક્રમાંક	શિક્ષકનું નામ	વિષય	સ્થાનિક શિક્ષકગણ
૨.	શ્રી. કે. કે. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ધંધુકા	ગુજરાતી	૧. પ્રા. કે. ડી. પટેલ, શિક્ષક ૨. પ્રો. એસ. જી. વ્યાસ, મદદનીશ શિક્ષક તરીકે જૂન ૧૯૭૦થી માન્યતા મેળવવા પાત્ર થશે. ૩. પ્રા. કુ. સી. બી. મોદી, મદદનીશ શિક્ષક તરીકે જૂન ૧૯૭૦થી માન્યતા મેળવવા પાત્ર થશે.

(બ) ઉત્તર વિભાગમાં હાલ એમ. એન. કૉલેજ, વીસનગરમાં ગુજરાતી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર છે. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી અંગે સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—(૧) સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

૧. પ્રો. એન. જે. પટેલ--માન્ય અનુસ્નાતક શિક્ષક (ઑર્ગેનિક કેમિસ્ટી)
૨. શ્રી. એન. સી. સાલવી—મદદનીશ શિક્ષક (ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી)
૩. શ્રી. જી. જે. પટેલ ,, (,, ,,)
૪. શ્રી. એ. આર. મજમુદાર ,, ,, (ઑર્ગેનિક કેમિસ્ટ્રી)

(૨) નૉર્થ ઝોનમાં હાલ યુ. પી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ(પિલવાઈ)માં ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર છે.

(ક) વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણામાં એજ્યુકેશન વિષયમાં જૂન ૧૯૭૦થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—(૧) સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :

૧. આચાર્યશ્રી એચ. જે. પંડિત—માન્ય અનુસ્નાતક શિક્ષક
૨. શ્રી. આર. આર. દવે—મદદનીશ શિક્ષક
૩. શ્રી. એમ. બી. કર્ણિક—માન્ય અનુસ્નાતક શિક્ષક, જેઓ હાલ વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદમાં છે તેઓ જૂન ૧૯૭૦થી તેમની કૉલેજમાં જોડાશે તેમ આચાર્યશ્રી જણાવે છે.

(૨) ઉત્તર વિભાગમાં હાલ કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણમાં એજ્યુકેશન વિષયનું અનુસ્નાતક કેન્દ્ર છે.

ખેડા વિભાગ

૩. (અ) ખેડા વિભાગની સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડાના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં એમ.એડ. એજ્યુકેશન વિષયમાં જૂન ૧૯૭૦થી કેન્દ્ર સ્થાપવા આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગેના પ્રશ્ન પર વિચારણા કરવા બાબત.

નોંધ.—(૧) સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે:

૧. શ્રી. એન. પી. રાવળ—માન્ય અનુસ્નાતક શિક્ષક

૨. શ્રી. વી. એ. પટેલ—માન્ય અનુસ્નાતક શિક્ષક જૂન ૧૯૭૦થી જોડાશે.

(૨) ખેડા વિભાગમાં હાલ ખંભાતમાં એજ્યુકેશન વિષયનું અનુ. કેન્દ્ર ચાલે છે.

(બ) ખેડા વિભાગની આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૭૦થી એમ.એ. ગુજરાતી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી પર સ્થાનિક તપાસ-સમિતિ નીમવા અંગેના પ્રશ્ન પર વિચારણા કરવા બાબત.

નોંધ.—(૧) સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે:

૧. શ્રી. આર. એમ. દેસાઈ—માન્ય અનુસ્નાતક શિક્ષક

૨. શ્રી. એચ. એ. પટેલ—મદદનીશ શિક્ષક

૩. શ્રી. એચ. એસ. પટેલ—મદદનીશ શિક્ષક તરીકે જૂન ૧૯૭૦ની માન્યતા મેળવવાને પાત્ર થશે.

(૨) ખેડા વિભાગમાં હાલ નડિયાદ અને ખંભાત બે સ્થળે ગુજરાતી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર છે.

(૩) અનુસ્નાતક કેન્દ્ર માટે અરજી ડિસેંબર માસમાં કરવી તેવો ઠરાવ સિન્ડિકેટે કર્યો છે. આ કૉલેજની અરજી જાન્યુઆરીની તા. ૧૧મીએ આવી છે, જે મોડી ગણાય.

પૂર્વ વિભાગ

૪. (અ) પૂર્વ વિભાગની (૧) આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ, (૨) આર્ટ્સ કૉલેજ, સંખેડા, અને (૩) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણમાં ગુજરાતી વિષયમાં જૂન ૧૯૭૦થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલી અરજીઓ પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ.—ઉપરની કૉલેજમાં સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે:

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય	સ્થાનિક શિક્ષકગણ
૧.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	ગુજરાતી	૧. શ્રી. બી. આર. મિસ્ત્રી, અનુસ્નાતક શિક્ષક ૨. શ્રી. એચ. ટી. ઠક્કર, હાલ માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા ધરાવે છે. જૂન ૧૯૭૦થી તેઓ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા લાયકાત પ્રાપ્ત કરશે.
૨.	આર્ટ્સ કૉલેજ, સંખેડા	ગુજરાતી	૧. આચાર્યશ્રી વી. જી. ઉપાધ્યાય, માન્ય અનુસ્નાતક શિક્ષક ૨. શ્રી. જે. સી. પાઠક, જેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની અમરેલી કૉલેજમાં શિક્ષક તરીકે છે. જૂન ૧૯૭૦થી તેમની કૉલેજમાં જોડાશે. અગાઉ આપણી યુનિવર્સિટીમાં શિક્ષક તરીકે માન્યતા ધરાવતા હતા.

ક્રમાંક	કૉલેજનું નામ	વિષય	સ્થાનિક શિક્ષકગણ
૩.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ	ગુજરાતી	૧. શ્રી. એ. વાય. ત્રિપાઠી—માન્ય અનુસ્નાતક શિક્ષક ૨. શ્રી. આર. પી. દવે—માન્ય અનુસ્નાતક શિક્ષક, જૂન ૧૯૭૦થી તેમની કૉલેજમાં જોડાશે. હાલ કપડવંજ કૉલેજમાં છે.

નોંધ.—ઑર્ડિ. ૬૧--એસ અનુસાર કોઈ પણ ઝોનમાં કોઈ પણ વિષયનું ચોથું કેન્દ્ર અપવાદ રૂપે જ આપવાની જોગવાઈ છે.

હાલ ઈસ્ટ ઝોનમાં ત્રણ કૉલેજો (૧) મોડાસા, (૨) તલોદ, (૩) દાહોદમાં ગુજરાતી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર છે એટલે અપવાદ રૂપે ચોથું કેન્દ્ર આપવાનું વિચારાય તો વધુ એક જ કેન્દ્ર સ્થાપવા માટે અવકાશ છે.

(બ) પૂર્વ વિભાગની આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસાના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં જૂન ૧૯૭૦થી ઇતિહાસ--અર્થશાસ્ત્ર જૂથ "એ" અને "સી" વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા વિચારવા બાબત.

નોંધ.—શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે:

કૉલેજનું નામ	વિષય	સ્થાનિક શિક્ષકગણ
આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસા	ઇતિહાસ--અર્થશાસ્ત્ર જૂથ 'એ' અને 'સી'	૧. પ્રો. જે. જે. જોશી, માન્ય અનુસ્નાતક શિક્ષક, જૂથ 'એ' અને 'બી' ૨. પ્રો. એન. બી. જોશી—મદદનીશ શિક્ષક, જૂથ 'સી' અને 'ડી' ૩. શ્રી. એ. સી. સોની—મદદનીશ શિક્ષક તરીકે જૂન ૧૯૭૦થી માન્યતા મેળવવાની લાયકાત પ્રાપ્ત કરશે.

(ક) પૂર્વ વિભાગની શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં જૂન ૧૯૭૦થી ઇતિહાસ--અર્થશાસ્ત્ર જૂથ 'એ' અને 'સી' વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા અંગે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા વિચારણા કરવા બાબત.

નોંધ.—સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે:

કૉલેજનું નામ	વિષય	સ્થાનિક શિક્ષકગણ
શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	ઇતિહાસ--અર્થશાસ્ત્ર જૂથ 'એ' અને 'સી'	૧. શ્રી. વી. એ. પટેલ—માન્ય અનુસ્નાતક શિક્ષક જૂથ 'સી' ૨. શ્રી. બી. એન. ગાંધી—મદદનીશ શિક્ષક, જૂથ 'એ' અને 'બી', જૂન ૧૯૭૦થી માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવાને પાત્ર થશે તેમ આચાર્યશ્રી જણાવે છે. ૩. શ્રી. એન. પી. વ્યાસ—મદદનીશ શિક્ષક, જૂથ 'સી' અને 'ડી.'

નોંધ.—આ ઝોનમાં આ વિષયનું અન્ય કોઈ કેન્દ્ર નથી.

૮૩. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં એમ.કૉમ.—કૉસ્ટિંગ માટે જૂન ૧૯૭૦થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સ્થાનિક શિક્ષકગણ અંગેની માહિતી નીચે મુજબ છે :

૧. પ્રો. પી. એફ. પટેલ—માન્ય અનુસ્નાતક શિક્ષક

૨. શ્રી. આર. એમ. પંચાલ—માન્ય અનુસ્નાતક શિક્ષક]

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ કૉલેજોએ તેમનાં નામ સામે જણાવેલ વિષયો માટે અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવાની કરેલી માગણી પરત્વે નીચે જણાવેલ સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિઓ નીમવી :

કૉલેજનું નામ	વિષય	સ્થાનિક તપાસસમિતિના સભ્યનું નામ
વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	કૉસ્ટિંગ	... ૧. પ્રો. એમ. બી. ગાંધી ૨. પ્રો. એ. આર. દેસાઈ
સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	કૉસ્ટિંગ-સ્ટેટિસ્ટિકસ	... ૧. પ્રો. એમ. બી. ગાંધી ૨. પ્રો. એ. આર. દેસાઈ
સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	કૉસ્ટિંગ	... ૧. પ્રો. એમ. બી. ગાંધી ૨. પ્રો. એ. આર. દેસાઈ
શ્રી સહજાનંદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	એકાઉન્ટન્સી	... ૧. પ્રો. એમ. બી. ગાંધી ૨. પ્રો. એ. આર. દેસાઈ
અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	કૉસ્ટિંગ	... ૧. પ્રો. એમ. બી. ગાંધી ૨. પ્રો. એ. આર. દેસાઈ
આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વેરાકા	ગુજરાતી	... ૧. ડૉ. ધીરુભાઈ ઠાકર ૨. આચાર્ય પ્રેમશંકર ભટ્ટ
કે. કે. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	ગુજરાતી	... ૧. ડૉ. ધીરુભાઈ ઠાકર ૨. આચાર્ય પ્રેમશંકર ભટ્ટ
આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	ગુજરાતી	... ૧. ડૉ. ધીરુભાઈ ઠાકર ૨. આચાર્ય પ્રેમશંકર ભટ્ટ
આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	ગુજરાતી	... ૧. ડૉ. ધીરુભાઈ ઠાકર ૨. આચાર્ય પ્રેમશંકર ભટ્ટ
આર્ટ્સ કૉલેજ, સંખેડા	ગુજરાતી	... ૧. ડૉ. ધીરુભાઈ ઠાકર ૨. આચાર્ય પ્રેમશંકર ભટ્ટ
આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ	ગુજરાતી	... ૧. ડૉ. ધીરુભાઈ ઠાકર ૨. આચાર્ય પ્રેમશંકર ભટ્ટ
આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	... ૧. ડૉ. જે. જે. ત્રિવેદી ૨. ડૉ. કે. એ. ઠાકર

વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણા	એજ્યુકેશન	...૧.	ડૉ. કે. જી. દેસાઈ
		૨.	આચાર્ય નિરંજનભાઈ ત્રિવેદી
સેકન્ડરી ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા	એજ્યુકેશન	...૧.	ડૉ. કે. જી. દેસાઈ
		૨.	આચાર્ય નિરંજનભાઈ ત્રિવેદી
આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસા	ઇતિહાસ--અર્થશાસ્ત્ર	...૧.	પ્રો. જે. એલ. ધોળકિયા
	જૂથ 'એ'--'સી'	૨.	ડૉ. આર. કે. ધારૈયા
શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	ઇતિહાસ--અર્થશાસ્ત્ર	...૧.	પ્રો. જે. એલ. ધોળકિયા
	જૂથ 'એ'--'સી'	૨.	ડૉ. આર. કે. ધારૈયા

૬૩. શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદના આચાર્ય કે. એન. શાહ તરફથી આવેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટમાં શીખવાતા વિષયો પૈકી રસાયણશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર તથા વનસ્પતિ-શાસ્ત્રમાં પૂરતી સંખ્યાના વિદ્યાર્થીઓ લીધા પછી વધારાના વિદ્યાર્થીઓ માટે, શહેરની જે કૉલેજોમાં તે વિષય માટે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના પ્રોફેસર તથા રીડરની સંખ્યા જેટલા માન્ય અનુસ્નાતક શિક્ષકો હોય અને તે વિષયના યુનિવર્સિટીના વ્યાખ્યાતા જેટલા અનુસ્નાતક મદદનીશ શિક્ષકો હોય, તે કૉલેજો પૈકી બી.એસસી.માં જ્યાં સૌથી વધારે વિદ્યાર્થીઓ હોય અને લેબોરેટરી તથા લાઇબ્રેરીની પૂરતી સગવડો હોય અને વિદ્યાર્થીઓનો સંપૂર્ણ વિકાસ કરી શકે તેવું શૈક્ષણિક વાતાવરણ ઊભું કરી શકે તેવી શહેરની કૉલેજમાંથી વિષયવાર એકને જૂન ૧૯૭૦થી યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ વતી અનુસ્નાતક વિષય માટે કેન્દ્ર શરૂ કરવા પરવાનગી આપવી અને યુનિવર્સિટીના તે વિષના પ્રાધ્યાપકને વ્યવસ્થા કરવા જણાવવું. આવાં કેન્દ્રો અઠવાડિયાના છ દિવસ કામ કરે તે રીતે યુનિવર્સિટીના પ્રાધ્યાપકે વ્યવસ્થા કરવા જણાવવું."

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૪. શ્રી. એ. એન. કેલાનાં પ્રથમ એલએલ.બી. તેમ જ બીજી એલએલ.બી.નાં સત્રો તથા પરિણામો તારીખ ૩૦, ૩૧ મે ૧૯૬૯ની સિન્ડિકેટના ઠરાવથી રદ કર્યાં હોઈ તેમને તા. ૩જી ઑકટોબર ૧૯૬૩ના પદવીદાન સમારંભમાં અર્પણ થયેલ એલએલ.બી.ની પદવી પાછી ખેંચવા બાબતમાં વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ભાષા-સાહિત્ય ભવનમાં સંસ્કૃતના વ્યાખ્યાતા શ્રી. ટી. એસ. નાંદીને અમેરિકન પીસ કોર્પ્સ તરફથી આવનાર કેટલાક અમેરિકન મિત્રોને તા. ૨૧--૩--૧૯૭૦થી તા. ૪--૬--૧૯૭૦ સુધી ગુજરાતી ભાષાનું શિક્ષણ આપવા માટે નિમંત્રણ તથા તે અંગેનું માસિક રૂ. ૪૫૦ લેખેનું માનદ વેતન સ્વીકારવાની પરવાનગી આપ્યાના;

(૨) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
૧.	શ્રી. એસ. સી. રંગાટિયા	વિનયન—હિંદી	પીએચ.ડી.
૨.	શ્રી. પી. જી. અબ્રાહમ	વિજ્ઞાન –વનસ્પતિવિજ્ઞાન	,,
૩.	શ્રીમતી એન. એસ. શાહ	વિનયન—સંસ્કૃત	,,
૪.	શ્રી. બી. એ. પંડ્યા	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	,,
૫.	શ્રી. ટી. જર્ઘોન	વિજ્ઞાન—વનસ્પતિવિજ્ઞાન	,,

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૬૬. યુનિવર્સિટી પ્રેસના બાઈન્ડર શ્રી. એન. એમ. મકવાણાને તા. ૭--૨--૧૯૭૦ના રોજ રૂ. ૬૦-૪-૧૦૦-ઈ.બી.૧૨૦ના પગારધોરણમાં રૂ. ૧૦૦થી આગળ કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૭. ઓર્ડિ. ૭૫નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩--૧--૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Engineering Faculty

First Term		Second Term	
Date of commencement	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
15th June	15th Oct.	1st December	31st March

(No Christmas Holidays)

For Post-Diploma Degree Course in Engineering

First Term		Second Term	
Date of commencement	*Date of conclusion*	*Date of commencement*	*Date of conclusion*
15th Dec.	15th April	1st June	15th Oct.

(No Christmas Holidays)

આથી ઠરાવવામાં આવે છે કે ઓર્ડિ. ૭૫નો સંબંધકર્તા ભાગ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તે સુધારેલા ઓર્ડિનન્સને ૧૧મી જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવો.

૬૮. સેમેસ્ટર પદ્ધતિ મુજબના દ્વિતીય વર્ષ બી.ઈ.થી પાંચમા વર્ષ બી.ઈ. સુધીની ટીચિંગ એક્ઝામિનેશન સ્કીમ તથા તેને લગતાં ધારાધોરણો અને સેમેસ્ટર પદ્ધતિ મુજબના પાર્ટ ટાઈમ પોસ્ટ-ડિપ્લોમાના અભ્યાસક્રમો સુધારવા અંગેની ઈજનેરી વિદ્યાશાખાની તા. ૧૩--૧૦--૧૯૬૯ની સભાની ભલામણો એકેડેમિક કાઉન્સિલે તેની

તા. ૭–૮ અને ૨૩–૧–૧૯૭૦ની સભામાં સૂચવેલા સુધારાઓ સાથે નીચે જણાવેલ ઑર્ડિનન્સો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

(૧) ઑર્ડિ. એન્જ. ૧, ૨, ૩, ૪.
રેગ્યુ. એન્જ. ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯.

(૨) ઑર્ડિ. પી. એન્જ. ૧, ૨, ૩.
રેગ્યુ. પી. એન્જ. ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭.

આથી ઠરાવવામાં આવે છે કે બી.ઈ. સેકન્ડ, બી.ઈ. થર્ડ, બી.ઈ. ફોર્થ અને બી.ઈ. ફિફ્થની પરીક્ષાઓ માટેના અભ્યાસક્રમો તથા શિક્ષણપદ્ધતિ અંગેના સદરહુ ઑર્ડિનન્સો તથા રેગ્યુલેશનો મંજૂર કરવા અને તે અંગેના જૂના અભ્યાસક્રમોને લગતા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોને બદલે આ નવા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોને તા. ૧૫મી જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવા.

૬૯. અધ્યાપકવર્ગમાં થતા ફેરફાર અંગેની સ્થાયી સમિતિની તા. ૧૯–૨–૧૯૭૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯–૨–૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૯–૨–૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૭૦. તા. ૬/૭–૧૨–૧૯૬૯ની સિન્ડિકેટની સભામાં થયેલ ઠરાવના સંદર્ભમાં બીજી યુનિવર્સિટીઓમાં કૉલેજ શિક્ષકોને અપાતા ઘરભાડા ભથ્થાના નિયમો અંગેની આવેલી માહિતી પરત્વે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૧. ફાઇનાન્સ સમિતિની તા. ૫–૩–૧૯૭૦ના રોજ મળેલી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૫–૩–૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૫–૩–૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૭૨. તા. ૪–૨–૧૯૭૦ના રોજ મળેલ હૉસ્ટેલ સલાહકાર સમિતિની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

(૧) નૉન-રિકરિંગ ખર્ચ પેટે રમતગમત કે સાંસ્કૃતિક કાર્યક્રમને લગતાં સાધનો વસાવવા યુનિવર્સિટીના હૉસ્ટેલના બજેટમાં વર્ષ દીઠ રૂ. ૧,૦૦૦ની જોગવાઈ કરવા સિન્ડિકેટને વિનંતી કરવી.

(૨) યુનિવર્સિટી હૉસ્ટેલમાં હંગામી ભાડાનો દર નીચે પ્રમાણે રાખવો :

(અ) દૈનિક ભાડું	...	રૂ. ૧–૦૦
(બ) કોઈ એક કૅલેન્ડર મહિનામાં વધુમાં વધુ ભાડા પેટે વ્યક્તિ દીઠ	...	રૂ. ૨૦–૦૦
(ક) પંખાની દૈનિક વપરાશનું ભાડું	...	રૂ. ૦–૧૦

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૩. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદે જોડાણ નહીં હોવા છતાં બી.એ.(પ્રિન્સિ.)માં હિંદી તથા બી.એ.(સભા.)માં આંકડાશાસ્ત્રનું શિક્ષણકાર્ય કરેલ હોઈ તથા આ બન્ને વિષયોના વિદ્યાર્થીઓ ૧૯૭૦ના વર્ષમાં યુનિવર્સિટી પરીક્ષામાં બેઠેલા હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૪. જૂન ૧૯૭૧થી (અ) નવી કૉલેજો માટે (બ) વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે, તથા (ક) વિભાગીકરણ અને વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે આવેલ જોડાણઅરજીઓ પર સ્થાનિક તપાસ-સમિતિ નીમવા બાબત.

(અ) નવી કૉલેજો

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	સ્થળ	અભ્યાસક્રમો
૧.	મંત્રીશ્રી, શ્રી કેળવણી મંડળ, શાસ્ત્રીની ચાલ, કોચરબનો પહેલો ઢાળ, વા. સા. હૉસ્પિટલ પાછળ, અમદાવાદ--૬	અમદાવાદ	વિનયન અને વાણિજ્ય
૨.	અધ્યક્ષ, વિવેકાનંદ એજ્યુકેશન, ફાઉન્ડેશન, અમદાવાદ	મહેસાણા	વિનયન અને વાણિજ્ય (પ્રી.-યુનિ.થી ટી.વાય. સુધીના અભ્યાસક્રમ)
૩.	પ્રમુખશ્રી, કપિલાબેન એન્ડ ત્રિવેદી એજ્યુકેશન સોસાયટી, મહેમદાવાદ	મહેમદાવાદ	વિનયન અને વાણિજ્ય
૪.	મૅનેજિંગ ટ્રસ્ટી, ધ. ધુ. આચાર્યશ્રી દેવેન્દ્રપ્રસાદજી કેળવણી ટ્રસ્ટ, શ્રી. સહજાનંદ કૉલેજ, સચિવાલય પાસે, અમદાવાદ	અમદાવાદ	વિજ્ઞાન
૫.	અધ્યક્ષ, વિવેકાનંદ એજ્યુકેશન ફાઉન્ડેશન, અમદાવાદ	અમદાવાદ	વિજ્ઞાન
૬.	મૅનેજિંગ ટ્રસ્ટી, જયહિંદ એજ્યુકેશન ટ્રસ્ટ, "જશ વલ્લભ", લાલ બંગલાની પાછળ, એલિસબ્રિજ, અમદાવાદ--૬	અમદાવાદ	વાણિજ્ય
૭.	મંત્રીશ્રી, નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ	પાટણ	વાણિજ્ય
૮.	પ્રમુખશ્રી, પંચમહાલ શિક્ષણપ્રચારક મંડળ, ગોધરા	ગોધરા	વાણિજ્ય
૯.	મંત્રીશ્રી, પંકજ કેળવણી મંડળ, એલિસબ્રિજ, અમદાવાદ	અમદાવાદ	શિક્ષણ

ક્રમાંક	અરજી કરનાર સંસ્થાનું નામ	સ્થળ	અભ્યાસક્રમો
૧૦.	મૅનેજિંગ ટ્રસ્ટી, કમલા એજ્યુકેશન ટ્રસ્ટ, શાહપુર મિલ કમ્પાઉન્ડ, નરેન્દ્ર ભવન, શાહપુર, અમદાવાદ	અમદાવાદ	શિક્ષણ
૧૧.	સુપરિન્ટેન્ડન્ટ, પાલનપુર જૈન શિશુશાળા બાલમંદિર અને એજ્યુકેશન ટ્રસ્ટ, મુંબઈ	પાલનપુર	શિક્ષણ

(બ) વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે

૧૨.	મંત્રીશ્રી, કલોલ તાલુકા કેળવણી મંડળ, કલોલ (ઉ. ગુ.)	કલોલ	જૂન ૧૯૭૦થી શરૂ કરનાર વાણિજ્યની કૉલેજ સાથે શિક્ષણની કૉલેજના વધારાના જોડાણ માટે
૧૩.	મંત્રીશ્રી, નૉર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ	પાટણ	હાલની શિક્ષણની કૉલેજ સાથે કાનૂની વિદ્યાશાખાના વધારાના જોડાણ માટે

(ક) વિભાગીકરણ અને વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે

૧૪.	આચાર્યશ્રી, નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ--૧૩	અમદાવાદ	હાલની નવગુજરાત લૉ ઍન્ડ કૉમર્સ કૉલેજનું વિભાગીકરણ
૧૫.	પ્રમુખશ્રી, પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ પેટલાદ	પેટલાદ	હાલની આર. કે. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજનું વિભાગીકરણ કરવા તથા આર. કે. આર્ટ્સ કૉલેજ સાથે ૧૯૭૦થી શરૂ કરનાર નવી વાણિજ્યની કૉલેજનું સંયોજન કરવા માટે
૧૬.	પ્રમુખશ્રી, ઈ. એમ. હાઈસ્કૂલ ટ્રસ્ટ, બોરસદ	બોરસદ	શિક્ષણની કૉલેજ તથા હાલની વિજ્ઞાન અને કાયદાની કૉલેજ પૈકી કાયદાની વિદ્યાશાખાના શિક્ષણની કૉલેજ સાથે જોડાણ માટે.

(**નોંધ.**—હાલની વિજ્ઞાન અને કાયદાની કૉલેજનું વિભાગીકરણ કરવાની અરજી વિના ઉપર મુજબની અરજી વિચારવી શકય નથી.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૫. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ ગુજરાત રાજ્યમાં આવેલી યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ પાસેથી પ્રવેશ-પાત્રતાનું પ્રમાણપત્ર (એલિજિબિલિટી સર્ટિફિકેટ) લેવું નહીં તેમ ઠરાવ્યું છે તો આ પ્રથા આપણી યુનિવર્સિટીમાં અપનાવવી કે કેમ તે અંગેના તેમના તા. ૨૩--૨--૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સ્ટે. ૧૭૩ની જોગવાઈ અનુસાર વિદ્યાર્થીની પ્રવેશપાત્રતાની પૂરતી ચકાસણી થાય તે દૃષ્ટિએ એલિજિબિલિટી સર્ટિફિકેટ લેવાનું આવશ્યક રહે છે એમ કાર્યાલયનું માનવું છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૬. ડેટા પ્રોસેસિંગ વિભાગમાં હાલનાં ICL સૉર્ટર મશીનોને સ્થાને IBMનાં સૉર્ટર મશીનો ભાડે લેવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) હાલનાં ICL મશીનોને સાત વર્ષ પૂરાં થઈ ગયાં હોઈ ICL કંપનીએ તે બદલવા સલાહ આપી છે.

(૨) હાલ આપણી પાસે એક high speed અને એક low speed એમ બે મશીનો છે, જેનું માસિક કુલ ખર્ચ રૂ. ૭૨૫ થાય છે, પરંતુ હવે બન્ને high speed મશીનો લેવાની જરૂર હોઈ માસિક ખર્ચ રૂ. ૮૫૦ થાય, જ્યારે IBM નાં બે high speed મશીનોનું ખર્ચ રૂ. ૭૫૧ થાય. આમ રૂ. ૯૯ માસિક બચત થાય. ઉપરાંત ICL કરતાં આ મશીનોની ઝડપ પણ થોડીક વધારે રહેશે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ડેટા પ્રોસેસિંગ વિભાગમાં હાલ ભાડે લીધેલાં ICL કંપનીનાં બે સૉર્ટર મશીનો તે અંગેના કરાર પ્રમાણે કંપનીને ત્રણ મહિનાની નોટિસ આપી પાછાં આપી દેવાં અને તેને બદલે IBMનાં બે સૉર્ટર મશીનો ભાડે લેવાં અને તે માટે ભાડા પેટે રૂ. ૪૧૭ ઓછા ૧૦ ટકાનો પ્રત્યેક મશીન દીઠ માસિક ખર્ચ તથા તે અંગેનો one time charges કંપનીની શરતો પ્રમાણે મંજૂર કરવો અને આ બાબતમાં જરૂરી કરાર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭૭. સિન્ડિકેટે તેની તા. ૯/૧૦--૮--૧૯૬૯ની સભામાં યુનિવર્સિટીનાં બધાં અનુસ્નાતક ભવનો માટે રમત-ગમતની પ્રવૃત્તિઓ સંકલિત ધોરણે ચલાવવાની બાબતમાં નિયુક્ત કરેલ સમિતિની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) યુનિવર્સિટી ભવનોના જિમખાના માટે નીચે જણાવ્યા પ્રમાણેનું એક કાયમી વ્યવસ્થાતંત્ર ઊભું કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

એક વ્યાયામ શિક્ષક	અંદાજી ખર્ચ	રૂ.	૫,૦૦૦
એક ક્લાર્ક--ટાઈપિસ્ટ	,,	રૂ.	૩,૦૦૦
બે પટાવાળા	,,	રૂ.	૩,૦૦૦

(**નોંધ.**—આ અંગેની જોગવાઈ ભવનોના અંદાજપત્રમાં જુદી કરવાની થશે.)

(૨) વિદ્યાર્થીઓના યુનિયન કાર્યને અને જિમખાનાના ખર્ચને પહોંચી વળવા ટર્મ ફી હાલ રૂ. ૩ છે, તેને વધારીને રૂ. ૧૦ કરવી અને તેમાંથી જિમખાના માટેનો ફાળો વિદ્યાર્થી દીઠ રૂ. ૫ રાખવાની ભલામણ કરવી.

(૩) એન.આર.એસ. સેન્ટરની બાજુમાં ખાડામાં જ્યાં નાનું ટેમ્પરરી સ્ટેડિયમ ઊભું કરીને વૉલીબૉલ રમવાના યુનિવર્સિટી કોર્ટ બનાવવામાં આવ્યા છે ત્યાં અનુસ્નાતક ભવનો માટે ખોખો, બાસ્કેટબૉલ, કબડ્ડી, અને હૉકીનાં મેદાનો હજુ બીજી વધુ જમીન માટી નાંખીને પૂરીને મેળવી તૈયાર કરાવવા અને પગથિયાંની લંબાઈ થોડી ઉત્તર તરફ વધારવા અને હૉકી, બાસ્કેટબૉલ, વૉલીબૉલ અને ખોખોના થાંભલા ખરીદવા માટે જરૂરી ખર્ચ પેટે રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર) નવા વર્ષના ભવનોના અંદાજપત્રમાં મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૮. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧ (અ) અને (બ) પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭૯. તા. ૭-૩-૧૯૭૦ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિએ યુનિવર્સિટી કાર્યાલયના ઉપયોગ માટે યંત્રવાળી બાઈસિકલ લેવા માટે કરેલી ભલામણ પર વિચારણા કરીને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

'આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના ઉપયોગ માટે એક 'Vicky' સ્કૂટર ખરીદવાનું રાખવું અને તે માટે રૂ. ૨,૩૮૨-૬૦ પૈસાનો ખર્ચ મંજૂર કરવો.'

તે સિવાયની સદરહુ સમિતિની બાકીની ભલામણો પરની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૦. ઑક્ટોબર ૧૯૬૯માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન પ્રાક્તિક પરીક્ષકોના હસ્તક તથા કાર્યાલયના સભ્યોના હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો પર તેમ જ વિદ્યાર્થીઓએ અભ્યાવેદન ગેરવાજબી ઈલાજો અંગેના કેસો ઉપર વિચારણા કરવા યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૯-૨-૧૯૭૦ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯-૨-૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૮૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૩-૧૯૭૦ના રોજ મળેલી ૫૩મી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૨. "ગુજરાત ઇકોનોમિક ઍસોસિયેશન"ની પ્રથમ પરિષદ ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે અમદાવાદ ખાતે તા. ૧૧ અને ૧૨ એપ્રિલ ૧૯૭૦ દરમિયાન મળનાર છે તેમાં યુનિવર્સિટી તરફથી બે પ્રતિનિધિઓ મોકલવા સદરહુ ઍસોસિયેશનના સ્ટીયરિંગ કમિટીના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના પ્રથમ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે પ્રો. જે. એલ. ધોળકિયા તથા પ્રો. મહેશભાઈ ભટ્ટને નીમવા.

૮૩. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૬૨ સાથે કરવામાં આવેલી લોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૮૪. (૧) પ્રાકૃત ભાષાઓનો અભ્યાસ અને (૨) અહિંસાનો સિદ્ધાંત અને તેનું આચરણ એ વિષયો પર આ અગાઉ અનુક્રમે (૧) શિવાજી યુનિવર્સિટી, કોલ્હાપુર તથા પૂના યુનિવર્સિટી અને (૨) દિલ્હી યુનિવર્સિટી તરફથી પરિસંવાદો યોજાયેલા છે. હવે આ બે વિષયો પૈકી ગમે તે એક વિષય પર ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે પરિસંવાદ યોજવાની શકયતા વિચારવા માટે શિવાજી યુનિવર્સિટીના વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૫. શેઠ એસ. વી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ) તરફથી ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન એકાઉન્ટન્સી વિષયનું શૈક્ષણિક કાર્ય યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપક સિવાય ચલાવવું તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) એકાઉન્ટન્સીના અંડ સમયના પ્રાધ્યાપક તરીકે શ્રી. આઈ. એચ. દેસાઈની નિમણૂક કરી છે. તેઓ બી.કૉમ.ની પદવી પાસ વર્ગમાં ધરાવે છે અને સી.એ. છે તથા વ્યાવસાયિક અનુભવ ૭ વર્ષનો ધરાવે છે, પરંતુ નિયમ મુજબ પાંચ વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો શૈક્ષણિક અનુભવ નથી. (૨) યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપક મળતા નહીં હોવાથી આચાર્યશ્રીઓ શ્રી. આઈ. એચ. દેસાઈની નિમણૂકને ચાલુ વર્ષ પૂરતી ક્ષમ્ય ગણવા વિનંતી કરી છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૬. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૧૧—૧૨—૧૯૬૯ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીનું રમતનું ધોરણ જે રીતે સુધરી રહ્યું છે અને ધોરણ વધુ સુધારવા માટે જુદી જુદી રમતો માટેના કોચીઝ(રાહબરો)ની નિમણૂકને આવશ્યક ગણી તેમની નિમણૂક માટેના ખર્ચ પેટે યુ.જી.સી.એ યુનિવર્સિટીઓને ૭૫ ટકા આર્થિક સહાય આપવાનું નક્કી કર્યું છે તે જોતાં તથા રજાઓ દરમિયાન એન.એસ.એ.ની આર્થિક સહાયથી આવતા ઉનાળાની રજાઓમાં રમતોના શિબિરો યોજવાના છે તે જોતાં હાલના જે બે કોચીઝ છે તેમની સેવાઓ કાયમ મળે તેમ કરવાનું અને બીજી રમતો માટેના કોચીઝની વધુ જગ્યા ઊભી કરવાની આ બોર્ડ સિન્ડિકેટને આગ્રહભરી ભલામણ કરે છે."

[**નોંધ.**—(૧) તા. ૧૪--૨--૧૯૭૦ની સિન્ડિકેટની સભામાં તા. ૩૧--૩--૧૯૭૦ સુધીમાં તેઓની નિમણૂક લંબાવવાનું મંજૂર કરવામાં આવ્યું છે.

(૨) કોચીઝ અંગેના ખર્ચ પેટે યુ.જી.સી. તરફથી ૭૫ ટકા ગ્રાન્ટ આપવાનું અને તે નૉન-એસાઈન્ડ ગ્રાન્ટ સિવાય અલગ આપવાનું જણાવતો પત્ર આવ્યો છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૭. રાષ્ટ્રીય સેવા યોજનાના કાર્યક્રમમાં શિક્ષકોને તાલીમ આપવા માટે તા. ૫--૩--૧૯૭૦થી તા. ૧૧--૩--૧૯૭૦ દરમ્યાન સમાજવિદ્યા ભવનના લેબર વેલ્ફેરના વિભાગમાં યોજવામાં આવેલ પ્ર-શિક્ષણના કેમ્પ અંગે—

(ક) કેમ્પ યોજવા અંગે રૂ. ૬,૩૫૦નું અંદાજપત્ર મંજૂર કર્યાના અને કેમ્પમાં હાજર રહેલ શિક્ષકોને નીચેના ધોરણે ભથ્થું આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

(૧) સ્થાનિક શિક્ષકોને વાહનખર્ચના રૂ. ૫ (પાંચ) લેખે આવવા-જવાના રૂ. ૧૦

(૨) બહારગામના શિક્ષકોને પ્રથમ, દ્વિતીય અગર તૃતીય વર્ગો પૈકી જે વર્ગમાં મુસાફરી કરી હોય તેનું આવવા-જવાનું રેલવે ભાડું તેમ જ યુનિવર્સિટીના ધોરણે કિલોમીટર દીઠ ૩ પૈસા લેખે પ્રવાસ ભથ્થું;

(ખ) કેમ્પના સંચાલનના કામકાજમાં નીચેના કર્મચારીઓને વધારાનું ભથ્થું--વેતન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	મૂળ માસિક પગાર
(૧)	ડૉ. પી. એમ. મજમુદાર	રીડર	રૂ. ૮૫૦
(૨)	શ્રી. એ. ડી. શાહ	ફીલ્ડ વર્ક આસિસ્ટન્ટ	રૂ. ૨૬૦
(૩)	શ્રી. ડબલ્યુ એન. ક્રિશ્ચિયન	ક્લાર્ક	રૂ. ૧૪૦
(૪)	શ્રી. જી. એફ. પટેલ	સ્ટેનોગ્રાફર	રૂ. ૨૨૦
(૫)	શ્રી. આર. એચ. પટેલ	ક્લાર્ક--ટાઈપિસ્ટ	રૂ. ૯૫
(૬)	શ્રી. એસ. એન. શાહ	,,	રૂ. ૯૦
(૭)	શ્રી. એસ. કે. વાઘેલા	પટાવાળા	રૂ. ૬૦
(૮)	શ્રી. સી. કે. વાઘેલા	પટાવાળા	રૂ. ૬૩
(૯)	શ્રી. કાલિદાસ	સફાઈ કામદાર	દૈનિક રોજ પર.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(ખ) સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮/૨૩--૧—૧૯૭૦ની સભાની ભલામણોના સંદર્ભમાં કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પહેલી એલએલ.બી.ની પરીક્ષામાં "એડમિનિસ્ટ્રેટિવ લૉ"નું પેપર પાસ કર્યું હોય તેમને બીજી એલએલ.બી.ના પ્રશ્નપત્ર-૧ એડમિનિસ્ટ્રેટિવ લૉ(૫૦ માર્ક્સ)માંથી એપ્રિલ ૧૯૭૦ તથા ઑક્ટોબર ૧૯૭૦ની પરીક્ષામાં મુક્તિ આપ્યાના તેમ જ તેવા વિદ્યાર્થીઓને ત્રીજી એલએલ.બી.માં ક્લાસ મેળવવા લાયક (એલિજિબલ) ગણ્યાના (ઍકા. બા. ૧૨૮) તેમ જ આવા વિદ્યાર્થીઓને "ઇન્ડિયન લીગલ હિસ્ટરી—કમ્પેરેટિવ લૉ"માં બેસવાના તેમ જ પ્રશ્નપત્ર દોઢ કલાકના અને તેમાં પાસ થવા માટે ૧૭ ગુણ તેમ જ કુલ સરવાળે ૫૦ ટકા ગુણ રાખ્યાના;

(૨) તૃતીય વર્ષ બી.એ.ના પ્રશ્નપત્ર ૮ના અભ્યાસક્રમ માટે સૂચિત પુસ્તકોની સૂચવેલ યાદી માટે "પહેલું પુસ્તક સમગ્રપણે જ અને બાકીનાં પુસ્તકો તેમનો જેટલો ભાગ ઉપરના વિષયો સાથે

સંબંધિત હોય તેટલા પૂરતું" તેમ જણાવ્યું છે તેને બદલે નીચેની નોંધ સૂચિત પુસ્તકો માટે રાખ્યાના. (ઑકા. બા. ૧૪૪)

(**નોંધ.**—પુસ્તકો--તેમનો જેટલો ભાગ અભ્યાસના ઉપરના વિષયો સાથે સંબંધિત હોય તેટલા પૂરતો સૂચવ્યો છે.)

(૩) એમ.એસસી., ભાગ ૨ ઑર્ગેનિક કેમિસ્ટ્રીના પ્રશ્નપત્ર ૨ માટે પેટ્રોકેમિકલ્સના અભ્યાસક્રમ અંગે નીચે જણાવેલ નોંધ ઉમેરવાના. (ઑકા. બા. ૧૫૯).

(**નોંધ.**—Part II : Details regarding Petro-Chemicals—not more than the material contained in the book 'Industrial Chemistry' by Shreve.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૮૯. રુક્ષ્મણીબહેન (ડી.એફ.ડી.) હૉસ્પિટલ, ધોલેરાને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨--એ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા માટે હૉસ્પિટલના ટ્રસ્ટી તરફથી આવેલા તા. ૧૧--૩--૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૦. સિન્ડિકેટે તેની તા. ૩--૧૦--૧૯૬૯ની સભામાં અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કં. લિ. પાસેથી ફિઝિકસ વિભાગ માટે એન્ટીના બનાવવાનું ટેન્ડર રૂ. ૨૩,૮૦૦-૬૦ પૈસાનું મંજૂર કર્યું હતું, પરંતુ ટ્વિસ્ટેડ હાર્ડ ડ્રોન કૉપર વાયરના ભાવ ભૂલથી મીટરના રૂ. ૦-૬૦ પૈસા લખેલ તેથી તે ભૂલ સુધારવા તેમના તા. ૩૧--૧--૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(આમ કરવાથી રૂ. ૩,૭૮૦ના ખર્ચનો વધારો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે અમદાવાદ ઇલેક્ટ્રિસિટી કં. લિ.ના ટેન્ડરમાં ટ્વિસ્ટેડ હાર્ડ ડ્રોન કૉપર વાયરના ભાવ મીટરના રૂ. ૦--૬૦ લખેલા તે ભૂલ જણાયાથી તે ટેન્ડરમાં સદરહુ બાબત અંગેના ભાવ રૂ. ૦--૬૦ ને બદલે રૂ. ૨--૪૦નો ભાવ મંજૂર કરવો તથા તે માટે વધારાના રૂ. ૩,૭૮૦ જેટલો ખર્ચ મંજૂર કરવો.

૯૧. બૉમ્બે ગૅરેજ (અમદાવાદ) લિ. પાસેથી એક ફાર્ગો મૉડેલ બી. ૬-ડી. ૩૦૦ ચેસીસ રૂ. ૩૦,૪૯૨--૪૪- (અંકે રૂપિયા ત્રીસ હજાર ચારસો બાણું અને પૈસા ચુંવાલીસ પૂરા)ની કિંમતે ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બૉમ્બે ગૅરેજ (અમદાવાદ) લિ. પાસેથી એક ફાર્ગો મૉડેલ બી. ૬--ડી ૩૦૦ ચેસીસ રૂ. ૩૦,૪૯૨--૪૪ પૈસાની કિંમતે ખરીદવું.

૯૨. શ્રી. કિશનદાસ કિકાણી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાએ ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન તર્કશાસ્ત્રના શિક્ષક વગર શિક્ષણકાર્ય કરેલું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) મર્કન્ટાઈલ લૉના પ્રાધ્યાપક શ્રી. આર. એમ. દેસાઈને તર્કશાસ્ત્રનું શિક્ષણકાર્ય સોંપાયેલું હતું. શ્રી. દેસાઈ એમ.એ. તત્ત્વજ્ઞાન સાથે ગોલ્ડ મેડેલિસ્ટ છે.

(૨) તર્કશાસ્ત્રના શિક્ષક વગર શિક્ષણકાર્ય કરેલ તે ક્ષમ્ય ગણવા આચાર્યશ્રીએ વિનંતી કરેલી છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૩. શ્રીમદ્ વલ્લભાચાર્ય શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શન અથવા અણુભાષ્ય પર વ્યાખ્યાનો આપવા માટે શ્રી. જેઠાલાલ ગોવર્ધનદાસ શાહને નિમંત્રણ આપવા સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૧--૨--૧૯૭૦ની સભામાં ઠરાવ્યું છે તે અનુસાર શ્રી. જેઠાલાલ ગોવર્ધનદાસ શાહને "શ્રી. વલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ (પુષ્ટિ) અને ભક્તિતત્ત્વનું સ્વરૂપ" એ વિષય પર સાત વ્યાખ્યાનોની શ્રેણી માટે પુરસ્કાર નક્કી કરવા બાબત તથા તેમની સાથે કરવાના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૪. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેની તા. ૬--૩--૧૯૭૦ના પત્રાંક એફ. ૯/૨/૭૦(સીડી)થી પુસ્તક ખરીદી માટે રૂ. ૨,૦૦,૦૦૦ની (વિનયન તથા સમાજવિદ્યાનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦,૦૦૦ તથા વિજ્ઞાન વિદ્યાશાખાનાં પુસ્તકો માટે રૂ. ૧,૦૦,૦૦૦) ૧૯૬૯--૭૦ તથા ૧૯૭૦--૭૧ના વર્ષ માટે ચોથી પંચવર્ષીય યોજના માટેના એલોશન ઉપરાંત વધારાની ગ્રાન્ટ મંજૂર કર્યાની તથા તે પેટે ૫૦ ટકા લેખે રૂ. ૧,૦૦,૦૦૦ હાલ ચૂકવવાનું મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૯૫. તા. ૧--૧--૧૯૬૩થી તા. ૩૧--૩--૧૯૬૭ના સમય દરમિયાન ગુજરાત યુનિવર્સિટી જનરલ ફંડના હિસાબમાં રૂ. ૨૦૦નો જે તફાવત આવતો હતો તે અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સને ૧૯૬૬--૬૭ના વાર્ષિક હેવાલ પરની ભલામણો ઉપરથી સિન્ડિકેટે તેની તા. ૯/૧૦--૩--૧૯૬૮ની સભામાં બાબત નં. ૮૬થી સદર બાબતની તપાસ કરી રિપોર્ટ કરવા માટે એક સમિતિ નીમી હતી, પરંતુ હવે હિસાબોની ફેરતપાસ કરતાં રૂ. ૨૦૦નો તફાવત મળી આવવાથી તે પ્રમાણે એડજસ્ટમેન્ટ કરવા માટે કુલપતિશ્રીએ મંજૂરી આપ્યાના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૯૬. યુનિવર્સિટી કાર્યાલયમાં જુનિયર ઑપરેટર શ્રી. આર. એમ. પટેલને તા. ૭--૧૨--૧૯૬૮થી ત્રણ માસની નોટિસ આપી ફારેગ કર્યા હોવાથી (અ) તેઓના ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા તથા (બ) સ્ટે. ૧૯૩-એ પ્રમાણે ગ્રૅચ્યુઇટીની રકમ આપવા અંગેની તેઓની તા. ૧--૩--૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

[તેઓ યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૨૦--૧--૧૯૬૨થી જોડાયા હતા અને તેઓને તા. ૭--૧૨--૧૯૬૮ના રોજથી ત્રણ માસનો નોટિસ પગાર આપી ફારેગ (discharge) કર્યા હતા.]

(૧) આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એમ. પટેલને તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીના ફાળા સહિત ચૂકવી આપવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. એમ. પટેલને તા. ૭--૧૨--૧૯૬૮ના રોજ છૂટા કરવા માટે જે નોટિસ આપવામાં આવી હતી તે લક્ષમાં લઈને તેમની સાત વર્ષની સેવાઓ ગણવી અને યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર ગ્રૅચ્યુઇટીની રકમ તેમને ચૂકવી આપવી.

૯૭. મનોવિજ્ઞાન ભવનના રીડર ડૉ. સી. ટી. ભોપટકરને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇનમાં જુલાઈ માસમાં આશરે ૧૬ વ્યાખ્યાનો તથા તે અંગેનું મહેનતાણું સ્વીકારવા પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**–સિન્ડિકેટે તેની તા. ૪–૨–૧૯૬૭ની સભામાં આ અંગે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના શિક્ષકોને બહારની સંસ્થાઓની કોઈ પણ સંશોધન-યોજના માટે કામ કરવાનું થાય તે અંગે તેઓને મળતા મૂળ માસિક પગારના આશરે ૨૧ ટકા પરંતુ વધુમાં વધુ ૩૦ ટકા જેટલું ભથ્થું આપવાનો નિયમ સામાન્ય રીતે રાખવો."

ડૉ. ભોપટકરને માસિક કુલ વેતન (પગાર તથા મોંઘવારી ભથ્થા સહિત) રૂ. ૧,૧૨૭ મળે છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૯૮. યુનિવર્સિટી પ્રેસના મશીનમૅન શ્રી. પી. ડી. ભટ્ટની લંબાવવામાં આવેલી એક વર્ષની નિવૃત્તિ-વયમર્યાદા તા. ૧૯–૪–૧૯૭૦ના રોજ પૂરી થતી હોઈ તેમાં વધારો કરી આપવા અંગે તેમની તા. ૨૦–૨–૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**–સિન્ડિકેટે તેની તા. ૬/૭–૩–૧૯૬૯ની સભામાં તેમની નિવૃત્તિ-વયમર્યાદામાં એક વર્ષનો વધારો કર્યો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના મશીનમૅન શ્રી. પી. ડી. ભટ્ટને યુનિવર્સિટીના રેસિડેન્ટ મેડિકલ ઑફિસર પાસે પોતાની તબીબી તપાસ કરાવવા માટે જણાવવું અને તે અંગે શ્રી. રેસિડેન્ટ મેડિકલ ઑફિસરનો રિપોર્ટ આવ્યેથી જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૯. સી. બી. આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ નડિયાદમાં સ્થાપવામાં આવેલા અર્થશાસ્ત્ર-સમાજશાસ્ત્રના અનુસ્નાતક કેન્દ્ર માટે ત્રિવાર્ષિક તપાસસમિતિ પર સિન્ડિકેટે નીમેલા શ્રી. એમ. પી. ભટ્ટે આમંત્રણ સ્વીકાર્યું નહીં હોવાથી તેમની જગ્યાએ કોને નીમવા તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૧૦૦ ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૧૨–૩–૧૯૭૦ના રોજ મળેલ સભાની નીચે જણાવેલ ભલામણ મંજૂર કરવા બાબત :

"આગામી ઉનાળાની રજાઓમાં વિદ્યાર્થીઓ માટે રમતોના કોચિંગ માટેના શિબિર યોજવાનું અને તે માટેનો આ સાથે જોડેલા પ્રમાણેનો અંદાજી ખર્ચ મંજૂર કરવાનું તથા તે માટે રમત, સ્થળ અને સમય વગેરે નક્કી કરી અને જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ અને મંત્રીને આપવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

(શિબિર માટે મંજૂર કરવામાં આવેલા અંદાજી ખર્ચની વિગતોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૧૦૧. તા. ૧૨--૩--૧૯૭૦ના રોજ મળેલ બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૦--૭૧ના વર્ષ માટે આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડને ફૂટબૉલ કે બૅડમિંટનની હૉકીની આંતર-યુનિવર્સિટી રમત લરીફાઈ યોજવા માટેનું આમંત્રણ સ્વીકારવાનું જણાવવાનું મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૦૨. કૉલેજોના શિક્ષકોની લાયકાત અંગેનાં ધોરણોમાં પ્રાધ્યાપકની લાયકાત માટેનાં ધોરણોની નીચેની કલમ તેની સામે જણાવ્યા મુજબ ગંચાય તે રીતે સુધારવાની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૭, ૮ અને ૨૩ જાન્યુઆરી ૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

વિનયન વિદ્યાશાખા

(10) Bachelor's Degree in Second Class and Master's Degree in Pass Class or Bachelor's Degree in Pass Class and Master's Degree in Second Class with seven years' teaching experience as a Lecturer.	(10) Bachelor's Degree in Second Class and Master's Degree in Pass Class or Bachelor's Degree in Pass Class and Master's Degree in Second Class with five years' teaching experience as a Lecturer.

વિજ્ઞાન વિદ્યાશાખા

(10) Bachelor's Degree in Second Class and Master's Degree in Pass Class or Bachelor's Degree in Pass Class and Master's Degree in Second Class with seven years' teaching experience as a Lecturer.	(10) Bachelor's Degree in Second Class and Master's Degree in Pass Class or Bachelor's Degree in Pass Class and Masters' Degree in Second Class with five years' teaching experience as a Lecturer.

વાણિજ્ય વિદ્યાશાખા

(10) Second Class B.Com. and Pass Class M.Com. or Pass Class B.Com. and Second Class M.Com. and seven years' teaching experience as a Lecturer of which at least five years' must be at Post-Intermediate level.	(10) Bachelor's Degree in Second Class and Master's Degree in Pass Class or Bachelor's Degree in Pass Class and Master's Degree in Second Class with five years' teaching experience as a Lecturer.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ સંલગ્ન કૉલેજોમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં પ્રોફેસરની નિમણૂક માટેની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણોમાં ઉપર મુજબ સુધારો કરવો.

૧૦૩. નીચેની કૉલેજોમાં સ્થાપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોની તપાસાર્થે ત્રિવાર્ષિક તપાસસમિતિ પર તેમનાં નામ સામે જણાવેલ સભ્યોની નિમણૂક સિન્ડિકેટે કરેલી, પરંતુ તે સભ્યોએ એક યા બીજા કારણે તે તપાસસમિતિઓ પર કામ કરવાની અસંમતિ દર્શાવેલી હોવાથી તેમની જગ્યાએ કોને નીમવા તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજ-સંસ્થાનું નામ	અનુસ્નાતક કેન્દ્રનો વિષય	તપાસસમિતિ પર નિમાયેલ સભાસદનું નામ
૧.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ભૂગોળ	શ્રી. એસ. મુખર્જી
૨.	બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત	કેમિસ્ટ્રી	પ્રિ. આર. એચ. શાહ
૩.	સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	અર્થશાસ્ત્ર--સમાજશાસ્ત્ર	શ્રી. એમ. પી. ભટ્ટ

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ તપાસસમિતિઓ પર ખાલી પડેલી જગ્યાઓ પર નીચે મુજબના સભ્યોની અનુક્રમે નિમણૂક કરવી :

(૧) શ્રી. એસ. એસ. મહેર
(૨) ડૉ. એ. એમ. ત્રિવેદી
(૩) આચાર્ય એચ. કે. ત્રિવેદી.

૧૦૪. "ભારત--સોવિયેટ રશિયા સાંસ્કૃતિક વિનિમય" કાર્યક્રમ હેઠળ રશિયન ભાષા શીખવવા માટે રશિયન શિક્ષક-શિક્ષકોની સેવા આપણી યુનિવર્સિટી મેળવવા ઇચ્છતી હોય તો તે અંગેની આપણી જરૂરિયાત જણાવવા વિનંતી કરતા ભારત સરકારના શિક્ષા મંત્રાલયના તા. ૧૨--૧૨--૧૯૬૯ના પત્રાંક એફ્. ૧૭-૨૫-૬૯-૭૪ પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ભાષા-સાહિત્ય ભવનના અંગ્રેજીના પ્રાધ્યાપક પ્રોફેસર ચંદ્રશેખરને આ યોજનાનો લાભ લેવા સૂચવ્યું છે. યુનિવર્સિટીએ એ માટે ભારત સરકારના અને સોવિયેટ રશિયા વચ્ચે થયેલ કરાર અનુસાર શરતોનું પરિપાલન કરવાનું રહેશે અને તે મુજબ દરેક રશિયન શિક્ષક દીઠ અંદાજે વાર્ષિક રૂ. ૨૯,૦૦૦ જેટલો ખર્ચ ભોગવવાનો આવે છે. ભારત સરકાર તરફથી કશી આર્થિક મદદ મળે એમ નથી, પરંતુ યુનિવર્સિટી પોતે એ ખર્ચ ન ઉપાડી શકે તો યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસે આર્થિક સહાય માટે માગણી કરવા તેમણે સૂચવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના હેઠળ રશિયન ભાષા શીખવવા માટે રશિયન શિક્ષકની સેવાઓનો લાભ લેવાનું હાલને તબક્કે બની શકે તેમ નથી એમ ભારત સરકારને જણાવવું.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./પ્રેસ--૯/૧૯૭૦.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ--૯.
એપ્રિલ ૬, ૧૯૭૦.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ફ"
ક્રમાંક ૭૮

Government of Gujarat, Education and Labour Department Resolution No. MIS-1068-KH, Sachivalaya, Ahmedabad-15, Dated the 9th March 1970

Government of India, Ministry of Education, letter No. F-30-35/gg-U-5, dated 7th April 1966.

Government Letter, Education and Labour Department No. MIS-1066/23252-KH, dated 11th November 1966 addressed to the Government of India, Ministry of Education.

Government of India, Ministry of Education, letter No. F-29-14/66-U1, dated 24th December 1966.

Government Letter, Education and Labour Department No. MIS-1066-Kh, dated 29th December 1966, addressed to the Government of India, Ministry of Education.

Government of India, Ministry of Education, Letter No. F-29-14/66-U-5, dated 4th January 1967.

Government Letter, Education and Labour Department No. MIS-1066-Kh, dated 21st January 1967 addressed to the Government of India, Ministry of Education.

Government of India, Ministry of Education, Letter No. 29/14/66-U-1, dated 15th February 1967.

Government Letter, Education and Labour Department No. MIS-1066/27173-Kh,dated 2/3rd May 1967 addressed to the Government of India, Ministry of Education.

Government Letter, Education and Labour Department No. MIS-1066/27173Kh, dated 7th July 1967 addressed to Government of India, Ministry of Education.

Government of India, Ministry of Education Letter No. F-29/14/66-U-1, dated 17th August 1967.

Government Resolution, Education and Labour Department No. MIS-1066-Kh, dated the 12th December 1967.

Government Resolution, Education and Labour Department No. MIS-1066-Kh, dated the 22nd March 1968.

Government Resolution, Education and Labour Department No. MIS-1068-Kh, dated the 8th July 1968.

Government Letter, Education and Labour Department No. MIS-1068-Kh, dated the 1st July 1968 addressed to the Government of India, Ministry of Education.

Government of India, Ministry of Education, Letter No. F-29/14/66/U-1, dated the 16th September 1968.

Letter No. S-95-II-K, dated the 5th February 1969 from the Director of Education, Gujarat State, Ahmedabad.

Government Letter, Education and Labour Department No. MIS-1068/60651-Kh, dated the 31st July 1969 addressed to the Government of India, Ministry of Education and Youth Service.

Government of India, Ministry of Education and Youth Services, Letter No. F-29/466-U-1, dated 28th August 1969.

(૨)	મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા	(૧) છાત્રાલયની કામચલાઉ વ્યવસ્થા રાખી છે. (શી વ્યવસ્થા છે તેવા પત્રનો જવાબ હજુ આવ્યો નથી.)
(૩)	શ્રીમતી એચ. સી. પટેલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ	(૧) અર્થશાસ્ત્રના બે તાસ વાણિજ્યના શિક્ષકને સોંપ્યા હતા. (બંડ સમયના ટ્યૂટરની નિમણૂક હવે કરાઈ રહી છે તેમ આચાર્યશ્રીએ જણાવ્યું છે.)

ક્રમાંક	કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
		(૨) સંસ્કૃત અને જગતના ધર્મોના બે તાસ ગુજરાતીના વ્યાખ્યાતાને સોંપ્યા હતા. (એક ખંડ સમયના શિક્ષકની નિમણૂક કરાઈ રહી છે એમ આચાર્યશ્રી જણાવે છે.)
		(નોંધ.— આચાર્યશ્રી જણાવે છે કે શિક્ષકોની લાયકાતની બાબતમાં મતભેદ હોવાથી આ પરિસ્થિતિ ઉપસ્થિત થઈ હતી.)
(૪)	ના. હ. લ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ	નિયમ કરતાં વધારે પ્રવેશ ફી લેવાય છે.
(૫)	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ	નિયમ કરતાં વધારે પ્રવેશ ફી લેવાય છે.
(૬)	ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ	નિયમ કરતાં વધારે પ્રવેશ ફી લેવાય છે.
(૭)	ભવન્સ કૉલેજ, ડાકોર	(૧) પ્રવેશ ફી નિયમ કરતાં વધારે લેવાય છે.
		(૨) અર્થશાસ્ત્રના વિષયનો કુલ કાર્યભાર અને શિક્ષકોમાં કરેલી તેની વહેંચણી નીચે પ્રમાણે છે :
		કુલ કાર્યભાર ૩૭+૧૦નો છે.
		શ્રી. કે. એચ. પટેલ, પ્રાધ્યાપક, અનુસ્નાતક શિક્ષક ...૧૪+૨
		શ્રી. એમ. ઓ. શાહ, વ્યાખ્યાતા ...૧૫+૪
		શ્રી. ડી. સી. પટવારી, ટ્યૂટર ... ૮+૪
		૩૭+૧૦

(પરંતુ અનુસ્નાતક શિક્ષકને ૧૩થી વધારે વ્યાખ્યાન આપી શકાય નહિ એટલે એક વધારાના શિક્ષકની નિમણૂક આવશ્યક બને.)

સદરહુ બાબતો અંગે ચર્ચાવિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે—

૧. (ક) શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં અનુસ્નાતક પદવી ધરાવતા ડેમોન્સ્ટ્રેટરો જે તારીખે નિમાયા હોય અગર જે તારીખથી તેઓએ અનુસ્નાતક પરીક્ષા પાસ કરી હોય તે તારીખથી જે મોડી હોય તે તારીખથી તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ પગાર આપવા માટે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

(ખ) વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજે ૧૯૬૮-૬૯ના વર્ષમાં લીધેલ વધુ પ્રવેશ ફી માટે તેને ઠપકો આપવો અને તે પ્રવેશ ફી જે તે વિદ્યાર્થીઓને પાછી આપવા માટે તેમને જણાવવું.

૨. મહેસાણા, મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણાએ છાત્રાલયની શી વ્યવસ્થા કરી છે તેનો જવાબ આવ્યેથી સદરહુ બાબત હવે પછીની સભા સમક્ષ રજૂ કરવી.

૩. શ્રીમતી એચ. સી. પટેલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કરજણના આચાર્યને જણાવવું કે શિક્ષકોની નિમણૂકની બાબતમાં ઉપર જણાવેલી પરિસ્થિતિને સિન્ડિકેટની આ સભા ગંભીર ગેરરીતિ ગણે છે અને તે માટે સદરહુ કૉલેજને સખત ઠપકો આપવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૭૦થી સંબંધકર્તા વિષયો માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવામાં આવશે નહિ તો તે વિષય માટે વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ.

૪થી ૭. ના. ઉ. લ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ; બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ; ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ, અમદાવાદ અને ભવન્સ કૉલેજ ડાકોરને જણાવવું કે યુનિવર્સિટીનાં ધારાધોરણ કરતાં જે વધારે પ્રવેશ ફી લેવાય છે તે લેવાનું ત્વરિત બંધ કરવું અને ભૂતકાળમાં લેવામાં આવેલી વધારાની પ્રવેશ ફી જે તે વિદ્યાર્થીઓને પરત કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવન્સ કૉલેજ ડાકોરને શિક્ષકોના કાર્યબોજ અંગે ઉપર જણાવેલ ગેરરીતિ માટે ઠપકો આપવો.

૨૫. પટેલ જે. બી. રૂદેલવાળા આર્ટ્સ અને પટેલ એ. એમ. રૂદેલવાળા કૉમર્સ કૉલેજ, બોરસદે ચાલુ શૈક્ષણિક વર્ષના બીજા સત્રથી વાણિજ્યના વિષયનું શૈક્ષણિક કાર્ય યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપક સિવાય ચલાવ્યું તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) વાણિજ્યના પ્રાધ્યાપક તરીકે શ્રી. જે. એ. શાહની નિમણૂક કરી છે. તેઓ બી.કૉમ.ની તથા સી.એ.ની પદવી ધરાવે છે તથા ધંધાકીય અનુભવ પાંચ વર્ષનો ધરાવે છે.

(૨) વાણિજ્યના પ્રાધ્યાપક માટે એમ.કૉમ.ની પદવી આવશ્યક છે, જે શ્રી. જે. એ. શાહ ધરાવતા નથી.

(૩) સત્રની અધવચ્ચે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપક મળતા નહીં હોવાથી આચાર્યે શ્રી. જે. એ. શાહની નિમણૂક ચાલુ સત્ર પૂરતી માન્ય કરવા વિનંતી કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ઉપર જણાવેલ ગેરનિયમિતતા માટે ઠપકો આપવો અને તેને જણાવવું કે જૂન ૧૯૭૦થી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જરૂરી લાયકાત ધરાવતા વાણિજ્યના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તે મુજબ નિમણૂક કરવામાં આવશે નહિ તો તે વિષય માટે વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ.

૨૬. શેઠ એસ. વી. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, માંડવી (કચ્છ) તરફથી ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન એકાઉન્ટન્સી વિષયનું શૈક્ષણિક કાર્ય યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપક સિવાય ચલાવ્યું તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) એકાઉન્ટન્સીના બંડ સમયના પ્રાધ્યાપક તરીકે શ્રી. આઈ. એચ. દેસાઈની નિમણૂક કરી છે. તેઓ બી.કૉમ.ની પદવી પાસ વર્ગમાં ધરાવે છે અને સી.એ. છે તથા ધંધાકીય

અનુભવ ૭ વર્ષનો ધરાવે છે, પરંતુ નિયમ મુજબ પાંચ વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો શૈક્ષણિક અનુભવ નથી.

(૨) યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપક મળતા નહીં હોવાથી આચાર્યશ્રીએ શ્રી. આઈ. એચ. દેસાઈની નિમણૂકને ચાલુ વર્ષ પૂરતી ક્ષમ્ય ગણવા વિનંતી કરી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ઉપર જણાવેલ ગેરનિયમિતતા માટે ઠપકો આપવો અને જણાવવું કે જૂન ૧૯૭૦થી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જરૂરી લાયકાત ધરાવતા એકાઉન્ટન્સીના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તે મુજબ નિમણૂક કરવામાં આવશે નહિ તો તે વિષય માટે વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ.

૨૭. શ્રી. કિસનદાસ કિકાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકાએ ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન તર્કશાસ્ત્રના શિક્ષક વગર શિક્ષણકાર્ય કરેલું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) મર્કન્ટાઈલ લૉના પ્રાધ્યાપક શ્રી. આર. એમ. દેસાઈને તર્કશાસ્ત્રનું શિક્ષણકાર્ય સોંપાયેલ હતું. શ્રી. દેસાઈ એમ.એ. તત્ત્વજ્ઞાન સાથે ગોલ્ડ મેડલિસ્ટ છે.

(૨) તર્કશાસ્ત્રના શિક્ષક વગર શિક્ષણકાર્ય કરેલ તે ક્ષમ્ય ગણવા આચાર્યશ્રીએ વિનંતી કરેલી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ઉપર જણાવેલ ગેરનિયમિતતા માટે ઠપકો આપવો અને જણાવવું કે જૂન ૧૯૭૦થી યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ જરૂરી લાયકાત ધરાવતા તર્કશાસ્ત્રના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે અને જો તે મુજબ નિમણૂક કરવામાં આવશે નહિ તો તે વિષય માટે વિદ્યાર્થીઓને દાખલ કરી શકાશે નહિ.

૨૮. શ્રી. બી. પી. બ્રહ્મભટ્ટ આર્ટ્સ એન્ડ એમ. એચ. ગુરુ કૉમર્સ કૉલેજ, ઊંઝાને જૂન ૧૯૭૦થી એક વર્ષ માટે દ્વિતીય વર્ષ બી.એ.માં ગુજરાતી (મુખ્ય) વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટે એડ-હોક ધોરણે પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) જૂન ૧૯૭૦થી સદરહુ વિષય શીખવવા માટેની જોડાણઅરજી ઑર્ડિ. ૧૨૦ મુજબ સમય બહાર આવેલ.

(૨) પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી (પ્રિન્સિ.) લેવાવાળા વીસ (૨૦) વિદ્યાર્થીઓ છે તેથી ૧૯૭૦થી એસ.વાય.બી.એ.નો વર્ગ શરૂ કરવો જરૂરી બને છે.

(૩) જૂન ૧૯૭૧થી સદરહુ વિષય શીખવવા માટેની જોડાણઅરજી મોકલી આપશે તેમ કૉલેજ જણાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને અપવાદ તરીકે ફક્ત એક વર્ષ માટે તદર્થ (એડ-હોક) ધોરણે ગુજરાતી મુખ્ય વિષય તરીકે શીખવવા માટે પરવાનગી આપવી.

૨૯. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદે જોડાણ નહીં હોવા છતાં બી.એ.-(પ્રેન્સિ.)માં હિન્દી; તથા બી.એ. (સંયો.)માં આંકડાશાસ્ત્રનું શિક્ષણકાર્ય કરેલ હોઈ તથા આ બન્ને વિષયોના વિદ્યાર્થીઓ ૧૯૭૦ના વર્ષમાં યુનિવર્સિટી પરીક્ષામાં બેઠેલા હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ઉપર જણાવેલ ગેરનિયમિતતા માટે ઠપકો આપવો અને તે કૉલેજમાં એક વર્ષ સુધી યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે બેઠકની વ્યવસ્થા કરવી નહિ.

૩૦. યુનિવર્સિટીએ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો માટે નિયત કરેલા પ્રૉવિડન્ટ ફંડના નિયમોના સંદર્ભમાં એક જ મંડળને હસ્તક ચાલતી બધી કૉલેજો/સંસ્થાઓ માટે પ્રૉવિડંટ ફંડ અંગે એક જ ટ્રસ્ટ ચાલે કે પ્રત્યેક કૉલેજ/સંસ્થા દીઠ અલગ અલગ ટ્રસ્ટ જોઈએ તે અંગે સ્પષ્ટતા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧. તા. ૬/૭–૧૨–૧૯૬૯ની સિન્ડિકેટની સભામાં થયેલ ઠરાવના સંદર્ભમાં બીજી યુનિવર્સિટીઓમાં કૉલેજ શિક્ષકોને અપાતા ઘરભાડા ભથ્થાના નિયમો અંગેની આવેલી માહિતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોના ઘરભાડા ભથ્થાના હાલના નિયમોમાં કશો ફેરફાર કરવો નહિ.

૩૨. સેનેટની તા. ૨૫/૨૬/૨૭ માર્ચ ૧૯૭૦ના રોજ મળેલી વાર્ષિક સભાએ પસાર કરેલ નીચેના પ્રસ્તાવ પર આગળ ઘટતાં પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત:

સેનેટ સભા બાબત ક્રમાંક ૯૭

"સેનેટની આ સભા યુનિવર્સિટીનાં સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ કરે છે કે **ઑર્ડિ.** ૬૫–એસ નીચે પ્રમાણે સુધારવો :

O. 65–S :

The Syndicate may, in its discretion, permit the opening of as many post-graduate centres in the same subject in a zone, as it may think necessary, for the same subject of post-graduate study at another place in the zone if (*i*) there are at least ten students enrolled in the centres instituted in the preceding year; and (*ii*) the institution applying for the new post-graduate centre has at least ten students ready for enrolment to start with; (*iii*) and, sufficient number of recognised post-graduate teachers and assistants to post-graduate teachers are available in the zone to teach all the papers without adversely effecting the teaching work at the existing

post-graduate centres in the zone, and fulfils all the conditions laid down under the relevant rules for the opening of post-graduate centres."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૪-૩-૧૯૭૦ની સભામાં બાબત નં. ૮ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૩. સેનેટની તા. ૨૫/૨૬/૨૭ માર્ચ ૧૯૭૦ના રોજ મળેલ વાર્ષિક સભામાં નીચેનો ઑર્ડિ. ૩૨૧ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

O. 321 :

Every thesis shall be examined by three referees to be appointed in the manner indicated herebelow :

The Academic Council having before it the suggestion or suggestions of the appropriate Board of Studies shall recommend to the Syndicate, the names of three referees, one of whom shall be an internal referee, i.e., the University teacher guiding the candidate's work and the other two must be external ones. On the Syndicate appointing the referees, the Registrar shall forward a copy of thesis to each of them. Of the two external referees the first referee, and failing him, or in the event of the first referee being from abroad, the next one shall also hold the viva-voce examination of the candidate jointly with the internal referee. All the three referees shall report to the Syndicate whether the thesis should be accepted or rejected or resubmitted in a modified form and their report shall be final. In the absence of unanimity of opinion among the referees, the Syndicate shall appoint a fourth referee and the Syndicate shall after considering the reports of all the external referees decide whether the thesis is of requisite standard for the awad of the Ph D. degree.

All reports shall be circulated to the members of the relevant Board of Studies and placed before the Academic Council for its information."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૩૪. સિન્ડિકેટે તેની તા. ૭-૧-૧૯૬૨ની સભામાં 'ઠાગોર જન્મશતાબ્દી વ્યાખ્યાનમાળા' અંગે મંજૂર કરેલ નિયમો પૈકી નિયમ નં. ૫ નીચે પ્રમાણે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

The expenditure not exceeding Rs. 900/- annually, will be incurred by the University, out of the income from the fund, to-

wards the payment of honorarium, including T.A. and D.A. of the Lecturers, as the Syndicate may fix, and other incidental expenses which may be necessary for arranging the lectures. The lectures may be delivered either in Gujarati, Hindi or English.

આથી ઠરાવવામાં આવે છે કે ટાગોર જન્મશતાબ્દી વ્યાખ્યાનમાળા અંગેનો નિયમ નં. ૫ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

૩૫. શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદના આચાર્ય કે. એન. શાહ તરફથી આવેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટમાં શીખવાતા વિષયો પૈકી રસાયણશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર તથા વનસ્પતિશાસ્ત્રમાં પૂરતી સંખ્યાના વિદ્યાર્થીઓ લીધા પછી વધારાના વિદ્યાર્થીઓ માટે, શહેરની જે કૉલેજોમાં તે વિષય માટે યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના પ્રોફેસર તથા રીડરની સંખ્યા જેટલા માન્ય અનુસ્નાતક શિક્ષકો હોય અને તે વિષયના યુનિવર્સિટીના વ્યાખ્યાતા જેટલા અનુસ્નાતક મદદનીશ શિક્ષકો હોય, તે કૉલેજો પૈકી બી.એસસી.માં જ્યાં સૌથી વધારે વિદ્યાર્થીઓ હોય અને લેબોરેટરી તથા લાઇબ્રેરીની પૂરતી સગવડો હોય અને વિદ્યાર્થીઓનો સંપૂર્ણ વિકાસ કરી શકે તેવું શૈક્ષણિક વાતાવરણ ઊભું કરી શકે તેવી શહેરની કૉલેજમાંથી વિષયવાર એકને જૂન ૧૯૭૦થી યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ વતી અનુસ્નાતક વિષય માટે કેન્દ્ર શરૂ કરવા પરવાનગી આપવી અને યુનિવર્સિટીના તે વિષયના પ્રાધ્યાપકને વ્યવસ્થા કરવા જણાવવું. આવાં કેન્દ્રો અઠવાડિયાના ૭ દિવસ કામ કરે તે રીતે યુનિવર્સિટીના પ્રાધ્યાપકે વ્યવસ્થા કરવા જણાવવું."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૩-૪-૧૯૭૦ની સભામાં બાબત નં. ૮ હેઠળ નીમેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૬. કૉલેજોમાં અને યુનિવર્સિટીઓમાં શારીરિક શિક્ષણના ડિરેક્ટર તરીકે કામ કરનાર માટે ભારત સરકારના શિક્ષણ અને યુવક સેવા મંત્રાલય તરફથી શૈક્ષણિક લાયકાત અને તેને આનુષંગિક પગારધોરણો માટે સૂચનો કરતા તા. ૨૮-૧૧-૧૯૬૯ના આવેલ પત્રાંક એફ. ૧૦-૧૪-૬૭-વાય.એસ જ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. (૧) 'પ્રાકૃત ભાષાઓનો અભ્યાસ' અને (૨) 'અહિંસાનો સિદ્ધાંત અને તેનું આચરણ' એ વિષયો પર આ અગાઉ અનુક્રમે (૧) શિવાજી યુનિવર્સિટી, કોલ્હાપુર તથા પૂના યુનિવર્સિટી અને (૨) દિલ્હી યુનિવર્સિટી તરફથી પરિસંવાદો યોજાયેલા છે. હવે આ બે વિષયો પૈકી ગમે તે એક વિષય પર ગજરાત યુનિવર્સિટીના આશ્રયે પરિસંવાદ યોજવાની શક્યતા વિચારવા માટે શિવાજી યુનિવર્સિટીના વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે 'અહિંસાનો સિદ્ધાંત અને તેનું આચરણ' એ વિષય પર પરિસંવાદ યોજવાનું ૧૯૭૦-૭૧ના વર્ષમાં શક્ય નથી એમ શિવાજી યુનિવર્સિટી, કોલ્હાપુરના વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીને જણાવવું.

૩૮. મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૨૩-૨૦-૨૯૬૯ની સભાની નીચેની ભલામણના સંદર્ભમાં અભ્યાસસમિતિના અધ્યક્ષશ્રી તરફથી પરિસંવાદ યોજવા માટે આવેલી યોજના (અંદાજી ખર્ચ સહિતની) અંગે વિચારણા કરવા બાબત :

(1) The Board of Studies in Psychology resolves that as this University has introduced a dissertation as a Compulsory Component of the M.A. II Examination in Psychology it is recommended that the University should arrange a seminar on Research Methodology to enable the recognised Post-graduate teachers to pick up the technical information and skill required for guiding the students in their dissertations.

(2) The Board of Studies in Psychology resolves to recommend that a week-end Seminar-cum-Workshop be organised for teachers of Experimental Psychology to avoid confusion and variation in the matter of teaching Experimental Psychology Practicals of T.Y.B.A. level.

આથી ઠરાવવામાં આવે છે કે મનોવિજ્ઞાનના વિષયમાં શિક્ષકો માટે ઓપવર્ગ (orientation of teachers)ની વ્યવસ્થા થાય તે મુજબ યોજના ફરીથી તૈયાર કરીને તે રજૂ કરવા માટે મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિના અધ્યક્ષને વિનંતી કરવી અને તે યોજના અંગેનો પ્રસ્તાવ આવ્યેથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવો.

૩૯. શ્રીમદ્ વલ્લભાચાર્ય શુદ્ધાદ્વૈત તત્ત્વદર્શન અથવા અણુભાષ્ય પર વ્યાખ્યાનો આપવા માટે શ્રી. જેઠાલાલ ગોવર્ધનદાસ શાહને નિમંત્રણ આપવા સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૨-૧૯૭૦ની સભામાં ઠરાવ્યું છે તે અનુસાર શ્રી. જેઠાલાલ ગોવર્ધનદાસ શાહને 'શ્રી વલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ અને (પુષ્ટિ) ભક્તિતત્ત્વનું સ્વરૂપ' એ વિષય પર સાત વ્યાખ્યાનોની શ્રેણી માટે પુરસ્કાર નક્કી કરવા બાબત તથા તેમની સાથે કરવાના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વ્યાખ્યાનમાળા માટે શ્રી. જેઠાલાલ ગો. શાહને રૂ. ૧,૦૦૦નું માનદ વેતન આપવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ વ્યાખ્યાનમાળા માટેનો કરારનામાનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલ કરારનામાના મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૪૦. ગુજરાત રાજ્યના શિક્ષણ અને શ્રમખાતા તરફથી કેન્દ્રીય લોકસેવા આયોગની ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ પરીક્ષા અંગે આવેલ નોંધ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણા કરીને પોતાનો સુચિંતિત હેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ નીમવી :

૧. પ્રો. ડી. એન. પાઠક
૨. પ્રો. કે. જી. દેસાઈ
૩. આચાર્ય એસ. આર. ભટ્ટ
૪. ડૉ. એ. એમ. ત્રિવેદી
૫. આચાર્ય કે. એન. શાહ
૬. પ્રો. ડી. ડી. ત્રિવેદી.

૪૧. શ્રી. એ. એન. કેલાનાં પ્રથમ એલએલ.બી. તેમ જ બીજી એલએલ.બી.નાં સત્રો તથા પરિણામો તા. ૩૦/૩૧ મે ૧૯૬૯ની સિન્ડિકેટના ઠરાવથી રદ્દ કર્યાં હોઈ તેમને ૩૦ ઑક્ટોબર ૧૯૬૩ના પદવીદાન સમારંભમાં અર્પણ થયેલ એલએલ.બી.ની પદવી પાછી ખેંચવા બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૨. Viva-Vocenી પરીક્ષા માટે આવતા પરીક્ષકોને હવાઈ પ્રવાસ મંજૂર કરવામાં આવે ત્યારે Incidental ખર્ચ માટે પ્રત્યેક ટ્રિપ દીઠ રૂ. ૨૦-૦૦(વીસ)ના મુકરર દરે ચુકવણી કરવાના વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષના તા. ૧૨-૨-૧૯૭૦ના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—પ્રાશ્નિક પરીક્ષકોને અપાતા Incidental ખર્ચ માટે હાલનો નિયમ નીચે પ્રમાણે છે :

> Paper-setters and Examiners will be entitled to incidental charges of Rs. 12·50 each way if the distance travelled is more than 750 kms. each way. However, Paper-setters and Examiners appointed at the post-graduate and Ph.D. Examinations and who had to travel for a distance of more than 750 kms. will be paid an additional allowance of Rs. 6·25 paise for every additional twelve hours or part thereof exceeding the full day (24 hours) spent in continuous journey.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૩. બી.એસસી.(કેમિકલ એન્જિનિયરિંગ)ના ત્રીજા, ચોથા તથા પાંચમા વર્ષના અભ્યાસક્રમ માટે મૂળભૂત જરૂરિયાતો નક્કી કરી રિપોર્ટ કરવા સિન્ડિકેટે તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં નીમેલી સમિતિએ તૈયાર કરેલ અહેવાલ સિન્ડિકેટની તા. ૬/૭-૧૨-૧૯૬૯ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ હતો તે

૫૨ની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિનો રિપોર્ટ મંજૂર કરવા તથા તે મુજબ ત્રીજા વર્ષનો અભ્યાસક્રમ મંજૂર કરવા માટે અને સદરહુ રિપોર્ટને અનુલક્ષીને જરૂરી પગલાં લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૩-૧૯૭૦ના રોજ મળેલી પ૩મી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૪-૩-૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ બોર્ડની ભલામણોની નકલ આ સાથે **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૪૫. એલ.ડી. આર્ટ્સ કૉલેજના વિદ્યાર્થી શ્રી. મણિભાઈ ગોબરભાઈ પટેલે તેની ફર્સ્ટ બી.એ.ની પરીક્ષા માર્ચ ૧૯૬૬માં બેઠક નંબર ૧૫૨૮થી આપીને નાપાસ થયા હતા પરંતુ સત્રો ભરવાનો લાભ મળ્યો હતો. સેકન્ડ બી.એ.ની પરીક્ષા માટેનાં સત્રો કપડવંજ આર્ટ્સ કૉલેજમાં રાખીને તે પરીક્ષા એપ્રિલ ૧૯૬૮માં પસાર કરી હતી. થર્ડ બી.એ. પરીક્ષા માટેનાં સત્રો મોડાસા આર્ટ્સ કૉલેજમાં રાખીને થર્ડ બી.એ.ની પરીક્ષા બેઠક નંબર ૩૫૬૭થી માર્ચ-એપ્રિલ ૧૯૬૯માં આપી હતી તેનું પરિણામ ફર્સ્ટ બી.એ. પૂરેપૂરી પસાર ન કરવાને કારણે અનામત રાખવામાં આવેલ છે તો આ અંગે વિચારણા કરવા બાબત.

(વિદ્યાર્થીને તા. ૧૯-૭-૧૯૬૯ અને તા. ૧૨-૨-૧૯૭૦થી રજિસ્ટર્ડ પત્રો લખવા છતાં ફર્સ્ટ બી.એ. પરીક્ષા પાસ કર્યા બાબતમાં કોઈ પ્રત્યુત્તર નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થી શ્રી. મણિભાઈ ગોબરભાઈ પટેલનાં થર્ડ બી.એ.નાં સત્રો માન્ય ગણવાં નહિ અને તેનું માર્ચ ૧૯૬૯નું થર્ડ બી.એ.ની પરીક્ષાનું પરિણામ રદ કરવું.

૪૬. માર્ચ ૧૯૭૦ની પરીક્ષાઓ દરમ્યાન શિક્ષકોએ અપનાવેલી પરીક્ષા-બહિષ્કારની અસાધારણ પરિસ્થિતિમાં જેઓએ પ્રત્યેક હાજરી દીઠ (per attendance) એક કરતાં વધુ પ્રશ્નપત્રોનાં પ્રૂફની તપાસણી કરી હોય તો તેમને તે કાર્ય માટે કેટલું વેતન આપવું તે અંગે વિચારણા કરવા બાબત.

હાલનો નિયમ

Remuneration for attendance at a Printing Press to correct proof or proofs of a papers shall be Rs. 10/-.

આથી ઠરાવવામાં આવે છે કે માર્ચ ૧૯૭૦માં લેવાયેલ આ યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની તથા એમ.એ., એમ.એસસી. અને એમ.કૉમ., ભાગ ૨ તથા બી.એડ. અને ડી.એડ.ની પરીક્ષાઓમાં જે વ્યક્તિઓએ મુદ્રણાલયમાં પ્રૂફની તપાસણીનું કામ કર્યું હોય તેમને પ્રશ્નપત્ર દીઠ રૂ. ૧૦નું પણ કોઈ પણ એક દિવસે રૂ. ૫૦થી વધુ નહિ તેટલું મહેનતાણું આપવું.

૪૭. જુદાં જુદાં કેન્દ્રોનાં પરીક્ષાનાં ઉત્તરપત્રો યુનિવર્સિટી કાર્યાલયને પહોંચતાં કરનાર વ્યક્તિને માટે જ પારિશ્રમિક શું આપવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૬મી માર્ચથી તા. ૩૧મી માર્ચ ૧૯૭૦ સુધીમાં જે વ્યક્તિઓને પરીક્ષાનાં કેન્દ્રો ઉપરથી યુનિવર્સિટી કાર્યાલયને ઉત્તરપત્રો પહોંચાડવાનું કામ સોંપવામાં આવ્યું હતું તેમને તે કામ કરવા બદલ પ્રત્યેક પ્રવાસ (trip) દીઠ રૂ. ૭·૫૦નું મહેનતાણું આપવું.

૪૭–અ. તે પછી એક સભ્યના સૂચન પરથી ૧૯૬૭ના વર્ષમાં ભૂલથી અપાયેલ બી.ઈ. પદવીનાં પ્રમાણપત્રો સુધારીને જે તે વિદ્યાર્થીઓને વેળાસર પરત મોકલવા અંગેના પ્રશ્ન પર ચર્ચા-વિચારણા થઈ.

તે પછી ઠરાવવામાં આવ્યું કે માર્ચ, ૧૯૬૭ અને ઑક્ટોબર, ૧૯૬૭માં આપવામાં આવેલાં બી.ઈ. ડિગ્રીનાં ભૂલવાળાં પ્રમાણપત્રો સંબંધકર્તા વિદ્યાર્થીઓ પાસેથી સિન્ડિકેટની તા. ૩૦–૧૧–૧૯૬૮ની સભામાં થયેલા ઠરાવ અન્વયે પાછાં મગાવ્યાં છે તે પૈકી જે વિદ્યાર્થીઓએ ખોટાં પ્રમાણપત્રો હજુ સુધી કાર્યાલયમાં રજૂ ન કર્યાં હોય તેમને વર્તમાનપત્રોમાં જાહેરાત આપીને ૧૫મી જૂન સુધીમાં પોતાનાં જૂનાં પ્રમાણપત્રો પાછાં આપી દેવા જણાવવું. વધુમાં આવાં પ્રમાણપત્રો આવ્યેથી પંદર દિવસમાં સુધારીને તેમને પહોંચતાં થાય તેવી વ્યવસ્થાગોઠવવી.

૪૮. કુલપતિશ્રીને રૂટે. ૧૩૦–અ પ્રમાણે આપવામાં આવતું રૂ. ૫૦૦નું માનદ વેતન તા. ૧–૪–૧૯૭૦થી હાલના કુલપતિશ્રી ડૉ. ઉમાશંકર જોશી લેશે નહિ તેમ જણાવતા તેઓશ્રીના તા. ૧–૪–૧૯૭૦ના પત્રની નોંધ લેવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે કુલપતિશ્રી ડૉ. ઉમાશંકર જોશી પ્રમુખપદેથી ઊઠીને સભાગૃહમાંથી બહાર ગયા.

તે પછી સિન્ડિકેટના સભ્ય શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીએ સભાગૃહની સંમતિથી પ્રમુખપદ સંભાળ્યું.

તે પછી ઠરાવવામાં આવ્યું કે—

(૧) કુલપતિશ્રી ડૉ. ઉમાશંકર જોશીના તા. ૧–૪–૧૯૭૦ના સદરહુ પત્રની નોંધ લેવી.

(૨) કુલપતિશ્રી ડૉ. ઉમાશંકર જોશીને યુનિવર્સિટીના કામકાજ માટે દિલ્હીથી અમદાવાદ આવવાજવાનું થાય અને તેઓ તે માટે હવાઈ પ્રવાસ કરે ત્યારે તેમને તે માટે ચૉઇ. ૧૫૩માં જણાવેલ દરે પ્રવાસભથ્થું આપવાનું મંજૂર કરવું.

તે પછી કુલપતિશ્રી ડૉ. ઉમાશંકર જોશી સભાગૃહમાં આવ્યા અને તેમણે સભાગૃહનું પ્રમુખપદ સંભાળ્યું.

૪૯. સંલગ્ન કૉલેજોનાં આરોગ્યકેન્દ્રો માટેની સિન્ડિકેટની તા. ૬–૭–૧૯૬૯ની સભાના ઠરાવ અન્વયે નિમાયેલ તપાસસમિતિએ નીચેની કૉલેજોનાં આરોગ્યકેન્દ્રોની મુલાકાત લઈ અહેવાલ આપ્યો છે તેની નોંધ લેવા બાબત :

(૧) સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ

(૨) સહજાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

(૩) સરસપુર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ

(૪) આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, બાલાસિનોર.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હેવાલોની નોંધ લેવી અને તે કૉલેજોને તેમનાં આરોગ્યકેન્દ્રો માટે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર આર્થિક સહાય મંજૂર કરવી.

૫૦. તા. ૪/૫-૧-૧૯૬૯ની સિન્ડિકેટના ઠરાવ ૫૬ મુજબ પત્રકારિત્વનો વર્કશોપ યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને રૂ. ૨,૫૦૦ની આર્થિક સહાય આપવાની અશક્તિ દર્શાવતાં આવેલા તેમના પત્રાંક એફ.૩૧-૬૯ (એસ.આઈ.), તા. ૬-૩-૧૯૭૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૧. રુક્ષ્મણીબહેન (ડી.એફ.ડી.) હૉસ્પિટલ, ધોલેરાને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત રેટેડિંગ હાઉસમૅનશિપ માટે માન્યતા આપવા માટે હૉસ્પિટલના ટ્રસ્ટી તરફથી આવેલા તા. ૧૧-૩-૧૯૭૦ના પત્ર ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ હૉસ્પિટલની સ્થાનિક તપાસ માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

(૧) ડૉ. કે. આર. શ્રોફ
(૨) ડૉ. સૌદામિનીબહેન પંડ્યા.

૫૨. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, હિંમતનગરના આચાર્યશ્રી તરફથી તેમની કૉલેજમાં જૂન, ૧૯૭૦થી એમ.એ. પદવી માટે અંગ્રેજી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજી ૫૨ સ્થાનિક તપાસસમિતિ નીમવાનું વિચારવા બાબત.

[**નોંધ.**—૧. સ્થાનિક શિક્ષકગણ અંગે માહિતી નીચે મુજબ છે :
(૧) ડૉ. ટી. પી. ચિતાનંદ (શિક્ષક)
(૨) શ્રી. કે. એચ. પટેલ

૨. અરજી તા. ૨૦-૩-૧૯૭૦ના રોજ આવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રની બાબતમાં નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) પ્રો. કે. આર. ચન્દ્રશેખરન
(૨) પ્રો. વી. જે. ત્રિવેદી.

૫૩. અમેરિકા અને દુનિયાના બીજા દેશોના યુવાનો એકબીજાની નજીક આવી શકે તે હેતુથી અમેરિકન વિદ્યાર્થીઓ અન્ય દેશો વિશે તથા તેમની આકાંક્ષાઓ અને વિકાસ માટેના પ્રયત્નોની જાણકારી મેળવી શકે એ જરૂરી હોઈ કૉલગેટ યુનિવર્સિટી આ અંગેની પોતાની એક યોજના હેઠળ સત્તરેક વિદ્યાર્થીઓનું એક અભ્યાસ-જૂથ અમદાવાદ મોકલવા ઇચ્છે છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કૉલગેટ યુનિવર્સિટીની સદરહુ યોજના હેઠળ આવનાર વિદ્યાર્થીઓના જૂથ(તેમના અધ્યાપકો સહિત)ની અમદાવાદની મુલાકાત આવકારવી અને તે અંગે ભારત સરકારની અનુમતિની જરૂર હોય તો તે મેળવીને જરૂરી વ્યવસ્થા કરવાનું રાખવું.

૫૪. માર્ચ ૧૯૭૦માં લેવાયેલ બી.એડ. પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થીઓ પૈકી નીચેના સ્નાતકોએ તેમની સ્નાતક પરીક્ષાનું પદવી પ્રમાણપત્ર હજુ સુધી મેળવેલ નથી તે સંજોગોમાં તેમના બી.એડ. પરીક્ષાના પ્રવેશની બાબત અંગે તેમજ તેમનું પરિણામ જાહેર કરવા અંગે વિચારણા કરવા બાબત :

બેઠક નંબર	નામ
૪૨	પંડ્યા કોકિલાબેન શાંતિલાલ
૭૧૫	પટેલ રતિલાલ હરમાનભાઈ
૮૯૭	શેઠ યશોમતી અશ્વિનકુમાર.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓ તેમની પ્રથમ પદવી પ્રાપ્ત કરે તે પછી તેમનું બી.એડ.ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવું.

૫૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૦ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૬. 'સોશિયલ વર્ક'નો અભ્યાસક્રમ અનુસ્નાતક કક્ષાએ દાખલ કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સિન્ડિકેટે તેની તા. ૨૭–૨–૧૯૭૦ની સભામાં મંજૂર કરતી વખતે પૂર્વસ્નાતક કક્ષાએ પણ તે અભ્યાસક્રમ દાખલ કરવા અંગેની બાબતની વિચારણા મોકૂફ રાખવા ઠરાવેલું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—પૂર્વસ્નાતક કક્ષાએ સોશિયલ વર્કનો અભ્યાસક્રમ દાખલ કરવા માટે એકેડેમિક કાઉન્સિલે ભલામણ કરી નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને નીમેલી સમિતિના અહેવાલના સંદર્ભમાં, વિનયન વિદ્યાશાખાની પુનર્વિચારણા માટે મોકલવી.

૫૭. પદવી પરીક્ષાઓ પસાર કરનાર જે વિદ્યાર્થીઓ પદવી મેળવવા માટે અરજી ન કરે અને ફી ન ભરે તે તમામને પદવીઓ ગેરહાજર વિદ્યાર્થીઓ તરીકે આપવાની પ્રથા વડોદરા યુનિવર્સિટીમાં છે. તેઓના સ્ટે. ૨૦૧ અને ૨૦૨ના સંદર્ભમાં આપણી યુનિવર્સિટીમાં તે પ્રથા અપનાવવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત અને તેને અનુલક્ષીને સ્ટે. ૧૭૫ અને ૧૭૬માં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૮. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવા અંગે સિન્ડિકેટે કરેલા ઠરાવનો અમલ કરવા માટે પોતાની અશક્તિ દર્શાવતું આવેદનપત્ર ગ્રામ્ય વિસ્તાર કૉલેજ એસોસિયેશન તરફથી કુલાધિપતિશ્રીને આપવામાં આવ્યું છે તેની એક નકલ સદરહુ એસોસિયેશનના પ્રમુખશ્રીએ તેમના તા. ૨૫–૩–૧૯૭૦ના પત્રથી યુનિવર્સિટી કાર્યાલયને મોકલી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત કુલાધિપતિશ્રીના ધ્યાન પર લાવવી.

૫૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેમના પત્રાંક એફ.-૩-૯-૭૦ (એસ. આઈ.), તા. ૧-૪-૧૯૭૦થી ચાલુ વર્ષમાં યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના ઉપક્રમે Contemporary Strategic Thought and India's Security એ વિષય પર પરિસંવાદ યોજવા માટેની રકમ રૂ. ૧૩,૫૦૦(રૂપિયા તેર હજાર પાંચસો)નું અનુદાન મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૦. ડી. આર. ટી. સી.નો વાર્ષિક છઠ્ઠો પરિસંવાદ ઇન્ડિયન સ્ટેટિસ્ટિકલ ઇન્સ્ટિટ્યૂટ, બેંગ્લોર મુકામે ડિસેંબર ૧૯૭૦ના સમય દરમ્યાન યોજાનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. પી. એફ. પટેલને મોકલવા.

૬૧. "ધી ઇન્ડિયન સોસાયટી ઑફ એગ્રિકલ્ચરલ ઇકોનોમિક્સ"નું ૩૦મું વાર્ષિક અધિવેશન ઑક્ટોબર ૨૩થી ૨૫, ૧૯૭૦ના સમય દરમ્યાન યુ. પી. એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીના ઉપક્રમે પંતનગર મુકામે યોજાનાર છે, તો તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા અંગે મજકૂર સોસાયટીના પ્રમુખશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. રોહિતભાઈ શુક્લને મોકલવા.

૬૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી ૧૨ મિલિયન ડૉલર લોન યોજના હેઠળ યુનિવર્સિટીના જુદા જુદા વિભાગો માટે રૂ. ૫,૬૩,૭૬૦ની કિંમતનાં વૈજ્ઞાનિક સાધનો પરદેશથી આયાત કરી આપવા સગવડ કરી આપી હતી તેને બદલે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી હવે રૂ. ૧૦,૦૦,૦૦૦ (દસ લાખ) સુધીની કિંમતનાં સાધનો યુનિવર્સિટીને ગ્રાન્ટ તરીકે આપવાનું મંજૂર કર્યા અંગેના તેમના ડી.ઓ. પત્રાંક એફ.-૧૫-૧-૬૮ (એસ. આઈ.)ની નોંધ લેવા બાબત.

(નોંધ.—આ માટે હવે યુનિવર્સિટીએ સ્થાનિક લોકલ ટ્રાન્સપોર્ટ વગેરેનો ખર્ચ ભોગવવાનો રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના હેઠળ વિજ્ઞાન વિદ્યાભવન માટે અંદાજે વધુ રૂ. ૪,૦૦,૦૦૦નાં પ્રયોગશાળાનાં સાધનો મળી શકે તેમ હોય તો તે માટેની શક્યતાઓ તપાસવી અને તે માટે જરૂર પડે તો cost, insurance, freight વગેરે અંગે જે કંઈ વધારાનું ખર્ચ થાય તે યુનિવર્સિટીના પોતાના ફંડમાંથી આપવાનું મંજૂર કરવું.

૬૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કરેલ ચોથી પંચવર્ષીય યોજનાનો સમય ૧૯૭૧-૭૨ને બદલે ૧૯૭૩-૭૪ સુધી લંબાવ્યો તેને લીધે યુનિવર્સિટીને ભવનોના વધારાના

શિક્ષકગણ અંગેના આવર્તક ખર્ચ માટેની ગ્રાન્ટ રૂ. ૧૪,૧૩,૦૦૦ મંજૂર કર્યા અંગેના કમિશનના તા. ૩૧–૩–૧૯૭૦ના સાથેના પત્રાંક એફ–૯–૧(૯)–૬૮(સીડી)ની નોંધ લેવા બાબત તથા તે અંગે જરૂરી પગલાં લેવા માટે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને પહેલાં તેમના ફાળાની મંજૂર કરેલ રૂ. ૬૭,૫૮,૦૦૦ તથા આ વધારાની ગ્રાન્ટ રૂ. ૧૪,૧૩,૦૦૦ મળી કુલ રૂ. ૮૨,૦૦,૦૦૦ યુનિવર્સિટીને મળશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૪. મે વેકેશનમાં યોજાનાર સમર સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ ઇન ફિઝિકસ ફૉર કૉલેજ ટીચર્સના અધ્યક્ષ તરીકે કામ કરતા પ્રો. પી. ડી. પાઠકે તબિયતને કારણે કામ કરવાની અશક્તિ દર્શાવેલ હોઈ તેમની જગ્યાએ ડૉ. કે. એમ. કોટડિયાની નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૬૫. સિન્ડિકેટની તા. ૧૨/૧૩–૪–૧૯૬૯ની સભાએ વાણિજ્ય વિદ્યાશાખા અને એકેડેમિક કાઉન્સિલની ભલામણ પરથી 'કૉમર્શિયલ કૉરસ્પૉન્ડન્સ'નો વિષય શીખવતા અંગ્રેજીના શિક્ષકો માટેના પરિસંવાદ યોજવા માટે આર્થિક સહાય માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરેલી, પણ તેમણે તે સ્વીકારી નથી તેની નોંધ લેવા બાબત તથા હવે આ પરિસંવાદ યુનિવર્સિટીએ પોતાને ખર્ચે યોજવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એપ્રિલ–મે ૧૯૭૦માં અંગ્રેજી સમર ઇન્સ્ટિટ્યૂટ માટેનો જે પ્રસ્તાવ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને મંજૂર કર્યો છે તેના સંદર્ભમાં કૉમર્શિયલ કૉરસ્પૉન્ડન્સનો વિષય શીખવવા માટે અંગ્રેજીના શિક્ષકોની તાલીમને શકય હોય તેટલે અંશે સંયોજિત કરવા માટે સમર ઇન્સ્ટિટ્યૂટના સંચાલકશ્રીને જણાવવું અને તે માટે જરૂરી ખર્ચ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૬. સિન્ડિકેટના ઠરાવથી વિજ્ઞાનના વિષયોના પરિસંવાદ યોજવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસે કરવામાં આવેલી આર્થિક સહાયની માગણીના સંદર્ભમાં કમિશને ૧૯૬૯–૭૦ના વર્ષમાં આવી સહાય આપવા અશક્તિ દર્શાવી છે અને સાથે સાથે ભવિષ્યને માટે નીચેનાં સૂચનો કર્યાં છે તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) જે હેતુઓ માટે પરિસંવાદ યોજવામાં આવે છે તે હેતુઓ અભ્યાસસમિતિઓ દ્વારા પાર પડી શકે.

(૨) અભ્યાસક્રમની સુધારણાનું કાર્ય રાજ્યની બીજી યુનિવર્સિટીઓના સહકારથી થઈ શકે. આ રીતે આપણે કહેવા માંગતા હોઈએ તો પ્રસ્તાવને સુધારીને મોકલવા સૂચવે છે.

(૩) અભ્યાસક્રમની સુધારણા અને આધુનીકરણની વિચારણા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સહાયથી યોજાતા સમર ઇન્સ્ટિટ્યૂટ્સ દ્વારા પણ થઈ શકે.

(૪) શિક્ષણનાં ધોરણો ઊંચે લાવવા માટેની બધી પ્રવૃત્તિઓને સંકલિત કરીને તેને એક જ સુગ્રથિત યોજના તરીકે ગણવી જોઈએ.

(૫) પરિસંવાદો, ઓપવર્ગો વગેરે માટેના પ્રસ્તાવો તે યોજવાના હોય તે તારીખથી છ એક મહિના પહેલાં કમિશનને મળે તે રીતે મોકલવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનોની નોંધ લેવી અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના અધ્યક્ષો, વિદ્યાશાખાઓના અધ્યક્ષો અને અભ્યાસસમિતિઓના અધ્યક્ષોને તેમની જાણ માટે તે પરિપત્રિત કરવાં.

૬૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કુલપતિશ્રીની ભલામણ પરથી વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના રીડર ડૉ. આર. કે. શાહને ભારત-હંગેરી સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ હેઠળ પોતાના વિષયના નિષ્ણાતો સાથે અનુભવની આપલે કરી શકે તે માટે હંગેરીમાંનાં કેટલાંક ઉચ્ચ શિક્ષણનાં કેન્દ્રોની મુલાકાત લેવા માટે પસંદ કર્યા છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ડૉ. શાહ આ હેતુ માટે પરદેશ રહે તે સમય ફરજ પરના સમય તરીકે ગણવાનો રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના રીડર ડૉ. આર. કે. શાહને ભારત-હંગેરી સાંસ્કૃતિક વિનિમય કાર્યક્રમ હેઠળ સદરહુ હેતુ માટે હંગેરીનો પ્રવાસ કરવા માટે પરવાનગી આપવી અને તે માટે તેમને નીચેની શરતોએ તા. ૧-૭-૧૯૭૦થી તા. ૩૧-૧૨-૧૯૭૦ સુધીની ફરજ-રજા મંજૂર કરવી :

(૧) તેઓ જે તારીખથી રજા ઉપર જાય તે તારીખથી છ માસ માટે તેમને માસિક રૂ. ૮૦૦ તેમના મૂળ પગાર જેટલું વેતન આપવું અને તે ઉપરાંત તેમને કશાં ભથ્થાં આપવાં નહિ.

(૨) છ માસની ફરજ-રજા પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી ઉપર હાજર થશે અને તે પછી ઓછામાં ઓછા એક વર્ષ સુધી તેઓ તે જગ્યા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરશે તેની બાંયધરી તેમની તરફથી આપવામાં આવે.

(૩) છ માસની તેમની ફરજ-રજાની મુદ્દતમાં કશો વધારો મળી શકશે નહિ.

(૪) ઉપર જણાવેલ શરત નં. (૧), (૨) અને (૩)નું તેઓ પાલન કરી શકે નહિ તો તેમને આ રજા દરમ્યાન મળેલા પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે તેઓ યુનિવર્સિટીને ભરપાઈ કરશે.

(૫) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જમીનગીરી તેઓએ આપવાની રહેશે.

૬૮. ગુજરાત રાજ્ય શિક્ષણ નિયામકના પત્રાંક એસ. ૧૦૬-ક, તા. ૩-૩-૧૯૭૦થી રાજ્ય પુરસ્કૃત સાહસો અને વૈધાનિક સંસ્થાઓના હરિજન અને આદિવાસીઓ માટે નોકરીમાં જગ્યાઓ અનામત રાખવા અંગેના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૧૫-૩-૧૯૫૮ની સભામાં આ અંગે નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો, પણ લાયકાતનાં નક્કી કરેલાં ધોરણોમાં પછાત વર્ગ માટે કશી છૂટછાટ મૂકવી નહિ. બાકી તેમને પહેલી પસંદગી મળે એ જોવું.")

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૬૯. સંલગ્ન કૉલેજોમાં સ્થપાયેલાં અનુસ્નાતક કેન્દ્રો પૈકી કેન્દ્રોને તેમના વાર્ષિક હિસાબો ઑડિટ થઈને આવ્યા બાદ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ ઉપરથી સિન્ડિકેટ તેમની બાકી ભરપાઈ કરવાનો નિર્ણય લે છે. આ વિધિમાં સમય જતો હોવાથી કેન્દ્રો નાણાકીય મુશ્કેલી અનુભવે છે તે ધ્યાનમાં લઈ કેન્દ્રો તરફથી જે તે વર્ષનો આવક-જાવકનો કાચો હિસાબ આવ્યેથી બાકી રકમ પેટે 'ઑન એકાઉન્ટ' એડવાન્સ તરીકે આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી તરફથી સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં સ્થાપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રો પૈકી જે કેન્દ્રોને આર્થિક બાકી આવે તે કેન્દ્રોને તેમના હિસાબો આવ્યેથી બાકીની રકમ પેટે on account advance તરીકે ઘટતી રકમ આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી અને તે કેન્દ્રોના audited હિસાબો આવ્યેથી તેનો હિસાબ ચૂકતે કરવાનું રાખવું.

૭૦. યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોની ત્રિવાર્ષિક તપાસસમિતિઓના અહેવાલના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩–૧–૧૯૭૦ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પ્રત્યેક ભવનમાં તેનું પોતાનું નાનું વિભાગીય (Departmental) પુસ્તકાલય રાખવું જોઈએ;

(૨) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં જે વિદ્યાર્થીઓ સાંજના વર્ગોમાં અભ્યાસ કરતા હોય તેમને પણ યુનિવર્સિટીના વિદ્યાભવનોના પૂરા સમયના શિક્ષકોના શિક્ષણનો લાભ મળે તે જોવું જોઈએ;

(૩) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પૂરા સમયના શિક્ષકો પૈકી કોઈ પણ શિક્ષકને સાંજના વર્ગોનું શિક્ષણકાર્ય સોંપવામાં આવે તો તેની તે ના પાડી શકે નહિ તે માટે જરૂરી સૂચના આપવા માટે ઘટતાં પગલાં લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી;

(૪) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને સંશોધનકાર્ય (Research projects) સારા પ્રમાણમાં હાથ ધરવાનું રાખવું જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૧. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮ અને ૨૩–૧–૧૯૭૦ની સભામાં યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલની નોંધ લઈ તે સિન્ડિકેટની વિચારણાર્થે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૨. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮ અને ૨૩–૧–૧૯૭૦ની સભામાં યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલની નોંધ લઈ તે સિન્ડિકેટની વિચારણાર્થે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૩. ઍકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભામાં યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલની નોંધ લઈ તે સિન્ડિકેટની વિચારણાર્થે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૪. આંકડાશાસ્ત્રના વિષય માટે અઠવાડિયાના ચાર તાસ (periods) લેવાય તેવો પ્રબંધ કરવાની આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની ભલામણ અંગે વાણિજ્ય વિદ્યાશાખાના અભિપ્રાય મુજબ હાલ જે પ્રથા છે તેમાં કોઈ જ ફેરફાર કરવાની આવશ્યકતા નથી એવી ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૭૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૧-૮-૧૯૬૯ની સભાની ભલામણ અનુસાર ઑર્ડિ. ૬૫-(એફ)ના કોષ્ટકમાં કૉલમ નં. ૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને તા. ૨૩-૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"Teaching experience as a Lecturer or as an Assistant to a Post-graduate teacher."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૭૬. પ્રથમ વર્ષ બી.એ. ઇતિહાસના પેપર ૧ ઍન્શિયન્ટ ઇન્ડિયા(ઉપ બી.સી. ટૂ ૬૪૭ એ.ડી.)માંથી 'ઍલેક્ઝાન્ડર્સ ઇન્વેઝન'નો ટોપિક ચાલુ રાખવાની અને તે મુજબ રેગ્યુ. આર્ટ્સ-૨નો સંબંધકર્તા ભાગ સુધારી તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવાની ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રેગ્યુ. આર્ટ્સ-૨નો સુધારેલો સંબંધકર્તા ભાગ મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવો.

૭૭. ભૂગોળની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર પ્રી-યુનિ. વિનયન, ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ. અને થર્ડ બી.એ.ના ભૂગોળ વિષયના અભ્યાસક્રમનું માળખું આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા તથા પ્રી-યુનિવર્સિટી વિનયન અને ફર્સ્ટ બી.એ.નો ભૂગોળ વિષયનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા તથા તે અંગેના સંબંધકર્તા રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨ તથા રેગ્યુ. આર્ટ્સ-૨ સુધારી તેને જૂન

૧૯૭૦થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સુધારેલા રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨ તથા રેગ્યુ. આર્ટ્સ-૨ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવા.

(સદરહુ સુધારેલા રેગ્યુલેશન્સની નકલ આ સાથે પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૭૮. ઇતિહાસની અભ્યાસસમિતિની તા. ૨૩-૮-૧૯૬૯ની સભાની નીચેની ભલામણો મંજૂર કરવા માટે તે મુજબ રેગ્યુ. આર્ટ્સ-૧૨ અને રેગ્યુ. એમ.એ. ૮માં જરૂરી ફેરફાર કરીને તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(૧) તૃતીય વર્ષ બી.એ. ઇતિહાસ વિષયના પ્રશ્નપત્ર ૬ ઓપ્શનલ રાજપૂત સુલતાનેટ પિરિયડ ૬૪૮થી ૧૫૨૫ એ.ડી.ના મુદ્દાઓ ભલામણ કરેલ પુસ્તકો આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવાં.

(૨) એમ.એ. ભાગ ૨, ઇતિહાસ ગ્રુપ 'સી' ઓપ્શનલના પ્રશ્નપત્ર ૧ પોલિટિકલ, સોશિયલ અને રીલિજિયસ ઇન્સ્ટટ્યૂશનના ઇન ઇન્ડિયા (૧૮૧૮થી ૧૯૦૫ એ.સી.)ના મુદ્દાઓ અને ભલામણ કરેલ પુસ્તકો આ સાથે પરિશિષ્ટ મુજબ રાખવાં.

(૩) એમ.એ. ભાગ ૨, ઇતિહાસ ગ્રુપ 'એફ' ઓપ્શનલ હિસ્ટરી ઑફ યુ.એસ.એ. (૧૯૦૧-૧૯૫૦)ના મુદ્દાઓ અને ભલામણ કરેલ પુસ્તકો આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવાં.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૧૨ અને રેગ્યુ. એમ.એ. ૮ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવા.

(સદરહુ સુધારેલા રેગ્યુલેશન્સની નકલ આ સાથે પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.)

૭૯. પ્રથમ વર્ષ બી.એસસી. ભૌતિકવિજ્ઞાનનો નવો અભ્યાસક્રમ મંજૂર કરવા તથા તેને અનુલક્ષીને રેગ્યુ. સાયન્સ સુધારવા તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સુધારેલો રેગ્યુ. સાયન્સ-૨ મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવો.

(સદરહુ સુધારેલા રેગ્યુ. સાયન્સ-૨ની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૮૦. હિન્દીની અભ્યાસસમિતિની ભલામણ અનુસાર સંબંધકર્તા રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨, રેગ્યુ. પ્રી-સાયન્સ-૨ અને રેગ્યુ. પ્રી-કોમર્સ-૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારી તેને

જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવા એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની ભલામણ પર વિચારણા કરવા બાબત :

R. Pre-Arts-2 (Hindi) :

(*a*) Prose (Text-book)	..	20 marks
(*b*) Poetry (Text-book)	..	20 marks
(*c*) Essay	..	15 marks
(*d*) Proverbs & Idioms	..	4 marks
(*e*) To correct and sentences	..	4 marks
(*f*) Translation in Hindi from Gujarati or English	..	7 marks

R. Pre-Sc.-2 (Hindi) :

(*a*) Prose (Text-book)	..	45 marks
(*b*) Essay	..	15 marks
(*c*) Proverbs & Idioms	..	4 marks
(*d*) Translation in Hindi from Gujarati or English	..	6 marks

R. Pre-Com.-2 (Hindi) :

(*a*) Prose (Text-book)	..	40 marks
(*b*) Essay	..	15 marks
(*c*) Commercial letter	..	8 marks
(*d*) Translation in Hindi from Gujarati or English	..	7 marks.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સુધારેલા રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨, રેગ્યુ. પ્રી-સાયન્સ-૨ અને રેગ્યુ. પ્રી-કૉમર્સ-૨ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૦ અમલમાં મૂકવા.

૮૧. બૅચેલર ઑફ લાઇબ્રેરી સાયન્સના પેપર ૮ 'લાઇબ્રેરી એડમિનિસ્ટ્રેશન'માંથી કમ્પલસરી સ્ટડી ટૂર (Compulsory Study Tour) રદ કરી તેના ૨૦ માર્ક્સ ઉમેરી આખો પેપર ૮૦ વત્તા ૨૦ = ૧૦૦ માર્ક્સનો રાખવાની તેમ જ દરેક વિષયનાં વ્યાખ્યાનોની કુલ ૭૫ ટકા હાજરી ગણવાની રાખવા તેમ જ તે મુજબ રેગ્યુ. ૨૫૬ એ(૬) સુધારવા અને સુધારેલા સદરહુ રેગ્યુ.ને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ સુધારેલા રેગ્યુ. ૨૫૬(એ)(૬)ને મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવો.

૮૨. ગ્રંથાલયશાસ્ત્રના અનુસ્નાતક અભ્યાસક્રમના ઑર્ડિનન્સ ૩૭૨-સી, ૩૭૨-ડી અને રેગ્યુ. ૨૫૬-ડી, ૨૫૬-ઈ અને ૨૫૬-એફ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ઑર્ડિ. ૩૭૨-સી, ૩૭૨-ડી અને રેગ્યુ. ૨૫૬-ડી, ૨૫૬-ઈ અને ૨૫૬-એફ મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડિ. ૩૭૨-સી, ૩૭૨-ડી અને રેગ્યુ. ૨૫૬-ડી, ૨૫૬-ઈ અને ૨૫૬-એફની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૮૩. એમ.એ., એમ.એસસી. ભાગ ૨ના આંકડાશાસ્ત્ર વિષયના મરજિયાત પ્રશ્નપત્ર ૮ માટેનો અભ્યાસક્રમ મંજૂર કરવા તથા તે માટે રેગ્યુ. એમ.એ.-૮ અને રેગ્યુ. એમ.એસસી.-૬-નો સંબંધકર્તા ભાગ સુધારીને તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. એમ.એ.-૮ અને રેગ્યુ. એમ.એસસી.-૬ના સુધારેલા સંબંધકર્તા ભાગને મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવા.

(સદરહુ સુધારેલા રેગ્યુલેશનોની નકલ આ સાથે **પરિશિષ્ટ "૯"** તરીકે સામેલ છે.)

૮૪. એમ.એસસી. ભાગ ૨ ઑર્ગેનિક કેમિસ્ટ્રીના પ્રશ્નપત્ર ૨ માટે પેટ્રો-કેમિકલ્સના અભ્યાસક્રમ અંગે પેપર ૨ Details regarding Petro-chemicals not more than the material contained in the book : Industrial Chemistry by Shreveની નોંધ ઉમેરવાની તથા તે મુજબ સંબંધકર્તા રેગ્યુ. એમ.એસસી.-૬માં જરૂરી ફેરફાર કરીને સુધારેલા રેગ્યુ.ને તાત્કાલિક અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. એમ.એસસી.-૬ને મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૮૫. ફાર્મ. ઓ. ૮, ફાર્મ. રેગ્યુ. ૧૯ અને ફાર્મ. ઓ. ૧૧ સુધારવા તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવાની તેમ જ હાલનો ફાર્મ. ઓ. ૧૨-એ જૂન ૧૯૭૦થી રદ કરવા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ સુધારેલા **ફાર્મ. ઓ. ૮, ફાર્મ. રેગ્યુ. ૧૯ અને ફાર્મ. ઓ. ૧૧ને મંજૂર**

કરવા તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવા તેમ જ હાલનો ફાર્મ. ઑ. ૧૨–એ જૂન ૧૯૭૦થી રદ કરવો.

(મંજૂર કરવામાં આવેલા ફાર્મ. ઑ. ૮, ફાર્મ. રેગ્યુ. ૧૯ અને ફાર્મ. ઑ. ૧૧ની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૮૬. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૭/૧૮–૯–૧૯૬૯ની સભામાં પ્રી-મેડિકલ કોર્સ ૧૯૬૦થી દાખલ કરવા અને તેનો અભ્યાસક્રમ તૈયાર કરી અહેવાલ આપવા અંગે નીમેલ સમિતિની તા. ૧૭–૧૨–૧૯૬૯ના રોજ મળેલ સભાની નીચેની ભલામણો મંજૂર કરવાની તેમ જ તેનો અમલ કયારથી કરવો તે નક્કી કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩–૧–૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(૧) પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવે અને તેના શિક્ષણની વ્યવસ્થા યુનિવર્સિટી સાથે સંલગ્ન તબીબી કૉલેજોમાં કરવામાં આવે.

(૨) તબીબી કૉલેજોમાં જે તે કૉલેજમાં જેટલી બેઠકો હોય તેટલી જ બેઠકો પ્રી-મેડિકલના વર્ગ માટે રાખવામાં આવે.

(૩) પ્રી-મેડિકલની પરીક્ષામાં પાસ થવાનું ધોરણ તબીબી વિદ્યાશાખાની અન્ય પરીક્ષાઓની જેમ જ એટલે કે થિયરી અને પ્રેક્ટિકલમાં અલગ અલગ ૫૦ ટકાનું રાખવામાં આવે.

(૪) પ્રી-મેડિકલ પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થી વિજ્ઞાનની વિદ્યાશાખામાં અભ્યાસ કરવા માટે પાછો જવા ઇચ્છતો હોય તો તેને એસ.વાય બી.એસસી.ના વર્ગમાં પ્રવેશ મળે તે માટે નિયમોમાં જરૂરી જોગવાઈ કરવામાં આવે.

(૫) બી.એસસી.ની પદવી પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીને તબીબી કૉલેજમાં દાખલ થવા માટે જવા હોય તો તેને પ્રી-મેડિકલની પરીક્ષામાં બેસવામાંથી મુક્તિ આપીને ફર્સ્ટ એમ.બી.,બી.એસ.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવો.

(૬) અગાઉ તૈયાર કરવામાં આવેલ પ્રી-મેડિકલ કોર્સમાં જરૂરી સુધારાવધારા સૂચવવા માટે આ સમિતિને જણાવવામાં આવે.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ જૂન ૧૯૭૧થી શરૂ કરવો અને તેના શિક્ષણની વ્યવસ્થા સંલગ્ન તબીબી કૉલેજોમાં કરવા માટે તબીબી કૉલેજોને જણાવવું.

(૨) જે તે તબીબી કૉલેજોમાં હાલ ફર્સ્ટ એમ.બી.,બી.એસ.માં પ્રવેશ માટે જેટલા વિદ્યાર્થીઓને દાખલ કરવાની પરવાનગી આપવામાં આવેલી હોય તેટલા જ વિદ્યાર્થીઓની બેઠકો પ્રી-મેડિકલના વર્ગ માટે મંજૂર કરવી.

(૩) પ્રી-મેડિકલની પરીક્ષામાં પાસ થવાનું ધોરણ તબીબી વિદ્યાશાખાની અન્ય પરીક્ષાની જેમ જ એટલે કે થિયરી અને પ્રેક્ટિકલમાં અલગ અલગ ૫૦ ટકાનું રાખવા અંગેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે મુજબ જરૂરી ધારાધોરણો ઘડીને રજૂ કરવા માટે તેને જણાવવું.

(૪) પ્રી-મેડિકલ પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થી કોઈ પણ કારણસર વિજ્ઞાનની વિદ્યાશાખામાં અભ્યાસ કરવા માટે પાછો જવા ઇચ્છતો હોય તો તેને એસ.વાય.બી.એસસી.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવાની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી અને તે માટે નિયમોમાં જરૂરી જોગવાઈ કરવા માટે તેને જણાવવું.

(૫) બી.એસસી.ની પદવી પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીને તબીબી કોલેજમાં દાખલ થવા માટે જગ્યા હોય તો તેને પ્રી-મેડિકલ પરીક્ષામાં બેસવામાંથી મુક્તિ આપીને તેને ફર્સ્ટ એમ.બી.,બી.એસ.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવો અને તે માટે નિયમોમાં જરૂરી જોગવાઈ કરવા માટે એકેડેમિક કાઉન્સિલને જણાવવું.

(૬) અગાઉ તૈયાર કરવામાં આવેલ પ્રી-મેડિકલ વર્ગના અભ્યાસક્રમમાં જરૂરી સુધારાવધારા સૂચવવા માટે નીચેના સભ્યોની સમિતિને જણાવવું :

૧. પ્રિ. એલ. ડી. દવે
૨. પ્રિ. સી. એમ. પટેલ
૩. પ્રિ. વાય. જી. નાયક
૪. પ્રો. જે. જે. ચિનોય
૫. ડૉ. એમ. ડી. દેસાઈ
૬. ડૉ. ઈ. એમ. બેસ્ટ
૭. ડૉ. પી. એલ. શાહ
૮. ડૉ. કે. આર. શ્રોફ
૯. ડૉ. એ. એમ. મલાવવાળા.

૮૭. એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં શિક્ષકોના કાર્યભાર અંગેનાં હાલનાં ધારાધોરણમાં કશો ફેરફાર કરવો નહિ."

[નોંધ.—નીચેની બાબતોના સંદર્ભમાં ઉપરની ભલામણ થયેલ છે :

(૧) ગ્રામ્ય વિસ્તારની કૉલેજોના વ્યવસ્થાપક મંડળના સૂચન મુજબ અધ્યાપકોને ઓછામાં ઓછાં ૧૮ વ્યાખ્યાનો તથા ૬ ટ્યુટોરિયલ્સ આપવા અંગે;

(૨) શિક્ષકોનો કાર્યભાર ઓછો કરવા અંગેનો આચાર્ય એલ. ડી. દવેનો પ્રસ્તાવ;

(૩) સેનેટની તા. ૧૦/૧૧-૧૦-૧૯૬૯ની સભાએ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ ઑર્ડિ. ૧૨૦-એ, જે સિન્ડિકેટે તેની તા. ૭-૧૨-૧૯૬૯ની સભામાં એકેડેમિક કાઉન્સિલના વિચારણાર્થે મોકલવાનું ઠરાવેલ;

(૪) રાજ્ય સરકારે નીમેલ લાલભાઈ સમિતિની ભલામણ અનુસાર બિનસરકારી કૉલેજોને ગ્રાન્ટ આપવાની હોવાથી નાણાકીય બોજ વધારે ઉપાડવાનો રહે, આથી શિક્ષકોના કાર્યભાર વધારવા અંગેનું શિક્ષણ નિયામકનું સૂચન.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતનો વિચારણા મોકૂફ રાખવી.

તે પછી તા. ૧૧-૪-૧૯૭૦ના રોજ સિન્ડિકેટનું કામકાજ બંધ રાખવામાં આવ્યું અને રવિવાર, તા. ૧૨-૪-૧૯૭૦ના રોજ સવારે ૯-૦૦ વાગ્યે સભા ફરી મળતાં યાદી પરનું બાકીનું કામકાજ વિચારણા માટે હાથ ધરવામાં આવ્યું.

૮૮. પૂર્વસ્નાતક કક્ષાએ ક્રેડિટ પદ્ધતિ દાખલ ન કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પૂર્વસ્નાતક કક્ષાએ ક્રેડિટ પદ્ધતિ દાખલ ન કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૮૯. ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓની તા. ૨૯/૩૦-૧૦-૧૯૬૮ના રોજ મળેલ સભાના નીચેના ઠરાવ અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"Recommended that the uniformity of the standard and classes at the post-graduate level be the same as at undergraduate level, viz, 60% for the first class, 48% for the second class as per the recommendation of the Inter University Board. It has also been observed that there is at present no provision for a pass in the post-graduate examinations in some universities. It is, therefore, felt that each University may decide individually whether a provision for pass class be introduced or retained."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં અનુસ્નાતક કક્ષાએ પાસ વર્ગ ફરી દાખલ કરવો નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક પરીક્ષાઓમાં પહેલા અને બીજા વર્ગ માટેનું ધોરણ સદરહુ ભલામણમાં સૂચવ્યા મુજબ આ યુનિવર્સિટીમાં પ્રવર્તતું હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહેતું નથી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૯૦. ગણિતની અભ્યાસસમિતિની તા. ૧૯-૧-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ અનુસાર રેગ્યુ. એમ.એ. ૫ અને રેગ્યુ. એમ.એસસી. ૪ સુધારવા તથા તેને જૂન ૧૯૭૦થી અને રેગ્યુ. એમ.એ. ૮ અને રેગ્યુ. એમ.એસસી. ૬ સુધારવા તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"(અ) એમ.એ., એમ.એસસી. ભાગ ૧ના ગણિતના અભ્યાસક્રમમાં પ્રશ્નપત્ર ૪ Theory of Matrices છે તેને બદલે Theory of Matrices and Topology રાખવું અને

Topologyનો અભ્યાસક્રમ જે એમ.એ., એસ.એસસી. ભાગ ૨ના પ્રશ્નપત્ર ૫માં આપ્યો છે તે ત્યાંથી રદ કરીને પ્રશ્નપત્ર ૪માં Theory of Matricesના અભ્યાસક્રમ પછી ઉમેરવો. (તેમાંથી arcwise connected topological spaces ભાગ રદ કરવો) અને તે માટે સંબંધકર્તા રેગ્યુ. એમ.એ.–૫ અને રેગ્યુ. એમ.એસસી.–૪ સુધારી તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવા.

(બ) એમ.એ.,એમ.એસસી. ભાગ ૨ના ગણિતના અભ્યાસક્રમમાં પ્રશ્નપત્ર ૫ Algebra and Topology છે તેને બદલે Algebra and Algebraic Topologyનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ એલિજબ્રાના અભ્યાસક્રમ પછી ઉમેરવો અને સંબંધકર્તા રેગ્યુ. એમ.એ.–૮ અને રેગ્યુ. એમ.એસસી.–૬ સુધારીને તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા: (*b*) Algebraic Topologyના અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ તરીકે સામેલ છે.

(ક) એમ.એ., એમ.એસસી. ભાગ ૨ના ગણિતના અભ્યાસક્રમમાં ગ્રુપ "બી"ના ઓપ્શનલ પેપરમાં 10 Advanced Differential Geometryનો પ્રશ્નપત્ર ઉમેરવો અને તેનો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ ઉમેરવા તથા (બી)માં હાલ જે નોંધ છે તેને (૧) ક્રમાંક આપવો અને નીચેની નોંધ ક્રમાંક (૨) તરીકે ઉમેરવી અને સંબંધકર્તા રેગ્યુ. એમ.એ. અને રેગ્યુ. એમ.એસસી.–૬માં સુધારો કરી તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

Note.—(2) Candidates selecting Advanced Differential Geometry must not select Riemannian and non-Riemannian Geometry or vice-versa"

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. એમ.એ.–૫ અને રેગ્યુ. એમ.એસસી.–૪, તથા રેગ્યુ. એમ.એ.–૮ અને રેગ્યુ. એમ.એસસી–૬ સુધારવા. સુધારેલા રેગ્યુ. એમ.એ.–૫ અને એમ.એસસી.–૪ ને જૂન ૧૯૭૦થી તથા રેગ્યુ. એમ.એ.–૮ અને રેગ્યુ. એમ.એસસી.–૬ ને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

(સુધારેલા સદરહુ રેગ્યુલેશન **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૯૨. આંકડાશાસ્ત્રની અભ્યાસસમિતિની તા. ૧૬-૧૦-૧૯૬૯ની સભાની નીચેની ભલામણો મંજૂર કરવા તથા તે મુજબ રેગ્યુ. આર્ટ્સ-૬, રેગ્યુ. આર્ટ્સ-૧૧ અને રેગ્યુ. સાયન્સ-૧૪ સુધારવા તથા તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(૧) સેકન્ડ બી.એ.ના સ્ટેટિસ્ટિક્સ વિષયના ૩ પ્રશ્નપત્રો દરેક ૭૫ માર્કસના યુનિવર્સિટી પરીક્ષા ૫૦ + ૨૫ ઇન્ટર્નલ) અને બે કલાકના રાખવા અને બે પ્રેક્ટિકલ ૭૫ માર્કસના (યુનિવર્સિટી પરીક્ષાના ૫૦ અને ૨૫ ઇન્ટર્નલ રાખવા) ગૌણ વિષય સ્ટેટિસ્ટિક્સ માટે પ્રશ્નપત્ર ૧ અને ૨ રહેશે અને પ્રયોગ ૧ (યુનિવર્સિટી પરીક્ષા ૩૫+૧૫ ઇન્ટર્નલ) ૫૦ માર્કસનો રહેશે.

(૨) થર્ડ બી.એ. અને થર્ડ બી.એસસી.ના દરેક પેપર બે કલાકના રાખવા અને બી.એસસી. માટે દરેક પ્રશ્નપત્ર ૫૦ માર્કસનો અને બી.એ. માટે દરેક પ્રશ્નપત્ર ૭૦ માર્કસનો રાખવો.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. આર્ટ્સ ૬, રેગ્યુ. આર્ટ્સ-૧૧ અને રેગ્યુ. સાયન્સ-૧૮ સુધારવા તથા આ સુધારેલા રેગ્યુલેશનોનો અમલ જૂન ૧૯૭૦થી કરવાનું રાખવું.

૯૨. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૧૩-૧૦-૧૯૬૯ની સભાએ કરેલ ભલામણ અનુસાર ઇજનેરીના અભ્યાસક્રમમાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરેલ હોવાથી સેશનલ માર્ક્સ રદ્દ કરવા અને તેના અંદર લેવાતા ઇન્ટર્નલ ટેસ્ટ પણ લેવાના રાખવા નહિ અને તે મુજબ સંબંધકર્તા રેગ્યુ. ઍન્જિ. ૧૭ સુધારીને તેને જૂન ૧૯૭૦થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૬૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. ઍન્જિ.-૧૭ સુધારવા તથા તેનો અમલ જૂન ૧૯૭૦થી કરવાનું રાખવું.

૯૩. ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૩૧-૩-૧૯૭૦ના રોજ મળેલ સભાની નીચે જણાવેલ ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ચીફ મેડિકલ ઑફિસરના સને ૧૯૬૭-૬૮ના રિપોર્ટની નોંધ લઈ તે અહેવાલને છાપવા માટે તથા તે માટે રૂ. ૫૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) સદ્ઢ શરીર હરીફાઈનાં પરિણામોની નોંધ લઈ અને પ્રથમ વિજેતા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને દરેકને રૂા. ૧૦૦નું ઈનામ આપવા મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૯૪. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને અનમર્જ્ડ મોંઘવારી ભથ્થું આપવા અંગે ભાષા-સાહિત્ય ભવનના સંસ્કૃતના વ્યાખ્યાતા શ્રી. ટી. એસ. નાન્દીના તા. ૧૩-૩-૧૯૭૦ના પત્રાંક ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૩-૧૯૭૦ની સભામાં બાબત નં. ૭૮થી કરેલા ઠરાવ, અને સિન્ડિકેટે તેની તા. ૨૭-૩-૧૯૭૦ની સભામાં બાબત નં. ૧થી કરેલા ઠરાવના સંદર્ભમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણોના સુધારા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૩-૧૯૭૦-ના રોજ કરેલા સદરહુ ઠરાવનો અમલ કરવા સંલગ્ન કૉલેજોને તથા જે નવી કૉલેજોએ જોડાણ માટે અરજી કરેલી છે તે કૉલેજોને જણાવવું.

(૨) સિન્ડિકેટે તેની તા. ૨૭-૩-૧૯૭૦ના રોજ કરેલ નીચેના ઠરાવની જાણ તમામ સંલગ્ન કૉલેજોને તથા જે નવી કૉલેજોએ અરજી કરી છે તે કૉલેજોને કરવી.

(૩) સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૩-૧૯૭૦ની સભામાં બાબત નં. ૭૮ અંગેના ઠરાવથી નીમેલ સમિતિનું કામ હાલ બંધ રાખવું.

૯૫. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી પીએચ.ડી.માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટે માન્યતા ચાલુ રાખવા અંગે આવેલ અરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. ડૉ. સી. ટી. ભોપટકર
૨. પ્રો. એ. આર. પટેલ (બરોડા યુનિ.).

૯૬. ગણિતના અંડ સમયના પ્રાધ્યાપક શ્રી. જી. આર. દેસાઈએ ૧૯૬૯-૭૦ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન કુલ ત્રણ કૉલેજોમાં શૈક્ષણિક કાર્ય કર્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—જી. આર. દેસાઈએ નીચે જણાવેલ ત્રણ કૉલેજોમાં શૈક્ષણિક કામ કર્યું હતું :

ક્રમાંક	કૉલેજનું નામ	કાર્યભાર	
		વ્યા.	ટ્યુ.
૧.	નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૪	૧
૨.	નવગુજરાત કૉમર્સ ઍન્ડ લૉ કૉલેજ, અમદાવાદ	૪	૦
૩.	એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ	૩	૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોને જણાવવું કે કોઈ પણ અંડ સમયના શિક્ષકને એથી વધુ કૉલેજોમાં કામ કરવા માટે પરવાનગી આપી શકાય નહિ અને તેથી ૩ કૉલેજોમાં શ્રી. જી. આર. દેસાઈની સેવાઓ લેવાનું તાત્કાલિક બંધ કરવું આવશ્યક છે.

૯૭. ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભામાં યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલની નોંધ લઈ તે સિન્ડિકેટની વિચારણાર્થે મોકલી હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૮. ઓ. ૧૨૦-એમાં પૂરા સમયના શિક્ષક માટે નિયત કરાયેલ કાર્યભારના સંદર્ભમાં બે કૉલેજોમાં કાર્ય કરતા અંડ સમયના શિક્ષક પ્રત્યેક કૉલેજમાં અંડ સમયના શિક્ષક માટે નિયત થયેલ ૯ તાસ લઈ શકે તેવી ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાએ કરેલી સ્પષ્ટતા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઍકેડેમિક કાઉન્સિલે કરેલી સ્પષ્ટતા જોતાં બે કૉલેજોમાં કાર્ય કરતા અંડ સમયના શિક્ષક પ્રત્યેક કૉલેજમાં વ્યાખ્યાનો અને/અથવા ટ્યુટોરિયલ્સના બધા મળીને વધુમાં વધુ કુલ ૯ જેટલા તાસ લઈ શકશે.

૯૯. વાણિજ્ય વિદ્યાશાખામાં ઍકચ્યુઅરિયલ સાયન્સના વિષયના શૈક્ષણિક કાર્ય માટે શિક્ષકોની શૈક્ષણિક લાયકાતનાં ધારાધોરણ ઍકેડેમિક કાઉન્સિલ નક્કી કરે તે સમય દરમિયાન

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીએ સૂચવેલ ધોરણે નીચેનાં ક્વોલિફિકેશન્સ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત :

I. **Minimum qualifications for Professor of Actuarial Science**

1. Second Class Graduate with F.I.A. (Fellow of the Institute of Actuaries, London) or A.I.A. (Associate of the Institute of Actuaries, London) and five years professional standing or three years' teaching experience as a Lecturer.
2. Pass Class Graduate with F.I.A. (Fellow of the Institute of Actuaries, London) or A.I.A. (Associate of the Institute of Actuaries, London) and seven years' professional standing or five years' teaching experience as a Lecturer.

II. **Minimum qualifications for Lecturer in Actuarial Science**

1. Second Class Graduate with F.I.A. (Fellow of the Institute of Actuaries, London) or A.I.A. (Associate of the Institute of Actuaries, London.)
2. Pass Class Graduate with F.I.A. (Fellow of the Institute of Actuaries, London) or A.I.A. (Associate of the Institute of Actuaries, London) with three years' professional standing.

III. As in the case of a Chartered Accountant, a part-time Professor of Actuarial Science should be considered sufficient for the purpose.

IV. A Professor or Lecturer in Statistics should be allowed to assist in the teaching of Actuarial Science course as almost two papers out of four in Actuarial Science belong to the subject of Statistics.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ એક્ચ્યુઅરિયલ સાયન્સના પ્રાધ્યાપક અને લેક્ચરરની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો ઉપર મુજબ રાખવાં.

૧૦૦. ત્રીજી (ફાઇનલ) એમ.બી.,બી.એસ.ની જૂના અભ્યાસક્રમની પરીક્ષા એપ્રિલ ૧૯૭૦ પછી વધુ ત્રણ ટ્રાયલ સુધી એટલે કે ઑક્ટોબર ૧૯૭૧ સુધી લેવા અંગે તબીબી વિદ્યાશાખાના ડીનના અભિપ્રાય પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ત્યાર બાદ આ અભ્યાસક્રમમાં નાપાસ થનાર વિદ્યાર્થીઓને નવા અભ્યાસક્રમ મુજબ પરીક્ષા આપવાની રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ત્રીજી (ફાઇનલ) એમ.બી.,બી.એસ.ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા એપ્રિલ ૧૯૭૦ પછી વધુ ત્રણ વખત એટલે કે ઑક્ટોબર ૧૯૭૦, એપ્રિલ ૧૯૭૧ અને ઑક્ટોબર ૧૯૭૧ સુધી લેવાનું રાખવું અને ત્યાર બાદ સદરહુ પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓને નવા અભ્યાસક્રમ મુજબ બેસવાનું રહેશે એમ જણાવવું.

૧૦૧. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) વર્ષ ૧૯૬૯-૭૦માં વિજ્ઞાન વિદ્યાભવનના પુનર્નિર્મિત અંદાજમાં માટી તથા ગુણવત્તા શિષ્યવૃત્તિના ખર્ચના મથાળે રૂ. ૨૦,૦૦૦ની જોગવાઈ છે તેમાં રૂ. ૮,૦૦૦ની વધુ જોગવાઈ કર્યાના (સને ૧૯૬૮-૬૯ના વર્ષનાં રૂ. ૭,૬૬૫નાં બિલો ચાલુ વર્ષ દરમિયાન પડેલાં હોવાથી અને જોગવાઈ ફક્ત ચાલુ વર્ષમાં વિદ્યાર્થીઓની સંખ્યા ધ્યાનમાં લઈ કરેલી હોવાથી ચાલુ સાલમાં બિલોનું પેમેન્ટ તા. ૩૧-૩-૧૯૭૦ પહેલાં થઈ શકે તેથી આ જરૂરી હતું.)

(૨) ગાંધી જન્મશતાબ્દી નિમિત્તે સમાજવિદ્યા ભવનમાં તા. ૩૦-૧-૧૯૭૦થી તા. ૧-૨-૧૯૭૦ દરમ્યાન યોજવામાં આવેલ પરિસંવાદ અંગે સમાજવિદ્યા ભવનના કર્મચારીઓને તેમની કામગીરી બદલ નીચે જણાવ્યા મુજબ માનદ વેતન મંજૂર કર્યાના :

ક્રમાંક	કર્મચારીનું નામ	માનદ વેતન
૧.	શ્રી. ટી. એ. ભાસ્કર	રૂ. ૪૦-૦૦
૨.	,, જી. એફ. પટેલ	રૂ. ૪૦-૦૦
૩.	,, ડબલ્યુ. એન. ક્રિશ્ચયન	રૂ. ૨૫-૦૦
૪.	,, આર. એચ. પટેલ	રૂ. ૨૫-૦૦
૫.	,, એસ. એન. શાહ	રૂ. ૨૫-૦૦
૬.	,, જે. પી. ચૌહાણ	રૂ. ૨૫-૦૦
૭.	,, એ. વી. શાહ	રૂ. ૨૫-૦૦
૮.	,, સી. કે. વાઘેલા	રૂ. ૧૦-૦૦
૯.	,, આઈ. એ. વાઘેલા	રૂ. ૧૦-૦૦
૧૦.	,, એસ. કે. વાઘેલા	રૂ. ૧૦-૦૦
૧૧.	,, એ. પી. દાંડિયા	રૂ. ૧૦-૦૦
૧૨.	,, કે. ડી. વાઘેલા	રૂ. ૧૦-૦૦
૧૩.	,, એન. ડી. વાઘેલા	રૂ. ૧૦-૦૦
૧૪.	,, કે. જી. મકવાણા	રૂ. ૧૦-૦૦
૧૫.	,, એસ. એમ. પરમાર	રૂ. ૧૦-૦૦
		કુલ રૂ. ૨૮૫-૦૦

(૩) ફર્સ્ટ અને સેકન્ડ ઈયર ડ્રામા(ડિપ્લોમા)ની પરીક્ષા કે જે તા. ૨૦-૪-૧૯૭૦થી શરૂ થનાર હતી તેને બદલે તા. ૨૭-૪-૧૯૭૦થી શરૂ કરવા માટેની મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૧૦૨. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ ભૂગોળ વિષયના અનુસ્નાતક કેન્દ્રની ત્રિવાર્ષિક તપાસાર્થે સિન્ડિકેટે વડોદરાના શ્રી. એસ. એસ. ઘેરની નિમણૂક કરી હતી, પરંતુ તેઓએ પોતે તે વિષયના નિષ્ણાત ન હોવાનું જણાવી નિમણૂક

સ્વીકારવા અશક્તિ દર્શાવી હોવાથી આ કામ માટે અન્ય સભ્યની નિમણૂક કરવાનું વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રની ત્રિવાર્ષિક તપાસ માટે તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૩. નવી મોડલની એમ્બેસેડર કાર બનાવવાનું અનિશ્ચિત સમય સુધી મુલતવી રહેલ હોવાથી ચાલુ મોડલની કાર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત તથા જૂની કઈ મોટર વેચી દેવી તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ઉપયોગ માટે એક ચાલુ મોડલની એમ્બેસેડર મોટર ગાડી ખરીદવાનું રાખવું અને યુનિવર્સિટીની હાલની બે મોટર ગાડીઓ (પ્લેમાઉથ અને એમ્બેસેડર) પૈકી કઈ મોટરગાડી વેચી દેવી તે નક્કી કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦૪. યુનિવર્સિટીની ડિપૉઝિટો ઉપર સામાન્ય નિયમો કરતાં આપણી શૈક્ષણિક સંસ્થાને ચૅરિટેબલ અને રિલિજિયસ સંસ્થાઓની સમકક્ષ ગણીને ૧/૨ ટકાનો વ્યાજનો દર વધારે આપવા અંગેના રિઝર્વ બૅંક ઑફ ઇન્ડિયાના તા. ૨ એપ્રિલ ૧૯૭૦ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦૫. ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ ઍન્ડ કંપનીની સને ૧૯૬૮-૬૯ના યુનિવર્સિટીના હિસાબો પરની તા. ૨૭-૧૦-૧૯૬૯ની ઑડિટનોંધ તથા તે ઉપર કાર્યાલયે બરેલા જવાબો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટર્નલ ઑડિટર્સ મેસર્સ લાખિયા દેસાઈ ઍન્ડ કંપનીની સને ૧૯૬૮-૬૯ના યુનિવર્સિટીના હિસાબો પરની સદરહુ "ઑડિટનોંધ"ની નોંધ લેવી તથા તે બાબતમાં કાર્યાલયે ઘડેલા જવાબો મંજૂર કરવા.

(સદરહુ ઑડિટનોંધ તથા તે પર કાર્યાલયે ઘડેલા જવાબો **પરિશિષ્ટ "થ"** તરીકે આ સાથે સામેલ છે.)

૧૦૬. નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશન રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ તરફથી વૈજ્ઞાનિક પ્રતિભા ધરાવતા વિદ્યાર્થીઓને શોધી કાઢવાની યોજના હેઠળ પસંદ કરાયેલા વિદ્યાર્થીઓ માટે તા. ૧૫મી મેથી તા. ૨૩મી જૂન ૧૯૭૦ સુધી યોજાનાર ગણિતશાસ્ત્રની ગ્રીષ્મ તાલીમ-શાળાનું અધ્યક્ષ તરીકેનું સંચાલન કરવાનું સ્વીકારવા ગણિતશાસ્ત્રના રીડર શ્રી. એચ. એન. રાવલને સદરહુ સંસ્થા તરફથી મળેલા નિમંત્રણ વિષે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ગ્રીષ્મશાળા યુનિવર્સિટીના ગણિતશાસ્ત્રના મકાનમાં યોજવાની છે.

(૨) ભાગ લેનાર અધ્યાપકોને વધુમાં વધુ રૂ. ૨,૮૦૦ જેટલી રકમના મહેનતાણાની, અધ્યક્ષને વધુમાં વધુ રૂ. ૮૦૦ અને બીજાઓને દરેકને મહેનતાણાની વધુમાં વધુ રૂ. ૫૦૦થી વધે નહિ તે રીતે આપવાની, જોગવાઈ છે.

(૩) ભાગ લેનાર વિદ્યાર્થીઓને માટે વ્યક્તિ દીઠ વધુમાં વધુ રૂ. પ્રમાણે ખર્ચ લઈ શકાય તે રીતે રહેવાજમવાની સગવડ યુનિવર્સિટીએ કરવાની છે.

(૪) ભાગ લેનાર વિદ્યાર્થીઓને માટે ગ્રંથાલયની સગવડ તથા જરૂર પડે તો મફત તબીબી સારવાર યુનિવર્સિટીએ પૂરી પાડવાની છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને સદરહુ ગ્રીષ્મ તાલીમશાળાના સંચાલક તરીકે શ્રી. એચ. એન. રાવલની નિમણૂકને માન્ય કરવી.

૧૦૭. વિશ્વવિદ્યાલય અનુદાન આયોગની સહાયથી ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે વિજ્ઞાન વિદ્યાભવન મારફતે તા. ૪-૫-૧૯૭૦થી તા. ૧૩-૬-૧૯૭૦ સુધી યોજાનાર ફિઝિક્સના વિષયમાં કોલેજના શિક્ષકોના ગ્રીષ્મ વર્ગોમાં વધારાની સેવાઓ આપવા તથા તે માટેનું મહેનતાણું સ્વીકારવા માટે નીચે જણાવેલ યુનિવર્સિટી કર્મચારીઓને પરવાનગી આપવા અંગે ડો. કે. એમ. કોટડિયાના તા. ૯-૪-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	તેમને આપવામાં આવેલ કામના પ્રકાર	સૂચવેલ મહેનતાણાની રકમ રૂ.	હાલ મળતો મૂળ પગાર રૂ.
(૧)	ડૉ. કે. એમ. કોટડિયા	રીડર	અધ્યક્ષ	૮૦૦	૯૫૦
(૨)	શ્રી. વી. એમ. ત્રિવેદી	લેક્ચરર	લેક્ચરર	૫૦૦	૬૮૦
(૩)	શ્રી. એન. એમ. પંડ્યા	,,	,,	૫૦૦	૬૪૦
(૪)	શ્રી. કે. જી. જાની	,,	લેબો. વર્ક	૫૦૦	૫૬૦
(૫)	શ્રી. બી. એ. મોદી	ડેમોન્સ્ટ્રેટર	લેબો. વર્ક	૫૦૦	૩૫૫
(૬)	શ્રી. જી. જી. મહેતા	સ્ટોરકીપર	સ્ટોર અને લેબો. વર્ક	૨૦૦	૧૧૬
(૭)	શ્રી. એમ. એમ. પંચાલ	લેબો. આસિ.	લેબો. આસિ.	૨૦૦	૧૨૪
(૮)	શ્રી. આર. બી. આચાર્ય	લેબો. મિકેનિક	લેબો. મિકેનિક	૨૦૦	૧૩૬
(૯)	શ્રી. એસ. એ. ત્રિવેદી	હૉસ્ટેલ ક્લાર્ક	હૉસ્ટેલ ક્લાર્ક	૫૦	૧૩૨
(૧૦)	શ્રી. એ. જે. પ્રજાપતિ	જુ. ક્લાર્ક	હિસાબી કામ	૧૦૦	૧૩૨
(૧૧)	શ્રી. મરાજી ખુદરજી	લેબ. પ્યૂન	સામાન્ય કામકાજ	૧૦૦	૫૮
(૧૨)	શ્રી. એમ. એ. ડાભી	,,	,,	૧૦૦	૪૮
(૧૩)	શ્રી. એન. સી. ચૌહાણ	સ્વીપર	સ્વીપર તરીકે	૪૦	૬૦
(૧૪)	શ્રી. પી. એમ. મકવાણા	સાયકલોસ્ટાઈલ્ડ મશીનમેન	સાયકલોસ્ટાઈલ કામ અંગે	૩૫	૬૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ કાર્ય માટે ઉપર મુજબનું મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૧૦૮. સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૨૫-૧૧-૧૯૬૯ની ભલામણો પર એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાએ નીચેનાં સૂચનોને આધીન સમિતિની ભલામણો સ્વીકારવા માટે કરેલ ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) સદરહુ સમિતિની બાબત નં. ૩૨માં જણાવેલ સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હી, ઑલ-ઇન્ડિયા હાયર સેકન્ડરી પરીક્ષાને સમકક્ષતા આપવાનો પ્રશ્ન તેની સમગ્રતામાં વિચારવાની જરૂર છે, એ સૂચન સાથે સદરહુ બાબત અંગે વિચારણા કરીને પોતાની સુચિંતિત ભલામણ રજૂ કરવા માટે ઇક્વિવેલેન્સ સમિતિને જણાવવું.

(૨) સદરહુ સમિતિની બાબત નં. ૫ અંગેની ભલામણમાં જણાવેલ પરીક્ષા પાસ કરીને આવનાર વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીમાં પ્રથમ વર્ષ વિનયનમાં દાખલ કરતાં પહેલાં તેણે એસ.એસ.સી.ની પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પાસ કરી હોય તે આવશ્યક ગણવું.

(૩) સદરહુ સમિતિની બાબત નં. ૬ પરની ભલામણમાં જણાવેલ કેસ અંગે વિનયન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય મેળવીને ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૨૫-૧૧-૧૯૬૯ની ભલામણો પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૧૦૯. બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની તા. ૩૧-૩-૧૯૭૦ના રોજ મળેલ સભાએ બાબત ક્રમાંક ૭ અને ૮ યુનિવર્સિટી સાથે સંકળાયેલ કૉલેજોમાં આરોગ્યકેન્દ્ર અંગે અપનાવવામાં આવતી જૂની અને નવી પ્રથા અંગે વિચારણા કરવા નીમેલ સમિતિની તા. ૧૦-૪-૧૯૭૦ના રોજ મળેલ સભાની નીચે જણાવ્યા મુજબની ભલામણો મંજૂર કરવા બાબત :

(૧) આરોગ્યકેન્દ્રની જૂની યોજના મુજબ સંલગ્ન કૉલેજોને ગ્રાન્ટ આપવાની પ્રથા ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) આરોગ્યકેન્દ્રની નવી યોજના મુજબ આરોગ્યકેન્દ્ર ખોલવાનું કામ હજુ પ્રાથમિક તબક્કામાં હોઈ તેમ જ નવાં આરોગ્યકેન્દ્ર અમલમાં મૂકવાની પ્રવૃત્તિને વેગ મળે તે આશયથી જે વિસંગતતા દેખાય છે તે નવાં આરોગ્યકેન્દ્રો શરૂ થતાં દૂર રહે એમ આ સમિતિ માને છે અને તેથી હાલના તબક્કે નવી યોજનામાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી જણાતી અને નવાં આરોગ્યકેન્દ્ર વધુ શરૂ થાય તે દિશામાં પ્રયત્ન કરવાની સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી.

૧૧૦. ફાઇનાન્સ સમિતિની તા. ૧૦-૪-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયાનો તા. ૧૪-૨-૧૯૭૦ તથા બેંક ઑફ ઇન્ડિયાનો તા. ૯-૧૧-૧૯૭૦નો પત્ર, એ બંને પત્રો સભા સમક્ષ મૂકવામાં આવ્યા હતા. તે પર લંબાણપૂર્વક વિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી કાર્યાલયમાં સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયાની શાખા ખોલવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે આ અંગે મકાન વગેરેની સગવડ આપવા માટે જરૂરી પગલાં લેવા કુલપતિશ્રીને સત્તા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૧૧. પૂના મુકામે એપ્રિલ ૧૦થી ૧૨, ૧૯૭૦ના રોજ થનાર First National Congress of Human Geneticsના પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. સી. મંકોડીને મોકલ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૧૨. નીચેની કૉલેજો તરફથી તેમનાં નામ સામે દર્શાવેલ વિષયમાં જૂન ૧૯૭૦થી અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે આવેલ અરજીઓ પર સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૩-૧૯૭૦ની સભામાં જે સભ્યોની સમિતિ સ્થાનિક તપાસાર્થે નીમી હતી તે પૈકી જે સભ્યોએ સંજોગોવશાત્ હાલ તપાસાર્થે જવા માટે અશક્તિ દર્શાવી હોવાથી તેમને બદલે જે સભ્યની નિમણૂક કુલપતિશ્રીએ કરી છે તે કાર્યની નોંધ લેવા બાબત.

ક્રમાંક	કૉલેજ/સંસ્થાનું નામ	વિષય	અગાઉના સભ્ય જેમણે અશક્તિ દર્શાવી છે તે	કુલપતિશ્રીએ જે સભ્યની નિમણૂક કરી તે
૧.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મોડાસા તથા પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	ઇતિહાસ અર્થશાસ્ત્ર જૂથ "એ" અને "સી"	શ્રી. જે. એલ. ધોળકિયા	શ્રી. ટી. એમ મિસ્ત્રી
૨.	આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાટણ	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	શ્રી. જે. જે. ત્રિવેદી	ડૉ. એન. એમ. શાહ (તેઓ ન જઈ શકે તો ડૉ. વી. એમ. ડાંકાર)

ક્રમાંક	કૉલેજ સંસ્થાનું નામ	વિષય	અગાઉના સભ્ય જેમણે અશક્તિ દર્શાવી છે તે	કુલપતિશ્રીએ જે સભ્યની નિમણૂક કરી તે
૩.	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, મહેસાણા તથા સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા	એજ્યુકેશન	ડૉ. કે. જી. દેસાઈ	શ્રી. ડી. એ. ઘાંચી

નીચેની બાબત સભાગૃહની સંમતિથી તેની વિચારણા માટે રજૂ કરવામાં આવી.

૧૧૩. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ અને ગુજરાતીના પ્રોફેસર ડૉ. ઉમાશંકર જોશીના રાજીનામા અંગેના તા. ૧૨-૪-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

૧. ગુજરાતીના પ્રાધ્યાપક અને ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ તરીકેનું ડૉ. ઉમાશંકર જોશીનું રાજીનામું તા. ૧-૪-૧૯૭૦થી મંજૂર કરવું;

૨. ભાષા-સાહિત્ય ભવનના કાર્યકારી અધ્યક્ષ તરીકે પ્રો. કે. આર. ચન્દ્રશેખરનની નિમણૂક તાત્કાલિક અમલમાં આવે તે રીતે કરવી;

૩. આ યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનની સ્થાપના છેક જૂન ૧૯૫૪થી થઈ ત્યારથી તેના અધ્યક્ષ અને ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે ડૉ. ઉમાશંકર જોશીએ પોતાની ઉત્તમોત્તમ શક્તિઓ ખર્ચીને તે ભવનને અનેક ભાષાઓના શિક્ષણ અને સંશોધનના વિદ્યાભવન તરીકે વિકસાવવામાં જે સુંદર ફાળો આપ્યો છે તેની તથા કુલપતિપદે નિયુક્ત થયા પછી પોતાની સેવાઓ ત્રણ વર્ષ ઉપરાંતના સમય માટે માનાર્હ ધોરણે આપી છે તેની સિન્ડિકેટની આ સભા કૃતજ્ઞતાપૂર્વક કદર કરે છે, અને વિદ્યાસમાજના તેમ જ જનતાના હિતનાં અનેક કાર્યો તેમના હાથે થતાં રહે એવી શુભકામના વ્યક્ત કરે છે, અને

૪. ડૉ. ઉમાશંકર જોશીએ તા. ૨૧-૬-૧૯૫૪થી તા. ૩૧મી માર્ચ ૧૯૭૦ સુધી કરેલી યુનિવર્સિટીની સેવાઓ (તા. ૩૦મી નવેંબર ૧૯૬૬થી ૩૧મી માર્ચ ૧૯૭૦ સુધીની માનાર્હ ધોરણે આપેલી સેવાઓ સહિત) લક્ષમાં લઈને તેઓશ્રીને તેમના પ્રોવિડન્ટ ફંડની રકમ (યુનિવર્સિટીના પૂરેપૂરા ફાળા સહિત) અને ગ્રેચ્યુઈટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

[નોંધ.—ગ્રેચ્યુઇટીની બાબતમાં તેઓશ્રીનો છેલ્લો પગાર રૂ. ૧,૩૬૦ તા. ૨૯મી નવેંબર ૧૯૬૬ના રોજ હતો અને તા. ૩૧-૩-૧૯૭૦ના તેઓશ્રીનો પગાર વૈચારિક રીતે (Notionally) રૂ. ૧,૫૪૦ થાય તે જોતાં તેઓશ્રીને ૫૦૬૨ વર્ષની સેવાઓ બદલ, સ્ટે. ૧૯૩--એ હેઠળ વધુમાં વધુ રકમ રૂ. ૧૫,૦૦૦ની મર્યાદા નિયત કરેલી હોઈ, રૂ. ૧૫,૦૦૦ આપવાના થશે તેની સ્પષ્ટતા પણ સભાગૃહમાં કરવામાં આવી હતી.]

૧૧૪. એપ્રિલ ૧૯૭૦ માં અમદાવાદ કેન્દ્ર પર લેવાનાર પ્રથમ, દ્વિતીય અને તૃતીય એમ.બી.,બી.એસ.ના જુદા જુદા વિષયોની પ્રાયોગિક પરીક્ષાઓ નીચે જણાવ્યા મુજબની કૉલેજોમાં લેવા અંગેની ગોઠવણ મંજૂર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

પરીક્ષાનું નામ	વિષય	પરીક્ષાનું સ્થળ
પ્રથમ એમ.બી.,બી.એસ.	એનેટોમી. ફિઝિયોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
,,	ફિઝિયોલોજી	મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ
દ્વિતીય એમ.બી.,બી.એસ.	પેથોલોજી, ફાર્મેકોલોજી	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ
,,	ફોરેન્સિક મેડિસિન	મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ
તૃતીય (ફાઈનલ) એમ.બી.,બી.એસ.	મેડિસિન, સર્જરી મિડવાઈફરી અને ગાયનેકોલોજી	મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

નં. સિ./૮૪૮૫/૧૯૭૦.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા,
અમદાવાદ--૯.
તા. ૨૨–૫–૧૯૭૦.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૮

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૭-૩-૧૯૭૦ના રોજ ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧.	શ્રા. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩.	શ્રી. મણિશંકર પી. પંડ્યા	ગેરહાજર
૪.	આચાર્ય વી. આર. રણદીવે	હાજર
૫.	ડૉ. જયંત બી. હરિભક્તિ	હાજર
૬.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર
૭.	શ્રા. કં. ચં. પરીખ, કુલસચિવશ્રી	હાજર.

૧. તા. ૩-૧-૧૯૭૦ની સમિતિની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૩-૧-૧૯૭૦ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. સિન્ડિકેટે તેની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભામાં મંજૂર કરેલા એડવાન્સ લીવ અંગેના નિયમોમાં કંઈ નિયંત્રણ કરવાની જરૂર છે કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સિન્ડિકેટે તેની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભામાં ક્રમાંક ૭૫થી એડવાન્સ રજાઓ અંગેના નિયમો મંજૂર કર્યા છે તેમાં, તે નીચે મુજબ વંચાય તે રીતે સુધારો કરવો :

૧. **હકરજા**

જે કોઈ કર્મચારીને પરીક્ષા આપવાની હોય અને નિયમ પ્રમાણે રજા ઉપર રહેવાનું આવશ્યક હોય તો **નીચે જણાવેલી મર્યાદાને આધીન રહીને** વધુમાં વધુ ૯૦ દિવસ સુધીની હકરજા જે તે અધિકારીને યોગ્ય લાગે તો તે રજા અગાઉની રજા (Advance Leave) તરીકે મંજૂર કરી શકશે.

(**નોંધ.**—આ રજા હકપૂર્વક માગી શકાશે નહીં તેની સ્પષ્ટતા કરવામાં આવે છે.)

(બ) ઉપર (અ) પ્રમાણે મંજૂર કરેલી રજા તે પછીની નોકરી સામે એડજસ્ટ કરવામાં આવશે, પરંતુ જો કોઈ કર્મચારી તે અગાઉ નોકરી છોડી દેશે તો તેની હક-

રજા જમા હોય તે બાદ કરીને બાકીના દિવસો માટેનું તેનું વેતન તેની પાસેથી વસૂલ લેવામાં આવશે.

(ક) રજા દરમ્યાન યુનિવર્સિટીમાં તે વખતનાં પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે પગાર આપવામાં આવશે.

વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કાયમી થયેલા કર્મચારીને પણ **જો** તેની પાસે માંદગીની રજા જમા ન હોય તો નીચેના નિયમો પ્રમાણે અગાઉથી (in advance) રજા યોગ્ય કેસોમાં મંજૂર કરી શકાશે.

૨. માંદગીની રજા

(ક) જો કોઈ કર્મચારી માંદો હોય, પરંતુ તેની પાસે માંદગીની રજા જમા હોય નહિ તો **નીચે જણાવેલ મર્યાદાને આધીન રહીને** વધુમાં વધુ ૯૦ દિવસ સુધીની પૂરા પગારની કે ૧૮૦ દિવસની અડધા પગારની રજા જે તે અધિકારીને યોગ્ય લાગે તો તેઓ અગાઉની રજા (Advance Leave) તરીકે મંજૂર કરી શકશે.

(નોંધ.—આ રજા પણ હકપૂર્વક માગી શકાશે નહિ તેની સ્પષ્ટતા કરવામાં આવે છે.)

(ખ) આ પ્રમાણે મંજૂર કરેલી રજા તે પછીની નોકરી સાથે એડજસ્ટ કરવામાં આવશે; પરંતુ જો કોઈ કર્મચારી તે અગાઉ નોકરી છોડી દેશે તો તે અંગેની રકમ તેની પાસેથી વસૂલ લેવામાં આવશે.

(ગ) રજા દરમિયાન યુનિવર્સિટીનાં તે વખતનાં પ્રવર્તમાન ધારાધોરણ પ્રમાણે પગાર આપવામાં આવશે.

(ઘ) માંદગીની રજા અગાઉથી (in advance) મંજૂર કરવા બાબતના આ પેટાનિયમોનો અમલ તા. ૧-૭-૧૯૬૮થી કરવાનું રાખવું.

[**નોંધ.**—હક અને માંદગીની એડવાન્સ રજાઓની મર્યાદા નીચે પ્રમાણે રહેશે :

	એડવાન્સ રજા કેટલી મળી શકે ? (હકરજા તથા માંદગીની રજા બંને ભેગી મળીને)
૧. જે કર્મચારીએ પૂરાં બે વર્ષની નોકરી કરી હોય તેને	...૩૦ દિવસ સુધીની
૨. કર્મચારીએ બે વર્ષ બાદ કરેલી નોકરી માટે વધારાના પ્રત્યેક પૂરા વર્ષ દીઠ	...૧૫ દિવસ સુધીની.

]

(નોંધ.—અંશતઃ વર્ષ આ પ્રકારની એડવાન્સ રજાના હેતુ માટે ગણતરીમાં લેવાશે નહીં.)

૩. ડી.પી.ઈ. વિભાગમાં એક નાયકની જગ્યા ઊભી કરવા અંગે શ્રી. ડી.પી.ઈ.ની તા. ૧૯-૧૨-૧૯૬૯ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ડી.પી.ઈ. વિભાગમાં એક નાયકની જગ્યા ઊભી કરવા અંગે શ્રી. ડી.પી.ઈ.ની તા. ૧૯–૧૨–૧૯૬૯નો પ્રસ્તાવ મંજૂર કરવો નહિ.

૪. સિન્ડિકેટે તા. ૧૦/૧૧–૧–૧૯૭૦ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે એન.એસ.સી. આસિસ્ટન્ટ એડમિનિસ્ટ્રેટરની જગ્યા માટેની ઓછામાં ઓછી લાયકાતના ધોરણ પર પુનર્વિચારણા કરીને પોતાની ભલામણ રજૂ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું.

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સિન્ડિકેટે તેની તા. ૬–૭–૧૯૬૯ની સભામાં ક્રમાંક ૩૨થી એન.એસ.સી. આસિસ્ટન્ટ એડમિનિસ્ટ્રેટરની જગ્યા માટે લાયકાતનું ધોરણ નક્કી કર્યું છે તેમાં નીચે મુજબ વંચાય તે રીતે સુધારો કરવો :

(*i*) A Post-graduate degree in Second Class and have three years' experience of teaching and/or organisation of students' activities and/or social work and/or sports organisation work.

or

(*ii*) A Post-graduate degree (including Physical education) in Pass Class and 5 years' experience of teaching and/or organisation of students activities and/or social work and/or sports and games organisation work.

(*iii*) Nothwithstanding anything contained above, it will be competent for the Syndicate to relax educational qualifications in the case of candidates having outstanding experience in this field.

૫. યુનિવર્સિટી કાર્યાલયનાં વિવિધ કામકાજને માટે બહાર જવા માટે યાંત્રિક વાહન આપવા અંગે પ્યૂન-કમ-એટેન્ડેન્ટ શ્રી. જે. આર. ચાવડાની તા. ૨૧–૨–૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય માટે મશીન સાથેની એક સાઇકલ ખરીદવાનું મંજૂર કરવું.

તે પછીની નીચેની બાબતો પ્રમુખશ્રીની પરવાનગીથી સભા સમક્ષ રજૂ કરવામાં આવી :

૬. ચીફ મેડિકલ ઑફિસરની ખાલી જગ્યા પૂરવા બાબત.

આ અંગે કેટલીક ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે આ બાબત વધુ વિચારણા માટે મુલતવી રાખવી.

૭. રાષ્ટ્રીય સેવા યોજનાની કામગીરી અંગે ડી.પી.ઈ. શ્રી. વી. પી. મહેતાને "સ્કૂટર એલાવન્સ" આપવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે રાષ્ટ્રીય સેવા યોજનાનું કામકાજ તેમની દેખરેખ હેઠળ થતું હોઈ ડી.પી.ઈ. શ્રી. વી. પી. મહેતાને તે અંગેના કામકાજ માટે જવું-આવવું પડે તે માટે તેઓને માસિક રૂ. ૫૫-૦૦ લેખે સ્કૂટર એલાવન્સ હંગામી ધોરણે આપવું અને આ ખર્ચ તે અંગેની ગ્રાન્ટમાંથી પાડવું.

૮. કુલપતિશ્રીના અંગત મદદનીશની ખાલી જગ્યા પૂરવા બાબત.

કુલપાતશ્રીના અંગત મદદનીશના કામકાજની જવાબદારી જોતાં તે જગ્યા પર ઓછામાં ઓછું મદદનીશ કુલસચિવના પદ જેવું પદ ધરાવતી વ્યક્તિને મૂકવી યોગ્ય થશે એમ આ સમિતિનું મંતવ્ય છે, અને તેથી સિન્ડિકેટને ભલામણ કરે છે કે કુલપતિશ્રીના અંગત મદદનીશની હાલની જગ્યા રદ કરીને કાર્યાલયમાં મદદનીશ કુલસચિવના જે ત્રણ જગ્યાઓ છે તે પૈકીની એક જગ્યા કુલસચિવશ્રીના કાર્યાલયમાંથી ઓછી કરીને એક મદદનીશ કુલસચિવની સેવાઓ કુલપતિશ્રીને આપવી અને કુલપતિશ્રીના અંગત મદદનીશનું કામ કરવા માટે તે મદદનીશ કુલસચિવને માસિક રૂ. ૭૫ નું ભથ્થું (અંગત ભથ્થું) આપવું.

ત્યાર બાદ સભા પૂરી થઈ હતી.

ભૂ. મ. પટેલ,
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧૬

ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલ તપાસી સિન્ડિકેટને ભલામણ કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની આ સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૩–૩–૧૯૭૦ના રોજ ૩–૩૦ વાગ્યે કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીના પ્રમુખસ્થાને નીચેનાં કામો પર વિચારણા કરવા માટે મળેલી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૩. શ્રી. આઈ. એ. મેઢી	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૫. આચાર્ય વી. આર. રણદીવે	ગેરહાજર.

૧. તા. ૨૦–૨–૧૯૬૯ના રોજ મળેલી ત્રિવાર્ષિક તપાસસમિતિની સભાના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત.

તા. ૨૦–૨–૧૯૬૯ના રોજ મળેલી ત્રિવાર્ષિક તપાસસમિતિની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તેના પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. નીચે દર્શાવેલ કૉલેજો તથા માન્ય સંસ્થાના ત્રિવાર્ષિક તપાસસમિતિના આવેલા અહેવાલો અને તે અંગે જે તે કૉલેજના આચાર્યો / અધ્યક્ષો તરફથી જે નોંધ આવી હોય તે પર વિચારણા કરવા બાબત :

૧. ગુજરાત કૉલેજ, અમદાવાદ
૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ
૪. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૫. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૬. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ
૭. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ
૮. બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ.

સદરહુ બાબત અંગે વિચારણા થયા બાદ ઠરાવવામાં આવ્યું કે સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરવી :

૧. ગુજરાત કૉલેજ, અમદાવાદ

(ક) સરકારી કૉલેજના અધ્યાપકવર્ગની ફેરબદલી વર્ષની અધવચ્ચે થાય છે અને તેથી વિદ્યાર્થીઓના અભ્યાસ પર તેની પ્રતિકૂળ અસર થાય છે તે અંગે શિક્ષણનિયામકશ્રીનું ધ્યાન ખેંચવું.

(ખ) શિક્ષકની નિમણૂક થયા પછી એક વર્ષ પૂરું કર્યા બાદ કોઈ પણ વ્યાખ્યાતા કે અધ્યાપક-વર્ગને પગારવધારો અપાતો નથી તે અંગે આચાર્યશ્રીનું વક્તવ્ય મંગાવવું.

(ગ) કૉલેજમાં શીખવાતા મુખ્ય વિષયો માટે અત્યાર સુધીમાં કેટકેટલો ખર્ચ કરવામાં આવ્યો છે તેની માહિતી મંગાવવી.

૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ

(ક) અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી અને અર્થશાસ્ત્રના માન્ય અનુસ્નાતક શિક્ષકોને યુનિવર્સિટીએ નિયત કરેલ વ્યાખ્યાનો કરતાં વધુ સંખ્યામાં વ્યાખ્યાનો સોંપેલ તે બદલ ઠપકો આપવો.

(ખ) સંસ્કૃતના એક વ્યાખ્યાતા પરદેશ ગયા હોઈ તેમની જગ્યાએ બીજા વ્યાખ્યાતાની નિમણૂક કર્યા વગર શિક્ષણકાર્ય ચલાવવા બદલ ઠપકો આપવો.

(ગ) હાલના વ્યાયામશિક્ષક યોગ્ય લાયકાત ધરાવતા ન હોઈ અન્ય લાયકાત ધરાવતા વ્યાયામ-શિક્ષક નીમવા જણાવવું.

(ઘ) સમાજશાસ્ત્રના ટ્યૂટર તરીકે કામ કરતાં કુ. ગીરા એન. શાહ, એમ.એ. પાસ હોઈ તેમને અનુસ્નાતક શિક્ષકને મળતો પગાર પશ્ચાદ્‌વર્તી આપવા જણાવવું.

૩. એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ

સદરહુ અહેવાલની નોંધ લેવી.

૪. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

સદરહુ અહેવાલમાં સૂચવ્યા મુજબ કૉલેજમાં થોડા વધુ મોટા ખંડોની જોગવાઈ કરવા માટ ભલામણ કરવી.

૫. એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ

સદરહુ અહેવાલની નોંધ લેવી.

૬. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ

સદરહુ અહેવાલની નોંધ લેવી.

૭. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ

(ક) સિવિલ એન્જિનિયરિંગ વિભાગમાં ખાલી રહેલ એક વ્યાખ્યાતા અને ડેમોન્સ્ટ્રેટર તથા ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ વિભાગમાં ખાલી રહેલ એક વ્યાખ્યાતા અને એક ડેમોન્સ્ટ્રેટરની નિમણૂકો તાકીદે કરવા જણાવવું.

(ખ) કૉલેજ માટે ભારત સરકાર તરફથી મળતી સહાયનો વેળાસર અને પૂરેપૂરો ઉપયોગ કરવા જણાવવું.

૮. બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ

બી. જે. ઈન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદનો સદરહુ અહેવાલ આવેથી ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. એસ. વોરા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૨૦

નોકરી કરતાં કરતાં અભ્યાસ કરી ખોટી હાજરી પુરાવ્યા બાબતની ફરિયાદ અંગેના કેસો પર વિચારણા કરી રિપોર્ટ કરવા અંગે તા. ૪/૫-૧-૧૯૬૯ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ નીમેલ સમિતિના એક સભા તા. ૧૪-૨-૧૯૭૦ ને શનિવારના રોજ બપોરના ૨-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. આર. જી. શાસ્ત્રી	હાજર
૨. શ્રી. કે. એન. શાહ	હાજર
૩. શ્રી. એમ. સી. શાહ	હાજર.

સભાનું પ્રમુખસ્થાન શ્રી. આર. જી. શાસ્ત્રીએ સંભાળ્યું હતું.

૧. સદરહુ સમિતિની તા. ૧૯-૧-૧૯૭૦ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી.

૨. દ્વારકા સિમેન્ટ ફેક્ટરીમાં નોકરી કરતાં કરતાં શ્રી. માધવલાલ મોહનલાલ શાહે તે જ સમય દરમિયાન દ્વારકાથી ૫૯૦ કિલોમીટર દૂર આવેલ નડિયાદની સોનાવાલા લૉ કૉલેજમાં સેકન્ડ એલએલ.બી.ના વર્ગમાં સને ૧૯૬૮-૬૯ના વર્ષ દરમિયાન અભ્યાસ કરતા હતા, અને તે રીતે નોકરી અને અભ્યાસ એકસાથે કરી કોલેજમાં ખોટી રીતે હાજરી પુરાવી હતી તે અંગેની આવેલી અરજી પર કૉલેજના આચાર્યશ્રી તથા વિદ્યાર્થી તરફથી આવેલ જવાબો અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ કેસના તમામ કાગળો તેમ જ શ્રી. માધવલાલ મોહનલાલના તા. ૨૧-૭-૧૯૬૯ તથા તા. ૨૫-૭-૧૯૬૯ના પત્રો વાચનમાં લેતાં તેમ જ શ્રી. માધવલાલ શાહે તા. ૧૪-૨-૧૯૭૦ની સભા સમક્ષ રજૂ કરેલ લેખિત ખુલાસો ધ્યાનમાં લેતાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

શ્રી. માધવલાલ મોહનલાલ શાહનું એપ્રિલ ૧૯૬૯માં લેવાયેલ સેકન્ડ એલએલ.બી. (જૂનો કોર્સ) પરીક્ષાનું (બેઠક નં. ૭૯૭નું) પરિણામ રદ કરવું.

(સમિતિનો આ અંગેનો રિપોર્ટ સામેલ છે.)

નં. ૩ અને નં. ૪ બાબત અંગેની વિચારણા સમયના અભાવે મોકૂફ રહી.

આનગી

શ્રી. માધવલાલ મોહનલાલ શાહ અંગેનો સમિતિનો રિપોર્ટ

શ્રી. માધવલાલ મોહનલાલ શાહ, જેઓ નડિયાદથી લગભગ ૫૯૦ કિલોમીટર દૂર આવેલ દ્વારકામાં આવેલ સિમેન્ટ ફેક્ટરીમાં નોકરી કરતાં કરતાં નડિયાદમાં આવેલી સોનાવાલા લૉ કૉલેજમાં સેકન્ડ એલએલ.બી.ના વર્ગોમાં ખોટી રીતે હાજરી પુરાવી ભરેલાં સત્રો અંગે તપાસ કરતાં તે અંગેના તમામ કાગળો તથા શ્રી. માધવલાલ મોહનલાલ શાહે કરેલા તમામ ખુલાસાઓ ધ્યાનમાં લેતાં શ્રી. માધવલાલ શાહે દ્વારકામાં નોકરી કરતાં કરતાં નડિયાદની કૉલેજના સમય દરમિયાન ૧૯૬૮-૬૯માં સેકન્ડ એલએલ.બી.ના વર્ગમાં પોતે હાજરી આપી હોય તે સંભવિત નથી. તેમણે સમિતિ સમક્ષ રૂબરૂ કરેલો ખુલાસો પણ આ વસ્તુને સમર્થન કરે છે.

આથી સમિતિ એ અભિપ્રાય પર આવે છે કે શ્રી. માધવલાલ મોહનલાલ શાહે નડિયાદની સોનાવાલા લૉ કૉલેજમાં ૧૯૬૮-૬૯માં રાખેલ સેકન્ડ એલએલ.બી.ના વર્ગમાં બે સત્રો દરમિયાન જાતે પૂરતી હાજરી આપી શકયા નથી, તેમના માટે તે શકય પણ નહોતું. આથી તેમનાં સેકન્ડ એલએલ.બી.નાં સત્રો માન્ય કરી શકાય નહિ. આથી આ સમિતિ તેમનું સેકન્ડ એલએલ.બી. એપ્રિલ ૧૯૬૯નું જાહેર થયેલું પરિણામ રદ કરવા સિન્ડિકેટને ભલામણ કરે છે.

પરિશિષ્ટ "ઘ"
કાર્યકાજ ક્રમાંક ૩૯

An Agreement made the day of 197 between Shri Jethalal Goverdhandas Shah, residing at Ahmedabad, hereinafter called the Lecturer (which expression shall unless excluded by or repugnant to the context be deemed to include his heirs, successors, assigns, executors, administrators, representatives, etc.) and the Registrar, Gujarat University, Ahmedabad, hereinafter called "Publisher" (which expression shall unless excluded by or repugnant to the context be deemed to include the Gujarat University).

Whereas :

1. The Lecturer has agreed to deliver seven lectures on the dates and place mutually agreeable entitled Lectures on "શ્રી. વલ્લભાચાર્યના શુદ્ધાદ્વૈતમાં બ્રહ્મવાદ અને પુષ્ટિભક્તિતત્ત્વનું સ્વરૂપ" in the Gujarati language and as such, he is the owner of the copyright;
2. In order to avoid all manner of doubts and difficulties, it has been agreed by the Lecturer that he will sell, transfer and assign all his copyright in the above lectures for publication in language including all editions, abridgements, booklets, etc., to the Publisher absolutely at or for Rs.

Now it is Hereby Agreed as Follows :

1. In consideration of the above amount to be paid to the Lecturer by the Publisher, the Lecturer hereby grants, transfers, and assigns to the Publisher absolutely all that the copyright in the above mentioned work in and outside the Republic of India for the period of copyright therein and also all and singular the benefit and privileges and advantages there, and all the right, title, interest, claim and demand whatsoever of the Lecturer to in or upon the same.
2. The Publisher shall pay to the Lecturer as under :
   Conditions : The Lecturer shall be paid an honorarium of Rs.

3. The Publisher shall not, during the lifetime of the Lecturer, make alteration, subtraction, addition, abridgement or variation in the above work without first obtaining the consent of the Lecturer.
4. The Lecturer shall be entitled to receive 10(ten) presentation copies of the book from the Publisher on its publication. He shall also be given on demand 5 (five) presentation copies of the Second and subsequent editions and only two copies of reprints, abridgements and booklets of the book by the publisher after publication.
5. The Lecturer warrants that he is the owner of the copyright in the said work, and that he has not made any assignment of a granted any license in respect of any of the rights in the said work comprised in this **Agreement.**
6. The Lecturer shall keep the Publisher indemnified against all actions, proceedings or demands made against the Publisher by reason of anything contained in the said work constituting an infringement of copyright or being defamatory, and against all costs, damages, or expenses in respect of any such action, proceeding or demand.
7. The full copyright over the said work shall henceforth be held, used and enjoyed by the Publisher without any interruption, interference, claim or demand whatever by or from the Lecturer or any other person.
8. For all purposes, the Jurisdiction will be of Ahmedabad.

In witness whereof the above named parties have set their hands hereto the day and year First above written.

Witnesses :

1.
2.
3.

(*Signature of the Lecturer.*)

Witnesses :

1.
2.
3.

(*Signature of the Publisher.*)

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૪૪

તા. ૪-૩-૧૯૭૦ના રોજ મળેલ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની સભાની ભલામણો

૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૧-૮-૧૯૬૯ની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૩૧-૮-૧૯૬૯ના રોજ મળેલી ૫૨મી સભાની નોંધ સભાગૃહે મંજૂર કરી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. આ યુનિવર્સિટી સાથે જોડાયેલ કૉલેજો-સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકો તરફથી પીએચ.ડી. માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટે આવેલ નીચેના શિક્ષકોની અરજીઓ પરત્વે વિચારણા કરવા બાબત :

૧. શ્રી. જોશી લાલશંકર ડુંગરજી
૨. શ્રી. ઘોળકિયા જિતેન્દ્ર લાભશંકર
૩. શ્રી. ખત્રી અબ્દુલ એહમદ
૪. શ્રી. જયસ્વાલ મદનલાલ ચીમનલાલ
૫. શ્રી. શર્કે જગદીશ શ્રીધરરાવ
૬. ડૉ. એ. પી. ગુપ્તા
૭. ડૉ. ડી. એમ. ભાવસાર
૮. ડૉ. રાજધન હીરાલાલ
૯. ડૉ. ડી. ટી. લાકડાવાલા.

નોંધ.—આ બાબતની વિચારણા વખતે આર. એ. કૉલેજ ઑફ સાયન્સ અમદાવાદના આચાર્યશ્રી કે. એન. શાહનો તા. ૨-૩-૧૯૭૦નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.

આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે—

(૧) નીચે જણાવેલ શિક્ષકને તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા તા. ૧૪મી જૂન ૧૯૭૨ સુધી આપવી :

શિક્ષકનું નામ	વિષય	પદવી
ડૉ. ડી. ટી. લાકડાવાળા, બી.એ., એલએલ.બી., એમ.એ., પીએચ.ડી.	અર્થશાસ્ત્ર	પીએચ.ડી.

(૨) ડૉ. લાલશંકર ડુંગરજી જોશીના સંશોધન પત્રો ડેક્કન ઇન્સ્ટિટ્યૂટ, પૂનાના કોઈક વિદ્વાન, ડૉ. ભોગીલાલ સાંડેસરા, વડોદરા કે ડૉ. પ્રબોધભાઈ પંડિત—એ ત્રણમાંથી કુલપતિશ્રીને યોગ્ય લાગે તેમનો અભિપ્રાય શ્રી. જોશી માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટેની કક્ષાના છે કે કેમ તે બાબતમાં મેળવીને તે અભિપ્રાય આવ્યેથી આગામી આ સભાગૃહ સમક્ષ ફરીથી રજૂ કરવાનું રાખવું.

(૩) નીચેના શિક્ષકોની તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષકો તરીકે માન્યતા મેળવવા અંગેની અરજીઓ પરત્વે તેમના પ્રસિદ્ધ થયેલા સંશોધનપત્રો પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટેની ગુણવત્તા ધરાવે છે કે કેમ તે વિષે તેમનાં નામ સામે જણાવેલ નિષ્ણાતનો અભિપ્રાય મેળવી તેમની અરજીઓ પરત્વે ઘટતો નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી :

શિક્ષકનું નામ	વિષય	નિષ્ણાતનું નામ
૧. ડૉ. જયસ્વાલ એમ. સી.	આંકડાશાસ્ત્ર	શ્રીમતી ઇન્દીરાબહેન ભાનોટ, વડોદરા
૨. ડૉ. શીર્કે જગદીશ શ્રીધરરાવ	ભૌતિકવિજ્ઞાન	ડૉ. મેનન, ટાટા રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, મુંબઈ
૩. ડૉ. એ. પી. ગુપ્તા	કૃષિકેમિસ્ટ્રી	ડૉ. એચ. જી. પંડ્યા, નવસારી
૪. ડૉ. ભાવસાર ડી. એમ.	શિક્ષણશાસ્ત્ર	ડૉ. જે. કે. શુકલ
૫. ડૉ. રઝદન હીરાલાલ	ભૌતિકવિજ્ઞાન	ડૉ. મેનન, ટાટા રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, મુંબઈ.

(**નોંધ.**—શ્રી. જયસ્વાલને ઇકોનોમેટ્રિક્સ માટે માન્યતા આપવી નહિ.)

(૪) નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા, તેઓ નિયમાનુસાર પાત્રતા નહિ ધરાવતા હોવાથી આપવી નહિ, એમ સિન્ડિકેટને ભલામણ કરવી :

શિક્ષકનું નામ	વિષય
૧. શ્રી. ધોળકિયા જે. એલ., યુનિવર્સિટી સમાજવિદ્યા ભવન, અમદાવાદ-૯	અર્થશાસ્ત્ર
૨. શ્રી. ખત્રી એ. એ., બી.એમ. ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયકોલોજી, અમદાવાદ-૯	મનોવિજ્ઞાન.

૩. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના મનોવિજ્ઞાન વિષયના વ્યાખ્યાતા ડૉ. એ. એન. દેસાઈને મનોવિજ્ઞાન વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા આપવા

સંબંધી ડૉ. એ. યુ. વસાવડા, યુનિવર્સિટી ઑફ જોધપુર, જોધપુરના આવેલા અભિપ્રાય પરથી માન્યતા આપવાના પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ડૉ. વસાવડાનો અભિપ્રાય નીચે મુજબ છે :

"There is no published work of Dr. Desai sufficient for recognition except two papers which do so that he has the potentiality. He may be given an apportunity to guide and he may be confirmed only when some of his candidates registered earlier get Ph.D."

આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના વ્યાખ્યાતા ડૉ. એ. એન. દેસાઈને મનોવિજ્ઞાનના વિષયમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા તા. ૧૪મી જૂન, ૧૯૭૨ સુધી આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. બી.જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડીન ડૉ. ઈ.એમ. બેસ્ટે તેમની ફિઝિયોલોજી વિષયમાં પીએચ.ડી. માટે માર્ગદર્શક શિક્ષક તરીકે માન્યતા મેળવવા કરેલી તા. ૬-૧૨-૧૯૬૯ની અરજી પાછી ખેંચી લીધાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૫. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદના શિક્ષક શ્રી.ગુલાબભાઈ રતનજી દેસાઈની એમ.કૉમ, સ્ટેટિસ્ટિકસના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદના શિક્ષક શ્રી. ગુલાબભાઈ રતનજી દેસાઈને, વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષશ્રીનો અભિપ્રાય જોતાં એમ. કૉમ, આંકડાશાસ્ત્રના વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા તા. ૧૪ જૂન, ૧૯૭૨ સુધી ખાસ કેસ તરીકે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૩૧-૮-૧૯૬૯ની સભામાં "Qualifications of teachers for rocognition in the subject of Analytical chemistry and petrochemicals" અંગે વિચારણા કરવા માટે નીમેલ સમિતિની નોંધ તથા સદરહુ નોંધના સંદર્ભમાં ડૉ. ટી. એન. મહેતાએ જે સૂચનો કર્યાં છે તે પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સદરહુ નોંધ તથા ડૉ. મહેતાનાં સૂચનોની નકલ સામેલ છે.)

ઉપરોક્ત સમિતિના નોંધના સંદર્ભમાં ડૉ. ટી. એન. મહેતાએ કરેલ સૂચનો પર પણ વિચારણા કરવામાં આવી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત સમિતિની ભલામણો સ્વીકારવા તથા તે ભલામણોના આધારે જરૂરી પગલાં લેવા ઍકેડેમિક કાઉન્સિલ તથા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૧) ઑર્ડિ. ૬૫ (પી-૪) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

(4) To institute a centre of post-graduate teaching in any subject in an affiliated college or a recognised institution

in a zone, the following requirements shall have to be satisfied :

(*i*) The centre must fulfil the requirements in regard to the staff as prescribed in (1), (2) and (3) above together with necessary and sufficient library and laboratory facilities and equipments;

(*ii*) The centre shall have on its local staff at least two post-graduate teachers or at least one post-graduate teacher and two Assistants in the subject concerned. Additional recognised post-graduate teachers in their subjects may be pooled from the University area to make up the necessary staff required for full teaching of a subject in the post-graduate centre concerned.

Note.—(1) In the case of post-graduate centre in the subject comprised under the Faculty of Agriculture, one recognised post-graduate teacher and one Assistant to post-graduate teacher in the subject concerned shall be considered adequate.

(This rule will remain in force for a period of three years beginning from June 1966.)

Notwithstanding anything contained above for instituting a post-graduate centre in the subject of Chemistry, ***except in Group–'D' Analytical Chemistry and Group–'E' petro-Chemicals,*** two recognised post-graduate teachers in the branch, or one recognised post-graduate teacher and two Assistants to post-graduate teachers in the same branch or one recognised post-graduate teacher and one Assistant to post-graduate teacher in the same branch and one or more Assistant to post-graduate teacher in any other branch, shall be considered adequate.

For instituting a post-graduate centre in Group "D" Analytical Chemistry or Group "E" Petro-Chemicals, following shall be the minimum requirement of local teaching staff :

Group "D" Analytical Chemistry

One teacher with M.Sc. by papers in Analytical Chemistry,

or

having to his credit research work of recognised merit in Analytical Chemistry,

and

One teacher with M.Sc. by papers in Physical Chemistry,

or

Two Assistants to P. G. Teachers of whom one shall be M.Sc. with Physical Chemistry and the other with Inorganic or Organic Chemistry.

Group "E" Petro-Chemicals

At least three teachers shall constitute the minimum local staff for a post-graduate centre :

(1) A recognised post-graduate teacher or Assistant to a post-graduate teacher for Physical Chemistry;

(2) A Recognised post-graduate teacher or an Assistant to a post-graduate teacher for Organic Chemistry;

and

(3) A Chemical Engineer whose qualifications are approved by an expert committee.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. આર. પી. પટેલને એમ.એસસી. એનાલિટિકલ કેમિસ્ટ્રી વિષય શીખવવા માટે અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા નહિ આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે સમિતિની ભલામણ મુજબ ગ્રુપ "ડી"—એનાલિટિકલ કેમિસ્ટ્રી તથા ગ્રુપ "ઈ"—પેટ્રોકેમિકલ્સના પ્રેક્ટિકલનો વિગતવાર અભ્યાસક્રમ ઘડવા માટે રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિને જણાવવું.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક કેન્દ્રો માટે સ્થાનિક શિક્ષકગણ કોને કહેવો તેની વ્યાખ્યા આપવી. ઑા.ડ. ૬૫—પીને અંતે નીચેની નોંધ ઉમેરવા એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટને ભલામણ કરવી :

Note.— A teacher on the local staff of a college is one who is present in the college for at least four working days in a week and for at least four hours a day and is not on the pay roll of any other institution.

(This rule will not apply to the teachers in the Faculty of Medicine.)

૭. કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં એમ.એસ. (બ્રાન્ચ ૪) પદવી ઓપ્થેલ્મોલોજી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા માટે આવેલ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિ તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદમાં એમ.એસ. બ્રાંચ ૪ ઓપ્થેલ્મોલોજીનો વિષય શીખવવા માટે નીચેની શરતોનું પાલન કરવામાં આવે તે શરતે માર્ચ, ૧૯૭૦થી અનુસ્નાતક કેન્દ્ર સ્થાપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) ઓપ્થેલ્મોલોજીના શિક્ષણ માટે સંસ્થાએ એક નવું યુનિટ અહેવાલમાં જણાવ્યા મુજબ અને જણાવેલ સમયમાં કરવાનું રાખવું.

(૨) સમિતિના અહેવાલમાં જણાવ્યા મુજબ ડૉ. દુધિયાના ડેઝિગ્નેશન અંગે ઘટતું કરવું,

(૩) પ્રત્યેક વર્ષે ફક્ત બે જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો, અને

(૪) રૂ. ૧૦,૦૦૦ની કિંમતના જરૂરી જર્નલ્સના પાછળના અંકો સંસ્થા ખરીદે.

૮. ઑર્ડિ. ૬૫-કેની નોંધ અનુસાર બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ દ્વારા તેના કામકાજ માટે ગુલાબબાઈ જનરલ હૉસ્પિટલ, અમદાવાદને હાઉસપોસ્ટ માટે માન્ય કરવા અંગે તેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ દ્વારા તેના કામકાજને માટે ગુલાબબાઈ જનરલ હૉસ્પિટલ, અમદાવાદને હાઉસપોસ્ટ માટે માન્ય કરવા માટે તે સંસ્થામાં ઑર્ડ. ૬૫-કે.ની નોંધ મુજબ જરૂરી સગવડો વગેરે છે કે કેમ તે અંગે જરૂરી તપાસ કરી અહેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) ડૉ. મિસ એસ. સી. પંડ્યા

(૨) ડૉ. એમ. ડી. દેસાઈ

૯. અમદાવાદની (૧) શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, તથા (૨) બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં ડિપ્લોમા ઇન સાયકોલોજિકલ મેડિસિન (ડી.પી.એમ.)ના વિષયમાં ફેબ્રુઆરી ૧૯૭૦થી અનુસ્નાતક કેન્દ્ર આપવાની પરવાનગી આપવા માટે સિન્ડિકેટને ભલામણ કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૧૦. આર. કે. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદમાં જૂન ૧૯૬૯થી સ્થાપવામાં આવેલા ઑર્ગેનિક કેમિસ્ટ્રીના અનુસ્નાતક કેન્દ્ર તપાસસમિતિએ મૂકેલી શરતોનું પરિપાલન કર્યું છે કેમ તે અંગે કુલપતિશ્રીએ નીમેલી ડૉ. એ. એમ. ત્રિવેદીની બનેલી એક સભ્યની તપાસસમિતિએ આપેલા તપાસના અહેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર. કે. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદમાં સ્થાપવામાં આવેલા ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના તપાસસમિતિની ભલામણ સ્વીકારી જૂન ૧૯૭૦થી પાર્ટ ૨નો વર્ગ શરૂ કરવા માટે પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૧. શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી અને શ્રીમતી પૂનમચંદ કરમચંદ કોટાવાળા આર્ટ્સ કૉલેજ, પાટણમાં સ્થાપવામાં આવેલા ગણિત અને મનોવિજ્ઞાનના અનુસ્નાતક કેન્દ્રમાં ચાલુ સાલે વિદ્યાર્થીઓની સંખ્યા અનુક્રમે નવ અને ચારની જ છે, તો તે કૉલેજમાં સ્થાપવામાં આવેલાં કેન્દ્રોને ચાલુ રાખવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એમ. એન. સાયન્સ કૉલેજ એન્ડ શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજ, પાટણમાં સ્થાપવામાં આવેલા (૧) ગણિતશાસ્ત્ર, અને (૨) મનોવિજ્ઞાનનાં અનુસ્નાતક કેન્દ્રોમાં દરેકમાં જૂન ૧૯૭૦થી ઓછામાં ઓછા ૧૦ વિદ્યાર્થીઓ નોંધાય તો જ તે અનુસ્નાતક કેન્દ્રો ચાલુ રાખવા પરવાનગી આપવી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨. એલ. ડી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડોલોજી, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ પાલિ વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં અગાઉની સાલે અને ચાલુ સાલે કોઈ વિદ્યાર્થીઓ નોંધાયા નથી તો તે ચાલુ રાખવું કે કેમ તે અંગે તે બાબત ધ્યાનમાં લઈને ઘટતી વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કેન્દ્ર હાલ ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે મજકૂર સમિતિ તરફ ફેરવિચારણા માટે મોકલી હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા માટે ઑ.ડ. ૬૫–એફ.માં આપેલા કોઠામાં નીચેની જોગવાઈ ઉમેરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

Bachelor's Degree	*Master's Degree*	*Doctorate Degree*	*Teaching experience as a Lecturer in the subject*
I	—	and Ph.D.	Three years
II	—	and Ph.D.	Four years.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત યોગ્યતા ધરાવતા કોઈ શિક્ષકની અરજી આવે તો અને ત્યારે એવા કેસો પર વ્યક્તિગત રીતે વિચારીને તેના ગુણદોષ પર વિચારણા કરીને નિર્ણય લેવાનું રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૪. "અટિરા," અમદાવાદના માન્ય શિક્ષક ડૉ. એચ. આર. ચીપલકટ્ટી સંસ્થા છોડીને ગયા હોવાથી તેમની હેઠળ પીએચ.ડી. પદવી માટે નોંધાયેલ શ્રી. એસ. બી. પટેલને તે સંસ્થાના માન્ય શિક્ષક ડૉ. પી. સી. મહેતાના માર્ગદર્શન હેઠળ બાકીનું સંશોધનકાર્ય પૂરું કરી મહાનિબંધ રજૂ કરવા માટેકુલપતિશ્રીએ પરવાનગી આપ્યાના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૧૫. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના શિક્ષક શ્રી. ટી. એમ. મિસ્ત્રીને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ મૅનેજમેન્ટના ડૉ. ડી. કે. દેસાઈના માર્ગદર્શન હેઠળ એગ્રિકલ્ચરલ ઇકોનોમિક્સ

વિષયમાં ઑર્ડિ. ૩૨૪(એ), (બી) તથા (સી) અન્વયે પીએચ.ડી. પદવી માટે નોંધવાની કુલપતિશ્રીએ આપેલ મંજૂરીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૧૬. યુ. પી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈમાં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્રની ૧૯૬૮-૬૯ના વર્ષની બચત રૂ. ૫,૦૨૪ હતી તેમાંથી રૂ. ૫,૦૦૦ની કિંમતનાં નીચે જણાવ્યા પ્રમાણે સાધનો અને પુસ્તકો કેન્દ્રના ઉપયોગ માટે ખરીદવાની મંજૂરી માંગતા કૉલેજના આચાર્યના પત્ર પર વિચારણા કરવા બાબત :

ફિલિપ્સ પી. એચ. મીટર	રૂ.	૨,૮૦૦
ફિલિપ્સ કન્ડક્ટિવિટી બ્રિજ ટાઇપ મીટર	રૂ.	૧,૭૦૦
પુસ્તકો	રૂ.	૫૦૦
	રૂ.	૫,૦૦૦

આથી ઠરાવવામાં આવે છે કે યુ. પી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈમાં સ્થાપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રને વર્ષ ૧૯૬૮-૬૯ની તેની રૂ. ૫,૦૨૪ની બચતમાંથી રૂ. ૨,૨૦૦ની રકમ નીચે મુજબ ખર્ચવા માટે પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) ફિલિપ્સ કન્ડક્ટિવિટી બ્રિજ ટાઇપ મીટર	રૂ.	૧,૭૦૦
(૨) પુસ્તકો	રૂ.	૫૦૦
	રૂ.	૨,૨૦૦

૧૭. એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૮-૬૯ની રૂ. ૪,૯૦૦ની ટ્યૂશન ફીની રકમ પુસ્તકો ખરીદવા માટે વાપરવા પરવાનગી આપવાની આચાર્યની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૮-૬૯ની બચતની રકમ રૂ. ૪,૯૦૦ પુસ્તકો ખરીદવા માટે સદરહુ કેન્દ્રને વાપરવા માટે પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૮. મનોવિજ્ઞાન ભવનના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. પ્રભુના માર્ગદર્શન હેઠળ નોંધાયેલા શ્રી. અશ્વિની ભટ્ટને તેમનો પીએચ.ડી. પદવીનો મહાનિબંધ બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ અને સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ સીધો રજૂ કરવાની પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૧૯. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો-સંસ્થાઓમાં કામ કરતા સાથેના પરિશિષ્ટમાં જણાવેલ શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપ્યાના;

(૨) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો-સંસ્થાઓમાં કામ કરતા સાથેના પરિશિષ્ટમાં જણાવેલ શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ન આપ્યાના;

(૩) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો-સંસ્થાઓમાં કામ કરતા સાથેના પરિશિષ્ટમાં જણાવેલ શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપ્યાના;

(૪) આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો-સંસ્થાઓમાં કામ કરતા સાથેના પરિશિષ્ટમાં જણાવેલ શિક્ષકોની માન્ય અનુસ્નાતક શિક્ષક-મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા એક કૉલેજમાંથી બીજી કૉલેજમાં બદલી આપ્યાના.

(૫) નીચેના ૪ શિક્ષકો-મદદનીશ શિક્ષકોને (ઍડ-હૉક) માન્યતા જૂન ૧૯૭૦થી લંબાવી આપ્યાના;

ક્રમાંક	નામ	પદવી	વિષય	અનુસ્નાતક શિક્ષક/મદદનીશ
૧.	શ્રી. પંડિત ભૈચરદાસ દોશી	એમ.એ.	પાલિ	અનુસ્નાતક શિક્ષક
૨.	શ્રી. એસ. એસ. જુરિયાસિંધાની	એમ.એ.	સિંધી	મદદનીશ
૩.	શ્રી. વી. ડી. દવે	એમ.એસસી.	જિઓલોજી	,,
૪.	શ્રી. એન. જે. મહેતા	એલએલ.એમ.	બા. ૨ના વિષયો	,,

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૦. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્રની વર્ષ ૧૯૬૮-૬૯ની બચત રૂ. ૪૪,૦૧૪ માંથી રૂ. ૩,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની આચાર્યની માંગણી પરત્વે વિચારણા કરવા બાબત.

(સિન્ડિકેટે મંજૂર કર્યા મુજબ બચતના ૫૦ ટકા જેટલી જ રકમ પુસ્તકો માટે આપી શકાય, જેમાંથી રૂ. ૧૯,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી આપવામાં આવેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા એમ.કૉમ. પદવીના અનુસ્નાતક કેન્દ્રને તેની વર્ષ ૧૯૬૮-'૬૯ની રકમ કુલ રૂ. ૪૪,૦૧૪ બચતમાંથી વધુ રૂ. ૩,૦૦૦ની રકમ પુસ્તકો ખરીદવા માટે આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

આ કૉલેજને અગાઉ વર્ષ ૧૯૬૮-૬૯ની ઉપરોક્ત બચતમાંથી રૂ. ૧૯,૦૦૦ની રકમ પુસ્તકો ખરીદવા આપેલી છે.

૨૧. ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલ, અમદાવાદમાં એમ.ડી.એસ. ઓરલ પેથોલોજી ઍન્ડ બૅક્ટીરિયોલોજી વિષયમાં આપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્ર સ્થાનિક શિક્ષકગણના અભાવે બંધ પડેલ તે કેન્દ્રને બે વર્ષ માટે તદર્થ (ઍડ-હૉક) કેન્દ્ર તરીકે ચાલુ રાખવા બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તેની તા. ૨૯-૪-૧૯૬૮ની સભામાં ઠરાવ્યું હતું જે ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૭-૫-૧૯૬૮ની સભામા મંજૂર રાખી હતી. હવે તે કેન્દ્ર ચાલુ રાખવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે ગવર્નમેન્ટ ડેન્ટલ કૉલેજ ઍન્ડ હૉસ્પિટલ, અમદાવાદમાં ઑમ.ડી.ઍસ. પદવીના ઑરલ પેથૉલૉજી ઍન્ડ ઑક્ટીરિયૉલૉજી વિષયમાં સ્થાપવામાં આવેલ અનુસ્નાતક કેન્દ્ર તદર્થ (ઍડ-હૉક) ધોરણે વધુ એક વર્ષ ચાલુ રાખવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે આ દરમ્યાન આ કેન્દ્રને આ વિદ્યાશાખાની વિશિષ્ટ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી કયા ધોરણે માન્યતા જોઈએ છે તે અંગે રજૂઆત કરવા ઉપરોક્ત કૉલેજના ડીનને રજૂઆત કરવા જણાવવું.

૨૨. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇન્ડૉલૉજી, દ્વારકાના પીએચ.ડી. માર્ગદર્શક શિક્ષક તરીકે માન્ય થયેલા ડૉ. ટી. એન. દવેના માર્ગદર્શન હેઠળ ગુજરાતી વિષયમાં પીએચ.ડી. પદવી માટે નોંધાયેલા શ્રી. એન. જે. શુક્લની, ડૉ. દવે હવે નિવૃત્ત થયેલા હોઈ આ યુનિવર્સિટીના શિક્ષક તરીકે ચાલુ રહેતા નહિ હોવાથી પોતાનું સંશોધનકાર્ય તેમના માર્ગદર્શન નીચે પૂરું કરી તેમની મારફતે મહાનિબંધ રજૂ કરવા દેવા પરવાનગી માગતી અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. જે. શુક્લને તેમનું પીએચ.ડી. પદવીનું અધૂરું રહેલું સંશોધનકાર્ય ડૉ. ટી. એન. દવેના માર્ગદર્શન હેઠળ પૂરું કરી તેમનો મહાનિબંધ તેમની મારફતે રજૂ કરવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨૩. માન્ય અનુસ્નાતક શિક્ષક તથા માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતાની મુદત તથા જે તે વિષય અને પદવીના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન ચાર્જના હોદ્દાની મુદત તા. ૧૪-૬-૧૯૭૦ના રોજ પૂરી થતી હોવાથી તેમની મુદત લંબાવી આપવાના પ્રશ્ન પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—૧. ઍા.ડ. ૬૫-એ(૧) પ્રમાણે શિક્ષક/મદદનીશ શિક્ષકની માન્યતાની મુદતનો સમય પાંચ વર્ષનો છે.

૨. અનુસ્નાતક નિયમ નં. ૨૩(ડી) અનુસાર પ્રોફેસર ઇન ચાર્જના હોદ્દાની મુદતનો સમય ચાર વર્ષનો હોય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકને જેઓની જે તે વિષય અને પદવી માટે અનુસ્નાતક શિક્ષક/માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતાની મુદત તા. ૧૪ જૂન ૧૯૭૦ના રોજ પૂરી થાય છે, તેમની તથા જે તે વિષય અને પદવીનાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન ચાર્જના હોદ્દાની મુદત જે તા. ૧૪ જૂન ૧૯૭૦ના રોજ પૂરી થાય છે તેમની મુદત વધુ બે વર્ષ એટલે કે તા. ૧૪ જૂન ૧૯૭૨ સુધીના સમય માટે લંબાવી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

[જેમની મુદત લંબાવી આપવા ભલામણ કરવામાં આવી છે તે માન્ય અનુસ્નાતક શિક્ષક અને મદદનીશ શિક્ષકો તથા જે તે પદવી અને વિષયનાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન ચાર્જની યાદી આ સાથે સામેલ છે.]

પ્રમુખશ્રીની મંજૂરીથી નીચેની બાબત મંજૂર કરવામાં આવી હતી.

૨૪. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદના આચાર્યશ્રી તરફથી તેમની સંસ્થામાં સ્થાપવામાં આવેલા એમ.એસસી. જિયોલોજી વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે રૂ. ૧,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવા માટેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદમાં ઑડ-હોક ધોરણે સ્થાપવામાં આવેલા એમ.એસસી. પદવી જિયોલોજી વિષયના ઑડ-હોક અનુસ્નાતક કેન્દ્રને માટે રૂ. ૧,૦૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવા માટે આર્થિક સહાય આપવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

બાબત ક્રમાંક ૧૯(૧)નું બિડાણ

કુલપતિશ્રીએ નીચેના શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપી તેની યાદી :

ક્રમાંક	શિક્ષકનું નામ	પદવી	વિષય	કૉલેજ-સંસ્થાનું નામ
૧.	શ્રી. આર. બી. દવે, એમ.એ.,પીએચ.ડી.	એમ.એ.	ગુજરાતી	એસ. ડી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માણસા
૩૨. આ સમિતિની તા. ૧૨-૬-૧૯૬૯ની સભાના નીચેના ઠરાવને અનુલક્ષીને સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હી તરફથી લેવામાં આવતી 'ઑલ-ઇન્ડિયા હાયર સેકન્ડરી પરીક્ષા'ને આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિ. પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગેના વિજ્ઞાન, વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષો તરફથી આવેલ અભિપ્રાયો પર વિચારણા કરવા બાબત.

ઇક્વિવેલેન્સ સમિતિ, તા. ૧૨-૬-૧૯૬૯નો બાબત ક્રમાંક ૨નો ઠરાવ

સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હીની ઑલ-ઇન્ડિયા હાયર સેકન્ડરી ૧ પરીક્ષાને આ યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી પરીક્ષા તુલ્ય ગણવા બાબતમાં ચર્ચાવિચારણા કર્યા પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના અધ્યક્ષોને વિગતે તપાસીને પોતાનો અભિપ્રાય આપવા જણાવવું.

દરમ્યાન ચાલુ વર્ષ પૂરતું ભલામણ કરવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓએ સદરહુ પરીક્ષા હાયર મૅથેમેટિક્સ સાથે પસાર કરી હોય તેમને આ યુનિવર્સિટીના એફ.વાય.બી.એસસી. કે બી.ઈ. ૧ના કે ડિપ્લોમા ઇન ફાર્મસીના પ્રથમ વર્ગમાં પ્રવેશપાત્ર ગણવાનું રાખવું. હાયર મૅથેમેટિક્સનો વિષય લીધા વિના તે પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને તેમના ઐચ્છિક વિષયોના અનુલક્ષમાં અને તે મુજબ એફ.વાય.બી.એ. કે એફ.વાય.બી.કૉમ.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવાનું રાખવું.

નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૯ના બાબત ક્રમાંક ૧(બ)થી ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતું નીચે પ્રમાણે ઠરાવ્યું છે:

"આથી ઠરાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓએ સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન,

ન્યૂ દિલ્હીની ઑલ-ઈન્ડિયા હાયર સેકન્ડરી પરીક્ષામાં ગણિતનો વિષય લીધા વિના પસાર કરી હોય તે વિદ્યાર્થીઓને નીચેની શરતોએ એફ.વાય.બી.એસસી.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા :

(૧) સદરહુ વિદ્યાર્થીઓએ આ યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી પરીક્ષામાં ગણિતના વિષયમાં તેઓ એફ.વાય.બી.એસસી.ની પરીક્ષામાં બેસે તે મોસમમાં કે તે પહેલાં બેસીને પાસ થવું આવશ્યક રહેશે.

(૨) સદરહુ વિદ્યાર્થીઓ પ્રી-યુનિવર્સિટીની પરીક્ષામાં ગણિતના વિષયમાં ઉત્તીર્ણ થાય નહીં ત્યાં સુધી તેમનું એફ.વાય.બી.એસસી.નું પરિણામ અનામત રાખવામાં આવશે.

(૩) જે સદરહુ વિદ્યાર્થીઓનું એફ.વાય.બી.એસસી.નું પરિણામ ઉપર શરત નં. ૨ મુજબ અનામત રાખવામાં આવ્યું હોય તો તે વિદ્યાર્થીઓએ પ્રી-યુનિવર્સિટી પરીક્ષામાં ગણિતના વિષયમાં પરિણામ અનામત રાખ્યાની તારીખથી વધુમાં વધુ બે વર્ષની મુદતમાં પાસ થવું આવશ્યક રહેશે અને જો તેમાં તે મુદત દરમ્યાન પ્રી-યુનિવર્સિટી સાયન્સની પરીક્ષામાં ગણિતના વિષયમાં ઉત્તીર્ણ થશે નહીં તો તેમનું અનામત રાખેલું પરિણામ રદ કરવામાં આવશે."

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

The candidate who have passed Higher Secondary Examination of the All-India Higher Secondary Board should be considered eligible to :

1. First B.Sc. "A" Group or B.E. I provided they have cleared up higher Mathematics at the highest standard of the Higher Secondary;

and

2. First B.Sc. "B" Group or Diploma in Pharmacy, provided they have cleared up Biology at the highest standard of the Higher Secondary Examination;

વાણિજ્ય અને વિનયન વિદ્યાશાખાના અધ્યક્ષોનો અભિપ્રાય હજુ સુધી આવેલ નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવી.

૩૩. શ્રી. આર. સી. સોનપાલને Alliance Francaise De Bombay દ્વારા સંચાલિત ફ્રેન્ચ લેંગ્વેજ ડિપ્લોમા પસાર કર્યાના આધારે પીએચ.ડી.ના અભ્યાસ માટેની 'પીએચ.ડી. લેંગ્વેજ ટેસ્ટ'ની પરીક્ષામાંથી મુક્તિ આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. સી. સોનપાલને પીએચ.ડી.ના અભ્યાસક્રમમાં પીએચ.ડી.ના ટ્રાન્સલેશન ટેસ્ટમાંથી મુક્તિ આપવા અંગે એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩૪. આ યુનિવર્સિટીની એન્જિનિયરિંગ કૉલેજમાં પ્રથમ સત્રમાં બી.ઈ. ૧નો અભ્યાસક્રમ કર્યા બાદ બીજા સત્રથી આ જ યુનિવર્સિટીની વિજ્ઞાન કૉલેજમાં ફર્સ્ટ બી.એસસી.ના વર્ગમાં ગણિતશાસ્ત્ર વિષય રાખીને પ્રવેશ આપવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે વિજ્ઞાન વિદ્યાશાખાના ડીન શ્રી. આર. એચ. શાહનો અભિપ્રાય નીચે મુજબ છે:

"In my opinion the candidate concerned is eligible to be admitted to First B.Sc. "A" Group only.")

આથી ઠરાવવામાં આવે છે કે પ્રથમ સત્રમાં બી.ઈ. ૧નો અભ્યાસક્રમ પૂરો કરનાર વિદ્યાર્થીને બીજા સત્રથી વિજ્ઞાન વિદ્યાશાખાના ફર્સ્ટ બી.એસસી.ના વર્ગમાં ગણિતશાસ્ત્રનો વિષય રાખે તે શરતે પ્રવેશપાત્ર ગણી શકાય એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩૫. ઈન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા અને સિલોનની તા. ૧૬-૧૨-૧૯૬૮ની ઇક્વિવેલેન્સ કમિટીની પરદેશની યુનિવર્સિટીઓની પરીક્ષાઓની માન્યતા અંગેની ભલામણો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૩૬. જે વિદ્યાર્થીઓએ એલિમેન્ટરી ગણિતશાસ્ત્રના વિષય સાથે ગુજરાત રાજ્યની એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષા ઑક્ટોબર, ૧૯૬૭માં પસાર કરી હોય અને અન્ય યુનિવર્સિટી અગર બોર્ડમાંથી પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનની પરીક્ષા પસાર કરેલ હોય અને આ યુનિવર્સિટી સાથે સંલગ્ન કોઈ પણ કૉલેજમાં ફર્સ્ટ બી.એસસી.ના વર્ગમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય તો તેવા વિદ્યાર્થીઓને પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની સભામાં તા. ૧૪-૬-૧૯૬૯થી બાબત ૫૫થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે:

૨. જૂન ૧૯૬૮થી સુધારેલો સ્ટે. ૧૭૩ અમલમાં આવ્યો છે તેના સંદર્ભમાં જે વિદ્યાર્થીઓ માર્ચ ૧૯૭૭ કે તે પહેલાં ગુજરાત રાજ્યની એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને આ યુનિવર્સિટીમાં તે વર્ષે પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના વર્ગમાં જોડાવાને પાત્ર હતા તે પૈકી કોઈ વિદ્યાર્થીઓએ તે જ વર્ષે અન્ય યુનિવર્સિટીના પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાનના વર્ગમાં દાખલ થઈને તે પરીક્ષા પાસ કરી હોય અને તે પરીક્ષા આ યુનિવર્સિટીએ માન્ય કરેલી હોય તો તેમને આ યુનિવર્સિટીના ફર્સ્ટ બી.એસસી.ના વર્ગમાં કે બી.ઈ. ૧ના વર્ગમાં કે ડિપ્લોમા ઈન ફાર્મસીના પહેલા વર્ગમાં પ્રવેશપાત્ર ગણવાનું રાખવું એમ ભલામણ કરવામાં આવે છે.)

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય

Eligible for admission to First B.Sc. class.

આથી ઠરાવવામાં આવે છે કે આવા કેસોમાં પ્રત્યેક કેસની ગુણવત્તા જોઈ ખાસ કેસ તરીકે ઑડ-હોક બેઈઝ પર કામચલાઉ પ્રવેશપાત્રતાનું પ્રમાણપત્ર આપવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૭. શ્રી. ડી. જે. જોશીનાં પુત્રી હાલમાં ઈન્દોર યુનિવર્સિટી સાથે સંલગ્ન મહાત્મા ગાંધી મેમોરિયલ મેડિકલ કૉલેજમાં ફર્સ્ટ એમ.બી.,બી.એસ.ના વર્ગમાં અભ્યાસ કરે છે. ઉપરોક્ત પરીક્ષા પસાર કર્યા બાદ તેણીને આ યુનિવર્સિટી સાથે સંલગ્ન મેડિકલ કૉલેજમાં સેકન્ડ એમ.બી.,બી.એસ.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. જે. જોશીનાં પુત્રીને ઈન્દોર યુનિવર્સિટીની ફર્સ્ટ એમ.બી.બી.,એસ. પરીક્ષા પસાર કર્યા બાદ આપણી યુનિવર્સિટી સાથે સંલગ્ન તબીબી કૉલેજમાં ખાસ કેસ તરીકે સેકન્ડ એમ.બી.,બી.એસ.ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો હાથ પર લેવામાં આવી :

૩૮. શ્રી. સુદેશ મિત્તર મુખીએ દિલ્હી યુનિવર્સિટીમાંથી બી.એસસી. (મિકેનિકલ એન્જિનિયરિંગ) પદવી પરીક્ષા પસાર કર્યાના આધારે આપણી યુનિવર્સિટી સાથે સંલગ્ન એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજમાં એમ.ઈ. પાર્ટ ૧ (મિકેનિકલ)ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સુદેશ મિત્તર મુખીને એમ.ઈ. પાર્ટ ૧(મિકેનિકલ)ના વર્ગમાં પ્રવેશપાત્ર ગણવા એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩૯. શ્રી. ટી. કે. જયરામને યુનિવર્સિટી ઑફ હવાઈ, હોનોલુલુ(યુ.એસ.એ)માંથી એમ.એ. પદવી પરીક્ષા પસાર કર્યાના આધારે આપણી યુનિવર્સિટીમાં પીએચ.ડી.ના અભ્યાસક્રમમાં પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ટી. કે. જયરામને પીએચ.ડી.ના અભ્યાસક્રમ માટે પરવાનગી આપવી અને તેમને પીએચ.ડી. કયા વિષય પર કરવા મંજૂરી આપવી તે નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૪૦. શ્રી. રોનાલ્ડ કલે જ્હોનસનને યુનિવર્સિટી ગ્રંજ્યુએટ શિકાગો લાઇબ્રેરી સ્કૂલની પ્રોફેશનલ માસ્ટર્સ ડિગ્રી પસાર કર્યાના આધારે એમ.એ.ના અભ્યાસક્રમમાં પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેમણે મેળવેલ પ્રોફેશનલ ડિગ્રી એકેડેમિક નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. રોનાલ્ડ કલે જ્હોનસને કયા વિષયમાં એમ.એ.ના અભ્યાસક્રમ માટે પરવાનગી આપવી તે અંગે નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ વતી.

परिशिष्ट "अ"

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	યુનિ. અગર બોર્ડમાંથી જે પરીક્ષા પસાર કરી હોય તેનું નામ	જે વર્ગમાં દાખલ થવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યું તે
૧.	શ્રી. રાઠોરે ધનશ્યામસીંધ	ફર્સ્ટ બી.એસસી., જોધપુર યુનિવર્સિટી	ફર્સ્ટ એમ.બી.,બી.એસ.
૨.	શ્રી. ઉદાવત જ્યોતિપ્રસાદ	,,	ફર્સ્ટ બી.ડી.એસ.
૩.	કુ. પટેલ પ્રમિલા	ન્યૂઝીલેન્ડ સ્કૂલ સર્ટિ. પરીક્ષા, ડિપાર્ટમેન્ટ ઑફ એજ્યુકેશન, સુવા-ફિજી.	પ્રી-યુનિ. વિજ્ઞાન
૪.	કુ. પટેલ જ્યોત્સ્ના	,,	પ્રી-યુનિ. વિજ્ઞાન
૫.	શ્રી. લોધા જગદીશમલ	બી.એ., જોધપુર યુનિ. (બી.એ.ની પરીક્ષામાં અંગ્રેજી વિષય ન હતો.)	એમ.એલ.ડબલ્યુ.
૬.	શ્રીમતી નીલમ ડોંગરા	એમ.એ., જમ્મુ અને કાશ્મીર યુનિવર્સિટી	પીએચ.ડી.
૭.	ડૉ. એસ. બી. અગ્રવાલ	એમ.બી.,બી.એસ. અલીગઢ યુનિવર્સિટી	એમ.ડી.
૮.	શ્રી. કાઝી સત્યનારાયણ મૂર્તિ	બી.ડી.એસ., ઓસ્માનિયા યુનિ.	એમ.ડી.એસ.
૯.	શ્રી. એમ. ઝફર એહમદ	બી.એ. ૧૨વાઈઝ્ડ રેગ્યુલેશન, મદ્રાસ યુનિવર્સિટી	એમ.એ. પાર્ટ ૧
૧૦.	શ્રી. વ્યાસ જે. પી.	એમ.એ., બનારસ	પીએચ.ડી.
૧૧.	શ્રી. શાહ મનોજકુમાર વી.	બી.કોમ., મુંબઈ યુનિવર્સિટી	ફર્સ્ટ એલએલ.બી. અને એમ.કોમ. પાર્ટ ૧
૧૨.	ડૉ. ભદ્રા એફ. શાહ	એલ.એમ.પી.	ફર્સ્ટ એમ.બી.,બી.એસ. (કન્ડેન્સ્ડ કોર્સ)
૧૩.	શ્રી. ગંગાધર બાજપાઈ	ફર્સ્ટ બી.એસસા., જોધપુર યુનિવર્સિટી	સેકન્ડ બી.એસસી.
૧૪.	શ્રી. મહેતા યશવંત સી.	એમ.કોમ. પાર્ટ ૧, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી	એમ.કોમ. પાર્ટ ૨

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	યુનિ. અગર બોર્ડમાંથી જે પરીક્ષા પસાર કરી હોય તેનું નામ	જે વર્ગમાં દાખલ થવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યું તે
૧૫.	શ્રી. પંડ્યા કાન્તિલાલ એન.	એમ.કૉમ. પાર્ટ ૧, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી	એમ.કૉમ. પાર્ટ ૨ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
૧૬.	શ્રી. ત્રિવેદી જ્યંતીલાલ જે.	એમ.એ., બનારસ યુનિ.	પીએચ.ડી.
૧૭.	શ્રી. જહોન એસ.	પ્રી-યુનિ., મદુરાઈ યુનિ.	ફર્સ્ટ બી.એસસી.
૧૮.	શ્રી. એન્ટેની આલ્ફાન્સ એસ.	,,	,,
૧૯.	શ્રી. સ્ટાનિસ લાઉઝ જે.	,,	ફર્સ્ટ બી.એ.
૨૦.	શ્રી. રાજુ અલમૌલા	બી.ઈ. ૧, સરદાર પટેલ યુનિ.	બી.ઈ. ૨, કેમિકલ ટેકનોલોજી
૨૧.	અગ્રવાલ કુ શાન્તિ સી.	એમ.એ., બનારસ યુનિ.	પીએચ.ડી.
૨૨.	શ્રી. સોનપાલ રસિકલાલ સી.	માસ્ટર ઑફ ટેકનોલોજી, સિવિલ, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, મુંબઈ	પીએચ.ડી.
૨૩.	શ્રી. આડતિયા અબ્દુલઅઝીઝ કે.	પ્રી-મેડિકલ, અલીગઢ યુનિ.	ફર્સ્ટ બી.ડી.એસ.
૨૪.	શ્રી. અગ્રવાલ રાજેન્દ્રપ્રસાદ	હાયર સેકન્ડરી, ભા. ૨, પંજાબ યુનિવર્સિટી	પ્રી-યુનિ. વાણિજ્ય
૨૫.	શ્રી. સુગલા પવનકુમાર	,,	,,
૨૬.	કુ. ગુદાણી ભારતી એચ.	ફર્સ્ટ એમ.બી.,બી.એસ., રાંચી યુનિવર્સિટી	સેકન્ડ એમ.બી.,બી.એસ.
૨૭.	શ્રી. બહાદુરિયા કૃષ્ણવટારસિંઘ ઝાબરસિંઘ	બી.એસસી. (એગ્રિ.), આગ્રા યુનિવર્સિટી	ફર્સ્ટ એલએલ.બી.
૨૮.	શ્રી. વિજયકુમાર બી. પટેલ	બી.કૉમ. પાર્ટ ૧, નાગપુર યુનિવર્સિટી	ફર્સ્ટ બી.કૉમ.
૨૯.	શ્રી. માથુર બિપિન વિહારી	બી.ડી.એસ., મુંબઈ યુનિ.	એમ.ડી.એસ.
૩૦.	શ્રી. બારોટ જશુભાઈ પૂનમભાઈ	જુનિયર ટેકનિકલ સ્કૂલ, ડિપાર્ટમેન્ટ ઑફ ટેકનિકલ એજ્યુકેશન	પ્રી-યુનિ. વિજ્ઞાન
૩૧.	શ્રી. રૂપારેલિયા નરેશ એચ.	ફર્સ્ટ એમ.બી.,બી.એસ., માયસોર યુનિવર્સિટી	સેકંડ એમ.બી.,બી.એસ.
૩૨.	શ્રી. મુખરજી પી. સી.	મેટ્રિકયુલેશન, ઇસ્ટ પાકિસ્તાન, સેકંડરી એજ્યુકેશન બોર્ડ, ઢેક્કા	પ્રી-યુનિ. વાણિજ્ય

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	યુનિ. અગર બોર્ડમાંથી જે પરીક્ષા પસાર કરી હોય તેનું નામ	જે વર્ગમાં દાખલ થવા માટે એલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યું તે
૩૩.	શ્રી. અગ્રવાલ શ્રીરામ	બી.એસસી. (ટેક્સ્ટાઈલ), પંજાબ યુનિવર્સિટી	ફર્સ્ટ એલએલ.બી.
૩૪.	શ્રી. સારાભાઈ માના	એ.બી. પદ્ની Bryan Mawar College, Bryan Mawar, Pencilvania (U.S.A.)	એમ.એ., એમ.એસસી. મેથેમેટિક્સ
૩૫.	શ્રી. શર્મા રાધેશ્યામ વાસુદેવ	બી.એ. પ્રીવિયસ, આગ્રા યુનિવર્સિટી	થર્ડ બી.એ.
૩૬.	નાણાવટી આવૃત્તિ બી.	એમ.એસસી. પાર્ટ ૧, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી	એમ.એસસી. પાર્ટ ૨
૩૭.	શ્રી. ચેવલેકર એમ. ઈ.	પ્રી-પ્રોફેશનલ, શિવાજી યુનિવર્સિટી	ફર્સ્ટ એમ.બી.,બી.એસ.
૩૮.	શ્રીમતી પટેલ ઇન્દિરાબેન સી.	ઇન્ટર આર્ટ્સ, મુંબઈ યુનિ.	સેકન્ડ બી.એ.
૩૯.	શ્રીમતી દેસાઈ ગીતા પ્રાગજી	,, ,,	,,
૪૦.	શ્રી. વૈદ્ય કે. એમ.	ફર્સ્ટ એમ બી.,બી.એસ, રાંચી યુનિવર્સિટી	સેકન્ડ એમ.બી., બી.એસ.
૪૧.	શ્રી. ગાયકવાડ બી. એમ.	બી.કોમ., નાગપુર યુનિવર્સિટી	ફર્સ્ટ એલએલ.બી.
૪૨.	શ્રી. ધાલેાન બાલજીતકૌર	મેટ્રિકયુલેશન, પંજાબ યુનિવર્સિટી	પ્રી-યુનિ. વિનયન
૪૩.	સિંહા અશોકકુમાર	બી.એ, ઓનર ડિગ્રી કોર્સ, પટના યુનિવર્સિટી	એમ એલ.ડબલ્યુ.
૪૪.	શ્રીમતી ગેાપી પાર્વતી કે.	પ્રી-યુનિ., રિવાઇઝ્ડ રેગ્યુલેશન, મદ્રાસ યુનિવર્સિટી	ફર્સ્ટ બી.એસસી.
૪૫.	કુ. નેાણપેાર્ન લુકસુવન	સેકન્ડરી એજ્યુકેશન ઇન સાયન્સ, ફાઇનલ પરીક્ષા, સેકન્ડરી એજ્યુ. ડિપાર્ટમેન્ટ, મિનિસ્ટ્રી ઓફ એજ્યુકેશન, બેન્કોંગ–થાઇલેન્ડ	,,
૪૬.	કુ. મધુ કપૂરિયા	બી.એ. પાર્ટ ૧, કાનપુર યુનિવર્સિટી	થર્ડ બી.એ.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

ગુ.યુ.પ્રેસ ૨૫૭-૪૫૦-૬-૭૦

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની જૂન માસની સભા, શનિવાર, તા. ૬-૬-૧૯૭૦ના રોજ બપોરના ૧૨—૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૭-૬-૧૯૭૦ના રોજ સવારના ૯—૦૦ વાગ્યે પણ ચાલુ રહી હતી. બન્ને દિવસોમ્યે પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬-૬-૧૯૭૦	તા. ૭-૬-૧૯૭૦
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. ઈન્દ્રવદન ઉમિયાશંકર વસાવડા, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર	હાજર
૩.	આચાર્ય કે. એમ. તલાટી	હાજર	હાજર
૪.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૫.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર	હાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર	હાજર
૮.	શ્રી. ઈન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૧૦.	શ્રી. ઈન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર	હાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	ગેરહાજર	ગેરહાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર	હાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	હાજર	હાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર	હાજર.

૧. સિન્ડિકેટની તા. ૧૧/૧૨–૪–૧૯૭૦ના રોજ મળેલી સભાની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૧૧/૧૨–૪–૧૯૭૦ના રોજ મળેલી સભાના કામકાજની નોંધ નીચેના બે સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે મુજબ સુધારેલી નોંધ પર કુલપતિશ્રીએ સહી કરી :

બાબત નં. ૧૫ અંગેના ઠરાવનો પાઠ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી નહિ."

બાબત નં. ૬૯ અંગેના ઠરાવનો પાઠ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"આથી ઠરાવવામાં આવે છે કે એકચ્યુઅરિયલ સાયન્સના પ્રાધ્યાપક અને લેક્ચરરની બેઠકમાં બેઠકી લાયકાતનાં ધોરણો, એકેડેમિક કાઉન્સિલ નક્કી કરે તે સમય દરમિયાન, ઉપર મુજબ રાખવાં."

૧–ક. તે પછી કુલપતિશ્રી ડૉ. ઉમાશંકર જોશીએ સભાગૃહમાં રજૂઆત કરી કે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨–૪–૧૯૭૦ની સભામાં બાબત નં. ૪૮ અંગે નીચેનો પેટાઠરાવ નં. (૨) મંજૂર કર્યો છે તે બદલ તેઓશ્રી સભાગૃહના આભારી છે, પરંતુ રાજ્યસભાના કામકાજ અંગે તેઓશ્રીને દિલ્હી જવાનું થાય ત્યારે દિલ્હીથી અમદાવાદ આવવા-જવાનું હવાઈ પ્રવાસનું ખર્ચ તેઓશ્રી યુનિવર્સિટી પાસેથી લેવા ઇચ્છતા નથી :

"(૨) કુલપતિશ્રી ડૉ. ઉમાશંકર જોશીને યુનિવર્સિટીના કામકાજ માટે દિલ્હીથી અમદાવાદ આવવા-જવાનું થાય અને તેઓ તે માટે હવાઈ પ્રવાસ કરે ત્યારે તેમને તે માટે ઑર્ડિ. ૧૫૩માં જણાવેલ દરે પ્રવાસભથ્થું આપવાનું મંજૂર કરવું."

તે પછી તેઓશ્રીએ આભારપૂર્વક વિનંતી કરી કે સદરહુ ઠરાવ રદ કરવામાં આવે.

તે પછી તેઓશ્રીની વિનંતીને માન આપીને સભાગૃહે ઠરાવ્યું કે ઉપર જણાવેલ ઠરાવ રદ કરવો.

૧–અ. કુલપતિશ્રી ડૉ. ઉમાશંકર જોશીએ સભાગૃહ સમક્ષ રજૂઆત કરી કે દક્ષિણ કોરિયામાં સેઉલ ખાતે મળી રહેલી પી.ઈ.એન.ની ૩૭મી આંતરરાષ્ટ્રીય પરિષદમાં ઑલ-ઇન્ડિયા પી.ઈ.એન.ના પ્રતિનિધિ તરીકે, તથા તાઈપેહ ખાતે મળી રહેલી એશિયન લેખકોની ત્રીજી પરિષદમાં પોતાને ભાગ લેવાનું નિમંત્રણ મળ્યું હોઈ તે સ્વીકારવા માટે તેઓશ્રીને તા. ૧૩મીએ અમદાવાદથી જવાનું થશે અને તેથી તા. ૧૩–૬–૧૯૭૦થી તા. ૮–૭–૧૯૭૦ સુધી તેઓશ્રીની ગેરહાજરીમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૦(૩) હેઠળ કુલપતિશ્રીની ફરજો સંભાળવા માટે સિન્ડિકેટે જરૂરી વ્યવસ્થા, કુલાધિપતિશ્રીની મંજૂરીને આધીન, કરવાની રહેશે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તા. ૧૩–૬–૧૯૭૦થી તા. ૮-૭-૧૯૭૦ના સમય દરમિયાન કુલપતિશ્રી ડૉ. ઉમાશંકર જોશીની ગેરહાજરીમાં ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૦(૩) હેઠળ શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈને કુલપતિશ્રીની કામગીરી સોંપવા માટે, કુલાધિપતિશ્રીની મંજૂરીને આધીન, વ્યવસ્થા કરવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૭૪ ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી.

૭૪. શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, તરફથી જૂન ૧૯૭૦થી ગાંધીનગર ખાતે શરૂ કરાનાર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના બીજા વિષયો સાથે બી.એ.(ગૌણ)માં આંકડાશાસ્ત્ર, અંગ્રેજી અને સંસ્કૃત વિષયો શીખવવા માટે જોડાણઅરજી આવેલ. હવે તેઓ બી.એ.(ગૌણ)ને બદલે બી.એ.(પ્રિન્સિ.)માં આંકડાશાસ્ત્ર, અંગ્રેજી અને સંસ્કૃત શીખવવા મંજૂરી માગે છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાતની નવી રાજધાની ગાંધીનગર ખાતે જૂન ૧૯૭૦થી રાજ્ય સરકાર સંચાલિત આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના જોડાણ અંગેની કાર્યવાહી હાલ ચાલુ છે તે દરમિયાન તે બાબતમાં, તેના વિશિષ્ટ સંજોગો જોતાં, અપવાદ તરીકે, સદરહુ કૉલેજને બી.એ.માં આંકડાશાસ્ત્ર, અંગ્રેજી અને સંસ્કૃત એ ત્રણ વિષયો, ગૌણ વિષયો તરીકે શીખવવાને બદલે મુખ્ય વિષયો તરીકે શીખવવા માટે, શરતોના પરિપાલન અંગેની સ્થાનિક તપાસસમિતિના રિપોર્ટ પરથી કુલપતિશ્રી નક્કી કરે તે શરતોને આધીન, જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી અને આ બાબત કેવળ અપવાદ તરીકે વિચારવામાં આવી છે તે તરફ રાજ્ય સરકારનું ધ્યાન ખેંચવું.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેના વિદ્યાર્થીઓનો મહાનિબંધ તેમના નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકાર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
૧.	શ્રી. એસ. કે. પટેલ	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. ડી. આર. બક્ષી	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૩.	કુ. એમ. એસ. શાહ	વિજ્ઞાન—ભૌતિકવિજ્ઞાન	પીએચ.ડી.;

(૨) સર્ટિફિકેટ કોર્સ ઇન ઇંગ્લિશની પરીક્ષાઓ તા. ૨૫-૫-૧૯૭૦ના બદલે તા. ૨૯-૬-૧૯૭૦ના રોજ શરૂ કરવાના;

(૩) નીચેનાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે તેમનાં નામ સામે જણાવેલ વ્યક્તિઓની નિમણૂક કર્યાના :

ક્રમાંક	અનુસ્નાતક કેન્દ્ર	વિષય	પ્રોફેસર-ઇન-ચાર્જ
૧.	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	ફિઝિક્સ	પ્રો. એચ. એમ. શાહ
૨.	,, ,,	ઑર્ગેનિક કેમિસ્ટ્રી	શ્રી. એચ. એમ. દેસાઈ;

(૪) રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ મદદનીશ એડમિનિસ્ટ્રેટર શ્રી. આર. એસ. પટેલની નિમણૂક તા. ૩૧-૩-૧૯૭૧ સુધી લંબાવ્યાના;

(નોંધ.—રાષ્ટ્રીય સેવા યોજનાની મુદત સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૨-૧૯૭૦ની સભામાં તા. ૩૧-૩-૧૯૭૧ સુધી લંબાવી છે તે પૈકી આ એક જ વર્ષ છે.)

(૫) યુનેસ્કો કોર્સ ફોર ટીચર્સ ઑફ લાઇબ્રેરિયનશિપ ઇન ડેવલપિંગ કન્ટ્રીઝ, ડેન્માર્ક તા. ૧–૮–૧૯૭૦થી તા. ૩૦–૧૧–૧૯૭૦ની ફેલોશિપ માટે યુનિવર્સિટીના ગ્રંથપાલ શ્રી. પી. એફ. પટેલનું નામ સૂચવવા મંજૂરી આપ્યાના;

(૬) મનોવિજ્ઞાન ભવનના કાર્યકારી અધ્યક્ષશ્રી ડૉ. કે. જી. દેસાઈને કર્ણાટક યુનિવર્સિટીમાં શિક્ષણશાસ્ત્રના વિષય પર વ્યાખ્યાનો આપવાની પરવાનગી તથા તે અંગેનું વેતન સ્વીકારવાની મંજૂરી આપ્યાના;

(૭) સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૧–૧૯૭૦ અને તા. ૧૪/૧૫–૨–૧૯૭૦ની સભામાં નિયત કરેલ શરતો પ્રમાણે યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડે તેના. તા. ૧૪-૪–૧૯૭૦ના પત્રથી નીચેના વધુ ૪ અનુવાદો અને ૫ મૌલિક ગ્રંથો સદરહુ બોર્ડની આર્થિક સહાયથી પ્રકાશિત કરવા માટે કરેલ વિનંતી માન્ય કર્યાના :

અનુવાદ

૧. 'તત્ત્વજ્ઞાનનો સરળ ઇતિહાસ' : અનુવાદક શ્રી. જે. એ. થાનકિ

૨. 'ભૌતિકશાસ્ત્ર' : અનુવાદક શ્રી. ઈ. એમ. બલસારા, શ્રી. વી. વી. વૈદ્ય, શ્રી. એમ. એમ. પટેલ, શ્રી. પી. એફ. પટેલ

૩. 'બીજગણિત' : અનુવાદક શ્રી. એમ. એમ. વૈદ્ય, શ્રી. એ. વી. ગજ્જર

૪. 'નીતિશાસ્ત્રપ્રવેશ' : અનુવાદક શ્રી. વી. જી. દેસાઈ

મૌલિક

૧. 'ભારતીય સંસ્કૃતિના વિકાસમાં વિદેશીઓના સંપર્કની અસર' : લે. શ્રી. વિજયસિંહ ચાવડા

૨. 'સહકારી મંડળીનો કાયદો અને વ્યવસ્થા' : લે. શ્રી. વાય. ટી. દેસાઈ અને શ્રી. આર. જી. શેઠ

૩. 'વનસ્પતિક્રિયા વિજ્ઞાન' : લે. શ્રી. જે. જે. ચિનોય

૪. 'પેટ્રોરસાયણ' : લે. શ્રી. જે. જે. ત્રિવેદી અને શ્રી. જી. સી. અમીન

૫. 'સહકાર, સિદ્ધાંત અને વ્યવહાર' : લે. શ્રી. દર્શનસીંગ શીખ અને શ્રી. બી. કે. ગઢવી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે યોજવામાં આવેલ ગુજરાત ઇકોનોમિક એસોસિયેશનના પ્રથમ અધિવેશન અંગે ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતા તરફથી તેમના પત્રાંક યુ.એસ.જી. ૧૧૭૦–કે.એચ. તા. ૧૦–૪–૧૯૭૦થી અનુદાનની રકમ રૂ. ૨,૫૦૦ (બે હજાર પાંચસો) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. સમાજવિદ્યા ભવનના લેક્ચરર શ્રી. જે. કે. પટેલની સંશોધન યોજના 'A study of Gujarat Legislators with special reference to their attitudes and values' અંગેના યુ.જી.સી.એ તેના તા. ૪–૪–૧૯૭૦ના પત્રથી અનુદાનની રકમ રૂ. ૧,૦૦૦ (એક હજાર) મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. યુનિવર્સિટી પ્રેસમાં જુ. કંપોઝીટર તરીકે કામ કરતા શ્રી. એન. એ. મહેતાને રૂ. ૫૦–૩–૮૦ ઈ.બી. ૪–૧૦૦ના પગારધોરણમાં તા. ૨૧–૬–૧૯૭૦થી કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસમાં જુનિયર કંપોઝીટર તરીકે કામ કરતા શ્રી. એન. એ. મહેતાને રૂ. ૫૦–૩–૮૦ઈ.બી.૪–૧૦૦ના પગારધોરણમાં તા. ૨૧–૬–૧૯૭૦થી આગળનો કાર્યક્ષમતા અંતરાય (efficiency bar) ઓળંગવા મંજૂરી આપવી.

૬. ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રાધ્યાપકની ખાલી પડેલી જગ્યા સંબંધી વરણીસમિતિ પર ઓ. ૬૬ અન્વયે સિન્ડિકેટ તરફથી ત્રણ સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચેના ત્રણ સભ્યોની ક્રમાનુવર્તી નિમણુક કરવી :

(૧) ડૉ. ભોગીલાલ સાંડેસરા
(૨) શ્રી. જ્યોતીન્દ્ર હ. દવે
(૩) શ્રી. મનસુખલાલ ઝવેરી
(૪) શ્રી. જી. સી. ઝાલા.

૭. વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના રીડરની ખાલી પડેલી જગ્યા સંબંધી વરણીસમિતિ પર ઓ. ૬૬ અન્વયે સિન્ડિકેટ તરફથી ત્રણ સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર નીચેના સભ્યોની ક્રમાનુવર્તી નિમણુક કરવી :

(૧) ડૉ. સુરેશ શેહના
(૨) ડૉ. શેષાદ્રિ (અને તેઓ ના પાડે તો)
ડૉ. રામસ્વામી
(૩) ડૉ. મરચન્ટ (અને તેઓ ના પાડે તો)
ડૉ. કુલકર્ણી.

૮. સને ૧૯૬૯–૭૦ના વર્ષ માટે "આચાર્યશ્રી એમ.સી. દેસાઈ સુવર્ણચંદ્રક" એનાયત કરવા બાબત નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા બાબત :

A Gold Medal in the name of 'Principal Shri M. C. Desai Gold Medal' of the value of about Rs. 200/- shall be awarded in the subject of Economics annually to a teacher who is working

in any affiliated college of the University or a recognised institution of the University or any post-graduate department of the Gujarat University and whose Research work published during the year preceding the convocation is adjudged to be of the highest merit, by a special committee of experts who have made their mark in their respective fields of work. This committee shall be appointed by the Syndicate of the Gujarat University every year and the decision of the committee in the matter shall be final.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯. શિલ્પ-સ્થાપત્ય અને ચિત્ર ઇત્યાદિ લલિતકળા અંગેની પરિભાષા ઉપસમિતિના સભ્ય શ્રી. કંચનલાલ મામાવાળાનું અવસાન થતાં તેઓશ્રીની જગ્યાએ અન્ય સંગીત નિષ્ણાતની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઉપસમિતિ પર અન્ય કોઈને નીમવાની જરૂર જણાતી નથી.

૧૦. સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિક એન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી પીએચ.ડી.માં અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા પ્રથમ માન્યતા મેળવવા આવેલ જોડાણઅરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે **ઑર્ડિ.** ૧૨૦ (સી)માં માન્યતા માટે અરજી કરનાર સંસ્થા માટે ઓછામાં ઓછાં પાંચ વર્ષ માટેના અસ્તિત્વ અંગે જે કલમ મૂકવામાં આવી છે તેમાં સુધારો કરવા અંગે જરૂરી વિચારણા કરવા માટે એકેડેમિક કાઉન્સિલને જણાવવું.

૧૧. સિન્ડિકેટની તા. ૬-૯-૧૯૬૯ની સભામાં કેટલાક વિષયોની પ્રકાશન સલાહકાર સમિતિઓની મુદત એક વર્ષ વધારી આપવામાં આવી હતી તે પૈકી નીચેના વિષયોની પ્રકાશન સલાહકાર સમિતિઓનું કેટલુંક કામ હજી બાકી રહેતું હોઈ તે સમિતિઓની મુદત વધુ છ માસ લંબાવવા વિચારણા કરવા બાબત :

૧. કીટાણુ-જીવાણુના વિષય અંગેની પ્રકાશન સલાહકાર સમિતિ
૨. પત્રકારત્વના વિષય અંગેની પ્રકાશન સલાહકાર સમિતિ
૩. લલિતકળાના વિષય અંગેની પ્રકાશન સલાહકાર સમિતિ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રકાશન સલાહકાર સમિતિઓની મુદત વધુ ૬ માસ માટે લંબાવવી.

૧૨. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાં સ્થાપવામાં આવેલ અર્થશાસ્ત્ર-સમાજશાસ્ત્ર જૂથ "સી" અને "ઈ" વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ પ્રો. એમ. જે. પાઠકજી તા. ૧૫-૬-૧૯૭૦થી છૂટા થતા હોવાથી તેમની જગ્યાએ ડૉ. એ.

એસ. પટેલ જેઓ માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે તે કૉલેજમાં છે તેમની પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે તા. ૧૫-૬-૧૯૭૦થી નિમણૂક કરવાના કૉલેજના આચાર્યશ્રીના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે તા. ૧૫-૬-૧૯૭૦થી ડૉ. એ. એસ. પટેલની નિમણૂક કરવી.

૧૩. (૧) ચંદીગઢ મુકામે આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ ઑફ ઇન્ડિયા એન્ડ સિલોનની મળેલ બેઠકમાં આપણી યુનિવર્સિટી તરફથી ફૂટબૉલની પશ્ચિમ વિભાગની આંતર-યુનિવર્સિટી રમત હરીફાઈઓ યોજવા માટે આપવામાં આવેલ આમંત્રણ સ્વીકારવામાં આવેલ છે તેની નોંધ લેવા બાબત.

(૨) દક્ષિણ વિભાગની કૉલેજોના આચાર્યોમાંથી બોર્ડ ઑફ સ્પોર્ટ્સના સભ્ય તરીકે સિન્ડિકેટે નિયુક્ત કરેલ સભ્ય આચાર્ય ડૉ. વી. એ. વ્યાસ, જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદના આચાર્યપદેથી છૂટા થયા હોઈ બોર્ડ ઑફ સ્પોર્ટ્સના સભ્યપદેથી ફારેગ થાય છે તો તેમની જગ્યાએ દક્ષિણ વિભાગની અન્ય કોઈ કૉલેજના આચાર્યશ્રીની નિમણૂક કરવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની પેટાબાબત નં. ૧ની નોંધ લેવી.

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બોર્ડ ઑફ સ્પોર્ટ્સ પર ડૉ. વી. એ. વ્યાસની ખાલી પડેલી જગ્યા પર તા. ૭-૮-૧૯૭૧ સુધી બાકી રહેલ મુદત માટે ડૉ. કે. એમ. તલાટીની નિમણૂક કરવી.

૧૪. 'Commonwealth and Empire Law Conference'નું ચોથું અધિવેશન 'Bar Association of India'ના ઉપક્રમે ન્યૂ દિલ્હી મુકામે જાન્યુ. ૬થી ૧૩મી જાન્યુઆરી ૧૯૭૧ના સમય દરમિયાન યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર અધિવેશનના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ગિરીશભાઈ પટેલને નીમવા.

૧૫. પ્રો. ડી. ટી. લાકડાવાળાની સેવાઓ સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના માનદ પ્રાધ્યાપક તરીકે સ્વીકારવાનું સિન્ડિકેટે નક્કી કર્યું હોઈ આ જગ્યા પર તેઓ તા. ૨૯-૧-૧૯૭૦ના રોજ જોડાયા હોઈ તેમનું માનદ વેતન નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રો. ડી. ટી. લાકડાવાળાને યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં અર્થશાસ્ત્રના માનાર્હ પ્રાધ્યાપક તરીકે તા. ૨૯-૧-૧૯૭૦થી માસિક રૂ. ૧૫૦નું માનદ વેતન આપવું.

૧૬. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિ.ના માનદ્ મંત્રીશ્રીના તા. ૨–૧૨–૧૯૬૯ના પત્રથી આવેલ નીચેની માગણી પર વિચારણા કરવા બાબત :

"સ્ટોર્સની પ્રગતિ માટે યુનિવર્સિટીના હિસાબ વિભાગના પાછળનો ભાગ આપવા માટે સિન્ડિકેટે ઠરાવ્યું છે. તેને બદલે હાલ જે રૂમ નં. ૨ માં એસ્ટેટ વિભાગ બેસે છે તે આપવામાં આવે."

(૧) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના મુખ્ય વહીવટી મકાનમાં કેન્ટીનના ખંડની બાજુના ખંડમાં હાલ પોસ્ટઑફિસ કામ કરે છે તે ખંડ ખાલી થયેથી યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑ. સ્ટોર્સ લિ.ને ભાડેથી આપવાનું વિચારવું, અને તેના ભાડા અંગેનો પ્રશ્ન યથાસમયે વિચારવાનું રાખવું.

(૨) યુનિવર્સિટીના મુખ્ય વહીવટી મકાનમાંથી પોસ્ટઑફિસ ખસેડીને અગાઉ નક્કી થવા મુજબ બાજુના મકાનમાં ત્વરિત ખસેડી લેવા માટે ટપાલખાતાને જણાવવું.

૧૭. સમાજવિદ્યા ભવનમાં સમાજશાસ્ત્રના રીડરની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૨૨–૪–૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં સમાજશાસ્ત્રના રીડર તરીકે ડો. વી. પી. શાહને રૂ. ૭૦૦–૫૦-૧,૨૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૦૦૦થી સમાજવિદ્યા ભવનમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ડો. વી પી. શાહ જો આ નિમણૂક સ્વીકારી શકે નહીં, તો શ્રી. એ. આર. શાહને તે જગ્યા પર માસિક રૂ. ૭૦૦ના પગારથી નીમવાનું રાખવું.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૨–૪–૧૯૭૦ની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૮. ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન ઇંગ્લિશની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૨૫–૪–૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ડી. એન. મહેતાને રૂ. ૭૦૦–૫૦–૧,૨૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૦૦થી ભાષા-ભવનમાં રીડર-ઇન-ઇંગ્લિશ તરીકે બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા.

(સદરહુ સમિતિની તા. ૨૫–૪–૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૧૯. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રોફેસર ઑફ ફિઝિક્સની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૧૮–૪–૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વરણીસમિતિની તા. ૧૮–૪–૧૯૭૦ની સભાની ભલામણ સ્વીકારવી અને પ્રોફેસર ઑફ ફિઝિક્સની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી.

(સદરહુ સમિતિની તા. ૧૮-૪-૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૦. સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભામાં સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૭-૩-૧૯૭૦ની સભાની ભલામણો પૈકી નીચેની ભલામણ મંજૂર કરી તે રદ કરવા અંગે વિચારણા કરવા બાબત.

પેરા (૨) (ધ) : "માંદગીની રજા અગાઉથી (એડવાન્સમાં) મંજૂર કરવા બાબતના આ પેટા-નિયમોનો અમલ તા. ૧-૭-૧૯૬૮થી કરવાનું રાખવું."

(**નોંધ.** — સિન્ડિકેટે તેની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભામાં માંદગીની રજાઓનો અમલ તા. ૧-૭-૧૯૬૮થી કરવાનું ઠરાવ્યું હતું, પણ આ અંગેના નિયમોમાં કેટલોક સુધારો સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૩-૧૯૭૦ની સભામાં કર્યો હોઈ સુધારેલા નિયમોનો અમલ સિન્ડિકેટ જે તારીખે સુધારો કર્યો તે તારીખથી થઈ શકે તેથી આ પેરા રદ કરવાનો થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૧. સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૨૫-૪-૧૯૭૦ના રોજ મળેલી સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૫-૪-૧૯૭૦ની સભાની ભલામણ નં. ૨થી ૮ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ કરેલી ભલામણ નં. ૯ પુનર્વિચારણા માટે પાછી મોકલવી.

(સદરહુ સમિતિની તા. ૨૫-૪-૧૯૭૦ની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૨૨. બાંધકામ સમિતિની તા. ૧૭-૪-૧૯૭૦ની અને તા. ૨૫-૫-૧૯૭૦ની કાર્યવાહીની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૭-૪-૧૯૭૦ તથા તા. ૨૫-૫-૧૯૭૦ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૭-૪-૧૯૭૦ તથા તા. ૨૫-૫-૧૯૭૦ની સભાઓની કાર્યવાહીની નોંધો અનુક્રમે પરિશિષ્ટ "ચ-૧" અને પરિશિષ્ટ "ચ-૨" તરીકે સામેલ છે.)

૨૩. સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક (Legal) સમિતિની તા. ૧૬-૪-૧૯૭૦ના રોજ મળેલી સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૬-૪-૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬-૪-૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૨૪. માર્ચ-એપ્રિલ ૧૯૬૯ અને ૧૯૭૦માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા યુનિવર્સિટી કાર્યાલયના તા. ૩-૫-૧૯૭૦ના રોજ મળેલી પરીક્ષા શુદ્ધિસમિતિની ત્રીજી સભાની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩-૫-૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩-૫-૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૨૫. સિન્ડિકેટની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભાના ઠરાવ અન્વયે ભાષા-સાહિત્ય ભવનના અંગ્રેજીના પ્રોફેસર શ્રી. કે. આર. ચંદ્રશેખરનની નિમણૂક ભાષા-સાહિત્ય ભવનના 'કાર્યકારી અધ્યક્ષ' તરીકે કરેલી હોઈ તેના સંદર્ભમાં તેઓની 'કાર્યકારી અધ્યક્ષ'ને બદલે 'અધ્યક્ષ' તરીકે નિમણૂક કરવાની વિનંતી અંગેના તેઓના તા. ૧૪-૪-૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૬. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાનના રીડર શ્રી. પી. ડી. પાઠકને NCSE અને USAIDની Improvement of Science and Technology Education in Indiaના કાર્યક્રમ હેઠળ સપ્ટેંબર ૧૯૭૦થી નવેંબર ૧૯૭૦ની ત્રણ માસની અભ્યાસરજા આપવા અંગેના તેઓના તા. ૧૪-૪-૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાનના રીડર શ્રી. પી. ડી. પાઠકને NCSE અને USAIDની Improvement of Science and Technology Education in Indiaના કાર્યક્રમ હેઠળ યુ.એસ.એ.ના શિક્ષણ-પ્રવાસ માટે, સપ્ટેંબર ૧૯૭૦થી નવેંબર ૧૯૭૦ના સમયગાળા દરમિયાન ત્રણ માસની ખાસ રજા નીચેની શરતોએ મંજૂર કરવી :

(૧) તેઓ જે તારીખથી રજા ઉપર જાય તે તારીખથી ત્રણ માસ માટે તેમની રજાઓના પ્રારંભ વખતે તેમને જે મૂળ માસિક પગાર મળતો હોય તે આપવો અને તે ઉપરાંત તેમને કશું ભથ્થું કે અન્ય વેતન આપવું નહિ.

(૨) ત્રણ માસની રજા પૂરી થાય કે તરત જ તેઓ યુનિવર્સિટીમાં પોતાની નોકરી પર હાજર થાય અને તે પછી ઓછામાં ઓછા એક વર્ષ સુધી તેઓ તે જગા પર તેમની હાલની નોકરીની શરતોએ કામ કરે.

(૩) ત્રણ માસની તેમની રજાની મુદતમાં કશો વધારો મળી શકશે નહિ.

(૪) ઉપર જણાવેલ શરત નં. (૧), (૨) અને (૩)નું તેઓ પાલન કરી શકે નહિ તો તેમને રજા દરમિયાન મળેલા પગારનાં નાણાં તથા ત્રણ માસના પગાર જેટલી રકમ નોટિસ-પે તરીકે તેમણે યુનિવર્સિટીને ભરપાઈ કરવાની રહેશે.

(૫) ઉપર જણાવેલી શરતો મુજબ લેખિત બાંયધરી અને તે માટે જરૂરી જામીનગીરી તેઓએ આપવાની રહેશે.

૨૭. સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલોને સંલગ્ન કૉલેજોના શિક્ષકો માટે નિયત કરેલા દરોએ મોંઘવારી ભથ્થું તથા ઘરભાડા ભથ્થું આપવા અંગે સિન્ડિકેટ તેની તા. ૧૪/૧૫-૨-૧૯૭૭ની સભામાં કરેલ સ્પષ્ટતાનો અમલ ક્યારથી કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. – સિન્ડિકેટે તેની તા. ૧૦/૧૧-૮-૧૯૬૯ની સભામાં સંલગ્ન કૉલેજોના ગ્રંથપાલને માટે નિયત કરેલ પગારધોરણોનો અમલ તા. ૧૫-૬-૧૯૬૯થી કરવા ઠરાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના ગ્રન્થપાલોને યુનિવર્સિટીના નિયમ પ્રમાણે મોંઘવારી ભથ્થું તથા ઘરભાડા ભથ્થું તા. ૧૫-૬-૧૯૭૦થી આપવા માટે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને જણાવવું.

૨૮. યુનિવર્સિટીએ સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો માટે નિયત કરેલ પ્રૉવિડંટ ફંડના નિયમોના સંદર્ભમાં એક જ મંડળને હસ્તક ચાલતી બધી કૉલેજો/સંસ્થાઓ માટે પ્રૉવિડંટ ફંડ અંગે એક જ ટ્રસ્ટ ચાલે કે પ્રત્યેક કૉલેજ/સંસ્થા દીઠ અલગ અલગ ટ્રસ્ટ જોઈએ તે અંગે સ્પષ્ટતા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૯. એન.એચ.એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદને અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના પ્રૉવિડન્ટ ફંડના નિયમો લાગુ પડે છે. સાથોસાથ યુનિવર્સિટીના નિયમો લાગુ પડે તો કૉર્પોરેશનને તેના કર્મચારીઓ માટે બે પ્રકારના નિયમો રાખવા પડે તો સદરહુ કૉલેજને કૉર્પોરેશનના જ નિયમો રાખવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૦. યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોની ત્રિવાર્ષિક તપાસસમિતિઓના અહેવાલોના સંદર્ભમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૨-૧૯૭૦ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(૧) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં પ્રત્યેક ભવનમાં તેનું પોતાનું નાનું વિભાગીય (Departmental) પુસ્તકાલય રાખવું જોઈએ.

(૨) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં જે વિદ્યાર્થીઓ સાંજના વર્ગોમાં અભ્યાસ કરતા હોય તેમને પણ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પૂરા સમયના શિક્ષકોના શિક્ષણનો લાભ મળે તે જોવું જોઈએ.

(૩) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પૂરા સમયના શિક્ષકો પૈકી કોઈ પણ શિક્ષકને સાંજના વર્ગોમાં શિક્ષણકાર્ય સોંપવામાં આવે તો તે માટે જરૂરી સૂચના આપવા માટે ઘટતાં પગલાં લેવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૪) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકોએ સંશોધનકામ (રિસર્ચ પ્રોજેક્ટ્સ) સારા પ્રમાણમાં હાથ ધરવાનું રાખવું જોઈએ.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ નં. ૧ની વિચારણા મોકૂફ રાખવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં જે વિદ્યાર્થીઓ સાંજના વર્ગોમાં અભ્યાસ કરતા હોય તેમને પણ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પૂરા સમયના શિક્ષકોના શિક્ષણનો લાભ મળે તે જોવું જોઈએ તેમ જ બહારના શિક્ષકોને બપોરના (નિયમિત) વર્ગોમાં પણ ભાગ લેવા માટે બોલાવવા જોઈએ.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના પૂરા સમયના શિક્ષકો પૈકી કોઈ પણ શિક્ષકને સાંજના વર્ગોમાં શિક્ષણકાર્ય સોંપવામાં આવે તો તે તેમણે કરવું આવશ્યક રહેશે તેમ ભવનોના અધ્યક્ષોને જણાવવું.

(૪) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકોએ સંશોધન કામ સારા પ્રમાણમાં હાથ ધરવાનું રાખવું જોઈએ અને સંશોધન કામ સારી રીતે થાય તે માટે અનુસ્નાતક વિદ્યાભવનોના અધ્યક્ષોને અંગત રીતે ધ્યાન આપવા જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભવનોના અધ્યક્ષોને જણાવવું કે પ્રત્યેક વર્ષે શૈક્ષણિક વર્ષના પ્રારંભમાં પોતાના શિક્ષકોની સંશોધન-યોજનાઓ મેળવવી અને પ્રત્યેક સત્રના અંતે તેનો પ્રગતિ અહેવાલ મેળવીને તે અંગે ઘટતું કરવું, તથા વર્ષના અંતે પોતાના ભવનના સમગ્ર સંશોધન-કામનો અહેવાલ યુનિવર્સિટી કાર્યાલયને મોકલવા માટે જણાવવું.

૩૧. એકેડમિક કાઉન્સિલે તેની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભામાં યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલની નોંધ લઈ તે સિન્ડિકેટની વિચારણાર્થે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી અને તે સેનેટ સમક્ષ રજૂ કરવો.

(સદરહુ અહેવાલની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૩૨. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભામાં યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલની નોંધ લઈ તે સિન્ડિકેટની વિચારણાર્થે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી અને તે સેનેટ સમક્ષ રજૂ કરવો.

(સદરહુ અહેવાલના નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૩૩. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભામાં યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, શિક્ષણશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાન વિદ્યાભવનની ત્રિવાર્ષિક તપાસ-સમિતિના અહેવાલની નોંધ લઈ તે સિન્ડિકેટની વિચારણાર્થે મોકલ્યો હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી અને તે સેનેટ સમક્ષ રજૂ કરવો.

(સદરહુ અહેવાલની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૩૪. ઍકૅડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભામાં યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનની ત્રિવાર્ષિક તપાસસમિતિના અહેવાલની નોંધ લઈ તે સિન્ડિકેટની વિચારણાર્થે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી અને તે સેનેટ સમક્ષ રજૂ કરવો.

(સદરહુ અહેવાલની નકલ **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૩૫. ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં શિક્ષકોના કાર્ય-ભાર અંગેનાં હાલનાં ધારાધોરણોમાં કશો ફેરફાર કરવો નહીં."

[નોંધ. —નીચેની બાબતોના સંદર્ભમાં ઉપરની ભલામણ થયેલી છે :

(૧) ગ્રામ્ય વિસ્તારની કૉલેજોના વ્યવસ્થાપક મંડળના સૂચન મુજબ અધ્યાપકોને ઓછાંમાં ઓછાં ૧૮ વ્યાખ્યાનો તથા ૬ ટ્યુટોરિયલ્સ આપવા અંગે.

(૨) શિક્ષકોનો કાર્યભાર ઓછો કરવા અંગેનો આચાર્ય એલ. ડી. દવેનો પ્રસ્તાવ.

(૩) સેનેટની તા. ૧૦/૧૧-૧૦-૧૯૬૯ની સભાએ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ **ઑર્ડિ.** ૧૨૦-એ, જે સિન્ડિકેટે તેની તા. ૭-૧૨-૧૯૬૯ની સભામાં ઍકૅડેમિક કાઉન્સિલની વિચારણાર્થે મોકલવાનું ઠરાવેલ.

(૪) રાજ્ય સરકારે નીમેલ લાલભાઈ સમિતિની ભલામણ અનુસાર બિનસરકારી કૉલેજોને ગ્રાન્ટ આપવાની હોવાથી નાણાકીય બોજ વધારે ઉપાડવાનો રહે. આથી શિક્ષકોનો કાર્યભાર વધારવા અંગેનું શિક્ષણનિયામકનું સૂચન.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૮૮ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૮૮. સરસ્વતી વિદ્યામંડળ, અમદાવાદે, સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ માટે પોતાનું મકાન, સાધનો, ગ્રંથાલય અને ફર્નિચર વગેરે "મંગળ પ્રભાત" ટ્રસ્ટના ઉપયોગ માટે આપેલ જેની મુદત તા. ૩૧-૩-૧૯૭૦ના રોજ પૂરી થતાં હવે ઉપર દર્શાવેલ કોઈ પણ વસ્તુ "મંગળ પ્રભાત" ટ્રસ્ટને આપવામાં આવશે નહીં, તે મતલબના સરસ્વતી વિદ્યામંડળના મંત્રીશ્રી તરફથી તા. ૨૭-૫-૧૯૭૦ના રોજ આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં નીચેના પત્રો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા :

(૧) સરસ્વતી વિદ્યામંડળનો તા. ૨૭-૫-૧૯૭૦નો પત્ર;

(૨) યુનિવર્સિટી કાર્યાલયનો તા. ૩-૬-૧૯૭૦નો જવાબ ક્રમાંક સિં. ૯૭૫૯;

(૩) "મંગળ પ્રભાત" ટ્રસ્ટના મંત્રીશ્રીનો તા. ૩-૬-૧૯૭૦નો પત્ર;

(૪) યુનિવર્સિટી કાર્યાલયનો તા. ૪–૬–૧૯૭૦નો પત્ર ક્રમાંક સિં. ૧૦૦૪૯; અને

(૫) યુનિવર્સિટીના તા. ૪–૬–૧૯૭૦ના પત્રના જવાબમાં આવેલ "મંગળ પ્રભાત"નો તા. ૬–૬–૧૯૭૦નો પત્ર.

સદરહુ બાબત પર લંબાણ ચર્ચાવિચારણા ચાલી. તે દરમ્યાન શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીએ નીચેનો કાનૂની મુદ્દો રજૂ કર્યો:

"સરસપુરમાં 'સરસપુર આર્ટ્સ અને કોમર્સ' કૉલેજના નામથી ચાલતી સંસ્થાને સરસપુર છોડીને કોઈ પણ જાતની વિધિ કર્યા વિના બારોબાર મિરજાપુર વિસ્તારમાં ખસેડીને મૅનેજમેન્ટ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે કે કેમ? આ મુદ્દો એટલા માટે ઊભો થાય છે કે, અમદાવાદમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજો અંગે ગુજરાત યુનિવર્સિટીએ ગયા વર્ષથી જરૂરિયાત(need)ની દૃષ્ટિએ કૉલેજોનો પ્રશ્ન વિચારીને કેટલીક કૉલેજો આવવા દીધી નથી તે સંજોગોમાં આમ કરી શકાય?"

સદરહુ કાનૂની મુદ્દા અંગે કેટલીક ચર્ચા થઈ, અને તે ચર્ચા તા. ૬–૬–૧૯૭૦ના રોજ પૂરી થઈ શકી નહીં, તેથી તે અંગેની ચર્ચા વધુ વિચારણા માટે રવિવાર, તા. ૭–૬–૧૯૭૦ના રોજ પર મુલતવી રાખવામાં આવી. તે પછી સભાગૃહનું કામકાજ તા. ૬–૬–૧૯૭૦ના રોજ બંધ રાખવામાં આવ્યું.

તે પછી સભા, રવિવાર, તા. ૭–૬–૧૯૭૦ના રોજ ફરી મળતાં સદરહુ બાબત અંગે વધુ વિચારણા ચાલી. તે પછી શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રીએ આગલા દિવસે ઉઠાવેલા ઉપરના કાનૂની મુદ્દા અંગે કુલપતિશ્રીએ નીચે મુજબ નિર્ણય આપ્યો :

> "ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ ૩૩ની દૃષ્ટિએ અને આ સાલની અમદાવાદમાં કૉલેજો શરૂ કરવા અંગેની કાર્યવાહીની દૃષ્ટિએ સરસપુર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સરસપુર પરાવિસ્તાર છોડીને શહેર મધ્યેના મિરજાપુર વિસ્તારની વચ્ચે ખસે તેને કાનૂનસર ગણી શકાય નહીં."

તે પછી સિન્ડિકેટના ત્રણ સભ્યો — સર્વશ્રી (૧) ઊર્મિલાબહેન પટેલ, (૨) મણિશંકર પંડ્યા અને (૩) ઠા. મ. દેસાઈ — એ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

> "આથી સિન્ડિકેટની આ સભા ઠરાવે છે કે સમગ્ર પરિસ્થિતિ જોતાં સરસપુર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના સ્થળફેર અંગે કૉલેજ તરફથી જે અહેવાલ મોકલવામાં આવ્યો છે તેને માન્ય રાખવો અને કૉલેજના સ્થળફેર અંગે અન્ય કિસ્સાઓમાં જેમ મકાનની યોગ્યતા તપાસવા માટે સ્થાનિક તપાસસમિતિની નિમણૂક કરવામાં આવે છે, તેમ સરસપુર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના મિરજાપુર રોડ ઉપરના મકાનની યોગ્યતા તપાસવા માટે કૉમર્સ ફૅકલ્ટીના ડીન આચાર્યશ્રી કે. એમ. તલાટીની નિમણૂક કરવામાં આવે છે."

શ્રી. રણજિતભાઈ શાસ્ત્રીના ઉપર જણાવેલ કાનૂની મુદ્દા અંગે પ્રમુખશ્રીએ આપેલો નિર્ણય જોતાં સદરહુ પ્રસ્તાવ અંગે વિચારવાપણું રહ્યું નહીં.

૪૨. Viva-voceની પરીક્ષા માટે આવતા પરીક્ષકોને હવાઈ-પ્રવાસ મંજૂર કરવામાં આવે ત્યારે ઇન્સિડેન્ટલ ખર્ચ માટે પ્રત્યેક ટ્રપ દીઠ રૂ. ૨૦ (વીસ)ના મુકરર કરે ચુકવણી કરવાના, વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૬–૨–૧૯૭૦ના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—પ્રાન્તિક–પરીક્ષકોને અપાતા ઇન્સિડેન્ટલ ખર્ચ માટે હાલનો નિયમ નીચે પ્રમાણે છે :

Paper-setters and examiners will be entitled to incidental charges of Rs. 12–50 each way if the distance travelled is more than 750 kms. each way. However paper-setters and examiners appointed at the post-graduate and Ph.D. examinations and who had to travel for a distance of more than 750 kms. will be paid and additional allowance of Rs. 6–25 Paise for every additional twelve hours or part thereof exceeding one full day (24 hours) spent in continuous journey.]

આથી ઠરાવવામાં આવે છે કે પીએચ.ડી.ની મૌખિક (Viva-voce) પરીક્ષા માટે બહારગામથી આવતા પરીક્ષકોને હવાઈ-પ્રવાસ માટે મંજૂરી આપવામાં આવે તો તેમના ઇન્સિડેન્ટલ ખર્ચ માટે હાલનો નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

Paper-setters and examiners will be entitled to incidental charges of Rs. 12·50 each way if the distance travelled is more than 750 kms. each way. However, a Paper-setter or an Examiner appointed at the Post-graduate and Ph.D. Examinations, who has to travel a distance of more than 750 kms. each way will be paid an additional allowance of Rs. 6–25 Paise for every additional twelve hours or part thereof exceeding one full day (24 hours) spent in continuous journey, provided that the Examiners for Viva-voce for the Ph.D. Examination shall, when permitted to travel by air, be paid incidental expenses each way at the rate of 1/8th of the air-fare subject to a maximum of Rs. 20/–.

૪૩. ટી.વાય.બી.કોમ.ની પરીક્ષામાં પ્રથમ પ્રયાસે પ્રથમ વર્ગમાં સૌથી વધુ ગુણાંક મેળવી પ્રથમ આવનારને "સ્વ. શ્રી. મોજીલાલ પુરુષોત્તમદાસ એમ. પંડ્યા અને શ્રીમતી જયાલક્ષ્મી એમ. પંડ્યા" સુવર્ણચંદ્રક આપવા અંગે રૂ. ૫,૦૦૨નું દાન સ્વીકારવા તથા સદરહુ પ્રદાનના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો અને તે અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે.)

૪૬. 'શ્રી. સી. સી. દેસાઈ શિષ્યવૃત્તિ'ને 'શ્રી. સી. સી. દેસાઈ પારિતોષિક'માં ફેરવવા તથા તે અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે 'શ્રી. સી. સી. દેસાઈ શિષ્યવૃત્તિ'ને 'શ્રી. સી. સી. દેસાઈ પારિતોષિક'માં ફેરવવાનો પ્રસ્તાવ મંજૂર કરવો તથા તે મુજબના સુધારેલા નિયમો મંજૂર કરવા.

('શ્રી. સી. સી. દેસાઈ પારિતોષિક' અંગેના મંજૂર કરેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૪૫. વિદ્યાર્થીઓના છાત્રાલયના ગૃહપતિના મકાનના બાંધકામ માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૮૦૦૦ની વધારાની જોગવાઈ કરવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલયના ગૃહપતિના મકાનના બાંધકામ અંગે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૮૦૦૦ની વધારાની જોગવાઈ કરવી.

૪૬. યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસ માટેના ભાડાના દર નીચેના નિયમ નં. ૭ ઉપર પુનર્વિચારણા કરવા બાબત :

Rule No. 7 :

The charges for Guest House will be as under :

(1) For person (or his/her family connected with University or its affiliated colleges institutions) Rs 5/- per bed per day per person for a period of 24 hours or a part thereof.

(2) For other persons (or family) subject to availability of rooms with the special approval of the Registrars (for persons not connected with the University or its affiatedli colleges or institutions) Rs. 8/- per day.

આથી ઠરાવવામાં આવે છે કે અતિથિગૃહ (Guest House) અંગેનો નિયમ નં. ૭ આ સાથે જોડેલા પરિશિષ્ટ મુજબ સુધારવો.

૪૭. નાગપુર યુનિવર્સિટી, નાગપુરના આશ્રયે તા. ૨૭-૧-૧૯૭૦થી તા. ૩૦-૧-૧૯૭૦ દરમિયાન મળેલ ફ્રિન્થ નેશનલ સેમિનાર ઓફ સ્ટડન્ટ્સ એડવાઈઝરી બ્યૂરોઝ ઇન ઇન્ડિયાએ કરેલી ભલામણો પૈકી ભલામણ ક્રમાંક ૩ અંગે વિચારણા કરવા બાબત અને બાકીની ભલામણોની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૮. કૉલેજોમાં અને યુનિવર્સિટીઓમાં શારીરિક શિક્ષણના ડિરેક્ટર તરીકે કામ કરનાર માટે ભારત સરકારના શિક્ષણ અને યુવકસેવા મંત્રાલય તરફથી શૈક્ષણિક લાયકાત અને તેને આનુષંગિક પગારધોરણો માટે સૂચનો કરતા તા. ૧૮-૧૧-૧૯૬૯ના આવેલ પત્રાંક એફ. ૧૦-૧૪/૬૭ વાય. એસ. પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૯. ભારત સરકારના શિક્ષણમંત્રાલય અને યુવક પ્રવૃત્તિ વિભાગ તરફથી નેશનલ સ્પોર્ટ્સ ઓર્ગેનાઇઝેશનની યોજના પ્રમાણે યુનિવર્સિટીઓને જિમ્નેશિયમ, સ્વિમિંગ પુલ અને સ્પોર્ટ્સ પેવેલિયનની સગવડો વધારવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી પ્રત્યેક માટે અનુક્રમે વધુમાં વધુ ૨.૫ લાખ, ૫.૩ લાખ, અને ૨.૫ લાખના આર્થિક ૩૫ ટકા, ૫૦ ટકા, ૫૦ ટકા સહાય આપવામાં આવશે તેમ જણાવતો પત્ર આવેલ છે તે પ્રમાણે માંગણી કરતાં ઉપરોક્ત સગવડો આપણી યુનિવર્સિટીમાં વધારવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આર્થિક સહાય મળે તો બાકીનો અંદાજ ખર્ચ જે આશરે રૂ. ૫,૬૪,૫૪૦ થવા સંભવ છે તો તે અંગેની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ**—પ્રત્યેક પ્રોજેક્ટ માટેનો અંદાજ ખર્ચનો રકમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળનાર સહાય અને યુનિવર્સિટીએ ખર્ચવાની અંદાજ રકમ અંગેની વિગતો નીચે પ્રમાણે છે :

પ્રોજેક્ટ	ખર્ચનો અંદાજ રકમ રૂ.	યુ. ગ્રા. ક.ની સહાય રૂ.	યુનિવર્સિટીએ ખર્ચવાની રકમ રૂ.
૧. જિમ્નેશિયમ (૧૨૦'×૯૦')	૩,૪૮,૦૦૦	૧,૮૭,૫૦૦	૧,૬૦,૫૦૦
૨. સ્વિમિંગ પુલ ૫૦ મી. × ૨૧ મી.	૫,૨૩,૫૪૦	૨,૫૦,૦૦૦	૨,૭૩,૫૪૦
૩. સ્પોર્ટ્સ પેવેલિયન	૨,૫૫,૦૦૦	૧,૨૫,૦૦૦	૧,૩૦,૦૦૦
	૯,૨૫,૫૪૦	૪,૬૩,૦૦૦	૫,૬૪,૫૪૦]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કેમ્પસ પર એક જિમ્નેશિયમ, એક સ્વિમિંગ પુલ અને એક સ્પોર્ટ્સ પેવેલિયન ઉપર જણાવેલ અંદાજી ખર્ચે બાંધવાના પ્રસ્તાવનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને તે માટે ભારત સરકાર તરફથી જરૂરી આર્થિક સહાય મંજૂર થયેથી તે અંગે ઘટતાં પગલાં લેવાં.

૫૦. માર્ચ–એપ્રિલ ૧૯૭૦માં લેવાયેલ પ્રથમ બી.એ. પરીક્ષામાં બેઠેલ એક વિદ્યાર્થીના કેસ અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે કાર્યાલયે સ્પષ્ટતા કરી કે તે અંગેની મુશ્કેલીનું નિવારણ થયેલું હોઈ તે બાબતમાં વિશેષ વિચારણા કરવાપણું રહેતું નથી.

૫૧. The Indian Association for programmed learningનું ચોથું અધિવેશન મુંબઈ ખાતે Programmed Instruction for the Seventies વિષય પર ઓક્ટોબર ૨૩થી ૨૫, ૧૯૭૦ના સમય દરમિયાન યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના પ્રમુખશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. જી. દેસાઈને મોકલવા.

૫૨. The Indian National Science Academy ઑક્ટોબર ૧૯૭૦ના સમય દરમિયાન ન્યૂ દિલ્હી મુકામે National Conference on "SI" Units in Education પર અધિવેશન યોજે છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગ આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ડી. એમ. ભાવસારને મોકલવા.

૫૩. બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજ, બંભાતમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે મળનાર બીજા હપતાની અનુદાનની રકમ સામે મૅચિંગ શેરની વર્ષ ૧૯૬૮-૬૯ની બચતમાંથી રૂ. ૧૨,૧૧૭-૫૬ પૈસાની માંગણી કરે છે તો તે રકમ અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ**—(૧) વર્ષ ૧૯૬૮-૬૯ની આ કેન્દ્રની કુલ બચત રૂ. ૨૨,૭૭૭-૨૦ પૈસા છે.

(૨) યુ. જી. સી.ના રૂ. ૫૦,૦૦૦ ના અનુદાન સામે યુનિવર્સિટીએ રૂ. ૨૫,૦૦૦ આપવાના થાય તેમાંથી મૅચિંગ શેર તરીકે યુનિવર્સિટીએ વર્ષ ૧૯૬૭-૬૮ની તમામ બચત રૂ. ૧૨,૮૮૨-૪૪ પૈસા અગાઉ સિન્ડિકેટે તેની તા. ૧૭-૫-૧૯૬૮ ની સભામાં મંજૂર કરેલા તે આપેલા છે.

(૩) સિન્ડિકેટે તેની તા. ૬-૭-૧૯૬૮ની સભામાં બાબત નં. ૨૭ થી જે નિયમો તૈયાર કર્યા છે તેમાં પોતાની એક વર્ષની કુલ બચતથી વધું નહીં તેમ ઠરાવેલ છે.

(૪) યુ. જી. સી. તરફથી તે કૉલેજને બીજો હપતો હજુ મળ્યો નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે બી. સી. જલુંધવાલા સાયન્સ કૉલેજમાં ચાલતા અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી તેને મળનાર અનુદાનના બીજા હપતાની રકમ સામે સદરહુ કેન્દ્રની વર્ષ ૧૯૬૮-૬૯ની બચતમાંથી રૂ ૧૨,૧૧૭-૫૬ પૈસાની રકમ 'મૅચિંગ શેર' તરીકે મંજૂર કરવી, અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો હપતો મળ્યે તે રકમની ચુકવણી કરવાનું રાખવું.

૫૪. ગુજરાત રાજ્યના નાણા ખાતાના તા. ૨૯-૪-૧૯૭૦ના ઠરાવ નં. વી. આઈ. બી. ૧૨૭૦-જેથી સરકારી કર્મચારીઓને અપાતા મોંઘવારી ભથ્થાના દરમાં તા. ૧-૫-૧૯૭૦થી વધારો આપવાનું ઠરાવ્યું હોવાથી આ મોંઘવારી ભથ્થાનો લાભ યુનિવર્સિટીના કર્મચારીઓને આપવા બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે કે ગુજરાત રાજ્યના કર્મચારીઓ માટે તા. ૧-૫-૧૯૭૦થી મોંઘવારી ભથ્થામાં જે વધારો થયો છે તે વધારાને અનુલક્ષીને યુનિવર્સિટીના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓને માટે મોંઘવારી ભથ્થાંના દર શા થાય તે અંગેનું ફૉષ્ટક તૈયાર કરીને સદરહુ બાબત આ સભા સમક્ષ ફરીથી રજૂ કરવાનું રાખવું.

૫૫. ફાઈનાન્સ સમિતિની તા. ૧-૬-૧૯૭૦ના રોજ મળેલ સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧-૬-૧૯૭૦ના રોજ મળેલી સભાની ભલામણ મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની ભલામણ પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૫૬. યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં નવાં પગારધોરણો અંગે કેટલી જવાબદારી થાય તે અંગેની કેટલીક માહિતી તાત્કાલિક તૈયાર કરવાની હોઈ તે માટે યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓ પાસે અધિક સમય (Over time) કામ કરાવવાનું થયું તે મંજૂર કરી તે અંગે તેઓને ભથ્થું આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે યુનિવર્સિટીના સંબંધકર્તા કર્મચારીઓને માટે અપવાદરૂપે, રૂ ૨૩૩-૬૫ પૈસાનું વધારાનું વેતન મંજૂર કરવું, અને તે સંબંધકર્તા કર્મચારીઓને તેની ચુકવણી કરવા માટે શ્રી કુલસચિવને સત્તા આપવી.

૫૭. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણશાસ્ત્રના રીડર તરીકે કામ કરતા ડૉ. કે. એ. ઠાકર તા. ૩૧-૫-૧૯૭૦ના રોજ રાજીનામું આપી છૂટા થયેલ હોઈ (અ) તેમને ખાતે નીકળતી પ્રૉ. ફંડની રકમ પરત કરવા, અને (બ) સ્ટ. ૧૯૩-એ મુજબ ગ્રેચ્યુઈટીની રકમ આપવા અંગેની તેઓની તા. ૨૨-૫-૧૯૭૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ**—ડૉ. કે. એ. ઠાકર તા. ૧૭-૧૦-૧૯૫૯ના રોજ ભવનમાં જોડાયા હતા અને તા. ૩૧-૫-૧૯૭૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. કે. એ. ઠાકરને તેમને ખાતે નીકળતી (અ) પ્રૉવિડન્ટ ફંડની રકમ, અને (બ) ગ્રેચ્યુઇટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૫૮. યુનિવર્સિટી હૉસ્ટેલમાં હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ તરીકે કામ કરતા શ્રી. સી. એસ. પટેલ તા. ૮-૨-૧૯૭૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ**—શ્રી. સી. એસ. પટેલ તા. ૩૦-૭-૧૯૬૫ના રોજ હૉસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ તરીકે જોડાયા હતા અને તા. ૮-૨-૧૯૭૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. સી. એસ. પટેલને તેમને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૫૯. આચાર્યશ્રી કે. એન. શાહના તા. ૯-૫-૧૯૭૦ના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત:

"The Professors appointed in the University may be given two blocks in the Lecturers' quarters and should be charged 10%

of their Basic Salary while Readers appointed in the University may be given two blocks in the Teachers' Hostel and should be charged 10 % of their basic salary."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ આચાર્ય કે. એન. શાહે સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો તેથી તે અંગે વિચારવાપણું રહ્યું નહીં.

૬૦. એન.સી.સી. ગ્રુપ હેડક્વાર્ટર્સમાં યોજાતી હરીફાઈઓ અંગે એક રોલિંગ ટ્રોફી માટે રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર) એન.સી.સી. ગ્રુપ હેડક્વાર્ટર્સને ફાળવવા વિનંતી કરતા એન.સી.સી. ગ્રુપ હેડક્વાર્ટર્સના કમાન્ડરના તા. ૨૩–૨–૧૯૭૦ના ડી. ઓ. પત્રાંક ૧૮૨–જી ૫૨ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૧. કેનેડાની યુનિવર્સિટી ઑફ ટોરોન્ટોમાં પોસ્ટ-ડોક્ટરલ ફેલોશિપ માટે તા. ૨૦–૬–૧૯૭૦થી તા. ૩૧–૮–૧૯૭૦ સુધીની અભ્યાસ-રજા આપવા અંગેના વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્રના પ્રા. ડૉ. સી. જી. ખત્રીના તા. ૧૧–૫–૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.** — (૧) ડૉ. ખત્રીએ આ કામગીરી દરમિયાન જર્મની ખાતે ઇન્ટરનેશનલ બાયોમેટ્રિક કૉન્ફરન્સમાં તા. ૧૫–૮–૧૯૭૦થી તા. ૨૨–૮–૧૯૭૦ સુધી હાજર રહેવાનું નિમંત્રણ સ્વીકારેલ છે.

(૨) ડૉ. ખત્રીને માસિક ૬૦૦ ડૉલરની ફેલોશિપ મળશે.

(૩) ડૉ. ખત્રીને હાલ મૂળ માસિક રૂ. ૧,૩૦૦નો પગાર મળે છે.

(૪) ડૉ. ખત્રી હાલ બે વર્ષના પ્રોબેશન પર છે.

(૫) ડૉ. ખત્રીએ આ નિમંત્રણ સ્વીકારતાં પહેલાં યુનિવર્સિટીની પરવાનગી મેળવી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. સી. જી. ખત્રીને કેનેડાની યુનિવર્સિટી ઑફ ટોરોન્ટોમાં પોસ્ટ-ડૉક્ટોરલ ફેલોશિપ સ્વીકારવા માટે તા. ૨૦–૬–૧૯૭૦થી તા. ૩૧–૮–૧૯૭૦ સુધી વગરપગારની રજા મંજૂર કરવી, અને તેમને જણાવવું કે યુનિવર્સિટીની પરવાનગી અગાઉથી મેળવ્યા સિવાય આ પ્રકારનું નિમંત્રણ સ્વીકારવું એ યોગ્ય નથી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિદ્યાભવનોના અધ્યક્ષોને જણાવવું કે યુનિવર્સિટીના શિક્ષકોએ પરદેશની કોઈ પણ યુનિવર્સિટી કે અન્ય સંસ્થા સાથે કોઈ પણ પ્રકારની આર્થિક મદદ કે તેમના નિમંત્રણ અંગે પ્રત્યક્ષ કે પરોક્ષ પત્રવ્યવહાર કરવો નહીં, કે પ્રત્યક્ષ કે પરોક્ષ કોઈ પ્રયત્ન કરવો નહીં.

૬૨. ધી ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઍડ્વાન્સ્ડ સ્ટડીઝના ઉપક્રમે મુંબઈ મુકામે જાન્યુઆરી ૧૯૭૧ના પ્રથમ સપ્તાહમાં મળનાર Dialectics of Indian Democracyની

બીજી અખિલ ભારતીય વિજ્ઞાન પરિષદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સંસ્થાના અધ્યક્ષ તરફથી આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. એચ. જે. પંડ્યાને મોકલવા.

૬૩. નંદાદેવી પર્વતારોહણ માટે જનાર વિદ્યાર્થીઓની ટુકડીમાં મ્યુનિસિપલ મેડિકલ કૉલેજમાં હાઉસમેનશિપ કરી રહેલ (૧) શ્રી. કરુબાલ આર. હકીમ અને (૨) શ્રી. રાહુલ એમ. હાકરની તબીબી અધિકારીઓ તરીકે ગુજરાત રાજ્યની સ્ટેટ કાઉન્સિલ ઑફ સ્પોર્ટ્સે નિમણૂક કરી હોઈ સદરહુ બન્ને વિદ્યાર્થીઓની તા. ૧૯-૫-૧૯૭૦થી તા. ૧૯-૭-૧૯૭૦ સુધીના સમયની તેમની ઉપરોક્ત બાબતની કામગીરી હાઉસમેનશિપના ભાગ તરીકે ગણવા અંગેના, ગુજરાત રાજ્યની સ્ટેટ કાઉન્સિલ ઑફ સ્પોર્ટ્સના સેક્રેટરીના તા. ૨૩-૫-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓને ઉપર જણાવેલી કામગીરી તેમના હાઉસ-મેનશિપના ભાગ તરીકે ગણવાનું, ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલની અનુમતિ આવ્યેથી મંજૂર કરવું.

૬૪. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) જૂન ૧૯૭૦ના પ્રથમ સપ્તાહ દરમ્યાન પૂના મુકામે થનાર ધ ઑલ-ઇન્ડિયા સેમિનાર ઑન કંપેરેટિવ સ્ટડી ઑફ પોલિટિકલ થિયરીઝના સેમિનારમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે હાજરી આપવા અંગે સમાજવિદ્યા ભવનના શ્રી. જે. કે. પટેલને મંજૂરી આપ્યાના;

(૨) તા. ૨૨-૧૧-૧૯૬૯ના સ્થાયી સમિતિની કેટલીક ભલામણો પૈકી નીચેની ભલામણ જે સિન્ડિકેટે તેની તા. ૬/૭-૧૨-૧૯૬૯ની સભામાં મંજૂર કરી છે તેમાં કેટલાક શાબ્દિક ફેરફાર કર્યાના (ફેરફાર થતાં આ ભલામણ નીચે પ્રમાણે વંચાશે :

> "વધુમાં સદરહુ સમિતિની ભલામણ નં. ૭ ના સંદર્ભમાં ઠરાવવામાં આવ્યું કે, નીચેના વૉર્ડબૉય, ચોકીદાર અને માળીને હાલ ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવ્યું છે તેમની પાસેથી તા. ૧-૭-૧૯૬૮થી યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર વૈચારિક રીતે (notionally) ઘરભાડું લેવાનું રાખવું, અને તેમને હાલમાં જે સાઈકલ ભથ્થું આપવામાં આવતું નથી તે સાઈકલ ભથ્થું વૈચારિક રીતે (notionally) તા. ૧-૭-૧૯૬૮થી તેમના મૂળ પગારમાં મેળવીને તેમને સિન્ડિકેટે તેની તા. ૧-૧૧-૧૯૬૯ની સભામાં મંજૂર કરેલા ઠરાવનો લાભ તા. ૭-૧૨-૧૯૬૯થી આપવો :
>
> ૧. શ્રી ડી. એમ. પાટિલ, વૉર્ડબૉય
> ૨. શ્રી જી. જી. જાદવ, ચોકીદાર
> ૩. શ્રી રામદીન અનંગ, માળી
> ૪. શ્રી બચુ મનજીભાઈ, માળી
> ૫. શ્રી રામશરણ ભગવતી, માળી);

(૩) વિજ્ઞાનવિદ્યા ભવનના લેક્ચરર-ઇન-કેમિસ્ટ્રી શ્રી. આઈ. જી. વશીને સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૨-૧૯૭૦ની સભામાં અનિવાર્ય સંજોગોના કારણે ઇન્ડિયન કેમિકલ સોસાયટી,

ખડગપુર ખાતે યોજાયેલ પરિષદમાંથી પાછા આવવા માટે રૂ. ૪૦૦–૦૦ સુધીનું હવાઈ-પ્રવાસનું ખર્ચ મંજૂર કરેલું હતું પણ આ અંગે તેઓને કુલ રૂ. ૪૮૨–૦૦નું હવાઈ-પ્રવાસનું ખર્ચ થયેલ હોઈ રૂ. ૮૨–૦૦નું વધારાનું ખર્ચ મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૬૫. યુનિવર્સિટી કાર્યાલયમાં તથા ગ્રંથાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનો અજમાયશી સમય તેમનાં નામ સામે બતાવેલ તારીખથી પૂરો થતો હોઈ તેઓને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. એસ. પી. મેઢ	ડે. રજિસ્ટ્રાર	૧૦–૮–૧૯૭૦	૧૧–૮–૧૯૭૦
(૨)	શ્રી. ડી. એમ. પાટિલ	વોર્ડબોય	૨૫–૮–૧૯૭૦	૨૬–૮–૧૯૭૦
(૩)	શ્રી. એમ. એસ. જોષી	હેડકલાર્ક	૧૩–૮–૧૯૭૦	૧૪–૮–૧૯૭૦

ઉપરના સભ્યોની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ઉપરના ત્રણે સભ્યોને તેમની સદરહુ જગ્યા પર તેમનાં નામ સામે દર્શાવેલ તારીખથી કાયમ કરવા.

૬૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં કામ કરતા નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે બતાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
(૧)	શ્રી. યુ. એમ. રાવળ	લેક્ચરર-ઇન-ઝૂલોજી	૨૯–૮–૧૯૭૦	૩૦–૮–૧૯૭૦
(૨)	શ્રી. આર. બી. શાહ	લેબો. આસિસ્ટન્ટ	૨૨–૮–૧૯૭૦	૨૩–૮–૧૯૭૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૭. યુનિવર્સિટી કાર્યાલયમાં વિકાસ અધિકારી(ડેવલપમેન્ટ ઑફિસર)ની એક હંગામી જગ્યા માટેની તા. ૫–૬–૧૯૭૦ની વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે :—

(૧) ડેવલપમેન્ટ ઑફિસરની જગ્યા પર શ્રી. ભૂપેન્દ્રકુમાર એમ. પટેલને રૂ. ૭૦૦–૫૦–૧,૨૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૭૫૦થી એક વર્ષના અજમાયશી ધોરણે નીમવા અને તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર રાખેલા મુજબનાં ભથ્થાં ઉપરાંત માસિક રૂ. ૫૫નું સ્કૂટર ભથ્થું આપવું.

(૨) ડેપ્યુટી રજિસ્ટ્રાર (ફાઇનાન્સ એન્ડ એકાઉન્ટ્સ)ની જગા હાલ પૂરતી સ્થગિત કરવી અને તે જગાની કામગીરી પણ ડેવલપમેન્ટ ઑફિસરને સોંપવાનું રાખવું.

(૩) ડેવલપમેન્ટ ઑફિસરની જગ્યા ભવિષ્યમાં કાયમ કરવાનું વિચારવું અને તે કાયમ થયેથી ડેપ્યુટી રજિસ્ટ્રાર (ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટ્સ)ની જગ્યા કમી કરવી.

(સદરહુ સમિતિની તા. ૫–૬–૧૯૭૦ની ભલામણ **પરિશિષ્ટ "દ"** તરીકે સામેલ છે.)

૬૮. યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યાલય નિયામકની એક કાયમી જગ્યા માટેની તા. ૨૮–૫–૧૯૭૦ની વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે શ્રી. આર. બી. શાહની તા. ૭–૬–૧૯૭૦ની નોંધ પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે કાર્યાલય નિયામકની ખાલી પડેલી એક જગ્યા પર શ્રી. પી. પી. શાહની રૂ. ૩૨૦–૨૦–૪૦૦ઈ.બી.૨૦–૫૦૦ના પગારધોરણમાં રૂ. ૩૨૦ના મૂળ માસિક પગારથી એક વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૮–૫–૧૯૭૦ની ભલામણ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.

૬૯. વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-સ્ટેટિસ્ટિક્સની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૬–૬–૧૯૭૦ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-બોટાનીની જગ્યા માટેની વરણીસમિતિની તા. ૫–૬–૧૯૭૦ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર-ઇન-બોટાનીની બે જગ્યા પર રૂ. ૪૦૦–૪૦–૮૦૦–૫૦–૯૫૦ના પગારધોરણમાં માસિક રૂ. ૪૦૦ના પગારથી નીચેના બે ઉમેદવારોની બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી :

(૧) ડૉ. બી. એમ. જાની

(૨) શ્રીમતી પટેલ હેમલતા ડી.

(**સદરહુ** વરણીસમિતિની તા. ૬–૬–૧૯૭૦ની ભલામણો **પરિશિષ્ટ "ન"** તરીકે સામેલ છે.)

૭૧. "The Numismatics Society of India"નું પહેલું વાર્ષિક અધિવેશન નવેંબર ૧૯૭૦ના બીજા સપ્તાહ દરમિયાન નાગપુર મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા માટે મજકૂર સોસાયટીના ચેરમેન તરફથી મોકલેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે **સદરહુ** સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહીં.

૭૨. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણોના સંદર્ભમાં નીચેની બાબતો પર વિચારણા કરવા બાબત :

(૧) જે સંલગ્ન કૉલેજોમાં અનુસ્નાતક કેન્દ્રો ચાલે છે તે કૉલેજો પૈકી કઈ કૉલેજોના આચાર્યોને રૂ. ૮૦૦-૫૦-૧૨૫૦ના પગારધોરણમાં મૂકવા.

(૨) જ્યાં અનુસ્નાતક કેન્દ્રો ચાલે છે તેવી સંલગ્ન કૉલેજોના જે પ્રાધ્યાપકોને તા. ૧-૪-૧૯૬૬ના રોજ એક વર્ષનો અનુસ્નાતક શિક્ષણનો અનુભવ હોય તેવા પ્રાધ્યાપકો પૈકી કયા પ્રાધ્યાપકોને રૂ. ૭૦૦-૧૧૦૦ના પગારધોરણમાં મૂકવા તથા તેઓ માટે કયાં શૈક્ષણિક લાયકાતનાં ધોરણો રાખવાં.

(૩) તા. ૧૫-૬-૧૯૭૦થી નવા નિમાયેલા શિક્ષકોને કૉલેજોએ કયા ધોરણે મોંઘવારી-ભથ્થું આપવું.

(૪) રાજ્ય સરકારના ઠરાવમાં ગુજરાત રાજ્યની બીજી યુનિવર્સિટીઓમાંથી આપણી યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં જોડાયેલ શિક્ષકો કે ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાંથી ગુજરાત યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કે માન્ય સંસ્થાઓમાં જોડાયેલા શિક્ષકો અંગે ઉલ્લેખ નથી.

(૫) રાજ્ય સરકારના ઠરાવમાં ગુજરાત યુનિવર્સિટીના માન્ય સંસ્થાઓના શિક્ષકોનાં પગારધોરણ અંગે કે તેઓ એક સંસ્થામાંથી બીજી સંસ્થા કે યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજમાં કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનમાં જોડાય તે અંગે ઉલ્લેખ નથી.

[**નોંધ**.—(૧) રાજ્ય સરકાર તરફથી શિક્ષકોનો મૂળ પગાર ગણવાની પદ્ધતિ અંગે હજુ સુધી જાણ થઈ નથી.

(૨) રૂ. ૮૦૦-૫૦-૧૨૫૦ અને રૂ. ૭૦૦-૧૧૦૦નાં પગારધોરણોમાં અનુક્રમે જે આચાર્યો અને પ્રાધ્યાપકોને મૂકવાના છે તેનો અમલ સિન્ડિકેટ જે તારીખથી આ નિમણૂકોને માન્યતા આપશે તે તારીખથી થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૩. જૂન ૧૯૭૦થી નવી કૉલેજો શરૂ કરવા માટે આવેલ જોડાણઅરજીઓની બાબતમાં સેનેટે મૂકેલ શરતોના પરિપાલન અંગે કૉલેજ શરૂ કરનાર જે તે સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોના જોડાણ અંગેની શરતોનું પૂરેપૂરું અને યથાર્થ પરિપાલન હજુ થયું નથી તેની ગંભીરતા તરફ જે તે કૉલેજોનું ધ્યાન ખેંચવું અને તેનું ત્વરિત પરિપાલન કરીને યુનિવર્સિટી કાર્યાલયને રિપોર્ટ કરવા માટે જણાવવું, અને ઉમેરવું કે જોડાણની શરતોનું પરિપાલન થાય નહીં તો વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે યુનિવર્સિટી જવાબદાર ગણાશે નહીં.

વધુમાં ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની કૉલેજોના આચાર્યો માટેની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણોનો પ્રશ્ન એકેડેમિક કાઉન્સિલની વિચારણા હેઠળ છે તેના સંદર્ભમાં શ્રી. બી. એમ. ગાંધીને આશરે ૭ માસનો શૈક્ષણિક અનુભવ ખૂટે છે તે ક્ષમ્ય ગણવો અને ખંભાતની કાયદાની કૉલેજ અંગે નિમાયેલ તપાસ-સમિતિનો અહેવાલ આવ્યેથી તે આ સભા સમક્ષ રજૂ કરવો.

વધુમાં ખંભાત તાલુકા કેળવણી મંડળ દ્વારા શરૂ કરાનાર ફાર્મસી કૉલેજના જોડાણની શરતોના પરિપાલન અંગેની સમિતિને પોતાની તપાસમાં નીચેના મુદ્દાઓને સ્પષ્ટ રીતે આવરી લઈને પોતાનો હેવાલ રજૂ કરવા માટે જણાવવું :

(૧) યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર આચાર્યશ્રી જરૂરી લાયકાત ધરાવે છે કે કેમ ?

(૨) સદરહુ કૉલેજના મકાન માટે તેના મકાન ફંડમાં રૂ. ૧,૫૦,૦૦૦ની રકમ જુદા અનામત ભંડોળમાં ઈયરમાર્ક્ડ ફંડ તરીકે જમા મૂકવામાં આવેલી છે કે કેમ ? અને નવી કૉલેજો માટેનું મકાન તૈયાર થાય ત્યાં સુધી વર્ગો તથા પ્રયોગશાળા અને ગ્રન્થાલય માટે વચગાળાની જે વ્યવસ્થા કરવામાં આવી છે તે સંતોષકારક છે કે કેમ ?

(૩) પ્રયોગશાળા અને ગ્રન્થાલય માટે જરૂરી ખર્ચ કરવામાં આવ્યું છે કે કેમ ?

(૪) શરત નં. ૮ મુજબ રૂ. ૨,૦૦,૦૦૦ના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે કે કેમ ? તથા

(૫) અન્ય શરતોનું સંતોષકારક પરિપાલન થયું છે કે કેમ ?

વધુમાં ઠરાવવામાં આવે છે કે એન્જિનિયરિંગ મિકેનિક્સના વ્યાખ્યાતા અને જીવવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર બંને સમયના હોય તો તેમનો કાર્યભાર જોતાં પર્યાપ્ત ગણવા.

૭૪. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨-બ પછી કરવામાં આવી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૭૫. જૂન ૧૯૭૦થી ચાલુ/વધારાનું કાયમી જોડાણ મેળવવા માટે સંલગ્ન કૉલેજો તરફથી આવેલ જોડાણઅરજીઓ પર સેનેટે મૂકેલ શરતોના પરિપાલનના અહેવાલો તા. ૧૫-૫-૧૯૭૦ સુધીમાં આવી જવા જોઈતા હતા પરંતુ નીચેની કૉલેજો તરફથી હજુ સુધી સદરહુ અહેવાલો આવ્યા નથી તો તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) આર. આર. લાલન કૉલેજ, ભુજ

(૨) બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર

(૩) લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા

(૪) શ્રી. કે. કે. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સભાગૃહને જાણ કરવામાં આવી કે લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડાનો, જોડાણની શરતોના પરિપાલન અંગેનો અહેવાલ કાર્યાલયમાં આવેલ છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, બાકીની ત્રણે કૉલેજોને જોડાણની શરતોનું પરિપાલન કરીને કાર્યાલયને તેનો ત્વરિત રિપોર્ટ કરવા માટે જણાવવું.

૭૬. શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદનું જૂન ૧૯૭૦થી વિભાગીકરણ કરવા તથા વિભાજ્ય થતી વિનયનની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વિદ્યાશાખા સંયોજિત કરવા માટે આવેલ જોડાણઅરજી પર સેનેટે મૂકેલ શરતોના પરિપાલન અંગે આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ

(૧) વાણિજ્યના તથા એકાઉન્ટન્સીના વ્યાખ્યાતાઓની શરત મુજબ નવી નિમણૂંકો કરેલ નથી. આ બન્ને વિષયોનો કુલ્લે કાર્યભાર થતાં તેની તે તે વિષયના શિક્ષકો વચ્ચેની વહેંચણી પણ જણાવેલ નથી કે જેથી નવી નિમણૂંકોની જરૂર નથી તેવો નિર્ણય કરવો પણ મુશ્કેલ છે.

(૨) આચાર્યશ્રીને વ્યવસ્થાપક મંડળના સભ્ય બનાવતા ઠરાવની નકલ મોકલી નથી.

(૩) આચાર્યશ્રીને આપવામાં આવેલ ભાડામુક્ત રહેઠાણનું ક્ષેત્રફળ દર્શાવેલ નથી.

(૪) વાણિજ્યની વિદ્યાશાખા માટે ગ્રંથાલય માટે કરવાનો રૂ. ૭,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરેલ નથી.

(૫) પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૪,૦૦૦ના કરવાના આવર્તક ખર્ચ અંગે બાંયધરી નથી.

(૬) "યુનિવર્સિટીના નિયમો મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે છે" તેવી સ્પષ્ટતા નથી.

શ્રીમતી એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ

(૧) ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજીના વ્યાખ્યાતાઓની નવી નિમણૂંકો કરવામાં આવી નથી તેમ જ તે તે વિષયનો કુલ કાર્યભાર અને તે કાર્યભાર તે તે વિષયના શિક્ષકો વચ્ચેની વહેંચણી દર્શાવેલ નથી, તેથી નવી નિમણૂંકોની જરૂર નથી તેમ નક્કી કરી શકાય.

(૨) પુસ્તકો અને સામયિકો માટે રૂ. ૩,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવશે તે અંગે બાંયધરી નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોના જોડાણની શરતોનું ત્વરિત પરિપાલન કરીને યુનિવર્સિટી કાર્યાલયને ઋણ કરવા માટે તેમને જણાવવું.

૭૭. સિન્ડિકેટની તા. ૧૪-૫-૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર નીચેની બાબતો પર શિક્ષણની અભ્યાસસમિતિએ તેની તા. ૧૪-૪-૧૯૭૦ની સભામાં નીચેની બાબતો અંગે કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત :

બાબતો

(અ) બી.એડ.ના અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેનાં ધારાધોરણોમાં હાલ શિક્ષણકામના કશા પણ અનુભવ વિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની જોગવાઈ છે તે જોગવાઈ બાબતમાં ફેરવિચારણા કરવી.

(બ) શિક્ષણશાસ્ત્રની સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંગેના ચોક્કસ ધોરણ માટે કાંઈક વિચારવું.

અભ્યાસસમિતિની ભલામણ

ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે—

(અ) બી.એડ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ અંગે હાલ જે છે તે ધારાધોરણોમાં હાલ કોઈ ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

(બ) શિક્ષણશાસ્ત્રની સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંગે હાલ જે પ્રથા છે તે ચાલુ રાખવી અને તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી. એટલે કે સામાન્ય રીતે ૧૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા રાખવી પરંતુ કૉલેજોમાં ખાસ સંજોગોને લીધે ૨૦૦ની સંખ્યા કરવામાં આવેલી છે તે કૉલેજોમાં તે સંખ્યા ચાલુ રાખવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૮. જૂન ૧૯૭૦થી દરામલી ખાતે શરૂ થનાર શિક્ષણની કૉલેજમાં ૪૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું નક્કી કરાયેલું છે તેના સંદર્ભમાં વધુ ૧૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે સદરહુ કૉલેજના મૅનેજિંગ ટ્રસ્ટી તરફથી આવેલ વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વધુ દશ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટેની સદરહુ કૉલેજની વિનંતી મંજૂર કરવી નહીં.

૭૯. પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ, તરફથી જૂન ૧૯૭૦થી શરૂ થતી શિક્ષણની કૉલેજને પચાસ (૫૦) વિદ્યાર્થીઓને બદલે સાઠ (૬૦) વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૦. જૂન ૧૯૭૧થી નવી કૉલેજો માટે અને ચાલુ કૉલેજોના વિભાગીકરણ માટે આવેલ જોડાણઅરજીઓ પર સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે (૧) સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી; અને

(૨) જૂન ૧૯૭૧થી ચાલુ કૉલેજોના વધારાના જોડાણ માટેની કે જોડાણ ચાલુ રાખવા માટેની અરજીઓ આવ્યેથી તે માટે સ્થાનિક તપાસસમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૧. કલોલ તાલુકા કેળવણી મંડળ, કલોલ તરફથી જૂન ૧૯૭૦થી શરૂ થનાર વાણિજ્યની કૉલેજ સાથે જૂન ૧૯૭૧થી શિક્ષણની વિદ્યાશાખા સંયોજિત કરવા માટે આવેલ જોડાણઅરજી અંગે સિન્ડિકેટની તા. ૨૧/૨૨-૪-૧૯૭૦ની સભાના ઠરાવ અન્વયે આ પ્રમાણેનું જોડાણ નહીં આપી શકાય તેમ જાણ કરતાં સદરહુ મંડળે જો તેવું જોડાણ શક્ય ન હોય તો તેઓ શિક્ષણની સ્વતંત્ર કૉલેજ શરૂ કરવા માગતા નથી તેમ જણાવ્યું હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને કલોલ તાલુકા કેળવણી મંડળ, કલોલની જોડાણઅરજીના તેની ડિપોઝિટ પરત કરવી.

૮૨. સ્ટે. ૯૯ના મુસદ્દા પર પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૩. સ્ટે. ૧૦૮ના પાન ૫૨ પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૪. ડૉ. દેવેન્દ્ર સુતરિયા તથા અન્ય સત્તાવીસ સેનેટ સભ્યો તરફથી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૭(૨) અનુસાર યુનિવર્સિટીની આસ સભામાં નીચેનો પ્રસ્તાવ વિચારણા માટે મોકલેલ હોઈ તે પર અભિપ્રાય આપવા બાબત :

પ્રસ્તાવ

"ભારતમાં કેટલાંક રાજ્યોમાં આવેલાં યુનિવર્સિટીઓએ પોતાના વિસ્તારોમાં આવેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા વિનયન વિદ્યાશાખાના સ્નાતક શિક્ષકો વિકાસોન્મુખ રહી અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધી શકે તે માટે એકસ્ટર્નલ એમ.એ.ની જોગવાઈ કરેલી છે. કમનસીબે ગુજરાતની એક પણ યુનિવર્સિટીમાં આવી જોગવાઈ નથી. આથી ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધી શકે તેવી તકો ઊભી કરવા અને તેમ કરતા શિક્ષણનાં ધોરણો નીચાં ન પડે તે માટે સેનેટની આ સભા માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં એમ.એ.ના વૅકેશન વર્ગો શરૂ કરવાની કોઈ અસરકારક યોજના ઘડી કાઢવા લાગતાંવળગતાં અધિકારી સત્તામંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૫. કુલસચિવ શ્રી. કં. ચં. પરીખ સને ૧૯૬૪માં પરદેશ ગયા ત્યારે સિન્ડિકેટની તા. ૧૩-૩-૧૯૬૪ની સભાના ઠરાવ ક્રમાંક ૧૦થી યુનિવર્સિટી પ્રેસના ઑક્યુપાયર તરીકેની ફરજો તે વખતના કાર્યકારી કુલસચિવ શ્રી. જે. એમ. મહેતાને સોંપી હતી તે ફરજો હવે પુનઃ કુલસચિવ શ્રી. પરીખને સોંપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના ઑક્યુપાયર તરીકેની કામગીરી કુલસચિવ શ્રી. કં. ચં. પરીખને સોંપવી.

૮૬. તા. ૨૭/૨૮ ફેબ્રુઆરી ૧૯૭૦ના રોજ યોજેલ આંકડાશાસ્ત્ર વિષયના પરિસંવાદમાં થયેલ સૂચનને અનુલક્ષીને આવતા શૈક્ષણિક વર્ષથી આંકડાશાસ્ત્રના વિષય માટે એક 'ઇન-સર્વિસ ઇન્સ્ટિટ્યૂટ' શરૂ કરવા અંગેની ડૉ. સી. જી. ખત્રીની યોજના પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઇન-સર્વિસ ઇન્સ્ટિટ્યૂટની યોજના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવી અને તે માટે આર્થિક સહાય મેળવવા તજવીજ કરવી.

૮૭. માર્ચ-એપ્રિલ ૧૯૭૦માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૩-૬-૧૯૭૦ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિ સમિતિની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩-૬-૧૯૭૦ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩-૬-૧૯૭૦નાં સભાની ભલામણો પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૮૮. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત ક્રમાંક ૩૫ પછી કરવામાં આવી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૮૯. સેનેટે મૂકેલ શરતો મુજબ નીચે જણાવેલ બાર કૉલેજોને પોતાનું સ્વતંત્ર મકાન ન હોવા અંગે સિન્ડિકેટની તા. ૪/૫-૧-૧૯૬૯ની સભામાં ઠરાવ્યા અનુસાર મંગાવેલી નીચેની માહિતીને અનુલક્ષીને તે પ્રશ્ન પર વિચારણા કરવા બાબત:

(૧) તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર,
(૨) ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોટેલી
(૩) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ભાદરણ
(૪) શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ
(૫) ભક્ત વલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૬) પટેલ જે. બી. રૂદેલવાળા આર્ટ્સ કૉલેજ ઍન્ડ પટેલ એ. એમ. રૂદેલવાળા કૉમર્સ કૉલેજ, બોરસદ.
(૭) હિંમતનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર
(૮) શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ
(૯) આર્ટ્સ કૉલેજ, સંખેડા
(૧૦) બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પાલનપુર
(૧૧) મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
(૧૨) સાયન્સ કૉલેજ, કડી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૦. સિન્ડિકેટે તેની તા. ૯/૧૦-૮-૧૯૬૯ની સભામાં યુનિવર્સિટીનાં બધાં અનુસ્નાતક ભવનો માટે રમતગમતની પ્રવૃત્તિઓ સંકલિત ધોરણે ચલાવવાની બાબતમાં નિયુક્ત કરેલ સમિતિની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત:

(૧) યુનિવર્સિટીનાં ભવનોના જિમખાના માટે નીચે જણાવ્યા પ્રમાણેનું એક કાયમી વ્યવસ્થાતંત્ર ઊભું કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી:

એક વ્યાયામ શિક્ષક	...	અંદાજી	ખર્ચ	રૂ. ૫,૦૦૦
એક ક્લાર્ક ટાઈપિસ્ટ	...	,,	,,	રૂ. ૩,૦૦૦
બે પટાવાળા	...	,,	,,	રૂ. ૩,૦૦૦

(૨) વિદ્યાર્થીઓના યુનિયનકાર્યને અને જિમખાનાના ખર્ચને પહોંચી વળવા ટર્મ ફી હાલ રૂ. ૩ છે તેને વધારીને રૂ. ૧૦ કરવા અને તેમાંથી જિમખાના માટેનો ફાળો વિદ્યાર્થી દીઠ રૂ. ૫ રાખવાની ભલામણ કરવી.

(૩) એન.આર.એસ. સેન્ટરની બાજુમાં બાકીમાં જ્યાં નાનું ટેમ્પરરી સ્ટેડિયમ ઊભું કરીને વૉલીબૉલ રમવાના યુનિવર્સિટી કૉર્ટ બનાવવામાં આવ્યા છે ત્યાં અનુસ્નાતક ભવનો માટે ખોખો, બાસ્કેટ બૉલ, કબડ્ડી, અને હૉકીનાં મેદાનો હજુ બીજી વધુ જમીન માટી નાખીને પૂરીને મેળવી તૈયાર કરાવવા અને પગથિયાની લંબાઈ થોડી ઉત્તર તરફ વધારવા અને હૉકી, બાસ્કેટબૉલ, વૉલીબૉલ અને ખોખોના થાંભલા ખરીદવા માટે જરૂરી ખર્ચ પેટે રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર) ભવનોના નવા વર્ષના અંદાજપત્રમાં મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોનાં રમતગમતની પ્રવૃત્તિઓ માટે એક પટાવાળાની જગ્યા કાયમી ધોરણે ઊભી કરવી.

(૨) વિદ્યાર્થીઓના યુનિયનકાર્ડ અને જિમખાનાના ખર્ચને પહોંચી વળવા માટે સત્રદીઠ યુનિયન અને જિમખાના ફી વધારીને રૂ. ૧૦ કરવી અને તેમાંથી જિમખાના માટેનો ફાળો વિદ્યાર્થી દીઠ રૂ. ૫ નો મુકરર કરવો.

(૩) સદરહુ ભલામણ મંજૂર કરવી.

૯૧. કુલપતિશ્રીના નીચેના કાર્યની નોંધ લેવા બાબત:

સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૩-૧૯૭૦ની સભાની બાબત ક્રમાંક ૬૭માં ઑર્ડિ. ૭૫ના પાઠમાં પોસ્ટ-ડિપ્લોમા ડિગ્રી કોર્સ-ઇન-એન્જિનિયરિંગનું પ્રથમ સત્ર ૧૫મી ડિસેંબરથી શરૂ થતું દર્શાવેલ છે તે છાપભૂલ સુધારીને ૧લી ડિસેંબર ગણવા અંગે મંજૂરી આપવાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૯૨. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. જી. એચ. રાવલનું તા. ૩૧-૫-૧૯૬૦ના રોજ અવસાન થયું હોવાથી તેઓના ખાતે નીકળતા પ્રોવિડંડ ફંડના તથા યુનિવર્સિટીએ આપવાના પ્રોવિડંડ ફંડના પૈસા અંગે તેઓનાં ધર્મપત્નીની તા. ૩-૬-૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્વ. શ્રી. જી. એચ. રાવલના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૯૩. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુનિયર કલાર્ક તરીકે કામ કરતા શ્રી. જી. એચ. રાવલનું તા. ૩૧-૫-૧૯૭૦ના રોજ અવસાન થયું હોવાથી સ્ટે. ૧૯૩-અ પ્રમાણે ગ્રેચ્યુઇટી આપવા અંગે તેઓનાં ધર્મપત્નીની તા. ૩-૬-૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ—સ્વ. રાવલ યુનિવર્સિટી ગ્રંથાલયમાં તા. ૮-૧૧-૧૯૬૫થી જોડાયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્વ. શ્રી. જી. એચ. રાવલના ખાતે નીકળતી ગ્રેચ્યુઇટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૯૪. યુનિવર્સિટી કાર્યાલયમાં રાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. બી. એચ. જાની તા. ૨૭-૪-૧૯૭૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ (અ) તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા, તથા (બ) રૂલે. ૧૯૩-એ પ્રમાણે ગ્રેચ્યુઈટીની રકમ આપવા અંગેની તેઓનો તા. ૧-૬-૧૯૭૦નો અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. બી એમ જાની તા ૨૨-૯-૧૯૫૬ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૨૭-૪-૧૯૭૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. બી. એમ. જાનીને તેમના ખાતે નીકળતી (૧) પ્રોવિડન્ટ ફંડની રકમ, તથા (૨) ગ્રેચ્યુઇટીની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૯૫. સમાજવિદ્યા ભવનમાં લેક્ચરરશીપ-ઇકોનોમેટ્રિક્સ એન્ડ સ્ટેટિસ્ટિક્સની એક જગ્યા પૂરવા અંગેની સિન્ડિકેટની બનેલી વરણીસમિતિની તા. ૫-૬-૧૯૭૦ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં લેક્ચરરશીપ-ઇન-ઇકોનોમેટ્રિક્સ એન્ડ સ્ટેટિસ્ટિક્સની જગ્યા પર શ્રી. વી. પી. ભારદ્વાજની રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૫૬૦ના પગારથી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૫-૬-૧૯૭૦ની ભલામણ પરિશિષ્ટ "૫" તરીકે સામેલ છે.)

૯૬. સમાજવિદ્યા ભવનમાં ચાલુ વર્ષે શરૂ થનાર બિઝનેસ મેનેજમેન્ટનો અભ્યાસક્રમ શરૂ કરવા અંગે નીચે જણાવેલ ઠરાવ પર પુનર્વિચારણા કરવા બાબત :

સિન્ડિકેટે તેની તા. ૩૦/૩૧-૫-૧૯૬૯ની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સભાની ભલામણો મંજૂર કરવી."

તા. ૧૨/૧૩-૪-૧૯૬૯ની સમિતિની સંબંધકર્તા ભલામણ નીચે પ્રમાણે છે :

"શરૂઆતમાં સમિતિએ તેની ગઈ સભામાં બિઝનેસ મેનેજમેન્ટના અભ્યાસક્રમો જૂન ૧૯૬૯થી શરૂ કરવાના સિન્ડિકેટના ઠરાવને લક્ષમાં રાખી જે સમયપત્રક ઘડયું તેના સંદર્ભમાં ડૉ. રવિ મથાઈના અભિપ્રાય પૂછવામાં આવતાં તેમણે જણાવ્યું કે માત્ર શિક્ષકોની નિમણૂક (જો તે થઈ શકે તો—જોકે તે પણ લગભગ અશક્યવત્) કરી દેવાથી જૂનથી આ અભ્યાસક્રમ શરૂ થઈ જશે એમ માની લેવું બરાબર નથી. તેમની નિમણૂક થયા પછી તે ઇન્સ્ટિટ્યૂટ કે સંસ્થામાં થતા કાર્યનું ઓછામાં ઓછા છથી આઠ મહિના સુધી તેમણે નિરીક્ષણ કરવું આવશ્યક રહેશે અને એ રીતે જોતાં જૂન ૧૯૬૯થી આ અભ્યાસક્રમો શરૂ કરવા એ ખૂબ વહેલું થશે. સમિતિ પણ આ અભિપ્રાય સાથે સંમત થઈ હતી અને આ અભ્યાસક્રમ જૂન ૧૯૬૯થી નહિ પરંતુ જૂન ૧૯૭૦થી શરૂ કરવા સિન્ડિકેટને ભલામણ કરવા ઠરાવ્યું હતું."

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં બિઝનેસ મેનેજમેન્ટનો અભ્યાસક્રમ જે ચાલુ વર્ષથી શરૂ કરવા માટે જણાવ્યું હતું, તે હવે મોકૂફ રાખવો અને તે અભ્યાસક્રમ જૂન ૧૯૭૧થી શરૂ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીને જણાવવું.

૯૭. ધી બાર કાઉન્સિલ ઑફ ગુજરાત, અમદાવાદના મંત્રીશ્રી તરફથી આવેલ નીચેનો પ્રસ્તાવ જે રાજ્યપાલના મંત્રીશ્રીએ જરૂરી પગલાં લેવા માટે અત્રે મોકલેલ છે તે પર વિચારણા કરવા બાબત :

"Resolved that the Government of Gujarat be requested to include a nominee of the Bar Council of Gujarat in the Senate, Syndicate, Faculty of Law and other academic bodies of all the Universities of Gujarat State.

It is further resolved that the copy of the above Resolution be sent to the Governor of Gujarat State. Chief Minister of Gujarat State, Law Minister of Gujarat State, Vice-Chancellors of all the Universities in Gujarat State, all the Bar Councils in India and the Bar Council of India."

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની સેનેટ પર ધારાશાસ્ત્રની વિદ્યાશાખાના સ્નાતકોના પ્રતિનિધિત્વની જે જોગવાઈ છે તે પર્યાપ્ત છે, અને ગુજરાતની બાર કાઉન્સિલને સેનેટ પર જુદું પ્રતિનિધિત્વ આપવાની જરૂર જણાતી નથી, એમ સિન્ડિકેટનો અભિપ્રાય જણાવવો.

૯૮. બિઝનેસ મૅનેજમેન્ટના અભ્યાસક્રમ અંગે રીડર-ઇન-પ્રોડક્શન મૅનેજમેન્ટની જગ્યા માટે વરણીસમિતિ પર બો. ઠ૬ હેઠળ ત્રણ સભ્યોની નિમણૂક અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૯. ગ્રંથાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરવા શ્રી. જી. એચ. રાવળના તા. ૩૧–૫–૧૯૭૦ના રોજ થયેલ અકાળ અવસાનના કારણે તેઓએ એમ.એ. પાર્ટ ૨ના અભ્યાસ/પરીક્ષા માટે લીધેલ એડવાન્સ રજા માફ (કૉન્ડોન) કરવા અંગે તેમનાં પત્ની શ્રીમતી સુધાબહેનના તા. ૬–૬–૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સ્વ. રાવલને તા. ૬–૨–૧૯૭૦થી તા. ૬–૫–૧૯૭૦ સુધીની ૯૦ દિવસની એડવાન્સ ૭૬ રજા આપવામાં આવી હતી અને આ અંગે તેઓને પગાર પેટે કુલ્લે રૂ. ૯૨૪–૯૯ પૈસાની રકમ ચૂકવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ગ્રન્થાલયના જુનિયર ક્લાર્ક શ્રી. જી. એચ. રાવલને એમ.એ. પાર્ટ ૨ના અભ્યાસ અને પરીક્ષા માટે જે એડવાન્સ રજા આપવામાં આવી હતી તે, તેમનું અવસાન થતાં માંડી વાળવી અને તે માટે તેમના વેતનમાંથી કશી કપાત કરવી નહીં.

૧૦૦. વિદ્યાર્થી સંસદની તા. ૨૧–૫–૧૯૭૦ના રોજ મળેલ સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"વિદ્યાર્થી સંસદની ઉપસમિતિની તા. ૯–૪–૧૯૭૦ અને તા. ૧૧–૫–૧૯૭૦ની સભાઓમાં કરેલી ચર્ચાવિચારણાના અંતે તૈયાર કરેલા હેવાલને જરૂરી સુધારાવધારા સાથે મંજૂર કરવા માટે ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે કૉલેજોના વિદ્યાર્થી પ્રતિનિધિ મંડળની ચૂંટણી માટે વિદ્યાર્થી સંસદે રજૂ કરેલી રૂપરેખાનો મુસદ્દો સંલગ્ન કૉલેજોને ભલામણરૂપે મોકલી આપવો.

૧૦૧. સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૨-૧૯૭૦ની સભામાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓ અંગેના નિયમો પર ચર્ચાવિચારણા કરી રિપોર્ટ કરવા નિયુક્ત થયેલ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર તરીકે કામ કરતા ડો. આઈ. એમ. ભટ્ટને વેન્કટેશ્વર યુનિવર્સિટી, તિરુપતિમાં સમર સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં તાલીમ લેવા માટે તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧-૭-૧૯૭૦ સુધીની ફરજરત્ન આપવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૧૩-૫-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડો. આઈ. એમ. ભટ્ટને સદરહુ સમર સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં તાલીમ લેવા માટે પરવાનગી આપવી અને તે માટે તેમની તા. ૧૫-૬-૧૯૭૦થી તા. ૧-૭-૧૯૭૦ સુધીની રજાઓ ખાસ રજા તરીકે મંજૂર કરવી.

૧૦૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૬-૧૯૭૦ના રોજ મળેલી સભાની બાબત ક્રમાંક ૩, ૫, ૧૫, ૨૨, ૨૩, ૨૫, ૨૬ અને ૨૮ પર થયેલી ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડે તેની તા. ૪-૬-૧૯૭૦ની સભામાં બાબત ક્રમાંક ૩, ૧૫, ૨૨, ૨૩, ૨૫, ૨૬ અને ૨૮ તરીકે કરેલી ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડે તેની તા. ૪-૬-૧૯૭૦ની સભામાં કરેલી ભલામણ ક્રમાંક ૫ પરની વિચારણા મોકૂફ રાખવી.

૧૦૪. ઍકિવેલેન્સ સમિતિની તા. ૧-૬-૧૯૭૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧-૬-૧૯૭૦ની સભાની બાબત ક્રમાંક ૨થી ૧૦ ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી અને તે દરમ્યાન ચાલુ વર્ષે ઍડ-હોક ધોરણે તે ભલામણોના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું રાખવું.

બાબત ક્રમાંક ૧૧, નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાના સૂચન સાથે ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી અને તે દરમિયાન 'ઍડ-હોક' ધોરણે તે ભલામણના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું રાખવું :

(અ) કેમ્બ્રિજ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી ઈસ્ટ આફ્રિકન સ્કૂલ સર્ટિફિકેટ ઍન્ડ જી.સી.ઈ. પરીક્ષાને ઑર્ડિનરી લેવલે પસાર કરી હોય તો તે પરીક્ષાને ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય ગણીને પ્રી-યુનિવર્સિટીના વિનયન અને વાણિજ્ય વર્ગમાં પ્રવેશપાત્ર ગણવાનું ચાલુ રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષા (૧) ફિઝિક્સ અને કેમિસ્ટ્રી, (૨) બાયોલોજી, (૩) મેથેમેટિક્સ અને એડિશનલ મેથેમેટિક્સ સાથે પસાર કરનાર વિદ્યાર્થીને પ્રી-યુનિવર્સિટી સાયન્સમાં પ્રવેશપાત્ર ગણવો.

(બ) જે કોઈ વિદ્યાર્થીએ સદરહુ પરીક્ષા એડવાન્સ લેવલે પસાર કરી લેવ તો તેને પ્રી-યુનિવર્સિટી તુલ્ય ગણીને ફર્સ્ટ યર વિનયન કે વાણિજ્યના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષા (૧) ફિઝિક્સ અને કેમિસ્ટ્રી, (૨) બાયોલોજી, (૩) મેથેમેટિક્સ અને એડિશનલ મેથેમેટિક્સ સાથે પસાર કરનાર વિદ્યાર્થીને એફ.વાય.બી.એસસી.માં પ્રવેશપત્ર ગણવો.

ભલામણ ક્રમાંક ૧૨–૧૩ મંજૂર કરવા.

ભલામણ ક્રમાંક ૧૪ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી.

ભલામણ ક્રમાંક ૧૫થી ૧૮ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી અને તે દરમિયાન ચાલુ વર્ષે એડ-હોક ધોરણે તે ભલામણોના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું રાખવું.

ભલામણ ક્રમાંક ૧૯ અંગે વધુમતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ ભલામણ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી અને તે દરમિયાન ચાલુ વર્ષે એડ-હોક ધોરણે તે ભલામણોના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું રાખવું.

ભલામણ ક્રમાંક ૨૦થી ૨૫ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી અને ચાલુ વર્ષે એડ-હોક ધોરણે તે ભલામણોના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનું રાખવું.

ભલામણ નં. ૨૬ અંગે ઠરાવવામાં આવ્યું છે કે ઉપરની ભલામણ ૧૧ અંગે બદરી વિચારણા કરવામાં આવેલી હોઈ તે અંગે વિશેષ કરવાપણું રહેતું નથી.

(સદરહુ સમિતિની તા. ૧–૬–૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ફ"** તરીકે સામેલ છે.)

નં. સિં./૧૩૮૯૬/૧૯૭૦.

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ–૯.
જૂન ૩૦, ૧૯૭૦.

કે. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૭

A meeting of the selection committee for recommending names for appointment to the post of Reader in Sociology in the University School of Social Sciences was held on 22-4-1970, the Wednesday, at 12-00 p.m. at the office of the Gujarat University. Shri Umashankar Joshi, Vice-Chancellor, Gujarat University, presiding.

The attendance of the members was as under :

1. Shri Umashankar Joshi, Vice-Chancellor and Chairman	Present
2. Dr. I. P. Desai	Present
3. Shri A. R. Desai	Present
4. Dr. R. N. Saxena	Absent
5. Dr. T. B. Naik	Present
6. Dr. Taraben Patel	Present

The following candidates were called for interview :

1. Shri Gupta R. K.	Absent
2. Shri Anand Kashyap	Present
3. Dr. (Miss) Sushila V. Mehta	Present
4. Shri Shah A. R.	Present
5. Shri Tripathi B. D.	Absent
6. Shri Singhi N. K.	Absent
7. Shri Yadav R. K.	Present
8. Dr. Shah V. P.	Present.

The requests by Shri R. C. Gupta and Shri N. K. Singhi for considering them in absentia were placed before the Committee. The Committee, however, decided that their requests be not considered. Dr. Saxena's telegram of 21-4-1970 was also placed before the Committee.

The candidates who were present were interviewed. Then the Committee considered their qualifications and experience and resolved as under :

"The Committee is of the view that Dr. V. P. Shah who does not possess the necessary teaching experience has, to his credit, independent and original achievements of recognised merit in the subject of Sociology and recommends him unanimously to the post of a Reader in Sociology in the first order of propriority.

Furthermore, the Committee recommends by a majority Shri A. R. Shah to the post of a Reader in Sociology as a second candidate in order of priority."

(Dr. V. P. Shah had, during the course of interview mentioned that the minimum salary acceptable to him would be Rs. 1,100/- p.m.)

Ahmedabad.
April 22, 1970.

DR. UMASHANKAR JOSHI,
Vice-Chancellor
DR. I. P. DESAI
SHRI A. R. DESAI
DR. T. B. NAIK
DR. TARABEN PATEL.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૧૮

A meeting of the Selection Committee for recommeding names for appointment to the post of Reader in English in University School of Languages was held on 25-4-1970, the Saturday at 2-00 p.m. at the office of Gujarat University. Shri U. J. Joshi, Vice-Chancellor, Gujarat University, presiding.

The following was the attendance of the members :

1. Shri U. J. Joshi, Vice-Chancellor	Present
2. Shri V. Y. Kantak	Present
3. Prof. V. K. Gokak	Absent
4. Prof. S. S. Bhandarkar	Present
5. Prof. G. C. Bannerjee	Present
6. Prof. K. R. Chandrashekharan	Present.

The following candidates were called for interview :

1. Shri Kapoor Shyam Das	Absent
2. Shri Kulshreshtha Ram Bahadur	Absent
3. Shri Mehta Digish N.	Present
4. Shri Rama V. Murthy	Present
5. Shri Eao M. N.	Present
6. Shri Singh Pratap	Absent
7. Shri Subramaniam Krishna Siva	Absent
8. Shri Tengshe Laxman H.	Absent
9. Shri Trivedi Hariprasad C.	Absent
10. Shri Seturman V. S.	Absent
11. Shri Vasavada R. D.	Present
12. Shri Visweshwara C	Present
13. Shri Bharadwaj Munikumar N.	Present
14. Shri Chatterjee Biranandu	Present.

The Committee was apprised of the fact that Shri V. J. Trivedi who has not applied for the post of a Reader in English was, at the instance of a member of the Syndicate, called for interview but he could not remain present. Shri V. J. Trivedi's letter in this behalf was placed before the Committee.

After interviewing the candidates present the Committee considered the relative metits of all the candidates and resolved to recommend that the following candidates be recommended in order of priority for appointment to the post of a Reader in English.

1. Shri Visweswara C.
2. Shri D. N. Mehta.

Ahmedabad.
April 25, 1970.

DR. UMASHANKAR JOSHI,
Vice-Chancellor
PROF. S. S. BHANDARKAR
PROF. V. Y. KANTAK
PROF. G. C. BANNERJEE
PROF. K. R. CHANDRASEKHARAN.

પરિશિષ્ટ "ગ"
ઠરાવઠરાવ ક્રમાંક ૧૯

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Professor of Physics in the University School of Sciences was held on 18–4–1970, the Saturday at 3–00 p.m. at the office of the Gujarat University. Shri U. J. Joshi, Vice-Chancellor, Gujarat University, presiding.

The following was the attendance of the members :

1.	Shri U. J. Joshi, Vice-Chancellor and Chairman	Present
2.	Dr. N. R. Tawade	Absent
3.	Dr. A. S. Divatia	Present
4.	Dr. A. R. Patel	Present
5.	Shri R. C. Majmundar	Absent.

The following candidates were called for interview :

1.	Dr. K. M. Kotadia	Present
2.	Shri G. A. Shah	Present
3.	Shri P. D. Pathak	Present
4.	Dr. Chandra Ashoka	Absent
5.	Shri R. S. Sharma	Absent
6.	Shri K. M. Khanna	Absent
7.	Shri Hari Mohan	Present
8.	Shri D. P. Khandelwal	Absent
9.	Shri P. B. Parikh	Present
10.	Shri R. C. Bhandari	Absent
11.	Shri A. N. Nigam	Present
12.	Shri Devidayal Agrawal	Absent.

After interviewing the candidates and considering their qualifications and experience, the Committee resolved as under :

"None of the candidates present for the interview has been found suitable for the position of a University Professor of Physics. We, therefore, regret that we cannot recommend any one of them at this stage."

Ahmedabad.
April 18, 1970.

UMASHANKAR JOSHI
A. S. DIVATIA
A. R. PATEL.

પરિશિષ્ટ "ઘ"

કામકાજ ક્રમાંક ૨૧

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી **સમિતિની એક** સભા શનિવાર તા. ૨૫-૪-૧૯૭૦ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં **મળી હતી,** જેમાં પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ **હતી:**

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિશ્રી	હાજર
૨. ડિરેક્ટર **ઑફ** એજ્યુકેશન	ગેરહાજર
૩. શ્રી. એમ. પી. પંડ્યા	ગેરહાજર
૪. શ્રી. વી. આર. રણદીવે	હાજર
૫. શ્રી. જે. બી. હરિભક્તિ	હાજર
૬. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૭. શ્રી. કં. ચં. પરીખ	હાજર.

૧. તા. ૭-૩-૧૯૭૦ની સમિતિની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૭-૩-૧૯૭૦ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ **સહી કરી.**

૨. ચીફ મેડિકલ ઑફિસરની જગ્યા પૂરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩. ટીચર્સ હૉસ્ટેલનાં ક્વાર્ટર્સ નૉન-ટીચિંગ સ્ટાફને આપવામાં આવે તો તેનું શું ભાડું લેવું તે અંગે વિચારણા કરવા બાબત.

(ક) આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં રહેઠાણો જે વર્ગના કર્મચારીઓને આપવાનું નક્કી કરવામાં આવ્યું હોય તેનાથી નીચલી પાયરીના કર્મચારીઓને જે તે રહેઠાણ આપવામાં આવે તો તે માટે રહેઠાણનું નક્કી થયેલું 'બજારી રેન્ટ' તથા નિયમ પ્રમાણેનાં સર્વિસ ચાર્જીસ વગેરે તેઓની પાસેથી લેવાં.

(બ) ટીચર્સ હૉસ્ટેલ માટે પણ ઉપરનું (ક)માં જણાવેલું ધોરણ લાગુ પાડવું.

(**નોંધ.**—ટીચર્સ હૉસ્ટેલનાં રહેઠાણ ડેમોન્સ્ટ્રેટર અને તેની ઉપરની કક્ષાના કર્મચારીઓને આપવામાં આવે છે. ડેમોન્સ્ટ્રેટરની જગ્યાનું પગારધોરણ રૂ. ૨૫૦થી શરૂ થાય છે તે જોતાં રૂ. ૨૫૦થી નીચેના પગારદારને તે આપવામાં આવે તો તેની પાસેથી બજારી રેન્ટ લેવાનું આથી થશે.)

૪. સિન્ડિકેટે તેની તા. ૯-૧૧-૧૯૬૮ની સભામાં નીચેની બાબત આ સમિતિની વિચારણા માટે મોકલેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશન અને પ્રેસ બેઉ વિભાગો ઉપર દેખરેખ રાખી શકે તેવા અધિકારીના નામાભિધાન, કામગીરી, પગારધોરણ અને ઓછામાં ઓછી લાયકાતના ધોરણ અંગેની માહિતી બીજી યુનિવર્સિટીઓ પાસેથી મંગાવીને તે માહિતીના સંદર્ભમાં આપણા પ્રેસ અને પબ્લિકેશન વિભાગોનું કામ જવાબદારીપૂર્વક સંભાળી શકે તેવી કક્ષાની જગ્યા ઊભી કરવાની બાબતમાં પોતાનાં મંતવ્યો સાથે રિપોર્ટ કરવા માટે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને જણાવવું."

(**નોંધ.**—સ્થાયી સમિતિએ તેની તા. ૧૯-૭-૧૯૬૯ની સભામાં પુસ્તકોના પ્રકાશન અંગેની રાજ્ય સરકારની યોજના અમલમાં આવી રહી છે તે જોતાં હવે તે કામકાજ શરૂ થાય ત્યાં સુધી આ બાબતની વિચારણા મુલતવી રાખવાનુ ઠરાવ્યું હતું.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય તથા પ્રકાશન અંગેની જરૂરિયાત જોઈતપાસી યુનિવર્સિટી પ્રેસનું કામકાજનું ભારણ, કાર્યક્ષમતા, સ્ટાફ વગેરે અંગે વિગતવાર તપાસ કરી રિપોર્ટ કરવા નીચેના સભ્યોની એક સમિતિ નીમવા :

૧. શ્રી રણજિતરાય ગં. શાસ્ત્રી
૨. શ્રી. આઈ. એ. મોદી
૩. શ્રી. ધીરુભાઈ નાયક
૪. શ્રી. શ્રીકાંત વહોરા, મજૂર મુદ્રણાલય
૫. શ્રી. છોટુભાઈ પટેલ, મૅનેજર, લોકમત પ્રિન્ટિંગ પ્રેસ
૬. શ્રી. ભૂપેન્દ્ર પટેલ, ડે. રજિસ્ટ્રાર (ફાઇનાન્સ).

૫. ગેસ્ટ હાઉસના કૂક-કમ-કેર ટેકરની હંગામી જગ્યાને કાયમી જગ્યામાં ફેરવવા અંગેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ગેસ્ટ હાઉસમાં કૂક-કમ-કેર ટેકરની હંગામી જગ્યાને કાયમી જગ્યામાં ફેરવવાની જરૂરિયાત હાલ આ સમિતિને જણાતી નથી.

૬. યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રમાં રેસિડેન્ટ મેડિકલ ઑફિસર ડૉ. સી. આર. ત્રિવેદીની પગારધોરણ સુધારવા તથા નૉનપ્રેક્ટિસિંગ ઍલાવન્સ આપવા અંગેની તા. ૯-૨-૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૭. યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રમાં વૉર્ડ બૉયને યુનિવર્સિટી તરફથી રહેઠાણ આપવામાં આવે તો તેઓને કૅમ્પસ ઉપર રહેવું જરૂરી છે તેવી વૉર્ડ બૉયની નોકરીની શરત રાખવી જોઈએ તેમ સૂચવતા શ્રી. આર. એમ. ઓ.ના તા. ૫-૩-૧૯૭૦ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—અગાઉ તેઓને ભાડામુક્ત રહેઠાણ આપવામાં આવેલું હતું, પરંતુ સિન્ડિકેટના તા. ૬/૭-૧૨-૧૯૬૯ના ઠરાવ અનુસાર હવે પગારના ૧૦ ટકા પ્રમાણે ભાડું લેવામાં આવે છે.)

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે આરોગ્યકેન્દ્રમાં વૉર્ડ બૉયની જગ્યા પર કામ કરતા કર્મચારીને યુનિવર્સિટી તરફથી નિયમ પ્રમાણે ભાડું લઈને રહેઠાણ આપવામાં આવે તોપણ તેમને કૅમ્પસ પર રહેવું ફરજિયાત રહેશે.

૮. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુ. કલાર્કની જગ્યા માટે હાલના લાયકાતના ધોરણમાં સુધારો કરવા અંગે ગ્રંથપાલશ્રીના તા. ૪/૫-૨-૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૯. યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓને માસિક ભથ્થાંઓ (સ્ટેનોગ્રાફી ભથ્થું, ગુજરાતી ટાઈપિંગ ભથ્થું, પરીક્ષાકાર્ય ભથ્થું ઇત્યાદિ) આપવામાં આવે છે તે ભથ્થાંઓ જ્યારે કર્મચારી રજા ઉપર જાય ત્યારે કાપવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે નીચેની જગ્યાઓ ઉપર કામ કરતા કર્મચારીઓને માસિક ધોરણે જે ભથ્થાં આપવામાં આવે છે તે તેઓ આકસ્મિક રજાઓ સિવાયની રજાઓ ઉપર જાય ત્યારે તેઓને આપવાં નહીં; પરંતુ તેઓની જગ્યાએ કોઈ કર્મચારીની ઑફિસિયેટિંગ નિમણૂક કરવામાં આવી હોય તો તે તેઓને આપવું.

નોંધ.—હાલ માસિક ધોરણે આપવામાં આવતાં ભથ્થાંની વિગતો નીચે મુજબ છે :

૧. ગુજરાતી સ્ટેનોગ્રાફી	માસિક	રૂ. ૧૫
૨. ગુજરાતી ટાઇપિંગ	,,	રૂ. ૧૦
૩. હેડટાઇપિસ્ટ	,,	રૂ. ૩૦
૪. સિ. ઑપરેટર	,,	રૂ. ૧૫
૫. જુ. ઑપરેટર	,,	રૂ. ૧૦
૬. કુલસચિવશ્રીના અંગત મદદનીશ-કમ-સ્ટેનો.	,,	રૂ. ૫૫-૧૫
૭. કુલપતિશ્રીના અંગત સચિવ	,,	રૂ. ૭૫
૮. હવાલદાર	,,	રૂ. ૧૦
૯. નાયક	,,	રૂ. ૫
૧૦. મદદનીશ ગ્રંથપાલ	,,	રૂ. ૨૫

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "ચ-૨"
કામકાજ ક્રમાંક ૨૨

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૭-૪-૧૯૭૦ ને શુક્રવારના રોજ બપોરના ૩-૦૦ કલાકે કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીના પ્રમુખપદે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. પ્રમુખશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૩. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર
૪. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૫. શ્રી. જી. જી. વૈદ્ય	હાજર
૬. શ્રી. જે. જે. ચિનોય	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૨૭-૨-૧૯૭૦ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૭-૨-૧૯૭૦ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી વિસ્તારમાં બાંધવામાં આવનાર ગાંધીભવન માટે સાઇટ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગાંધીભવનની સાઇટ મનોવિજ્ઞાન વિદ્યાભવનના મકાનની પશ્ચિમ તરફ મુખ્ય રસ્તા ઉપર રાખવી.

૩. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિદ્યાભવનના બાંધકામના સ્થપતિ શ્રી. જિતેન્દ્ર મિસ્ત્રી તરફથી આવેલા પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સભામાં નીચેનાં સૂચનો અનુસાર સુધારેલા પ્લાનને મંજૂર કરવા કુલપતિશ્રીને સત્તા આપવી :

સભામાં થયેલાં સૂચનો

(૧) મકાનની પાછળની બાજુએ વચ્ચે પેસેજ રાખ્યો છે ત્યાં કોમન દીવાલ આવે તેમ કરવું.
(૨) અધ્યક્ષશ્રીના ઓરડાનું ક્ષેત્રફળ ઘટાડીને બહેનો માટેના એક અલાયદા ઓરડાની તથા તેની સાથે લેવેટરી બ્લોકની જોગવાઈ કરવી, અને
(૩) અધ્યશ્રીના સ્ટેનોગ્રાફર માટેની જગ્યા કાર્યાલયના બંડમાં ફાળવી આપવી.

૪. યુનિવર્સિટી વિસ્તારમાં પાણી પુરવઠા માટે થનાર નવા ટ્યૂબવેલ માટેના સાઇટ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારમાં પાણી પુરવઠા માટે થનાર નવા ટ્યૂબવેલ માટેની જગ્યા ગૃહમાતા (લેડી સુપરિન્ટેન્ડેન્ટ)ના બંગલા પાસે તારની વાડથી દૂર રહે તેમ રાખવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. વિજ્ઞાનભવનના બાંધકામમાં આર. સી. સી. પરદી તથા ઉત્તર બાજુ આર. સી. સી.ના હૂડ (હૂડ્સ) રાખવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ માટે તા. ૨૮–૧૧–૧૯૬૯ની બાંધકામ સમિતિમાં નીચે પ્રમાણે ઠરાવ થયેલો છે :

(ક) આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના અંદાજ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવા.

(ખ) આથી ઠરાવવામાં આવે છે કે આ મકાનમાં ફ્લેટ સ્લેબ કરવા માટે વેલ્ડમેશ જાળી કાઢી નાંખવા અંગે તથા આર. સી. સી. પરદીના હૂડ કાઢી નાખવા અંગે સ્થપતિ શ્રી. બી. વી. દોશી સાથે વિચારવિનિમય કરીને આ મકાનના બાંધકામનો અંદાજ આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

(ગ) આથી ઠરાવવામાં આવે છે કે મકાનના ધાબા પર રોડાં, કોંકરેટ તથા સસ્તા મોઝેક ટાઇલ્સના ફ્લોરિંગ સાથેનો અંદાજ તૈયાર કરવો.

(ઘ) આથી ઠરાવવામાં આવે છે કે લેબોરેટરીના ઓરડાઓમાં સ્ટોન બેન્ચ સાથેનો અંદાજ તૈયાર કરવો.

(ચ) આથી ઠરાવવામાં આવે છે કે આ મકાનના બાંધકામ માટેનું ટેન્ડર તૈયાર કરવા અને ટેન્ડરોના અંદાજનું કામ સાથે સાથે આગળ ધપાવવાનું ચાલુ રાખવું.)

(ક) આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ફિઝિક્સ, કેમિસ્ટ્રી, બોટાની અને મેથેમેટિક્સના વિભાગો માટેનાં મકાનો માટેના સ્થપતિ શ્રી. બી. વી. દોશીએ બનાવેલા પ્લાન મુજબ કામ આગળ ચલાવવું.

(ખ) આથી ઠરાવવામાં આવે છે કે બોટાની ડિપાર્ટમેન્ટના મકાનમાં પહેલો માળ થયા બાદ ભવિષ્યમાં બીજો માળ ઉપર ઉમેરી શકાશે નહીં તેની નોંધ લેવી.

(ગ) આથી ઠરાવવામાં આવે છે કે બોટાની વિભાગના મકાનમાં ઉત્તર બાજુએ આવેલા આર. સી. સી.ના હૂડ કાઢી નાંખવા અને ફક્ત સ્લેબ આગળ આવતો (પ્રોજેક્ટિંગ સ્લેબ) રાખવો.

(ઘ) આથી ઠરાવવામાં આવે છે કે કેમિસ્ટ્રી વિભાગના મકાનમાં આર. સી. સી.ના હૂડ હાલ છે તે મુજબ રાખવા.

(ચ) આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિક્સ તથા મેથેમેટિક્સના મકાનમાં ઉત્તર બાજુએ આર. સી. સી.ના હૂડ કાઢી નાખવા તથા ત્યાં સ્લેબ આગળ આવતો (પ્રોજેક્ટિંગ) તથા વર્ટિકલ આર. સી. સી. પરદી રાખવી.

૬. યુનિવર્સિટી પ્રેસમાં સિમેન્ટ શીટ અને એંગલો વાપરીને સાઇકલ શેડ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓની સગવડ માટે પ્રેસના કમ્પાઉન્ડમાં એંગલો તથા સિમેન્ટ શીટનું સાઇકલ શેડ બનાવવા માટે રૂ. ૪,૪૦૦ સુધીનો અંદાજી ખર્ચ મંજૂર કરવા અંગે સિન્ડિકેટને ભલામણ કરવી.

કુલપતિશ્રીની પરવાનગીથી નીચેની બાબત યુ.જી.સી.ના તા. ૧૦-૪-૧૯૭૦ના પત્રના સંદર્ભમાં રજૂ કરવામાં આવી :

લેક્ચરર તથા રીડર્સ ક્વાર્ટર્સના પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લેક્ચરર તથા રીડર્સ ક્વાર્ટર્સ માટેના પ્લાન હાલ છે તે મુજબ રાખવા અને મકાનના ક્ષેત્રફળ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને યોગ્ય જવાબ આપવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

દીપક સુતરિયા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ચ-૨"
કામકાજ ક્રમાંક ૨૨

બાંધકામ સમિતિની એક સભા તા. ૨૫-૫-૧૯૭૦ ને સોમવારના રોજ બપોરના ૩-૦૦ કલાકે કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીના પ્રમુખપદે મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા:

૧. પ્રમુખશ્રી	હાજર
૨. શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૩. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૪. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૫. શ્રી. જી. જી. વૈદ્ય	શ્રી. જી. જી. વૈદ્ય તરફથી શ્રી. એન. એસ. ડી. ખંભાતી હાજર હતા.
૬. શ્રી જે. જે. ચિનોય	ગેરહાજર.

૧. બાંધકામ સમિતિની તા. ૧૭-૪-૧૯૭૦ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૧૭-૪-૧૯૭૦ની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી

૨. યુનિવર્સિટીના ઝૂલોજીના વિકાસકામ તથા એનિમલ હાઉસના બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજીના વિકાસ કામ તથા એનિમલ હાઉસના બાંધકામ માટે આવેલાં કુલ અગિયાર ટેન્ડરો પૈકી આ કામ ઓછામાં ઓછા ભાવ ટાંકનાર સી. જી. કન્સ્ટ્રકશન કં. નું ટેન્ડર મંજૂર કરી આર્કિટેક્ટે સૂચવેલ સુધારા મુજબ આ કામ સોંપવા તથા ખર્ચ રૂ. ૧,૨૩,૧૪૬-૫૦ પૈ. મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના વિકાસ કામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનોના વિકાસ કામ માટે આવેલાં બે ટેન્ડરો પૈકી ઓછામાં ઓછા ભાવ ટાંકનાર એસોસિયેટેડ એન્જિનિયર્સનું ટેન્ડર મંજૂર કરી આ કામ સોંપવા તથા ખર્ચ રૂ. ૫,૮૪,૬૭૮ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના છાત્રાલયના બાંધકામ માટે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે છાત્રાલયના બાંધકામ માટે આવેલાં વીસ ટેન્ડરો પૈકી આ કામ ઓછામાં ઓછા ભાવ ટાંકનાર સી. જી. કન્સ્ટ્રક્શન કં. નું ટેન્ડર મંજૂર કરી કામ સોંપવા તથા ખર્ચ નીચે પ્રમાણે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

કુલ રકમ	...	રૂ.	૪,૧૩,૧૫૦–૫૦
બાદ ૧ ટકો	...	રૂ.	૪,૧૩૧–૫૦
કુલ	...	રૂ.	૪,૦૯,૦૧૯–૦૦

૫. યુનિવર્સિટીની પેનલમાં કન્સલ્ટિંગ એન્જિનિયર તરીકે પોતાના નામનો સમાવેશ કરવા માટે મે. મધુ એન્જિનિયર્સના તા. ૧૭–૩–૧૯૭૦ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બાંધકામની જરૂરિયાત જોતાં સ્ટ્રક્ચરલ એન્જિનિયરોની હાલની જે પેનલ છે તે પૂરતી છે. આથી હાલની પેનલને વિસ્તૃત કરવાની જરૂર જણાતી નથી. વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના સંજોગોમાં મધુ એન્જિનિયર્સની અરજી મંજૂર કરી શકાય તેમ નથી.

કુલપતિશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૬. રીડર્સ અને લેક્ચરર્સ ક્વાર્ટર્સ અંગે યુ.જી.સી.ના પત્ર નં. એફ. ૫૮–૭–૬૯ (સી.યુ.), તા. ૧૦–૪–૧૯૭૦ના અને તા. ૨૭–૪–૧૯૭૦ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

વધુમાં ઠરાવવામાં આવે છે કે રીડર્સ ક્વાર્ટર્સના નક્કી થયેલ પ્લાન મંજૂર કરવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે લેક્ચરર ક્વાર્ટર્સનાં પંદર રહેઠાણોને બદલે બાર રહેઠાણો (ત્રણ માળના એક બ્લોકમાં ૭ રહેઠાણ) એરિયા વધારીને કરવાં તથા આર.સી.સી. ફ્રેમ સ્ટ્રક્ચરને બદલે "Load bearing" સ્ટ્રક્ચર કરવાનું આર્કિટેક્ટને જણાવવાનો પ્રસ્તાવ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

દીપક સુતરિયા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૨૩

સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક સમિતિની સભા તા ૧૬–૪–૧૯૭૦ના રોજ સાંજના ૫–૦૦ કલાકે મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૩. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી	ગેરહાજર
૪. આચાર્યશ્રી વી. આર. રણદીવે	ગેરહાજર
૫. આચાર્યશ્રી એમ. એસ. પંડિત	હાજર.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું.

૧. સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૧૯–૬–૧૯૬૯ની નીચેની ભલામણ ઉપરના સિન્ડિકેટના તા. ૧૦–૧–૧૯૭૦ના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

સ્થાયી કાનૂનવિષયક કમિટીની ભલામણ

૧. સ્થાયી કાનૂનવિષયક સમિતિની તા. ૧૯–૬–૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકો અંગેના નિયમોમાં નિયમ ૧૦ કે જેનો અમલ તા. ૭–૩–૧૯૬૯થી કરવા સિન્ડિકેટે ઠરાવ્યું છે તે નિયમ પર પુનર્વિચારણા કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

સિન્ડિકેટનો તા. ૧૦/૧૧–૧–૧૯૭૦નો ઠરાવ

૧. આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિએ ઉપર જણાવેલી પોતાની ભલામણ નં. ૧માં શિક્ષકોની નોકરી અંગેના નિયમ નં. ૧૦ના અમલ માટે સૂચવ્યું છે તેના સંદર્ભમાં જે ચોક્કસ કેસો યુનિવર્સિટી કાર્યાલય સમક્ષ આવ્યા હોય તે કેસો પર વિચારણા કરીને પોતાની સ્પષ્ટ ભલામણ રજૂ કરવા માટે સ્થાયી કાનૂનવિષયક સમિતિને જણાવવું.

કાર્યાલય પાસેના નીચેના કેસો સમિતિની સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા :

૧. ડૉ. ટી. એન. મહેતા, શેઠ પી. ટી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરાના ભૂતપૂર્વ આચાર્ય
૨. શ્રી. એન. યુ. રાજગુરુ, એલ. ડી. આર્ટ્સ કૉલેજના અર્થશાસ્ત્રના ભૂતપૂર્વ પ્રાધ્યાપક
૩. શ્રી. પી. એન. દવે, ભક્ત વલ્લભ ઘોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના અંગ્રેજીના ભૂતપૂર્વ વ્યાખ્યાતા

૪. શ્રા. એમ. એચ. જોશી, આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલજ, કપડવણજના તર્કશાસ્ત્રના ભૂતપૂર્વ અધ્યાપક.

ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

સિન્ડિકેટે તેની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભામાં સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકોની સેવા અંગેના મંજૂર કરેલા નિયમો પૈકી નિયમ નં. ૧૦ તા. ૭-૩-૧૯૬૯થી અમલી બનતો હોઈ, તે તારીખ પછી જે કોઈ કેસો ઉદ્‌ભવે તે પ્રત્યેક કેસને આ નિયમ કાયદાની દૃષ્ટિએ લાગુ પડે છે, તેમ છતાં આ સમિતિ પોતાની તા. ૧૯-૬-૧૯૬૯ની સભામાં નિયમ નં. ૧૦ની પુનર્વિચારણા કરવી જોઈએ તેવી કરેલી ભલામણને વળગી રહે છે તેમ સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "બ"
કામકાજ ક્રમાંક ૩૧

Report of The Triennial Inspection Committee on University School of Social Sciences Ahmedabad

In persuance of letter No. Syn./5/4348/1968, dated 16th September, 1968, we visited the University School of Social Sciences, Ahmedabad on Saturday, 11th January, 1969. We met the Officing Director and the Faculty Members collectively, in groups and also individually. We also met representatives of the Students' Union.

The following major issues were discussed :

1. Creation of separate Departments in place of the School-pattern obtained at present
2. Staffing pattern
3. Work-load
4. Evening classes
5. Library facilities
6. Special problems of Labour Welfare Section; and
7. Students' Union facilities.

Representations were made on each of the above issues by Faculty Members and students. It is recognised that several of the issues raised may not fall within the purview of the Inspection Committee. All the same, our views and suggestions on these questions are submitted below:

1. Autonomous Departments

While the growing importance of inter-disciplinary studies needs to be recognised, we see no advantage in centralizing the management-academic as well as administrative under a single institution in the School of Social Sciences. Organisation of separate Departments may probably increase the administrative expenditure, yet it will, we think, be conducive to better management and efficiency by placing the responsibility

for teaching and research on persons directly involved in the task. The University authorities may examine this question in all its ramifications.

We have referred to this matter, eventhough we realised that this is a major policy issue for the University Authorities to decide.

2. Staffing Pattern

The present staffing pattern under which there are only two Professors—one in the Department of Economics and one in the Department of Political Science,—one Reader each in the Department of Sociology, Political Science and Labour Welfare, and four in the Department of Economics—does not appear to be very appropriate. The number of Lecturers, on the other hand, is proportionately larger. We believe that the major responsibility of a Post-graduate institution is to (*a*) conduct high level teaching, and (*b*) promote and conduct research. It would be wrong to view it merely as an extension of Under-graduate work facilitating the obtaining of a M.A. Degree. We learn that under the Fourth Five-year Plan, there are proposals for strengthening the higher level staff. We would consider that the minimum requirement of a good Post-graduate Department is one Professor, one Reader and two Lecturers. A view may be taken that the post of a Lecturer is somewhat redundant in a Post-graduate Department and the same may be converted into posts of Research Fellows and Research Assistants. In any case there should be adequate provision for research assistance. The strength of the staff should not be judged entirely by the number of students on roll or even the teaching load on each teacher. It should depend upon the availability of obtaining suitable persons and the scope and potential for conducting research.

3. Work-Load

We believe that in regard to Post-graduate teachers, only the upper norm of the work-load is relevant. In our view, this should not exceed six periods a week, including lectures, seminars and tutorial classes. More importantly a teacher should not be asked to give lectures on more than two subjects. If evening classes are organised, consistent with the overall work-load, the teachers should not object to giving lectures at any time under the prevailing arrangements.

4. Evening Classes

Several issues such as the academic propriety of such an arrangement, its implication on the work-load, etc. were raised during the discussion. A reference was also made to the organisation of Post-graduate teaching through the Post-graduate Centres in affiliated colleges.

૧૮. માર્ચ-એપ્રિલ, ૧૯૭૦માં લેવાયેલ આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૧૯-૬-૧૯૭૦ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯-૬-૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૬૫ પર વિચારણા કરવામાં આવી.

૬૫. માર્ચ-એપ્રિલ ૧૯૭૦માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન વિદ્યાર્થીઓએ અજમાવેલ ગેરવાજબી ઇલાજો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૩૦-૬-૧૯૭૦ના

રોજ તથા તા. ૭-૭-૧૯૭૦ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૩૦-૬-૧૯૭૦ અને તા. ૭-૭-૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૩૦-૬-૧૯૭૦ની અને તા. ૭-૭-૧૯૭૦ની સભાની ભલામણોની નકલ સામેલ કરવામાં આવી નથી.)

૧૯. માર્ચ-એપ્રિલ, ૧૯૬૭માં લેવાયેલ થર્ડ બી.કોમ.ની પરીક્ષાના કામચલાઉ પ્રમાણપત્ર બનાવવા અંગે શ્રી. એ. બી. દવે તથા શ્રી. આઈ. બી. સાડીવાલાના હસ્તક થયેલ ભૂલની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૯-૧૧-૧૯૬૮ની સભામાં કરેલા ઠરાવ અંગે તે ભાઈઓની તા. ૧૫-૧૨-૧૯૬૯ની આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— તા. ૧૯-૬-૧૯૭૦ના રોજ મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની સભાએ આ કેસ સિન્ડિકેટ સમક્ષ મૂકવા ઠરાવ્યું છે.)

લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના કર્મચારીઓ સર્વશ્રી એ. બી. દવે અને આઈ. બી. સાડીવાલાને, તા. ૯-૧૧-૧૯૬૮ની સભામાં કરેલા ઠરાવ અન્વયે તેમના બે વાર્ષિક પગારવધારા કાયમી અસર પહોંચે તે રીતે અટકાવવામાં આવ્યા હતા તેમાં, વચગાળાના સમય દરમ્યાનની તેમની કામગીરી અંગે શ્રી. કુલસચિવે સંતોષ વ્યક્ત કર્યો તે લક્ષમાં લઈને, રાહત આપીને તેમને હવે ફક્ત એક જ વાર્ષિક પગારવધારાની કાયમી અસર પહોંચે તે રીતે આગળ પગલાં લેવાનું રાખવું.

૨૦. ડૉ. બારલિંગેની પ્રોફેસર ઑફ ફિલોસોફીની જગ્યા પર નિમણૂક કરવામાં આવી હતી, પરંતુ તેઓએ તે સ્વીકારી ન હોવાથી તેઓના તા. ૧૨-૬-૧૯૭૦ના તાર તથા તા. ૧૩-૬-૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.— વરણીસમિતિએ તેની તા. ૨૬-૨-૧૯૭૦ની સભામાં ક્રમાનુવર્તી નીચેનાં નામોની ભલામણ કરેલી છે:

૧. ડૉ. એસ. એસ. બારલિંગે

૨. ડૉ. એન. વી. જોશી.)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રોફેસર ઑફ ફિલોસોફીની જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મગાવવી, અને તે જગ્યા પર નિમણૂક કરવા માટે વિચારણા કરવામાં આવે ત્યારે ડૉ. એન. વી. જોશીને નીમવા માટેની સદરહુ સમિતિની ભલામણ પણ ધ્યાનમાં લેવાનું રાખવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવ્યું કે ગુજરાત યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકોની નિમણૂકો માટે ભવિષ્યમાં જાહેરખબર આપવામાં આવે ત્યારે તેમાં સ્પષ્ટ જણાવવું કે પસંદ થયેલા ઉમેદવારે તેમના અજમાયશી સમયના બે વર્ષ દરમ્યાન ગુજરાતી ભાષા શીખી લેવી આવશ્યક રહેશે.

૨૧. યુનિવર્સિટી પરીક્ષાઓના ગુણપત્રક તથા પ્રોવિઝનલ પાસિંગ સર્ટિફિકેટ વિદ્યાર્થીઓને પરિણામ પછી તરત પોતાની કૉલેજમાંથી જ મળી શકે તે માટે પરીક્ષા ફી સાથે જ જરૂરી ફી અગાઉથી લેવાના સિન્ડિકેટના સભ્ય શ્રી. આર. બી. શાહના સૂચન અંગે વિચારણા કરવા બાબત.

(આ માટે દરેક પરીક્ષાના રૂ. ૫-૦૦ ઍડ-હૉક ધોરણે વધારવા સૂચન છે. કૉલેજો આ કામ કરવા માટે વૅકેશન દરમિયાન સંમત થશે એમ હું માની લઉં છું.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની પરીક્ષાઓ માટેનાં ગુણપત્રકોની ફી પરીક્ષા ફીની સાથે જ સ્વીકારવા અંગેના શ્રી. આર. બી. શાહના સદરહુ સૂચનનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો અને તે અંગે ફીનાં ધોરણોમાં સુધારો કરવાનું ભવિષ્યમાં વિચારવું.

૨૨. તા. ૨૪-૬-૧૯૬૯ના રોજ તેમ જ તા. ૩-૭-૧૯૬૯ના રોજ મળેલ પ્રાધ્યિક-પરીક્ષકોની પૅનલ અંગેની સમિતિએ પ્રાધ્યિક-પરીક્ષકોની લાયકાત અંગેનાં ધોરણો સુધારવા અંગે કરેલ સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૨૩. યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોની ત્રિવાર્ષિક તપાસસમિતિઓના અહેવાલોના સંદર્ભમાં ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં પ્રત્યેક ભવનમાં તેનું પોતાનું નાનું વિભાગીય પુસ્તકાલય રાખવું જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ગ્રંથાલય સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૪. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮ અને તા. ૨૩-૧-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં શિક્ષકોના કાર્યભાર અંગેનાં હાલનાં ધારાધોરણોમાં કશો ફેરફાર કરવો નહીં."

[નોંધ.—નીચેની બાબતોના સંદર્ભમાં ઉપરની ભલામણ થયેલ છે :

૧. ગ્રામ્ય વિસ્તારની કૉલેજોના વ્યવસ્થાપક મંડળના સૂચન મુજબ અધ્યાપકોને ઓછામાં ઓછાં ૧૮ વ્યાખ્યાનો તથા ૬ ટ્યુટોરિયલો આપવા અંગે.
(એ. કા. બા. ક્ર. ૧૦૩)

૨. શિક્ષકોનો કાર્યભાર ઓછો કરવા અંગેનો આચાર્ય શ્રી. એલ. ડી. દવેનો પ્રસ્તાવ.
(એ. કા. બા. ક્ર. ૧૧૭)

૩. સેનેટની તા. ૧૭/૧૧-૧૦-૧૯૬૯ની સભાએ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ ઑર્ડ. ૧૨૦-એ જે સિન્ડિકેટે તેની તા. ૭-૧૨-૧૯૬૯ની સભામાં ઍકેડેમિક કાઉન્સિલની વિચારણાર્થે મોકલવાનું ઠરાવેલ છે.

૪. રાજ્ય સરકારે નીમેલ લાલભાઈ સમિતિની ભલામણ અનુસાર બિનસરકારી કૉલેજોને ગ્રાન્ટ આપવાની હોવાથી નાણાકીય બોજ વધારે ઉપાડવાનો રહે. આથી શિક્ષકોના કાર્યભાર વધારવા અંગેનું શિક્ષણનિયામકનું સૂચન.

(એ. કા. પા. ક્ર. ૧૪૨)]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૫. એન.સી.સી. ગ્રુપ હેડક્વાર્ટર્સમાં યોજાતી હરીફાઈ ઓ અંગે એક Rolling Trophy માટે રૂ.૫,૦૦૦ (પાંચ હજાર) એન.સી.સી. ગ્રુપ હેડક્વાર્ટર્સને ફાળવવા વિનંતી કરતા એન.સી.સી. ગ્રુપ હેડક્વાર્ટર્સના કમાન્ડરના તા. ૨૩-૨-૧૯૭૦ના ડી. ઓ. પત્રાંક ૧૮૨ જી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓના સંયુક્ત બોર્ડની વિચારણા માટે મોકલવી.

૨૬. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને અનમર્જ્ડ બોંબવારી ભથ્થું આપવા અંગે ભાષા-સાહિત્ય ભવનના સંસ્કૃતના વ્યાખ્યાતા શ્રી. ટી. એસ. નાન્દીના તારીખ ૧૩-૩-૧૯૭૦ના પત્રાંક ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને બોંબવારી ભથ્થું કયા ધોરણે આપવામાં આવે છે તે અંગેની માહિતી બીજી યુનિવર્સિટીઓ પાસેથી મગાવવી, તથા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનને પુછાવવું કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને અનમર્જ્ડ ધોરણે બોંબવારી ભથ્થું આપવામાં આવે તો તે માટે તેઓ તરફથી કેટલી આર્થિક સહાય મળી શકશે.

૨૭. યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓના શિક્ષકો માટે નિયત કરેલા પ્રૉવિડંટ ફંડના નિયમોના સંદર્ભમાં એક જ મંડળને હસ્તક ચાલતી બધી કૉલેજો-સંસ્થાઓ માટે પ્રૉવિડંટ ફંડ અંગે એક જ ટ્રસ્ટ ચાલે છે. પ્રત્યેક કૉલેજ-સંસ્થા દીઠ અલગ અલગ ટ્રસ્ટ જોઈએ તે અંગે સ્પષ્ટતા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એક કરતાં વધુ કૉલેજો/સંસ્થાઓ ચલાવતું કોઈ મંડળ જો ઈચ્છે તો તેના હસ્તક ચાલતી આ યુનિવર્સિટી સાથે જોડાયેલી બધી જ કૉલેજો/સંસ્થાઓ માટે શિક્ષકોના પ્રૉવિડન્ટ ફન્ડ અંગેનું એક ટ્રસ્ટ રચી શકશે.

૨૮. એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદને અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનના પ્રૉવિડંટ ફંડના નિયમો લાગુ પડે છે. સાથોસાથ યુનિવર્સિટીના નિયમો લાગુ પાડે તો કૉર્પોરેશનને તેના કર્મચારીઓ માટે બે પ્રકારના નિયમો રાખવા પડે તો સદરહુ કૉલેજને કૉર્પોરેશનના નિયમો રાખવા દેવાની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના પ્રૉવિડન્ટ ફન્ડના નિયમો અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને ઘડેલા પ્રૉવિડન્ટ ફંડના નિયમો તે કૉલેજ પૂરતા માન્ય કરવા.

૨૯. સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભામાં સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૭-૩-૧૯૭૦ની સભાની ભલામણો પૈકી નીચેની ભલામણ મંજૂર કરી તે રદ્દ કરવા અંગે વિચારણા કરવા બાબત :

પેરા ૨ (ઘ)— "માંદગીની રજા અગાઉથી (એડવાન્સમાં) મંજૂર કરવા બાબતના પેટા-નિયમોનો અમલ તા. ૧-૭-૧૯૬૮થી કરવાનું રાખવું."

(નોંધ.—સિન્ડિકેટે તેની તા. ૬/૭-૩-૧૯૬૯ની સભામાં માંદગીની રજાઓનો અમલ તા. ૧-૭-૧૯૬૮થી કરવાનું ઠરાવ્યું હતું, પણ આ અંગેના નિયમોમાં કેટલોક સુધારો સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૩-૧૯૭૦ની સભામાં કર્યો હોઈ સુધારેલા નિયમોનો અમલ સિન્ડિકેટે જે તારીખે સુધારો કર્યો તે તારીખથી થઈ શકે તેથી આ પેરા રદ્દ કરવાનો થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની ઉપરની જે ભલામણ સિન્ડિકેટે તેની તા. ૧૨-૪-૧૯૭૦ની સભામાં મંજૂર કરી છે તેમાં કશો ફેરફાર કરવો નહીં, પરંતુ સદરહુ ઠરાવને કારણે ભૂતકાળમાં મંજૂર કરવામાં આવેલી રજા ઉપર કશી વિપરીત અસર થશે નહીં, એમ સ્પષ્ટતા કરવી.

૩૦. સિન્ડિકેટની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભાના ઠરાવ અન્વયે ભાષા-સાહિત્ય ભવનના અંગ્રેજીના પ્રોફેસર શ્રી. કે. આર. ચંદ્રશેખરનની નિમણૂક ભાષા-સાહિત્ય ભવનના 'કાર્યકારી અધ્યક્ષ' તરીકે કરેલી હોઈ તેના સંદર્ભમાં તેઓની 'કાર્યકારી અધ્યક્ષ'ને બદલે 'અધ્યક્ષ' તરીકે નિમણૂક કરવાની વિનંતી અંગેના તેઓના તા. ૧૪-૪-૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૧. સેનેટની તા. ૨૫/૨૬/૨૭-૩-૧૯૭૦ની વાર્ષિક સભામાં ચર્ચાવિચારણા દરમ્યાન થયેલાં જુદાં જુદાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૨. નાગપુર યુનિવર્સિટી, નાગપુરના આશ્રયે તા. ૨૭-૧-૧૯૭૦થી તા. ૩૦-૧-૧૯૭૦ દરમ્યાન મળેલ "ફિફ્થ નેશનલ સેમિનાર ઑફ સ્ટુડન્ટ્સ એડવાઈઝરી બ્યૂરોઝ ઇન ઇન્ડિયા" એ કરેલી ભલામણો પૈકી ભલામણ ક્રમાંક ૩ અંગે વિચારણા કરવા બાબત અને બાકીની ભલામણોની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી પ્રત્યેક કૉલેજમાં વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવા માટેનો એક એકમ (Guidance Unit) રચવા માટે તેમને ભલામણ કરવી.

૩૩. શ્રી. એ. એન. કેલાનાં પ્રથમ એલએલ.બી. તેમ જ બીજી એલએલ.બીનાં સત્રો તથા પરિણામો તા. ૩૦/૩૧ મે ૧૯૬૯ના સિન્ડિકેટના ઠરાવથી રદ્દ કર્યાં હોઈ તેમને

તા. ૩૦ ઑક્ટોબર ૧૯૬૩ના પદવીદાન સમારંભમાં અર્પણ થયેલ એલએલ.બી.ની પદવી પાછી ખેંચવા બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૪. કૉલેજોમાં અને યુનિવર્સિટીઓમાં શારીરિક શિક્ષણના ડાયરેક્ટર તરીકે કામ કરનાર માટે ભારત સરકારના શિક્ષણ અને યુવકસેવા મંત્રાલય તરફથી શૈક્ષણિક લાયકાત અને તેને આનુષંગિક પગારધોરણો માટે સૂચનો કરતા તા. ૧૮-૧૧-૧૯૬૯ના આવેલ પત્રાંક એફ-૧૦-૧૪-૬૭-વાય એસ જ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

બાબત નં. ૩૫ અને ૫૫ની વિચારણા સાથે કરવામાં આવી.

૩૫. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગાર ધોરણોના સંદર્ભમાં નીચેની બાબતો પર વિચારણા કરવા બાબત :

૧. જે સંલગ્ન કૉલેજોમાં અનુસ્નાતક કેન્દ્રો ચાલે છે તે કૉલેજો પૈકી ૬૬ કૉલેજોના આચાર્યોને રૂ. ૮૦૦-૫૦-૧,૨૫૦ના પગારધોરણમાં મૂકવા.

૨. જ્યાં અનુસ્નાતક કેન્દ્રો ચાલે છે તેવી સંલગ્ન કૉલેજોના જે પ્રાધ્યાપકોને તા. ૧-૪-૧૯૬૬ના રોજ એક વર્ષનો અનુસ્નાતક શિક્ષણનો અનુભવ હોય તેવા પ્રાધ્યાપકો પૈકી કયા પ્રાધ્યાપકોને રૂ. ૭૦૦-૧,૧૦૦ના પગારધોરણમાં મૂકવા તથા તેઓ માટે કયાં શૈક્ષણિક લાયકાતનાં ધોરણો રાખવાં.

૩. રાજ્ય સરકારના ઠરાવમાં ગુજરાત રાજ્યની બીજી યુનિવર્સિટીઓમાંથી આપણી યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં જોડાયેલ શિક્ષકો કે ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાંથી ગુજરાત યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં કે માન્ય સંસ્થાઓમાં જોડાયેલ શિક્ષકો અંગે ઉલ્લેખ નથી.

૪. રાજ્ય સરકારના ઠરાવમાં ગુજરાત યુનિવર્સિટીની માન્ય સંસ્થાઓના શિક્ષકોના પગારધોરણ અંગે કે તેઓ એક સંસ્થામાંથી બીજી સંસ્થા કે યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજમાં કે યુનિવર્સિટીના વિદ્યાભવનમાં જોડાય તે અંગે ઉલ્લેખ નથી.

(**નોંધ**—રૂ. ૮૦૦-૫૦-૧,૨૫૦ અને રૂ. ૭૦૦-૧,૧૦૦નાં પગારધોરણોમાં અનુક્રમે જે આચાર્યો અને પ્રાધ્યાપકોને મૂકવાના છે તેનો અમલ સિન્ડિકેટ જે જે તારીખથી આ નિમણૂકોને માન્યતા આપશે તે તારીખથી થશે.)

૫૫. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોના પગારધોરણમાં શરૂઆતનો મૂળ પગાર નક્કી કરવાની પદ્ધતિ અંગે ગુજરાત રાજ્યના તા. ૬-૬-૧૯૭૦ના ઠરાવ ક્રમાંક એમઆઇએસ-૧૦૬૮-બ જેની વિચારણા સિન્ડિકેટની તા. ૧૩-૬-૧૯૭૦ની સભામાં મોકૂફ રહી હતી તે પર વિચારણા કરવા બાબત.

તે પછી ઠરાવવામાં આવ્યું કે નીચેના મુદ્દાઓ રાજ્ય સરકારના તથા રાજ્યના શિક્ષણ-સંચાલકશ્રીના ધ્યાન પર લાવવા અને સુધારેલો G.R. ત્વરિત બહાર પાડવા માટે તેમને વિનંતી કરવી :

(૧) રાજ્ય સરકારના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૯-૩-૧૯૭૦ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૬૮-ખ ગુજરાત રાજ્યની બીજી યુનિવર્સિટીઓમાંથી ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં જોડાયેલા શિક્ષકો કે ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાંથી ગુજરાત યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં કે માન્ય સંસ્થાઓમાં જોડાયેલા શિક્ષકોને લાગુ પડે છે કે કેમ?

(૨) ગુજરાત યુનિવર્સિટીની માન્ય સંસ્થાઓના શિક્ષકોના પગારધોરણ અંગે કે તેઓ એક સંસ્થામાંથી બીજી સંસ્થા કે યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં કે યુનિવર્સિટી વિદ્યાભવનોમાં જોડાય તે અંગે ઉલ્લેખ નથી.

(૩) ગુજરાત યુનિવર્સિટી ધારાની જોગવાઈ નીચે અનુસ્નાતક શિક્ષણ યુનિવર્સિટી દ્વારા થતું હોઈ અમદાવાદ શહેરની વિનયન અને વિજ્ઞાન વિદ્યાશાખાઓમાંની ચાર જ કૉલેજોમાં યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રો છે. આથી મોટા ભાગના વિનયન અને વિજ્ઞાનની કૉલેજોના શિક્ષકો અનુસ્નાતક કેન્દ્રોવાળી કૉલેજોના શિક્ષકો માટેના રૂ. ૭૦૦-૧૧૦૦ના પગારધોરણના લાભથી વંચિત રહેવા સંભવ છે.

(૪) આ યોજના અંગેના કુલાધિપતિશ્રીના નિર્ણયના સંદર્ભમાં સરકારી ઠરાવમાં ફેરફાર કરવાનું હજુ બાકી રહે છે.

(૫) શિક્ષકોના સુધારેલા પગારધોરણમાં મૂળ પગાર નિયત કરવાની પદ્ધતિ અંગેનો તા. ૬ જૂન ૧૯૭૦નો સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ. ૧૦૬૮-ખ થી ઉપર દર્શાવેલ મુદ્દાઓ તા. ૬ જૂન ૧૯૭૦ના સરકારી ઠરાવ તથા કુલાધિપતિશ્રીના નિર્ણયના સંદર્ભમાં સરકારી ઠરાવમાં જે સુધારાઓ કરવાના હોય તે સર્વે લઈને એક સર્વગ્રાહી અને સુચિંતિત સરકારી ઠરાવ ઘડવામાં આવે કે જેથી આ યોજનાના અમલ અંગે સરળતા રહે.

દરમિયાન ઉપર બાબત નં. ૩૫માં જણાવેલા મુદ્દા નં. ૧ અને ૨ અંગેની વિચારણા મોકૂફ રાખવી.

૩૬. સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૨-૧૯૭૦ની સભામાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓ અંગેના નિયમો પર ચર્ચાવિચારણા કરી રિપોર્ટ કરવા નિયુક્ત થયેલ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોના શિક્ષકોની સેવાઓ અંગેના નિયમોમાં નીચે મુજબ સુધારા કરવા :

(૧) નિયમ નં. ૨ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

2. Subject to the under-mentioned provision, a member of the teaching staff in an affiliated college or in a recognised institution

who ceases to be a teacher shall be paid the vacation salaries in accordance with the following :

(*a*) If he has served for the major part of the whole academic year*, he shall be paid three months' salary** and in the case of part-time teachers three months' emoluments as vacation salary.

(*b*) If he has served for the major part*** of any of the terms he shall be paid one month's salary and in case of part-time teachers one month's emoluments as vacation salary.

(૨) નિયમ નં. ૭ (બી), (સી) અને (ડી) નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા :

(*b*) Members of the teaching staff who have vacations shall not be entitled to privilege leave while those who do not have such vacation shall be entitled to one month's privilege leave for every eleven months of completed service, which can be accumulated up to 90 days.

(*c*) A member of the teaching staff who is entitled to have vacations but who is required by the authorities of the college or the institution concerned to work duridg a vacation shall be entitled to privilege leave, calculated on the basis ot one-third of the period for which he has worked during the vacation, which can be accumulated up to 90 days.

(*d*) A member of the teaching staff shall, in addition to any privilege leave earned under clauses (*b*) and (*c*) above, be entitled to sick leave on production of a medical certificate for 15 days on full average pay or 30 days on half average pay in a year, which can be accumulated up to 90 days.

(૩) નિયમ નં. ૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા :

9. No member of the staff shall leave the emloyment of the college in the midst of any term and without giving tc the authorities three monts' notice, if he is confirmed or one month's notice, if he is temporary or on probation, provided that, such notice shall not end in the middle of an academic term. In case, however, a member does not give the required notice the college authorities shall be

entitled to claim from him an amount not exceeding the salary and such allowances as may be payable to him for the period of notice.

No teacher shall be entitled to payment of salary from both the colleges.

If a member of the staff leaves the services in the middle of an academic term without due notice and joins any college/Institution affiliated to/recognised by the University, Syndicate may not approve his appointment in the new college or recognise him as a teacher for that academic term.

(૪) નિયમ નં. ૧૦(૧), (૨) અને (૩) નીચે. નીચે મુજબ નોંધ મૂકવી:

"If a teacher retires as per superannuation rules of the University, the compensation clause will not be applicable."

સદરહુ નિયમમાં કમ્પનસેશન (વળતર) શબ્દ વાપર્યો છે ડેમેજીસ (નુકસાની) શબ્દ વાપર્યો નથી, એટલે કોઈ છૂટા કરાયેલ શિક્ષકને બીજે નોકરી મળે કે ન મળે તોપણ કમ્પનસેશન (વળતર) આપવાની જોગવાઈ કરાઈ છે તેમાં ફેરફાર કરવાની જરૂર નથી.

(૫) નીચેનો નિયમ નં. ૧૪ ઉમેરવો:

"A member of the staff appointed temporarily on the post of a Principal, should be given Principal's scale and other benefits if he officiates for more than a year."

(૬) સદરહુ નિયમોમાં પાર્ટ-ટાઇમ શિક્ષકો એવા પેટાવિભાગ પાડી નીચે પ્રમાણે દર્શાવવું:

Rule No. 2(*a*), 2(*b*), 3, 6, 7*e*, 8, 9 and 11 shall mutatis mutandis be applicable to part-time teachers, whereas rule No. 10, 12 and 13 shall not be applicable to them.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં અને માન્ય સંસ્થાઓમાં શિક્ષક તરીકે નિવૃત્ત થયેલી વ્યક્તિ પૂરતી શારીરિક તંદુરસ્તી ધરાવતી હોય તો તેને ૬૮ વર્ષની ઉંમર વીતી ગયા પછી પણ માનદ ધોરણે તેને વધુમાં વધુ અઠવાડિયાના પાંચ તાસનું શિક્ષણકાર્ય સોંપવામાં આવે અને તેને ઓછામાં ઓછા રૂ. ૨૫૦નું માસિક વેતન આપવામાં આવે તે શરતે માનદ શિક્ષક તરીકે શૈક્ષણિક કાર્ય કરવા માટે છૂટ આપવી.

૩૭. સ્ટ. ૯૯ના મુસદ્દા પર પુનર્વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૯૯માં બેંકિંગનો વિષય વિનયન અને વાણિજ્યની એમ બન્ને વિદ્યાશાખા હેઠળ રાખવો કે કેમ તે અંગે વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓને તેમના અભિપ્રાય માટે મોકલવો.

૩૮. સ્ટે. ૧૦૮ના પાઠ ૫૨ પુનર્વિચારણા ક૨વા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૦૮માં બેંકિંગનો વિષય વિનયન અને વાણિજ્યની એમ બન્ને વિદ્યાશાખાઓ હેઠળ રાખવો કે કેમ તે અંગે વિનયન અને વાણિજ્યની વિદ્યાશાખાઓના અભિપ્રાય માટે મોકલવો.

૩૯. જૂન ૧૯૭૧થી નવી કૉલેજો માટે અને ચાલુ કૉલેજોના વિભાગીકરણ માટે આવેલ જોડાણઅરજીઓ ૫૨ સ્થાનિક તપાસસમિતિઓ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૦. સેનેટે મૂકેલ શરતો મુજબ નીચે જણાવેલ ૧૨ કૉલેજોને પોતાનું સ્વતંત્ર મકાન ન હોવા અંગે સિન્ડિકેટે તેની તા. ૪/૫-૧-૧૯૬૯ની સભામાં ઠરાવ્યા અનુસાર મગાવેલી નીચેની માહિતીને અનુલક્ષીને તે પ્રશ્ન ૫૨ વિચારણા ક૨વા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ
(૧)	તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર
(૨)	ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોરેલી
(૩)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ભાદરણ
(૪)	શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ
(૫)	ભક્ત લલ્લભ ધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
(૬)	પટેલ જે. બી. રૂદેલવાળા આર્ટ્સ ઍન્ડ પટેલ એ. એમ. રૂદેલવાળા કૉમર્સ કૉલેજ, બોરસદ
(૭)	હિંમતનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હિંમતનગર
(૮)	શ્રીમતી એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદ
(૯)	આર્ટ્સ કૉલેજ, સંખેડા
(૧૦)	બનાસકાંઠા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પાલનપુર
(૧૧)	મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહેસાણા
(૧૨)	સાયન્સ કૉલેજ, કડી.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરની કૉલેજોની બાબતમાં તેઓ હાલ જે મકાનમાં બેસે છે તે મકાન કૉલેજના કામકાજને માટે સુયોગ્ય છે કે કેમ તે અંગે જે તે કૉલેજની જોડાણઅરજીના સંદર્ભમાં જે સ્થાનિક તપાસસમિતિ નીમવામાં આવે તેને જરૂરી તપાસ કરીને આ બાબતમાં પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે જણાવવું.

વધુમાં જણાવવું કે ચાલુ વર્ષે ઉપર જણાવેલી કૉલેજો પૈકી કોઈ માટે આવી તપાસસમિતિ જનાર ન હોય તો તે અંગે જરૂરી તપાસસમિતિ-સમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૧. ડૉ. દેવેન્દ્ર સુતરિયા તથા અન્ય સત્તાવીસ સેનેટ-સભ્યો તરફથી યુનિવર્સિટી ધારાની કલમ ૧૭ (૨) અનુસાર યુનિવર્સિટીની ખાસ સભામાં નીચેનો પ્રસ્તાવ વિચારણા

મારે મોકલેલ હોઈ તે પર અભિપ્રાય આપવા બાબત :

પ્રસ્તાવ

"ભારતમાં કેટલાંક રાજ્યોમાં આવેલી યુનિવર્સિટીઓએ પોતાના વિસ્તારોમાં આવેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા વિનયન વિદ્યાશાખાના સ્નાતક શિક્ષકો વિકાસોન્મુખ રહી અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધી શકે તે માટે એકસ્ટર્નલ એમ.એ.ની જોગવાઈ કરેલી છે. કમનસીબે ગુજરાતની એક પણ યુનિવર્સિટીમાં આવી જોગવાઈ નથી. આથી ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધી શકે તેવી તકો ઊભી કરવા અને તેમ કરતાં શિક્ષણનાં ધોરણો નીચાં ન પડે તે માટે સેનેટની આ સભા માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં એમ.એ.ના વેકેશન વર્ગો શરૂ કરવાની કોઈ અસરકારક યોજના ઘડી કાઢવા લાગતાંવળગતાં અધિકારી સત્તામંડળોને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૪૨. સિન્ડિકેટની તા. ૧૪/૧૫–૨–૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર નીચેની બાબતો પર શિક્ષણની અભ્યાસમિતિએ તેની તારીખ ૧૪–૪–૧૯૭૦ની સભામાં નીચેની બાબતો અંગે કરેલી ભલામણો પર વિચારણા કરવા બાબત :

બાબતો

(અ) બી.એડ.ના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓના પ્રવેશ અંગેનાં ધારાધોરણોમાં હાલ શિક્ષણકાર્યના કશા પણ અનુભવ વિના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની જોગવાઈ છે. તે જોગવાઈ બાબતમાં ફેરવિચારણા કરવી.

(બ) શિક્ષણશાસ્ત્રની સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંગેના ચોક્કસ ધોરણ માટે કાંઈક વિચારવું.

અભ્યાસસમિતિની ભલામણ

ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે —

(અ) બી.એડ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ અંગે હાલ જે છે તે ધારાધોરણમાં કોઈ જ ફેરફાર કરવાની જરૂર જણાતી નથી.

(બ) શિક્ષણશાસ્ત્રની સંલગ્ન કૉલેજોમાં વિદ્યાર્થીઓની સંખ્યા અંગે હાલ જે પ્રથા છે તે ચાલુ રાખવી અને તેમાં કોઈ ફેરફાર કરવાની જરૂર નથી. એટલે કે સામાન્ય રીતે ૧૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા રાખવી, પરંતુ જે કૉલેજમાં ખાસ સંજોગોને લીધે ૨૦૦ની સંખ્યા કરવામાં આવેલી છે તે કૉલેજોમાં તે સંખ્યા ચાલુ રાખવી.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૪૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેના તારીખ ૨૨-૬-૧૯૭૦ના પત્રાંક એફ. ૨૮-૧૯-૭૦ (એચ)થી શિક્ષણશાસ્ત્રના વિષય માટે પુસ્તકોની ખરીદી માટે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ રૂ. ૨૦,૦૦૦ની ગ્રાસ ગ્રાન્ટ મંજૂર કર્યાની તથા તે પેટે હાલ રૂ. ૧૫,૦૦૦ ચૂકવવાનું મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૪. સમાજ વિદ્યાભવનમાં ફીલ્ડ વર્ક આસિસ્ટન્ટ તરીકે કામ કરતા શ્રી. એ. ડી. શાહ તા. ૧૫-૭-૧૯૭૦થી રાજીનામું આપી છૂટા થતા હોઈ તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૧૮-૬-૧૯૭૦ની અરજી પર વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—શ્રી. શાહ ભવનમાં તા. ૧૫-૬-૧૯૬૬ના રોજ જોડાયા હતા અને તા. ૧૫-૭-૧૯૭૦થી રાજીનામું આપી છૂટા થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. ડી. શાહને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફન્ડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ચૂકવી આપવી.

૪૫. "નેશનલ સાયન્સ ટેલન્ટ સર્ચ યોજના હેઠળ ગણિતશાસ્ત્ર વિષયના સ્કોલરો માટેના ગ્રીષ્મ વર્ગમાં વધારાની સેવાઓ આપી છે તે માટેનું મહેનતાણું સ્વીકારવા માટે નીચે જણાવેલ યુનિવર્સિટી કર્મચારીઓને પરવાનગી આપવા પ્રોફેસર એચ. એન. રાવલના તા. ૧૩-૬-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીઓનાં નામ	હોદ્દો	તેમને સોંપવામાં આવેલ કામનો પ્રકાર	મહેનતાણાની રકમ રૂપિયા	હાલ મળતો પગાર રૂપિયા
૧.	પ્રો. એચ. એન. રાવલ	રીડર	અધ્યક્ષ	૮૦૦	૧,૦૦૦
૨.	પ્રો. દર્શનસિંગ બસન	રીડર	રિસોર્સીઝ પર્સોનેલ	૫૦૦	૯૦૦
૩.	ડૉ. એ. એમ. વૈદ્ય	રીડર	,,	૫૦૦	૭૫૦
૪.	ડૉ. એમ. મિશ્રા	લેક્ચરર	,,	૫૦૦	૬૮૦
૫.	ડૉ. આઈ. એચ. શેઠ	લેક્ચરર	,,	૫૦૦	૫૨૦
૬.	શ્રી. એમ. એન. પટેલ	જુ. ક્લાર્ક	ક્લાર્ક	૧૦૦	૯૫
૭.	શ્રી. બી. જી. પરમાર	પટાવાળા	પટાવાળા	૭૫	૬૩.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના શિક્ષકો/કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૪૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એમ. એ. ડાભીનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૩૧-૭-૧૯૭૦ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧-૮-૧૯૭૦થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

વિજ્ઞાન વિદ્યાભવનના પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એમ. એ. ડાભીની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એમ. એ. ડાભીને તેમની સદરહુ જગ્યા પર તા. ૧-૮-૧૯૭૦થી કાયમ કરવા.

૪૭. યુનિવર્સિટી કાર્યાલયમાં ચોકીદાર તરીકે કામ કરતા શ્રી. સબકસિંગ પી. ઝાલાનો એક વર્ષ વધુ લંબાવેલો અજમાયશી સમય તા. ૧૪-૭-૧૯૭૦ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૧૫-૭-૧૯૭૦થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી કાર્યાલયમાં ચોકીદાર તરીકે કામ કરતા શ્રી. સબકસિંગ પી. ઝાલાની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. સબકસિંગ પી. ઝાલાને તેમની સદરહુ જગ્યા પર તા. ૧૫-૭-૧૯૭૦થી કાયમ કરવા.

૪૮. "ઇન્ડિયન એજ્યુકેશન ઑફ ટીચર્સ એજ્યુકેટર્સ"નું ૧૩મું અધિવેશન, સરકારી શિક્ષણની કૉલેજ, ગ્વાલિયર મુકામે ઑક્ટોબર તા. ૨૨ થી ૨૪, ૧૯૭૦ના સમય દરમિયાન યોજાનાર હોઈ તેમાં યુનિવર્સિટીના શિક્ષણવિભાગના અધ્યક્ષ તરીકે શિક્ષણની કૉલેજના આચાર્યને મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના પ્રમુખશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડો કે. જી. દેસાઈને મોકલવા.

૪૯. યુનિવર્સિટી પ્રેસની શરૂઆત એટલે કે ૧૯૫૬થી તા. ૧-૮-૧૯૬૯ સુધીમાં કુલ કિલો ૨૧,૪૩૬-૪૯૦ ગ્રામ ટાઇપ મેટલ ખરીદવામાં આવેલ તેમાં ૨,૬૦૦ કિલો મેટલની આવેલી ઘટ અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.— યુનિ. પ્રેસની (૧) આ ઘટ વાર્ષિક ધોરણે ગણતાં ૧ ટકાથી પણ ઓછી છે.

(૨) જૂન ૧૯૬૯થી મોનોટાઇપ મશીનરી યુનિવર્સિટી પ્રેસમાં વસાવેલ છે. ટાઇપ મેટલ દરેક વખત ઓગાળી નવું ટાઇપ કંપોઝ થતું હોય છે. આમ મેલ્ટિંગ અને રિમેલ્ટિંગમાં, મુદ્રણ તથા ફાઉન્ડ્રી ઉદ્યોગમાં પ્રતિવખતે લગભગ ૧૦ ટકા ઘટ થતી હોય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી તથા ૨૬૦૦ કિલો મેટલની ઉપર જણાવેલી ઘટ માંડી વાળવી.

૫૦. "વિદ્યા"ના સંપાદનમંડળમાં ડૉ. એચ. સી. ભાયાણીને આમેજ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૧. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના મધ્યસ્થ જિમખાનાનું સને ૧૯૬૯-૭૦ના વર્ષ માટે કલાર્ક તરીકેનું કામ કરવા માટે રૂ. ૨૦૦નું મહેનતાણું સ્વીકારવા યુનિવર્સિટી ભવનના કલાર્ક શ્રી. પી. એન. મહેતાને મંજૂરી આપવા માટે યુનિવર્સિટી સ્કૂલ સેન્ટ્રલ જિમખાનાના ભૂતપૂર્વ અધ્યક્ષ ડૉ. સી. ટી. ભોપટકરના તા. ૨૦-૬-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— સિન્ડિકેટની તા. ૯-૧૦ ઑગસ્ટ ૧૯૬૯ની સભામાં બાબત નં. ૮ યુનિવર્સિટીનાં તમામ વિદ્યાભવનો માટે એક મધ્યસ્થ જિમખાના ઊભું કરવાના તથા રમતોની સગવડો મળે તે માટે નિયુક્ત થયેલ ઉપસમિતિની તા. ૨૮-૮-૧૯૬૯ની બેઠકમાં સને ૧૯૬૯-૭૦ના વર્ષ માટેના સેન્ટ્રલ જિમખાનાના અંદાજી ખર્ચમાં કલાર્કની મદદ માટે રૂ. ૨૦૦નું મહેનતાણું આપવાનું દર્શાવવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. એન. મહેતાને ઉપર જણાવ્યા મુજબ રૂ. ૨૦૦નું મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૫૨. ગુજરાત રાજ્યના નાણાખાતાના ઠરાવ નં. વી. આઈ. બી. ૧૨૭૦-જે, તા. ૨૯-૪-૧૯૭૦થી સરકારી કર્મચારીઓને અપાતા મોંઘવારી ભથ્થાના દરમાં તા. ૧-૫-૧૯૭૦થી વધારો આપવાનું ઠરાવ્યું હોવાથી આ મોંઘવારી ભથ્થાનો લાભ યુનિવર્સિટી કર્મચારીઓને આપવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) આ અંગેનો વધારાનો વાર્ષિક ખર્ચ અંદાજે રૂ. ૩૦,૦૦૦ જેટલો થશે.

(૨) આ બાબત સિન્ડિકેટની તા. ૬/૭-૬-૧૯૭૦ની સભામાં વિચારણા માટે આવેલી જે પર ઠરાવવામાં આવેલ કે કોષ્ટક સાથે આ બાબત ફરીથી રજૂ કરવી. તેના સંદર્ભમાં જરૂરી કોષ્ટક કાર્યાલયે તૈયાર કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે તા. ૧-૫-૧૯૭૦થી મોંઘવારી ભથ્થાના નીચેના દર મંજૂર કરવા :

મૂળ પગાર		મોંઘવારી ભથ્થું
રૂ.		રૂ.
૫૦ સુધી		૧૦૬
૫૧ થી	૬૪	૧૧૬
૬૫ થી	૧૦૦	૧૪૨
૧૦૧ થી	૧૦૪	૧૪૭
૧૦૫ થી	૧૫૦	૧૬૦

મૂળ પગાર			મોંઘવારી ભથ્થું
૧૫૧	થી	૧૬૪	૧૬૫
૧૬૫	થી	૨૫૫	૧૮૮
૨૫૬	થી	૩૨૯	૨૧૩
૩૩૦	થી	૩૭૯	૨૨૦
૩૮૦	થી	૪૨૯	૨૨૩
૪૩૦	થી	૪૬૧	મૂળ પગાર અને રૂ. ૬૫૨ વચ્ચેના તફાવત જેટલી રકમ.
૪૬૨	થી	૫૦૦	૧૯૦
૫૦૧	થી	૭૫૦	૨૦૫
૭૫૧	થી	૯૦૦	૨૨૦
૯૦૧	થી	૧૦૦૦	૨૦૦
૧૦૦૧	થી	૧૦૯૯	મૂળ પગાર અને રૂ. ૧૨૦૦ વચ્ચેના તફાવત જેટલી રકમ.
૧૧૦૦	થી	૨૨૫૦	૧૦૦
૨૨૫૧	થી	૨૩૪૯	મૂળ પગાર અને રૂ. ૨૩૫૦ વચ્ચેના તફાવત જેટલી રકમ.

૫૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

૧. સમાજવિદ્યા ભવનમાં સાંજના વર્ગો માટે નીચેની જગ્યાઓ હંગામી ધોરણે તા. ૧૫-૩-૧૯૭૧ સુધી મંજૂર કર્યાના :

૧.	ક્લાર્ક-ટાઇપિસ્ટ	એક જગ્યા	રૂ. ૭૫-૫-૧૦૦-૮-૧૮૦-ઈ.બી. ૧૨-૩૦
૨.	પટાવાળા	બે જગ્યા	રૂ. ૪૦-૨-૬૦-૩-૭૫;

૨. નીચેનાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે તેમનાં નામ સામે જણાવેલ વ્યક્તિઓની નિમણૂક કર્યાના :

ક્રમાંક	અનુસ્નાતક કેન્દ્રનું સ્થળ	વિષય	પ્રોફેસર-ઇન-ચાર્જનું નામ
૧.	આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મેાડાસા	ઇતિહાસ-અર્થશાસ્ત્ર જૂથ 'એ' અને 'સી'	શ્રી. જે. જે. જોષી
૨.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા	એમ.એડ. એજ્યુકેશન	પ્રિ. એન. વી. રાવળ
૩.	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	એમ.કૉમ. કૉસ્ટિંગ	પ્રિ. ડી. એમ. શીખ

ક્રમાંક	અનુસ્નાતક કેન્દ્રનું સ્થળ	વિષય	પ્રોફેસર-ઇન-ચાર્જનું નામ
૪.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા	ગુજરાતી	પ્રિ. બી. પી. કોઠારી
૫.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	ગુજરાતી	શ્રી. કે. ડી. પટેલ
૬.	આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	ગુજરાતી	શ્રા. બી. આર. મિસ્ત્રી
૭.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	ગુજરાતી	શ્રી. બી. આર. પટેલ
૮.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	ઇતિહાસ-અર્થશાસ્ત્ર	શ્રી. આર. કે. ગુપ્તા.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

તે પછી સભાગૃહનું કામકાજ તા. ૧૧-૭-૧૯૭૦ના રોજ બંધ કરવામાં આવ્યું અને તા. ૧૨-૭-૧૯૭૦ના રોજ સવારે ૯-૦૦ વાગ્યે સભા ફરી મળતાં બાકીનું કામકાજ હાથ ધરવામાં આવ્યું.

૫૩-અ. સભાગૃહની સંમતિથી નીચેની બાબત વિચારણા માટે રજૂ કરવામાં આવી :

શ્રી. જસુભાઈ એમ. પંડ્યા જેમણે ૧૪ વર્ષ સુધી એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં મદદનીશ વ્યાયામ શિક્ષક તરીકે કામ કરેલું છે તેમને વ્યાયામ શિક્ષક તરીકે માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જસુભાઈ એમ. પંડ્યા કે જેઓ સ્નાતક પદવી ધરાવતા નથી, તેમની તે ઊણપ, તેમનો વ્યાયામ શિક્ષણનો સુદીર્ઘ અનુભવ લક્ષમાં લેતાં ક્ષમ્ય ગણવી અને તેમને સંલગ્ન કૉલેજમાં વ્યાયામ શિક્ષક તરીકે કામ કરવા માટે, અપવાદ તરીકે પાત્ર ગણવા.

૫૪. ગુજરાત કૉલેજ, અમદાવાદના વિદ્યાર્થી શ્રી. એમ. જે. દવેનો "Optical transmission and Birefringence of certain Colloids in a magnetic field" એ શીર્ષક હેઠળ પીએચ.ડી. પદવી માટે રજૂ થયેલ મહાનિબંધ તપાસવા તથા મૌખિક પરીક્ષા લેવા ભારતના એકસ્ટર્નલ રેફરી તરીકે નિમાયેલ ડૉ. બી. સન્યાલ, કાનપુરની જગ્યાએ ડૉ. જે. એન. નન્દા, ડિરેક્ટર, ડિફેન્સ રિસર્ચ લેબોરેટરી (મટિરિયલ્સ), કાનપુરને એકેડેમિક કાઉન્સિલની મંજૂરીની અપેક્ષાએ એકસ્ટર્નલ રેફરી તરીકે નીમવા અંગેની વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. એમ. જે. દવેનો થીસિસ તપાસવા માટે તા. ૭/૮-૧-૧૯૭૦ની એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫-૨-૧૯૭૦ની સભામાં રેફરીઓની નિમણૂક કરી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધ તપાસવા માટે એકસ્ટર્નલ રેફરી તરીકે ડૉ. બી. સન્યાલની જગ્યાએ ડૉ. જે. એન. નન્દાની નિમણૂક કરવી.

૫૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૫ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૬. સિન્ડિકેટની તા. ૯/૧૦-૮-૧૯૬૯ની સભામાં યુનિવર્સિટીના કર્મચારીઓને મકાન બાંધવા કે મકાન મરામત કરવા માટેની રકમ ગ્રેચ્યુઇટી ફંડ તથા યુનિવર્સિટી પ્રોવિડંટ ફંડ ફાળામાંથી આપવાનું ઠરાવેલ જે અંગેની બાબત પરત્વે સિન્ડિકેટ તેની તા. ૨૦/૧૧-૧-૧૯૭૦ની સભામાં સ્ટેચ્યૂટ ૧૯૩-એ સુધારવાના પ્રસ્તાવની વિચારણા મોકૂફ રાખેલી જેના સંદર્ભમાં ગ્રેચ્યુઇટીની રકમ, ગ્રુપ ગ્રેચ્યુઇટી ઇન્સ્યોરન્સ યોજના હેઠળ, લાઇફ ઇન્સ્યોરન્સ કૉર્પોરેશન લોન તરીકે આપી શકે નહિ તેની જાણ કરતા તેના તા. ૨૫-૫-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૭. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણના આચાર્ય શ્રી. બાબુભાઈ સી. પટેલને એમ.એડ. એજ્યુકેશન વિષયમાં આપેલી માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા સિન્ડિકેટના તા. ૬/૭-૬-૧૯૭૦ના ઠરાવ અન્વયે પાછી ખેંચવામાં આવી છે તેના સંદર્ભમાં તેમના તરફથી તેમના કેસની સહાનુભૂતિપૂર્વક ફેરવિચારણા કરવા માટે આવેલી વિનંતી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— આચાર્યશ્રી પટેલે વલ્લભ વિદ્યાનગરમાંની કૉલેજમાંનો તેમનો અનુભવ માત્ર ઇન્સ્ટ્રક્ટર તરીકેનો હોવા છતાં, માન્યતા માટેની અરજીમાં તે અનુભવ ઇન્સ્ટ્રક્ટર-લેક્ચરર તરીકેનો જણાવ્યો હતો, અને ઇન્સ્ટ્રક્ટર તરીકેનો અનુભવ ધ્યાનમાં લઈ શકાય એમ નહીં હોવાથી તેમની માન્યતા પાછી ખેંચી લેવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટે તેની તા. ૬/૭-૬-૧૯૭૦ની સભામાં બાબત નં. ૧૦૩થી કરેલા ઠરાવનો અમલ સ્થગિત કરીને સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગને પુનર્વિચારણા માટે મોકલવી.

દરમ્યાન શ્રી. બી. સી. પટેલની નિમણૂકની માન્યતા ચાલુ રાખવી.

૫૮. બોર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝના ઉપક્રમે સને ૧૯૭૦/૭૧ના વર્ષ દરમ્યાન "ગાંધી તત્ત્વજ્ઞાન વ્યાખ્યાનમાળા" માટે કોને નિમંત્રણ પાઠવવું તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— સને ૧૯૬૯-૭૦ના વર્ષમાં શ્રી. મોરારજીભાઈ દેસાઈનાં બે પ્રવચનો અનુક્રમે તા. ૨૬ અને ૨૭ જન્યુઆરી ૧૯૭૦ના રોજ યોજવામાં આવેલ.)

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૦-૭૧ના વર્ષ માટે સદરહુ વ્યાખ્યાનમાળામાં દાદાશ્રી ધર્માધિકારીજીને આમંત્રણ આપવું.

૫૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના હેઠળ ૧૯૭૦-૭૧ના વર્ષમાં "ટાગોર વ્યાખ્યાનમાળા" માટે કઈ વ્યકિતને નિમંત્રણ પાઠવવું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે યોગ્ય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૦. વિજ્ઞાન વિભાગના ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક શ્રી. પી. સી. વૈદ્યની તા. ૧-૭-૧૯૭૦થી તા. ૨૦-૭-૧૯૭૦ સુધીની બ્રિટિશ કાઉન્સિલ કોમનવેલ્થ યુનિવર્સિટીમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે કામ કરવા માટે સવેતન રજા આપવા અંગેના તેમના તા. ૪-૬-૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) ડૉ. વૈદ્યને તા. ૯-૨-૧૯૭૦થી તા. ૩૧-૩-૧૯૭૦ સુધીની બ્રિટિશ કાઉન્સિલ કૉમન વેલ્થ યુનિવર્સિટીમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે જવાની ખાસ સવેતન રજા, તા. ૧-૪-૧૯૭૦થી તા. ૩૧-૬-૧૯૭૦ સુધીની ડબ્લિન ખાતેની બિનપગારી રજા મંજૂર કરી છે.

(૨) તેઓએ આ સમય દરમ્યાન તે સંસ્થા કોઈ પગાર આપશે નહીં, પણ માત્ર સબ્સિસ્ટન્સ એલાવન્સ મળશે તેમ ડૉ. વૈદ્ય જણાવે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાનવિદ્યા ભવનમાં ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. પી. સી. વૈદ્યની તા. ૧-૭-૧૯૭૦થી તા. ૨૦-૭-૧૯૭૦ સુધીની રજાઓ ખાસ રજાઓ તરીકે મંજૂર કરવી અને તે દરમ્યાન તેમને મળતો મૂળ પગાર આપવો, પરંતુ બીજાં કશાં ભથ્થાં આપવાં નહીં.

૬૧. તા. ૨૦-૯-૧૯૭૦ના રોજ સેનેટના સભ્યપદ માટે યોજાનારી સામાન્ય ચૂંટણીઓ અંગે મતદાનમથકો નિયત કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટની તા. ૩/૪-૭-૧૯૬૫ની સભામાં બાબત નં. ૫૪થી એક જ ચૂંટણી-અધિકારી નીમવા ઠરાવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ચૂંટણીઓ અંગે મતદાનમથકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી મતદાનમથકોની યાદી **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૬૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૬-૧૯૭૦ની સભાની ભલામણો ક્રમાંક ૨, ૪, ૫, ૬, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૯, ૩૦ અને ૩૨ પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— અગાઉ તા. ૬/૭-૬-૧૯૭૦ની સિન્ડિકેટમાં બી. યુ. ટી. ની ભલામણો ક્રમાંક ૩, ૫, ૧૫, ૨૨, ૨૩, ૨૫, ૨૬ અને ૨૮ પર વિચારણા કરવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૪-૬-૧૯૭૦ની સભાએ કરેલ ભલામણો પૈકી નીચેના ક્રમાંકવાળી તેની ભલામણ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી :

ક્રમાંક ૫.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ બોર્ડની તા. ૪-૬-૧૯૭૦ની ભલામણો પૈકીની નીચેના ક્રમાંકવાળી ભલામણો મંજૂર કરવી :

ક્રમાંક ૨, ૪, ૬, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૯, ૩૦ અને ૩૧.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ ભલામણો **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૬૩. શ્રી આત્મારામ જૈન હોસ્પિટલ, વેરાવળને ઓર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત રેટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગેના ડૉ. એસ. સી. પંડ્યાના તા. ૩-૭-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) ડૉ. કે આર. શ્રોફ

(૨) ડૉ છોટુભાઈ નાયક, અને જો તેઓ જઈ શકે તેમ ના હોય તો ડૉ. નરેન્દ્ર દેસાઈ.

૬૪. ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળના મંત્રી તરફથી આવેલ તા. ૨૪-૬-૧૯૭૦ના પત્રાંક ૬૬૯, તા. ૨૪-૬-૧૯૭૦ના પત્રાંક ૬૬૪ (ઠરાવો સહિત) તથા તા. ૧૯-૬-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ આવ્યેથી તે પર ઘટતી વિચારણા કરવાનું રાખવું.

૬૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૧૮ પછી કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૬. ઑક્ટોબર ૧૯૭૦માં એસ.ઈ. (સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ)ની જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા ફક્ત એ. ટી. કે. ટી. વિદ્યાર્થીઓ માટે વધુ એક વખત લેવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— તા. ૧૯-૮-૧૯૬૭ની સિન્ડિકેટે ઠરાવ્યા પ્રમાણે આ પરીક્ષા માર્ચ/એપ્રિલ ૧૯૭૦માં લેવાઈ હતી, પરંતુ તેમાં એ.ટી.કે.ટી. મળેલ ચારેક વિદ્યાર્થીની પરીક્ષા લેવાની રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એસ.ઈ.(સિવિલ, મિકેનિકલ અને ઇલેક્ટ્રિકલ)ની જૂના અભ્યાસક્રમ મુજબની વધુ એક પરીક્ષા ઑક્ટોબર ૧૯૭૦માં લેવી, અને તેમાં ફક્ત એ.ટી.કે.ટી.વાળા વિદ્યાર્થીઓને જ બેસવા માટે પાત્ર ગણવા.

૬૬-અ. સભાગૃહની સંમતિથી નીચેની બાબત વિચારણા માટે રજૂ કરવામાં આવી :

એફ.ઈ.માં ત્રણ વખત નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓને એસ.ઈ નાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવેલી છે તેમને વધુ એક વખત એફ ઈ ની પરીક્ષામાં બેસવા માટે પરવાનગી આપવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે એફ.ઈ.ની પરીક્ષામાં ત્રણ વખત નાપાસ થયેલા વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓને એસ.ઈ.નાં સત્રો ભરવાની છૂટ આપવામાં આવેલી છે તેમને અપવાદ તરીકે એફ.ઈ.ની પરીક્ષામાં વધુ એક વખત બેસવા માટે પરવાનગી આપવી.

૬૬-અ. તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબત વિચારણા માટે રજૂ કરવામાં આવી :

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી વતી શ્રી. લખધીરજી એન્જિનિયરિંગ કૉલેજ, મોરબી તરફથી સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરેલ ઇજનેરી વિદ્યાશાખાની પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થઈને આ યુનિવર્સિટીમાં પ્રવેશ ઇચ્છતા વિદ્યાર્થીઓને પ્રવેશપાત્રતાનું પ્રમાણપત્ર આપવા અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલસચિવશ્રીના તા. ૯-૭-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષે સદરહુ વિદ્યાર્થીઓને અપવાદ તરીકે પ્રવેશપાત્રતા ગણવાનું રાખ્યું અને આ પ્રશ્ન ગુજરાત રાજ્યની યુનિવર્સિટીઓના કુલપતિશ્રીઓના સંયુક્ત બોર્ડની વિચારણા માટે રજૂ કરવો.

૬૭. ઑક્ટોબર ૧૯૭૦માં લેવાનાર પરીક્ષાઓ માટે નીચે જણાવેલ કેન્દ્રોને મંજૂર કરવા બાબત :

અમદાવાદ : બધી જ પરીક્ષાઓ : બી.ઈ. ૧, ૨, ૩—કેમિકલ એન્જિનિયરિંગ સિવાય.

નડિયાદ : પ્રથમ અને દ્વિતીય એલએલ.બી., બી.ઈ. ૧, ૨, ૩ કેમિકલ એન્જિનિયરિંગ

બીજી કોઈ પરીક્ષામાં અન્ય કેન્દ્રો પર ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ થતા નથી માટે કેન્દ્ર રાખવા માટે ભલામણ કરેલ નથી.

[**નોંધ.**—પ્રી-યુનિવર્સિટી આર્ટ્સ (એકસ્ટર્નલ), ફર્સ્ટ બી.એ. (એકસ્ટર્નલ), સેકન્ડ બી.એ. (એકસ્ટર્નલ) અને થર્ડ બી.એ. (એકસ્ટર્નલ) પરીક્ષાઓ માટે અમદાવાદ, ભૂજ, ગોધરા, નડિયાદ અને વીસનગર કેન્દ્રો તા. ૨-૧૨-૧૯૬૭ની સિન્ડિકેટે કાયમ માટે મંજૂર કરેલાં છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર ૧૯૭૦માં લેવાનાર પરીક્ષાઓ માટે ઉપર જણાવેલાં કેન્દ્રો મંજૂર કરવાં.

૬૮. ઑક્ટોબર ૧૯૭૦માં ચાલુ વર્ષે એન્જિનિયરિંગની વિદ્યાશાખામાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરેલ હોઈ, બી.ઈ. સેમેસ્ટર ૧, ૨, ૩, ૫, ૭ અને ૯ની પરીક્ષાઓ લેવાની થાય છે. પાંચ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમની બી. ઈ. ૧ થી ૫ સુધીની પરીક્ષાઓમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ માટે બાકીના સેમેસ્ટર એટલે કે ૪, ૬, ૮ અને ૧૦ની પરીક્ષાઓ લેવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આર. એન્જિનિયરિંગ એસ. ૧૯ મુજબ નાપાસ થયેલા કે એ.ટી.કે.ટી. મેળવેલા વિદ્યાર્થીઓએ જે તે વિષયોની સેમેસ્ટર પરીક્ષાઓ પસાર કરવાની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ અગાઉ બી.ઈ. ૧થી ૫ સુધીની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને માટે બાકીના સેમેસ્ટર એટલે કે સેમેસ્ટર નં. ૪, ૬, ૮ અને ૧૦ની પરીક્ષાઓ પણ ૧૯૭૦માં લેવાનું રાખવું.

૬૯. આર. એ. ભવન્સ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રીના તા. ૩૦-૬-૧૯૭૦ના પત્રમાં જણાવ્યા મુજબ રાષ્ટ્રીય સેવા યોજનાના અધ્યાપક-ઇન-ચાર્જ શ્રી. જે. એમ. શુક્લને બદલે શ્રી. બી. આઈ. પટેલની નિમણૂક કર્યાના ફેરફારને મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર. એ. ભવન્સ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. જે. એમ. શુક્લને બદલે શ્રી. બી. આઈ. પટેલની નિમણૂક મંજૂર કરવી.

૭૦. ૧૯૭૦ના બીજા છ માસ દરમિયાન લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓની ઑર્ડિનન્સ ૧૨૯ મુજબ શરૂ થવાની તારીખોને બદલે જરૂરી ફેરફાર સાથે કાર્યાલયે સૂચવેલ તારીખો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૦ના ઉત્તરાર્ધમાં લેવાનાર પરીક્ષાઓ માટે કાર્યાલયે સૂચવેલી યાદી મુજબની તારીખો મંજૂર કરવી.

(સદરહુ યાદી **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૭૧. ફાઇનાન્સ સમિતિની તા. ૧૦-૭-૧૯૭૦ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૦-૭-૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૦-૭-૧૯૭૦ની સભાની નોંધ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૭૨. સિન્ડિકેટે તેની તારીખ ૧૦-૮-૧૯૬૯ની સભામાં સ્વીકારવામાં આવેલા "બૅન્કો ફાઉન્ડેશન સુવર્ણચંદ્રક" માટે પ્રદાન અંગેના નિયમો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રક અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૭૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં શીખવાતા વિષયોમાં સાંજના વર્ગો શરૂ કરી શકાય કે કેમ તે અંગે વિચારણા કરી અહેવાલ રજૂ કરવા માટે કાર્યકારી કુલપતિશ્રીએ નીચેની સમિતિની તા. ૬-૭-૧૯૭૦ની સભામાં થયેલી ભલામણ નં. ૬ પરત્વે વિચારણા કરવા બાબત.

ભલામણ નં. ૬

"સાંજના વર્ગો માટે વધારાનો જરૂરી એવો સ્ટાફ જેવો કે લેબોરેટરી આસિસ્ટન્ટ, પટાવાળા વગેરે તથા સાધનો, રસાયણો, વગેરે અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીને વિગતવાર પ્રસ્તાવ મોકલી આપવા વિનંતી કરવી જે આવ્યેથી યોગ્ય કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૭૪. "રાજ્ય સરકારે બહાર પાડેલી" પડું ટકાની રાજ્ય વિકાસ લોન ૧૯૮૨ માં યુનિવર્સિટીનાં ફાજલ નાણાનું રોકાણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્યની સદરહુ લોનમાં રૂ. ૧,૦૦,૦૦૦(રૂપિયા એક લાખ)નું રોકાણ કરવાનું રાખવું.

૭૫. યુનિવર્સિટી મુદ્રણાલયમાં મશીનમેન તરીકે કામ કરતા શ્રી. પી. એસ. ગુજરને રૂ. ૬૦-૪-૧૦૦-ઈ.બી. ૧૨૦ના પગારધોરણમાં રૂ. ૧૦૦થી આગળ તારીખ ૧૯-૭-૧૯૭૦થી કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. પી. એસ. ગુજરની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. પી. એસ. ગુજરને રૂ. ૬૦-૪-૧૦૦ ઈ.બી.-૧૨૦ના પગારધોરણમાં રૂ. ૧૦૦ આગળ કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૭૬. જૂન ૧૯૭૦થી નવી કૉલેજો શરૂ કરવા માટે આવેલ જોડાણઅરજીની બાબતમાં સેનેટે મૂકેલ શરતોના પરિપાલન અંગે કૉલેજ શરૂ કરનાર જે તે સંસ્થા તરફથી આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટે મૂકેલી શરતોના પાલનમાં હજુ રહેવા પામેલી ક્ષતિઓ-અધૂરી માહિતી અંગે સિન્ડિકેટની આ સભા ગંભીર નોંધ લે છે, અને જણાવે છે કે સદરહુ ક્ષતિઓ-અધૂરી માહિતી અંગે સત્વરે યથાયોગ્ય કરી શરતોના સંપૂર્ણ પરિપાલનનો અહેવાલ તા. ૫-૮-૧૯૭૦ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને મળે તે રીતે મોકલવા સદરહુ સંસ્થાઓને જણાવવું.

આ તબક્કે સાબરકાંઠા મહાવિદ્યામંડળ, તલોદ, તરફથી તલોદની વિનયન અને વિજ્ઞાનની કૉલેજનું વિભાગીકરણ કરી જુદી થયેલ વિનયનની વિદ્યાશાખા સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખાના જોડાણ માટે આવેલી અરજી પરત્વે સેનેટે મૂકેલી શરતોના પરિપાલનમાં રહેવા પામેલી ક્ષતિઓ-અધૂરી માહિતીની પણ સભાગૃહને જાણ કરવામાં આવી અને તે અંગે પણ ઉપર મુજબ પગલાં લેવાનું ઠરાવવામાં આવ્યું.

૭૭. યુનિવર્સિટી માટે એક કૉમ્પ્યુટર યુનિટ વસાવવા અંગે વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૮-૬-૧૯૭૦ના પત્રથી આવેલા પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આ અંગે અંદાજી ખર્ચ નીચે પ્રમાણે છે :

વાતાનુકૂલિત રૂમ વગેરે	...	રૂ. ૧,૦૦,૦૦૦
કૉમ્પ્યુટરની કિંમત	...	રૂ. ૧૨,૦૦,૦૦૦
માસિક નિભાવ-ખર્ચ (આવર્તક)	...	રૂ. ૪,૦૦૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૮. ગુજરાત રાજ્યના શિક્ષણનિયામકશ્રી તરફથી તેમના પત્રાંક એસ.-૧૦૬-ક, તા. ૧૫-૬-૭૦ અનુસાર દિલ્હી મુકામે તા. ૧૧/૧૨-૧૦-૧૯૬૮ના રોજ મળેલ કેન્દ્રીય સલાહકાર બોર્ડની મીટિંગમાં નેશનલ ઇન્ટિગ્રેશન કાઉન્સિલની ભલામણો પૈકી "Communal

Harmony" અંગેની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Communal Harmony :

The state government should examine immediately the need to modify service regulations prescribed for teachers in Government or aided educational institutions and make provisions which should facilitate the removal from service of teachers who may be found guilty of creating communal disharmony. Similar action should be taken by universities in respect of University and college teachers.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૯. ભાષા-સાહિત્ય ભવનના ગુજરાતીના વ્યાખ્યાતા શ્રી. એ. એલ. બ્રહ્મભટ્ટને "સંદેશ" દૈનિકમાં સાહિત્યપાનની સંપાદન-લેખનકાર્યની કામગીરી માટે અને તે અંગેનું રૂ. ૭૫નું માસિક મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી માગતા તેઓના તા. ૧૨-૬-૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ સંપાદન દર પંદર દિવસે પ્રગટ થતું હોવાથી તેઓની રોજિંદી ફરજોમાં એને લીધે કોઈ વિક્ષેપ થવાની સંભાવના રહેતી નથી અને આ કામ તેમના અધ્યયન--અધ્યાપન-કાર્યમાં કેટલેક અંશે પૂરક બની રહે એમ છે એવું શ્રી. બ્રહ્મભટ્ટ તેમના ઉપરોક્ત પત્રમાં જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૦. એલએલ.એમ.(જૂના અભ્યાસક્રમ મુજબ)ની વધુ એક પરીક્ષા લેવા કેટલાક વિદ્યાર્થીઓ તરફથી આવેલ માગણી અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—જૂનો અભ્યાસક્રમ બંધ થયા પછી બે તક ઉપરાંત વધુ એક તક પણ આપવામાં આવી હતી અને છેલ્લી પરીક્ષા મે ૧૯૭૦માં લેવામાં આવી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે એલએલ.એમ.ના જૂના અભ્યાસક્રમ મુજબની વધુ એક પરીક્ષા ઑક્ટોબર ૧૯૭૦માં લેવાનું રાખવું.

૮૧. કુલપતિશ્રીના નીચેના કાર્યની નોંધ લેવા બાબત :

નીચેના વિદ્યાર્થીનો મહાનિબંધ તેના નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકારી જાહેર કર્યાના :

	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
૧	શ્રી પી. એન. પાઠક	વિજ્ઞાન-ભૌતિકવિજ્ઞાન	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૯-૪-૧૯૭૦ના પત્રાંક એફ-૨-૩-૬૮ (એમ.એ.)માં મોકલાવેલ નિયમોના આધારે આ યુનિવર્સિટીમાં સ્ટુડન્ટ્સ એઇડ ફંડ સ્થાપવા અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીમાં સ્ટુડન્ટ્સ એઇડ ફન્ડ સ્થાપવા અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ નિયમોની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૮૩. યુનિવર્સિટીનાં વિદ્યાભવનમાં શીખવાતા વિષયોમાં સાંજના વર્ગો ચલાવવાની શક્યતા તપાસી અહેવાલ રજૂ કરવા માટે યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિશ્રીએ નીમેલી સમિતિની તા. ૬-૭-૧૯૭૦ના રોજ મળેલી સભાની ભલામણો કાર્યકારી કુલપતિશ્રીએ મંજૂર રાખી તેની નોંધ લેવા બાબત.

(**નોંધ.**—સભાની નોંધની બાબત ક્રમાંક ૬ અંગે સિન્ડિકેટમાં અલગ બાબત મૂકેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યકારી કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૪. સિન્ડિકેટની તા. ૫/૬-૩-૧૯૬૬ની સભામાં ક્રમાંક ૪૩થી મંજૂર કરેલ અનુસાર પરીક્ષા, રમતગમતની સ્પર્ધા, કાર્યાલયના કર્મચારીઓનાં મુસાફરી તથા અન્ય કામકાજ માટે એડવાન્સ આપવા અંગેના નિયમો સુધારવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૫. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(અ) રુક્મણીબહેન (ડી. એફ. ડી.) હૉસ્પિટલ, ધોલેરાને ઑર્ડિ. ૨૭૨ અને ઑર્ડિ. ૨૭૨-એ મુજબ ફરજિયાત રેટટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભામાં તપાસસમિતિ નીમી હતી, પરંતુ હૉસ્પિટલના ટ્રસ્ટીઓ તરફથી આવેલી માહિતીના આધારે તપાસસમિતિના બન્ને સભ્યો (૧) ડૉ. કે. આર. ઓફ, તથા (૨) ડૉ. એસ. સી. પંડ્યાએ સદરહુ હૉસ્પિટલમાં પૂરતી સગવડ ન હોવાથી તેની તપાસ કરવાનું કોઈ પ્રયોજન નથી તેવું મંતવ્ય દર્શાવવાથી સદરહુ હૉસ્પિટલને માન્યતા ન આપ્યાના;

(બ) મુંબઈ યુનિવર્સિટીમાંથી પ્રી-યુનિ. વિનયન પરીક્ષા ફ્રેન્ચ વિષય સાથે પસાર કરેલ વિદ્યાર્થિની કુ. કાન્તા એચ. અગિયાને આ યુનિવર્સિટીમાં ફ્રેન્ચ શીખવતી કૉલેજમાં પ્રવેશ ન મળવાને કારણે ફર્સ્ટ બી.એ.ના વર્ગમાં ક્લાસિકલ લેંગ્વેજ તરીકે ફ્રેન્ચ વિષયનો અભ્યાસ ખાનગી રાહે કરવાની છૂટ આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૮૬. યુનિવર્સિટી પ્રેસમાં વહીવટી કામોના ભારણને કારણે, છાપકામ માટે બાકી રહેલાં પુસ્તકોનું કામ (અ) યુનિવર્સિટી પ્રેસમાં પુસ્તક-પ્રકાશનના ખાસ કામ માટે

હંગામી ધોરણે કંપોઝીટરો, પ્રૂફરીડરો વગેરે સ્ટાફ રોકીને કરાવવા માટે રૂ. ૫૩,૦૦૦ની અને (બ) જરૂર પ્રમાણે બહાર કૉન્ટ્રેક્ટથી કંપોઝ-પ્રૂફરીડિંગ કરાવવા માટે રૂ. ૪૦,૦૦૦ની, એમ કુલ રૂ. ૯૩,૦૦૦ની યુનિવર્સિટી પ્રેસના અંદાજપત્રમાં વધારાની નાણાકીય જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે:—

(અ) યુનિવર્સિટી પ્રેસમાં પુસ્તક-પ્રકાશનના ખાસ કામ અંગે હંગામી ધોરણે કંપોઝીટરો, પ્રૂફરીડરો વગેરે સ્ટાફ રોકવા વધુ રૂ. ૫૩,૦૦૦ની; અને

(બ) જરૂર પ્રમાણે બહાર કૉન્ટ્રેક્ટથી કંપોઝ-પ્રૂફરીડિંગ ઇત્યાદિ કામ કરાવવા માટે વધુ રૂ. ૪૦,૦૦૦ની એમ કુલ વધુ રૂ. ૯૩,૦૦૦ના ખર્ચની જોગવાઈ યુનિવર્સિટી પ્રેસના ચાલુ વર્ષના અંદાજપત્રમાં કરવી.

૮૭. "ધી એસોસિયેશન ઑફ સાયકોલોજી એન્ડ ફાર્મેકોલોજિસ્ટ ઑફ ઇન્ડિયા નું" ૧૬મું વાર્ષિક અધિવેશન સેંટ પેન્સ મેડિકલ કૉલેજ, બેંગલોર મુકામે ડિસેંબર ૨૭થી ૨૯, ૧૯૭૦ના સમય દરમિયાન યોજાનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર એસોસિયેશનના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધિવેનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. સી. એસ. શાહને મોકલવા.

૮૮. પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં સ્થાપવામાં આવેલ ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્રની ત્રિવાર્ષિક તપાસ અંગે સિન્ડિકેટે શ્રી. વી. એમ. ઠાકોરની નિમણૂક કરી હતી. પરંતુ હવે તેમની બહલી બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢમાં આચાર્ય તરીકે થઈ હોવાથી તેઓ તપાસાર્થે જઈ શકે તેમ ન હોવાનું જણાવતાં તેમની જગ્યાએ બીજા સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ત્રિવાર્ષિક તપાસસમિતિ પર ડૉ. વી. એમ. ઠાકોરની જગ્યાએ ડૉ. જે. પી. ત્રિવેદીની નિમણૂક કરવી.

૮૯. નીચેની કૉલેજો તરફથી જૂન ૧૯૭૦થી ચાલુ વર્ષારાનું જોડાણ મેળવવા અંગે આવેલ અરજીઓ પરત્વે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે વિચારણા કરવા બાબત:

ક્રમાંક	કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
૧.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	શરતોના પરિપાલનનો અહેવાલ આવ્યો નથી, પરંતુ આચાર્ય તરફથી પત્ર આવેલો છે, જેમાં સદરહુ બાબત અંગે શિક્ષણનિયામકને જરૂરી લખાણ કરવામાં આવ્યું છે તેમ જણાવ્યું છે.
૨.	શ્રી. કિશનદાસ કિકાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	શરતોના પરિપાલનનો અહેવાલ આવ્યો નથી.

૩. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર	કૉલેજે વધારાના વિષયોનું જોડાણ માગેલ, તેથી વધારાના છ વર્ગખંડો તૈયાર કરવાની શરત મૂકી હતી. તેના સંદર્ભમાં કૉલેજે જણાવેલું છે અને વાણિજ્ય વિભાગ સવારનો અને વિનયન વિભાગ બપોરનો રહેશે અને એમ જોતાં આપોઆપ જરૂરી સગવડ સાંપડે છે.
૪. ડીસા નગરપંચાયત આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ડીસા	(૧) અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા શ્રી. વી. આર. પટેલ અને આંકડાશાસ્ત્ર વિભાગ માટે નીમેલ શિક્ષક શ્રી. રમેશ જે. ઠક્કર અંગે વિસ્તૃત માહિતી નથી. (૨) ગ્રંથપાલનું પગારધોરણ જણાવ્યું નથી. (૩) કૉલેજ માટે ઉપયોગમાં લેવાનાર મકાનો અંગેની માહિતી મંગાવી છે. (૪) રૂ. ૭૫,૦૦૦ બૅંકમાં મૂકી પ્રમાણપત્ર મોકલવા અંગેની શરતમાં છૂટ આપવા કૉલેજ જણાવે છે.
૫. કૉલેજ ઑફ નર્સિંગ, અમદાવાદ	(૧) ૭૫થી ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકે તે માટે મકાનમાં જરૂરી માળ કે પાંખો બાંધી મકાનનું વિસ્તૃતીકરણ તથા ખાસ વિભાગો માટે જરૂરી જગ્યા ગ્રંથાલય સાથે જોડેલ; પરંતુ અલગ ખંડ—વાચનખંડ તૈયાર કરવાની શરત હતી તેના સંદર્ભમાં કૉલેજ જણાવે છે કે હાલની કૉલેજનું મકાન બીજાનું હોઈ આ શરતનું પાલન કરવું શક્ય નથી. (અલગ વાચનખંડની વ્યવસ્થા કરાઈ છે.) (૨) પોતાના ઑડિટોરિયમને બદલે બી. જે. મેડિકલ કૉલેજના ઑડિટોરિયમનો ઉપયોગ કરવામાં આવે છે. (૩) પગારધોરણ યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ અપાતું નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટે મૂકેલી શરતોના પાલનમાં હજુ રહેવા પામેલી ક્ષતિઓ–અધૂરી માહિતી અંગે સિન્ડિકેટની આ સભા ગંભીર નોંધ લે છે અને જણાવે છે કે સદરહુ ક્ષતિઓ–અધૂરી માહિતી અંગે સત્વરે યથાયોગ્ય કરી શરતોના સંપૂર્ણ પરિપાલનનો અહેવાલ તા. ૫–૮–૧૯૭૦ સુધીમાં યુનિવર્સિટી કાર્યાલયને મળે તે રીતે મોકલવા સદરહુ સંસ્થાઓને જણાવવું.

૯૦. સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૦થી ચાલુ/વધારાનું જોડાણ મેળવવા આવેલ અરજી પરત્વે સેનેટે મૂકેલી શરતો પૈકી આંકડાશાસ્ત્રના વિષય માટે પ્રત્યેક વિદ્યાર્થી દીઠ એક ગણતરી-યંત્ર (Calculating machine) ખરીદવાની શરતમાંથી રાહત આપવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ઉપરની વિનંતી મંજૂર કરવી.

૯૧. યુનિ. ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ તરફથી ૧૯૭૦થી જોડાણ મેળવવા માટે આવેલ અરજી પરત્વે સેનેટે મૂકેલી શરત અન્વયે કૉલેજનું મકાન તૈયાર થતાં તે કૉલેજને નવા મકાનમાં ખસેડી હોઈ તે બાબત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૨. શ્રી. એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજમાં ૧૦૦ વિદ્યાર્થીઓના પ્રવેશની જોગવાઈને બદલે ૧૦૫ વિદ્યાર્થીઓના પ્રવેશ કાયમી ધોરણે આપવા દેવાની વિનંતી પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (૧) તા. ૧૫–૬–૧૯૭૦ના પત્રથી જણાવેલ કે કેન્દ્રીય સરકાર તથા રાજ્ય સરકારના નિર્ણય અનુસાર અમદાવાદ મ્યુ. કૉર્પોરેશને પણ સ્વીકાર્યું છે કે મેડિકલ કૉલેજમાં પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે ૫% બેઠકો અનામત રાખવી. હાલ તેમની કૉલેજમાં ૧૫ બેઠકો અનામત રખાય છે તેને બદલે ૨૦ રાખવાની થશે.

(૨) ચાલુ વર્ષે પાંચ વધુ વિદ્યાર્થી લેવા દેવાની પરવાનગી કુલપતિશ્રીએ ઓ. ૧૨૦–બી અન્વયે આપી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૩. પરીક્ષા શુદ્ધિસમિતિના અહેવાલમાંની નીચેની નોંધને લગતલક્ષીને જરૂરી વિચારણા કરવા બાબત.

"ડભોઈ કેન્દ્ર પર પ્રથમ બી.એસસી.માં અને પિલવાઈ તથા તલોદ કેન્દ્રો પર થર્ડ બી.એ.ની પરીક્ષામાં સામૂહિક ગેરરીતિ અજમાવાયાનું જણાયું છે. ભવિષ્યમાં આવાં સ્થાનો પર પરીક્ષા-કેન્દ્રો રાખવાં કે કેમ તે બાબત સિન્ડિકેટે વિચારવાની રહે છે."

(**નોંધ.**— માર્ચ–એપ્રિલ ૧૯૭૦માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન કેટલાક પરીક્ષકો તરફથી વિદ્યાર્થીઓએ ગેરવાજબી છલાજે અજમાવ્યા અંગેના આવેલા રિપોર્ટ પર તપાસ કરતાં પરીક્ષા શુદ્ધિસમિતિને ડભોઈ, પિલવાઈ, તલોદ કેન્દ્રો પર જે તે વિષયમાં સામૂહિક સ્વરૂપની ગેરરીતિઓ અજમાવ્યાનું જણાયું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૪. પ્રાશ્નિક–પરીક્ષકોની નિમણૂક બાબતમાં કાર્યાલયનાં નીચેનાં સૂચનો પરત્વે વિચારણા કરવા બાબત:

(૧) અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓમાં પ્રાશ્નિક–પરીક્ષક તરીકે નિમાનાર વ્યક્તિઓ જો એકીવખતે ત્રણ કરતાં વધુ યુનિવર્સિટીનું કામ સ્વીકારનાર હોય તો તેવી વ્યક્તિને પરીક્ષાનું

કાર્ય આપવું નહિ. આ અંગે સ્વીકૃતિપત્રમાં બાંયધરી માંગવાનું અને સૂચનાવલીમાં આ બાબતનો સ્પષ્ટ નિર્દેશ કરી જણાવવું કે આ સૂચનાનો ભંગ થશે તો મહેનતાણું જપ્ત કરવામાં આવશે.

(૨) પ્રાયોગિક-પરીક્ષકોની નિમણૂકને બાધ આવે એવી હાલની સગાસંબંધીઓની વ્યાખ્યા વ્યાપક સ્વરૂપની હોવાથી ઘણા યોગ્ય વ્યક્તિઓનો પરીક્ષાકાર્યમાં લાભ મળતો ન હોવાથી મજકૂર વ્યાખ્યા મર્યાદિત સ્વરૂપની કરવી.

[**નોંધ.**—હાલની સગાસંબંધીની વ્યાખ્યા નીચે મુજબ છે :

Relatives includes : "wife, husband, son, daughter, grand-son, grand-daughter, brother, sister, nephew, grand-niece, grand-nephew, uncle, aunt, first cousin, son-in-law, daughter-in-law, brother-in-law, and sister-in-law." Step relations are not included.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૫. શૈક્ષણિક પ્રશ્નો અને બેરોજગારીના પ્રશ્ન અંગે સમિતિઓ નીમવાના શ્રી. આઈ. એ. મોદીના તા. ૯મી જુલાઈના પત્રથી આવેલ સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૬. કન્ટ્રોલર ઑફ એક્ઝામિનેશન્સ શ્રી. જે. એમ. મહેતાની તા. ૬-૬-૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૯૭. (૧) આગામી ઑક્ટોબર માસમાં યોજનાર પદવીદાન સમારંભમાં "માસ્ટર ઑફ ડેન્ટલ સર્જરી"નાં પ્રમાણપત્રો એનાયત કરવા માટેનો પદવી પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

(2)	Shri Ashish Nandy	Rule of valued object in personality–A clinical Psychological study of Money	Dr. C. T. Bhopatkar	1. Dr. Richard Wallace Kilby, Professor of Psychology, San, Jose State College, San, Jose, California, U.S.A. 2. Prof. Philip George Zimbardo, Psychology Department, New York University College, University Heights, New York, U.S.A. 3. Dr. Leonald Barbowitz, Dept. of Psychology, University of Wisconsin, Madison, Wisconsin, U.S.A. 4. Dr. Aronson Killiat, Professor of Psychology, University of Texas, Department of Psychology, Austin, Texas, U.S.A. 5. Dr. Robert Paul Abelson, Research Director, Yale University, Simulatics Corporation, New Heavan, Collaticot, U.S.A. *For Viva-voce* Dr. S. B. Kale, Professor & Head of the Dept. of Applied Psychology, University of Bombay, Bombay.

૪. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

(1)	Shri J. K. Mohwala	Thiazolidoness and related compounds	Dr. J. J. Trivedi	1. Prof. F. F. Millikan, School of Pharmacy, Athems, Georgia, U.S.A.

Sr. No.	*Name of the Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
				2. Dr. Maxwell Gordon, Smith Kline & French Laboratories, 1500, Spring Garden Street, Philadelphia, Pa, 19101, U.S.A.
				For viva-voce
				1. Dr. Suresh Sethna, Prof. of Chemistry, M. S. University, Baroda.
				2. Dr. J. R. Merchant, Institute of Science, Mayo Road, Bombay.
(2)	Shri N. K. Patel	Studies in Corrosion of Brass	Dr. A. M. Trivedi	1. Dr. S. C. Britton, Tin Research Institute, Fraser Road, Greenford, Middleses, Perivale (England), U.K.
				2. Dr. Yasumasa Hayakawa, Dean of the College of Science & Engineering, Aeyama Gakuin University, 576, Megurisawa, Satagaya, KU, Tokyo (Japan)
				3. Dr. J. B. Cotton, Research Laboratories of Imperial Metal Industries (Kynoch) Ltd. Birmingham-6, (U.K.)

Sr. No.	*Name of the Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
				4. Dr. Harry C. Gatos, Lincoln Laboratory, Massachusetts Institute of Technology, Lexington, Mass. (U.S A.)
				5. Dr. J. Bambulis, Research Department, Imperial Oil Ltd. Sarmia, Anterio (Canada)
				For Viva-voce
				1. Dr. K. S. Rajagopalan, Corrosion Section, Central Electrochemical Research Institute, Karaikudi-3 (Madras State)
				2. Dr. B. Sanyal, Defence Research Laboratory (Materials), Kanpur (U.P.)
				3. Prof. T. L. Ramachar, Electrochemistry Laboratory, Department of Inorganic and Physical Chemistry, Indian Institute of Science, Bangalore-12.
				4. Dr. T. Banerji, National Metallurgical Laboratory, Jamshedpur–7.
				5. Dr. A. K. Lahiri, Corrosion Advisory Bureau, National Metallurgical Laboratory, Jamshedpur–7.

Sr. No.	*Name of the Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
(3)	Shri B. M. Patel	Studies in (1) Corrosion of Aluminium Alloys and its inhibition (2) Atmospheric corrosion studies at Patan and Kandla	Dr. M. N. Desai	1. Dr. E. Heusler, Max Plank Inst. fur Metallforschung Stuttgart, W. Germany 2. Dr. Miss Dora Brasher, National Physical Laboratory, Teddington, U.K. 3. Dr. Y. Hayakawa, College of Science & Engineering, Aoyama Gankin University, Tokyo (Japan) 4. Dr. T. K. Ross, Manchester College of Science & Technology, Manchester–9, U.K. *For Viva-voce* 1. Dr. B. C. Kar, National Metallurgical Laboratory, Jamshedpur 2. N. Subramanyam, Central Electronical Research Institute, Karaikudi–3 3. Dr. T. Banerjee, National Metallurgical Laboratory, Jamshedpur 4. Dr. B. Sanyal, Defence Research Laboratory, P. Box No. 30, Kanpur.

Sr. No.	*Name of the Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
(4)	Shri A. S. Chaudhari	Hydroxy Ethylation of Carbohydrates	Dr. H. C. Shrivastava	1. Prof. J. K. N. Jones, F.R S. Department of Chemistry, Queen's University, Kingston, Ontario, Canada. 2. Prof. A. S. Perlin, Dept. of Chemistry, McGill University, Montreal, Canada. 3. Dr. Hewitt G. Fletcher Jr., Chief Carbohydrate Chemistry, National Institute of Health, Bethesda, Maryland, U.S.A.

For viva-voce

1. Prof. S. Mukherjee. National Sugar Institute, Khanpur.
2. Dr. A. K. Mitra, Division of Food Technology & Bio-Chemical Engineering, University College of Engineering & Technology, Jadavpur University, Calcutta–32.
3. Dr. T. R. Ingle, National Chemical Laboratory, Poona–8.

Sr. No.	*Name of the Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
(5)	Shri M. R. Ravikrishnan	Physico-Chemical Behaviour of Cellulose in Acid Catelysed Cross Linking Reactions	Dr. P. C. Mehta (ATIRA)	1. Prof. H. Zollinger, Swiss Federal Institute of Technology, Department of Industrial and Engineering Chemistry, 8006, Zurich, Universitatstrasse–6, Switzerland. *or* 2. Prof. J. G. Frick, Jr., Southern Regional Research Laboratory, New Orleans, Louisians, 700119, U.S.A. *For Viva-voce* 1. Prof. W. B. Achwal, Professor in Textile Chemistry, Department of Chemical Technology, University of Bombay, Matunga Road, Bombay–19 *or* 2. Dr. E. H. Daruwalla, Director, The Bombay Textile Research Association, Bombay–Agra Road, Ghatkopar Bombay–86.

Sr. No.	*Name of the Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
(6)	Shri M. J. Mehta	Corrosion of Metals in Sea Brines Bi Herus and in Marine atmosphere	Dr. K. Sheshadri, Bhavnagar	1. Dr. T. K. Ross, Head of the Corrosion Research Laboratory Manchester College of Science & Technology, Manchester–I, P.O. Box No. 88, U.K. 2. Dr. (Miss) Dara Erasher, National Physical Laboratory, Taddington, U.K. 3. Dr. J. Cotton, Research Department, Imperial Metal Industries (Kynoch) Ltd., P. O. Box. No. 216, Kynoch Works, Wilton, Birmingham–6, U.K. *For Viva-voce* 1. Dr. B. Sanyal, Defence Research Laboratory, P.O. Box No. 320, Kanpur. 2. Dr. K. S. Rajgopalan, Central Electro-chemical Research Institute, Karaikudi–3, South India. 3. Dr. T. L. Ramachar, Indian Institute of Science, Chemistry Department, Bangalore (Banglore).

Sr. No.	*Name of the Student*	*Subject*	*Internal Referee*	*External Referee*
(7)	Shri N. L. Dipali	"Some reactions of hyponitrites and related compounds"	Dr. T. M. Oza, M. N. College, Visnagar	1. Dr. V. Griffith, Inorganic Chemistry Department, Royal College of Science, Imperial College of Science & Technology, South Kensington, London, S.W.–7. 2. Dr. D. F. Evans, Inorganic Chemistry Department, Royal College of Science, Imperial College of Science & Technology, South Kensington, London, S.W.–7. *For Viva-voce* 1. Dr. V. V. Deshpande, Chemistry Dept., Rajaram College, Kolhapur. 2. Dr. Ramchandra Rao, Department of Chemistry, Rourkela Institute of Technology, Rourkela.
(8)	Shri M. P. Patel	"Some reactions of Hyponitrites and related substances"	Dr. T. M. Oza	1. Dr. L. Pratt, Inorganic Chemistry Department, Royal College of Science, Imperial College of Science & Technology, South Kensington, London, S.W.–7.

Sr. No.	*Name of the Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
				2. Dr. W. Griffith, Inorganic Chemistry Dept., Royal College of Science, Imperial College of Science & Technology, South Kensington, London, S.W.-7.
				For Viva-voce
				1. Dr. B. C. Haldar, Dean, Government College, Nagpur.
				2. Dr. V. V. Deshpande, Chemistry Department, Rajaram College, Kolhapur.
(9)	Smt. L. C. Jhaveri	"Organic Reagents in Analytical Chemistry"	Dr. V. M. Thakor, Gujarat College, Ahmedabad-6	1. Dr. F. Evans, Inorganic Chemistry Department, Royal College of Science, Imperial College of Science & Technology, South Kensington London, S.W.-7.
				2. Dr. L. Pratt, Inorganic Chemistry Department, Royal College of Science, Imperial College of Science & Technology, South Kensington, London, S.W.-7.

Sr. No.	*Name of the Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
				For Viva-voce 1. Dr. H. L. Nigam, Reader, Allahabad University, Allahabad. 2. Dr. Visudev Murthy, Professor of Inorganic Chemistry, University of Bangalore, Bangalore.
(10)	Shri K. K. Bokil	Studies on Fertilizers of Marine origin	Dr. D. S. Datar, Central Salt and Marine Chemicals Research Institute, Bhavnagar	1. Prof. Dr. W. H. Van Der Molen, Professor of Agrohydrology, State Agricultural University, WAGENINGEN, The Netherlands. 2. Prof. Dr. R. A. Southard Utah State University, Utah, U.S.A. 3. Dr. J. M. Van Staveren, Director, International Institute for Land Reclamation and Improvement, WAGENINGEN, The Netherlands. *For Viva-voce* 1. Dr. C. T. Abichandani, Indian Glass and Fodder Research Institute, Jhansi (U.P.). 2. Dr. S. P. Raychaudhari, EC9, Inder Puri, New Delhi-12. 3. Dr. B. B. Roy, Head of Division, Central Arid Zone Research Institute, Jodhpur (Rajasthan).

૫. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

Sr. No.	*Name of the Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
(1)	Shri A. S. Prakashrao	Studies in Cosmic X-Rays	Dr. U. R. Rao, Physical Research Laboratory, Ahmedabad-9	1. Prof. B. G. Willson, Dean, University of Calgazy, Calgazy-44-Alberta, Clagary. 2. Prof. M. Oda, Institute of Space and Aeronautical Science, University of Tokyo, Komaba-Maguro-Ku, Tokyo, Japan. 3. Prof. K. G. McGracken, Dept. of Physics, Massachusetts Institute of Technology, Cambridge, Mass., U.S.A. *For Viva-voce* 1. Dr. M. K. Vainu Bappu, Director, Astrophysical Observatory, Koadaikanal, (Madras State). 2. Prof. B. V. Shreekantan, Tata Institute of Fundamental Research, Homi Bhabha Road, Bombay-5.

Sr. No.	*Name of the Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
(2)	Shri K. K. Kasturirangan	Physics: Cosmic Rays and other Ionising Radiations at Ballon Altitudes	Dr. P. D. Bhavsar, Physical Research Laboratory, Ahmedabad-9	1. Prof. John R. Winckler, Dept. of Physics, University of Minnesota, 55455, U.S.A. 2. Prof. L. E. Peterson, Dept. of Physics, Revelle College, University of California, San Diego, La Jolla, California, 92037, U.S.A. 3. Prof. R. C. Haymes, Dept. of Space Science, Rice University, Houston, Texas, 77001, U.S.A. *For Viva-voce* 1. Prof. S. Biswas, Tata Institute of Fundamental Research, Colaba, Bombay–5. 2. Prof. B. V. Shreekantan, Tata Institute of Fundamental Research, Colaba, Bombay–5. 3. Prof. G. S. Gokhale, Tata Institute of Fundamental Research, Colaba, Bombay–5.

Sr. No.	*Name of the Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
(3)	Shri N. G. Vasavada	Studies in Crystal Physics	Prof. P. D. Pathak, Ahmedabad-9	1. Prof. S. Tolansky, Royal Holloway College, Englefield, Green Surrey (U.K.). *or* 2. Dr. R. O. Simmons, Dept. of Physics and Materials Research Laboratory, University of Illinois, Urbana, Illinois, U.S.A. *For Viva-voce* 3. Prof. N. S. Pandya, Physics Department, M. S. University, Baroda. *or* 4. Prof. V. G. Bhide, Dy. Director, National Physical Laboratory, Hill Side Road, New Delhi-12.
(4)	Shri D. M. Patel	Physics: "Studies in Cosmic Rays"	Dr. V. A. Sarabhai	1. Prof. K. G. McGracken, Department of Physics, Massachusetts Institute of Technology, Cambridge, Mass. (U.S.A.). 2. Prof. J. J. Quenby, Department of Physics, Imperial College of Science & Technology, South Kensington, London, S.W.

Sr. No.	*Name of the Student*	*Subject*	*Internal Referee*	*External Referees*
				For Viva-voce
				1. Prof. M. K. Memon, Director, Tata Institute of Fundamental Research, Homi Bhabha Road, Bombay–5.
				2. Prof. R. F. Daniel, Tata Institute of Fundamental Research, Homi Bhabha Road, Bombay–5.

૬. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

(1)	Shri I. C. Dave	"Physiology of seed Germination in Relation to growth and Development of crop plants IV study of Agrophysiological aspects of growth development and yield of some crop plants as affected by ascrobic acid"	Dr. J. J. Chinoy, Ahmedabad	1. Professor Grover, Stephans School of Biological Sciences, Department of Organismic Biology, University of California, Irvine, California, 92664, U.S.A. *or* 2. Dr. B. M. Pollock, Plant Physiologist, Investigation Leader, Crop Research Division, Agriculture Research Service, U.S. Department of Agri., Belteville, Maryland (U.S.A.) *or* 3. Dr. S. H. Wiltwer, Department of Horticulture and Director, Agri. Expt. Sta., Michigan State University, E. Langsing, Michigan, U.S.A.

Sr. No.	*Name of the the candidate*	*Title of the thesis*	*Internal Referee*	*External Referees*
(2)	Mr. K. Gurumurti	Metabolic drifts and Paramagnetic behaviour of seeds with diverse reserve components during germination	Dr. C. K. Shah	1. Dr. William C. Cooper, Crop Research Division, Agri. Res. Service, U. S. Dept. of Agriculture, Orlando Florida, 32803 (U.S.A.) ***or*** 2. Dr. A. K. Khudiri, Biology Department, North Eastern Uni., Boston, Mass. 02115 (U.S.A.) *For Viva-voce* 1. Prof. Sita Ram Das, Department of Botany, Shri Venkateshwara University, Tirupati (A.P.) ***or*** 2. Dr. G. S. Sirohi, Plant Physiology Dvn. IARI, New Delhi-13.
(3)	Kum. A. V. Vyas	Effect of Continuous water stress and periodic wilting on growth, metabolism and yied of some Indian and exotic varieties of barley	Dr. C. K. Shah	1. Dr. David Reid, Research Agron, Barley Investigations, Cereal Crop Res. Inst., Plant Industry, Station Beltville, Maryland 20706 (U.S.A.) ***or*** 2. Dr. Gates, C. T., Principal, Research Orificer Laboratory, Mill Road, St. Lucia, Brisbane, Queensland, Australia.

Sr. No.	*Name of the Candidate*	*Title of the thesis*	*Internal Referee*	*External Referees*
				For Viva-voce 1. Dr. V. B. Bhatnagar, Department of Plant Physiology, Banaras Hindu University, Varanasi–5 *or* 2. Dr. B. K. Gaur, Head of the Plant Physiology Division, Bhabha Atomic Research Centre, Trombay, Bombay.
(4)	Shri Yash Dev Jaikaria	Paramagnetic behaviour and metabolic events during the wilting treatments of *Cicer arietinum*	Dr. C. K. Shah	1. Dr. J. Levitt, University of Missouri Columbia M.O. (U.S.A.) *or* 2. Dr. D. Aspinal, Department of Plant Physiology, Waite Agriculture Research Institute, University of Adelaide, South Australia. *For Viva-voce* 1. Dr. Seini, A. D., Plant Physiology Divn., IARI, New Delhi–12 *or* 2. Dr. Laloraya, M. M., Botany Department, Allahabad University, Allahabad.

Sr. No.	*Name of the Candidate*	*Title of the thesis*	*Internal Referee*	*External Referees*
(5)	Shri K. P. S. Raj	Effect of drought and pre-treatment on growth, metabolism and yield of barley grown under two photo-periods	Dr. J. J. Chinoy	1. Dr. Walter Heydecker, Univ. of Nottingham, School of Agriculture, Sutton Borington, Loughborough (U.K.) *or* 2. Dr. N. Landau, The Volcani Institute of Agricultural Research, Hebrew Univ., Rehovot & Soreq Nuclear Research Centre, Israel. *For Viva-voce* 1. Dr. M. N. Sarin, Division of Plant Physiology, IARI, New Delhi-12 *or* 2. Dr. O. K. Garg, Reader in Plant Physiology, Banaras Hindu University, Varanasi-5.
(6)	Shri N. Neelakandan	Histochemical studies during the vegetative and reproductive differentiation in Withania somnifera L.	Dr. C. K. Shah	1. Dr. A. D. Mansuri, C/o. Denett College, Box No. 55, Greensboro, North Carolina 27420, U.S.A. *or* 2. Dr. R. B. Knox, Botany Dept., Australian National Uni., Canberra, Australia.

Sr. No.	*Name of the candidate*	*Title of the thesis*	*Internal Referee*	*External Referees*
				For Viva-voce 1. Prof. B. Tiagi, Head, Dept. of Botany, Uni. of Rajasthan, Jaipur. *or* 2. Dr. B. K. Gaur, Head of Plant Physiology Division, BARC, Bombay.
(7)	Shri N. V. Madhavan Unni	Histochemical studies of the developmental stages of *Cyperus rotundus* L.	Dr. C. K. Shah	1. Dr. Elizabeth G., Cutter Uni. of California, Davis (U.S.A.) *or* 2. Dr. H. J. Arnott, The Cell Research Inst., Dept. of Botany, Uni. of Texas, Austin, Texas, 78712 (U.S.A.) *For Viva-voce* 1. Prof. R. S. Chaudhary, Principal, Agri. College, Banaras Hindu University, Varanasi–5. *or* 2. Dr. B. K. Gaur, Head, Plant Physiology Divn., BARC, Trombay, Bombay.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મહાનિબંધો માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૩૬. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પાટણમાં ભૌતિકવિજ્ઞાન વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં શ્રી. બી. એમ. પટેલની પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૭. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૧ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૩૮. એસ.એસ.સી.માં અંગ્રેજી વિના પાસ થયેલા વિદ્યાર્થીઓને વિનયન વિદ્યાશાખામાં પ્રવેશ આપવા અંગે સ્ટે. ૧૭૩માં ચોક્કસ સુધારા કરવા જોઈએ તેની વિગતો સાથે ભલામણો કરવા સિન્ડિકેટ તેની તા. ૭-૧૨-૧૯૬૯ની સભામાં જણાવેલ તેના અનુસંધાનમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ની સભાએ સ્ટે. ૧૭૩ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત :

"એકેડેમિક કાઉન્સિલની આ સભા સ્ટે. ૧૭૩ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સિન્ડિકેટને તથા સેનેટને ભલામણ કરે છે :

(1) A candidate who having appeared at the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State with English as one of his subjects passes that examination with at least seven subjects or an examination considered equivalent thereto shall be considered eligible for admission to the Pre-University class in the Faculty of Arts or the First Year Diploma Classes in the Fine Arts, on the following conditions :

(*a*) He shall be required to appear and pass in the subject of English at the S.S.C. Examination or an Examination considered equivalent thereto if he had not passed in English at the S.S.C. Examination before he was admitted to Pre-University class or the First Year Diploma Class in Fine Arts, as the case may be, under the substantive provisions mentioned in no.(1) above; and

(*b*) He shall not be declared to have passed the Pre-University Arts Examination or the First Year Diploma Examination, as the case may be unless and until he has passed in English at the S.S.C. Examination or an examination considered equivalent thereto;

Provided always that a candidate who has not offered Algebra and Geometry at the S.S.C. Examination or an examination considered equivalent thereto shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University Class in the Faculty of Commerce, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State in at least seven subjects of which English at higher or lower level shall be one or an examination considered equivalent thereto.

(3) For admission to the Pre-University Science Class, and the First Year Diploma in Pharmacy, a candidate must have passed :

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher or lower level);
(*ii*) Algebra-Geometry; and
(*iii*) Physics-Chemistry, or General Science shall be three of them;

(*b*) an Examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level);
(*ii*) Algebra-Geometry; and
(*iii*) Physics-Chemistry or General Science — as his subjects.

(4) For admission to Pre-University Science (Agri.) classes a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which —
(*i*) English (at higher or lower level);
(*ii*) Elementary Mathematics or Algebra-Geometry; and
(*iii*) Physics-Chemistry or General Science shall be theree of them;

or

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level);
(*ii*) Elementary Mathematics or Algebra--Geometry; and
(*iii*) Physics--Chemistry or General Science — as his subject.

(5) Admissions of students for the academic year 1971-72 and subsequent years shall be governed by this Statute."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૯. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) ભવન્સ કૉલેજ, ડાકોરમાં સંસ્કૃત વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં પ્રો. આર. ટી. વ્યાસની જગ્યાએ (મિસ) વી. સી. પટવારીની પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કર્યાના;

(૨) (અ) એમ. એન. કૉલેજ, વીસનગરમાં સ્થાપવામાં આવેલ હિંદી વિષયના અનુસ્નાતક કેન્દ્રમાં શ્રી. પી. સી. શર્માની જગ્યાએ પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એમ. એન. જનીની નિમણૂક કર્યાના;

(બ) એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલ એમ.ઈ.-(સિવિલ)ના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. એસ. બી. કુમતાની નિમણૂક કર્યાના;

(૩) મનોવિજ્ઞાન વિદ્યાભવનના સાંજના વર્ગ માટે પાર્ટ-ટાઇમ લેબોરેટરી આસિસ્ટન્ટની એક હંગામી જગ્યા તા. ૩૧-૩-૧૯૭૧ સુધી મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૪૦. શ્રી પ્રગતિ મંડળ, ભાદરણ તરફથી ગુજરાત યુનિવર્સિટી સામે ગુજરાત હાઈ કોર્ટમાં થયેલ અરજી સ્થાનિક તપાસસમિતિને યુનિવર્સિટીએ કરેલાં સૂચનો ફક્ત માર્ગદર્શક છે અને સ્ટેચ્યૂટરી નથી તેમ ઠરાવી કાઢી નાંખી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૧. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં શિક્ષણશાસ્ત્રના રીડર તરીકે કામ કરતા ડૉ. આર. જી. ભટ્ટનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૨-૧૦-૧૯૭૦ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૩-૧૦-૧૯૭૦થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

મનોવિજ્ઞાન વિદ્યાભવનના શિક્ષણશાસ્ત્રના રીડર ડૉ. આર. જી. ભટ્ટની કામગીરી અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે ડૉ. આર. જી. ભટ્ટને તા. ૩-૧૦-૧૯૭૦થી શિક્ષણશાસ્ત્રના રીડરની જગ્યા પર કાયમ કરવા.

૪૨. ભારત સરકાર તરફથી યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોના વહીવટી કર્મચારીઓને એક અઠવાડિયાનો "ઇન-સર્વિસ" ટ્રેનિંગ કોર્સ ઇન સ્ટેટિસ્ટિકસ યોજવા અંગે આવેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ ટ્રેનિંગ કોર્સમાં હેડ ક્લાર્ક કક્ષાના સભ્યોને બોલાવતાં કુલ ખર્ચ રૂ. ૪,૦૦૦ થાય તેમ છે. તેના ૫૦ ટકા ખર્ચ ભારત સરકાર આપશે તેમ પત્રમાં જણાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ દરમિયાન સદરહુ "ઇન-સર્વિસ ટ્રેઇનિંગ કોર્સ" ચલાવવાની જરૂર જણાતી નથી.

૪૩. એમ.ડી.એસ. ભાગ ૨ની પ્રાયોગિક પરીક્ષામાં જરૂરી લેબોરેટરી સ્ટાફની નિમણૂક તથા તેમના મહેનતાણાનો દર કાયમી ધોરણે નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ડી.એસ. ભાગ ૨ની પરીક્ષા માટે લેબોરેટરી સ્ટાફ તથા તેમના મહેનતાણાના દર આ સાથેના પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલો સ્ટાફ તથા મહેનતાણાના દરની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૪૪. શ્રી. વી. પી. પંડ્યાનો "Studies in Silicates" એ શીર્ષક નીચે રસાયણવિજ્ઞાન વિષય પરનો પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ તપાસવા નીમવામાં આવેલા રેફરીઓના તથા મૌખિક પરીક્ષાના રેફરીઓના રિપોર્ટ પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઑર્ડિનન્સ ૩૨૧ મુજબ ચોથા રેફરી તરીકે શ્રી. કુલપતિએ સિન્ડિકેટના ઠરાવ મુજબ ડો. ડી. એફ. ઈવાન્સ, લંડનની નિમણૂક કરી હતી.

૧. ડો. હોકી (બાહ્ય રેફરી)	:	મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે સ્વીકાર્ય નથી એમ જણાવે છે.
૨. ડો ભટ્ટાચાર્ય (બાહ્ય રેફરી મૌખિક પરીક્ષા માટે)	:	મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે યોગ્ય છે તેમ જણાવે છે.
૩. ડો. ડી. જે. મહેતા (વિદ્યાર્થીના માર્ગદર્શક શિક્ષક)	:	ડો. હોકીના રિપોર્ટ સાથે સંમત થતા નથી એમ જણાવે છે. અલગ રિપોર્ટ આવ્યો છે.
૪. ડો. ઈવાન્સ (ચોથા રેફરી)	:	The thesis may just quality for the award of a Ph.D Degree, એમ જણાવે છે.)

સદરહુ રેફરીઓના રિપોર્ટો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. વી. પી. પંડ્યાનો સદરહુ મહાનિબંધ પીએચ.ડી. પદવી માટે સ્વીકાર્ય ગણવો.

૪૫. તા. ૨૩-૭-૧૯૭૦ના રોજ મળેલી સિન્ડિકેટની સંશોધન-શિષ્યવૃત્તિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૨૩-૭-૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષ દરમિયાન કોઈ સંશોધન-શિષ્યવૃત્તિ ખાલી રહે કે ભવિષ્યમાં ખાલી પડે તો તે આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(સદરહુ સમિતિની તા. ૨૩-૭-૧૯૭૦ની સભાની ભલામણો **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

(૨) કૉલેજ ઑફ એજ્યુકેશન, દરામલી. ... નીચેની શરતોના પરિપાલન માટે આગ્રહ રાખવામાં આવે :

૧. પ્રાધ્યાપકની નિમણૂક કરવામાં આવે;
૨. શ્રી. જે. એમ. પટેલ અંગેની માહિતી મોકલવા માટે જણાવવામાં આવે;
૩. યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે;
૪. "કન્ટેન્ટ કોર્સ"માં જે વિષયોના શિક્ષણની જોગવાઈ કરી નથી એની જોગવાઈ કરવામાં આવે; અને
૫. શરત મુજબ ગ્રંથાલયમાં બધાં પુસ્તકો વસાવવામાં આવે.

(૩) શ્રી. સાર્વજનિક કૉલેજ ઑફ એજ્યુકેશન, ગોધરા. ... બાકી રહેલાં રૂ. ૧,૭૦૦નાં પુસ્તકો ખરીદવા માટે તથા સામયિકો માટે રૂ. ૧,૦૦૦નો ખર્ચ કરવા માટે અને બાકી રહેલા રૂ. ૧,૧૦૦નાં સાધનો વસાવવા માટે આગ્રહ રાખવામાં આવે.

દરમિયાન સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૪) કૉલેજ ઑફ એજ્યુકેશન, મુંદ્રા (કચ્છ). ... વ્યાખ્યાતા તરીકે નિમાયેલ શ્રી. આર. એમ. પટેલનો બી.એડ. પછીનો એક વર્ષનો ખૂટતો શૈક્ષણિક અનુભવ ક્ષમ્ય કરવો, અને સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૫) કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ. ... સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૬) સરકારી સાયન્સ કૉલેજ, ગાંધીનગર. ... નીચેની શરતોના પરિપાલન માટે આગ્રહ રાખવામાં આવે :

૧. પ્રયોગશાળા માટે બાકી રહેલા રૂ. ૧,૦૦૦નાં સાધનો વસાવવામાં આવે;
૨. ગ્રંથાલય માટે બાકી રહેલા રૂ. ૪,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; અને
૩. આ કૉલેજના શિક્ષકોનાં પગારધોરણ યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોના પગારધોરણ (અણભેળવાયેલા મોંઘવારી ભથ્થા સહિત) આપવામાં આવે.

(૭) કૉમર્સ કૉલેજ, પેટલાદ. ... અંગ્રેજીના વ્યાખ્યાતા તરીકે નિમાયેલ શ્રી. આર. એમ. પટેલનો એક વર્ષનો ખૂટતો શૈક્ષણિક અનુભવ ક્ષમ્ય કરવો અને સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૮) પીપલ્સ એજ્યુકેશન સોસાયટી કૉમર્સ કૉલેજ, ભૂજ. ... ગ્રંથપાલ તરીકે નિમાયેલ શ્રી. એમ. બી. પરીખની નિમણૂક એક વર્ષ માટે ક્ષમ્ય ગણવી અને આવતા શૈક્ષણિક વર્ષથી યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવા માટે કૉલેજને જણાવવું. દરમિયાન સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૯) સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા. ... નીચેની શરતોના પરિપાલન માટે આગ્રહ રાખવો :

૧. શરત મુજબ ૨૫ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે તથા તેના માટે ગૃહપતિની નિમણૂક કરી અને તેમને ભાડામુક્ત રહેઠાણ આપવાની વ્યવસ્થા કરવામાં આવે;

૨. બાકી રહેલા રૂ. ૧,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે તથા સામયિકો માટે રૂ. ૫૦૦નું લવાજમ ભરવામાં આવે; અને

૩. રૂ. ૫૦,૦૦૦ અંગેનું પ્રમાણપત્ર મોકલી આપવામાં આવે.

(૧૦) શ્રી. સાર્વજનિક લૉ કૉલેજ, ગોધરા. ... નીચેની શરતોના પરિપાલન માટે આગ્રહ રાખવામાં આવે :

૧. એક પૂર્ણ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે નિમાયેલ શ્રી. વી. સી. શાહ યોગ્ય લાયકાત ધરાવતા નહિ હોવાથી તેમની જગ્યાએ યોગ્ય લાયકાત ધરાવતા એક ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૩. ૨૫ વિદ્યાર્થીઓ માટે છાત્રાલયની વ્યવસ્થા કરવામાં આવે, તથા તેના માટે ગૃહપતિની નિમણૂક કરી તેમને ભાડામુક્ત રહેઠાણ આપવાની વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલયમાં બાકી રહેલ રૂ. ૪,૩૬૮નાં પુસ્તકો વસાવવામાં આવે;

૫. રૂ. ૫૦,૦૦૦ અંગેનું પ્રમાણપત્ર મોકલવામાં આવે; અને

૬. રૂ. ૧૦,૦૦૦ જમા કરાવવામાં આવે.

(૧૧) શ્રી. ચિમનલાલ વાડીલાલ લૉ કૉલેજ, ખંભાત. ... ગ્રંથાલય માટે વ્યવસ્થા કરવામાં આવે તથા તેને માટે ગૃહપતિની નિમણૂક કરી તેમને ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરી આપવામાં આવે, અને ગ્રંથાલયમાં બાકી રહેલા રૂ. ૧,૦૦૦નાં પુસ્તકો તથા રૂ. ૨,૦૦૦ના સંદર્ભગ્રંથો વસાવવામાં આવે, તથા સામયિકો માટે જરૂરી લવાજમ ભરવામાં આવે.

દરમિયાન સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૧૨) એમ. એન. કૉલેજ ઑફ ફાર્મસી, ખંભાત. ... ૧. સદરહુ કૉલેજમાં પદવી અભ્યાસક્રમ માટે ૩૦ને બદલે ૩૪ વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા છે તે માટે તે કૉલેજના આચાર્યને સખત ઠપકો આપવો અને ભવિષ્યમાં ૩૦થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો નહિ એમ કૉલેજના આચાર્યને સ્પષ્ટ સૂચના આપવી.

વધુમાં ઉપર જણાવ્યા મુજબ વધારાના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યા છે તે હકીકતના સંદર્ભમાં સદરહુ કૉલેજના ચાર વિદ્યાર્થીઓને એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીમાં ફેરવવા (transfer કરવા)ની શક્યતા તપાસવી.

૨. સદરહુ કૉલેજમાં સંસ્થાના સ્થાનિક દાતા સભ્યોની ભલામણ પરથી દાખલ કરવા માટે કેટલી જગ્યાઓ અનામત (reserve) મૂકવી તે બાબત અંગે ભવિષ્યમાં વિચારવાનું રાખવું.

૩. સદરહુ કૉલેજના જોડાણની બાબતમાં નીચેની જે શરતોનું હજુ યથાર્થ પરિપાલન થયું નથી તે પરિપાલન કરવા માટે આગ્રહ રાખવો :

(૧) યોગ્ય લાયકાત ધરાવતા વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવામાં આવે;

(૨) યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવામાં આવે;

(૩) બાંધકામ માટે બાકી રહેલા રૂ. ૩૮,૫૦૦નું ખર્ચ કરવામાં આવે;

(૪) ગ્રંથાલય માટે બાકી રહેલો રૂ. ૬,૯૭૮-૩૦નો ખર્ચ કરવામાં આવે;

(૫) પ્રયોગશાળા માટે બાકી રહેલો રૂ. ૨૬,૮૮૭-૦૪નો ખર્ચ કરવામાં આવે;

(૬) ફાર્માકોગ્નોસીના ભાગ માટે બાકી રહેલો રૂ. ૭,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

(૭) ઓછામાં ઓછા ૪૫ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે.

૫૦. Indian University Association for continuing Education ન્યૂ દિલ્હી તરફથી "Continuing Education and Universities in Asian and South Pacific Region" વિષય પર મદ્રાસ મુકામે એક પરિષદ ડિસેંબર ૨૩થી ૨૭, ૧૯૭૦ના સમય દરમિયાન યોજે છે તેમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી અને ઓછામાં ઓછા એક શિક્ષકને પ્રતિનિધિ તરીકે મોકલવા અંગે આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૧. Institute of Historical studiesનું ૮મું વાર્ષિક અધિવેશન જોધપુર યુનિવર્સિટીના ઉપક્રમે જોધપુર મુકામે ઑક્ટોબર ૨૦થી ૨૩, ૧૯૭૦ના સમય દરમિયાન યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૨. નીચે જણાવેલ સભ્યોને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૩(૨) અનુસાર તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખાનું સભ્યપદ આપવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ની ભલામણ અનુસાર તે મુજબ સભ્યપદ આપવા અંગે અને તેમના નામ સામે જણાવેલ ઇચ્છિત અભ્યાસસમિતિઓ એનાયત કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિ
(૧)	શ્રી. એન. કે. વકીલ કુલપતિશ્રી, એમ.એસ. યુનિવર્સિટી વડોદરા	કાયદા	અભ્યાસસમિતિઓ પર પોતે સેવાઓ આપી શકે તેમ નથી તેમ તેઓશ્રીએ જણાવ્યું છે.
(૨)	શ્રી. આર. એસ. મહેતા, કુલપતિશ્રી, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર	ઇજનેરી	૧. સિવિલ એન્જિનિયરિંગ, અને ૨. ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ.
(૩)	શ્રી. પી. આર. ચૌહાણ, શિક્ષણસંચાલક	વિનયન શિક્ષણ સહિતની	૧. રાજ્યશાસ્ત્ર; અને ૨. શિક્ષણ

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. કે. વકીલના પત્રની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સેનેટના નીચેના બે સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખાની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું :

ક્રમાંક	નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિ
૧.	શ્રી. આર. એસ. મહેતા	ઇજનેરી	૧. સિવિલ એન્જિનિયરિંગ અને ૨. ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ
૨.	શ્રી. પી. આર. ચૌહાણ	વિનયન શિક્ષણ સહિતની	૧. રાજ્યશાસ્ત્ર ૨. શિક્ષણ

૫૩. જ્ઞાનવિજ્ઞાનના વિભિન્ન ક્ષેત્રે ગુજરાતભરમાં યુનિવર્સિટી કક્ષાએ સંશોધન-પ્રકાશન ઉત્તેજન પામે તે હેતુસર શ્રી. હરિઃઓમ આશ્રમ, નડિયાદ તરફથી "હરિઃઓમ આશ્રમ પ્રેરિત આંતર-યુનિવર્સિટી ભાઈકાકા સ્મારક ટ્રસ્ટ" રચવામાં આવેલું અને સરદાર પટેલ યુનિવર્સિટીને તેની વ્યવસ્થા સોંપી છે તે હેતુને અનુલક્ષીને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રીના અધ્યક્ષપદે એક કમિટી રચવામાં આવનાર હોવાથી તે પર આ યુનિવર્સિટીના એક પ્રતિનિધિ નીમવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૪. ગુજરાત યુનિવર્સિટી તરફથી એપ્રિલ-મે ૧૯૬૯માં આબુ મુકામે યોજવામાં આવેલ પર્વતારોહણ તાલીમ શિબિર માટે ભારત સરકારના શિક્ષણ ખાતા તરફથી તેમના પત્રાંક એફ. ૪૬-૪-૬૯ વાય.એસ. ૧(૨), તારીખ ૨૮-૭-૧૯૭૦થી અનુદાનની રકમ રૂ. ૩,૬૦૦ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની સાભાર નોંધ લેવી.

૫૫. સમાજવિદ્યા ભવનમાં ફિલ્ડ વર્ક સુપરવાઇઝરની એક કાયમી જગ્યા માટે તારીખ ૭-૮-૧૯૭૦ની વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જગ્યા માટે કોઈ ઉમેદવાર હાજર રહ્યો નહોતો અને સદરહુ વરણીસમિતિની તા. ૭-૮-૧૯૭૦ની સભાનું કામકાજ ચાલી શકયું ન હતું તેની નોંધ લેવી.

૫૬. સંલગ્ન કૉલેજોની જૂન ૧૯૬૭થી ચાલુ/વધારાના જોડાણ માટે આવેલ અરજીઓની બાબતમાં સેનેટે મૂકેલ શરતોના પરિપાલન અંગે જે કૉલેજોના જોડાણ અંગે હજુ સુધી રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવી નથી તે કૉલેજોના શરતોના પરિપાલન અંગેના અહેવાલો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજોના જોડાણ માટે જે શરતોનું પરિપાલન હજુ સુધી થયું નથી તે શરતોના પરિપાલન માટે આગ્રહ રાખવો અને તેનું ત્વરિત પરિપાલન કરીને યુનિવર્સિટી કાર્યાલયને જાણ કરવા માટે જે તે કૉલેજોને જણાવવું.

૫૭. સંલગ્ન કૉલેજો પૈકી જે કૉલેજોનું જે તે વિષયોનું ચાલુ જોડાણ જૂન ૧૯૭૧માં પૂરું થાય છે તે પૈકી નીચેની કૉલેજોએ ઑર્ડિ. ૧૨૦ અન્વયે તા. ૧ જુલાઈ, ૧૯૭૦ સુધીમાં સદરહુ વિષયોના ચાલુ જોડાણ માટે અરજી કરી નથી તો તે અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	અરજી આપ્યા તારીખ
(૧)	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	૨૩-૭-૧૯૭૦
(૨)	લુણાવાડા આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા	—
	[નોંધ.—જૂન ૧૯૭૦થી બી.એ.(સમો.)માં સમાજશાસ્ત્ર શીખવવા અરજી કરેલી પરંતુ હવે તે શીખવવા માંગતા નથી તેમ જણાવ્યું છે.]	
(૩)	શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ	—
(૪)	શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાગામ-કરજણ	—
(૫)	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	—
	[નોંધ.—જૂન ૧૯૭૦થી બી.એ.(પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન અને બી.એ.(સમો.)માં સમાજશાસ્ત્ર શીખવવા અરજી કરેલી પરંતુ હવે તે શીખવવા માગતા નથી તેમ જણાવ્યું છે.]	
(૬)	શિક્ષણની કૉલેજ, દરામલી	—
(૭)	શિક્ષણની કૉલેજ, મુંદ્રા	૩-૭-૧૯૭૦
(૮)	સરકારી સાયન્સ કૉલેજ, ગાંધીનગર	૩-૭-૧૯૭૦
(૯)	ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ	૨૦-૭-૧૯૭૦
(૧૦)	વાણિજ્યની કૉલેજ, ગોધરા	૯-૭-૧૯૭૦

આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૭૧માં જે સંલગ્ન કૉલેજોનું જે તે વિષયોનું જોડાણ પૂરું થતું હોવા છતાં તે વિષયનું જોડાણ ચાલુ રાખવા માટે અરજી કરેલી ના હોય તેમને ઘટતી તાકીદ આપીને ચાલુ જોડાણ માટે ત્વરિત અરજી કરવા માટે જણાવવું, અને તેમની અરજી આવ્યેથી સ્થાનિક તપાસ-સમિતિઓ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૮. સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં એકાઉન્ટન્સી વિષયના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક કર્યા સિવાય ૧૯૬૯-૭૦ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન શૈક્ષણિક કાર્ય ચલાવ્યું તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (૧) એકાઉન્ટન્સીના ખંડ સમયના પ્રાધ્યાપક તરીકે શ્રી. એન. એમ. શાહની નિમણૂક કરવામાં આવી હતી.

(૨) શ્રી. એન. એમ. શાહ બી.કૉમ. પાસ વર્ગ અને સી.એ.ની પદવી ધરાવે છે.

(૩) શ્રી. એન. એમ. શાહ એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા તરીકે બે વર્ષનો તથા પ્રાધ્યાપક તરીકે ત્રણ વર્ષનો અનુભવ ધરાવે છે, પરંતુ અગાઉ પ્રાધ્યાપક તરીકે લાયકાત ધરાવતા ન હતા છતાં પ્રાધ્યાપક તરીકે માન્ય થયા છે તે રીતનું વિધાન કર્યું છે.

(૪) શ્રી. એન. એમ. શાહને પ્રાધ્યાપક થવા માટે પાંચ વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો અનુભવ જોઈએ. પ્રાધ્યાપક માટે વ્યાખ્યાતા તરીકેનો ત્રણ વર્ષનો અનુભવ ખૂટે છે.]

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૫૯. સને ૧૯૬૭-૬૮થી શરૂ થતા ત્રિવાર્ષિક ગાળા માટે આ યુનિવર્સિટીને વાર્ષિક ગ્રાન્ટ રૂ. ૩,૫૭,૦૦૦ ગુજરાત રાજ્ય સરકાર તરફથી મંજૂર કર્યા બાબતના તેમના તા. ૨૪-૭-૧૯૭૦ના પત્રાંક યુ.એસ.જી. ૧૧૭૦-ખ પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૦. ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન સમિતિની તારીખ ૨૧-૭-૧૯૭૦ના રોજ મળેલી સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના શિક્ષકોને સંશોધન ગ્રાન્ટ આપવા માટે સદરહુ સમિતિની તા. ૨૧-૭-૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલા શિક્ષકોના પ્રસ્તાવો સુધારીને રજૂ કરવા માટે તેમને સૂચવવું :

૧. શ્રી. ડી. એમ. માસ્તર
૨. શ્રી. એમ. જે. પટેલ
૩. શ્રી. રમેશચંદ્ર ગુપ્તા
૪. કુ. એમ. સા. ભટ્ટ
૫. ડૉ. એસ. આર. દેસાઈ.

(મંજૂર કરવામાં આવેલી સદરહુ સમિતિની તા. ૨૧-૭-૧૯૭૦ની સભાની નોંધ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૬૨. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા ડિપ્લોમા ઇન ઓપ્થેલ્મોલોજી તથા એમ.એસ. બ્રાન્ચ-૪ ઓપ્થેલ્મોલોજીના અનુસ્નાતક કેન્દ્રમાં ડૉ. મદનમોહન પરીખ જેઓ તે વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે તેમ છતાં તેમ જ કુલપતિશ્રીનો આદેશ હોવા છતાં અનુસ્નાતક વ્યાખ્યાનોનું કામ પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે સોંપવામાં આવ્યું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૨. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાયથી મે ૧૯૭૦માં અંગ્રેજીના વિષયમાં આચાર્યશ્રી એસ. આર. ભટ્ટના અધ્યક્ષપણા હેઠળ યોજવામાં આવેલ ગ્રીષ્મ વર્ગનું વધારાનું કામકાજ કરવા બદલ યુનિવર્સિટીના કર્મચારી શ્રી. શરદ પટેલે રૂ. ૨૦૦ (બસો) મહેનતાણું મેળવ્યું છે તો તે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે યુનિવર્સિટીના કર્મચારી શ્રી. શરદભાઈ પટેલને રૂ. ૨૦૦નું મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપની.

૬૩. ઑક્ટોબર ૧૯૭૦માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂકો અંગે જે તે વિદ્યાશાખાની પરીક્ષા સમિતિઓની ભલામણો અને તે પર તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલે કરેલી વિચારણાને અનુલક્ષીને સદરહુ નિમણૂકો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર ૧૯૭૦માં લેવાનાર પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો-પરીક્ષકોની નિમણૂકોની યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી યાદી પરિશિષ્ટ તરીકે સામેલ કરવામાં આવી નથી.)

૬૪. વિદ્યાર્થિનીઓના છાત્રાલય માટે ફર્નિચર બાતે રૂ. ૧૭,૦૦૦ની વધારાની જોગવાઈ કરવા માટે વિચારણા કરવા બાબત.

(નોંધ.— વિદ્યાર્થિનીઓના છાત્રાલયમાં દરેક રૂમમાં સીલિંગ ફેન આપવા માટે આ જોગવાઈ કરવાની છે. **)**

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલય માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૧૭,૦૦૦ની વધારાની જોગવાઈ કરવી.

૬૫. એમ.ઈ. સેમેસ્ટર પદ્ધતિ દાખલ થયેલ હોઈ એમ.ઈ. સેમેસ્ટર પરીક્ષાઓ વર્ષમાં કેટલી વાર લેવી, ક્યારે શરૂ કરવી તેમ જ તેની ફી શું રાખવી તે નક્કી કરવા અને તે મુજબ ઓ. ૧૨૯ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૬. યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજે યુનિવર્સિટી તખીબી તપાસ યોજના હેઠળ ૧૯૬૯-૭૦ના વર્ષ માટેની યુનિવર્સિટીને આપવાની થતી રકમ હજુ સુધી જમા કરાવી નથી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.— સિન્ડિકેટે તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં સ્ટુડન્ટ્સ વેલ્ફેર બોર્ડની ભલામણ ઉપરથી મંજૂર કરેલ તખીબી તપાસ યોજના હેઠળ કેમ્પસ પરના વિસ્તારની કૉલેજોએ વિદ્યાર્થી દીઠ સત્ર દીઠ રૂ. ૧ની રકમ એકઠી કરી જે તે કૉલેજે યુનિવર્સિટીમાં જમા કરાવવાની હોય છે.)

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૬૭. માર્ચ-એપ્રિલ ૧૯૭૦ની પરીક્ષાઓ વખતે પરીક્ષકોએ કરેલા પરીક્ષા બહિષ્કારને કારણે કાર્યાલય તરફથી કેટલાક પરીક્ષકોને વધુ પરીક્ષાઓમાં નીમવાનું થતાં વધુમાં વધુ મહેનતાણાની રકમની મર્યાદા ઓળંગી જવાના કેસો થતાં તેઓને વધારાનું વેતન આપવા અંગે વિચારણા કરવા બાબત.

૧. શ્રી. એ. કે. રાવલ	પ્રી-યુનિ. સાયન્સ કેમિસ્ટ્રી—પ્રાયોગિક પરીક્ષા	રૂ.	૪૪૨-૪૫
	એસ.બી.એસસી. ,, ,,	રૂ.	૭૯૦-૨૫
		રૂ.	૧,૨૩૨-૭૦
	બાદ ચૂકવ્યા	રૂ.	૧,૦૦૦-૦૦
	ચૂકવવાના બાકી ...	રૂ.	૨૩૨-૭૦
૨. શ્રી. એમ. ડી. અધ્યારુ	પ્રી-યુનિ. સાયન્સ બાયોલોજી—પ્રાયોગિક પરીક્ષા	રૂ.	૫૪૨-૧૩
	એસ.બી.એસસી. ,, ,,	રૂ.	૪૭૫-૦૦
		રૂ.	૧,૦૧૭-૧૩
	બાદ ચૂકવ્યા	રૂ.	૧,૦૦૦-૦૦
	ચૂકવવાના બાકી ...	રૂ.	૧૭-૧૩

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વધારાની રકમ ચૂકવવી.

૬૮. વિશ્વ અનુદાન આયોગની સહાયથી યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિભાગના ઉપક્રમે તા. ૩-૫-૧૯૭૦થી તા. ૧૩-૬-૧૯૭૦ સુધી માધ્યમિક શાળા તથા કૉલેજના શિક્ષકો માટે રસાયણવિજ્ઞાનના વિષયમાં યોજવામાં આવેલ ગ્રીષ્મ સંસ્થામાં

રસાયણવિભાગના નીચે જણાવેલ શિક્ષકવર્ગ તથા બિનશિક્ષકવર્ગના કર્મચારીઓએ આપેલ વધારાની સેવાઓ અંગે તેઓને મહેનતાણું આપવા માટે સદરહુ ઔષ્મ સંસ્થાના અધ્યક્ષશ્રીની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	યુનિ.માં તેમનો હોદ્દો	મહેનતાણું આપવા અંગે કરેલ ભલામણ	તેઓને હાલ મળતો મૂળ માસિક પગાર
	શિક્ષકવર્ગ		રૂ.	રૂ.
૧.	ડૉ. એ. એમ. ત્રિવેદી	પ્રોફેસર	૮૦૦	૧,૨૦૦
૨.	ડૉ. એમ. એન. દેસાઈ	રીડર	૩૬૦	૯૦૦
૩.	ડૉ. આઈ. જી. વકીલ	લેક્ચરર	૪૪૪	૫૬૦
૪.	ડૉ. કે. પી. સોની	લેક્ચરર	૩૮૪	૪૮૦
૫.	શ્રી. આર. કે. શાહ	રીડર	૪૩૩	૭૫૦
૬.	શ્રી. જે. સી. વોરા	લેક્ચરર	૨૦૦	૬૦૦
૭.	શ્રી. એ. એ. શેખ	ડેમોન્સ્ટ્રેટર	૧૭૯	૩૪૦
		કુલ...	૨,૮૦૦	
	બિનશિક્ષકવર્ગ			
૧.	ડૉ. જે. સી. વોરા	લેક્ચરર	૧૭૦	૬૦૦
૨.	ડૉ. આઈ. એમ. ભટ્ટ	,,	૧૪૨	૪૮૦
૩.	ડૉ. એ. એ. શેખ	ડેમોન્સ્ટ્રેટર	૨૪૧	૩૪૦
૪.	શ્રી. જે. બી. શાહ	સ્ટોરકીપર	૧૭૦	૧૨૪
૫.	શ્રી. જે. એન.	લેબ. આસિ.	૧૭૦	૯૦
૬.	શ્રી. વી. એમ. દરજી	,,	૧૭૦	૧૨૪
૭.	શ્રી. એ. એચ. શાહ	ઑડિટ ક્લાર્ક	૭૦	૧૩૨
૮.	શ્રી. એમ. આર. જાદવ	લેબ. એટે.	૩૯	૬૯
૯.	શ્રી. એ. ડી. ચૌહાણ	,,	૭૨	૬૩
૧૦.	શ્રી. કે. ડી. ચૌહાણ	,,	૭૨	૫૨
૧૧.	શ્રી. એમ. કે. રાઠોડ	,,	૭૨	૬૦
૧૨.	શ્રી. જી. એમ. રાઠોડ	,,	૬૦	૫૦
૧૩.	શ્રી. કરસન ભૂતા	સફાઈ કામદાર	૫૨	૫૪
		કુલ રકમ ...	૧,૫૦૦	

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર જણાવેલા કર્મચારીઓને સદરહુ કામ માટે તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૬૯. રાષ્ટ્રીય સેવા યોજનાના સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના યુનિટના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે ડૉ. એસ. જે. કૉન્ટ્રાક્ટરની આચાર્યશ્રીએ નિયુક્તિ કર્યાના ફેરફારને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સેંટ ઝેવિયર્સ કૉલેજમાં રાષ્ટ્રીય સેવા યોજનાના અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે ડૉ. એસ. જે. કૉન્ટ્રાક્ટરની નિમણૂક મંજૂર કરવી.

૭૦. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૨૯-૭-૧૯૭૦ના રોજ મળેલ સભાની ભલામણ પ્રમાણે પશ્ચિમ વિભાગની આંતર-યુનિવર્સિટી ફૂટબૉલ ટુર્નામેન્ટની સંચાલન સમિતિની નીચેના સભ્યોની નીમેલી સમિતિને કુલપતિશ્રીએ આપેલ મંજૂરીની નોંધ લેવા બાબત.

"૧. આથી ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટી (પશ્ચિમ વિભાગ) ફૂટબૉલની હરીફાઈઓના સંચાલન માટે જરૂરી ઉપસમિતિઓ નીમવાની, જરૂરી સભ્યો કો-ઑપ્ટ કરવાની તથા જરૂરી ખર્ચ કરવાની સત્તા સાથે નીચેના સભ્યોની એક સમિતિ નીમવાની સિન્ડિકેટને આ બોર્ડ ભલામણ કરે છે:

૧. પ્રિ. એસ. એમ. શાહ, ચૅરમૅન
૨. પ્રિ. સી. એલ. શાસ્ત્રી
૩. પ્રિ. એચ. પી. પંડ્યા
૪. શ્રી. જુગલકિશોર મિસ્ત્રી
૫. પ્રિ. ડી. ડી. દેસાઈ
૬. પ્રિ. એફ. બ્રાગાન્ઝા
૭. શ્રી. આર. કે. પટેલ
૮. શ્રી. કે. જી. પ્રભુ
૯. શ્રી. કે. એસ. પાવરી
૧૦. શ્રી. શેઠના
૧૧. શ્રી. પ્રિયકાન્ત મુન્શા
૧૨. પ્રો. દશનસિંગ બસન
૧૩. શ્રી. મદનમોહન બજાજ
૧૪. પ્રો. બી. પી. ત્રિપાઠી
૧૫. શ્રી. કે. જે. પોરાણિયા
૧૬. શ્રી. વી. પી. મહેતા, સેક્રેટરી.

૨. ધી વાય. એમ. સી. એ. ફિઝિકલ એજ્યુકેશન કૉલેજ, મદ્રાસ તા. ૨૧થી ૨૩ ઑગસ્ટ, ૧૯૭૦ દરમિયાન યોજનાર અખિલ ભારતીય શારીરિક શિક્ષણ અને રમતગમતના સેમિનાર ઉપર યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિ. ડી. ડી. દેસાઈને સિન્ડિકેટની તા. ૧૨-૭-૧૯૭૦ની સભામાં મોકલવાનું ઠરાવવામાં આવ્યું હતું, પરંતુ પ્રિ. ડી. ડી. દેસાઈએ સેમિનારમાં ભાગ લેવાની પોતાની અનિચ્છા દર્શાવી હોવાથી તેમની જગ્યાએ પ્રિ. એસ. આર. મહેતા (આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ)નું નામ મોકલવાનું કુલપતિશ્રીએ મંજૂર કર્યું છે તેની નોંધ લેવા બાબત."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૭૧. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની તા. ૨૯-૭-૧૯૭૦ના રોજ મળેલ સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

"૧. આથી ઠરાવવામાં આવે છે કે આંતર-વિભાગીય ખેલકૂદ સ્પર્ધાઓ ઉત્તર વિભાગની એમ. એન. કૉલેજ, વીસનગરના ઉપક્રમે તા. ૧૨, ૧૩ ડિસેંબર ૧૯૭૦ દરમ્યાન યોજવી અને તે અંગે આંતર-વિભાગીય ખાતેની અંદાજી ખર્ચની રકમમાંથી જરૂરી ખર્ચ કરવાની સત્તા ઉત્તર વિભાગના અધ્યક્ષશ્રીને યુનિવર્સિટીના બોર્ડ ઑફ સ્પોર્ટ્સના અધ્યક્ષ તરીકે આપવાની આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

૨. વધુમાં જે પંચકાર્ય માટેના મહેનતાણાના જે ચાર રમતો માટેના દરોમાં અમદાવાદ વિભાગ સ્થાનિક રમતસમિતિએ મંજૂર કરવા ભલામણ કરી છે તેને ૧૯૭૦-૭૧ના વર્ષથી મંજૂર કરી બહાલી આપવા માટે આ બોર્ડે સિન્ડિકેટને ભલામણ કરે છે.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે આંતર-યુનિવર્સિટીની હરીફાઈમાં ભાગ લેવા જતા હરીફો માટે યુનિફૉર્મ, ક્રેસ્ટ, રમતનાં સાધનો ખરીદવા, કોચિંગ આપવું. આંતર-યુનિવર્સિટી રમતની હરીફાઈઓ યોજવા માટે જરૂરી ખર્ચ કરવું વગેરે માટે આંતર-યુનિવર્સિટી માટે મંજૂર કરેલ રૂ. ૨૬,૦૦૦ (છવ્વીસ હજાર)ની રકમમાંથી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ અને મંત્રીશ્રીને આપવી તથા બંનેની સહીથી બિલોને મંજૂર થયેલાં ગણવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

૪. વધુમાં ઠરાવવામાં આવે છે કે, "વર્લ્ડ યુનિવર્સિટી" માટે કમ્બાઈન્ડ યુનિવર્સિટી ટીમના પસંદગી મુકાબલાઓમાં ભાગ લેવા મોકલવા માટે આપણી યુનિવર્સિટીના આશાસ્પદ ખેલાડીઓને મોકલવાના હોય છે. આ અંગે થતા ખર્ચની જોગવાઈ બજેટમાં નથી તો પસંદગી મુકાબલા માટે થતા ખર્ચ પેટે અલગ રૂ. ૨,૦૦૦ (બે હજાર) મંજૂર કરવા અને તે માટેના નિયમ પ્રમાણે જરૂરી ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ અને મંત્રીને આપવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

૫. આપણી રમતોનું ધોરણ ઊંચું આવે તે માટે યુનિવર્સિટી જુદી જુદી રમતોના કોચિંગ તાલીમ શિબિરો યોજે એવી યુ.જી.સી. તેમ જ ભારત સરકારનું શિક્ષણ મંત્રાલય અપેક્ષા રાખે છે. અને એ માટે એન.એસ.ઓ. યોજના હેઠળ કોચિંગ માટેના ખર્ચ પેટે યુ.જી.સી. ૭૫ ટકા આર્થિક સહાય અને શિબિરો માટે ભારત સરકારનું શિક્ષણ મંત્રાલય આંતર-યુનિવર્સિટી સ્પોર્ટ્સ બોર્ડ દ્વારા ભોજન, મુસાફરીખર્ચ વગેરે નિયત બાબતો માટે ખર્ચ આપે છે, જે લગભગ કુલ ખર્ચના ૭૫થી ૮૦ ટકા જેટલો થવા જાય છે. આમ છતાં મેદાનો, સાધનો અને યુનિવર્સિટી પાસે ન હોય તેવા બીજા વધારાના કોચીઝ અંગેનો કેટલોક થોડો ખર્ચ યુનિવર્સિટીએ ભોગવવાનો હોય છે એ જોતાં અને એન.એસ.ઓ.ની યોજના નીચે મળતી આર્થિક સહાયનો બરાબર ઉપયોગ થઈ શકે તે માટે તાલીમ શિબિરના મથાળા નીચે અંદાજપત્રમાં રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર)ની રકમની જોગવાઈ કરવામાં આવી છે તે વધારીને રૂ. ૧૫,૦૦૦(પંદર હજાર)ની કરવા આ બોર્ડ સિન્ડિકેટને આગ્રહભરી ભલામણ કરે છે અને તે માટેની જરૂરી યોજના અને અંદાજી ખર્ચની મર્યાદામાં રહીને ખર્ચ કરવાની સત્તા બોર્ડ ઑફ સ્પોર્ટ્સના પ્રમુખ અને મંત્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરે છે.

૬. આથી ઠરાવવામાં આવે છે કે ઉત્તર અને દક્ષિણ વિભાગમાં આવેલી કૉલેજો માટે મુસાફરી તથા જમવા અંગેના ખર્ચની જરૂરિયાતોને તથા કૉલેજોની સંખ્યાને લક્ષમાં લઈને આંતર-કૉલેજ રમતો માટે મંજૂર થયેલા રૂ. ૧૧,૮૦૦(અગિયાર હજાર)ની ગ્રાન્ટ વિભાગવાર નીચે પ્રમાણે વહેંચવા આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે :

		રૂપિયા
અમદાવાદ વિભાગ	...	૨,૪૦૦
ઉત્તર વિભાગ	...	૪,૧૫૦
દક્ષિણ વિભાગ	...	૪,૪૫૦

૭. આથી ઠરાવવામાં આવે છે કે હેન્ડબુક ઑફ સ્પોર્ટ્સના પાના નં. ૧૨ પર બાસ્કેટ બૉલની રમતમાં ગણવેશનો ઉલ્લેખ નથી તો તેમાં આ રમત માટે નીચે પ્રમાણે ઉમેરવું અને સિન્ડિકેટને મંજૂર કરવા ભલામણ કરવી :

Basket Ball : Shorts, Baniyan and socks and canvas shoes."

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ વર્ષના મંજૂર કરેલા અંદાજપત્રની એકંદર મર્યાદાને આધીન સદરહુ બોર્ડની ઉપરની ભલામણો મંજૂર કરવી, અને સ્પષ્ટતા કરવી કે વધારાનું અંદાજી ખર્ચ મંજૂર કરવામાં આવ્યું નથી, પરંતુ મંજૂર કરવામાં આવેલા અંદાજપત્રની મર્યાદામાં રહીને જરૂરી ફેરફાર (reappropriation) કરી શકાશે.

૭૨. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવાની બાબતમાં શિક્ષકોએ વિકલ્પ સ્વીકારવા અંગેની મુદ્દત તા. ૩૦-૯-૧૯૭૦ સુધી લંબાવવાની જાણ કરતા રાજ્ય સરકારના તા. ૧૮-૭-૧૯૭૦ના સરકારી ઠરાવ ક્રમાંક એમ.આઈ.એસ.સી. ૧૦૬૮-ખ ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૩. Ionospheric Research Project માટે યુનિવર્સિટી કૅમ્પસમાં ૨૫ એકર જેટલી જમીન માટે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીએ કરેલ માગણી અંગે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીના તા. ૨૮-૭-૧૯૭૦ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીને યુનિવર્સિટી કૅમ્પસપાં અંદાજે ૨૫ એકર જેટલી જમીન, બાંધકામ સમિતિની અનુમતિને આધીન પાંચ વર્ષ માટે વાપરવા માટે મંજૂરી આપવી.

૭૪. એપ્રિલ ૧૯૭૦માં લેવાયેલ ફાઇનલ એમ.બી,બી.એસ. પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૯૪નું પરિણામ ગુણચકાસણીના કારણે તા. ૧-૭-૧૯૭૦ના રોજ સુધારવામાં આવ્યું હોઈ તેના કેસમાં તા. ૧-૬-૧૯૭૦થી ફરજિયાત હાઉસમૅનશિપનો સમય ગણી

તા. ૧-૬-૧૯૭૦થી તા. ૧-૭-૧૯૭૦ સુધીનો સમય હાઉસમૅનશિપ ટ્રેનિંગના ભાગ રૂપે કૉન્ટોન કરવાની તેની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.** —ઉપરોક્ત સમયને હાઉસમૅનશિપના ભાગરૂપે ગણવા આઈ.એમ.સી. સાથે તેની અનુમતિ માટે પત્રવ્યવહાર ચાલે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ધ ઇન્ડિયન મેડિકલ કાઉન્સિલની અનુમતિને આધીન સદરહુ વિદ્યાર્થીને તેની હાઉસમૅનશિપમાં તા. ૧-૬-૧૯૭૦થી તા. ૧-૭-૧૯૭૦ સુધીના સમય માટેની મુક્તિ (રાહત) આપવી.

૭૫. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૩ની સાથે કરવામાં આવેલી હોઇ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવેલી છે.

૭૬. યુનિવર્સિટી ગ્રંથાલયના બજેટમાં ટેલિફોન ખાતે રૂ. ૨,૦૦૦ની વધારાની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ઈન્ટર્નલ ટેલિફોનનું વાયરિંગ કરાવવાનું હોવાથી આ જોગવાઈ કરવાની થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે યુનિવર્સિટીના ગ્રંથાલયના ચાલુ વર્ષના અંદાજ-પત્રમાં રૂ. ૨,૦૦૦ની વધારાની જોગવાઈ કરવી.

૭૭. ઑર્ડિ. ૧૨૦-સી નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની ઍકેડમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિનન્સ ૧૨૦-સી મંજૂર કરવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડ. ૧૨૦-સીની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૭૮. નીચે જણાવેલ અનુસ્નાતક ડિપ્લોમા અભ્યાસક્રમો સ્થાપવા માટેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

1. One-year Advanced course in Psychiatric Social work.
2. One-year Teacher Training course in special Education of the Mentally Retarded.
3. One-year course in Psychiatric Occupational Therapy.
4. Two-year course in Psycho-therapy.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક અભ્યાસક્રમોના ડિપ્લોમા સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી.

૭૯. શેઠ એચ. પી. આર્ટ્સ ઍન્ડ એસ. એમ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદ તરફથી જૂન ૧૯૭૦થી ચાલુ જોડાણ માટે આવેલ અરજી પર સેનેટે મૂકેલ શરતોના પરિપાલન અંગે આવેલ અહેવાલ પર વિચારણા કરવા બાબત.

કાર્યાલયની નોંધ

આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, તલોદ

(૧) આચાર્યશ્રીને આપેલ રહેઠાણનું ક્ષેત્રફળ આશરે ૪૬૫ ચો. ફૂટ થાય છે જ્યારે નિયમ મુજબ ૯૦૦ ચો. ફૂટ જોઈએ. કૉલેજ જણાવે છે કે, ગામમાં આવું મોટું મકાન મળવું મુશ્કેલ છે તેમ છતાં તજવીજમાં છીએ.

સાયન્સ કૉલેજ, તલોદ

(૧) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના ગુજરાતીના અધ્યાપકો પૈકીના શ્રી. એલ. જી. પટેલને કાર્યભાર ઓ. ૧૨૦ મુજબ ઓછો હોઈ સાયન્સના પ્રીના વર્ગોમાં તેઓ પિરિયડ લે છે. આ વ્યવસ્થા ચલાવી લેવા કૉલેજ વિનંતી કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, તલોદને જણાવવું કે તેમના આચાર્યને ૯૦૦ ચો.ફૂટના ક્ષેત્રફળવાળું મકાન તેઓ આપી શકે તેમ ના હોય તો તેમને માસિક રૂ. ૨૫૦ નું મકાનભાડા ભથ્થું યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આપવું આવશ્યક છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સાયન્સ કૉલેજ, તલોદમાં હિંદીના લેક્ચરર શ્રી. એલ. જી. પટેલની જે વ્યવસ્થા કરવામાં આવી છે તે ચાલુ વર્ષ પૂરતી મંજૂર રાખવી.

૮૦. શ્રી. આર. બી. શાહ તરફથી તેમના તા. ૪-૮-૧૯૭૦ના પત્રથી એમ.એ. પરીક્ષામાં ૩૬ ટકા ગુણ મેળવનારને પાસ વર્ગ આપવાની પ્રથા દાખલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ બાબત તા. ૨૪-૭-૧૯૭૦ની ઍકેડેમિક કાઉન્સિલમાં વિચારણા માટે હતી તે મોકૂફ રહી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૮૧. ચોથી પંચવર્ષીય યોજનામાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણોની સુધારણામાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચોથી પંચવર્ષીય યોજનામાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણોની સુધારણામાંથી ઊભા થતા પ્રશ્નો અંગે સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત

અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિની રચના કરવી :

૧. ડૉ. અશ્વિનભાઈ એમ. ત્રિવેદી
૨. આચાર્ય એમ. સી. શાહ
૩. પ્રો. મણિશંકર પી. પંડ્યા
૪. આચાર્ય કે. એમ. તલાટી
૫. આચાર્ય વી. આર. રણદીવે
૬. આચાર્ય કે. એન. શાહ
૭. શ્રી. રણજિતભાઈ ગં. શાસ્ત્રી
૮. શ્રી. ભૂપેન્દ્રભાઈ એમ. પટેલ, મંત્રી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિ. / ૨૫૭૬ / ૧૯૭૦.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૯.
ઑગસ્ટ ૩૧, ૧૯૭૦.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૨

યુનિવર્સિટીમાં મદદનીશ કુલસચિવની એક કાયમી જગ્યા માટે સિન્ડિકેટની મળેલી વરણીસમિતિની એક સભા તા. ૨૦-૭-૧૯૭૦ ને સોમવારના રોજ ૧૨-૩૦ કલાકે ઉમેદવારોની મુલાકાત લેવા માટે મળી હતી :

પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું.
સભામાં હાજરી નીચે મુજબ હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૦-૭-૧૯૭૦
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિ	હાજર
૨.	શ્રી. ઇન્દ્રવદન ઉમિયાશંકર વસાવડા, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય કે. એમ. તલાટી	હાજર
૪.	શ્રી. ખટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. ડાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૦.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	ગેરહાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	ગેરહાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	ગેરહાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

મદદનીશ કુલસચિવની એક કાયમી જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧.	શ્રી. એચ. આર. દેરાસરી	હાજર
૨.	શ્રી. પી. સી. દવે	હાજર
૩.	શ્રી. ડી. એમ. દેસાઈ	હાજર
૪.	શ્રી. એસ. પી. દેસાઈ	હાજર
૫.	શ્રી. કે. આર. જોશી	હાજર
૬.	શ્રી. ડી. એચ. પટેલ	હાજર
૭.	શ્રી. જે. એ. પટેલ	હાજર
૮.	શ્રી. કે. ડી. પંડ્યા	ગેરહાજર
૯.	શ્રી. બી. બી. પરમાર	હાજર
૧૦.	શ્રી. એ. એમ. પંડ્યા	ગેરહાજર
૧૧.	શ્રી. એચ. બી. પંડિત	હાજર
૧૨.	શ્રી. સી. જે. રાવલ	હાજર
૧૩.	શ્રી. આર. એમ. રાવલ	ગેરહાજર
૧૪.	શ્રી. કે. જી. શાહ	હાજર
૧૫.	શ્રી. એસ. એ. શાહ	હાજર
૧૬.	શ્રી. ડી. એન. શુકલ	હાજર
૧૭.	શ્રી. યુ. એફ. સિદ્દીક	હાજર
૧૮.	શ્રી. એમ. ડી. ત્રિવેદી	હાજર
૧૯.	શ્રી. એન. કે. ત્રિવેદી	હાજર
૨૦.	શ્રી. આર. એમ. વ્યાસ	હાજર
૨૧.	શ્રી. જી. કે. પટેલ	હાજર
૨૨.	શ્રી. એસ. જી. ઠાકર	ગેરહાજર

હાજર રહેલા ઉપરના ઉમેદવારોની મુલાકાત લેવામાં આવી અને ઠરાવવામાં આવ્યું કે **નીચે** જણાવેલા ચાર ઉમેદવારો, પસંદગીનો ક્રમ આપ્યા સિવાય, **સદરહુ** જગ્યા માટે **નિમણૂકપાત્ર** જણાય છે, અને તેથી તે પૈકી સિન્ડિકેટને યોગ્ય લાગે તે **ઉમેદવારને** મદદનીશ કુલસચિવની જગ્યા **પર** **નીમવા** માટે ભલામણ કરી :

૧. શ્રી. એચ. આર. દેરાસરી

૨. શ્રી. કે. આર. જોશી

૩. શ્રી. ડાહ્યાભાઈ એચ. પટેલ

૪. શ્રી. કે. જી. શાહ

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૪૩

Statement of Assistant for Practical Examination in M.D.S. Part II to be held in March 1970 at Government Dental College and Hospital, Ahmedabad–16

Sr. No.	*Subject*	*No. of expert Assistant required*	*No. of Hamal required*	*No. of dental Mechanics required*	*No. of elect. Tech. required*	*No. of Store-keeper required*	*No. of Staff Nurse required*	*Days of prepa-ration*	*Days of cleaning*
1.	Prosthetic Dentistry	1	1	1	1	1	—	1	—
2.	Periodontia	1	1	—	—	—	1	1	—
3.	Oral Dental Pathology and Bacteriology	1	1	—	—	—	—	1	—
4.	Oral Diagnosis	1	1	—	—	—	1	1	—

N.B.— Rs. 2/– will have to be paid per patient for Clinical per day examination.

Dean,
Government Dental College and Hospital,
Ahmedabad.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૪૫

અનુસ્નાતક અભ્યાસ માટે ઉપલબ્ધ સંશોધન-શિષ્યવૃત્તિઓ માટે આવેલી અરજીઓ પર વિચારણા કરીને પોતાની ભલામણો કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની ૧૯૭૦-૭૧ના વર્ષની પ્રથમ સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં ગુરુવાર તા. ૨૩-૭-૧૯૭૦ના રોજ બપોરના ૨-૩૦ કલાકે કુલપતિશ્રી ઉમાશંકર જોશીના અધ્યક્ષપદે મળી હતી, જેમાં નીચેના સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧.	ડૉ. ઉમાશંકર જે. જોશી (કુલપતિ)	હાજર
૨.	આચાર્ય સી. એલ. શાસ્ત્રી	હાજર
૩.	આચાર્ય એલ. ડી. દવે	હાજર
૪.	આચાર્ય કે. એમ. તલાટી	ગેરહાજર
૫.	પ્રો. કે. આર. ચંદ્રશેખરન	હાજર
૬.	પ્રો. ડી. એન. પાઠક	હાજર
૭.	ડૉ. કે. જી. દેસાઈ	હાજર
૮.	પ્રો. જે. જે. ચિનોય	હાજર
૯.	આચાર્ય વાય. જી. નાયક	હાજર
૧૦.	આચાર્ય એમ. એસ. પંડિત	ગેરહાજર

૧. સંશોધન-શિષ્યવૃત્તિની સમિતિની તા. ૨૦-૨-૧૯૭૦ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

સંશોધન-શિષ્યવૃત્તિ સમિતિની તા. ૨૦-૨-૧૯૭૦ના રોજ મળેલી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. (અ) ૧૯૬૮-૬૯ના વર્ષ દરમ્યાન નીચેના વિદ્યાર્થીઓને યુનિવર્સિટી સંસ્થાપિત સંશોધન-શિષ્યવૃત્તિઓ બે વર્ષ માટે એનાયત કરવામાં આવેલી તેની મુદત તેમનાં નામ સામે જણાવેલ તારીખે પૂરી થાય છે તેની નોંધ લેવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થી અને માર્ગદર્શક શિક્ષકનું નામ	શિષ્યવૃત્તિ એનાયત થયા તારીખ	શિષ્યવૃત્તિની મુદત પૂરી થયા તારીખ
૧.	કુ. ચોકસી કોકિલા ચિમનલાલ (શિક્ષક, શ્રી. વી. એમ. શાહ)	૧૬-૭-૧૯૬૮	૧૫-૭-૧૯૭૦
૨.	શ્રી. મણુકીવાળા એસ. સી. (શિક્ષક, શ્રી. વી. એમ. ડાંકાર)	૧૬-૭-૧૯૬૮	૧૫-૭-૧૯૭૦
૩.	કુ. પંચાલ કાન્તાગૌરી જે. (શિક્ષક, શ્રી. બી. જે. ઝવેરી)	૧૩-૯-૧૯૬૮	૧૨-૯-૧૯૭૦

(નોંધ.—યુનિવર્સિટીની શિષ્યવૃત્તિની મુદત સામાન્યતઃ બે વર્ષ કે સંશોધનકાર્ય પૂરું થાય ત્યાં સુધી—એ બેમાંથી જે વહેલી હોય તે તારીખ સુધીની હોય છે. ખાસ સંજોગોમાં વધુ એક વર્ષ મુદત વધારી આપી શકાય. પરંતુ ઉપરના વિદ્યાર્થીઓ પૈકી ક્રમાંક ૨ સિવાયના વિદ્યાર્થીઓના માર્ગદર્શક શિક્ષક તરીકેની મુદત વધારવા માટે માગણી આવી ન હોઈ મુદત વધારવા માટે વિચારવાનું રહેતું નથી; જ્યારે શ્રી. મણુકીવાળા એસ. સી.નો પ્રગતિ-હેવાલ આવ્યો છે અને માર્ગદર્શક શિક્ષકે ભલામણ કરી હોવાથી ત્રીજા વર્ષ માટે શિષ્યવૃત્તિ લંબાવી આપવા વિચારવાનું રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ ત્રણ વિદ્યાર્થીઓ, જેમને ૧૯૬૮-૬૯ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટીની સંશોધન-શિષ્યવૃત્તિ બે વર્ષ માટે આપવામાં આવી છે તેમને ત્રીજા વર્ષ માટે તેમનાં નામ સામે જણાવેલ તારીખ સુધી ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	વિદ્યાર્થી અને માર્ગદર્શક શિક્ષકનું નામ	શિષ્યવૃત્તિ આપ્યાનો સમય	શિષ્યવૃત્તિનો મુદત વધારી આપ્યાનો સમય
૧.	કુ. ચોકસી ફોકિલા ચિમનલાલ	૧૬-૭-૧૯૬૮થી	૧૬-૭-૧૯૭૦થી
	(શિક્ષક, શ્રી. વી. એમ. શાહ)	૧૫-૭-૧૯૭૦	૧૫-૭-૧૯૭૧ સુધી
૨.	શ્રી. મણુકીવાળા એસ. સી.	૧૬-૭-૧૯૬૮થી	૧૬-૭-૧૯૭૦ થી
	(શિક્ષક, શ્રી. વી. એમ. ઠાકોર)	૧૫-૭-૧૯૭૦	૧૫-૭-૧૯૭૧
૩.	કુ. પંચાલ કાંતાગૌરી જે.	૧૩-૯-૧૯૬૮થી	૧૩-૯-૧૯૭૦થી
	(શિક્ષક, ડૉ. બી. જે. ઝવેરી)	૧૨-૯-૧૯૭૦	૧૨-૯-૧૯૭૧

(બ) તા. ૧૯-૮-૧૯૬૯ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ગુજરાત રાજ્ય સરકાર તરફથી નીચેના વિદ્યાર્થીઓને તેમનાં નામ સામે જણાવેલ સમય માટે સંશોધન-શિષ્યવૃત્તિઓ એનાયત થઈ હતી. મજકૂર વિદ્યાર્થીઓના માર્ગદર્શક શિક્ષકોના તેમની પ્રગતિ અંગેના હેવાલોના સંદર્ભમાં તેમની શિષ્યવૃત્તિની મુદત ત્રીજા વર્ષ માટે લંબાવી આપવાનું વિચારવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થી અને માર્ગદર્શક શિક્ષકનું નામ	કોના તરફથી અપાઈ છે?	શિષ્યવૃત્તિની મુદત	માર્ગદર્શક શિક્ષકનો વિદ્યાર્થી ની પ્રગતિ અંગેનો અહેવાલ
૧.	દેસાઈ આર. કે.	રાજ્ય સરકાર	૫-૧૨-૧૯૬૮થી	સંતોષકારક છે.
	(શિક્ષક, ડૉ. આઈ. જી. વશી)		૪-૧૨-૧૯૭૧	
૨.	શ્રી. ગુરુમૂર્તિ	,,	૪-૧૨-૧૯૬૮થી	સંતોષકારક છે.
	(શિક્ષક, ડૉ. સી. કે. શાહ)		૩-૧૨-૧૯૭૧	
૩.	શ્રી. માધવન ઉન્ની	,,	૧૫-૬-૧૯૬૮થી	સંતોષકારક છે.
	(શિક્ષક, ડૉ. સી. કે. શાહ)		૧૪-૬-૧૯૭૧	
૪.	શ્રી. એ. એમ. હુજરી	યુનિ. ગ્રાન્ટ્સ	૨૮-૮-૧૯૬૮થી	સંતોષકારક છે.
	(શિક્ષક, શ્રી. કે. એ. ઠાકર)	કમિશન	૨૭-૮-૧૯૭૧	

(અ) નીચેના ત્રણ વિદ્યાર્થીઓને આપવામાં આવેલી જે તે શિષ્યવૃત્તિની મુદત વધુ એક વર્ષ માટે એટલે કે દરેકના નામ સામે જણાવેલ તારીખ સુધી ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે :

ક્રમાંક	વિદ્યાર્થી અને માર્ગદર્શક શિક્ષકનું નામ	કોની શિષ્યવૃત્તિ	શિષ્યવૃત્તિ આપ્યાનો સમય	શિષ્યવૃત્તિની મુદત ચાલુ રાખવાનો સમય
૧.	શ્રી. દેસાઈ આર. કે. (શિક્ષક, ડૉ. આઈ. જી. વશી)	રાજ્ય સરકાર	૫-૧૨-૧૯૬૮થી ૪-૧૨-૧૯૭૧	૪-૧૨-૧૯૭૧ સુધી
૨.	શ્રી. કે. ગુરુમૂર્તિ (શિક્ષક, ડૉ. સી. કે. શાહ)	,,	૪-૧૨-૧૯૬૮થી	૩-૧૨-૧૯૭૧ સુધી
૩.	શ્રી. એ. એમ. હુજરી (શિક્ષક, ડૉ. કે. એ. કાકર)	યુનિ. ગ્રાન્ટ્સ કમિશન	૨૮-૮-૧૯૬૮થી ૨૭-૮-૧૯૭૧	૨૭-૮-૧૯૭૧ સુધી

(બ) શ્રી. માધવન ઉન્નીને આપવામાં આવેલી રાજ્ય સરકારની શિષ્યવૃત્તિની મુદત તા. ૧૫-૬-૧૯૭૦થી વધુ ૬ માસ અથવા તો પોતાનો મહાનિબંધ રજૂ કરે તે તારીખે-બેમાંથી જે વહેલી હોય તે તારીખ સુધી લંબાવી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(૩) ૧૯૬૯-૭૦ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટી સંસ્થાપિત રાજ્ય સરકાર અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની સંશોધન-શિષ્યવૃત્તિઓ એનાયત થઈ હતી તે તેમના માર્ગદર્શક શિક્ષક તરફથી આવેલા પ્રગતિ અહેવાલના આધારે તે શિષ્યવૃત્તિઓ ૧૯૭૦-૭૧ના વર્ષ દરમ્યાન ચાલુ રાખવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થી અને માર્ગદર્શક શિક્ષકનું નામ	કોના તરફથી અપાઈ	શિષ્યવૃત્તિની મુદત	માર્ગદર્શક શિક્ષકનો વિદ્યાર્થીઓની પ્રગતિ અંગેનો હેવાલ
૧.	પ્રજાપતિ એસ. એન. (શિક્ષક, શ્રી. એ. એમ. ત્રિવેદી)	યુનિવર્સિટી	૧૪-૭-૧૯૬૯થી ૧૩-૭-૧૯૭૧	સંતોષકારક છે.
૨.	શ્રી. પરમાર હિંમતસિંહ (શિક્ષક, શ્રી. વી. એમ. ઠાકોર)	,,	૨૨-૧૨-૧૯૬૯થી ૨૧-૧૨-૧૯૭૧	સંતોષકારક છે.
૩.	કુ. પટેલ ગીતા ચૂનીભાઈ (શિક્ષક, શ્રી. એમ. એસ. દુબલે)	,,	૧૫-૭-૧૯૬૯થી ૧૪-૭-૧૯૭૧	સંતોષકારક છે.
૪.	કુ. વ્યાસ અલકનંદા વિનીતરાય (શિક્ષક, ડૉ. સી. કે. શાહ)	,,	૧૭-૭-૧૯૬૯થી ૨-૮-૧૯૭૦	પ્રગતિ હેવાલ છે તા. ૨-૯-૧૯૬૯થી ૨૬-૭-૧૯૬૯ સુધી પી. એલ. ૪૮૦ની જુનિ. ફેલોશિપ મળી હોવાથી શિષ્યવૃત્તિ તારીખ ૧૭-૭-૧૯૬૯ થી ૨-૮-૧૯૭૦ સુધી આપી છે.

ક્રમાંક	વિદ્યાર્થી અને માર્ગદર્શક શિક્ષકનું નામ	કોના તરફથી અપાઈ	શિષ્યવૃત્તિની મુદત	માર્ગદર્શક શિક્ષકનો વિદ્યાર્થીની પ્રગતિ અંગેનો હેવાલ
૫.	કુ. સોમૈયા સ્નેહલતા અમૃતલાલ (શિક્ષક, શ્રી. આર. સી. પરીખ)	યુનિવર્સિટી	૧૬-૭-૧૯૬૯થી ૧૫-૭-૧૯૭૧	સંતોષકારક છે.
૬.	શ્રી. દીક્ષિત વીરેન્દ્ર સોહનલાલ (શિક્ષક, શ્રી. એન. જે. શાહ)	,,	૧૬-૬-૧૯૬૯થી ૧૫-૬-૧૯૭૧	સંતોષકારક છે.
૭.	શ્રીમતી બદામી ચારુલતા હરકાન્ત (શિક્ષક, ડૉ. એચ. ડી. બદામી)	,,	૧૧-૩-૧૯૭૦થી ૧૦-૩-૧૯૭૨	સંતોષકારક છે.
૮.	શ્રી. સકસેના રાજેન્દ્રબિહારી હરપ્રસાદ (શિક્ષક, શ્રી. કે. એ. ઠાકર)	,,	૨૬-૧૧-૧૯૬૯થી ૨૫-૧૧-૧૯૭૧	સંતોષકારક છે.
૯.	શ્રી. અન્સારી મુનીર એહમદ અબ્દુલગફુર (શિક્ષક, શ્રી. બી. એસ અગ્રવાલ)	,,	૧--૧-૧૯૭૦થી ૩૧-૧૨-૧૯૭૨	સંતોષકારક છે.
૧૦.	શ્રી. પટેલ ધીરુભાઈ ડાહ્યાભાઈ (શિક્ષક, ડૉ. જે. જે. ત્રિવેદી)	,,	૮-૧૨-૧૯૬૯થી ૭-૧૨-૧૯૭૧	સંતોષકારક છે.
૧૧.	શ્રી. રાજ કે. પી. એસ. (શિક્ષક, ડૉ. જે. જે. ચિનોય)	રાજ્ય સરકાર	૧૭-૭-૧૯૬૯થી ૧૬-૭-૧૯૭૨	સંતોષકારક છે.
૧૨.	કુમારી ધનક છલા જે. (શિક્ષક, ડૉ. જે. જે. ચિનોય)	,,	૧૪-૮-૧૯૬૯થી ૧૩-૮-૧૯૭૨	અસંતોષકારક છે. પીએચ.ડી. માટેનું રજિસ્ટ્રેશન રદ કર્યું છે.
૧૩.	શ્રી. ચંદ્રાનન એમ. વોરા (શિક્ષક, શ્રી. જે. પી. ત્રિવેદી)	,,	૧૫-૬-૧૯૬૯થી ૧૪-૬-૧૯૭૨	સંતોષકારક છે.
૧૪.	શ્રી. સોલંકી રતિલાલ મહાદેવભાઈ (શિક્ષક, શ્રી. બી. જે. ઝવેરી)	યુનિ. ગ્રાન્ટ્સ કમિશન	૧-૧૧-૧૯૬૯થી ૩૧-૧૦-૧૯૭૨	પ્રગતિ હેવાલ નથી.
૧૫.	શ્રી. મહેતા ધીરેન્દ્ર પ્રીતમલાલ (શિક્ષક, શ્રી. વાય. પી. શુકલ)	,,	,,	પ્રથમ ૭ માસનો પ્રગતિ હેવાલ છે, બીજા ૭ માસનો નથી
૧૬.	શ્રી. શેખ ગુલામ મોહદ્દીન રમજાન (શિક્ષક, ડૉ. એમ. એ. એચ. ફારૂકી)	,,	,,	સંતોષકારક છે.
૧૭.	કુ. શાહ ભારતી કેશવલાલ (શિક્ષક, શ્રી. વી. એમ. કાકોર)	,,	,,	સંતોષકારક છે.

ક્રમાંક	વિદ્યાર્થી અને માર્ગદર્શક શિક્ષકનું નામ	કોના તરફથી અપાઈ	શિષ્યવૃત્તિની મુદત	માર્ગદર્શક શિક્ષકનો વિદ્યાર્થીની પ્રગતિનો હેવાલ
૧૮.	શ્રી. જોશી વિજયશંકર શિવશંકર (શિક્ષક, ડૉ. પી. સી. વૈદ્ય)	યુનિ. ગ્રાન્ટ્સ કમિશન	૧-૧૧-૧૯૬૯થી ૩૧-૧૦-૧૯૭૨	સંતોષકારક છે.
૧૯.	શ્રી. ઠાકર ભરતરાય ચૂનીલાલ (શિક્ષક, શ્રી. એમ. એન. દેસાઈ)	,,	૨૨-૧૨-૧૯૬૯થી ૨૧-૧૨-૧૯૭૨	સંતોષકારક છે.
૨૦.	શ્રીમતી જાની વંદનાબહેન મહેન્દ્રભાઈ (શિક્ષક, ડૉ. બી. એસ વૈદ્ય)	,,	૨૨-૧૨-૧૯૬૯થી ૨૧-૧૨-૧૯૭૨	સંતોષકારક છે.

(અ) નીચેના વિદ્યાર્થીઓને આપવામાં આવેલી જે તે શિષ્યવૃત્તિની મુદત વધુ એક વર્ષ માટે એટલે કે તે દરેકના નામ સામે જણાવેલી તારીખ સુધી ચાલુ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	કોની શિષ્યવૃત્તિ	શિષ્યવૃત્તિ આપ્યાનો સમય	શિષ્યવૃત્તિને ચાલુ રાખવાનો સમય
૧.	પ્રજાપતિ એસ. એન. (શિક્ષક, ડૉ. એ. એમ. ત્રિવેદી)	યુનિવર્સિટી	૧૪-૭-૧૯૬૯થી ૧૩-૭-૧૯૭૧	૧૩-૭-૧૯૭૧સુધી
૨.	શ્રી. પરમાર હિંમતસિંહ રામસિંહ (શિક્ષક, ડૉ. વી. એમ. ડાકોર)	,,	૨૨-૧૨-૧૯૬૯થી ૨૧-૧૨-૧૯૭૧	૨૧-૧૨-૧૯૭૧ સુધી
૩.	કુ. પટેલ ગીતા ચૂનીભાઈ (શિક્ષક, ડૉ. એમ. એસ. દુબલે)	,,	૧૫-૭-૧૯૬૯થી ૧૪-૭-૧૯૭૧	૧૪-૭-૧૯૭૧ સુધી
૪.	કુ. સોમૈયા સ્નેહલતા અમૃતલાલ (શિક્ષક, શ્રી. આર. સી. પરીખ)	,,	૧૬-૭-૧૯૬૯થી ૧૫-૭-૧૯૭૧	૧૫-૭-૧૯૭૧ સુધી
૫.	શ્રી. દીક્ષિત વીરેન્દ્ર (શિક્ષક, શ્રી. એન. જે. શાહ)	,,	૧૬-૬-૧૯૬૯થી ૧૫-૬-૧૯૭૧	૧૫-૬-૧૯૭૧ સુધી
૬.	શ્રીમતી બદામી ચારુલતા હરકાન્ત (શિક્ષક, ડૉ. એચ. ડી. બદામી)	,,	૧૧-૩-૧૯૭૦થી ૧૦-૩-૧૯૭૨	૧૦-૩-૧૯૭૧ સુધી
૭.	શ્રી. સકસેના રાજેન્દ્રબિહારી હરપ્રસાદ (શિક્ષક, ડૉ. કે. એ. ડાકર)	,,	૨૬-૧૧-૧૯૬૯થી ૨૫-૧૧-૧૯૭૧	૨૫-૧૧-૧૯૭૧
૮.	શ્રી. અન્સારી મુજીરએહમદ અબ્દુલગફૂર (ડૉ. બી. એસ. અગ્રવાલ)	,,	૧-૧-૧૯૭૦થી ૩૧-૧૨-૧૯૭૨	૩૧-૧૨-૧૯૭૧સુધી
૯.	શ્રી. પટેલ ધીરુભાઈ ડાહ્યાભાઈ (શિક્ષક, ડૉ. જે. જે. ત્રિવેદી)	,,	૮-૧૨-૧૯૬૯થી ૭-૧૨-૧૯૭૧	૭-૧૨-૧૯૭૧સુધી

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	કોની શિષ્યવૃત્તિ	શિષ્યવૃત્તિ અપ્યાનો સમય	શિષ્યવૃત્તિને ચાલુ રાખવાનો સમય
૧૦.	શ્રી. રાજ કે. પી. એસ. (શિક્ષક, ડૉ. જે. જે. ચિનોય)	યુનિવર્સિટી	૧૭- ૭-૧૯૬૯ ૧૬- ૭-૧૯૭૧	૧૬-૭-૧૯૭૧
૧૧.	શ્રી ચંદ્રાનન એમ. વોરા (શિક્ષક, ડૉ. જે. પી. ત્રિવેદી)	રાજ્ય સરકાર	૧૫- ૬-૧૯૬૯થી ૧૪- ૬-૧૯૭૨	૧૪- ૬-૧૯૭૧
૧૨.	શ્રી. શેખ ગુલામમોહુદ્દીન રમઝાન (શિક્ષક, શ્રી. એમ. એ. એચ. ફારૂકી)	યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન	૧-૧૧-૧૯૬૯થી ૩૧-૧૦-૧૯૭૨	૩૧-૧૦-૧૯૭૧
૧૩.	કુ. શાહ ભારતી કેશવલાલ (શિક્ષક, ડૉ. વી. એમ. ડાકોર)	,,	૧-૧૧-૧૯૬૯થી ૩૧-૧૦-૧૯૭૨	૩૧-૧૦-૧૯૭૧
૧૪.	શ્રી. જોશી વિજયશંકર શિવશંકર (શિક્ષક, ડૉ. પી. સી. વૈદ્ય)	યુનિ. ગ્રાન્ટ્સ કમિશન	૧-૧૧-૧૯૬૯થી ૩૧-૧૦-૧૯૭૨	૩૧-૧૦-૧૯૭૧
૧૫.	શ્રી. ઠાકર ભરતરાય ચૂનીલાલ (શિક્ષક, ડૉ. એમ. એન. દેસાઈ)	,,	૨૨-૧૨-૧૯૬૯થી ૨૧-૧૨-૧૯૭૨	૨૧-૧૨-૧૯૭૧
૧૬.	શ્રીમતી જ્ઞની વંદનાબેન મહેન્દ્રભાઈ (શિક્ષક, શ્રી. બી. એસ. વૈદ્ય)	,,	૨૨-૧૨-૧૯૬૯થી ૨૧-૧૨-૧૯૭૨	૨૧-૧૨-૧૯૭૧

(બ) આથી ઠરાવવામાં આવે છે કે નીચેના વિદ્યાર્થીઓને આપવામાં આવેલી જે તે શિષ્યવૃત્તિની મુદત વધુ એક વર્ષ માટે કે તે દરેકના નામ સામે જણાવેલી તારીખ સુધી તેમના માર્ગદર્શક શિક્ષક તરફથી પ્રગતિ અહેવાલ આવ્યેથી લંબાવી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	શિષ્યવૃત્તિ આપ્યાનો સમય	સમયવધારો આપ્યાની મુદત
૧.	શ્રી. સોલંકી રતિલાલ મહાદેવભાઈ (શિક્ષક, ડૉ. બી. જે. ઝવેરી)	૧-૧૧-૧૯૬૯થી ૩૧-૧૦-૧૯૭૨	૩૧-૧૦-૧૯૭૧
૨.	શ્રી. મહેતા ધીરેન્દ્ર પ્રીતમલાલ (શિક્ષક, શ્રી. વાય. પી. શુક્લ)	૧-૧૧-૧૯૬૯થી ૩૧-૧૦-૧૯૭૨	૩૧-૧૦-૧૯૭૧

(ક) કુ. અલકનંદા વિ. વ્યાસને, તેમની શિષ્યવૃત્તિની મુદત પૂરી થાય તે તારીખથી ૭ માસ અથવા તેઓ પોતાનો મહાનિબંધ રજૂ કરે તે તારીખ — એ બેમાંથી જે વહેલી હોય તે તારીખ સુધી લંબાવી આપવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે.

(૩) કુ. મનક ઈલા જે. ને આપવામાં આવેલી રાજ્ય સરકારની શિષ્યવૃત્તિ પાછી ખેંચી લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. વર્ષ ૧૯૭૦–૭૧ દરમ્યાન યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજ-સંસ્થામાં કામ કરતા શિક્ષકો જેઓ પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે તેમના માર્ગદર્શન હેઠળ કામ કરતા વિદ્યાર્થીઓ તરફથી આવેલી અરજીઓ પરથી શિષ્યવૃત્તિઓ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે (૧) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આ યુનિવર્સિટીને ચાલુ વર્ષે ફાળવવામાં આવેલી પ્રત્યેક રૂ. ૨૫૦ની એક એવી સાત શિષ્યવૃત્તિઓ નીચેના વિદ્યાર્થીઓને, સિન્ડિકેટ આ સમિતિની ભલામણ મંજૂર કરે તે તારીખ અથવા વિદ્યાર્થી પીએચ.ડી. પદવી માટે રજિસ્ટર થયે. હોય તે તારીખ—એ બેમાંથી જે મોડી હોય તે તારીખથી ત્રણ વર્ષ માટે, શિષ્યવૃત્તિના સમય દરમિયાન, તેઓ નોકરી કે અન્ય કોઈ વ્યવસાય કરશે નહિ તે શરતે તથા મજકૂર સંશોધન-શિષ્યવૃત્તિઓ અંગેની શરતો–નિયમોને આધીન રહી અનુક્રમે ત્રણ વર્ષ માટે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	કૉલેજ-સંસ્થાનું નામ	શિષ્યવૃત્તિ કોના તરફથી અપાઈ	શિષ્યવૃત્તિની મુદત
૧.	કુ. જાડેજા ચંદ્રકુંવરબા ઉમેદસિંહજી	યુનિ. ભાષા-સાહિત્ય ભવન, અમદાવાદ	યુનિ. ગ્રાન્ટ્સ કમિશન	ઉપર ઠરાવમાં જણાવ્યા પ્રમાણે
૨.	શ્રીમતી જાની મીનાક્ષી દિનેશકુમાર	વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	,,	,,
૩.	કુ. દેસાઈ ગીતા એમ.	,,	,,	,,
૪.	કુ. ભાટવાડેકર જ્યોત્સ્ના મધુકર	,,	,,	,,
૫.	કુ. ઘેસાની પેરીન ઈસ્માઈલભાઈ	,,	,,	,,
૬.	કુ. પટેલ કમળા રાવજીભાઈ	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	,,	,,
૭.	શ્રી. શાહ હર્ષદરાય ચંદ્રકાંત	પી. ટી. સાયન્સ કૉલેજ, મોડાસા	,,	,,

૨. (અ) યુનિવર્સિટીએ સ્થાપેલી ૨૦ શિષ્યવૃત્તિઓ પૈકી સાત શિષ્યવૃત્તિઓ—ચાલુ વર્ષે ફાજલ પડી છે તે—નીચેના વિદ્યાર્થીઓને તા. ૧૫–૬–૧૯૭૦થી અથવા વિદ્યાર્થી પીએચ.ડી. પદવી માટે નોંધાયો હોય તે તારીખ—એ બેમાંથી જે મોડી હોય તે તારીખથી બે વર્ષ માટે, શિષ્યવૃત્તિના સમય

દરમિયાન તેઓ નોકરી કે અન્ય કોઈ વ્યવસાય કરશે નહિ તે શરતે તથા મજકૂર શિષ્યવૃત્તિઓ અંગેની શરતો-નિયમોને આધીન રહી બે વર્ષ માટે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	કૉલેજ/સંસ્થાનું નામ	શિષ્યવૃત્તિની મુદત
૧.	શ્રી. પટેલ રામભાઈ રેવાભાઈ	વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	ઉપર ઠરાવમાં જણાવ્યા પ્રમાણે
૨.	શ્રી. જોશી જગદીશચંદ્ર શાંતિલાલ	વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	,,
૩.	કુ. શાહ હર્ષિકા કાંતિલાલ	વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	,,
૪.	શ્રી. શાહ રશ્મિકાન્ત વિમલભાઈ	બી. સી. જે. કૉલેજ ઑફ સાયન્સ, ખંભાત	,,
૫	કુ. જોશી કૌમુદી રજનીકાંત	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	
૬.	કુ. મુનશી વાસ્તવિક ક્ષમા	એલ. ડી. ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડોલોજી, અમદાવાદ	,,
૭.	કુ. શાહ પૌત્રા નટવરભાઈ	વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	,,

(બ) વધુમાં ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્ય સરકાર તરફથી અગાઉનાં વર્ષોની જેમ ચાલુ સાલે પણ આ યુનિવર્સિટીને ત્રણ શિષ્યવૃત્તિઓ ફાળવવામાં આવે તો તે ઉપર જણાવેલા વિદ્યાર્થીઓ પૈકી નીચેનાને એનાયત કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	કૉલેજ-સંસ્થાનું નામ
૧.	શ્રી. પટેલ રામભાઈ રેવાભાઈ	વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૨.	શ્રી. જોશી જગદીશચંદ્ર શાંતિલાલ	,,
૩.	કુ. શાહ હર્ષિકા કાન્તિલાલ	,,

(ક) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર (બ)માં જણાવ્યા પ્રમાણે કરવાથી ગુજરાત યુનિવર્સિટી સંસ્થાપિત ત્રણ શિષ્યવૃત્તિઓ ફાજલ પડે તો તે ત્રણ શિષ્યવૃત્તિઓ નીચેના વિદ્યાર્થીઓને એનાયત કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	માર્ગદર્શક શિક્ષકનું નામ	કૉલેજ-સંસ્થાનું નામ
૧.	શ્રી. જોશી જગદીશ નટવરલાલ	શ્રી. પી. ડી. પાઠક	વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ
૨.	શ્રી. શાહ મનોજકુમાર સૂર્યકાન્ત	ડૉ. જે. જે. ત્રિવેદી	બી. સી. જે. કૉલેજ ઑફ સાયન્સ, ખંભાત
૩.	કુ. કૉન્ટ્રાક્ટર ચંદ્રિકા ડાહ્યાભાઈ	ડૉ. જે એ. યાજ્ઞિક	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરના વિદ્યાર્થીઓ, જેમને ગુજરાત રાજ્ય સરકારની અથવા ગુજરાત યુનિવર્સિટીની અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની શિષ્યવૃત્તિઓ આપવામાં આવી છે

તેઓને એક યા બીજા કારણે શિષ્યવૃત્તિઓની અદલાબદલી કરવાની પરવાનગી આપવી નહિ તથા કોઈ પણ વિદ્યાર્થીને સંશોધન-શિષ્યવૃત્તિની મુદત ૩૬ માસથી વધુ લંબાવી આપવી નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી

૫. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગના શ્રી. યુ. આઈ. ભટ્ટને તારીખ ૧૭-૬-૧૯૬૭થી તા ૧૬-૬-૧૯૭૦ સુધીના સમય માટે રાજ્ય સરકારની માસિક રૂ. ૨૫૦ની શિષ્યવૃત્તિ આપવામાં આવી હતી, પરંતુ તેમના માર્ગદર્શક શિક્ષક ડૉ. આર. કે શાહનાં ભલામણ મુજબ વધુ એક વર્ષ તે શિષ્યવૃત્તિ લંબાવી આપવા માટે શિક્ષણ નિયામકશ્રીને ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ડૉ. આર કે. શાહના માર્ગદર્શન હેઠળ નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. યુ. આઈ. ભટ્ટને તા. ૧૭-૬-૧૯૬૭થી તા. ૧૬-૬-૧૯૭૦ સુધીના સમય માટે મળેલી રાજ્ય સરકારની શિષ્યવૃત્તિ વધુ એક વર્ષ માટે લંબાવી આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. યુનિવર્સિટી મનોવિજ્ઞાન વિદ્યાભવનના ડૉ. સી. ટી. ભોપટકરના માર્ગદર્શન હેઠળ નોંધાયેલા શ્રી. એન જે. આચાર્યને તા. ૧૫-૭-૧૯૬૭થી તા. ૧૪-૭-૧૯૬૯ સુધી બે વર્ષ માટે આપવામાં આવેલ યુનિવર્સિટીની સંશોધન-શિષ્યવૃત્તિ ત્રીજા વર્ષ માટે એટલે કે ૧૯૭૦-૭૧ના વર્ષ દરમિયાન ચાલુ રાખવામાં આવી હતી. મજકૂર શિષ્યવૃત્તિ ચોથા વર્ષ માટે ચાલુ રાખવા માટે વિદ્યાર્થીની અરજી તેમના માર્ગદર્શક શિક્ષક મારફતે આવેલ હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—યુનિવર્સિટી શિષ્યવૃત્તિના નિયમ અનુસાર ત્રીજા વર્ષ માટે શિષ્યવૃત્તિ લંબાવી આપવાની જોગવાઈ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં ડૉ. સી ટી ભોપટકરના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી પદવી માટે નોંધાયેલા વિદ્યાર્થી શ્રી. એન. જે. આચાર્યને તા. ૧૫-૭-૧૯૬૭થી તા. ૧૪-૭-૧૯૭૦ સુધી આપવામાં આવેલી સંશોધન-શિષ્યવૃત્તિ ચોથા વર્ષ માટે લંબાવી આપવાની વિનંતી મંજૂર નહિ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

નીચેની બાબત પ્રમુખશ્રીની પરવાનગીથી રજૂ કરવામાં આવી :

૭. વિજ્ઞાન વિદ્યાભવનના વિદ્યાર્થી શ્રી. યશદેવ જયકારિયાની શિષ્યવૃત્તિની મુદત વધારી આપવાની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. જયકારિયાને આપવામાં આવેલી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની શિષ્યવૃત્તિની મુદત વધુ ૬ માસ અથવા તે પોતાનો મહાનિબંધ રજૂ કરે તે તારીખ — એ બેમાંથી જે વહેલી હોય તે તારીખ સુધી લંબાવી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "ઘ"

કામકાજ ક્રમાંક ૪૬

બાંધકામ સમિતિની એક સભા તા. ૧૩–૬–૧૯૭૦ ને સોમવારના રોજ બપોરે ૩–૦૦ વાગે મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	હાજર
૩. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૪. શ્રી. નવનીતલાલ સા. શોધન	ગેરહાજર
૫. શ્રી. જે. જે. ચિનોય	હાજર
૬. શ્રી. જી. જી. વૈદ્ય	ગેરહાજર

૧. તા. ૨૫–૫–૧૯૭૦ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૫–૫ ૧૯૭૦ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિત વિભાગ તથા ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે દરેકમાં વધુ ૨૦ સાઈકલ સમાવી શકાય તે માટે બંને વિભાગના સાઈકલ શેડના બાંધકામમાં ૧૦'નો વધારો કરવા અંગે તથા તે માટે રૂા. ૧,૭૦૦નું વધારાનું ખર્ચ મંજૂર કરવા બાબત.

(નોંધ.— સાઇકલ શેડ માટે રૂ. ૮,૨૬૪નો ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. ભૌતિકવિજ્ઞાન અને ગણિત વિભાગમાં હાલ ૧૦'ના શેડની જોગવાઈ છે અને આ ખર્ચ મંજૂર થતાં બંને શેડ ૨૦ ફૂટ લંબાઈના થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિત વિભાગ તથા ભૌતિકવિજ્ઞાન વિભાગ માટે દરેકમાં ૨૦ વધુ સાઈકલો સમાવી શકાય તે માટે બંને વિભાગના સાઈકલ શેડના બાંધકામમાં ૧૦ ફૂટનો વધારો કરવા તથા તે માટે રૂ. ૧,૭૦૦નું વધારાનું અંદાજી ખર્ચ મંજૂર કરવા ભલામણ કરવી.

૩. વિદ્યાર્થીઓના છાત્રાલયમાં બાંધકામના ટેન્ડરમાં નીચે મુજબ આઇટેમ છે, તેમાં યુનિટ ૧૦૦ રનિંગ ફૂટ શરતચૂકથી લખાયેલ છે તેને બદલે ૧ રનિંગ ફૂટ રાખવા માટે તથા સદરહુ ટેન્ડરમાં આ ભૂલ સુધારવા માટે કુલપતિશ્રીએ આપેલી મંજૂરીની નોંધ લેવા બાબત :

Extra for making machine cut edges for above item for stair steps
500 Rft 0·25 % Rft. 140–00 (% Rftને બદલે 1 Rft કરવા માટે)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ આપેલી મંજૂરીની નોંધ લેવી.

૪. વિદ્યાર્થીઓના છાત્રાલયના પ્લાનમાં કૉમન રૂમની જોગવાઈ થાય તે રીતે જરૂરી ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓના છાત્રાલયના પ્લાનમાં સભામાં રજૂ થયેલા પ્લાન મુજબ એક અલગ કૉમન રૂમની જોગવાઈ તથા લેવેટરી બ્લોકમાં કૉમન સર્વિસ રૂમની જોગવાઈ સાથેનો સુધારેલો પ્લાન મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે માર્ચ ૧૯૭૧ સુધીમાં સદરહુ મકાનનું બાંધકામ પૂરું થાય તે પ્રમાણે બાંધકામની ઝડપ રાખવી.

૫. યુનિવર્સિટી લાઇબ્રેરીમાં બંને બાજુની બે અગાશીઓનો ઉપયોગ થઈ શકે તે માટે તેના ઉપર કન્સલ્ટિંગ એન્જિનિયર્સ મે. વકીલ-મહેતા-પરીખ-શેઠની સલાહ અનુસાર સ્ટીલ સ્ટ્રક્ચર તથા asbestos શીટનું છાપરું બનાવીને બે મોટા રીડિંગ રૂમ તૈયાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—અંદાજી ખર્ચ આશરે રૂ. ૫૧,૦૦૦ જેટલો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં સ્થપતિ શ્રી. બી. વી. દોશીને પુછાવવું.

કુલપતિશ્રીની પરવાનગીથી નીચેની બે બાબતો રજૂ કરવામાં આવી :

૬. ઝૂલોજીના મકાનના પ્લાનમાં લેબોરેટરીમાં જરૂરી ફેરફારો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સભામાં રજૂ થયેલા પ્લાન મુજબ લેબોરેટરીમાં જરૂરી ફેરફાર કરવા તથા રિસર્ચ લેબોરેટરીમાં ટિસ્યુ કલ્ચર રૂમ તથા ઑટોક્લેવ અને વૉશિંગ રૂમ માટે જોગવાઈ કરવા તથા તે માટે વધારાનું રૂ. ૩,૮૦૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૭. વિદ્યાર્થિનીઓના છાત્રાલયના મકાન માટે ઉપરનો બીજો માળ લેવા માટે સ્થપતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થિનીઓના છાત્રાલયના મકાન પર બીજો માળ બાંધવાના કામ માટે સ્થપતિ શ્રી. મધુકર ઠાકોરની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૬૦

આર્ટ્સ યુટિલાઈઝેશન કમિટીની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મંગળવાર, તા. ૨૧-૭-૧૯૭૦ના રોજ બપોરના ૧૨-૦૦ કલાકે કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી, કુલપતિ	હાજર
૨. આચાર્યશ્રી ય. ડા. શુકલ	હાજર
૩. આચાર્યશ્રી વાય. જી. નાયક	હાજર
૪. આચાર્યશ્રી ડી. એમ. શીખ	હાજર
૫. પ્રા. જે. બી. સાણ્ડિલ	ગેરહાજર
૬. આચાર્યશ્રી જે. જે. ત્રિવેદી	ગેરહાજર
૭. ડૉ. જે. બી. હરિભક્તિ	હાજર

૧. આર્ટ્સ યુટિલાઈઝેશન કમિટીની તા. ૨૦-૮-૧૯૬૯ના રોજ મળેલી સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આર્ટ્સ યુટિલાઈઝેશન કમિટીની તા. ૨૦-૮-૧૯૬૯ના રોજ મળેલી ૩૨મી સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદના ડૉ. એ. જે. પરીખને ૧૯૬૭-૬૮ના વર્ષમાં Studies of Post-operative adhesions ઉપર સંશોધન માટે મંજૂર કરવામાં આવેલ રૂ. ૫૦૦ના સંદર્ભમાં તેમને ચૂકવવામાં આવેલ પ્રથમ હપ્તાની રકમ રૂ. ૨૫૦ તેઓ સંશોધનકાર્ય હાથ પર લઈ શકયા નહીં હોવાથી તા. ૯-૧-૧૯૭૦ના રોજ યુનિવર્સિટી કાર્યાલયને પરત કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર બાબતની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈના આચાર્યશ્રી જે. ડી. તલાટીને ૧૯૬૭-૬૮ના વર્ષમાં Corrosion of Metals એ વિષય પર રૂ. ૧૫૦૦ની સંશોધનગ્રાન્ટ આપવામાં આવેલી તેના સંદર્ભમાં સંશોધનકાર્યને ઇન્ડિયન જર્નલ ઑફ ટેકનોલોજીના તા. ૭-૨-૧૯૬૯ના વોલ્યૂમ ૭માં છપાયાની બે રિપ્રિન્ટ મોકલાવ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. એન. એચ. એલ. મ્યુ. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડૉ. આર. સી. મંકોડીને ૧૯૬૬-૬૭ના વર્ષમાં A study of various factors affecting carrier rate of Candida albicans એ વિષય પર રૂ. ૨૫૦ના સંશોધનગ્રાન્ટ આપવામાં આવેલી તેના સંદર્ભમાં સંશોધન-કાર્યને 'ઇન્ડિયન પ્રેક્ટિશનર'ના ડિસેંબર ૧૯૬૯ના અંકમાં છપાયાની બે રિપ્રિન્ટ મોકલાવ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતની નોંધ લેવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. ગુજરાત યુનિવર્સિટીની વર્ષ ૧૯૭૦-૭૧ની સંશોધનગ્રાન્ટ મેળવવા માટે યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના શિક્ષકો તરફથી આવેલ અરજીઓ ઉપર વિચારણા કરવા બાબત.

સને ૧૯૭૦-૭૧ના વર્ષ દરમિયાન સંશોધનગ્રાન્ટ મેળવવા માટે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો/માન્ય સંસ્થાઓ યુનિવર્સિટી ભવનોના શિક્ષકો તરફથી આવેલી અરજીઓ પર વિચારણા કરવામાં આવી અને સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું :

(૧) નીચે જણાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલી રકમ સંશોધનકાર્ય માટે સંશોધન-ગ્રાન્ટના નિયમો પૈકીના નિયમ ૪ અનુસાર તેઓ તેમનું સંશોધનકાર્ય નિયત સમયમર્યાદામાં પૂરું કરી સન્માન્ય સામયિકમાં છપાવશે તે શરતે મંજૂર કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	મંજૂર થયેલી રકમ
૧.	શ્રી. જે. ડી. તલાટી, આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પિલવાઈ	Chemistry — "Corrosion of Zinc"	રૂ. ૧,૫૦૦
૨.	શ્રી. જી. સી. અમીન, પી. બી. સાયન્સ કૉલેજ, કપડવંજ	Chemistry—"Synthetic Compounds of related to warfarin"	રૂ. ૫,૦૦૦

[**નોંધ.**—(૧) મજકૂર સંશોધન ગ્રાન્ટનો રકમમાંથી જે સાધનો ખરીદવામાં આવે તેમાં કૉલેજોની પ્રયોગશાળાઓમાં સામાન્યતઃ જે સાધનો વસાવવાં જરૂરી હોય છે તેનો સમાવેશ કરી શકાશે નહિ અને તેની ચકાસણી માટે તેમના સંશોધનકાર્યને માટે કયાં સાધનો વસાવવામાં આવશે તેની યાદી શ્રી. અમીન પાસેથી મંગાવવી, તથા

(૨) શ્રી. અમીન પોતાનું સંશોધનકાર્ય કઈ કૉલેજની પ્રયોગશાળામાં કરશે તથા કયા કયા દિવસે તે સંશોધનકાર્ય કરશે તેની માહિતી પણ મગાવવી.]

૩.	શ્રી. એમ. એમ. પટેલ, સાયન્સ કૉલેજ, માણસા	Botany — "Development of Physiology of the Mesocotye as an aid in Agriculture"	રૂ. ૧,૫૦૦

(**નોંધ.**—વર્ષ ૧૯૬૯-૭૦ દરમ્યાન આપવામાં આવેલી યુનિવર્સિટી સંશોધનગ્રાન્ટ અંગેનું કાર્ય પૂરું થયેથી આ નવી ગ્રાન્ટ આપવાનું રાખવું.)

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	મંજૂર થયેલ રકમ
૪.	શ્રી. ખી. એમ. દેસાઈ, એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯	Chemistry — "A New Analytical Re-agents"	રૂ. ૧,૦૦૦
૫.	શ્રી. ડી. વી. યોગી, સાયન્સ કૉલેજ, કડી	Chemistry — "A contribution to the Flora of Ambaji (N.G.)"	રૂ. ૯૦૦

(**નોંધ.**— તેમને યુ.જી.સી. તરફથી જે પ્રોજેક્ટ માટે ગ્રાન્ટ મળી છે તે પ્રોજેક્ટ પૂરો થયા પછી આ ગ્રાન્ટ આપવાનું રાખવું.)

૬.	શ્રી. કે. જી. કાંટાવાળા, સી. ખી. પટેલ આર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ, નડિયાદ	"Santram Religion a comparative study of Political works of Santram Maharaj in the light of Akha's Literary & Philosophical Traditions in Gujarati"	રૂ. ૬૦૦ ટાઈપિંગના ખર્ચના સમાવેશ સહિત

(**નોંધ.** — ઉપરની સંશોધન-યોજનામાં સંતરામનાં પદો, કાગળો, ભાષણો સહિત એડિટેડ વર્કનો સમાવેશ થાય.)

૭.	શ્રી. કે. વી. શેઠ	"Study of occupational choices of pupils of Std. XI in relation to their academic achievement & Economic Status"	રૂ. ૯૦૦
	અને	and	
	શ્રી. જે. ખી. વાળંદ	"To examine relationship between scholastic achievement in mothertongue & in higher Mathematics & Physics–Chemistry in Std. XI th of selected schools of Sabarkantha"	રૂ. ૯૦૦
	અને	and	
	શ્રી. જી. જી. ચૌધરી, ખી. ડી. શાહ કૉલેજ ઑફ્ એજ્યુકેશન, મોડાસા	"To Examine the relationship between I. Q & Scholastic achievement in higher	રૂ. ૧,૨૦૦

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	મંજૂર થયેલ રકમ
		Mathematics & Physics / Chemistry of the student of the S.S.C. class of the Secondary School of Sabarkantha"	

(**નોંધ.**—ઉપરના ત્રણેય શિક્ષકોએ પોતે યોજવા ધારેલું કાર્ય એકબીજાના વિષયને પૂરક હોવાથી તે ત્રણેય શિક્ષકોએ ભેગા મળી પોતાનું કામ સંયોજિત રીતે કરવા તેમને આચાર્યશ્રીને જણાવવું).

૧૦.	શ્રી. સી. કે. અકુંવાલા, બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત	"A study of General errors in English committed by students of Std. VIII, IX & X"	૩. ૫૦૦
૧૧.	શ્રી. એમ. એમ. શાહ, શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત	"A study of the relation between pupils intellegence & their achievement in Science in Secondary Schools of Cambay"	૩. ૪૦૦
૧૨.	શ્રી. વી. સી. પરીખ અને શ્રી. કે. જી. મુન્શી, સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	"Critical study of the cooperative credit movement in Gujarat with special reference to Ahmedabad Dist., Socio-Economic Survey Project"	૩. ૨,૦૦૦
૧૩.	ડૉ. એ. જી. અમીન, શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ-૬	"Dermatophytosis culture identify & preserve the different species of causative fungi"	૩. ૪૦૦
૧૪.	શ્રી. એચ. કે. સુથાર, સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	"A hists-chemical study of the metabolitics during the legitative and reproductive differentiation in some fresh plants"	તેમને યુનિ. ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળેલી ગ્રાન્ટ કચારે અને કયા કામ માટે મળી છે તેની ડૉ. જે. જે. ચિનોયને મળી સ્પષ્ટતા કરવા અને ડૉ. ચિનોયની ભલામણ પ્રમાણે ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

(૨) યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોના શિક્ષકોની સંશોધન-પ્રવૃત્તિ માટે ભવનવાર ફાળવેલ રકમમાંથી નીચેના શિક્ષકોને તેમના વિષયમાં સંશોધન કરવા માટે તેમનાં નામ સામે જણાવેલી રકમ ફાળવવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	ફાળવેલ રકમ
૧.	શ્રી. સી. કે. શાહ, બૉટેની ડિપાર્ટમેન્ટ, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯	Botany — "The Sedges of Western cost of India-I–Gujarat to Goa"	રૂ. ૩,૦૦૦ પુસ્તકો રૂ. ૫૦૦ ફોટો કોપીઝ કેમિકલ્સ રૂ. ૫૦૦ સાધનો રૂ. ૫૦૦ ફિલ્ડ વર્ક માર્ગદર્શનના (ખર્ચ સાટે) રૂ. ૧,૫૦૦ કુલ...રૂ. ૩,૦૦૦
૨.	ડૉ. એ. એમ. ત્રિવેદી, કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	Chemistry — "Studies in Physics Chemical aspects of Potential inhibitors for corrosion"	રૂ. ૨,૦૦૦ કેમિકલ્સ માટે
૩.	ડૉ. એમ. એન. દેસાઈ, કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ	Chemistry — "Studies in corrosion and its prevention"	રૂ. ૫,૦૦૦ કેમિકલ્સ અને મેટલ એલાઈડ માટે કેમિકલ્સ રૂ. ૪,૦૦૦ મેટલ એલોઈઝ રૂ. ૧,૦૦૦ કુલ...રૂ. ૫,૦૦૦
૪.	ડૉ. કે. પી. સોની, કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯	Chemistry — "Studies in coordination compounds"	રૂ. ૨,૦૦૦ કેમિકલ્સ માટે
૫.	ડૉ. જે. સી. વોરા, કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯	Chemistry — "Studies in corrosion inhibition of metals & alloys in various media"	રૂ. ૨,૦૦૦
૬.	ડૉ. આઈ. જી. વશી, કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ-૯	Chemistry — "Synthetics of optically active alippatic territory alcohols from (+)-3-methyl nonanane-5"	રૂ. ૨,૦૦૦ કેમિકલ્સ માટે

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય	ફાળવેલ રકમ
૭.	ડૉ. આઈ. એમ. ભટ્ટ, કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, યુનિ. વિજ્ઞાન વિદ્યા- ભવન, અમદાવાદ	Chemistry — " Studies in co-ordina- tion compounds "	૩. ૨,૦૦૦ કેમિકલ્સ માટે
૮.	કુ. ડૉ. એમ. એચ. ગાંધી, કેમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ, યુનિ. વિજ્ઞાન વિદ્યા- ભવન, અમદાવાદ	Chemistry — " Irrestigation on new analytical re-agents "	૩. ૨,૦૦૦ કેમિકલ્સ ૩. ૧,૫૦૦ રિપ્રિન્ટ ૩. ૫૦૦ કુલ...૩. ૨,૦૦૦
૯.	ડૉ. બી. એસ. વૈદ્ય, બોટેની ડિપાર્ટમેન્ટ, યુનિ. વિજ્ઞાન વિદ્યાભવન, અમદાવાદ.	Botany — " Ascorbic acid exudation by blue green algae "	૩. ૧,૫૦૦ સાધનો ૩. ૫૦૦ કેમિકલ્સ ૩. ૫૦૦ ટી. એલ. સી. મટીરિયલ્સ ૩. ૫૦૦ કુલ...૩. ૧,૫૦૦

(૩) નીચેના શિક્ષકોની સંશોધનગ્રાન્ટ માટેની માગણી નામંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	શિક્ષકનું નામ	સંશોધનનો વિષય
૧	શ્રી. ડી. એમ. માસ્તર, સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ	"ધંધાદારી ગુજરાતી રંગભૂમિનાં ગીતો, સંશોધનનું સંકલન, વર્ગીકરણ, તક્ષણ, નિરૂપણ"
૨.	શ્રી. એમ. જે. પટેલ, સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	"A study of Kinder-Garten institu- tions of Ahmedabad City"
૩.	શ્રી. રમેશચંદ્ર ગુપ્તા, આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઊંઝા	" Yashpal-Katha Sahitya-Dristi Kathya, Rupa or Slip"
૪.	કુ. એમ. સી. ભટ્ટ, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ-૯	"Fracterical composition of Wechsler Intellegence scale for children at various Agelerels from 5 to 15 & its interpretations in the light of S. I. Model."
૫.	ડૉ. એસ. આર. દેસાઈ, નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	"A comparative study of the Social contact of Hindi (Film 1940-45 & 1965-70)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પરિશિષ્ટ "છ"
ઠરાવઠરાવ ક્રમાંક ૭૭

O. 120-C :

An Institution, other than a college applying for recognition as an institution of research or specialised studies shall satisfy the Syndicate in the first instance regarding the following requirements :

(1) That it has on its roll the following minimum staff in the subject :

(*i*) One scholar having adequate qualifications to guide Ph.D. students in the subject;

(*ii*) Two scholars having adequate qualifications for recognition as full-fledged post-graduate teachers, or one full-fledged post-graduate teacher plus two post-graduate assistants;

(*iii*) Adequate number of research assistants.

(2) That it has a well equipped library with an adequate number of books, periodicals, old numbers of periodicals, manuscripts, if necessary, etc., in the subject.

(3) That in the case of experimental subjects it has adequate Laboratory and/or Museum facilities for post-graduate teaching and research.

(4) That it has adequate quantum of published work through the research activities of its staff in the forms of research papers, articles, reports, etc.

All applications for recognition, extensions of recognition or continuation of recognition of an Institution, shall be sent to the Registrar in the form prescribed by the Syndicate so as to reach him on or before the first of August of the year preceding the year from which recognition is intended to take effect.

Every application for recognition shall be accompanied with a deposit of Rs. 1,000/- provided, however, that application for continuation or extension or recognition shall be only Rs. 200/-. This deposit will be returned after the application is finally disposed of, but will be forfeited in case the application is withdrawn or the recognition asked for is not accepted. No request for postponement of consideration of the application for recognition, renewal of recognition or extension of recognition, as the case may be, shall entertained.

The Syndicate may, however, consider any application received after the aforesaid date for reasons deemed sufficient by it.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

ગુ. યુ. પ્રેસ ૭૨૪-૪૫૦-૯-૭૦ સિન્ડિકેટ (સપ્ટેંબર) : તા. ૬-૯-૧૯૭૦

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સપ્ટેંબર માસની સભા રવિવાર, તા. ૬-૯-૧૯૭૦ના રોજ બપોરે ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૬-૯-૧૯૭૦
૧.	શ્રી. ઉમાશંકર જોષી, કુલપતિ	હાજર
૨.	શ્રી. ઇન્દ્રવદન ઉમિયાશંકર વસાવડા, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	હાજર
૩.	આચાર્ય કે. એમ. તલાટી	હાજર
૪.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૫.	શ્રી. હાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૦.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	ગેરહાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

કુલપતિ શ્રી. ઉમાશંકર જોષીની ગેરહાજરીમાં સભાનું પ્રમુખસ્થાન શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈએ લીધું.

૧. સિન્ડિકેટની તા. ૮/૯-૮-૧૯૭૦ની સભાની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૮/૯-૮-૧૯૭૦ના રોજ મળેલી સભાની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી :

(૧) બાબત નં. ૧૮ ઉપરનો ઠરાવ નં. ૨ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"આથી ઠરાવવામાં આવે છે કે—

(૨) પ્રાથમિક-પરીક્ષકોની નિમણૂકના સંદર્ભમાં સગાંસંબંધી(relations)ની વ્યાખ્યા નીચે મુજબ વંચાય તે રીતે સુધારવી :

Relative includes 'wife, husband, son, daughter, grand-son, grand-daughter, brother, sister, nephew, niece, uncle, aunt, first-cousin, son-in-law, daughter-in-law, brother-in-law and sister-in-law'.

'Step relations, if any, in the above categories shall also be included as relations for the purposes of this definition.'

(૧) (ક) બાબત ક્રમાંક ૪૯ (૬) ના ઠરાવની કંડિકા ક્રમાંક (૧) માં '૩. ૧,૦૦૦/–' છપાયું છે ત્યાં '૩. ૬૧,૦૦૦/–' વંચાય તે રીતે છાપભૂલ સુધારવી.

(૨) (ખ) બાબત ક્રમાંક ૪૯ (૧૨) ના ઠરાવના છેવટના ભાગે નીચેના શબ્દો ઉમેરવા :

'દરમિયાન સદરહુ કૉલેજને ન્યેડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.'

૧-અ. નીચે મુજબના બે ઠરાવો સભાગૃહે ઊભા થઈને અને બે મિનિટ મૌન પાળીને એક પછી એક પસાર કર્યા :

(૧) ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની આ સભા ગુજરાત યુનિવર્સિટીની સેનેટના તથા સિન્ડિકેટના ભૂતપૂર્વ સભ્ય અને જાણીતા લેખક અને નાટ્યવિદ શ્રી. જયંતીભાઈ ઘેલાભાઈ દલાલના દુઃખદ અવસાનથી ઊંડા શોક અને આઘાતની લાગણી અનુભવે છે, અને સાહિત્ય, શિક્ષણ અને સંસ્કારનાં ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલ સેવાઓને કૃતજ્ઞભાવે અંજલિ આપે છે, અને આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને સત્તા આપે છે.

(૨) ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની આ સભા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ, સમર્થ કેળવણીકાર અને આ યુનિવર્સિટીની સેનેટના સભ્ય તથા ઍકેડેમિક કાઉન્સિલના ભૂતપૂર્વ સભ્ય શ્રી. ડોલરરાય ર. માંકડના દુઃખદ અવસાનથી ઊંડા ખેદ અને શોકની લાગણી અનુભવે છે અને શિક્ષણ, સાહિત્ય અને સંસ્કારનાં વિવિધ ક્ષેત્રોમાં સદ્‌ગતે બજાવેલી સેવાઓને કૃતજ્ઞભાવે અંજલિ આપે છે, અને આ ઠરાવની નકલ સદ્‌ગતનાં કુટુંબીજનોને મોકલી આપવા માટે પ્રમુખશ્રીને સત્તા આપે છે.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) જૂન ૧૯૭૦થી નીચે જણાવેલ કૉલેજોને જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતોનું પાલન થયું હોઈ રાજ્ય સરકારને જાહેરનામા માટે ભલામણ કર્યાના :

કૉલેજનું નામ

૧. ગુજરાત લૉ સોસાયટી આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૩. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૫. નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૬. અમદાવાદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૭. જી. એલ. એસ. આર્ટ્સ કૉલેજ ફૉર ગર્લ્સ, અમદાવાદ
૮. વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ
૯. એમ. એન. કૉલેજ, વીસનગર
૧૦. ચૂનીભાઈ નાગજીભાઈ પટેલ ફરતી ફૂઈવાળા આર્ટ્સ ઍન્ડ ડભોઈ નગરપાલિકા સાયન્સ કૉલેજ, ડભોઈ
૧૧. કલોલ મ્યુનિસિપલ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, કલોલ
૧૨. તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુર
૧૩. શ્રી નટવરસિંહજી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર
૧૪. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભાદરણ
૧૫. શ્રી. એસ. કે. ઍન્ડ શ્રીકૃષ્ણ એ. એમ. આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી. એચ. એસ. શાહ કૉલેજ ઑફ કૉમર્સ, મોડાસા
૧૬. શ્રીમતી એચ. સી. પટેલ (કંડારી) આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કરજણ
૧૭. પટેલ ઝેડ. બી. રૂદેલવાલા આર્ટ્સ ઍન્ડ પટેલ એ. એમ. રૂદેલવાલા કૉમર્સ કૉલેજ, બોરસદ
૧૮. શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ, અમદાવાદ
૧૯. શ્રી. એસ. એસ. મહેતા આર્ટ્સ કૉલેજ ઍન્ડ શ્રી. એમ. એમ. કૉમર્સ કૉલેજ, હિમતનગર
૨૦. શ્રી સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

કૉલેજનું નામ

૨૧. શ્રી ગોસ્વામી એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ એન્ડ એમ. બી. કૉમર્સ કૉલેજ, દહેગામ
૨૨. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, મહુધા
૨૩. ચંદનબહેન એન્ડ સોમાલાલ એચ. દેસાઈ આર્ટ્સ એન્ડ શ્રીમતી લીલાવતી કીર્તનલાલ લાલચંદ દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર
૨૪. શ્રીમતી બી. સી. જે. કૉલેજ ઑફ એજ્યુકેશન, ખંભાત
૨૫. કૉલેજ ઑફ એજ્યુકેશન, પાટણ
૨૬. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૨૭. એમ. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદ
૨૮. એલ. એચ. સાયન્સ કૉલેજ, માણસા
૨૯. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ
૩૦. શેઠ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ
૩૧. કૉમર્સ કૉલેજ, ડભોઈ
૩૨. બ્રહ્મચારી વાડી કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૩. અમદાવાદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૪. વિવેકાનંદ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ
૩૫. એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૬. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદ
૩૭. મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળ કૉમર્સ એન્ડ લૉ કૉલેજ, વીસનગર
૩૮. વિવેકાનંદ કૉલેજ ઑફ લૉ એન્ડ એજ્યુકેશન, મહેસાણા
૩૯. શેઠ ત્રિજ્લાલ સેવકરામ લૉ કૉલેજ, ઊંઝા
૪૦. આર્ટ્સ કૉલેજ, સંખેડા
૪૧. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ કૉલેજ, બોરસદ
૪૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪૩. શાહ કે. એસ. આર્ટ્સ એન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ
૪૪. લુણાવાડા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, લુણાવાડા
૪૫. સૂરજી વલ્લભદાસ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, માંડવી
૪૬. સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ-૫
૪૭. પ્રભુદાસ કક્કર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ;

(૨) શ્રી. પ્રકાશચંદ્ર ગુલાબચંદ શાહ, એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાની બી.ઈ. ૧ની પરીક્ષા માર્ચ ૧૯૬૮માં ઉત્તીર્ણ કર્યાના આધારે વિજ્ઞાન વિદ્યાશાખાની કૉલેજમાં સેકન્ડ બી.એસસી.ના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણ્યાના;

(નોંધ.—રે. ૭ મુજબ એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાની બી.ઈ. ૧ પરીક્ષાને આપણે માન્ય કરેલ છે.)

(૩) વિજ્ઞાન વિદ્યાભવનમાં વધારાના સાંજના વર્ગો માટે નીચે મુજબ મંજૂરી આપ્યાના :

૧. વધારાના માન્ય અનુસ્નાતક શિક્ષકોના મહેનતાણાના :

રસાયણવિજ્ઞાન વિભાગ	...	રૂ. ૨,૫૦૦-૦૦
ભૌતિકવિજ્ઞાન વિભાગ	...	રૂ. ૨,૦૦૦-૦૦
પ્રાણીવિજ્ઞાન વિભાગ	...	રૂ. ૨,૫૦૦-૦૦
વનસ્પતિવિજ્ઞાન વિભાગ	...	રૂ. ૨,૫૦૦-૦૦
		રૂ. ૯,૫૦૦-૦૦

૨. દરેક બેચ દીઠ એક પાર્ટ-ટાઇમ ડેમોન્સ્ટ્રેટર—હંગામી ધોરણે સંશોધન વિદ્યાર્થીઓને સત્ર દીઠ રૂ. ૨૪૦-૦૦ના મહેનતાણા સાથે રાખવા અંગે;

૩. રસાયણવિજ્ઞાન વિભાગ, ભૌતિકવિજ્ઞાન વિભાગ, પ્રાણીવિજ્ઞાન વિભાગ, વનસ્પતિવિજ્ઞાન વિભાગ એમ દરેક વિભાગ દીઠ એક લેબોરેટરી આસિસ્ટન્ટની જગ્યા રૂ. ૭ના દૈનિક પગારથી કામચલાઉ (ad-hoc) ધોરણે તા. ૧૫-૬-૧૯૭૧ સુધીના સમય માટે;

૪. દરેક બેચ દીઠ ૧ (એક) પટાવાળાની જગ્યા રૂ. ૩-૫૦ના દૈનિક પગારથી કામચલાઉ (ad-hoc) ધોરણે તા. ૧૫-૩-૧૯૭૧ સુધી;

૫. ઉપર જણાવેલ ચારેય વિભાગો માટે કુલ બે વધારાના સફાઈ કામદારની જગ્યા રૂ. ૩-૫૦ના દૈનિક પગારથી કામચલાઉ (ad-hoc) ધોરણે તા. ૧૫-૩-૧૯૭૧ સુધી.

(૪) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકારીને જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
૧.	શ્રી. એ. પી. દેસાઈ	વિજ્ઞાન-રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. જે. આર. સંઘવી	વિજ્ઞાન-રસાયણવિજ્ઞાન	,,
૩.	શ્રી. આઈ. એમ. ભટ્ટ	વિનયન-ગુજરાતી	,,
૪.	શ્રી. એસ. એફ. મિયાંજીવાલા	વિજ્ઞાન-રસાયણવિજ્ઞાન	,,

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

તે પછી સભાગૃહની સંમતિથી ડૉ. અશ્વિનભાઈ ત્રિવેદીએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

૨-અ. ચાલુ વર્ષે વિજ્ઞાન વિદ્યાભવનના સાંજના વર્ગોમાં નીચેના પાંચ વિદ્યાર્થીઓ કે જેઓ સંલગ્ન કૉલેજોમાં ડેમોન્સ્ટ્રેટરો તરીકે કામ કરે છે તેમને વિદ્યાભવનની ભૂલથી બી.એસસી.માં પાસ વર્ગમાં ઉત્તીર્ણ થયેલા હોવા છતાં બી.એસસી.ના ગૌણ વિષયમાં એમ.એસસી.માં પ્રવેશ આપવામાં આવ્યો છે તેને ગ્રાહ્ય રાખવા બાબત :

૧. શ્રી. સી. પી. કૉન્ટ્રાક્ટર
૨. શ્રી. જે. જી. ક્રિશ્ચિયન
૩. કુ. આર. એન. મહેતા
૪. શ્રી. આર. કે. રામી
૫. કુ. યુ. સી. શાહ.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પાંચે વિદ્યાર્થીઓનો એમ.એસસી.નો પ્રવેશ અપવાદ તરીકે ગ્રાહ્ય રાખવો, પણ આ બાબતને ભવિષ્યમાં શિરસ્તારૂપ ગણવી નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આવી ભૂલ ફરી થવા પામે નહિ તે અંગે વિજ્ઞાન વિદ્યાભવનના સંબંધકર્તા વિભાગોએ પૂરી કાળજી ને ચીવટ રાખવી.

૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી નીચે જણાવેલ સેમિનારો માટે ગ્રાન્ટ્સ મંજૂર કરી તેની નોંધ લેવા બાબત:

નં.	યુ.જી.સી. પત્ર નંબર અને તારીખ	મંજૂર કરેલી ગ્રાન્ટ્સની રકમ	સેમિનારનું નામ
1.	No. F. 3-9/70 (SI), dated 3-8-70	Rs. 3,300/-	Basic Mathematics of Quantum Chemistry seminar at Bhavan's College, Dakor
2.	No. F. 3-9/70 (SI), dated 3-8-70	Rs. 2,350/-	Orientation of Teachers-Curriculum in Biology for Pre-Uni. Science.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. સને ૧૯૬૭-૬૮થી શરૂ થતા ત્રિવાર્ષિક ગાળા માટે આ યુનિવર્સિટીને વાર્ષિક ગ્રાન્ટ રૂ. ૩,૫૭,૦૦૦ ગુજરાત રાજ્ય સરકાર તરફથી મંજૂર કર્યા બાબતના તેમના તા. ૨૪-૭-૧૯૭૦ના પત્રાંક યુ.એસ.જી. ૧૨૭૦-ખ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરી Maintenance Grant અંગેનો યુનિવર્સિટીનો કેસ તૈયાર કરીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ રચવી:

(૧) આચાર્ય એમ. સી. શાહ
(૨) શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી
(૩) ડૉ. અશ્વિનભાઈ એમ. ત્રિવેદી
(૪) પ્રો. મણિશંકર પી. પંડ્યા
(૫) શ્રી. ઇન્દ્રવદનભાઈ એ. મોદી
(૬) આચાર્ય વિશ્વનાથ આર. રણદીવે
(૭) શ્રી. ભૂપેન્દ્રભાઈ એમ. પટેલ.

૫. "ઇન્ટર યુનિવર્સિટી કાઉન્સિલ ઑફ કૉમર્સ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ"નું વાર્ષિક અધિવેશન અલ્હાબાદ યુનિવર્સિટીના ઉપક્રમે અલ્હાબાદ મુકામે ઑક્ટોબર ૧૫, ૧૯૭૦ના રોજ યોજાનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા તથા કાઉન્સિલના સંસ્થાકીય સભ્ય બનવા અંગે વિનંતી કરતા મજકૂર કાઉન્સિલના પ્રમુખશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) પ્રતિનિધિ તરીકે વાણિજ્યના અનુસ્નાતક વિદ્યાશાખાના અધ્યક્ષને અથવા વાણિજ્ય વિદ્યાશાખાના અધ્યક્ષને મોકલવા જણાવ્યું છે.

(૨) સંસ્થાકીય સભ્ય થવા માટેની પ્રવેશ ફી રૂ. ૨૫૦-૦૦ છે; વાર્ષિક ફી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાઉન્સિલના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાતી નથી.

૬. "ઍનેટોમિકલ સોસાયટી ઑફ ઇન્ડિયા"નું ૧૯મું વાર્ષિક અધિવેશન એમ. એલ. એન. મેડિકલ કૉલેજ, અલ્હાબાદ મુકામે ડિસેંબર ૧૯૭૦ના છેલ્લા સપ્તાહ દરમિયાન યોજાનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા અંગે મજકૂર સોસાયટીના સામાન્ય મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. મિશ્રને અને જો તેઓ જઈ શકે તેમ ન હોય તો ડૉ. મહેરાને મોકલવા.

૭. "લિંગ્વિસ્ટિક સોસાયટી ઑફ ઇન્ડિયા"ના ઉપક્રમે ધી ઑલ-ઇન્ડિયા કૉન્ફરન્સ ઑફ લિંગ્વિસ્ટિક"નું પ્રથમ અધિવેશન પૂના મુકામે ડિસેંબર ૧૯૭૦ના સમય દરમિયાન યોજાનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. યોગેન્દ્ર વ્યાસને મોકલવા.

૮. પૂના યુનિવર્સિટીના ઉપક્રમે પૂના મુકામે "ઇન્ડિયન ફિલોસોફિકલ કૉંગ્રેસ"નું ૪૪મું સત્ર નવેંબર ૫થી ૮, ૧૯૭૦ના સમય દરમિયાન યોજાનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. જે. જે. શુકલને મોકલવા.

૯. "Indian University Association for continuing Education", ન્યૂ દિલ્હી તરફથી "Continuing Education and Universities in Asia and South Pacific Region" વિષય પર મદ્રાસ મુકામે એક પરિષદ ડિસેંબર ૨૩થી ૨૭, ૧૯૭૦ના સમય દરમિયાન યોજાનાર છે. તેમાં યુનિવર્સિટીના કુલપતિશ્રી અને ઓછામાં ઓછા એક શિક્ષકને પ્રતિનિધિ તરીકે મોકલવા અંગે આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઍસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. મણિશંકર પંડ્યાને મોકલવા.

૧૦. "Institute of Historical Studies"નું ૮મું વાર્ષિક અધિવેશન જોધપુર યુનિવર્સિટીના ઉપક્રમે જોધપુર મુકામે ઑક્ટોબર ૨૦થી ૨૩, ૧૯૭૦ના સમય દરમિયાન યોજાનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા અંગે મજકૂર ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઇન્સ્ટિટ્યૂટના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. આર. એલ. રાવળને મોકલવા.

૧૧. જ્ઞાનવિજ્ઞાનના વિભિન્ન ક્ષેત્રે ગુજરાતભરમાં યુનિવર્સિટી કક્ષાએ સંશોધન-પ્રકાશન ઉત્તેજન પામે તે હેતુસર શ્રી. હરિ:ઓમ આશ્રમ, નડિયાદ તરફથી "હરિ:ઓમ આશ્રમ પ્રેરિત આંતર-યુનિવર્સિટી ભાઈકાકા સ્મારક ટ્રસ્ટ" રચવામાં આવેલું અને સરદાર પટેલ યુનિવર્સિટીને તેની વ્યવસ્થા સોંપી છે. તે હેતુને અનુલક્ષીને સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિશ્રીના અધ્યક્ષપદે એક કમિટી રચવામાં આવનાર હોવાથી તે પર આ યુનિવર્સિટીના એક પ્રતિનિધિને નીમવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રીને નીમવા.

૧૨. સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ઇકોનોમિક એન્ડ સોશિયલ રિસર્ચ, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી પીએચ.ડી.માં અર્થશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા પ્રથમ માન્યતા મેળવવા આવેલ જોડાણઅરજી પર સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) શ્રી. સી. એન. વકીલ
(૨) પ્રો. એમ. એલ. દાંતવાલા.

૧૩. એસ.એસ.સી.માં અંગ્રેજી વિના પાસ થયેલા વિદ્યાર્થીઓને વિનયન વિદ્યાશાખામાં પ્રવેશ આપવા અંગે સ્ટે. ૧૭૩માં ચોક્કસ શા સુધારા કરવા જોઈએ તેની વિગતો સાથે ભલામણો કરવા સિન્ડિકેટે તેની તા. ૭-૧૨-૧૯૬૯ની સભામાં જણાવેલ. તેના અનુસંધાનમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ની સભાએ સ્ટે. ૧૭૩ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા કરેલી ભલામણ પર વિચારણા કરવા બાબત :

(1) "A candidate who having appeared at the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State with English as one of his subjects passes that examination with at least seven subjects or an examination considered equivalent thereto shall be considered eligible for admission to the Pre-University Class in the Faculty of Arts or the First Year Diploma Classes in Fine Arts, on the following conditions :

(*a*) He shall be required to appear and pass in the subject of English at the S.S.C. Examination or an Examination considered equivalent thereto, if

he had not passed in English at the S.S.C. Examination before he was admitted to the Pre-University Class or the First Year Diploma Class in Fine Arts, as the case may be, under substantive provisions mentioned in the No. (1) above; and

(*b*) He shall not be declared to have passed the Pre-University Arts Examination or the First Year Diploma Examination, as the case may be, unless and until he has passed in English at the S.S.C. Examination or an examination considered equivalent thereto;

Provided always that a candidate who has not offered Algebra and Geometry at the S.S.C. Examination or an examination considered equivalent thereto shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University Class in the Faculty of Commerce, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which English at higher or lower level shall be one, or an examination considered equivalent thereto.

(3) For admission to the Pre-University Science Class, and the First Year Diploma in Pharmacy, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which —

(*i*) English (at higher or lower level);

(*ii*) Algebra-Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science

shall be three of them;

or

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with —

(*i*) English (at higher or lower level);

(*ii*) Algebra-Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science

as his subjects.

(4) For admission to Pre-University Science (Agri.) Classes, a candidate must have passed —

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which —

(*i*) English (at higher or lower level);

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science

shall be three of them.

or

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with —

(*i*) English (at higher or lower level);

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry, and

(*iii*) Physics-Chemistry or General Science

as his subjects.

(5) Admissions of students for the academic year 1971-72 and subsequent years shall be governed by this Statute."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૭૩ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા સેનેટને ભલામણ કરવી.

૧૪. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૩૪ સાથે બાબત નં. ૧૦૧ની વિચારણા પૂરી થયા પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૧૫. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદમાં સ્થાપવામાં આવેલા ડિપ્લોમા ઇન ઓપ્થેલ્મોલોજી તથા એમ.એસ. બ્રાન્ચ-૪ ઓપ્થેલ્મોલોજીના અનુસ્નાતક કેન્દ્રમાં ડો. મદનમોહન પરીખ જેઓ તે વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે તેમ છતાં તેમ જ કુલપતિશ્રીનો આદેશ હોવા છતાં અનુસ્નાતક વ્યાખ્યાનોનું કામ પ્રોફેસર ઇન ચાર્જ તરીકે સોંપવામાં આવ્યું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડો. મદનમોહન પરીખને ચાલુ સત્રથી ડિપ્લોમા ઇન ઓપ્થેલ્મોલોજી તથા એમ.એસ. બ્રાન્ચ ૪(ઓપ્થેલ્મોલોજી)નું શિક્ષણકાર્ય સોંપવા માટે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઇન ચાર્જને આદેશ આપવો અને પંદર દિવસમાં તેના અમલની જાણ કરવા માટે તેમને જણાવવું.

૧૬. સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં એકાઉન્ટન્સી વિષયના શિક્ષણકાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક કર્યા સિવાય ૧૯૬૯-૭૦ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન શૈક્ષણિક કાર્ય ચલાવ્યું તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**— (૧) એકાઉન્ટન્સીના બંડ સમયના પ્રાધ્યાપક તરીકે શ્રી. એન. એમ. શાહની નિમણૂક કરવામાં આવી હતી.

(૨) શ્રી. એન. એમ. શાહ બી.કોમ. પાસ વર્ગ અને સી.એ.ની પદવી ધરાવે છે.

(૩) શ્રી. એન. એમ. શાહ એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા તરીકે બે વર્ષનો તથા પ્રાધ્યાપક તરીકે ત્રણ વર્ષનો અનુભવ ધરાવે છે, પરંતુ અગાઉ પ્રાધ્યાપક તરીકે લાયકાત ધરાવતા ન હતા છતાં પ્રાધ્યાપક તરીકે માન્ય થવા છે તે રીતનું વિધાન કર્યું છે.

(૪) શ્રી. એન. એમ. શાહને પ્રાધ્યાપક થવા માટે પાંચ વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો અનુભવ જોઈએ. પ્રાધ્યાપક માટે વ્યાખ્યાતા તરીકેનો ત્રણ વર્ષનો અનુભવ ખૂટે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજના આચાર્યને ઠપકો આપવો અને ભવિષ્યમાં આવું થવા ન પામે તે જોવા માટે જણાવવું.

૧૭. ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળ, અમદાવાદને માન્યતા આપવા અંગેના સદરહુ મંડળના મંત્રીશ્રીના તા. ૨૪-૬-૧૯૭૦ના પત્રાંક ૬૬૩ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૮. યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજે યુનિવર્સિટીની તબીબી તપાસ યોજના હેઠળ ૧૯૬૯-૭૦ના વર્ષ માટેની યુનિવર્સિટીને આપવાની થતી રકમ હજુ સુધી જમા કરાવી નથી તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— સિન્ડિકેટે તેની તા. ૧૧-૫-૧૯૬૯ની સભામાં સ્ટુડન્ટ્સ વેલ્ફેર બોર્ડની ભલામણ ઉપરથી મંજૂર કરેલ તબીબી તપાસ યોજના હેઠળ કૅમ્પસ પરના વિસ્તારની કૉલેજોએ વિદ્યાર્થી દીઠ સત્ર દીઠ રૂ. ૧ની રકમ એકઠી કરી જે તે કૉલેજે યુનિવર્સિટીમાં જમા કરાવવાની હોય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ડિરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશનનું ધ્યાન ખેંચવું અને એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજને યુનિવર્સિટીની તબીબી તપાસ યોજના હેઠળ ૧૯૬૯-૭૦ના વર્ષ માટેની યુનિવર્સિટીને આપવાની થતી રકમ ત્વરિત ભરપાઈ થાય તે માટે જરૂરી પગલાં લેવા માટે જણાવવું.

૧૯. કૉલેજોમાં અને યુનિવર્સિટીઓમાં શારીરિક શિક્ષણના ડિરેક્ટર તરીકે કામ કરનાર માટે ભારત સરકારના શિક્ષણ અને યુવક સેવા મંત્રાલય તરફથી શૈક્ષણિક લાયકાત અને તેને આનુષંગિક પગારધોરણો માટે સૂચનો કરતા તા. ૧૮-૧૧-૧૯૬૯ના આવેલ પત્રાંક એફ. ૧-૧૪-૬૭ વાય. એસ. ૪ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં વ્યાયામશિક્ષકોના પગારનું ધોરણ હાલ રૂ. ૧૮૦-૧૦-૩૦૦ છે તે સુધારીને રૂ. ૨૫૦-૧૫-૪૦૦નું કરવું અને આ સુધારેલા પગારધોરણનો અમલ તા. ૧-૪-૧૯૬૬થી કરવા માટે સંલગ્ન કૉલેજોને જણાવવું.

૨૦. સોનાના ભાવ વધ્યા હોવાથી એક સુવર્ણચંદ્રક એનાયત કરવા માટે દાનની ઓછામાં ઓછી રકમ સિન્ડિકેટની તા. ૪-૭-૧૯૫૯ની સભામાં થયેલ ઠરાવ અન્વયે રૂ. ૫,૦૦૦ નક્કી કરવામાં આવેલ છે તે વધારવાની જરૂર હોઈ તે અંગે પુનર્વિચારણા કરવા બાબત તથા તે અંગે સ્ટ. ૧૯૫ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

સ્ટે. ૧૯૫નો પાઠ નીચે મુજબ છે :

"St. 195 :

"All offers of bequests, donations and endowments the management whereof is to be vested in the University shall be accepted on condition that the annual realization therefrom shall be subject to a deduction of five per cent thereof and the amounts realized by such annual deduction shall be credited to the General Fund of the University at the commencement of every financial year.

The University shall not accept an endowment the benefits whereof are sought to be restricted to any caste, creed or community or the net annual income of which is less than Rs. 300/- in the case of Scholarship and Rs. 100/- in the case of a medal or prize."

આથી ઠરાવવામાં આવે છે કે હવે પછી ઇનામ કે સુવર્ણચંદ્રક એનાયત કરવા માટે દાનની ઓછામાં ઓછી રકમ રૂ. ૭,૫૦૦ની રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૧૯૫ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી :

"St. 195 :

All offers of bequests, donations and endowments the management where of is to be vested in the University shall be accepted on condition that the annual realization therefrom shall be subject to a deduction of 5 per cent thereof and amounts realized by such annual deduction shall be credited to the General Fund of the University at the commencement of every financial year.

The University shall not accept an endowment the benefits whereof are sought to be restricted to any caste, creed or community or the net annual income of which may be less than Rs. 350/-."

૨૧. આગામી પદવીદાન સમારંભમાં બૅચલર ઑફ સાયન્સ(નર્સિંગ)નાં પદવી પ્રમાણપત્રો એનાયત કરવા માટેનો પદવી પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પદવી પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૨૨. સિન્ડિકેટે તેની તા. ૨૪/૨૫-૨-૧૯૭૦ની સભામાં ઠરાવ્યા મુજબ યુનિવર્સિટીનું વિદ્યાર્થી માર્ગદર્શન કેન્દ્ર શરૂ કરવા માટે જરૂરી પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. સેનેટની તા. ૨૫/૨૬/૨૭-૩-૧૯૭૦ની વાર્ષિક સભામાં ચર્ચાવિચારણા દરમિયાન થયેલ જુદાં જુદાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. શ્રી. એ. એન. કેલાનાં પ્રથમ એલએલ.બી. તેમ જ બીજી એલએલ.બી.નાં સત્રો તથા પરિણામો તા. ૩૦/૩૧ મે ૧૯૬૯ના સિન્ડિકેટના ઠરાવથી રદ્દ કર્યાં હોઈ તેમને ૩જી ઑક્ટોબર ૧૯૬૩ના પદવીદાન સમારંભમાં અર્પણ કરેલ એલએલ.બી.ની પદવી પાછી ખેંચવા બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૫. બાંધકામસમિતિની તા. ૧૦-૮-૧૯૭૦ની ભલામણો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૦-૮-૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૦-૮-૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૬. એમ.ઈ.માં સેમેસ્ટર પદ્ધતિ દાખલ થયેલ હોઈ એમ.ઈ. સેમેસ્ટર પરીક્ષાઓ વર્ષમાં કેટલી વાર લેવી, ક્યારે શરૂ કરવી તેમ જ તેની ફી શું રાખવી તે નક્કી કરવા અને તે મુજબ ઑ. ૧૨૯ સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.ઈ.ની પરીક્ષા અંગે ઑ. ૧૨૯માં સુધારો કરવા માટેનું કાર્યાલયનું સૂચન મંજૂર કરવું અને તે મુજબ ઑ. ૧૨૯ સુધારીને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

તે પછી સભાગૃહની સંમતિથી **શ્રી. ઇન્દ્રવદનભાઈ મોદી**એ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો :

૨૬-એ. "બી.ઈ.-૩ની પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થી શ્રી. કમલ આણંદજીવાલા જે કેટલાક વિષયોમાં ઉત્તીર્ણ થયા છે તે વિષયો હવે સેમેસ્ટર-૫ હેઠળ આવરી લેવામાં આવેલા હોઈ તથા તે વિષયોની પરીક્ષામાં તેમને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બેસવાનું આવશ્યક રહેતું ન હોઈ તેમને સેમેસ્ટર-૫માં ઉત્તીર્ણ થયેલા ગણીને યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ સેમેસ્ટર-૭માં સત્રો ભરવાની પરવાનગી આપવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૭૦થી બી.ઈ.-૪નો અભ્યાસક્રમ સેમેસ્ટર ૭ અને ૮ના અભ્યાસક્રમમાં પરિવર્તન કરવામાં આવેલો હોઈ શ્રી. કમલ આણંદજીવાલાને સેમેસ્ટર ૭ માટે સત્રો ભરવાની પરવાનગી આપવી.

૨૭. તબીબી વિદ્યાશાખા અને દંત વિદ્યાશાખાની કૉલેજમાં પ્રવેશ ફી અંગેના પ્રશ્ન પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— સદરહુ કૉલેજોમાં રૂ. ૨૫ પ્રવેશ ફી તરીકે લેવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીએ પ્રવેશ ફી અંગેના જે નિયમો ઘડ્યા છે તે નિયમો તબીબી વિદ્યાશાખાની અને દંત વિદ્યાશાખાની કૉલેજોને લાગુ પાડવા.

૨૮. સુધારેલો રેગ્યુ. પ્રી-યુનિ. આર્ટ્સ ૪ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો રેગ્યુ. પ્રી-યુનિ. આર્ટ્સ ૪ મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા રેગ્યુ. પ્રી-યુનિ. આર્ટ્સ ૪ની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨૯. પ્રી-યુનિ. પરીક્ષાઓમાં એ.ટી.કે.ટી. આપવામાં આવતી હોવાથી ઉપલા વર્ગમાં ફર્સ્ટ બી.એ., ફર્સ્ટ બી.એસસી. અને ફર્સ્ટ બી.કૉમ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેના સુધારેલા ઑર્ડિ. આર્ટ્સ-૨, ઑર્ડિ. સાયન્સ-૨ અને ઑર્ડિ. કૉમર્સ-૨ને મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા ઑર્ડિ. આર્ટ્સ-૨, ઑર્ડિ. સાયન્સ-૨ અને ઑર્ડિ. કૉમર્સ-૨ મંજૂર કરવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા ઑર્ડિ. આર્ટ્સ-૨, ઑર્ડિ. સાયન્સ-૨ અને ઑર્ડિ. કૉમર્સ-૨ની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૩૦. પ્રી-યુનિ. વિનયન પરીક્ષામાં એ.ટી.કે.ટી. આપવામાં આવતી હોવાથી ફર્સ્ટ બી.એ.ની એક્સ્ટર્નલ પરીક્ષામાં એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે નામ નોંધાવવા માટે સુધારેલ ઑર્ડિ. એક્સ્ટર્નલ ૧૭૪-જી મંજૂર કરવા અને તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૯-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો ઑર્ડિ. એક્સ્ટર્નલ ૧૭૪-જી મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા ઑર્ડ. એક્સ્ટર્નલ ૧૭૪-જીની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૩૧. પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ તથા ધારાધોરણો વગેરે તૈયાર કરી રિપોર્ટ કરવા અંગે એકેડેમિક કાઉન્સિલે નીમેલ સમિતિએ તેની તા. ૧૪-૭-૧૯૭૦ની સભામાં તૈયાર કરેલ પ્રી-મેડિકલ પરીક્ષા માટેનો અભ્યાસક્રમ મંજૂર કરવા તથા તે અંગેના પ્રી-મેડિકલના ઑર્ડિ. ૧, ૨, ૩, ૪, ૫ અને પ્રી-મેડિકલ રેગ્યુલેશનો ૧, ૨, ૩, ૪, ૫ ને જૂન ૧૯૭૧ થી મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪ / ૨૫-૭-૧૯૭૦ ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ મંજૂર કરવો તથા તે અંગેના પ્રી-મેડિકલ ઑર્ડ. ૧, ૨, ૩, ૪, ૫ અને પ્રી-મેડિકલ રેગ્યુલેશન ૧, ૨, ૩, ૪, ૫ મંજૂર કરવા તથા તેને ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂન ૧૯૭૧થી પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ જે તે મેડિકલ કૉલેજમાં શરૂ કરવાનો રહેશે તેમ ફરી એક વાર જણાવીને તમામ કૉલેજોને વેળાસર તૈયારીઓ કરવા માટે સૂચના આપવી.

(મંજૂર કરવામાં આવેલ સદરહુ અભ્યાસક્રમ તથા તે અંગેના ઑર્ડનન્સો અને રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૩૨. પ્રી-યુનિ. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને પ્રથમ વર્ષ ડિપ્લોમા ઇન ફાર્મસીની ફરજિયાત અંગ્રેજી વિષયની પરીક્ષા માટે નવો સંગ્રહ તૈયાર થયો હોઈ રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨, રેગ્યુ. પ્રી-સાયન્સ-૨, રેગ્યુ. પ્રી-કૉમર્સ-૨ અને રેગ્યુ. ફાર્મસી-૬માં અંગ્રેજીના અભ્યાસક્રમમાંથી (C) Passage for English work will be selected from prescribed text by the Board of Studies ને રદ કરવા અને તે મુજબ સદરહુ રેગ્યુલેશનોને સુધારીને તેનો અમલ કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રેગ્યુ. પ્રી-આર્ટ્સ-૨, રેગ્યુ પ્રી-સાયન્સ-૨, રેગ્યુ. પ્રી-કૉમર્સ-૨ અને રેગ્યુ. ફાર્મસી-૬માં અંગ્રેજીના અભ્યાસક્રમમાંથી (C) "Passage for English work will be selected from prescribed text by the Board of Studies" એ શબ્દો રદ કરવા અને તે મુજબ સદરહુ રેગ્યુલેશનોને સુધારીને તેનો તાત્કાલિક અમલ કરવો.

૩૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૩-૧૯૭૦ની ભલામણ અનુસાર તબીબી વિદ્યાશાખામાં એમ.ડી.કે.એમ.એસ.ની પરીક્ષા સંશોધનથી પાસ કરવા માટેની જોગવાઈ રદ્દ કરવા તથા તે માટે ઑર્ડિ. ૨૮૦ અને ઑર્ડિ. ૨૯૩ને રદ્દ કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૨૮૦ અને ઑર્ડિ. ૨૯૩ને તાત્કાલિક રદ્દ કરવા.

(રદ્દ કરવામાં આવેલા ઑર્ડિ. ૨૮૦ અને ઑર્ડિ. ૨૯૩ની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૩૪. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૧૪ સાથે બાબત નં. ૧૦૧ની વિચારણા પૂરી થયા પછી કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૩૫. ગુજરાત વિસ્તાર અધ્યાપક મંડળના તા. ૩૧-૭-૧૯૭૦ના પત્રની સાથે આવેલા નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"અધ્યાપક મંડળના પ્રતિનિધિ સભાની આ બેઠક ઠરાવે છે કે યુ.જી.સી. પગારધોરણો અંગે કુલાધિપતિશ્રીએ આપેલો સ્પષ્ટીકરણ સહિતનો નિર્ણય અને તે ઉપર યુનિવર્સિટીની વિદ્યાસભાએ કરેલો નિર્ણય સંપૂર્ણપણે આવકારદાયક છે અને તેનો મંડળ સ્વીકાર કરે છે.

આ સુખદ નિર્ણય લેવામાં સહાયભૂત થનાર કુલાધિપતિશ્રીનો, કુલપતિશ્રીનો, કાર્યકારી કુલપતિશ્રીનો તથા લાગતાવળગતાં સૌનો અધ્યાપક મંડળ આભાર માને છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ મંડળના ઉપરના ઠરાવની નોંધ લેવી.

૩૬. ભાષા-સાહિત્ય ભવનમાં પ્રોફેસર ઑફ ગુજરાતીની જગ્યા માટે વરણીસમિતની તા. ૪-૯-૧૯૭૦ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત અંગે કાર્યાલયે સ્પષ્ટતા કરી કે ગુજરાતીના પ્રાધ્યાપક અંગેની વરણીસમિતિની સભા તા. ૪-૯-૧૯૭૦ના રોજ મળનાર હતી તે મોકૂફ રાખવામાં આવેલી છે. તેથી તે પરત્વે હાલ કશું વિચારવાપણું રહ્યું નહિ.

૩૭. પ્રોફેસર મણિશંકર પંડ્યા તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"નિવૃત્ત થયેલા પણ કોઈ સંસ્થામાં નહિ જોડાયેલા એવા અનુભવી માન્ય પ્રાધ્યાપકોની સેવાઓ અનુસ્નાતક વર્ગોમાં લઈ શકાય તે હેતુથી આ બાબતને લગતા નિયમોમાં યોગ્ય ફેરફાર કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવી.

૩૮. દેશના જુદા જુદા ભાગોમાં પ્રચલિત જુદા જુદા પ્રકારના સંગીતના જ્ઞાન અંગે વિચારોની આપ-લે થઈ શકે તે માટે સંગીત નાટ્ય એકેડેમી, ન્યૂ દિલ્હી, નેશનલ સેન્ટર

સાથે મુંબઈમાં ઑક્ટોબર ૧૯૭૦ના અંતમાં કે નવેંબર ૧૯૭૦ની શરૂઆતમાં ચાર દિવસ માટે એક પરિસંવાદ યોજે છે તો તેમાં યુનિવર્સિટી તરફથી પેપર વાંચી શકે અથવા નિરીક્ષક તરીકે ભાગ લઈ શકે તેવા પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. રાસબિહારી દેસાઈને મોકલવા.

૩૯. ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસ એસોસિયેશનનું ૫૮મું સત્ર બેંગ્લોર યુનિવર્સિટીના ઉપક્રમે બેંગ્લોર મુકામે જાન્યુઆરી ૩ થી ૯, ૧૯૭૧ના સમય દરમિયાન યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડૉ. એમ. એન. દેસાઈ અને ડૉ. જે. જે. ત્રિવેદીને મોકલવા.

૪૦. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રવૃત્તિરૂપે ગુજરાત યુનિવર્સિટી મેટેનિકલ સોસાયટીના મુખપત્ર "અંકુર" નામનું દ્વૈ માસિક પત્ર બહાર પાડવામાં આવે છે તે અંગે સાયક્લોસ્ટાઇલ કરવા માટે સ્ટેશનરી તથા પ્રેસના બંધારણી વગેરે કામ માટે રૂ. ૬૦૦ થી રૂ. ૮૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૬-૮-૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ ખર્ચની ચાલુ વર્ષના અંદાજપત્રમાં જોગવાઈ કરેલ નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનની ઉપરની પ્રવૃત્તિ માટે વાર્ષિક રૂ. ૬૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૪૧. ઇન્ડિયન કાઉન્સિલ ઑફ સોશિયલ સાયન્સ રિસર્ચ, ન્યૂ દિલ્હીના ઉપક્રમે હાથ ધરવામાં આવેલી "Study of voting behaviour in Gujarat with special reference to the Fourth General Election" સંશોધન યોજના અંગે સમાજવિદ્યા ભવનના શિક્ષકવર્ગ અને બિનશિક્ષકવર્ગના નીચે જણાવેલ કર્મચારીઓએ કામ કર્યું તે માટે તેઓનાં નામની સામે સૂચવેલ મહેનતાણું આપવા અંગે અધ્યક્ષશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

ક્રમાંક	નામ	કાર્યનો પ્રકાર	મહેનતાણાના સૂચવેલ રકમ	મૂળ પગાર
૧.	શ્રી. ટી. એ. ભાસ્કર	સ્ટેનોગ્રાફી, ટાઇપિંગ તથા સ્ટેનોગ્રાફર ફૉર્મ તૈયાર કરવા માટે	રૂ. ૬૦૦	રૂ. ૨૯૦
૨.	શ્રી. ડબલ્યુ. એન. ક્રિશ્ચિયન, જુ. ક્લાર્ક	સેક્રેટરિયલ કામ, હિસાબ રાખવા, સ્ટોર ખરીદવા અને પત્રવ્યવહાર વગેરેના કામ માટે	રૂ. ૨૫૦	રૂ. ૧૪૦

ક્રમાંક	નામ	કાર્યનો પ્રકાર	મહેનતાણાના સૂચવેલ રકમ	મૂળ પગાર
૩.	શ્રી. એ. વી. શાહ	પ્રશ્નોનું સંક્ષિપ્તીકરણ તથા આપેલી માહિતી પરથી પરિણામો વગેરેના કામ માટે	રૂ. ૨૦૦	રૂ. ૨૫૦
૪.	શ્રી. ચિમન કે. વાઘેલા	સાયક્લોસ્ટાઇલ વ.ના કામ માટે	રૂ. ૧૦૦	રૂ. ૬૬

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરના કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ રકમ વધારાના વેતન તરીકે સ્વીકારવાની પરવાનગી આપવી.

૪૨. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા નીચેના કર્મચારીઓનાં નામ સામે બતાવેલ તારીખથી એક વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેઓનાં નામ સામે બતાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	અજમાયશી સમય પૂરો થવાની તારીખ	કાયમ કરવાની તારીખ
૧.	શ્રી. એસ. એસ. વોરા	મદદનીશ કુલસચિવ	૨-૧૧-૧૯૭૦	૩-૧૧-૧૯૭૦
૨.	શ્રી. બી. એમ. વૈશ્ય	કુલપતિશ્રીના અંગત સચિવ	૨-૧૧-૧૯૭૦	૩-૧૧-૧૯૭૦
૩.	કુ. મૃદુલા કે. કાપડિયા	જુ. ક્લાર્ક	૨૦-૧૧-૧૯૭૦	૨૧-૧૧-૧૯૭૦
૪.	શ્રી. પી. જી. દેસાઈ	,,	,,	,,
૫.	શ્રી. પી. જે. ઠાકર	,,	,,	,,

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સર્વશ્રી એસ. એસ. વોરા અને બી. એમ. વૈશ્યને તા. ૩-૧૧-૧૯૭૦થી મદદનીશ કુલસચિવની જગ્યા ઉપર કાયમ કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કુ. મૃદુલા કે. કાપડિયા અને શ્રી. પી. જી. દેસાઈને તા. ૨૧-૧૧-૧૯૭૦થી જુનિયર ક્લાર્કની જગ્યા પર કાયમ કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. પી. જે. ઠાકરનો અજમાયશી સમય વધુ એક વર્ષ માટે લંબાવવો અને તેમને જણાવવું કે આ લંબાવેલ અજમાયશી સમય દરમિયાન તેમની કામગીરી સંતોષકારક જણાશે નહીં તો તેમને ફારેગ કરવાની ફરજ પડશે.

૪૩. યુનિવર્સિટી મુદ્રણાલયમાં સિનિયર કંપોઝીટર તરીકે કામ કરતા નીચેના કર્મચારીઓને તેમનાં નામ સામે બતાવેલ તારીખથી રૂ. ૬૦-૪-૧૦૦ ઈ.બી. ૧૨૦ના પગારધોરણમાં રૂ. ૧૦૦ થી આગળ કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવા માટે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત :

૧. શ્રી. એલ. એચ. આહૂજા	સિ. કંપોઝીટર	તા. ૨૬-૯-૧૯૭૦થી
૨. શ્રી. આર. બી. પટેલ	,,	તા. ૨૭-૯-૧૯૭૦થી
૩. શ્રી. કે. એલ. પટેલ	,,	તા. ૨૭-૯-૧૯૭૦થી
૪. શ્રી. એન. એસ. સતવારા	,,	તા. ૧૩-૧૦-૧૯૭૦થી

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી અહેવાલો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ ચારે ચાર સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી કાર્યક્ષમતા અંતરાય (Efficiency Bar) ઓળંગવા માટે મંજૂરી આપવી.

૪૪. યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રનાં જુ. ક્લાર્ક શ્રીમતી ચન્દ્રિકા આર. ઠાકોરને તા. ૫-૧૧-૧૯૬૮થી છૂટાં કરેલ હોઈ તેઓને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગે તેઓની તા. ૬-૮-૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ તા. ૫-૧૧-૧૯૬૭ના રોજ જોડાયેલ હતાં અને તા. ૫-૧૧-૧૯૬૮ના રોજ તેમને છૂટાં કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી ચન્દ્રિકા આર. ઠાકોરને તેમને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવી.

૪૫. આ યુનિવર્સિટી તરફથી હાલ દર વર્ષે લેવાનાર પ્રી-યુનિ. સાયન્સની પરીક્ષામાં પ્રથમ વર્ગ સાથે સૌથી વધારે ગુણ મેળવી ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને રેવ. ફાધર હર્બર્ટ ડિસોઝાના માનમાં સુવર્ણચંદ્રક એનાયત કરવા માટેનું પ્રદાન સ્વીકારવા અંગેના સેંટ ઝેવિયર્સ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૧૯-૮-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—પ્રી-યુનિ. પરીક્ષા શાળાઓમાં લેવામાં આવે તો આ ચંદ્રક વિશે શું કરવું તે કૉલેજના સત્તાવાળાઓને પૂછીને નક્કી કરવા સૂચવેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રદાન આપવાની ઇચ્છા જણાવવા માટે સેંટ ઝેવિયર્સ કૉલેજના આચાર્યશ્રીનો આભાર માનવો અને તેમને જણાવવું કે સદરહુ પ્રદાનની રકમ ઓછામાં ઓછી રૂ. ૭,૫૦૦ જેટલી હોય તે આવશ્યક છે.

૪૬. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદમાં કાયદાની વિદ્યાશાખા સાંજના ૬-૦૦ થી ૮-૩૦ વાગ્યા સુધી ચાલે છે તેને બદલે સવારના ૭-૧૫ થી ૯-૩૦ સુધી ચલાવવા

અંગે પરવાનગી આપવા માટે બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ, બોરસદના આચાર્યશ્રી-ની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે તપાસ કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ રચવી :

(૧) આચાર્ય વી. આર. રણદીવે
(૨) શ્રી. રસિકલાલ બી. શાહ.

૪૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૬-૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર સિન્ડિકેટે વાર્ષિક બે ટેસ્ટ લેવા અંગે જે ઠરાવ પસાર કરેલો છે તે ઠરાવ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓ સિવાય અન્ય વિદ્યાશાખાઓને લાગુ નહિ પાડવા તથા તેને અનુલક્ષીને નીચે જણાવેલ O. M.A. 1(a), O. M.Sc. 1(a) અને O. M.Com. 1(a) ઉમેરવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

O. M.A. 1(a), O. M.Sc. 1(a), O. M.Com. 1(a) :

A candidate who has not secured at least 36 per cent of the total marks at the tests held at the end of each term by the University Departments and the Post-graduate Centres in their respective subjects shall not be permitted to appear at the said examination;

Provided further that the application for admission to the respective examination shall be withdrawn by the Director of the University School concerned by the Professor-in-charge of the Post-graduate Centre concerned, or by the Principal of the College concerned, or the Head of the Institution concerned as the case may be.

This rule will apply only to the candidates in the faculties of (1) Arts including Education, (2) Science, and (3) Commerce.

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. એમ.એ. ૧ (એ), ઑર્ડ. એમ.એસસી. ૧ (એ) અને ઑર્ડિ. એમ.કૉમ. ૧ (એ) ઉપર મુજબ વંચાય તે રીતે ઉમેરવા તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

૪૮. બોટેની-ઝૂલૉજી અભ્યાસસમિતિની તા. ૨૧-૨-૧૯૭૦ની સંયુક્ત સભાની ભલામણ અનુસાર પ્રી-યુનિવર્સિટીની પરીક્ષા માટે જીવવિજ્ઞાનના વિષયોનો સુધારેલો અભ્યાસક્રમ (થિયરી અને પ્રૅક્ટિકલ) મંજૂર કરવા અને તે મુજબ રેગ્યુ. પ્રી-સાયન્સ-૨માં જરૂરી સુધારા કરવા અંગેની તથા સુધારેલો રેગ્યુલેશન જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલો રેગ્યુ. પ્રી-સાયન્સ–૨ મંજૂર કરવો તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

(મંજૂર કરવામાં આવેલા સુધારેલા રેગ્યુ. પ્રી-સાયન્સ–૨ના સંબંધકર્તા ભાગની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૪૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

૧. ઇન્ડિયન સાયન્સ કૉંગ્રેસના ૧૯૭૧ના બેંગ્લોર મુકામે યોજનાર વાર્ષિક અધિવેશનમાં તા. ૨–૧–૧૯૭૧ થી તા. ૮–૧–૧૯૭૧ના સમય દરમ્યાન વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના શિક્ષકોને ભવન તરફથી મોકલવાની પરવાનગી આપ્યાના :

૧. પ્રો. સી. જી. ખત્રી	પ્રોફેસર ઑફ સ્ટેટિસ્ટિક્સ
અથવા	
ડૉ. એમ. સી. જ્યસ્વાલ	રીડર ઇન સ્ટેટિસ્ટિક્સ
૨. ડૉ. એ. એમ. વૈદ્ય	રીડર ઇન મૅથેમેટિક્સ
૩. પ્રો. એ. એમ. ત્રિવેદી	પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રી
અથવા	
ડૉ. કે. પી. સોની	લેક્ચરર ઇન કેમિસ્ટ્
૪. પ્રો. પી. ડી. પાઠક	રીડર ઇન ફિઝિક્સ
૫. ડૉ. એમ. એસ. દુબલે	રીડર ઇન ઝૂલૉજી
૬. પ્રો. જે. જે. ચિનોય	પ્રોફેસર ઑફ બોટની;

૨. ધી વાય. એમ. સી. એ. કૉલેજ ઑફ ફિઝિકલ એજ્યુકેશન, મદ્રાસ ખાતે અખિલ ભારતીય શારીરિક શિક્ષણ અને રમતગમત અંગેના પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે સિન્ડિકેટની તા. ૧૧/૧૨–૭–૧૯૭૦ની સભામાં પ્રિન્સિ. ડી. ડી. દેસાઈને મોકલવાનું ઠરાવવામાં આવ્યું હતું. પરંતુ તેમણે જવા માટે અશક્તિ દર્શાવતાં તેમની જગ્યાએ પ્રિન્સિ. એસ. આર. મહેતા, આઈ. વી. પટેલ હોમર્સ કૉલેજ, નડિયાદ અને એક વધુ પ્રતિનિધિ તરીકે શારીરિક શિક્ષણનિયામક શ્રી. વી. પી. મહેતાને પરિસંવાદમાં ભાગ લેવા માટે મોકલવાની મંજૂરી આપ્યાના;

૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં પ્રાણીશાસ્ત્ર વિભાગમાં વ્યાખ્યાતા તરીકે કામ કરતા શ્રી. આર. કે. મલહોત્રાને તેમના પિતાશ્રીની માંદગીના કારણે તા. ૧૫–૬–૧૯૭૦ થી તા. ૨૦–૬–૧૯૭૦ સુધીની ૬ દિવસની આકસ્મિક રજા વૅકેશન સાથે જોડવાની મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૫૦. પ્રતિવર્ષ ઉજવાતો કાલિદાસ સમારોહ ચાલુ વર્ષે નવેંબર ૯ થી ૧૫, ૧૯૭૦ના સમય સુધી વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈન મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમારોહમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. સુરેશભાઈ દવેને મોકલવા.

૫૧. યુ. પી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ એગ્રિકલ્ચરલ સાયન્સીઝ, કાનપુરના ઉપક્રમે ફેબ્રુઆરી ૧૯૭૧ના પ્રથમ પખવાડિયા દરમિયાન કાનપુર મુકામે Socio-Economic Implications of Agricultural Development પર પરિસંવાદ યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા અંગે મજકૂર ઇન્સ્ટિટ્યૂટના અધ્યક્ષશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવાની જરૂર જણાતી નથી.

૫૨. સેનેટના નીચેના સભ્યોને જે તે વિદ્યાશાખા હેઠળ કોઈ બે વિષયોની અભ્યાસ-સમિતિઓનું સભ્યપદ આપવા બાબત :

ક્રમાંક	નામ	વિદ્યાશાખા	ઇચ્છિત અભ્યાસસમિતિઓ
૧.	આચાર્ય મધુભાઈ છોટાભાઈ પટેલ	વિજ્ઞાન	૧. રસાયણવિજ્ઞાન, અને ૨. ભૌતિકવિજ્ઞાન
૨.	આચાર્યા ડૉ. મુક્તાબહેન ડી. ઠક્કર	શિક્ષણ સહિતની વિનયન	૧. સંસ્કૃત, અને ૨. તત્ત્વજ્ઞાન

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૫૩. નીચે જણાવેલ અભ્યાસસમિતિઓની ભલામણ અનુસાર જે તે વિદ્યાશાખા-ઓનાં નામ સામે જણાવેલ વિષય સંબંધી આવેલ મહાનિબંધ અંગે રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

૧. સંસ્કૃતની અભ્યાસસમિતિની ભલામણ

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	ઇન્ટર્નલ રેફરી	એક્સ્ટર્નલ રેફરી
1.	Smt. M. T. Kikani	Sanskrit : સરસ્વતી કંઠાભરણનો આલોચનાત્મક અભ્યાસ	Dr. R. S. Betai Institute of Indology, Dwarka	1. Shri D. R. Mankad 2. Shri G. C. Zala 3. Shri R. B. Athavale *For viva-voce* Shri R. B. Athavale

૨. રસાયણવિજ્ઞાનની અભ્યાસસમિતિની ભલામણ

Sr. No.	*Name of the student*	*Referee for vive-voce*
1.	Shri N. L. Dipali	1. Prof. B. C. Halder *OR* 2. Dr. V. V. Deshpande
2.	Shri M. P. Patel	1. Prof. V. V. Deshpande *OR* 2. Dr. Ramchandra Rao

(**નોંધ.**—અભ્યાસસમિતિએ અધ્યક્ષશ્રીને રેફરીની નિમણૂક અંગે સત્તા આપી હતી તેમ અધ્યક્ષશ્રી પત્રમાં જણાવે છે.)

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીના મહાનિબંધ તપાસવા માટે નીચે જણાવેલ સભ્યોની રેફરીઓ તરીકે નિમણૂક કરવી :

External Referee :

૧. પ્રો. જી. સી. ઝાલા, અને

૨. પ્રો આર. બી. આઠવલે.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાર્થીઓના મહાનિબંધ તપાસવા માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૫૪. નીચે ટાંકેલા સ્ટે. ૨૦૩ના પાઠ અંગે પુનર્વિચારણા કરવા બાબત :

"There shall be a Director for each School to be appointed by the Syndicate and he shall be the Head of the Department. In his absence, the Senior University Professor, or when there is no Professor, the Senior whole-time University Teacher in the Department shall work as the Head of the Department. The whole-time University Teacher appointed to act temporarily as the Head of University Department in the place of the permanent incumbent on leave shall not be considered to occupy the office under the designation of the Director of the University Department for the purpose of Section 16(1) Class 1(C) (*i*), Section 19 (1) (*vi*) and Section 21(1) Class 1 (*v*)."

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટે. ૨૦૩ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી :

St. 203 :

There shall be a Director for each School to be appointed by the Syndicate and he shall be the Head of the Department. In his absence, the Senior University Professor, or when there is no Professor, the Senior whole-time University Teacher in the Department shall work as the Head of the Department. The whole-time University Teacher appointed to act temporarily as the Head of University Department in the place of the permanent incumbent on leave shall not be considered to occupy the office under the designation of the Director of the University Department for the purposes of Section 16(1) Class 1(C) (*i*), Section 19(1) (*vi*) and Section 21(1) Class 1(*v*).

Notwithstanding anything contained above the Senior whole-time University Teacher in the Department appointed as officiating

Director of the school shall be deemed to hold the office for the purpose of Section 16(1) Class 1(C) (*i*), Section 19(1) (*vi*) and Section 21(1) Class 1(*v*).

૫૫. ડૉ. દેવેન્દ્ર સુતરિયા તથા અન્ય સત્તાવીસ સેનેટ-સભ્યો તરફથી યુનિવર્સિટી ધારાની કલમ ૧૭ (૨) અનુસાર સેનેટની ખાસ સભામાં રજૂ કરવાનો નીચેનો પ્રસ્તાવ સિન્ડિકેટની તા. ૧૧/૧૨-૭-૧૯૭૦ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ તે પર એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભાએ સદરહુ સભા હાલના તબક્કે અભિપ્રાય આપવા ઇચ્છતી નથી તેમ ઠરાવ્યું હોઈ, હવે સેનેટની સભા માટે સિન્ડિકેટનો અભિપ્રાય આપવા અંગે વિચારણા કરવા બાબત.

"ભારતમાં કેટલાંક રાજ્યોમાં આવેલી યુનિવર્સિટીઓએ પોતાના વિસ્તારોમાં આવેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા વિનયન વિદ્યાશાખાના સ્નાતક શિક્ષકો વિકાસોન્મુખ રહી અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધી શકે તે માટે ઓફ્સ્ટર્નલ એમ.એ.ની જોગવાઈ કરેલી છે. કમનસીબે ગુજરાતની એક પણ યુનિવર્સિટીમાં આવી જોગવાઈ નથી. આથી ગુજરાત રાજ્યની માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધી શકે તેવી તકો ઊભી કરવા અને તેમ કરતાં શિક્ષણનાં ધોરણો નીચાં ન પડે તે માટે સેનેટની આ સભા માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં એમ.એ.ના વેકેશન વર્ગો શરૂ કરવાની કોઈ અસરકારક યોજના ઘડી કાઢવા લાગતાંવળગતાં અધિકારી સત્તામંડળોને વિનંતી કરે છે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫૬. તા. ૩૦-૯-૧૯૭૦ તથા તા. ૧/૨-૧૦-૧૯૭૦ના રોજ મળનાર સેનેટની આગામી ખાસ સભાઓ સમક્ષ રજૂ થનાર શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટીના શિક્ષકો, અધિકારીઓ તથા અન્ય બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે વીમો ઉતારવાની જે જોગવાઈ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૩માં નિદર્શિત કરેલ છે તેનું પાલન આજ પર્યંત થયું જણાતું નથી, તેથી તે જોગવાઈનું પાલન જેમ બને તેમ તુરત કરવાનું સેનેટની આ સભા ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાન્તિક તરફેણમાં છે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫૭. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની આ સભા સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે યુનિવર્સિટી પ્રેસનું પુસ્તક-પ્રકાશન કામ લગભગ ખોરંભે પડેલું હોઈ, યુનિવર્સિટી પ્રેસ વિશેષ કાર્યક્ષમ અને વેગવંત બનવું ઘટે છે તે દૃષ્ટિએ તેનો કાર્યપ્રબંધ અને વ્યવસ્થા યોજાવાં જોઈએ. તે માટે તપાસ કરી જરૂરી સૂચનો કરવા એક કમિટી નીમવી."

આથી ઠરાવવામાં આવે છે કે 'યુનિવર્સિટી પ્રેસનું પુસ્તક-પ્રકાશન કામ લગભગ ખોરંભે પડેલું હોઈ' એ વિધાન સાથે સિન્ડિકેટ સંમત નથી, પરંતુ પુસ્તક-પ્રકાશનનું કામ શકય તેટલું કાર્યક્ષમ અને વેગવંત બનાવવા આતુર છે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫૮. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે તેઓ યુનિવર્સિટી કેમ્પસમાં પ્રેસ-કર્મચારીઓ માટે જરૂરી રહેઠાણ અંગે, સિન્ડિકેટે સૈદ્ધાન્તિક સ્વીકાર કર્યો હોઈને, કવાર્ટર્સની વ્યવસ્થા કરવાનાં ઘટતાં પગલાં લે અને યુનિવર્સિટીના આગામી વરસના અંદાજપત્રકમાં તે માટેની નાણાકીય જોગવાઈ કરે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાન્તિક તરફેણમાં છે, પરંતુ નાણાકીય મુશ્કેલીઓને કારણે તેનો અમલ વ્યવહારમાં લાવ શકય નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૫૯. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા યુનિવર્સિટીની સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને પરીક્ષાઓના પ્રશ્નપત્રોના છાપકામ અંગે રાત્રે પણ કામ કરવાનું હોઈ, પ્રેસ-કર્મચારીઓ માટે પ્રેસથી અલગ રીતે તેની નજીકમાં જ ડૉર્મિટરી-(Dormitory)ની વ્યવસ્થા કરે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાન્તિક તરફેણમાં છે, પરંતુ નાણાકીય મુશ્કેલીઓને કારણે તેનો અમલ વ્યવહારમાં લાવ શકય નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૬૦. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટી કાર્યાલય અને યુનિવર્સિટી મુદ્રણાલયમાં જાહેર તહેવારો, માંદગીની રજા, આકસ્મિક રજા, હક રજા વગેરે રજાઓનાં ધારાધોરણોમાં રહેલી અસમાનતા દૂર કરી યુનિવર્સિટી મુદ્રણાલયને યુનિવર્સિટી કાર્યાલયના ધોરણે જ ઉપરોકત તમામ રજાઓ આપવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ અને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૬૧. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર શ્રી. સત્યેન્દ્ર કાળિદાસ ઝવેરીના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની આ સભા સિન્ડિકેટ અને સંબંધકર્તા સત્તામંડળોને ભલામણ અને વિનંતી કરે છે કે યુનિવર્સિટી પ્રેસ ફેકટરી એકટમાં રજિસ્ટર કરાવેલું હોઈ, પ્રેસ-કર્મચારીઓને સરકારી બોનસ કાયદા મુજબ બોનસ આપવાની વ્યવસ્થા કરે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ કાનૂની રાહે તપાસ્યા સિવાય તે અંગે અભિપ્રાય આપવો શકય નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૬૨. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર આચાર્ય જશભાઈ પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સિન્ડિકેટની તા. ૧૦/૧૧-૮-૧૯૬૮ની સભામાં પસાર કરેલા ઠરાવ પ્રમાણે આચાર્યની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત અનુસ્નાતક શિક્ષક હોવી જરૂરી છે.

પરંતુ કાયદાની વિદ્યાશાખામાં અનુસ્નાતક શિક્ષકની લાયકાત ધરાવતા પ્રાધ્યાપક આચાર્ય મળવા ઘણા જ મુશ્કેલ છે. માટે ફકત કાયદાની વિદ્યાશાખા પૂરતું આચાર્યની ઓછામાં ઓછી શૈક્ષણિક લાયકાત નીચે પ્રમાણે હોવી જોઈએ તેમ આ સેનેટની સભા ઠરાવે છે અને યુનિવર્સિટીનાં લાગતાંવળગતાં મંડળોને યોગ્ય કરવા ઠરાવે છે :

(૧) કાયદાના અનુસ્નાતક શિક્ષક; અથવા (૨) કાયદાના પ્રાધ્યાપક; અથવા (૩) પાંચ વર્ષનો ન્યાયાધીશનો અનુભવ અને ત્રણ વર્ષનો વ્યાખ્યાતાનો અનુભવ, અગર દશ વર્ષનો ન્યાયાધીશનો અનુભવ; અથવા (૪) ૧૦ વર્ષનો વકીલાતનો અનુભવ અને ત્રણ વર્ષનો વ્યાખ્યાતાનો અગર પંદર વર્ષનો વકીલાતનો અનુભવ."

આથી ઠરાવવામાં આવે છે કે ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની કૉલેજોના આચાર્યોની ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધારાધોરણોની પુનર્વિચારણાનો પ્રશ્ન હાલ એકેડેમિક કાઉન્સિલની વિચારણા હેઠળ છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૬૩. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર આચાર્ય ડૉ. બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઠરાવ કરે છે કે યુનિવર્સિટીની પ્રથમ બે વર્ષની પરીક્ષાઓ માટે યુનિવર્સિટી પાસે પૂરતા શિક્ષકો હોવાથી અન્ય યુનિવર્સિટીના શિક્ષકોને કામગીરી ન સોંપવી અને પદવી પરીક્ષાનાં છેલ્લાં બે વર્ષ માટે જ આવશ્યકતા પ્રમાણે અન્ય યુનિવર્સિટીના શિક્ષકોને નિયુક્તિ આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૬૪. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર આચાર્ય ડૉ. બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટીનું કાર્ય કૉલેજના શૈક્ષણિક કર્મચારીઓ માટે નોકરીની શરતો કરવાનું હોઈ, અને કૉલેજના ગ્રંથપાલ શૈક્ષણિક કર્મચારી ન હોઈ, સેનેટની આ સભા ઠરાવ કરે છે કે યુનિવર્સિટીએ ગ્રંથપાલ અંગેના નોકરીના નિયમો રદ કરવા."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૬૫. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર આચાર્ય ડૉ. બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઠરાવ કરીને સંબંધિત સત્તામંડળોને ભલામણ કરે છે કે અન્ય યુનિવર્સિટીના અંગ્રેજી વિષય લીધા વિનાના સ્નાતકોને ગુજરાત યુનિવર્સિટીના અનુસ્નાતક વર્ગોમાં પ્રવેશ મળે તે માટે પ્રબંધ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૬૬. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર ડૉ. બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઠરાવ કરે છે કે ગુજરાતીનાં આઠ પ્રશ્નપત્રો (એન્ટાયર) સાથે એમ.એ. કરવાની વ્યવસ્થા ઊભી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૬૭. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર આચાર્ય ડૉ. બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઠરાવ કરે છે કે શિક્ષણકાર્યની દૃષ્ટિએ ટ્યૂટર, લેક્ચરર અને પ્રોફેસરનું કાર્ય સરખું જ હોઈ, શૈક્ષણિક અનુભવની ગણતરીમાં ત્રણેને સમાન ગણવા અને બઢતી તેમ જ અનુસ્નાતક શિક્ષકપદની કે પરીક્ષકની યોગ્યતા માટે પણ ત્રણેને સમાન ગણીને ચાલવું તેમ જ ખંડ સમયની સેવાનો અનુભવ પણ આ જ રીતે માન્ય ગણવો."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૬૮. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર આચાર્ય ડૉ. બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ઠરાવ કરે છે કે એ.ટી.કે.ટી.વાળા વિદ્યાર્થીઓને ઑક્ટોબરમાં એ.ટી.કે.ટી.ના વિષયમાં ઉત્તીર્ણ થવાની તક મળે ને તે વિદ્યાર્થીને માર્ચ--એપ્રિલની પરીક્ષામાં ભારણ ઓછું રહે તેમ જ ઑક્ટોબરની પરીક્ષામાં નાપાસ થાય તો ફરી તક મળે તે માટે એ.ટી.કે.ટી.ના વિદ્યાર્થીઓ માટે ઑક્ટોબરમાં પરીક્ષા લેવાની વ્યવસ્થા કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૬૯. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર આચાર્ય ડૉ. બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"યુનિવર્સિટી સાથે સંકળાયેલી કૉલેજો અને યુનિવર્સિટીનાં ભવનોમાં હાલની પ્રથા મુજબ પડતાં વૅકેશનોને કારણે શિક્ષણકાર્ય સમ્યક રીતે થતું નથી, એનું સાતત્ય પણ જળવાતું નથી તથા ઉચ્ચ શિક્ષણ સાથે સંકળાયેલી વ્યક્તિઓનો વર્ષમાંનો નોંધપાત્ર સમય રજાઓમાં જાય છે. રજાઓનો સમય ઓછો

કરવામાં આવે તો તેથી શિક્ષણનું ધોરણ ઊંચું આવવાનો સંભવ વધે છે ને વિદ્યાર્થીઓ તેમ જ અધ્યાપકોને લાભ થાય એમ છે. આથી સેનેટની આ સભા યુનિવર્સિટીનાં સંબંધિત સત્તામંડળોને ઠરાવ કરી વિનંતી કરે છે કે વૅકેશનોનો સમય નીચે પ્રમાણે રાખવામાં આવે :

(૧) દિવાળી વૅકેશન : દિવાળીનો તહેવાર મધ્યમાં આવે તે રીતે બે સપ્તાહ.

(૨) નાતાલ વૅકેશન : રદ કરવામાં આવે.

(૩) ઉનાળાનું વૅકેશન : ૨૦મી માર્ચથી ૭મી જૂન.

વધુમાં ઠરાવ કરવામાં આવે છે કે આને અનુસરીને સત્રપ્રવેશ, પરીક્ષા વગેરે આનુષંગિક બાબતોની વ્યવસ્થામાં ઘટતા ફેરફાર કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીના અભ્યાસક્રમો અને પરીક્ષાઓનો હાલનો કાર્યક્રમ જોતાં વૅકેશનની બાબતમાં હાલની જે વ્યવસ્થા છે તેમાં ફેરફાર કરવો શક્ય નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૭૦ સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર આચાર્ય ડૉ. બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"આંતરિક ગુણાંકન માટે કૉલેજોમાં લેવાતી કસોટીઓની હાલની પ્રથાથી શિક્ષણકાર્યમાં અનુચિત અવરોધ આવે છે, તેથી સેનેટની આ સભા ઠરાવ કરે છે કે સત્ર દીઠ એક એમ વર્ષમાં બે કસોટીઓ રાખવી અને વાજબી કારણસર આગળની કોઈ એક કસોટીમાં અનુપસ્થિત વિદ્યાર્થીઓ માટે વધારાની એક કસોટીની જોગવાઈ રાખવી."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૭૧. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર આચાર્ય ડૉ. બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ખંડ સમયના અધ્યાપકોને માટે નિયત થયેલું વેતન પૂર્ણ સમયના અધ્યાપકોના વેતનના પ્રમાણમાં સુધારો માગી લે એવું છે અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં નવાં પગારધોરણોના પ્રકાશમાં એમને યોગ્ય લાભ મળે તે દૃષ્ટિએ પણ એ અંગે પુનર્વિચારણા થાય તે આવશ્યક છે. આથી સેનેટની આ સભા ખંડ સમયના અધ્યાપકોને મળતું વેતન કાર્યભારના પ્રમાણમાં યોગ્ય રીતે અથવા નીચે પ્રમાણે રાખવામાં આવે એવો ઠરાવ કરે છે :

ખંડ સમયના ટ્યૂટર	રૂ. ૧૫૦	નિયત (ફિક્સ્ડ)
ખંડ સમયના વ્યાખ્યાતા	રૂ. ૨૦૦	,, ,,
ખંડ સમયના પ્રાધ્યાપક	રૂ. ૨૫૦	,, ,,

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ ખંડ સમયના શિક્ષકોના વેતનની પુનર્વિચારણાની તરફેણમાં છે, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૨ સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર આચાર્ય ડૉ. બી. આર. પટેલના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"જનરલ એજ્યુકેશનની પરીક્ષા કૉલેજો તરફથી લેવામાં આવે છે તેને બદલે યુનિવર્સિટી તરફથી લેવામાં આવે તો તેના શિક્ષણ-પરીક્ષણમાં ગાંભીર્ય વધશે અને તેથી શિક્ષણને લાભ થાય એમ છે. તેથી સેનેટની આ સભા જનરલ એજ્યુકેશનની પરીક્ષાઓ યુનિવર્સિટી તરફથી લેવામાં આવે તેવો ઠરાવ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૭૩. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર શ્રી. એસ. એમ. ઠક્કરના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"નેશનલ કાઉન્સિલ ઑફ એજ્યુકેશનલ રિસર્ચ ઍન્ડ ટ્રેનિંગ પ્રયોજિત રિજિયોનલ કૉલેજ ઑફ એજ્યુકેશન (ભોપાલ) સંચાલિત ચૌદ માસના બી.એડ.(Summer School-cum-Correspondence Course)ના અભ્યાસક્રમ દ્વારા વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈન તરફથી લેવામાં આવતી પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર શિક્ષકોને મળતી બી.એડ. ડિગ્રીને આપણી યુનિવર્સિટીની બી.એડ. ડિગ્રી સમકક્ષ ગણી લેવા બી.એડ.ના શિક્ષકોને ગુજરાત યુનિવર્સિટીના એમ.એડ.ના અભ્યાસક્રમ માટે પ્રવેશપાત્ર ગણવા સેનેટની આ સભા લાગતાંવળગતાં અધિકારી મંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવ Standing Committee for Equivalence of Examinations ની વિચારણા માટે મોકલવાની તરફેણમાં છે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૭૪. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર શ્રી. એસ. એમ. ઠક્કરના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાતમાં માધ્યમિક શિક્ષણનો ઝડપથી વધતો જતો વ્યાપ અને તેના કારણે શિક્ષણનાં નીચાં જતાં ધોરણો જોતાં માધ્યમિક શાળાઓમાં એમ.એડ. થયેલા નિષ્ણાત શિક્ષકો પૂરતા પ્રમાણમાં મળી રહે તે માટે હાલના બી.એડ. થયેલા શિક્ષકોને એમ.એડ. થવાની તકો વિસ્તૃત બનાવવા સેનેટની આ સભા પૂના કે કર્ણાટક યુનિવર્સિટીની જેમ એમ.એડ.ના વૅકેશન વર્ગો શરૂ કરવા યુનિવર્સિટીનાં સત્તામંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ અંગે ઍકેડેમિક કાઉન્સિલનું મંતવ્ય જાણવાની જરૂર હોઈ સિન્ડિકેટ આ તબક્કે પોતાનો અભિપ્રાય વ્યકત કરવા ઇચ્છતી નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૭૫. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર શ્રી. એસ. એમ. ઠક્કરના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ભારતનાં કેટલાંક રાજ્યોમાં આવેલી યુનિવર્સિટીઓએ પોતાના વિસ્તારોમાં આવેલી માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા વિનયન વિદ્યાશાખાના સ્નાતક શિક્ષકો વિકાસોન્મુખ રહી અનુસ્નાતક કક્ષા સુધી આગળ વધી શકે તે માટે એક્સ્ટર્નલ એમ.એ.ની જોગવાઈ કરેલી છે. કમનસીબે ગુજરાતની એક પણ યુનિવર્સિટીમાં આવી જોગવાઈ નથી, આથી ગુજરાતની માધ્યમિક શાળા

ઓમાં શિક્ષણકાર્ય કરતાં કરતાં આગળ વધી અનુસ્નાતક (એમ.એ.) થવા માગતા ઉત્સાહી શિક્ષકો કે જેઓ કેટલાંક કારણોસર હાલમાં ચાલતાં યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોનો લાભ લઈ શકતા નથી તેઓનો વિકાસ રૂંધાય છે. આથી સેનેટની આ સભા માધ્યમિક શાળાઓમાં શિક્ષણકાર્ય કરતા સ્નાતક શિક્ષકો માટે એક્સ્ટર્નલ એમ.એ.ની કોઈ અસરકારક યોજના ઘડી કાઢવા લાગતાંવળગતાં સત્તામંડળોને ભલામણ કરે છે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૭૬. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર પ્રો. મણિશંકર પંડ્યાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"Statute 173 be amended so as to read as under :

St. 173 :

(1) A candidate who having appeared at the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State with English as one of his subjects passes that examination with at least seven subjects or an examination considered equivalent thereto shall be considered eligible for admission to the Pre-University class in the Faculty of Arts or the First Year Diploma Classes in the Fine Arts, on the following conditions :

(*a*) He shall be required to appear and pass in the subject of English at the S.S.C. Examination or an examination considered equivalent thereto if he had not passed in English at the S.S.C. Examination before he was admitted to the Pre-University class or the First Year Diploma Class in Fine Arts, as the case may be, under the substantive provisions mentioned in No. (1) above; and

(*b*) He shall not be declared to have passed the Pre-University Arts Examination or the First Year Diploma Examination, as the case may be, unless and until he has passed in English at the S.S.C. Examination or an examination considered equivalent thereto;

Provided always that a candidate who has not offered Algebra and Geometry at the S.S.C. Examination or an examination considered equivalent thereto shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University Class in the Faculty of Commerce, a candidate must have passed the S.S.C. Examination conducted by the

S.S.C. Examination Board of the Gujarat State in at least seven subjects of which English at higher or lower level shall be one, or an examination considered equivalent thereto.

(3) For admission to the Pre-University Science Class, and the First Year Diploma in Pharmacy, a candidate must have passed —

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher or lower level);
(*ii*) Algebra-Geometry; and
(*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level);
(*ii*) Algebra-Geometry; and
(*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(4) For admission to Pre-University Science (Agri.) classes, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which—

(*i*) English (at higher or lower level);
(*ii*) Elementary Mathematics or Algebra-Geometry; and
(*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

or

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with—

(*i*) English (at higher or lower level);
(*ii*) Elementary Mathematics or Algebra--Geometry; and
(*iii*) Physics--Chemistry or General Science as his subjects.

(5) Admissions of students for the academic year 1971-72 and subsequent years shall be governed by this Statute."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૭૭. સેનેટની આગામી ખાસ સભામાં રજૂ થનાર પ્રો. મણિશંકર પંડયાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"This meeting of the Senate recommends to amend St. 173 so as to read as under :

St. 173 :

(1) A candidate who having appeared at the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State with English as one of his subjects passes that examination with at least seven subjects or an examination considered equivalent thereto shall be considered eligible for admission to the Pre-University Class in the Faculty of Arts or the First Year Diploma Classes in the Fine Arts, on the following conditions :

(*a*) He shall be required to appear and pass in the subject of English at the S.S.C. Examination or an examination considered equivalent thereto if he had not passed in English at the S.S.C. Examination before he was admitted to the Pre-University Class or the First Year Diploma Class in Fine Arts, as the case may be, under the substantive provisions mentioned in No. (1) above; and

(*b*) He shall not be declared to have passed the Pre-University Arts Examination or the First Year Diploma Examination, as the case may be, unless and until he has passed in English at the S.S.C. Examination or an examination considered equivalent thereto;

Provided always that a candidate who has not offered Algebra and Geometry at the S.S.C. Examination or an examination considered equivalent thereto shall not be permitted to offer Mathematics at the Pre-University Arts Examination.

(2) For admission to the Pre-University Class in the Faculty of Commerce, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State in at least seven subjects of which English at higher or lower level shall be one, or an examination considered equivalent thereto.

(3) For admission to the Pre-University Science Class and the First Year Diploma in Pharmacy, a candidate must have passed—

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which —

(*i*) English (at higher or lower level);

(*ii*) Algebra-Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science shall be three of them;

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with —

(*i*) English (at higher or lower level);

(*ii*) Algebra-Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(4) For admission to the Pre-University Science (Agri.) classes, a candidate must have passed —

(*a*) either S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat State in at least seven subjects of which —

(*i*) English (at higher or lower level);

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science shall be three of them.

or

(*b*) an examination considered equivalent thereto, provided that he has passed that examination with —

(*i*) English (at higher or lower level);

(*ii*) Elementary Mathematics or Algebra-Geometry; and

(*iii*) Physics-Chemistry or General Science as his subjects.

(5) Admissions of students for the academic year 1971-72 and subsequent years shall be governed by this Statute. "

આથી વધુમતે ફરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૭૮. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર આચાર્યશ્રી બી. એમ. પીરઝાદાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"કોઈ પણ સંલગ્ન કૉલેજ દર વર્ષે રૂ. ૩,૦૦૦થી વધુ જાહેરખબરનું ખર્ચ ન કરે તે બાબતમાં ઉચિત અને અસરકારક પગલાં લેવા યુનિવર્સિટીના અધિકૃત સત્તામંડળને વિનંતી કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટે ઘડેલા હાલના નિયમો પર્યાપ્ત છે એમ સિન્ડિકેટનો અભિપ્રાય છે, એમ સેનેટને જણાવવું.

૭૯. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર આચાર્યશ્રી બી. એમ. પીરઝાદાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સેનેટની આ સભા ગુજરાત યુનિવર્સિટી ઍકટની કલમ ૪૦ હેઠળ યોગ્ય પગલાં લઈ ડિગ્રી શિક્ષણનો પ્રબંધ કરવાની કારવાઈ કરવા યુનિવર્સિટીનાં અધિકૃત સત્તામંડળોને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૦ સુધારવાની જરૂર છે એ સ્પષ્ટતા કરીને સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની સૈદ્ધાન્તિક તરફેણમાં છે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૮૦. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર આચાર્યશ્રી બી. એમ. પીરઝાદાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"(અ) સંલગ્ન કૉલેજોમાં, ખાસ કરીને અમદાવાદની કૉલેજોમાં, અધ્યાપન કરનાર પ્રાધ્યાપકો અને અન્ય સ્ટાફ માટે સંલગ્ન કૉલેજો રહેઠાણ માટેના ક્વાર્ટર્સની જોગવાઈ કરે તેને આ સભા ઇચ્છનીય અને આવકારદાયક ગણે છે.

(બ) આવાં Teachers' Quarters બાંધવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન કૉલેજોને ૧૦ ટકા ગ્રાન્ટ આપે છે તેમ જ Teachers' Hostel માટે ૬૬૨/૩ ટકા ગ્રાન્ટ આપે છે, છતાં તેનો પૂરતો લાભ પુરાંત મેળવતી કૉલેજો લે અને પુરાંતોનો ઉપયોગ આ હેતુ માટે કરે તે માટે યુનિવર્સિટી સિન્ડિકેટ અને અન્ય અધિકૃત મંડળોને અસરકારક પગલાં લેવા અનુરોધ કરે છે."

(અ) આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની ભાવના સાથે સંમત છે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૮૧. સેનેટની આગામી ખાસ સભા સમક્ષ રજૂ થનાર આચાર્યશ્રી બી. એમ. પીરઝાદાના નીચેના પ્રસ્તાવ પર અભિપ્રાય આપવા બાબત :

"સંલગ્ન કૉલેજોમાં અધ્યાપન કરનારી વ્યકિતઓ ખાનગી અથવા વ્યવસાયી ટ્યૂશન ન કરે તેવો નિયમ યુનિવર્સિટીએ કરેલો છે. તે નિયમનો ચુસ્તપણે અમલ થાય તે જોવા એક સ્ટેન્ડિંગ કમિટી-(અથવા અન્ય પેટાસમિતિ)ની નિમણૂક કરવાની સિન્ડિકેટને સેનેટની આ સભા ભલામણ કરે છે."

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે સિન્ડિકેટ સદરહુ પ્રસ્તાવની તરફેણમાં છે, એમ સેનેટને અભિપ્રાય જણાવવો.

૮૨. વિક્ટોરિયા જ્યુબિલી હૉસ્પિટલ, અમદાવાદને ઓ. ૨૭૨ અને ૨૭૨--એ મુજબ ફરજિયાત "રેટિંગ હાઉસમૅનશિપ" માટે માન્યતા આપવા માટે હૉસ્પિટલના માનાર્હ મંત્રીશ્રી તરફથી આવેલા તા. ૨૨-૮-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ રચવી.

(૧) ડૉ. જે. બી. હરિભક્તિ
(૨) ડૉ. કે. આર. શ્રૉફ.

આ તબક્કે કુલપતિ શ્રી. ઉમાશંકર જોશી સભાગૃહમાં આવતાં તેઓશ્રીએ શ્રી. ઝીણાભાઈ દેસાઈ પાસેથી પ્રમુખપદ સંભાળ્યું.

૮૩. સને ૧૯૬૯-૭૦ના વર્ષ માટે "આચાર્ય ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક" (વિનયન વિદ્યાશાખા) એનાયત કરવા બાબતમાં નીચે જણાવેલ નિયમ પ્રમાણે સમિતિ રચવા બાબત :

RULE

"A Gold Medal named 'Principal Dr. K. G. Naik Gold Medal' of the value of about Rs. 190/- shall be awarded annually alternately, by turns in the Faculty of Science and the Faculty of Arts to a person from amongst the teachers in the affiliated colleges or recognised institutions, or departments of the Gujarat University whose Research Work published during the years preceding the Convocation is adjudged to be of the highest merit by a special committee of experts, who have made their marks in their respective fields of work, but not necessarily confined to the Gujarat University. This committee shall be appointed by the Syndicate of the Gujarat University every year, and its decision shall be final."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવા :

(૧) પ્રો. સી. એન. વકીલ
(૨) ડૉ. આલુ દસ્તૂર
(૩) પ્રો. મનસુખલાલ ઝવેરી.

૮૪. ઑક્ટોબર ૧૯૭૦માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટે મુખ્ય નિરીક્ષકોની નિમણૂકો કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑક્ટોબર ૧૯૭૦માં લેવાનારી જુદી જુદી પરીક્ષાઓ માટે શક્ય તેટલી જુદી જુદી કૉલેજમાંથી મુખ્ય નિરીક્ષકોના પસંદગી કરીને નિમણૂક કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮૫. થર્ડ બી.કૉમ. પરીક્ષામાં બૅંકિંગનો ઐચ્છિક (optional) વિષય લઈ સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને અપાતું "બૅન્ક ઑફ બરોડા પારિતોષિક" ચાલુ વર્ષે એપ્રિલ ૧૯૭૦માં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૫ શ્રી. પટેલ કાંતિલાલ ભગવાનદાસને એનાયત કરવામાં આવેલ છે. તેના સંદર્ભમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષાનું ગુણપત્રક મોકલવામાં વિલંબ થવાથી જેનું પરિણામ અનામત રહેલ તે વિદ્યાર્થી બેઠક નંબર ૪૨ શ્રી. પરીખ અનિલ કે. જેમના સદરહુ વિષયમાં કુલ ગુણાંક સૌથી વધુ થવાને કારણે સદરહુ પારિતોષિક તેમને એનાયત કરવા અંગેની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. પટેલ કાંતિલાલ ભગવાનદાસ બેઠક ક્રમાંક ૪૫ના બૅંકિંગ વિષયમાં $\frac{૬૯}{૩૪}$ અને કુલ ગુણાંક $\frac{૪૩૧}{૮૦૦}$ છે જ્યારે બેઠક નંબર ૪૨ શ્રી. પરીખ અનિલ કે. ના $\frac{૭૦}{૩૭}$ અને કુલ ગુણાંક $\frac{૪૩૪}{૮૦૦}$ છે.)

(**નોંધ.**— શ્રી. પરીખ અનિલ કે.ને બબ્બેવાર પત્ર લખવા છતાં ક્રેડિટ ગુણાંકની ગણતરી માટે ફર્સ્ટ બી.કૉમ. પરીક્ષાનું ગુણપત્રક વેળાસર ન મોકલવાથી આમ બનવા પામ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૦ની થર્ડ બી.કૉમ.ની પરીક્ષાનું પરિણામ તા. ૯-૬-૧૯૭૦ના રોજ જાહેર કરવામાં આવ્યું તે દિવસે સદરહુ પારિતોષિક વિદ્યાર્થી નં ૪૫ શ્રી. પટેલ કાન્તિલાલ ભગવાનદાસને આપવાનું જાહેર કરવામાં આવેલું છે, તેમાં કશી ભૂલ થયેલ નથી, તેથી તેમાં ફેરફાર કરીને હવે તે પારિતોષિક પોતાને આપવાની શ્રી. અનિલ કે. પરીખની વિનંતી મંજૂર કરી શકાય તેમ નથી.

૮૬. ૧૯૭૦-૭૧ના શૈક્ષણિક વર્ષ દરમિયાન નીચે જણાવેલ કાયમી જોડાણની માન્યતા મળેલ સંલગ્ન કૉલેજો/માન્ય સંસ્થાઓ માટે ત્રિવાર્ષિક તપાસસમિતિઓ નીમવા બાબત :

૧. જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	...	વિજ્ઞાન
૨. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	...	વિનયન-વિજ્ઞાન
૩. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	...	શિક્ષણ
૪. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	...	તબીબી
૫. એમ. એન. કૉલેજ, વીસનગર	...	વિનયન-વિજ્ઞાન
૬. સિટી લૉ કૉલેજ, અમદાવાદ	...	કાનૂન
૭. શેઠ કે. એમ. સ્કૂલ ઑફ પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિસિન ઍન્ડ રિસર્ચ, અમદાવાદ	...	તબીબી

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૭. ઇક્વિવેલેન્સ સમિતિની તા. ૧-૬-૧૯૭૦ની સભાની ભલામણો નં. ૨થી ૧૦ અને ૧૨થી ૨૬ મંજૂર કરવા તથા બાબત ક્રમાંક ૧૧ સિન્ડિકેટે તેની તા. ૬/૭-૬-૧૯૭૦ની સભામાં સૂચવ્યા મુજબ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫-૭-૧૯૭૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(અ) કેમ્બ્રિજ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી ઈસ્ટ આફ્રિકન સ્કૂલ સર્ટિફિકેટ એન્ડ જી.સી.ઈ. પરીક્ષાને ઑર્ડિનરી લેવલે પસાર કરી હોય તે પરીક્ષાને ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય ગણીને પ્રી-યુનિવર્સિટીના વિનયન અને વાણિજ્ય વર્ગમાં પ્રવેશપાત્ર ગણવાનું ચાલુ રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષા (૧) ફિઝિકસ, (૨) બાયોલોજી, (૩) મૅથેમેટિકસ અને ઍડિશનલ મૅથેમેટિકસ સાથે પસાર કરનાર વિદ્યાર્થીને પ્રી-યુનિ. સાયન્સમાં પ્રવેશપાત્ર ગણવો.

(બ) જો કોઈ વિદ્યાર્થીએ સદરહુ પરીક્ષા ઍડવાન્સ્ડ લેવલે પસાર કરી હોય તો તેને પ્રી-યુનિ. તુલ્ય ગણીને ફર્સ્ટ ઇયર વિનયન કે વાણિજ્યના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવો.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે સદરહુ પરીક્ષા (૧) ફિઝિકસ અને કેમિસ્ટ્રી, (૨) બાયોલોજી, (૩) મૅથેમેટિકસ અને ઍડિશનલ મૅથેમેટિકસ સાથે પસાર કરનાર વિદ્યાર્થીને એફ.વાય.બી.એસસી.માં પ્રવેશપાત્ર ગણવો.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૮. ભારતીય વહીવટી સેવા (આઈ.એ.એસ.) અને અન્ય અખિલ ભારતીય સ્પર્ધાત્મક પરીક્ષાઓ બાબતમાં સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૨૨-૭-૧૯૭૦ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૮૯. ગ્રંથાલય સમિતિની તા. ૨૬-૮-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીના પ્રત્યેક ભવનમાં તેનું પોતાનું નાનું વિભાગીય પુસ્તકાલય રાખવું જોઈએ" તે બાબત એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮ અને ૨૩-૧-૧૯૭૦ની સભામાં સિન્ડિકેટ ઉપર મોકલાવેલ. તે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૭-૧૯૭૦ની સભામાં ગ્રંથાલય સમિતિ સમક્ષ વિચારણા માટે મોકલવાનું ઠરાવેલ. તેના અનુસંધાનમાં ગ્રંથાલય સમિતિ નીચે મુજબ સિન્ડિકેટને ભલામણ કરે છે :

યુનિવર્સિટી ભવનોમાં નીચે પ્રમાણે ત્રણ વિભાગીય ગ્રંથાલયો ઊભાં કરવાં :

૧. ભાષા-સાહિત્ય ભવનમાં એક

૨. સમાજવિદ્યા ભવન અને મનોવિજ્ઞાન ભવન માટે સંયુક્ત વિભાગીય ગ્રંથાલય—સમાજવિદ્યા ભવનના મકાનમાં.

૩. વિજ્ઞાન વિદ્યાભવન માટેનું વિભાગીય ગ્રંથાલય—રસાયણશાસ્ત્ર વિભાગના મકાનમાં.

દરેક વિભાગીય પુસ્તકાલયમાં વિષય દીઠ વધુમાં વધુ ૪૦૦ પુસ્તકો કેન્દ્રીય ગ્રંથાલયમાંથી આપવાં. આ પુસ્તકો આપતાં રોજબરોજ જરૂરિયાતનાં પુસ્તકોની એક નકલ કેન્દ્રીય ગ્રંથાલયમાં અવશ્ય રાખવી.

આ દરેક ગ્રંથાલયમાં એક એક કારકુન અને એક એક પટાવાળા મળીને કુલ ત્રણ કારકુન અને ત્રણ પટાવાળાની જગ્યા ઊભી કરવી.

કુલ ત્રણેય ગ્રંથાલયોમાં થઈને નીચે મુજબનું ફર્નિચર લેવાનું રહેશે, જેનું અંદાજી ખર્ચ રૂ. ૪૯,૦૫૦ થશે :

૪૦ કબાટો પુસ્તકો માટે
૧૩ સામયિકો મૂકવાના લાકડાના ઘોડા
૧૭૦ ખુરસીઓ
૮૫ રીડિંગ ટેબલ્સ
૩ સ્ટાફ માટે ટેબલ્સ
૩ સ્ટાફ માટે ખુરસીઓ
૬ સ્ટૂલ.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

"યુનિવર્સિટીના પ્રત્યેક ભવનમાં તેનું પોતાનું નાનું વિભાગીય પુસ્તકાલય રાખવું જોઈએ" તે બાબત એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૭/૮ અને ૨૩–૧–૧૯૭૦ની સભામાં સિન્ડિકેટ ઉપર મોકલાવેલ. તે સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨–૭–૧૯૭૦ની સભામાં ગ્રંથાલય સમિતિ સમક્ષ વિચારણા માટે મોકલવાનું ઠરાવેલ તેના અનુસંધાનમાં ગ્રંથાલય સમિતિ નીચે મુજબ સિન્ડિકેટને ભલામણ કરે છે :

યુનિવર્સિટી ભવનોમાં નીચે પ્રમાણે ત્રણ વિભાગીય ગ્રંથાલયો ઊભાં કરવાં :

૧. ભાષા-સાહિત્ય ભવનમાં...એક
૨. સમાજવિદ્યા ભવન અને મનોવિજ્ઞાન વિદ્યાભવન માટે સંયુક્ત વિભાગીય ગ્રંથાલય સમાજવિદ્યા ભવનના મકાનમાં
૩. વિજ્ઞાન વિદ્યાભવન માટેનું વિભાગીય ગ્રંથાલય રસાયણશાસ્ત્ર વિભાગના મકાનમાં.

દરેક વિભાગીય પુસ્તકાલયમાં વિષય દીઠ વધુમાં વધુ ૪૦૦ પુસ્તકો કેન્દ્રીય ગ્રંથાલયમાંથી આપવાં.

આ પુસ્તકો આપતાં રોજબરોજ જરૂરિયાતનાં પુસ્તકોની એક નકલ કેન્દ્રીય ગ્રંથાલયમાં અવશ્ય રાખવી.

આ દરેક ગ્રંથાલયમાં એક એક કારકુન અને એક એક પટાવાળા મળીને કુલ ત્રણ કારકુન અને ત્રણ પટાવાળાની જગ્યા ઊભી કરવી.

કુલ ત્રણેય ગ્રંથાલયોમાં થઈને નીચે મુજબનું ફર્નિચર લેવાનું રહેશે, જેનું અંદાજી ખર્ચ રૂ. ૪૯,૦૫૦ થશે :

૪૦ કબાટો—પુસ્તકો માટે
૧૩ સામયિકો મૂકવાના લાકડાના ઘોડા
૧૦૦ ખુરશીઓ
૮૫ રીડિંગ ટેબલ્સ
૩ સ્ટાફ માટે ટેબલ્સ
૩ સ્ટાફ માટે ખુરશીઓ
૬ સ્ટૂલ.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનો માટે જુદાં વિભાગીય પુસ્તકાલયો ઊભાં કરવાના સિદ્ધાંતનો સ્વીકાર કરવો અને આ વિભાગીય પુસ્તકાલય માટે સ્ટાફ અંગેનો પ્રશ્ન સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવો.

૨૨. ઈક્વિવેલેન્સ સમિતિની તા. ૧--૬--૧૯૭૦ની ભલામણો નં. ૨થી ૧૦ અને ૧૨થી ૨૬ મંજૂર કરવા તથા બાબત ક્રમાંક ૧૧ સિન્ડિકેટે તેની તા. ૬/૭--૬--૧૯૭૦ની સભામાં સૂચવ્યા મુજબ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારીને સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫--૭--૧૯૭૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત :

(અ) કેમ્બ્રિજ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી ઈસ્ટ આફ્રિકન સ્કૂલ સર્ટિફિકેટ ઍન્ડ જી.સી.ઈ. પરીક્ષાને ઑર્ડિનરી લેવલે પસાર કરી હોય તે પરીક્ષાને ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય ગણીને પ્રી-યુનિવર્સિટીના વિનયન અને વાણિજ્ય વર્ગમાં પ્રવેશપાત્ર ગણવાનું ચાલુ રાખવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષા (૧) ફિઝિક્સ, (૨) બાયોલોજી, (૩) મૅથેમેટિક્સ અને એડિશનલ મૅથેમેટિક્સ સાથે પસાર કરનાર વિદ્યાર્થીને પ્રી-યુનિ. સાયન્સમાં પ્રવેશપાત્ર ગણવો.

(બ) જો કોઈ વિદ્યાર્થીએ સદરહુ પરીક્ષા એડવાન્સ્ડ લેવલે પસાર કરી હોય તો તેને પ્રી-યુનિવર્સિટી તુલ્ય ગણીને ફર્સ્ટ ઈયર વિનયન કે વાણિજ્યના વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવો.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે સદરહુ પરીક્ષા (૧) ફિઝિક્સ અને કેમિસ્ટ્રી, (૨) બાયોલોજી, (૩) મૅથેમેટિક્સ અને એડિશનલ મૅથેમેટિક્સ સાથે પસાર કરનાર વિદ્યાર્થીને એફ.વાય.-બી.એસસી.માં પ્રવેશપાત્ર ગણવો.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણ નં. ૨થી ૧૦ અને ૧૨ થી ૨૬ મંજૂર કરવાની બાબતમાં તથા સદરહુ સમિતિની ભલામણ નં. ૧૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવાની બાબતમાં એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫--૭--૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧-૬-૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૩. શ્રી. આર. કે. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદમાં અર્થશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપકને બદલે મુલાકાતી પ્રાધ્યાપકની નિમણૂક કરેલી હોઈ તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. કે. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદમાં અર્થશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપકને બદલે મુલાકાતી પ્રાધ્યાપકની તેણે કરેલી વ્યવસ્થા ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવી અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૧થી યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે, અને જો તેમ કરવામાં આવશે નહીં તો ટી.વાય.બી.એ.ના વર્ગમાં અર્થશાસ્ત્ર(સ્પેશિયલ)ના વિષયવાળા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહીં તેમ જણાવવું.

૨૪. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ અને શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકામાં કૉલેજનો સમય સવારનો છે તે બદલીને ૧૫ જૂન ૧૯૭૧થી બપોરનો કરવા માટે પરવાનગી આપવા માટે તે કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સ્થાનિક તપાસ કરીને પોતાનો અહેવાલ રજૂ કરવા માટે સમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૫. એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ શ્રી. જી. એમ. નવલલાલજી આર્ટ્સ કૉલેજ, દહેગામમાં વાણિજ્યના વર્ગો, જે બપોરે ચાલતા હતા તે, હવે કૉલેજ નવા મકાનમાં ખસેડી હોવાથી બંને વિદ્યાશાખાના વર્ગો તા. ૩૧-૮-૧૯૭૦થી સવારે રાખવા અંગેની પરવાનગી આપવા માટે તે કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં વાણિજ્યના વર્ગોનો સમય બદલીને સવારનો રાખવા માટેની સદરહુ કૉલેજની વિનંતી મંજૂર કરવી નહીં.

તે પછી સભાગૃહની સંમતિથી કૉલેજમાં સવારના વર્ગો બંધ કરવા અંગેનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.

તે અંગે ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓમાં ૧૫મી જૂન ૧૯૭૨થી સવારના વર્ગો ચલાવવાનું બંધ કરીને તે બપોરના ભાગે ચલાવવા માટે તે વિદ્યાશાખાઓની કૉલેજોને જણાવવું.

૨૬. આર્ટ્સ કૉલેજ, સંખેડામાં અર્થશાસ્ત્રના વિષયના શિક્ષણકાર્ય માટે લાયકાત ધરાવતા પ્રાધ્યાપક અપ્રાપ્ય હોવાથી ચાલુ વર્ષ પૂરતું સદરહુ વિષયનું શિક્ષણકાર્ય મુલાકાતી પ્રાધ્યાપક દ્વારા ચલાવવાની સદરહુ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ કૉલેજ, સંખેડામાં અર્થશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપકને બદલે મુલાકાતી પ્રાધ્યાપકની તેણે કરેલી વ્યવસ્થા ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવી, અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૧થી યોગ્ય લાયકાત ધરાવતા અર્થશાસ્ત્રના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે, અને જો તેમ કરવામાં આવશે નહીં તો ટી.વાય.બી.એ.ના વર્ગોમાં અર્થશાસ્ત્ર(સ્પેશિયલ)ના વિષયવાળા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહીં તેમ જણાવવું.

૨૭. એમ. એન. ફાર્મસી કૉલેજ, ખંભાતમાં વિદ્યાર્થી-પ્રવેશ અંગે તેની તા. ૮/૯-૮-૧૯૭૦ની સભામાં કરેલા નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

"સદરહુ કૉલેજમાં સંસ્થાના સ્થાનિક દાતા સભ્યોની ભલામણ પરથી દાખલ કરવા માટે કેટલી જગ્યાઓ અનામત (reserve) મૂકવી તે બાબત અંગે ભવિષ્યમાં વિચારવાનું રાખવું."

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં દાતાઓને માટે અનામત રાખવામાં આવેલી વિદ્યાર્થીઓની જગ્યાઓ અંગેની માહિતી મગાવીને તે સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

૨૭-અ. એમ.એડ.ના જૂના અભ્યાસક્રમ મુજબની વધુ એક પરીક્ષા લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એડ.ના જૂના અભ્યાસક્રમ મુજબની વધુ એક પરીક્ષા જૂન ૧૯૭૧માં લેવાનું રાખવું.

૨૮. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજમાં કાર્ય કરતા ડેમોન્સ્ટ્રેટર્સનાં સુધારેલાં પગારધોરણ અંગે સ્નાતક પદવી ધરાવતા અને અનુસ્નાતક પદવી ધરાવતા ડેમોન્સ્ટ્રેટરો માટે અલગ અલગ પગારધોરણો રાખવાનું સૂચવતા એમ. જી. સાયન્સ ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદ તથા અમદાવાદ સાયન્સ કૉલેજ, અમદાવાદના આચાર્યોના તા. ૭-૮-૧૯૭૦ના પત્રો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં ડેમોન્સ્ટ્રેટરોનું પગારધોરણ હાલ નક્કી કરેલું છે તેમાં ફેરફાર કરીને સ્નાતક અને અનુસ્નાતક ડિગ્રીઓ ધારણ કરનારને માટે બે જુદાં જુદાં પગારધોરણો રાખવા અંગેની આચાર્યશ્રીની સદરહુ વિનંતી મંજૂર કરવી નહીં.

૨૯. યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓના પ્રશ્નપત્રોનો પરીક્ષાવાર અને વર્ષવાર સંગ્રહ તૈયાર કરીને વેચાણ માટે ઉપલબ્ધ કરવાની બાબતમાં, કેટલાક પ્રશ્નપત્રો હસ્તલિખિત સ્વરૂપમાં હોય છે તેના સંદર્ભમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભવિષ્યમાં યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓના પ્રશ્નપત્રો પરીક્ષાવાર અને વર્ષવાર સંગ્રહ તૈયાર કરીને તે વેચાણ માટે ઉપલબ્ધ કરવાનું રાખવું અને તે સંગ્રહોમાં હસ્તલિખિત પ્રશ્નપત્રોની સાઇક્લોસ્ટાઈલ નકલોનો સમાવેશ કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયે જરૂરી પગલાં લેવાં.

તે પછી તા. ૩-૧૦-૧૯૭૦ના રોજ સભાગૃહનું કામકાજ બંધ રાખવામાં આવ્યું, અને રવિવાર, તા. ૪-૧૦-૧૯૭૦ના રોજ સભાગૃહ ફરી મળતાં બાકીનું કામકાજ આગળ ચલાવવામાં આવ્યું.

૩૦. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની તંત્રરચના, શિક્ષકોની કામગીરી, કાર્યબોજ, અનુસ્નાતક શિક્ષણ અંગેના પ્રશ્નો જોઈતપાસીને રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૨૮/૨૯-૯-૧૯૬૮ની સભામાં નીમેલી સમિતિના હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સદરહુ રિપોર્ટમાં અનુસ્નાતક કેન્દ્રો અંગે જે સૂચનો કરવામાં આવ્યાં છે તે સૂચનો બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવાં; અને

(૨) અનુસ્નાતક વિદ્યાભવનોની બાબતમાં સદરહુ સમિતિએ કરેલાં સૂચનો સામાન્ય રીતે સ્વીકારવાં, અને સદરહુ રિપોર્ટની નકલ યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના અધ્યક્ષોને મોકલીને તેમનું વ્યકતવ્ય મગાવવું.

તે પછી સભાગૃહની સંમતિથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૩૦--અ. કુલપતિ શ્રી. ઉમાશંકર જોશી તા. ૧૩મી ઑક્ટોબર ૧૯૭૦થી ૨૩મી ઑક્ટોબર ૧૯૭૦ સુધી વિશ્વધર્મ અને શાંતિ અંગેની પરિષદમાં હાજરી આપવા માટે જાપાનના પ્રવાસે જનાર હોઈ તેમની ગેરહાજરી દરમ્યાન ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૦(૩) હેઠળ જરૂરી વ્યવસ્થા કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૩--૧૦--૧૯૭૦થી તા. ૨૩--૧૦--૧૯૭૦ સુધીની કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીની ગેરહાજરી દરમિયાન ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૦ (૩) હેઠળ કુલપતિશ્રીની કામગીરી બજાવવા માટે શ્રી. ડોણાભાઈ ૨. દેસાઈની નિમણૂક, કુલાધિપતિશ્રીની મંજૂરીને આધીન, કરવી.

૩૧. કાયદાની વિદ્યાશાખાની તા. ૩૧--૮--૧૯૭૦ની સભાએ કરેલ નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"ઑલ-ઇન્ડિયા હિંદુ લૉ રિસર્ચ ઍન્ડ ઍસોસિયેશન, મુંબઈનો સુવર્ણચંદ્રક દર વર્ષે બીજી એલએલ.બી. પરીક્ષામાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થનાર અને હિંદુ લૉ પેપરમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને એનાયત કરવાનો હોય છે. બીજી એલએલ.બી.ના નવા અભ્યાસક્રમ મુજબ હિંદુ અને મુસ્લિમ લૉ બંનેનો એક પેપર હોઈ આ સુવર્ણચંદ્રક એનાયત કરવા અંગે ઘટતો નિયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

વિદ્યાશાખાનો ઠરાવ

The faculty resolves that for purpose of awarding Gold Medal Paper I on "Hindu Law" (2nd LL.B.) may be treated as Hindu Law."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રકની બાબતમાં કાયદાની વિદ્યાશાખાની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૨. સેનેટની તા. ૨૫/૨૬/૨૭--૩--૧૯૭૦ની વાર્ષિક સભામાં ચર્ચાવિચારણા દરમ્યાન થયેલ જુદાં જુદાં સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચનો અંગે તેની સામે જણાવ્યા મુજબ કાર્યવાહી કરવાનું ઠરાવવામાં આવ્યું :

૧. અનુસ્નાતક શિક્ષણ :

સૂચન	ઠરાવ
(૧) અનુસ્નાતક કેન્દ્રો કેમ ચાલે છે તે તપાસવું.	સદરહુ સૂચન બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની વિચારણા માટે મોકલવું.
(૨) અનુસ્નાતક કેન્દ્રોમાં સંશોધનની વ્યવસ્થા કરવી જોઈએ.	સદરહુ સૂચન સ્વીકારવું નહીં.
(૩) અનુસ્નાતક શિક્ષણ માટેનું માનદ વેતન આપવું જોઈએ.	અનુસ્નાતક શિક્ષણ માટેના માનદ વેતન અંગેનાં ધારાધોરણોમાં હાલ કશો ફેરફાર કરવો નહીં.

૨. યુનિવર્સિટીનાં વિદ્યાભવનો :

સૂચન	ઠરાવ
(૧) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોની ખાધ, આવક, સાધનો ઊભાં કરીને અને વધુ ગ્રાન્ટ મળતીને ઓછી કરવી જોઈએ.	યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શક્ય તેટલી કરકસર થાય તે માટે જરૂરી પગલાં લેવા માટે વિદ્યાભવનોના અધ્યક્ષોને જણાવવું.
(૨) અનુસ્નાતક શિક્ષણ માટે કેન્દ્રોના પ્રમાણમાં યુનિવર્સિટીનાં વિદ્યાભવનો માટે વધુ ખર્ચ કરીએ છીએ, આથી ભવનોમાં ખર્ચ ઘટે કે સાધનસગવડ વધુ મળે તેમ કરવું જોઈએ.	— ,,
(૩) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં અમુક શિક્ષકોને કેવળ શિક્ષણનું અને અમુક શિક્ષકોને કેવળ સંશોધનનું કામ સોંપવું.	યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષણ અને સંશોધનની પ્રવૃત્તિઓ પરસ્પરથી અલગ પાડવી જોઈએ નહીં.
(૪) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં સંશોધનને બદલે શિક્ષણ અને બૌદ્ધિક વાતાવરણ પર વધુ ભાર મૂકવો જોઈએ.	— ,, —
(૫) સંશોધન અને શિક્ષણને છૂટાં પાડવાં ન જોઈએ.	— ,, —
(૬) યુનિવર્સિટીનાં વિદ્યાભવનો સંશોધન કરે, અને અનુસ્નાતક શિક્ષણ કૉલેજો આપે તેવી વ્યવસ્થા ઉપજાવવી જોઈએ.	— ,, —
(૭) યુનિવર્સિટીનાં વિદ્યાભવનો અને કૉલેજોની વચ્ચે જીવતો સંપર્ક રહે તેમ કરવું જોઈએ.	આથી સદરહુ બાબત અંગે શાં પગલાં લેવાં જોઈએ તે અંગે યુનિવર્સિટીનાં વિદ્યાભવનો પાસેથી સૂચનો મગાવવાં.
(૮) યુનિવર્સિટીનું પ્રત્યેક વિદ્યાભવન સંશોધન માટે લાંબા ગાળાનો પ્રોજેક્ટ પણ કરે.	યુનિવર્સિટીનાં પ્રત્યેક વિદ્યાભવનોમાં સંશોધન માટે લાંબા ગાળાના પ્રોજેક્ટો હાથ ધરવામાં આવે તે જોવા માટે જે તે વિદ્યાભવનોના અધ્યક્ષોને જણાવવું.
(૯) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં પોતાનાં મુખપત્રો હોવાં જોઈએ.	યુનિવર્સિટીના સંશોધન-લેખો માટે હાલ એક જ મુખપત્ર "વિદ્યા" ચાલે છે તેને સ્થાને જૂન ૧૯૭૧થી માનવવિદ્યા અને વિજ્ઞાનવિદ્યાનાં ક્ષેત્રો માટે બે અલગ અલગ મુખપત્રો શરૂ કરવાનું રાખવું; અને તેમનાં નામ અનુક્રમે "વિનયન વિદ્યા" અને "વિજ્ઞાન વિદ્યા" રાખવાં અને તે માટે અલગ-અલગ સંપાદકમંડળો રચવાનું રાખવું.

સૂચન	ઠરાવ
(૧૦) વિદેશથી આવતાં "જર્નલ્સ"માં જે કોઈ નવું પ્રદાન થયું હોય તો તેનો સાર ગુજરાતીમાં મળે તેવી વ્યવસ્થા થવી જોઈએ.	ઉપર નં. ૯માં જણાવેલ મુખપત્રોમાં આ માટે એક એક વિભાગ રાખવા માટે તે મુખપત્રોનાં સંપાદકમંડળોને જણાવવું.
(૧૧) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને પોતાનાં ગ્રંથાલયો હોવાં જોઈએ.	સદરહુ સૂચનનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો.
(૧૨) યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં શિક્ષકોની વધુ જગ્યાઓ ઊભી કરવી જોઈએ.	સદરહુ સૂચનની નોંધ લેવી.
૩. પરીક્ષા :	
(૧) પરીક્ષાપદ્ધતિનું મૂલ્યાંકન કરવા સમિતિ રાખવી જોઈએ.	આ યુનિવર્સિટીની પરીક્ષાઓના સંદર્ભમાં સેમેસ્ટર પદ્ધતિ અને આંતરિક મૂલ્યાંકનની બાબતમાં સમગ્ર રીતે વિચારણા કરીને પોતાનો સુચિંતિત રિપોર્ટ રજૂ કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ રચવી : (૧) ડૉ. વિક્રમ સારાભાઈ (૨) શ્રી. રણજિતરાય શાસ્ત્રી (૩) પ્રો. મણિશંકર પંડ્યા (૪) ડૉ. જે. એચ. હરિભક્તિ (૫) ડૉ. પી. સી. વૈદ્ય (૬) આચાર્ય એસ. આર. ભટ્ટ (૭) શ્રી. ઇન્દ્રવદન એમ. મોદી (૮) ડૉ. કે. જી. દેસાઈ (૯) શ્રી. રવીન્દ્ર એમ. દવે (૧૦) આચાર્ય આર. એસ. ત્રિવેદી (૧૧) ડૉ. કે. બી. શાહ (૧૨) શ્રી. જે. પી. ત્રિવેદી (૧૩) શ્રી. પી. એફ. પટેલ (૧૪) શ્રી. કે. પી. શાહ
(૨) આંતરિક મૂલ્યાંકન અંગે પૂરતી વિચારણા થઈ ન હોઈ તે માટે પરિસંવાદો ગોઠવવા જોઈએ.	— „ —
(૩) "સેમેસ્ટર" પદ્ધતિ કૉલેજોમાં લઈ જઈને યુનિવર્સિટી માત્ર "કૉમ્પ્રેહેન્સિવ" છેલ્લી જ પરીક્ષા લેવાનું રાખે અને બાકીની બધી જ પરીક્ષાઓ કૉલેજોને સોંપવી જોઈએ.	— „ —
(૪) પરીક્ષાઓ કૉલેજોને સોંપવાથી મુશ્કેલી ઊભી થશે અને યુનિવર્સિટીની આવક ઘટશે.	સદરહુ સૂચનની નોંધ લેવી.

સૂચન	ઠરાવ
(૫) અભ્યાસક્રમ ઘડવા માટે કૉલેજોને અનુકૂળતા કરી આપવી જોઈએ. કૉલેજો પ્રયોગશીલ બને તેમ કરવું જોઈએ.	સદરહુ સૂચન નં. ૧માં જણાવેલ સમિતિને મોકલવું.
(૬) પરીક્ષાપદ્ધતિમાં "ક્રેડિટ" પદ્ધતિ દાખલ કરવી જોઈએ.	— „ —
(૭) પ્રાયોગિક પરીક્ષાઓમાં પ્રયોગશાળાઓમાં જૂનાં સાધનો હોય તો તપાસી લેવાં જોઈએ.	વિજ્ઞાન અને ફાર્મસીની વિદ્યાશાખાઓમાં પ્રાયોગિક પરીક્ષાઓ માટે, પ્રાયોગિક કાર્યો માટેનાં સાધનોની યાદી વિષયવાર અને ધોરણવાર તૈયાર કરવા માટે જે તે વિષયોની અભ્યાસ-સમિતિઓને જણાવવું.
(૮) પ્રશ્નપત્રો છાપવાની વ્યવસ્થા યુનિવર્સિટીએ સીધી હાથ ધરવી જોઈએ.	સદરહુ સૂચનની નોંધ લેવી.
(૯) પરીક્ષાઓમાં "સુપરવિઝન"ની વ્યવસ્થા વધુ કરકસરપૂર્વક કરી શકાય.	સદરહુ સૂચનની નોંધ લેવી.
(૧૦) ગુણપત્રક માટે ફી ન લેવી જોઈએ, જરૂર પડે તો પરીક્ષા ફી વધારીને પણ આ કામ કરવું જોઈએ.	સૂચન નં. ૧૦ અને ૧૩ની વિચારણા સાથે કરીને પ્રસ્તાવ રજૂ કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયને જણાવવું.
(૧૧) પ્રશ્નપત્રોના સેટ્સ મળી શકે તેવી વ્યવસ્થા વિચારવી જોઈએ.	સદરહુ સૂચન સ્વીકારવું.
(૧૨) પદવીદાન માટે બીજી વ્યવસ્થા વિચારવી જોઈએ.	યુનિવર્સિટીના પદવીદાન સમારંભોનો કાર્યક્રમ વધુ ટૂંકો અને મધુર તથા હેતુલક્ષી બને તે દૃષ્ટિએ સેનેટના સભ્યો પાસેથી સૂચનો મગાવવાં તથા બીજી યુનિવર્સિટીઓમાં તે બાબતમાં શી કાર્યવાહી થાય છે તે અંગેની માહિતી મગાવવી, અને તે સૂચનો/માહિતી આવ્યેથી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.
(૧૩) પરીક્ષા ફી વધારવી.	આ સૂચનની વિચારણા ઉપર સૂચન નં. ૧૦ સાથે થયેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.
(૧૪) પરીક્ષકોનું મહેનતાણું વધારવું જોઈએ.	સદરહુ સૂચનની નોંધ લેવી.
(૧૫) "સબ્જેક્ટિવ" અને "ઑબ્જેક્ટિવ" રીતે પરીક્ષણ થઈ શકે તે માટે અભ્યાસક્રમો ઘડવા જોઈએ.	સદરહુ સૂચન ઉપર નં. ૧માં જણાવેલ કમિટીને વિચારણા માટે મોકલવું.

સૂચન	ઠરાવ
(૧૬) સામાન્ય શિક્ષણમાં "મૅરેજ ઍન્ડ ફેમિલી રિલેશન્સ"નો સમાવેશ કરવો જોઈએ.	સદરહુ સૂચન જનરલ એજ્યુકેશનની અભ્યાસ સમિતિની વિચારણા માટે મોકલવું.
(૧૭) અભ્યાસક્રમોમાં "ફિલ્ડવર્ક"ના અનુભવનો સમાવેશ કરવો જોઈએ.	સદરહુ સૂચન તમામ અભ્યાસસમિતિઓની વિચારણા માટે મોકલવું.
૪. કૉલેજો :	
(૧) વિદ્યાર્થીઓને પ્રવેશ આપતાં પહેલાં "સ્ક્રીનિંગ" થવું જોઈએ અને "ઍપ્ટિટ્યૂડ ટેસ્ટ"ની વ્યવસ્થા કરવી જોઈએ.	સદરહુ સૂચનની નોંધ લેવી.
(૨) શિક્ષકો માટે "રિફ્રેશર કોર્સીસ" દાખલ કરવા જોઈએ.	સદરહુ સૂચન યુનિવર્સિટીનાં વિદ્યાભવનોને મોકલવું.
(૩) વિદ્યાર્થીઓ પાસે શિક્ષકોનું મૂલ્યાંકન કરાવવું જોઈએ.	સદરહુ સૂચનની નોંધ લેવી.
(૪) ટ્યુટોરિયલ પદ્ધતિ અંગે પરિસંવાદો યોજવા જોઈએ.	ઍકેડેમિક કાઉન્સિલે ટ્યુટોરિયલ પદ્ધતિ અંગે નીમેલ સમિતિના રિપોર્ટની સાથે આ સૂચન પણ વિચારણામાં લેવા માટે ઍકેડેમિક કાઉન્સિલને જણાવવું.
(૫) ટ્યુટોરિયલ્સ ઑબ્લિગેટરી રાખવા જોઈએ.	—,,—
(૬) તેજસ્વી વિદ્યાર્થીઓનો ટ્યુટોરિયલ્સ માટે ઉપયોગ કરવો જોઈએ.	—,,—
(૭) પુસ્તકો અને સંશોધન કામ વિના શિક્ષકોને "પ્રોફેસર"નું પદ ન આપવું જોઈએ.	સદરહુ સૂચન ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવું.
(૮) કૉલેજોના શિક્ષકોની સેવાઓની શરતો સુધારવી જોઈએ.	સદરહુ સૂચનની નોંધ લેવી.
(૯) કૉલેજોનાં ગ્રંથાલયોમાં પુસ્તકોની પસંદગી અને સુલભતા બરોબર હોય તે જોવું જોઈએ.	કૉલેજોનાં ગ્રંથાલયો માટે પુસ્તકોની પસંદગી અંગે કૉલેજોને માર્ગદર્શન મળે એ દૃષ્ટિએ પુસ્તકોની યાદી તૈયાર કરવા માટે જે તે અભ્યાસસમિતિને જણાવવું.
(૧૦) વિદ્યાર્થીઓની સગવડ વધારવી જોઈએ. કૉલેજોના સહકારથી સાંજના વાચનમંડોની સગવડ કરી શકાય.	સદરહુ સૂચન અંગે શકય તે કરવા માટે કૉલેજોને ભલામણ કરવી.
(૧૧) "ઇન્સ્ટિટ્યૂશનલ ઇન્સેન્ટિવ્સ" ઊભા કરવા જોઈએ.	સદરહુ સૂચનની નોંધ લેવી.
(૧૨) દિવાળી વૅકેશન રદ કરીને અભ્યાસના દિવસો વધારવા જોઈએ.	સદરહુ સૂચનની નોંધ લેવી.

સૂચન	ઠરાવ
(૧૩) કૉલેજોના જોડાણ અંગેનું વહીવટી તંત્ર બરોબર ગોઠવવું જોઈએ. સ્થાનિક તપાસસમિતિ સાથે કાર્યાલયના કોઈ જવાબદાર અધિકારીને તે કામમાં "એસોસિયેટ" કરવા જોઈએ.	સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી: (૧) પ્રો. મણિશંકર પંડ્યા (૨) આચાર્ય એમ. સી. શાહ (૩) પ્રો. જે. બી. સાણ્ડિલ.
(૧૪) સામાન્ય શિક્ષણની વ્યવસ્થા સંતોષકારક નથી. બહારના ઉત્તમ કલાકારોની વ્યાખ્યાનશ્રેણીઓ અમદાવાદ અને બહાર ગોઠવવી જોઈએ.	સદરહુ સૂચનની નોંધ લેવી.
(૧૫) "કેસ લૉ મેથડ"થી શિક્ષણ આપવું જોઈએ.	સદરહુ સૂચન વાણિજ્યની અને ધારાશાસ્ત્રની અભ્યાસસમિતિઓની વિચારણા માટે મોકલવું.
(૧૬) યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજનાઓનો વધુ લાભ લેવાય.	સદરહુ સૂચન અંગે શ્રી. ડેવલપમેન્ટ ઑફિસરને જરૂરી પગલાં લેવા માટે જણાવવું અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની બાબતમાં કૉલેજોની અરજીઓની બાબતમાં શી પ્રગતિ થઈ છે તેનું વખતોવખત નિરીક્ષણ કરવા માટે તેમને જણાવવું.
૫. ગ્રંથાલય :	
(૧) યુનિવર્સિટી ગ્રંથાલય સવારના ૬-૦૦ વાગ્યે ઉઘાડવું જોઈએ.	સદરહુ સૂચનો ગ્રંથાલય સમિતિની વિચારણા માટે મોકલવાં.
(૨) યુનિવર્સિટી ગ્રંથાલયમાં પુસ્તકો માટે વધુ ખર્ચ માટે જોગવાઈ કરવી જોઈએ.	
(૩) યુનિવર્સિટી ગ્રંથાલયમાં પુસ્તકોના ઘસારા માટે જોગવાઈ કરવી.	
(૪) યુનિવર્સિટી ગ્રંથાલયમાં ઓપન શેલ્ફ પદ્ધતિ દાખલ કરવી.	
(૫) યુનિવર્સિટી ગ્રંથાલયમાં છેલ્લામાં છેલ્લાં પુસ્તકો હોતાં નથી.	
(૬) યુનિવર્સિટી ગ્રંથાલયે રેકોર્ડ્ઝ, ટેપ્સ, મેન્યુસ્ક્રિપ્ટ્સ, ફિલ્મ્સ મગાવવાં જોઈએ.	
(૭) યુનિવર્સિટી ગ્રંથાલયમાં કૃષિવિદ્યાનાં પુસ્તકો વસાવવાં જોઈએ.	
(૮) યુનિવર્સિટી ગ્રંથાલયે પુસ્તકો બહારની કૉલેજો/ કેન્દ્રોને મોકલવાં જોઈએ.	

સૂચન	ઠરાવ
(૯) યુનિવર્સિટી ગ્રંથાલયમાં મગાવાતાં મોંઘાં સામયિકોનો લાભ અનુસ્નાતક કેન્દ્રને મળે તેમ કરવું જોઈએ.	
(૧૦) યુનિવર્સિટી ગ્રંથાલયના કર્મચારીઓનો પૂરતો ઉપયોગ થાય તે જોવું જોઈએ.	
(૧૧) યુનિવર્સિટી ગ્રંથાલયમાં પુસ્તકોની ખરીદી જેટલો જ વહીવટી ખર્ચ આવતો હોય તો તે વિચારણા માગી લે છે.	
(૧૨) યુનિવર્સિટી ગ્રંથાલયમાં વાચકોની બેઠકની વ્યવસ્થા વધારવી જોઈએ.	
૬. બોર્ડ ઑફ સ્પોર્ટ્સ :	
(૧) વિદ્યાર્થીઓ રમતગમતમાં વધુ રસ લેતા થાય તેમ કરવું જોઈએ.	સદરહુ સૂચન બોર્ડ ઑફ સ્પોર્ટ્સની વિચારણા માટે મોકલવું.
(૨) શારીરિક શિક્ષણ માટે "સર્વે" કરવો જોઈએ.	— ,, —
(૩) શારીરિક શિક્ષણનો અભ્યાસક્રમ છેલ્લે જોઈએ અને તેનું માળખું એન.સી.સી. સમકક્ષ હોવું જોઈએ.	— ,, —
(૪) એન.એસ.એસ.નાં નાણાં કેમ વાપરવાં તે અંગે માર્ગદર્શન આપવું જોઈએ.	સદરહુ સૂચન એન.એસ.એસ. સલાહકાર સમિતિ સમક્ષ મોકલવું.
(૫) અભ્યાસેતર પ્રવૃત્તિઓ અંગેનાં વ્યાખ્યાનો અને 'યૂથ ફેસ્ટિવલ્સ' બહાર પણ યોજવાં જોઈએ.	સદરહુ સૂચન બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની વિચારણા માટે મોકલવું.
(૬) વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓ અંગેનાં પ્રવાસભથ્થાં ઓછાં થાય તેમ કરવું જોઈએ.	— ,, —
(૭) યુનિવર્સિટી પાસે પોતાનું નાટ્યગૃહ હોવું જોઈએ.	— ,, —
(૮) નાટ્યશિબિરો જેવી કાયમી વ્યવસ્થા કરવી જોઈએ.	— ,, —
(૯) 'સ્વિમિંગ પુલ' માટે મદદ મેળવીને કામ આગળ લેવું જોઈએ.	સદરહુ સૂચન બોર્ડ ઑફ સ્પોર્ટ્સની વિચારણા માટે મોકલવું.
(૧૦) એક સંગ્રહસ્થાન ઊભું કરવું જોઈએ.	સદરહુ સૂચન બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની વિચારણા માટે મોકલવું.
૭. છાત્રાલયો :	
(૧) છાત્રાલયોમાં આપાતા આહાર વિષે વિચારવું જોઈએ.	સદરહુ સૂચનો નં. ૧ થી ૪ છાત્રાલયો અંગેની બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેર સમિતિની વિચારણા માટે મોકલવાં.
(૨) છાત્રાલયોમાં ગૃહપતિએ વિદ્યાર્થીઓ સાથે વ્યક્તિગત સંપર્ક રાખવો જોઈએ.	

સૂચન	ઠરાવ
(૩) યુનિવર્સિટી અને કૉલેજોનાં છાત્રાલયોને આવરી લેતી એક યોજના હોવી જોઈએ.	
(૪) યુનિવર્સિટી છાત્રાલય આર્થિક રીતે પગભર થવું જોઈએ.	
૮. તબીબી સગવડો :	
(૧) મુખ્ય વૈદ્યકીય અધિકારીની જગ્યા કમી કરીને તેથી જે બચત થાય તેમાંથી તબીબી સગવડો વધારવી જોઈએ.	સદરહુ સૂચનો આરોગ્ય કેન્દ્રની સલાહકાર સમિતિની વિચારણા માટે મોકલવાં.
(૨) કૉલેજોમાં આરોગ્યકેન્દ્રો ચલાવવાં જોઈએ.	,,
(૩) આરોગ્યકેન્દ્રોને મદદ માટે અંદાજપત્રકમાં મોટી રકમ મુકાય છે, પણ ખર્ચ ખાસ થતું નથી.	,,
૯. પ્રકીર્ણ	
(૧) બીજી યુનિવર્સિટીઓના પ્રમાણમાં ગુજરાત યુનિવર્સિટી-ને ઓછી ગ્રાન્ટ મળે છે. આથી વધુ ગ્રાન્ટ મેળવવા પ્રયત્ન કરવા જોઈએ.	સદરહુ સૂચન સિન્ડિકેટે તેની તા. ૬--૯--૧૯૭૦ની સભામાં બાબત નં. ૪ થી નીમેલ સમિતિની વિચારણા માટે મોકલ્યું.
(૨) કરકસર કયાં થઈ શકે તેમ છે તે જોવું જોઈએ.	સદરહુ સૂચન વર્કલોડ સમિતિની વિચારણા માટે મોકલવું.
(૩) પરિસંવાદો, સંશોધન અંગે ખર્ચના અંદાજનું સ્પષ્ટ ચિત્ર હોવું જોઈએ.	સદરહુ સૂચનની નોંધ લેવી.
(૪) પરિસંવાદો માટે દૈનિક ભથ્થું વધારવું જોઈએ.	સદરહુ સૂચનની નોંધ લેવી.
(૫) પુસ્તક-પ્રકાશન માટે વધુ કામ કરવું જોઈએ.	સદરહુ સૂચન પ્રકાશનો અંગેની વહીવટી સમિતિની વિચારણા માટે મોકલવું.
(૬) સંશોધન--પ્રકાશનો બહાર પાડવાં જોઈએ.	— ,, —
(૭) વાર્ષિક અહેવાલમાં કૉલેજોની માહિતી પણ છાપવી જોઈએ.	સદરહુ સૂચન ન સ્વીકારવું.
(૮) "Literacy"ના વિસ્તરણ માટે વિદ્યાર્થીઓનો ઉપયોગ કરવો જોઈએ.	સદરહુ સૂચન એન.એસ.એસ.ની સલાહકાર સમિતિની વિચારણા માટે મોકલવું.
(૯) અતિથિગૃહ સુસજ્જ બને અને તેનો વધુ લાભ લેવાય તેવી વ્યવસ્થા કરવી જોઈએ.	સદરહુ સૂચનની નોંધ લેવી.
(૧૦) દૈનિક ભથ્થું વધારવું જોઈએ.	સદરહુ સૂચન મંજૂર કરવું નહીં.
(૧૧) એમ્પ્લોયમેન્ટ બ્યૂરોનું કામ બહુ કંગાળ પરિસ્થિતિ-માં છે, તે સુધારવું જોઈએ.	સદરહુ સૂચન શિક્ષણ અને વ્યવસાય સમિતિની વિચારણા માટે મોકલવું.

૩૩. ક્રી. એ. એન. કેલાનાં પ્રથમ એલએલ.બી તેમ જ બીજી એલએલ.બી.નાં સત્રો તથા પરિણામો તા. ૩૦–૩૧ મે ૧૯૬૯ના સિન્ડિકેટના ઠરાવથી રદ કર્યાં હોઈ તેમ જ ૩જી ઑક્ટોબર ૧૯૬૩ના પદવીદાન સમારંભમાં અર્પણ થયેલ એલએલ.બી. પદવી પાછી ખેંચવા બાબત વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં (૧) લેક્ચરર ઇન ફિઝિકસની એક જગ્યા અને (૨) લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની એક જગ્યા પૂરવા માટે તા. ૧૭/૧૮–૯–૧૯૭૦ના રોજ મળેલી સિન્ડિકેટની બનેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણો પર વિચારણા કર્યા બાદ નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન ફિઝિકસની જગ્યા પર ડૉ. (કુમારી) મંજુકાન્તા એસ. શાહની રૂ. ૪૦૦-૪૦–૮૦૦–૧૦–૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક રૂ. ૬૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(૨) વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની જગ્યા પર ડૉ. એ. ઓ. શેખની રૂ. ૪૦૦–૪૦–૮૦૦–૧૦–૯૫૦ના પગારધોરણમાં મૂળ માસિક રૂ. ૪૦૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૧૭/૧૮–૯–૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૧૭ વિચારણા માટે હાથ ધરવામાં આવી.

૧૭. ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રાધ્યાપકની જગ્યા માટે તા. ૨૧–૯–૧૯૭૦ના રોજ મળેલી વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ સમિતિની ભલામણો પર વિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે પ્રો. એ. એમ. રાવલની ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રાધ્યાપકની જગ્યા પર રૂ. ૧,૧૦૦-૧૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦ના પગાર-ધોરણમાં મૂળ માસિક પગાર રૂ. ૧,૪૮૦થી બે વર્ષના અજમાયશી ધોરણે નિમણૂક કરવી.

(સદરહુ વરણીસમિતિની તા. ૨૧–૯–૧૯૭૦ની સભાની નોંધ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૩૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને જુદા જુદા વિષયોની પુસ્તક ખરીદી માટે રૂ. ૨,૨૦,૦૦૦ની વધારાની ગ્રાન્ટ મંજૂર કરી હોવાથી યુનિવર્સિટી ગ્રંથાલયના અંદાજપત્રમાં ચાલુ વર્ષ ૧૯૭૦–૭૧માં રૂ. ૧,૦૦,૦૦૦ની જોગવાઈ છે તે વધારીને રૂ. ૨,૨૦,૦૦૦ની જોગવાઈ કરવા માટે ગ્રંથપાલશ્રીની તા. ૧૬–૯–૧૯૭૦ની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગ્રંથાલયના ચાલુ, ૧૯૭૦–૭૧ના વર્ષનાં પુસ્તકોની ખરીદી માટેના અંદાજપત્રમાં રૂપિયા એક લાખની જોગવાઈ છે તે વધારીને કુલ રૂ. ૨,૨૦,૦૦૦ (રૂપિયા બે લાખ વીસ હજાર)ની જોગવાઈ કરવી.

૩૬. પ્રાણીવિજ્ઞાન વિભાગના વડા ક્રી. વી. સી. શાહના તા. ૭–૯–૧૯૭૦ના પ્રસ્તાવ પ્રમાણે પ્રાણી-વિજ્ઞાન વિભાગના એમ.એસસી. ભાગ ૧ અને ૨ ના સાંજના વર્ગો સહિત વિદ્યાર્થીઓના અભ્યાસ-પ્રવાસ માટે

થનાર અંદાજી ખર્ચ રૂ. ૪,૦૦૦ સામે પ્રાણીવિજ્ઞાન વિભાગને ફાળે રૂ. ૨,૬૬૭ની અંદાજી જોગવાઈ હોઈ વધારાના રૂ. ૧,૮૩૩ના ખર્ચની બજેટમાં વધુ જોગવાઈ કરવા બાબત.

૬૬. વનસ્પતિવિજ્ઞાનના વડા તથા અધ્યક્ષ શ્રી. જે. જે. ચિનોયના તા. ૭--૯--૧૯૭૦ના પ્રસ્તાવ પર વનસ્પતિવિજ્ઞાન વિભાગના એમ.એસસી. ભાગ ૧ના સાંજના વર્ગો સહિત વિદ્યાર્થીઓના અભ્યાસ-પ્રવાસ માટે થનાર અંદાજી ખર્ચ રૂ. ૩,૦૦૦ સામે વનસ્પતિવિજ્ઞાન વિભાગને ફાળે રૂ. ૨,૬૬૭ની અંદાજી જોગવાઈ અન્ય પ્રવાસ માટે ખર્ચાઈ હોવાથી રૂ. ૩,૦૦૦ના ખર્ચની બજેટમાં વધુ જોગવાઈ કરવા બાબત.

બાબત નં. ૩૬ અને ૬૬ની વિચારણા સાથે કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે વિજ્ઞાન વિદ્યાભવનમાં વિદ્યાર્થીઓના અભ્યાસપ્રવાસ માટે વધુ રૂ. ૪,૮૩૩ની જોગવાઈ કરવી.

૩૭. તા. ૧૯--૯--૧૯૭૦ના રોજ મળેલી સ્થાયી સમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૯--૯--૧૯૭૦ની સભાની ભલામણો ક્રમાંક ૧૬, ૧૮, ૨૧, ૨૨, ૨૩ અને ૨૪ મંજૂર કરવી.

સદરહુ સમિતિની ભલામણો ક્રમાંક ૬, ૭ અને ૮ અંગે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

(૬) વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાનના વિભાગ માટે ક્લાર્ક-ટાઇપિસ્ટની એક જગ્યા હંગામી ધોરણે તા. ૧૫--૩--૧૯૭૧ સુધી મંજૂર કરવી.

(૭) રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ એક સ્ટેશન વેગન ખરીદ્યું છે તે માટે ડ્રાઇવર તરીકેની વધારાની ફરજો માટે પ્યૂન-કમ-એટેન્ડન્ટ શ્રી. એન. એલ. વાઘેલાને તા. ૭--૭--૧૯૭૦થી રૂ. ૩૦નું માસિક વર્ક એલાવન્સ આપવાનું મંજૂર કરવું.

(૮) કુલપતિશ્રીના કાર્યાલય માટે ક્લાર્ક-ટાઇપિસ્ટની એક જગ્યા હંગામી ધોરણે મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે રાષ્ટ્રીય સેવા યોજના અંગેના સ્ટેશન વેગનના કન્ટ્રોલિંગ ઑફિસર તરીકે ડાયરેક્ટર ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરને નીમવા.

(સદરહુ સમિતિની તા. ૧૯--૯--૧૯૭૦ની સભાની નોંધ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૩૮. ગ્રંથાલય સમિતિની તા. ૨૬--૮--૧૯૭૦ની સભાના નીચેના ઠરાવની જાણ થવા બાબત :

"ગ્રંથાલયના તા. ૧--૪--૧૯૬૯થી ૩૧--૩--૧૯૭૦ સુધીના વાર્ષિક અહેવાલની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી.

૩૯. ગ્રંથાલય સમિતિની તા. ૨૬--૮--૧૯૭૦ની સભાના નીચેના ઠરાવની જાણ થવા બાબત :

"ગ્રંથાલયના તા. ૧--૪--૧૯૬૯થી તા. ૩૧--૩--૧૯૭૦ સુધીના વાર્ષિક આવક--ખર્ચના હિસાબની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અહેવાલની નોંધ લેવી.

૪૦. યુનિવર્સિટી કાર્યાલયમાં સિનિયર ઑપરેટર તરીકે કામ કરતા શ્રી. એન. એ. પંચાલ તા. ૧૫--૯--૧૯૭૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા હોઈ (અ) તેમને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા તથા (બ) સ્ટે. ૧૯૩--એ પ્રમાણે ગ્રેચ્યુઈટીની રકમ આપવા અંગેની તેઓની તા. ૨૧--૮--૧૯૭૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—શ્રી. એન. એ. પંચાલ તા. ૧--૧૧--૧૯૫૭ના રોજ કાર્યાલયમાં જોડાયા હતા અને તા. ૧૫--૯--૧૯૭૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એન. એ. પંચાલને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર (૧) તેમના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ, અને (૨) ગ્રેચ્યુઈટીની રકમ ચૂકવી આપવી.

૪૧. ભારતીય વહીવટી સેવા (આઈ.એ.એસ.) અને અન્ય અખિલ ભારતીય સ્પર્ધાત્મક પરીક્ષાઓ બાબતમાં સિન્ડિકેટે નીમેલી સમિતિની તા. ૨૨--૭--૧૯૭૦ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની ભલામણો **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે પોતાની કૉલેજમાં ભણતા તેજસ્વી વિદ્યાર્થીઓને ઓળખીને તથા તેમને જુદા તારવીને જરૂર પડયે આર્થિક સહાય અને અન્ય પ્રકારનું પ્રોત્સાહન આપવા માટે જે તે કૉલેજના આચાર્યને સૂચવવું.

૪૨. સી. બી. પટેલ આર્ટ્સ ઈન્સ્ટિટ્યૂટ, નડિયાદને બી.એ.ના જૂના અભ્યાસક્રમની યોજના હેઠળ અર્થશાસ્ત્રના ભાગરૂપે રાજ્યશાસ્ત્રના બે પ્રશ્નપત્રોનું શિક્ષણકાર્ય કરવાની છૂટ હતી તે નવો ત્રિવાર્ષિક અભ્યાસ-ક્રમ દાખલ થયા પછી તે જુદો વિષય થતાં જોડાણની કાર્યવાહી કરવી તેને માટે આવશ્યક હતી તે કરવાનું સરત-ચૂકથી રહી ગયું તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪૩. શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠક સ્મારક માનવવિદ્યા ગ્રંથ પ્રકાશન સમિતિના એક સભ્યશ્રી ડોલરરાય ર. માંકડનો દેહવિલય થયેલો હોઈ તેમની જગ્યાએ તા. ૧૫--૬--૧૯૭૧ સુધીના સમય માટે અન્ય કોઈ વિદ્વાનની નિમણૂક કરવા બાબત.

[**નોંધ.**—સદરહુ સમિતિના બીજા સભ્યો નીચે મુજબ છે :

૧. શ્રી. કુલપતિ
૨. ગુજરાતીની અભ્યાસસમિતિના અધ્યક્ષ
૩. ભાષા-ભવનના અધ્યક્ષ
૪. ભાષાવિજ્ઞાનના પ્રાધ્યાપક
૫. પ્રો. ગૌરીપ્રસાદ ઝાલા.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર શ્રી. ડોલરરાય માંકડના અવસાનથી ખાલી પડેલી જગ્યા પર ડૉ. ભોગીલાલ સાંડેસરાની નિમણૂક કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિ પર ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષની જગ્યાએ યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના ગુજરાતીના પ્રાધ્યાપકની નિમણૂક કરવાનું રાખવું.

૪૪. કૉલેજ બંધ કરવી પડે અથવા તો કૉલેજનું જોડાણ રદ કર્યું હોય તેવા સંજોગોમાં કૉલેજે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની આર્થિક સહાય વડે ઊભી કરેલી મિલકત કમિશનને પરત સોંપવાની શરત અંગે તેમના તા. ૩--૯--૧૯૭૦ના પત્ર નં. એફ્. ૧--૯૦--૧૯૭૦ (સી.ડી.) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનો સદરહુ પત્ર કૉલેજોને પરિપત્રિત કરવો.

૪૫. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) શ્રી. એચ. વી. સુથારના તા. ૧--૯--૧૯૭૦ના પત્રના સંદર્ભમાં તેઓને બૅંક ઑફ બરોડાના ટ્રેઇનિંગ કલાસના વિદ્યાર્થીઓ સમક્ષ આશરે ૧૨ વ્યાખ્યાનો આપવાનું તથા તે અંગેનું રૂ. ૧૮૦ સુધીનું મહેનતાણું સ્વીકારવાની મંજૂરી આપ્યાના;

(૨) ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના વ્યાખ્યાતા શ્રી. અનિરુદ્ધ એલ. બ્રહ્મભટ્ટને કલકત્તા ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી "ત્રીશી પછીની ગુજરાતી નવલિકા" એ વિષય પર ત્રણ વ્યાખ્યાનો આપવાનું તથા તે અંગેનું રૂ. ૧૧૦નું માનદ વેતન સ્વીકારવાની મંજૂરી આપ્યાના;

(૩) સી.એસ.આઈ.આર., ન્યૂ દિલ્હીના ડિવિઝન ફોર સાયન્ટિફિક એન્ડ ટેકનિકલ પરસોનલના પત્રાંક આઈ.એ.આર.એસ.એસ.સી. ૨૧૯--લેઈસ. ૭૦--એન.આર. તા. ૧--૮--૧૯૭૦માં જણાવ્યા પ્રમાણે સી.એસ.આઈ.આર.ની "સાયંટિસ્ટ પુલ યોજના" હેઠળ પુલ ઑફિસર ડૉ. જે. એસ. જૂનેજાની સેવાઓ ભાષા-ભવનમાં રશિયન ભાષાના વર્ગો શરૂ કરવા માટે લેવાની પરવાનગી આપ્યાના. (ડૉ. જૂનેજા, પુલ ઑફિસર રહે ત્યાં સુધીના પગાર, ભથ્થાં વગેરેનો ખર્ચ સી.એસ.આઈ.આર. ભોગવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૪૬. "ઑલ-ઇન્ડિયા ઇંગ્લિશ ટીચર્સ કૉન્ફરન્સ"નું ૨૧મું સત્ર ડિસેંબર ૨૮થી ૩૦, ૧૯૭૦ના સમય દરમિયાન ભુવનેશ્વર મુકામે ઉત્કલ યુનિવર્સિટીના ઉપક્રમે યોજનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે આચાર્ય એસ. આર. ભટ્ટ અને આચાર્ય વી. જે. ત્રિવેદીને નીમવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી તરફથી પરિષદો--પરિસંવાદોમાં જે પ્રતિનિધિઓને ભાગ લેવા માટે મોકલવામાં આવે તેમને હવે પછી હવાઈ પ્રવાસ માટે મંજૂરી આપવી નહિ.

૪૭. અખિલ ભારતીય દર્શન પરિષદનું પંદરમું અધિવેશન ઑક્ટોબર ૧૮થી ૨૧, ૧૯૭૦ના સમય દરમિયાન હિન્દુ વિશ્વવિદ્યાલય, વારાણસી મુકામે થનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર પરિષદના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય યુ. ડી. ભટ્ટને મોકલવા.

૪૮. ભારતીય હિન્દી પરિષદનું આગામી ૨૪મું વાર્ષિક અધિવેશન ઑક્ટોબર ૨૩થી ૨૫, ૧૯૭૦ના સમય દરમિયાન પૂના મુકામે મળનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર પરિષદના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. રઘુવીર ઉપાધ્યાય અને શ્રી. ભોળાભાઈ પટેલને મોકલવા.

૪૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના ઉપક્રમે નાગપુર મુકામે નવેંબર ૧૩, ૧૪, ૧૯૭૦ના સમય દરમિયાન "Recent Developments in Gas discharge Phenomena" પર એક અખિલ ભારતીય પરિસંવાદ યોજનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ પરિસંવાદના કન્વીનરના તા. ૧૬--૯--૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. એમ. કોટડિયાને મોકલવા.

૫૦. દિલ્હી મુકામે ઑક્ટોબર ૨૧થી ૩૦, ૧૯૭૦ના સમય દરમિયાન International Congress of Internal Medicine-ની ૧૧મી કૉંગ્રેસમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—રજિસ્ટ્રેશન ફી રૂ. ૩૦૦--૦૦ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉંગ્રેસના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના એક વધારાના પ્રતિનિધિ તરીકે ડૉ. ઓ. પી. ગુપ્તાને મોકલવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદ આંતરરાષ્ટ્રીય કક્ષાની છે તે લક્ષમાં લઈને ડૉ. ગુપ્તાની રજિસ્ટ્રેશન ફીના રૂ. ૩૦૦નું ખર્ચ પણ યુનિવર્સિટીએ આપવું.

૫૧. The Indian Society for Plant Physiology and the International Association of Plant Physiology-ના સહયોગથી "Physiology of Differentiation in Plants" પર મે ૧૭થી ૨૦, ૧૯૭૧ના સમય દરમિયાન સિમલા મુકામે પરિસંવાદ યોજનાર છે તેમાં ભાગ લેવાનું આમંત્રણ પાઠવતા તથા "પેટ્રન" થવાની વિનંતી કરતા સદરહુ સોસાયટીના અધ્યક્ષશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—"પેટ્રન" થવા માટે રૂ. ૨૧૦નો ફાળો આપવાનો રહે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. જે. જે. ત્રિવેદીને મોકલવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના 'પેટ્રન' થવાનું નિમંત્રણ સ્વીકારવું નહિ.

૫૨. "Association of Company Secretaries Executives and Advisers", Calcutta–1 ના ઉપક્રમે Fourth "All-India Taxation Seminar" સપ્ટેંબર ૩૦થી ઑક્ટોબર, ૨ ૧૯૭૦ના સમય દરમિયાન કલકત્તા મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સદરહુ પરિસંવાદની પેટા-સમિતિના અધ્યક્ષશ્રીના તા. ૧૫--૯--૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—નોન-મેમ્બર્સ માટે રૅલિગેટ ફી રૂ. ૧૧૦ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સેમિનારમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિને મોકલવા નહિ.

૫૩. Indian Standards Institutionનું ૧૩મું સત્ર મુંબઈ મુકામે ડિસેંબર ૧૩થી ૨૦, ૧૯૭૦ના સમય દરમિયાન યોજનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઈન્સ્ટિટ્યૂશનના ૧૩મા સત્રમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય ટી. એન. પરીખને મોકલવા.

૫૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના આર્ટિસ્ટ શ્રી. એસ. બી. વાળંદને રૂ. ૧૦૦-૧૦-૨૦૦-ઈ.બી. -૧૧-૨૬૦ના પગારધોરણમાં તા. ૧--૯--૧૯૭૦થી કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવાની મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. એસ. બી. વાળંદની કામગીરી અંગેનો ખાનગી અહેવાલ સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. એસ. બી. વાળંદને રૂ. ૧૦૦-૧૦-૨૦૦ ઈ.બી. -૧૧-૨૬૦ના પગાર-ધોરણમાં રૂ. ૨૦૦થી આગળ કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવા માટે મંજૂરી આપવી.

૫૫. યુનિવર્સિટી છાત્રાલયોના ચાલુ વર્ષ ૧૯૭૦--૭૧ દરમિયાન બજેટમાં 'ફર્નિચર અને સામગ્રી' માટે રૂ. ૩૦,૦૦૦ની વધારાની બજેટ-જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલ છાત્રાલયોના ફર્નિચર તથા સામગ્રી માટે રૂ. ૧૫,૦૦૦ની બજેટ-જોગવાઈ છે. તેમાં રૂ. ૩૦,૦૦૦નો વધારો થતાં કુલ બજેટ જોગવાઈ રૂ. ૪૫,૦૦૦ થશે. આ રકમની જોગવાઈ ગયા વરસે કરેલી હતી પરંતુ તે ખર્ચી શકયા ન હોવાથી આ વર્ષે જોગવાઈ કરવાની જરૂર પડી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી છાત્રાલયના ચાલુ વર્ષ(૧૯૭૦--૭૧)ના અંદાજપત્રમાં ફર્નિચરની સામગ્રી માટે હાલ રૂ. ૧૫,૦૦૦ની જોગવાઈ છે, તે વધારીને કુલ રૂ. ૪૫,૦૦૦ની જોગવાઈ કરવી.

૫૬. બાંધકામ સમિતિની તા. ૮--૯--૧૯૭૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૮--૯--૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૮--૯--૧૯૭૦ની સભાની નોંધ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૫૭. સદરહુ બાબત આગળ બાબત નં. ૩૪ પછી વિચારણા માટે લેવામાં આવેલી હોઈ, તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૫૮. ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફાર સૂચવવા અંગે સિન્ડિકેટે તેની તા. ૨--૯--૧૯૬૭ની સભામાં નીમેલ સમિતિના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારામાં સુધારણા કરવાની બાબત અંગે કાર્યાલયનાં સૂચનો પણ આ સભાગૃહ સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૫૯. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં માઇક્રોબાયોલોજી વિષયના શૈક્ષણિક કાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક કર્યા સિવાય અત્યાર સુધી ચલાવ્યું તે અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—માઇક્રોબાયોલોજીના પ્રાધ્યાપક અપ્રાપ્ય હોવાથી સદરહુ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે શૈક્ષણિક કાર્ય કરતા શ્રી. પી. આર. શાહ જેઓ બી.એસસી. અને એમ.એસસી.ની પદવી બીજા વર્ગમાં ધરાવે છે તથા ચાર વર્ષનો વ્યાખ્યાતા તરીકેનો અનુભવ ધરાવે છે, તેઓને પ્રાધ્યાપક થવા માટે ખૂટતો એક વર્ષનો શૈક્ષણિક અનુભવ ક્ષમ્ય ગણવા માટે આચાર્યશ્રીની વિનંતી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં માઇક્રોબાયોલોજીના પૂરા સમયના પ્રાધ્યાપકને બદલે વ્યાખ્યાતાથી શૈક્ષણિક કાર્ય ચલાવ્યું તે વ્યવસ્થા ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવી, અને સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૧થી યોગ્ય લાયકાત ધરાવતા માઇક્રોબાયોલોજીના પૂરા સમયના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે, અને જો તેમ કરવામાં આવશે નહિ તો તે ટી.વાય.બી.એસસી.ના વર્ગમાં માઇક્રોબાયોલોજી (સ્પેશિયલ)ના વિષયવાળા વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહિ તેમ જણાવવું.

૬૦. ધી પીપલ્સ એજ્યુકેશન સોસાયટી લૉ કૉલેજ, ભૂજના આચાર્ય તરીકે નિમાયેલ શ્રી. ડી. એમ. ભટ્ટ આચાર્ય માટે નક્કી કરેલ લાયકાતનાં ધોરણ પ્રમાણે લાયકાત નહિ ધરાવતા હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) કાયદાની કૉલેજમાં આચાર્યપદની લાયકાતના હાલના ધોરણ મુજબ શ્રી. ડી. એમ. ભટ્ટ અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા મેળવવા માટે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતા નથી.

(૨) શ્રી. ડી. એમ. ભટ્ટની શૈક્ષણિક લાયકાત અને શૈક્ષણિક અનુભવની વિગતો નીચે જણાવ્યા મુજબ છે :

(અ) શૈક્ષણિક લાયકાત

બી.એ. બીજો વર્ગ

એલએલ.બી. બીજો

બાર-એટ-લૉ પાસ વર્ગ

(બ) શૈક્ષણિક અનુભવ

૧૯૬૨--૬૮ ભાવનગર લૉ કૉલેજ, ખંડ સમયના વ્યાખ્યાતા.

૧૯૬૮--૭૦ ,, ,, ,, પ્રાધ્યાપક

(ગ) ધંધાકીય અનુભવ પાંચ વર્ષ

(૩) કાયદાની વિદ્યાશાખાની કૉલેજના આચાર્ય માટેની લાયકાતનાં ધોરણો હાલ એકેડેમિક કાઉન્સિલની પુનર્વિચારણા હેઠળ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે ધારાશાસ્ત્રની વિદ્યાશાખામાં કૉલેજના આચાર્યની લાયકાત અંગે ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધારાધોરણ ઉપર પુનર્વિચારણા કરવાનો પ્રસ્તાવ એકેડેમિક કાઉન્સિલની વિચારણા હેઠળ છે તે દરમ્યાન સદરહુ કૉલેજના આચાર્ય તરીકે શ્રી. ડી. એમ. ભટ્ટની નિમણૂક ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવી.

૬૧. જૂન, ૧૯૭૦થી નવી કૉલેજો શરૂ કરવા માટે આવેલ જોડાણઅરજીઓ પર સેનેટે મૂકેલી શરતોનું યથાર્થ પરિપાલન જે જે નીચેની કૉલેજોએ કર્યું નથી તે તે કૉલેજોના શરતોના પરિપાલન અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
(૧)	કૉલેજ ઑફ એજ્યુકેશન, દારામલી	૧. વ્યાખ્યાતા તરીકે નિમાયેલ શ્રી. જે. એમ. પટેલ કૉલેજે મોકલેલી માહિતી મુજબ જરૂરી લાયકાત ધરાવતા નથી; અને ૨. ગ્રંથપાલની નિમણૂક ક્ષમ્ય ગણવા વિનંતી કરવામાં આવી છે.
(૨)	સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા	૧. યોગ્ય લાયકાત ધરાવતા હિન્દીના વ્યાખ્યાતાની નિમણૂક કરી નથી; અને ૨. રૂ. ૧૦,૦૦૦ અંગેનું પ્રમાણપત્ર મોકલ્યું નથી.
(૩)	સાર્વજનિક લૉ કૉલેજ, ગોધરા	૧. એક પૂર્ણ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવાની બાકી છે. ૨. ગ્રંથાલયમાં રૂ. ૪,૩૬૮નાં પુસ્તકો વસાવવાનાં બાકી છે. ૩. રૂ. ૫૦,૦૦૦ અંગેનું પ્રમાણપત્ર મોકલ્યું નથી, અને ૪. રૂ. ૧૦,૦૦૦ યુનિવર્સિટીમાં જમા કરાવ્યા નથી.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ કૉલેજોના જોડાણની બાબતમાં તેનાં નામ સામે જણાવ્યા મુજબ પગલાં લેવાનું રાખવું :

૧. કૉલેજ ઑફ એજ્યુકેશન, દારામલી ... જોડાણ અંગેની નીચેની જે શરતોનું પરિપાલન હજુ સુધી કરવામાં આવ્યું નથી તે શરતોનું યથાર્થ પરિપાલન કરવામાં આવશે નહીં ત્યાં સુધી સદરહુ કૉલેજના જોડાણ અંગે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવશે નહીં; તથા બીજા સત્રથી વિદ્યાર્થીઓને ચાલુ રાખી શકાશે નહિ તે મતલબની જાણ કૉલેજને કરવી :

(૧) યોગ્ય લાયકાત ધરાવતા વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે; અને

(૨) ઉપરની શરતનું પરિપાલન કરવામાં આવે તો ગ્રંથપાલની નિમણૂક ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવી અને આવતા શૈક્ષણિક વર્ષથી યોગ્ય લાયકાત ધરાવતા ગ્રંથપાલની નિમણૂક કરવા જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરની શરતનું પરિપાલન થયેથી સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૨. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા ... જોડાણ અંગેની જે શરતોનું પરિપાલન હજુ સુધી કરવામાં આવ્યું નથી તે શરતોનું યથાર્થ પરિપાલન કરવામાં આવશે નહીં ત્યાં સુધી સદરહુ કૉલેજના જોડાણ અંગે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવશે નહીં તથા બીજા સત્રથી વિદ્યાર્થીઓને

ક્રમાંક	કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
		ચાલુ રાખી શકાશે નહીં તે મતલબની જાણ કૉલેજને કરવી :
		(૧) યોગ્ય લાયકાત ધરાવતા હિન્દીના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે; અને
		(૨) રૂ. ૫૦,૦૦૦ અંગેનું પ્રમાણપત્ર મોકલવામાં આવે.
		વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરની શરતોનું પરિપાલન થયેથી સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.
૩.	સાર્વજનિક લૉ કૉલેજ, ગોધરા.	... જોડાણ અંગે નીચેની જે શરતોનું પરિપાલન હજુ સુધી કરવામાં આવ્યું નથી તે શરતોનું યથાર્થ પરિપાલન કરવામાં આવશે નહિ ત્યાં સુધી સદરહુ કૉલેજના જોડાણ અંગે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવશે નહિ તથા બીજા સત્રથી વિદ્યાર્થીઓને ચાલુ રાખી શકાશે નહિ તે મતલબની જાણ કૉલેજને કરવી :
		(૧) ગ્રંથાલયમાં રૂ. ૪,૩૬૮નાં પુસ્તકો વસાવવામાં આવે;
		(૨) રૂ. ૫૦,૦૦૦નું પ્રમાણપત્ર મોકલવામાં આવે; અને
		(૩) રૂ. ૧૦,૦૦૦ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે.
		વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપરની શરતોનું પરિપાલન થયેથી સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી, અને કેવળ પ્રથમ વર્ષ એલએલ.બી. ના વર્ગો શરૂ કરવાના હોઈ એક પૂર્ણ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવાની શરત અંગે આગ્રહ રાખવો નહિ.

૬૨. **જોધપુર યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૨૦મીથી ૨૩મી ઑક્ટોબર, ૧૯૬૦ દરમિયાન જોધપુર મુકામે યોજાનાર Institute of Historical Studiesના ૮મા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે સિન્ડિકેટે અગાઉ નિયુક્ત કરેલ પ્રતિનિધિ શ્રી. આર. એલ. રાવલે તેમાં હાજરી આપવાની અશક્તિ દર્શાવતાં તેમની જગ્યાએ ડૉ. આર. કે. ધારૈયાની નિમણૂક કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૬૩. બી.એસસી. (મુખ્ય) કીટાણુવિજ્ઞાનના અભ્યાસક્રમો માટે જૂન, ૧૯૭૧થી વર્ષારાનું જોડાણ આપવા ગુજરાત કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી તરફથી આવેલ જોડાણઅરજી પરત્વે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સદરહુ કૉલેજે પ્રથમ તા. ૧૨-૮-૧૯૭૦ના રોજ જોડાણઅરજી કરેલી જે મુદત બહારની હોઈ કાર્યાલયે પરત કરેલી, જેથી ખાસ કેસ તરીકે (પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ શરૂ થવાનો હોવાથી) ગણવા આચાર્યશ્રી વિનંતી કરે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ જોડાણઅરજી ચાલુ વર્ષે અપવાદ તરીકે સ્વીકારવી, અને તે અંગે સ્થાનિક તપાસસમિતિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૪. નૃત્યશાસ્ત્ર વિષયની પરિભાષા અંગેની તા. ૩-૭-૧૯૭૦ના રોજ મળેલ ઉપસમિતિએ કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"નૃત્યશાસ્ત્રમાં વિશિષ્ટ શાખાઓ હોવાથી પરિભાષાનું કાર્ય સારું થાય તે હેતુથી નીચેના સભ્યોને આ સમિતિમાં સામેલ કરવા :

(૧) શ્રીમતી અંજલિબેન મેઢ (મ્યુઝિક કૉલેજનાં નૃત્યાચાર્યા, વડોદરા)
(૨) શ્રીમતી ઇન્દિરાબેન (એશિયા ટ્રસ્ટ સંચાલિત શાળાનાં સંગીત શિક્ષિકા)
(૩) શ્રી. સી. આર. આચાર્ય ('દર્પણ' એકાદમીના નાટ્યાચાર્ય)."

આથી ઠરાવવામાં આવે છે કે નૃત્યશાસ્ત્રના વિષયની પરિભાષા અંગેની સમિતિમાં ઉપરના ત્રણ સભ્યોની વધારાના સભ્યો તરીકે નિમણૂક કરવી.

૬૫. કૉમનવેલ્થ એજ્યુકેશન કો-ઑ. સ્કીમ હેઠળ ટીચર ટ્રેનિંગ બરસરી ૧૯૭૧-૭૨ યુ. કે.માં પ્રકાશન અંગેની તાલીમ લેવા એક વર્ષના અભ્યાસ માટે પ્રકાશન અધિકારી શ્રી. કે. ડી. પંડ્યાની તા. ૨૯-૯-૧૯૭૦ની અરજી ભારત સરકારને યુનિવર્સિટીની ભલામણ સાથે મોકલી આપવા અંગે નીચેની નોંધમાં જણાવેલ બાંયધરીના સંદર્ભમાં વિચારણા કરવા બાબત :

[**નોંધ.**—શ્રી. પંડ્યાની અરજી સ્વીકારવામાં આવે તો આ યોજના હેઠળ યુનિવર્સિટીએ નીચે પ્રમાણે બાંયધરી (undertaking) લેવાની રહેશે.

1. Candidate should be employed and sponsored : sponsorship implies —
   (*a*) Permission for candidates to apply, attend interview and accept an award from the sponsoring authority.
   (*b*) Grant of study leave with part salary.
   (*c*) Undertaking to re-absorb, select into employment in the institutions in at least the grade in which he/she was employed when award was made.
2. The sponsoring authorities should give an undertaking in the enclosed form to meet the passage cost of their nominees both ways and also to grant leave with salary and other allowances. No nomination will be considered unless accompanied by this undertaking.

3. Selected Bursars should return to India at the end of the training period.

Bond—Selected candidates will have to execute a bond with the Government of India to abide by the terms and conditions of the award.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કે. ટી. પંડ્યાની અરજી, યોગ્ય ભલામણ સાથે, ભારત સરકારને મોકલી આપવા માટે તથા તે અંગે જરૂરી બાંયધરી આપવા માટે શ્રી. કુલસચિવને સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ભારત સરકારની સદરહુ યોજના હેઠળ શ્રી. કે. ટી. પંડ્યાની પસંદગી થાય તો તેમના ભારતથી ઈંગ્લેન્ડના દરિયાઈ પ્રવાસનું ખર્ચ યુનિવર્સિટી તરફથી આપવું અને તેમની તાલીમ દરમ્યાન તેમને માસિક રૂ. ૩૭૫નો પગાર આપવાનું રાખવું.

૬૬. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૩૬ની સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) નીચેના વિદ્યાર્થીઓના ભલામણથી તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકારી જાહેર કર્યાના :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
(૧)	શ્રીમતી વાય. આઈ. શેઠ	વિજ્ઞાન--ગણિતશાસ્ત્ર	પીએચ.ડી.
(૨)	શ્રી. એન. એન. મિસ્ત્રી	વિજ્ઞાન--રસાયણવિજ્ઞાન	,,
(૩)	શ્રી. એ. બી. વ્યાસ	વિજ્ઞાન--પ્રાણીવિજ્ઞાન	,,

(૨) નવી દિલ્હી મુકામે યોજાનાર ફોર્થ કોમનવેલ્થ એન્ડ એમ્પાયર લો કોન્ફરન્સમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે લાજરી આપના આચાર્ય જિરોશભાઈ પટેલ વતી યુનિવર્સિટીએ ડેલિગેટ ફીની રકમ ભરવાની મંજૂરી આપ્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૬૮. માર્ચ--એપ્રિલ ૧૯૭૦માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓ દરમ્યાન પ્રાશ્નિક, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના કર્મચારીઓએ કરેલ ભૂલો અંગેના કેસો પર વિચારણા કરવા તા. ૧૬--૯--૧૯૭૦ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૧૬--૯--૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬--૯--૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધ સામેલ કરવામાં આવી નથી.)

૬૯. કોલેજ ઓફ એજ્યુકેશન, ડભોઈના આચાર્યશ્રી ટી. પી. લેલેને શિક્ષણ સહિતની વિનયનની વિદ્યાશાખા હેઠળ આવતા કોઈ બે વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા બાબત.

[**નોંધ.** -તેઓશ્રીએ (૧) શિક્ષણ; અને (૨) મનોવિજ્ઞાન વિષયોની અભ્યાસસમિતિઓ પર કામ કરવાની ઇચ્છા દર્શાવી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્ય ટી. પી. લેલેને વિનયન વિદ્યાશાખા હેઠળની (૧) શિક્ષણ, અને (૨) મનોવિજ્ઞાનના વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

૭૦. માર્ચ--એપ્રિલ ૧૯૭૧માં લેવાનાર જુદી જુદી પરીક્ષાઓ માટેનાં કેન્દ્રો અંગે કાર્યાલયનાં નીચેનાં સૂચનો પર વિચારણા કરવા બાબત :

(૧) ૧૯૭૦માં જે કેન્દ્રો હતાં તે જ કેન્દ્રો ચાલુ રાખવાં (સિવાય કે સિન્ડિકેટે જે કેન્દ્રો બંધ કર્યાં હોય);

(૨) કોઈ જગ્યાએ વધારાની પરીક્ષા માટે કેન્દ્ર આપવું નહિ.

(૩) ચાલુ શૈક્ષણિક વર્ષથી જે સ્થળે પહેલી વાર જ કૉલેજ અસ્તિત્વમાં આવી હોય ત્યાં જો તે સ્થળે પ્રી-યુનિવર્સિટી પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦ કે તેથી વધુ હોય, તે સ્થળ રેલવે સ્ટેશન હોય, એસ.એસ.સી. પરીક્ષાનું સેન્ટર હોય અને પ્રશ્નપત્ર છાપવા પ્રેસની સગવડ હોય તો પ્રી-યુનિવર્સિટી પરીક્ષા પૂરતું કેન્દ્ર આપવું.

આથી ઠરાવવામાં આવે છે કે (૧) ગાંધીનગરમાં પ્રી-યુનિવર્સિટી વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની પરીક્ષાઓ માટે અને ખંભાતમાં ફાર્મસીની પરીક્ષા માટે માર્ચ--એપ્રિલ ૧૯૭૧માં કેન્દ્ર રાખવું. (૨) કાર્યાલયનાં ઉપરનાં સૂચનો ઉપર નં. ૧ માં જણાવવામાં આવેલા ઠરાવને આધીન મંજૂર કરવાં.

૭૧. એમ.એ. ભાગ ૧ અને ભાગ ૨નો લિંગ્વિસ્ટિક્સનો નવો અભ્યાસક્રમ મંજૂર કરાવવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯--૨--૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા તથા એમ.એ. ભાગ ૧ની પરીક્ષાનો અભ્યાસક્રમ જૂન ૧૯૭૦થી અને એમ.એ. ભાગ ૨નો અભ્યાસક્રમ જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સદરહુ અભ્યાસક્રમ લિંગ્વિસ્ટિક્સની "ઍડ-હૉક" સમિતિની તા. ૧૯--૨--૧૯૭૦ની સભાની ભલામણોમાં આવરી લેવાયેલો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે લિંગ્વિસ્ટિક્સનો નવો અભ્યાસક્રમ એમ.એ. ભાગ ૧ની પરીક્ષા માટે જૂન ૧૯૭૦થી અને એમ.એ. ભાગ ૨ની પરીક્ષા માટે જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવાનું રાખવું.

(સદરહુ અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૭૨. કૉલેજો તથા યુનિવર્સિટીના ગ્રંથપાલોનાં સુધારેલાં પગારધોરણ અંગે તથા કૉલેજોના શિક્ષકોનાં સુધારેલાં પગારધોરણ પ્રમાણેના લાભ કૉલેજના ડેમોન્સ્ટ્રેટર, ટ્યૂટર અને આર્ટ્સ/ક્રાફ્ટ્સ ઇન્સ્ટ્રક્ટર્સને આપવા અંગેના ભારત સરકારના એજ્યુકેશન અને યૂથ સર્વિસીઝના અનુક્રમે તા. ૨૧--૮--૧૯૭૦ અને પત્રાંક એફ. ૧.૩૮--૬૯ યુ. ૧ તથા તા. ૧૧મી જુલાઈ ૧૯૭૦ના પત્રાંક એફ. ૧--૨ ૬૯.૭૧ જાણ તથા ઘટતું કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૦મી સપ્ટેંબર ૧૯૭૦ના પત્રાંક એફ. ૯--૧/૬૬(૧) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૩. જૂન ૧૯૭૦થી ચાલુ-વધારાના જોડાણ માટે આવેલ અરજીઓ પર સેનેટે મૂકેલ શરતોનું યથાર્થ પરિપાલન જે કૉલેજોએ હજુ સુધી કર્યું નથી તે કૉલેજો તરફથી આવેલ પરિપાલન અંગે વિચારણા કરવા બાબત.

ક્રમાંક	કૉલેજનું નામ	કારણોની નોંધ
૧.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ.	૧. આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતાની જગ્યા ઊભી કરવામાં આવી છે અને તાત્કાલિક નિમણૂક કરવામાં આવશે તેમ કૉલેજ જણાવે છે. ૨. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૮,૦૦૦ની શરતનું પાલન બાકી છે. ૩. તત્ત્વજ્ઞાનનાં રૂ. ૧,૦૦૦નાં પુસ્તકો ખરીદવા ઑર્ડર મૂકેલ છે. ૪. વાણિજ્યના અભ્યાસના મુખ્ય અને ગૌણ વિષયના કુલ્લે રૂ. ૭,૦૦૦નાં પુસ્તકો ખરીદવા માટે ઑર્ડર મૂકેલ છે.
૨.	રઝવી પારેખ આર્ટ્સ અને કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત.	૧. ભૂસ્તરવિજ્ઞાન માટેના રૂ. ૧૧,૩૩૪નાં સાધનો ખરીદાયાં નથી. ૨. ભૂસ્તરવિજ્ઞાનના રૂ. ૨,૦૦૦ પૈકી કેટલી રકમનાં પુસ્તકો વસાવ્યાં છે તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી નથી.
૩.	યુવરાજ સુભદ્રસિંહજી આર્ટ્સ એન્ડ શ્રી. કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા.	૧. હિન્દી વિષયના પૂર્ણ સમયના વ્યાખ્યાતા નીમ્યા નથી. ૨. ગ્રંથાલય માટે રૂ. ૧૫,૦૦૦ પૈકીની કેટલી રકમનાં પુસ્તકો આવ્યાં છે અને કેટલી રકમના ઑર્ડર મૂકેલા છે તે માહિતી નથી.
૪.	વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વડનગર.	૧. અંગ્રેજીના મુલાકાતી પ્રાધ્યાપક તરીકે નિમાયેલ શ્રી. એ. આર. મનસૂરી તથા વાણિજ્યના મુલાકાતી પ્રાધ્યાપક તરીકે નિમાયેલ શ્રી. બી. ઓ. દેસાઈ પ્રાધ્યાપક તરીકેની લાયકાત ધરાવે છે, પરંતુ તેઓ તેમની મૂળ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે કામ કરે છે. આ અંગે કૉલેજ નીચે જણાવ્યા પ્રમાણેના બે વિકલ્પો સૂચવે છે : (ક) અંગ્રેજી તથા વાણિજ્યના મુલાકાતી પ્રાધ્યાપક જોકે તેઓની પોતાની કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે કાર્ય કરતા હોય, પરંતુ તેઓ પ્રાધ્યાપકની લાયકાત ધરાવતા હોવાથી મુલાકાતી પ્રાધ્યાપક હોવા છતાં જોડાણના સંદર્ભમાં પ્રાધ્યાપક તરીકે માન્ય થઈ શકે તેવા **નમ્ર મત છે.**

ક્રમાંક	કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
		(ખ) જો ઉપર "ક"માં દર્શાવેલ વિકલ્પ માન્ય ન હોય તો ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતા અંગ્રેજી તથા વાણિજ્યના મુખ્ય પ્રાધ્યાપક તરીકેનું કામ કરવાની છૂટ અપાવશો.
		૨. ગ્રંથાલય માટે ખર્ચ કરવાના રૂ. ૧૨,૦૦૦ના અનાવર્તક પેટે રૂ. ૮,૨૯૦નો ખર્ચ કરેલ છે અને બાકી રૂ. ૩,૭૧૦નો ઑર્ડર મૂકેલ છે.
૫.	સાયન્સ કૉલેજ, કડી:	૧. મોંઘવારી ભથ્થાની પાછલી બાકી રકમ પેટે પ્રતિ-માસ ચુકવણી થતી જાય છે. સપ્ટેંબર ૧૯૭૦ના માસમાં રૂ. ૧,૩૪૩ ચૂકવેલ છે. ગ્રાન્ટના નવા નિયમોને કારણે આર્થિક મુશ્કેલી વેઠવી પડે છે તો ચુકવણી માટે થોડો વધુ સમય આપવા કૉલેજ વિનંતી કરે છે.
		૨. અગાઉના ખર્ચ પેટે રૂ. ૧,૧૦૦નાં પુસ્તકો પૈકી રૂ. ૨,૭૦૦નાં પુસ્તકો આવ્યાં છે અને રૂ. ૨,૮૦૦-નો ઑર્ડર મૂકેલ છે.
૬.	ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ.	૧. ૧૦૦૦ ચો. ફૂટનું બાંધકામ સંપૂર્ણ રીતે પૂરું થયું કે નહિ તેની માહિતી નથી.
		૨. પ્રયોગશાળા માટે રૂ. ૧૬,૯૧૬નાં સાધનો વસાવવાનાં બાકી છે.
		૩. કેમિકલ એન્જિનિયરિંગનાં ઇક્વિપમેન્ટ માટે રૂ. ૨,૦૦,૦૦૦નો ઑર્ડર મૂકવા માટે જોગવાઈ કરવામાં આવી છે તેમ કૉલેજ જણાવે છે.

આથી ઠરાવવામાં આવે છે કે નીચે જણાવેલ કૉલેજોના જોડાણની બાબતમાં તેનાં નામ સામે જણાવ્યા મુજબ પગલાં લેવાનું રાખવું :

૧. આર. આર. લાલન કૉલેજ, ભૂજ. ... જોડાણ અંગેની નીચેની જે શરતોનું પરિપાલન હજુ સુધી કરવામાં આવ્યું નથી તે શરતોનું યથાર્થ પરિપાલન કરવામાં આવશે નહિ ત્યાં સુધી સદરહુ કૉલેજના જોડાણ અંગે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવશે નહિ તથા બીજા સત્રથી વિદ્યાર્થી-ઓને ચાલુ રાખી શકાશે નહિ તે મતલબની જાણ કૉલેજને કરવી :

(૧) આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક તાકીદે કરવામાં આવે;

(૨) ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે રૂ. ૮,૦૦૦નું ખર્ચ તાકીદે કરવામાં આવે;

(૩) તત્ત્વજ્ઞાનના વિષય માટે રૂ. ૧,૦૦૦નાં પુસ્તકો તાકીદે વસાવવામાં આવે;

(૪) વધારાના જોડાણના મુખ્ય અને ગૌણ વિષયો માટે કુલ રૂ. ૭,૦૦૦ની કિંમતનાં પુસ્તકો તાકીદે વસાવવામાં આવે.

૨. રજની પારેખ આર્ટ્સ અને કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત. ... જોડાણ અંગેની નીચેની જે શરતોનું પરિપાલન હજુ સુધી કરવામાં આવ્યું નથી તે શરતોનું યથાર્થ પરિપાલન કરવામાં આવશે નહિ ત્યાં સુધી સદરહુ કૉલેજના જોડાણ અંગે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવશે નહિ, તથા બીજા સત્રથી વિદ્યાર્થીઓને ચાલુ રાખી શકાશે નહિ, તે મતલબની જાણ કૉલેજને કરવી :

(૧) ગૃહવિજ્ઞાન માટે રૂ. ૧૧,૩૩૪નાં સાધનો તાકીદે ખરીદવામાં આવે; અને

(૨) ગૃહવિજ્ઞાનનાં રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો પૈકી કેટલી રકમનાં પુસ્તકો વસાવ્યાં છે તેની સ્પષ્ટ માહિતી મોકલવામાં આવે.

૩. યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ શ્રી. કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા. ... જોડાણ અંગેની નીચેની જે શરતનું પરિપાલન હજુ સુધી કરવામાં આવ્યું નથી તે શરતનું યથાર્થ પરિપાલન કરવામાં આવશે નહિ ત્યાં સુધી સદરહુ કૉલેજના જોડાણ અંગે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવશે નહિ તથા બીજા સત્રથી વિદ્યાર્થીઓને ચાલુ રાખી શકાશે નહિ, તે મતલબની જાણ કૉલેજને કરવી :

હિન્દી વિષયના પૂર્ણ સમયના વ્યાખ્યાતા તાકીદે નીમવામાં આવે.

૪. વડનગર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ ... વડનગર. અંગ્રેજી અને વાણિજ્યના મુલાકાતી પ્રાધ્યાપકો, જેઓ તેઓની મૂળ કૉલેજમાં વ્યાખ્યાતા તરીકે કામ કરે છે, પરંતુ પ્રાધ્યાપક તરીકેની લાયકાત ધરાવે છે તેઓ દ્વારા સદરહુ વિષયોના શિક્ષણ માટે કરેલી વ્યવસ્થા ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણી સદરહુ કૉલેજના જોડાણ માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

વધુમાં સદરહુ કૉલેજને જણાવવું કે જૂન ૧૯૭૧થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી ઉપરના વિષયો માટે પૂર્ણ સમયના પ્રાધ્યાપકો નીમવાના રહેશે.

૫. સાયન્સ કૉલેજ, કડી. ... શરતોના પરિપાલન અંગે આચાર્યશ્રીએ તેઓના તા. ૨૭--૯--૧૯૭૦ના પત્રથી ગ્રંથાલય માટેનાં બધાં પુસ્તકો ખરીદી લીધાનું અને મોંઘવારી ભથ્થાની પાછળની બાકી રકમ ચૂકવવાની કાર્યવાહી ચાલુ હોવાનું જણાવેલું હોઈ સદરહુ કૉલેજના જોડાણ અંગે ઘટતું કરવા કુલપતિશ્રીને સત્તા આપવાનું ઠરાવવામાં આવ્યું.

૬. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ. ... જોડાણ અંગેની જે શરતોનું પરિપાલન હજુ સુધી કરવામાં આવ્યું નથી તે શરતોનું યથાર્થ પરિપાલન કરવામાં આવશે નહિ ત્યાં સુધી સદરહુ કૉલેજના જોડાણ અંગે રાજ્ય સરકારને ભલામણ કરવામાં આવશે નહિ, તથા બીજા સત્રથી વિદ્યાર્થીઓને ચાલુ રાખી શકાશે નહિ તે મતલબની જાણ કૉલેજને કરવી :

(૧) પ્રયોગશાળા માટે રૂ. ૫૬,૯૧૬નાં સાધનો તાકીદે ખરીદવામાં આવે; અને

(૨) કેમિકલ એન્જિનિયરિંગના ઇક્વિપમેન્ટ માટે રૂ. ૨,૦૦,૦૦૦નો ઑર્ડર તાકીદે મૂકવામાં આવે.

૭૪. પિલવાઈ સાયન્સ કૉલેજમાં અધ્યાપકોને છૂટા કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૬--૯-૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિ પર વધારાના સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિમાં નીચેના સભ્યોની વધારાના સભ્યો તરીકે નિમણૂક કરવી :

(૧) ડૉ. જે. જે. ચિનોય

(૨) શ્રી. ઇન્દ્રવદન એ. મોદી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં./સિં./૩૧૩૨૨/૧૯૭૦.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ—૯.
નવેંબર ૩, ૧૯૭૦.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧–બ

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સપ્ટેંબર માસની વિશેષ સભા શુક્રવાર, તા. ૨૫--૯--૧૯૭૦ના રોજ સવારના ૯--૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૫--૯--૧૯૭૦
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિ	હાજર
૨.	શ્રી. ઇન્દ્રવદન ઉમિયાશંકર વસાવડા, સંયુક્ત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય કે. એમ. તલાટી	ગેરહાજર
૪.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર
૮.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૯.	શ્રી. ડોસુભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૦.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	ગેરહાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧. શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખામાં નોંધાયેલા સ્નાતકોના મતદાર વિભાગની વિનયન વિદ્યાશાખાની ચૂંટણી તા. ૨૦--૯--૧૯૭૦ના રોજ યોજવામાં આવેલી તે અંગેનું મતદાન અમદાવાદ કેન્દ્ર પર શરૂ થયા પછી બંધ રાખવામાં આવ્યું તે પરથી ઊભી થયેલી પરિસ્થિતિના સંદર્ભમાં આગળ પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

(કાનૂનવિષયક સમિતિની ભલામણ **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.)

સભાગૃહ સમક્ષ અમદાવાદ કેન્દ્રના ચૂંટણી અધિકારીઓ આચાર્ય વી. જે. ત્રિવેદી અને પ્રોફેસર ફારૂકીનો રિપોર્ટ અને તેમાં જણાવેલા આઠ કાગળો તથા લીગલ સમિતિની તા. ૨૪--૯--૧૯૭૦ની સભાની ભલામણ, તેમાં જણાવેલ રિપોર્ટ સહિત અને કુલસચિવનો રિપોર્ટ પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને આ તમામ કાગળો ઝીણવટપૂર્વક તપાસવામાં આવ્યા.

આ ચર્ચા દરમ્યાન સિન્ડિકેટના સભ્ય શ્રી. રસિકલાલ બાલચંદ શાહ, જેઓ પોતે શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખામાં નોંધાયેલા સ્નાતકોના મતદાર વિભાગની વિનયન વિદ્યાશાખાના મતદારમંડળમાંથી ચૂંટણી માટે ઊભા રહ્યા છે, તેમણે સભાગૃહમાં મૌખિક અને લેખિત જાણ કરી કે આ બાબત અંગેના નિર્ણયમાં તેઓ પક્ષકાર બનવા ઇચ્છતા નથી.

તે પછી લંબાણ ચર્ચાવિચારણાને અંતે વધુ મતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

ચૂંટણી અધિકારીઓ આચાર્ય વી. જે. ત્રિવેદી અને પ્રોફેસર ફારૂકીના રિપોર્ટ તથા કુલસચિવનો રિપોર્ટ તથા લીગલ સમિતિનો રિપોર્ટ તથા તે અંગેના અન્ય કાગળો ઉપર ચર્ચાવિચારણા કરીને ઠરાવવામાં આવે છે કે લીગલ સમિતિના સદરહુ રિપોર્ટને ધ્યાનમાં રાખીને અને શ્રી. કુલસચિવને જરૂર લાગે તો વિશેષ કાનૂની સલાહ લઈને આ ચૂંટણી અંગેની બાકીની કાર્યવાહી તેમણે પૂરી કરવી.

આ અંગે યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે જરૂરી પગલાં લેવાની અને ખર્ચ કરવાની શ્રી. કુલસચિવને સત્તા આપવામાં આવે છે.

ચર્ચા દરમ્યાન પ્રો. મણિશંકર પંડ્યાએ નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો :

"આથી ઠરાવવામાં આવે છે કે અમદાવાદ તેમ જ અન્ય બધાં કેન્દ્રોમાં રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સ મતદાર વિભાગ વિસ્તારનું ફરીથી મતદાન થાય એ રીતે સેનેટની ચૂંટણીનું બાકીનું કામ પૂરું કરવું."

પ્રો. મણિશંકર પંડ્યાના આ પ્રસ્તાવ પર સિન્ડિકેટમાં ઉપરનો જે ઠરાવ પસાર થયો છે તે જોતાં તે અંગે વિશેષ વિચારવાપણું રહ્યું નહિ.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./ ૦૧૪૫૪૬ / ૧૯૭૦

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ--૯.
સપ્ટેંબર ૩૦, ૧૯૭૦.

કં. ચં. પરીખ
કુલસચિવ

પરિશિષ્ટ "અ"

સિન્ડિકેટે નીમેલી સ્થાયી કાનૂનવિષયક સમિતિની એક ખાસ સભા ગુરુવાર, તા. ૨૪--૯--૧૯૭૦ના રોજ સાંજના પાંચ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, તેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિ
૨. શ્રી. અટુભાઈ હ. દેસાઈ
૩. શ્રી. ઇન્દ્રવદન એમ. નાણાવટી
૪. આચાર્ય વી. આર. રણદીવે.

પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ લીધું હતું.

શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખામાં નોંધાયેલા સ્નાતકોના મતદાર વિભાગની વિનયન વિદ્યાશાખાની ચૂંટણી તા. ૨૦--૯--૧૯૭૦ના રોજ યોજવામાં આવેલી તે અંગેનું મતદાન અમદાવાદ કેન્દ્ર પર શરૂ થયા થયા પછી બંધ રાખવામાં આવ્યું તે પરથી ઊભી થયેલી પરિસ્થિતિના સંદર્ભમાં આગળ પગલાં લેવા અંગે વિચારણા કરવા બાબત.

સમિતિ સમક્ષ નીચેના કાગળો રજૂ કરવામાં આવ્યા :

૧. અમદાવાદ કેન્દ્રના પોલિંગ ઑફિસરો આચાર્ય શ્રી. વી. જે. ત્રિવેદી અને શ્રી. એમ. એ. ફારૂકીના તા. ૨૦--૯--૧૯૭૦ના રિપોર્ટ અને તેની સાથે આવેલાં કુલ ચાર બિડાણો :
૨. શ્રી. રસિકલાલ બાલચંદ શાહનો તા. ૨૨--૯--૧૯૭૦નો પત્ર;
૩. શ્રી. હીરાલાલ (હીરુભાઈ) પુરુષોત્તમદાસ પટેલનો તા. ૨૨--૯--૧૯૭૦નો પત્ર;
૪. શ્રી. હીરાલાલ (હીરુભાઈ) પુરુષોત્તમદાસ પટેલનો તા. ૨૩--૯--૧૯૭૦નો પત્ર;
૫. શ્રી. પંકજ આર. શેઠનો તા. ૨૩--૯--૧૯૭૦નો પત્ર;
૬. શ્રી. એચ. વી. વસાનો તા. ૨૩--૯--૧૯૭૦નો પત્ર;
૭. શ્રી. પ્રફુલચંદ્ર ચંદુલાલ શાહનો તા. ૨૪--૯--૧૯૭૦નો પત્ર; અને
૮. શ્રી. પ્રમોદ બી. શાહનો તા. ૨૪--૯--૧૯૭૦નો પત્ર.

સદરહુ કાગળો અને સેનેટની ચૂંટણી અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણો કાળજીપૂર્વક તપાસવામાં આવ્યાં.

તે પછી લાંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે તા. ૨૦--૯--૧૯૭૦ના રોજ શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાના રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સનું મતદાન રાબેતા મુજબ શરૂ થયા પછી ફક્ત અમદાવાદ કેન્દ્ર પર જ બંધ રાખવું પડયું હતું અને બીજાં બધાં કેન્દ્રો પર મતદાન નિયત કર્યા મુજબ થયું છે તે જોતાં અને આ બાબત અંગે સમગ્ર રીતે વિચારણા કરતાં, આ સાથે જોડેલા રિપોર્ટ મુજબ પગલાં લેવા સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે.

(સદરહુ રિપોર્ટની નકલ સામેલ છે.)

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ—૯.
તા. ૨૪--૯--૧૯૭૦.

કં. ચં. પરીખ
કુલસચિવ

NOTE

Senate Election : Registered Graduates : Faculty of Arts

There is nothing in the Gujarat University Act or the Statutes or Rules which lays down any procedure which may be followed when such a contingency arises. Again, in (the) Representation of the Peoples Act, 1951, there is only one section, viz. Section 58 which lays down the procedure in the case of destruction of ballot boxes. Sec. 58(1) (*a*) reads as under :

" Sec. 58 : Fresh poll in the case of destruction, etc. of ballot boxes :

(1) If at any election —

(*a*) any ballot box at a polling station or at a place fixed for the poll is unlawfully taken out of the custody of the presiding officer or the returning officer, or is accidentally or intentionally destroyed or lost or is damaged or tampered with to such an extend that the result of the poll at that polling station or place cannot be ascertained;

or

(2) the Election Commission shall after taking all material circumstances into account either —

(*a*) declare the poll at that polling station or place to be void, appoint a day and fix the hours, for taking a fresh poll of that polling station or place and notify the day so appointed and the house so fixed in such manner as it may deem fit. "

or

Due to unexpected disturbances the election to the Senate from Registered Graduates' Constituency (Faculty of Arts) at Ahmedabad Centre had to be abandoned, in the middle, i.e. a little after the voting had commneced. As such an emergency had arisen, the election at the Centre will have to be held again. All votes cast here will be declared null and void and a fresh poll will have to be taken.

Now the vexed question that is agitating the minds of several persons is whether the whole election of Arts Faculty (Registered Graduates' Constituency) should be held again or whether it is possible to hold the election *only* at Ahmedabad Centre.

It is not possible to make anything perfect. But we humbly suggest the following solution under the present circumstances :

Dholka, Dhandhuka, Viramgam, Dehgam, Gandhinagar, Modasa and other places where there are colleges of our University were centres. It is true that any voter in this constituency can cast his vote at any centre. But then the parts materially and essentially affected are Ahmedabad City and Ahmedabad's suburbs and Daskroi and Sanand Talukas.

(1) Again as this is not the fresh election, 21 days' notice is not necessary.

(2) A notice of a reasonable period may be given. We feel that 15 days' notice is enough.

(3) Copies may be sent to all voters residing in the above parts informing them of the date, place and hours of voting etc.

(4) The identity cards may be printed afresh but of a different colour.

(5) Ballot papers also may be slightly different as there may be some voters, who may have the old ballot papers with them, but may have been prevented from putting them in the ballot box.

(6) Voters who are eligible and who have not exercised their franchise on 20–9–1970 and who have not got their identity cards can get identity cards on presenting attested applications to the Registrar or the Presiding Officer at the polling station.

N.B.—

(*a*) Voters as well as the Press should be informed that those who exercised their franchise in the constituency at any centre other than Ahmedabad will not be entitled to vote. In case a breach takes place his or her vote will be invalid.

(*b*) It will be easy to find out as to how many and also as to who exercised their franchise at all other centres except Ahmedabad in this constituency.

(*c*) There should be no counting of votes of this constituency unitl the election, i.e., repoll is taken at Ahmedabad Centre.

(*d*) We are aware of the fact that a few voters who could not have voted on 20–9–1970, may vote here on the next date. But that cannot be helped. As, even in the re-poll taken under Sec. 58 referred to above, voters who may be absent on the first date will be entitled to vote on the second occasion.

(*e*) We are definitely of opinion that there should not be repoll at all centres and also that 21 days' notice is not necessary.

(*f*) The Vice-Chancellor can fix any reasonable date and adopt a procedure which would meet the situation.

Dt. 24–9–1970.

(Sd.) BATUBHAI H. DESAI
(Sd.) I. M. NANAVATI
(Sd.) V. R. RANADIVE.

N.B. — It may be noted that the election even in this constituency at all other centres went on smoothly and no centre was informed about any disturbance here and also of the fact that the election was abandoned here.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૨૨

સ્ટેન્ડિંગ કમિટી ઑન ઇક્વિવેલેન્સ ઑફ એક્ઝામિનેશન્સની તા. ૧-૬-૧૯૭૦ના રોજની સભાની સિન્ડિકેટને ભલામણો

૨. ઇન્સ્ટિટ્યૂટ ઑફ કૉસ્ટ ઍન્ડ વર્ક્સ એકાઉન્ટ્સ ઑફ ઇન્ડિયા, કલકત્તાના સેક્રેટરીનો મજકૂર સંસ્થાની આઈ.સી.ડબલ્યુ.એ.ની પરીક્ષાને આપણી યુનિવર્સિટીની, પીએચ.ડી. પદવી માટે નોંધાવા માટે અનુસ્નાતક પદવી તુલ્ય માન્ય કરવાની વિનંતી કરતા તા. ૨૫-૯-૧૯૬૯ના પત્રાંક જી. ૨૪૬-૯, ૬૯ પર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) આ બાબત તા. ૨૫-૧૧-૧૯૬૯ના રોજ મળેલ ઇક્વિવેલેન્સ સમિતિની સભા સમક્ષ વિચારણા માટે મૂકવામાં આવેલ અને ઠરાવવામાં આવેલ કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી અને દરમિયાનમાં અન્ય યુનિવર્સિટીઓ પાસે તેમણે આ પરીક્ષાઓને તેમની અનુસ્નાતક પરીક્ષા તુલ્ય માન્ય રાખી છે કે કેમ તે માહિતી મંગાવવી.

(૨) અન્ય યુનિવર્સિટીઓ પાસેથી માહિતી મંગાવેલ છે. ૪૯ યુનિવર્સિટીઓના પત્રો જોતાં કોઈ પણ યુનિવર્સિટીએ આ પરીક્ષાને અનુસ્નાતક પરીક્ષા તુલ્ય માન્ય કરેલી નથી.]

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્સ્ટિટ્યૂટ ઑફ કૉસ્ટ ઍન્ડ વર્ક્સ એકાઉન્ટ ઑફ ઇન્ડિયા, કલકત્તા તરફથી લેવામાં આવતી આઈ. સી. ડબલ્યુ. એ. (I. C. W. A.) પરીક્ષાને આ યુનિવર્સિટીની માસ્ટર્સ ડિગ્રી પરીક્ષા તુલ્ય માન્ય કરવી નહિ, એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૩. ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફૉર ટેકનિકલ એજ્યુકેશન, ન્યૂ દિલ્હી તરફથી લેવામાં આવતી "નેશનલ ડિપ્લોમા કોર્સ ઇન કૉમર્સ" પરીક્ષાને આપણી યુનિવર્સિટીની થર્ડ બી.કૉમ., પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે સેક્રેટરીશ્રી, મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન (ટેકનિકલ ડિવિઝન), ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હી તરફથી આવેલ તા. ૨૪-૯-૧૯૬૮ના પત્ર પર વિચારણા કરવા બાબત.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

The National Diploma Course in Commerce, conducted by Govt. of India, New Delhi may be recognised as equivalent to the B.Com. Degree Examination of Gujarat University as the courses are substantially the same.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી. દરમિયાન બીજી યુનિવર્સિટીઓ પાસેથી માહિતી મંગાવીને ડીનશ્રીનો અભિપ્રાય મેળવીને તે સાથે રજૂ કરવી.

૪. જોધપુર યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી બી.કૉમ. પાર્ટ ૧, બી.કૉમ. પાર્ટ ૨, બી.એ. પાર્ટ ૧, બી.એ. પાર્ટ ૨, બી.એસસી. પાર્ટ ૧ તેમ જ બી.એસસી. પાર્ટ ૨ની પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની જે તે સમકક્ષ પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૫–૭–૧૯૬૯ના પત્રાંક જેડીઆર. યુ. જન. ૬૮–૬૯ / ૪કિવ. ગુજરાત પર વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

B.A. I & B.A. II Examinations of the Jodhpur University can be recommended as equivalent to the corresponding First B A. & Second B.A. Examination of our University on mutual recognition basis.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

The courses of B.Sc. I & B.Sc. II Examinations of Jodhpur University (Rajasthan) are quite close to those of our University, equivalence may be granted for those two courses.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

B.Com. Part I & B.Com. Part II Examinations of Jodhpur University may not be recognised as equivalent to First B.Com. & Second B.Com. Examinations respectively of Gujarat University as the important papers of Advanced Accountancy, Statistics, Commercial Correspondence and Business Administration are not included in the Syllabii of Jodhpur University.

આથી ઠરાવવામાં આવે છે કે જોધપુર યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી બી.એ. પાર્ટ ૧, બી.એ. પાર્ટ ૨, બી.એસસી. પાર્ટ ૧ અને બી.એસસી. પાર્ટ ૨ પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની અનુક્રમે ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., ફર્સ્ટ બી.એસસી. અને સેકન્ડ બી.એસસી. પરીક્ષાઓ તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવી અને બી.કૉમ. પાર્ટ ૧ અને બી.કૉમ. પાર્ટ ૨ પરીક્ષાઓને માન્ય કરવી નહિ એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૫. બેંગલોર યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી પ્રી-યુનિ. કૉમર્સ પરીક્ષાને આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિ. કૉમર્સ પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૧–૩–૧૯૬૯ના પત્રાંક આર. ૪. રેકગ્નિ. ૪૩–૬૮–૬૯ પર વિચારણા કરવા બાબત.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

Pre-University Examination of Bangalore University, may be recognised as equivalent to Pre-University Commerce Examination of Gujarat University provided the candidate has passed the Pre-University

Examination with the following combination of optional subjects under Group "A":

1. Economics, Mathematics, Commerce
2. Economics, History, Commerce
3. Economics, Geography, Commerce.

આથી ઠરાવવામાં આવે છે કે બેંગલોર યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી પ્રી-યુનિવર્સિટી વાણિજ્ય પરીક્ષાને નીચેની શરતે આ યુનિવર્સિટીની પ્રી-યુનિ. વાણિજ્ય પરીક્ષા તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

"Pre-University Examination of Bangalore University, may be recognised as equivalent to Pre-University Commerce Examination of Gujarat University, provided the candidate has passed the Pre-University Examination with the following combinations of optional subjects under Group "A":

1. Economics, Mathematics, Commerce
2. Economics, History, Commerce
3. Economics, Geography, Commerce.

૬. ગુજરાત વિદ્યાપીઠ તરફથી લેવામાં આવતી નીચે જણાવેલ પરીક્ષાઓને માન્ય કરવા અંગે તે સંસ્થાના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૧૫/૨૩-૫-૧૯૭૦ના પત્રાંક ૪૫૦-૭૦-૭૧ પર વિચારણા કરવા બાબત :

૧. વિનીત	...	એસ.એસ.સી. સમકક્ષ
૨. સમાજવિદ્યા વિશારદ	...	બી.એ. સમકક્ષ
૩. શિક્ષણ પારંગત	...	એમ.એ. સમકક્ષ
૪. હિંદી શિક્ષા વિનીત	...	ટી.ડી. (હિંદી) સમકક્ષ.

(નોંધ.—રે. ૭ મુજબ પરીક્ષાઓ માન્ય કર્યા અંગેની યાદી :

ગુજરાત વિદ્યાપીઠ *

૧. વિનીત	...	એસ.એસ.સી. એકઝામિનેશન
૨. પ્રથમા	...	ફર્સ્ટ યર
૩. મધ્યમા	...	ઇન્ટરમીડિયેટ
૪. સ્નાતક (વિશારદ)	...	ગ્રેજ્યુએશન (ડિગ્રી એકઝામિનેશન)
૫. પારંગત	...	એમ.એ.
૬. સમાજવિદ્યા વિશારદ**	...	બી.એ.
૭. પારંગત (હિંદી)	...	એમ.એ. (હિંદી)

* Examination conducted up to August 1942 are recognised.
* * After August, 1947.)

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

ગુજરાત વિદ્યાપીઠની પરીક્ષાઓ અંગે હાલ આપણે જે માન્યતા આપેલ છે તેમાં વધારો કરવાનું હાલ કોઈ કારણ જણાતું નથી. તેમની વિશારદ પરીક્ષા—જે તે વિષયની—તે વિષય માટે એમ.એ.માં આપણે ત્યાં પ્રવેશ માટે માન્ય કરી શકાય એટલું પૂરતું જણાય છે. વળી વિનીત વગેરે પરીક્ષાઓ અંગ્રેજી વગર પાસ કરી શકાય છે એ પણ નોંધવા જેવું છે. તેથી ઉપર પ્રમાણે પગલાં લેવા ભલામણ છે.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત વિદ્યાપીઠની જે પરીક્ષાઓ રેગ્યુ. ૭ મુજબ હાલ માન્ય થયેલ છે તે સ્થિતિ યથાવત્ ચાલુ રાખવી.

૭. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ તેમ જ સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરત તરફથી લેવામાં આવતી એમ.એ. પાર્ટ ૧, એમ.કોમ. પાર્ટ ૧ અને એમ.એસસી. પાર્ટ ૧ની પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની સમકક્ષ પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સાઉથ ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવશ્રી તરફથી આવેલ તા. ૧૦–૪–૧૯૭૦ના પત્રમાં તેઓ જણાવે છે કે એમ.એ. પાર્ટ ૧ અભ્યાસક્રમ ગુજરાત યુનિવર્સિટીના અભ્યાસક્રમ જેવો છે. ઇતિહાસના વિષયમાં ફેરફાર છે.)

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

M.Com. Part I Examination of Saurashtra University may be recognised as equivalent to M.Com. Part I Examination of Gujarat University provided the candidate has passed the examination of Saurashtra University in the following four papers :

1. Economic Policy and Planning
2. Corporation Finance
3. Optional Paper I
4. Optional Paper II

and provided that the candidates has obtained 36% of marks in each paper and 42% of marks in the aggregate of four papers.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

M.A. Part I Examination in various subjects of the Saurashtra University should be recommended as equivalent to the corresponding M.A. Part I Examination of our University.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

M.Sc. Part I Course of Saurashtra University is the same as that of our University. Hence the equivalence be granted.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

સાઉથ ગુજરાત યુનિવર્સિટી, સુરતની એમ.એસસી. પાર્ટ ૧ પરીક્ષા સમકક્ષ હોઈ માન્યતા આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની એમ.એ. પાર્ટ ૧, એમ.કૉમ. પાર્ટ ૧ અને એમ.એસસી. પાર્ટ ૧ પરીક્ષાઓને આ યુનિવર્સિટીની અનુક્રમે એમ.એ. પાર્ટ ૧, એમ.કૉમ. પાર્ટ ૧ તેમ જ એમ.એસસી. પાર્ટ ૧ પરીક્ષાઓ તુલ્ય ગણી તેમના વિષયોને અનુલક્ષીને ચાલુ વર્ષે પાર્ટ ૨ માટે પ્રવેશપાત્રતા પ્રમાણપત્રો (Eligibility Certificates) તદર્થ ધોરણે આપવાં એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

રાજ્યની યુનિવર્સિટીઓમાં અભ્યાસક્રમ અને ધોરણની સુસંગતતા જળવાય તે માટે આ બાબત વિચારણા માટે (૧) જૉઈન્ટ બોર્ડ ઑફ ટીચિંગ, તથા (૨) કો-ઑર્ડિનેશન કમિટીને મોકલી આપવી.

૮. નાગપુર યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી બી.કૉમ. પાર્ટ ૧, એફ.વાય.બી.કૉમ. અને ટી.વાય.બી.કૉમ. અને થર્ડ બી.કૉમ. પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની પરીક્ષાઓની સમકક્ષ માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તા. ૬–૧–૧૯૬૯, તા. ૧૨–૬–૧૯૬૯ તેમ જ તા. ૨૫–૧૧–૧૯૬૯ના રોજ મળેલ ઇક્વિવેલેન્સ સમિતિની સભામાં આ બાબતની વિચારણા મુલતવી રહી હતી.)

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

(1) B.Com. Part I Examination of Nagpur University may be considered as equivalent to the First B.Com. Examination of Gujarat University, provided the candidate passes in the subject of Element of Statistics at the First B.Com. Examination of Gujarat University.

(2) B.Com. Degree Examination of Nagpur University may be considered as equivalent to B.Com. Degree Examination of Gujarat University.

આથી ઠરાવવામાં આવે છે કે નાગપુર યુનિવર્સિટીની બી.કૉમ. પદવી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની થર્ડ બી.એ. પરીક્ષા તુલ્ય પરસ્પરના ધોરણે માન્ય કરવી.

બી.કૉમ. પાર્ટ ૧ પરીક્ષાને માન્ય કરવી નહિ એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૯. બેઝિક એજ્યુકેશન હાયર સ્ટાન્ડર્ડ (બી.ઈ.એચ.એસ.), બર્મા તરફથી લેવામાં આવતી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિ. સાયન્સ પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે પ્રેસિડેન્ટ, ઑલ બર્મા ઇન્ડિયન કૉંગ્રેસ, મંડાલે તરફથી આવેલ તા. ૨૪–૫–૧૯૬૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તા. ૨૫–૧૧–૧૯૬૯ના રોજ મળેલ ઇક્વિવેલેન્સ સમિતિની સભામાં આ બાબત વિચારણા માટે મૂકવામાં આવેલ અને ઠરાવવામાં આવેલ કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી. આ પરીક્ષાની માન્યતા અંગે જુદી જુદી યુનિવર્સિટીઓમાંથી મંગાવેલ માહિતી **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એજ્યુકેશન હાયર સ્ટાન્ડર્ડ (બી.ઈ.એચ.એસ.), બર્માની પરીક્ષાને તદર્થ (ad-hoc) ધોરણે આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિ. વિનયન તેમજ પ્રી-યુનિ વાણિજ્ય પરીક્ષા તુલ્ય માન્ય કરવી તેમજ નીચેની શરતે પ્રી-યુનિ. વિજ્ઞાન પરીક્ષા તુલ્ય માન્ય કરવી એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી :

"B.E.H.S. Examination is recognised by this University as equivalent to the Pre-University Science Examination of this University, if passed with English, Addl. Language, Mathematics, Physics, Chemistry and Biology."

૧૦. ગુજરાત રાજ્ય સરકારની ડિપ્લોમા કોર્સ ઇન સેક્રેટરિયલ પ્રેક્ટિસ ઇન્કલ્યુડિંગ બિઝનેસ કોરસ્પોન્ડસ અને સ્ટેનોગ્રાફી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિ. વાણિજ્ય પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

ગુજરાત સરકાર તરફથી અપાતા બે વર્ષના ડિપ્લોમા કોર્સ ઇન સેક્રેટરિયલ પ્રેક્ટિસ ઇન્કલ્યુડિંગ બિઝનેસ કોરસ્પોન્ડન્સ એન્ડ સ્ટેનોગ્રાફીનો અભ્યાસક્રમ ગુજરાત યુનિવર્સિટીના પ્રી-યુનિ. કોમર્સના અભ્યાસક્રમ સાથે સરખાવતાં મારો અભિપ્રાય એ થાય છે કે ગુજરાત સરકાર તરફથી અપાતા આ ડિપ્લોમા કોર્સને આપણી યુનિવર્સિટીના પ્રી-યુનિ. કોમર્સની સમકક્ષ ગણી શકાય અને તેથી તે ડિપ્લોમા કોર્સ પાસ કરનારને યુનિવર્સિટીના એફ.વાય.બી.કોમ.ના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા પાત્ર ગણવા.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત રાજ્ય સરકારની ડિપ્લોમા કોર્સ ઇન સેક્રેટરિયલ પ્રેક્ટિસ ઇન્કલ્યુડિંગ બિઝનેસ કોરસ્પોન્ડન્સ પરીક્ષાને જે વિદ્યાર્થીએ એસ.એસ.સી.ની પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પસાર કરેલી હોય તો જ યુનિવર્સિટીની પ્રી-યુનિ. વાણિજ્ય પરીક્ષા તુલ્ય માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૨. ઇન્ટર યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા એન્ડ સિલોનની સ્થાયી સમિતિની તા. ૩ એપ્રિલ ૧૯૬૯ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(1) To consider the question of recognition of the B.Sc. (Hons.) in Economics of the University of London as equivalent to the M.A. in Economics of an Indian University.
Resolved to leave the matter to the Universities to decide.

(2) To consider letter of F. 27-6/65-U. 5 dated the 15th January 1969 from the Joint Educational Adviser to the Govt. of India, Ministry of Education, addressed to the Chairman Inter-University Board with regard to recognition of the Post-graduate Diploma in (1) Agricultural Economics and Co-operation, and (2) Rural Sociology and Community Development awarded by the National Council for

Rural Higher Education as equivalent to a Master's degree of an Indian University for purposes of further study in a University.

The Committee noted the observations made by the expert Committee and the previous decision taken. In view of the likelihood of these Institutions being recognised by the respective state Universities in whose territorial jurisdiction they are situated, it is recommended that as an interim measure ad-hoc equivalence of these diplomas to the M.A. degree for purposes of further study may be granted.

(**નોંધ.**—સિન્ડિકેટે તેની તા. ૧૪/૧૫–૨–૧૯૭૦ની સભામાં બાબત નં. ૧૧૪થી ઇન્ટર યુનિ. બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોનની સ્થાયી સમિતિની તા. ૩ એપ્રિલ ૧૯૬૯ની બાબત નં. ૨ અને ૧૨ ઇક્વિવેલેન્સ સમિતિની વિચારણા માટે મોકલવા ઠરાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૩. શ્રી. એસ. ડી. માસ્ટરે યુનિવર્સિટી ઑફ બોન, વેસ્ટ જર્મની (University of Bon, West Germany)માંથી ફર્સ્ટ એમ.ડી.ની પરીક્ષા પસાર કર્યાના આધારે આપણી યુનિવર્સિટી સાથે સંલગ્ન મેડિકલ કૉલેજમાં સેકન્ડ એમ.બી.,બી.એસ.ના વર્ગમાં પ્રવેશ આપવા અંગે વિચારણા કરવા બાબત.

મેડિકલ વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

Mr. S. D. Master may be considered eligible for the Second M.B.,B.S. Course.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એસ. ડી. માસ્ટરને સેકન્ડ એમ.બી.,બી.એસ.ના વર્ગમાં તદર્થ (Ad-hoc) બેઝિક ધોરણે પ્રવેશપાત્ર ગણવા એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૪. લોકભારતી, સણોસરા તરફથી લેવામાં આવતી "સ્નાતક" પરીક્ષાને આપણી યુનિવર્સિટીની બી.એ.પદવી પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે તે સંસ્થા તરફથી આવેલ તા. ૧૯–૧–૧૯૭૦ના પત્રાંક લોભા–લોબે–૫૦૨૯ ૬૯, ૭૦ પર વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

આ અભ્યાસક્રમને આપણે પૂર્ણતઃ માન્ય કરી શકીએ તેમ નથી, પરંતુ બી.એસસી. એગ્રિકલ્ચર કે બી.એડ. જેવી પરીક્ષા માટે (અંશતઃ) માન્ય કરી શકીએ અને તે પણ આ સ્નાતકો અંગ્રેજીના યુનિવર્સિટી વડે લેવાયેલ એક પ્રી-એડમિશન ટેસ્ટમાં પાસ થાય તો જ.

આથી ઠરાવવામાં આવે છે કે લોકભારતી, સણોસરા તરફથી લેવામાં આવતી "સ્નાતક" પરીક્ષાને માન્ય કરવી નહિ એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૫. નીચે જણાવેલ બોર્ડ તરફથી લેવામાં આવતી "ઇન્ટર ફાર્મસી ડિપ્લોમા" ફાઇનલ ઇયર પરીક્ષાની માન્યતા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—ફાર્મસીની વિદ્યાશાખાના ડીને તેમના તા. ૨૦–૩–૧૯૭૦ના પત્રાંક ૪૭૨૬થી પોતાનો અભિપ્રાય નીચે મુજબ જણાવેલ છે :

1. Board of Technical Examinations (Maharashtra State)
2. Board of Technical Examination (Mysore State)
3. Board of Technical Examination (Madhya-Pradesh State)].

ફાર્મસી ફેકલ્ટીના ડીનશ્રીનો અભિપ્રાય

As regards Diploma in Pharmacy there are two examination authorities :

(1) University, (2) Technical Board.

In many cases standard of Examination by Technical Board is very poor.

I am of the opinion that only Inter Pharm. Examinations of any statutory University will be considered equivalent to Inter Pharm. Examination of our University.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ટેકનિકલ બોર્ડો દ્વારા લેવામાં આવતી ઇન્ટર ફાર્મસી ડિપ્લોમા ફાઇનલ ઇયર પરીક્ષાઓને માન્ય કરવી નહિ એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૬. ભારતીય બહુદેશીય વિદ્યાપીઠ, વારાણસી તરફથી લેવામાં આવતી નીચે મુજબની પરીક્ષાઓને માન્ય કરવા અંગે તે સંસ્થા તરફથી આવેલ તા. ૧૩–૧૧–૧૯૬૯ના પત્રાંક બી.બી.વી. ૧૫૭૯–૨૭ પર વિચારણા કરવા બાબત :

Name of the Examination of Vidyapeeth for recognition	*Equivalent to*
1. Vidyabhushan	High School/S.S.C.
2. Visharad	Intermediate
3. Vidyaratna	B.A.
4. Vidyalankar	M.A.
5. Vidya-Vachaspati	Ph.D. (Research)

ચનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

The Examination stated in the letter of the Registrar of the above institution cannot be considered equivalent to our corresponding examination.

આથી ઠરાવવામાં આવે છે કે ભારતીય બહુદેશીય વિદ્યાપીઠ, વારાણસી તરફથી લેવામાં આવતી પરીક્ષાઓને માન્ય કરવી નહિ એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૭. બોર્ડ ઑફ સ્કૂલ એજ્યુકેશન, હરિયાણા (પંજાબ) તરફથી લેવામાં આવતી મૅટ્રિક તેમ જ હાયર સેકન્ડરી પાર્ટ ૧ અને ૨ પરીક્ષાને ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે તે સંસ્થા તરફથી આવેલ તેમના તા. ૩–૨–૧૯૭૦ના પત્રાંક ૫૨૪–૬૨૩ પર વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) પંજાબ યુનિવર્સિટીએ મૅટ્રિકયુલેશન અને હાયર સેકન્ડરી પરીક્ષાઓ લેવાનું બંધ કરીને પંજાબ, હરિયાણા અને હિમાચલ પ્રદેશ વગેરે રાજ્યની સ્કૂલ એજ્યુકેશન બોર્ડ આ પરીક્ષાઓ લેવાનું ૧૯૭૦થી શરૂ કર્યું છે.

(૨) પંજાબ યુનિવર્સિટીની હાયર સેકન્ડરી અને મૅટ્રિકયુલેશનની પરીક્ષાઓને રે. ૬ તેમ જ રે. ૭ મુજબ એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય માન્ય કરેલ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સ્કૂલ એજ્યુકેશન, હરિયાણા (પંજાબ) દ્વારા લેવામાં આવતી મૅટ્રિક તેમ જ હાયર સેકન્ડરી પાર્ટ ૨ પરીક્ષાને, સ્ટેચ્યૂટ ૧૭૩ને આધીન, ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષા તુલ્ય માન્ય કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૧૮. નીચેના વિદ્યાર્થીઓને તદર્થ (ad-hoc) ધોરણે તેમનાં નામ સામે દર્શાવેલ વર્ગમાં પ્રવેશપાત્રતા (Eligibility) સર્ટિફિકેટ આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૧૯. સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હી તરફથી લેવામાં આવતી ઑલ-ઇન્ડિયા હાયર સેકન્ડરી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિ. વિનયન, પ્રી-યુનિ. વાણિજ્ય અને પ્રી-યુનિ. વિજ્ઞાન પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ બાબત ક્રમાંક ૩૨થી તા. ૨૫–૧૧–૧૯૬૯ના રોજ મળેલ ઇક્વિવેલેન્સ સમિતિની સભામાં મૂકવામાં આવેલ અને ઠરાવવામાં આવેલ કે સદરહુ બાબત વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓની વિચારણા માટે મોકલવી.)

(૧) તા. ૨૨–૪–૧૯૭૦ના રોજ મળેલ વિનયન વિદ્યાશાખાની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"આથી ઠરાવવામાં આવે છે કે સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂ દિલ્હીની ઑલ-ઇન્ડિયા હાયર સેકન્ડરી પરીક્ષાને નીચે દર્શાવેલ શરતોએ આ યુનિવર્સિટીની પ્રી-યુનિ. પરીક્ષા તુલ્ય ગણવી.

૧. ઑલ-ઇન્ડિયા હાયર સેકન્ડરીની પરીક્ષા શાળાના બાર વર્ષના અંતે લેવાતી હોવી જોઈએ.

૨. સ્ટે. ૧૭૩માં દર્શાવેલ શરતોનું પાલન થતું હોવું જોઈએ.

(૨) તા. ૫/૬–૨–૧૯૭૦ના રોજ મળેલ વાણિજ્ય વિદ્યાશાખાની સભામાં નીચે પ્રમાણે ઠરાવ્યું છે :

"અભ્યાસક્રમ ઇત્યાદિ વિગતવાર જરૂરી માહિતી મંગાવવી અને ડીનના અભિપ્રાય સાથે આ બાબત ફરીથી વિદ્યાશાખા સમક્ષ રજૂ કરવી."

(૩) વિજ્ઞાન વિદ્યાશાખાની સભા હજુ સુધી મળેલ નથી.

(૪) વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

These boys can be admitted to the First B.Sc. Class of this University provided the student has offered Mathematics (Advanced Level) one of the subjects and selected either Group II of Group IV of the elective subjects and therein has studied Chemistry, Physics and Biology. He should have secured 36% of the marks in each subject.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

This examination can be considered as equivalent to our Pre-Uni Arts Examination.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

The examination of the Central Board of Secondary Education, Ajmer–New Delhi, may be recognised as equivalent to the Pre-University Commerce Examination of Gujarat University provided the candidate has passed the examination with any three of the following four elective subjects :

(1) Economics

(2) Mathematics (Advanced level)

(3) Business Methods

(4) Book–keeping & Accountancy, and provided that the candidates has obtained 36 % of marks in each paper.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, ન્યૂદિલ્હી, અજમેર તરફથી લેવામાં આવતી "ઑલ-ઇન્ડિયા હાયર સેકન્ડરી" પરીક્ષા જે કોઈ વિદ્યાર્થીએ (૧) અંગ્રેજી, (૨) ગણિતશાસ્ત્ર (એડવાન્સ્ડ લેવલ), (૩) ફિઝિક્સ, (૪) કેમિસ્ટ્રી, અને (૫) બાયોલોજી વિષયો સહિત પસાર કરી હોય તો જ તે પરીક્ષાને આ યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી વિજ્ઞાન પરીક્ષા તુલ્ય માન્ય કરવી એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

(૨) ઑલ-ઇન્ડિયા હાયર સેકન્ડરી પરીક્ષાને જે કોઈ વિદ્યાર્થીએ અંગ્રેજી વિષય સાથે પસાર કરેલી હોય તો જ આ યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી વિનયન પરીક્ષા તુલ્ય માન્ય કરવી એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

(૩) ઑલ-ઇન્ડિયા હાયર સેકન્ડરી પરીક્ષા જે કોઈ વિદ્યાર્થી એ અંગ્રેજી અને ઐચ્છિક વિષયો (૧) ઈકોનોમિક્સ, (૨) ગણિતશાસ્ત્ર (એડવાન્સ્ડ લેવલ), (૩ બિઝનેસ મેથડ્સ, અને (૪) બુક-કીપિંગ ઍન્ડ એકાઉન્ટન્સી પૈકી ગમે તે ત્રણ ઐચ્છિક વિષયો સાથે પસાર કરી હોય

તો જ તે પરીક્ષાને આ યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટી વાણિજ્ય પરીક્ષા તુલ્ય માન્ય કરવી એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

(૪) ઉપર જણાવેલ (૧), (૨), (૩) પ્રકારમાં ન આવતા કેસોને ફક્ત પ્રી-યુનિવર્સિટી વર્ગ માટે સ્ટે. ૧૭૩ના સંદર્ભમાં પ્રવેશ માટે લાયક ગણવા.

૨૦. એન્જિનિયરિંગ વિદ્યાશાખાની પાંચ વર્ષના સુગ્રથિત અભ્યાસક્રમ મુજબ લેવાતી પરીક્ષાઓ માટે આપણી યુનિવર્સિટીએ સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરેલ હોઈ ગુજરાત રાજ્યમાં આવેલ બાકીની તમામ યુનિવર્સિટીઓની એન્જિનિયરિંગ વિદ્યાશાખાની નવા અભ્યાસક્રમ મુજબની બી.ઈ. ૧, બી.ઈ. ૨, બી.ઈ. ૩ અને બી.ઈ. ૪ પરીક્ષાઓને આપણી યુનિવર્સિટીની સમકક્ષ પરીક્ષાઓ તુલ્ય માન્ય કરવા અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) તા. ૧૨-૬-૧૯૬૯ના રોજ મળેલ ઇક્વિવેલેન્સ સમિતિની સભામાં એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાની ફક્ત નવા અભ્યાસક્રમની બી.ઈ. ૫ (સી.,એમ. ઍન્ડ ઈ.) પરીક્ષા પરસ્પરના ધોરણે માન્ય કરવા ઠરાવેલ છે.

(૨) સરદાર પટેલ યુનિવર્સિટીની બી.ઈ. ૧, બી.ઈ. ૨ અને બી.ઈ. ૪ પરીક્ષાઓ માન્ય થયેલ છે.

(૩) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તેમ જ સાઉથ ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓનો અભ્યાસક્રમ જ્યાં સુધી બદલાય નહિ ત્યાં સુધી તે યુનિવર્સિટીઓની પરીક્ષાઓને પરસ્પરના ધોરણે માન્ય કરેલ છે. પરંતુ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ એન્જિનિયરિંગ વિદ્યાશાખામાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરેલ છે અને કૉલેજ બી.ઈ. સેમેસ્ટર ૧ અને ૨ પરીક્ષાઓ લે છે.]

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત જૉઈન્ટ બોર્ડ ઑફ વાઈસ-ચાન્સેલર્સની વિચારણા માટે મોકલી આપવી.

૨૧. જે વિદ્યાર્થીઓએ હાયર સેકન્ડરી કેમ્બ્રિજ યુનિવર્સિટીની પરીક્ષામાં પાસ કર્યાને આધારે અન્ય યુનિવર્સિટીઓમાં સીધા (એટલે કે તે યુનિવર્સિટીની પ્રી-યુનિવર્સિટીની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા વિના) ફર્સ્ટ બી.એસસી., ફર્સ્ટ બી.એ. કે ફર્સ્ટ બી.કૉમ.ના વર્ગમાં પ્રવેશ મેળવ્યા પછી તે પરીક્ષા પસાર કર્યા બાદ આપણી યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ માટે પ્રવેશ મેળવવા માટે "એલિજિબિલિટી સર્ટિફિકેટ" માટે અરજી કરે તો તેવા વિદ્યાર્થીઓને પ્રવેશપાત્ર ગણવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૧૯-૫-૧૯૭૦ની નીચેની ભલામણો સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવી :

વિજ્ઞાન વિદ્યાશાખાની ભલામણો

(અ) આ શાખા ઠરાવે છે કે એસ.એસ.સી.માં હાયર મૅથ્સ.–એલજિબ્રા–જ્યોમેટ્રી સિવાય પસાર કરી બીજી યુનિવર્સિટીની વિજ્ઞાન વિદ્યાશાખાની પરીક્ષા પસાર કર્યાના આધારે આ યુનિવર્સિટીના કોઈ વર્ગમાં દાખલ થવા માગે તો તેવા વિદ્યાર્થીઓને આપણી યુનિવર્સિટીમાં કોઈ પણ જાતની રુકાવટ વિના એફ.વાય.બી.એસસી.માં દાખલ થવા પાત્ર ગણવા.

(બ) હાયર સેકન્ડરી બોર્ડમાંથી આવતા વિદ્યાર્થી માટે બોર્ડની ઊંચામાં ઊંચી પરીક્ષામાં લીધેલ વિષયોમાં મેથેમેટિક્સ, ફિઝિક્સ, કેમિસ્ટ્રી અને બાયોલોજી વિષયો લીધેલા હોવા જોઈએ.

તે પછી લંબાણ ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે—

(૧) અન્ય યુનિવર્સિટીની આપણે માન્ય કરેલી પરીક્ષામાં ઉત્તીર્ણ થઈને આવતા વિદ્યાર્થીને આગળ અભ્યાસ માટે પ્રવેશપાત્ર ગણવા (દિલ્હી કે રાજસ્થાનની હાયર સેકન્ડરીમાં કેમ્બ્રિજ યુનિવર્સિટીની પરીક્ષામાં તેણે રાખેલા વિષયોથી નિરપેક્ષ રીતે) આ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ કરવા માટે પ્રવેશપાત્ર ગણવા ભલામણ કરવી.

(૨) ગુજરાત રાજ્યની એસ.એસ.સી. પરીક્ષામાં હાયર મેથ્સ. લીધા વિના અન્યત્ર પ્રી-યુનિવર્સિટીમાં દાખલ થયા પછી તે યુનિવર્સિટીની પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થઈને આવતા વિદ્યાર્થીઓને માટે આગળના ધોરણમાં પ્રવેશ આપવો નહિ એમ ભલામણ કરવી.

૨૨. જે વિદ્યાર્થીઓ કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી ઇન્ડિયન સ્કૂલ સર્ટિફિકેટ, જી.સી.ઈ., ઈસ્ટ આફ્રિકા સ્કૂલ સર્ટિફિકેટ પરીક્ષા અગર આ યુનિવર્સિટી દ્વારા લેવાતી આવી બીજી કોઈ પરીક્ષા પાસ કરીને આપણી યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ કરવા માટે પ્રવેશ ઇચ્છતા વિદ્યાર્થીઓને કયા વર્ગ માટે પ્રવેશપાત્ર ગણવા તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—રેગ્યુ. ૭ મુજબ હાલ આવા વિદ્યાર્થીઓને નીચેની શરતોને આધીન પ્રી-યુનિ.ની પરીક્ષાઓમાં એસ.એસ.સી. તુલ્ય ગણી પ્રવેશપાત્ર ગણીએ છીએ :

"If passed in English, an additional Language, History, Geography, Mathematics and one another subject or if passed in any five or more subjects of which English shall be one but with credit in at least four of them.")

આથી ઠરાવવામાં આવે છે કે કામકાજ નં. ૧૧માં આ બાબતની વિચારણા થઈ છે.

૨૩. બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, રાજસ્થાન–અજમેર દ્વારા લેવામાં આવતી હાયર સેકન્ડરી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની પ્રી-યુનિ. પરીક્ષા તુલ્ય માન્ય કરવા અંગે તે સંસ્થાના શ્રી. કે. એલ. બોરડિયા તરફથી આવેલ તા. ૧૩–૨–૧૯૭૦ના પત્ર પર પુનર્વિચારણા કરવા બાબત.

વિનયન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

After having gone through the courses of Higher Secondary Examination, Ajmer–New Delhi Board, I think that the Examination can be considered as equivalent to our Pre-Uni. Arts Examination.

વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

હજુ સુધી આવેલ નથી.

વાણિજ્ય વિદ્યાશાખાના ડીનશ્રીનો અભિપ્રાય

The Examination of Central Board of Secondary Education, Ajmer–New Delhi may be recognised as equivalent to our Pre-Uni.

Commerce Examination of Gujarat University provided the candidate has passed the examination with any three of the following elective subjects :

(1) Economics, (2) Mathematics, (3) Business Methods, (4) Book-keeping and Accountancy and provided that the candidate has obtained 36% of marks in each paper.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન, રાજસ્થાન-અજમેર દ્વારા લેવામાં આવતી "હાયર સેકન્ડરી" પરીક્ષાને બાબત ક્રમાંક ૧૯માં જે પ્રમાણે ઠરાવ્યું છે તે પ્રમાણે માન્ય કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૪. શ્રી. મણિશંકર પંડ્યાના નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"જેમ એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીમાં એસ.એસ.સી.ની પરીક્ષા અંગ્રેજી સિવાય પસાર કરીને દાખલ થયેલી અને પ્રી-યુનિ.ના વર્ષ દરમિયાન એસ.એસ.સી.નું અંગ્રેજીનું પેપર પસાર કરીને પ્રી-યુનિ.માં પાસ થયેલી બહેનોને આપણી યુનિવર્સિટીમાં એફ.વાય.માં પ્રવેશ માટે સમકક્ષ ગણવામાં આવે છે તેવી જ રીતે ગુજરાતની અન્ય યુનિવર્સિટીઓમાંથી પ્રી-યુનિ.ની અને તે વર્ષ દરમિયાન એસ.એસ.સી.ના અંગ્રેજીના વિષયની પરીક્ષા પસાર કરીને આવતાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને આપણી યુનિવર્સિટીમાં એફ.વાય.ના વર્ગમાં પ્રવેશને પાત્ર ગણવાં."

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. મણિશંકર પંડ્યાના પ્રસ્તાવને મંજૂર કરવો નહિ એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૫. દિલ્હી એડમિનિસ્ટ્રેશન ઑન ડિરેક્ટરેટ ઑફ ટેકનિકલ એજ્યુકેશન, ન્યૂ દિલ્હી દ્વારા લેવાતી બે વર્ષના અભ્યાસક્રમની ડિપ્લોમા ઇન ફાર્મસી પરીક્ષાને આપણી યુનિવર્સિટીની બી.ફાર્મ. ડિગ્રી અભ્યાસક્રમમાં પ્રવેશપાત્રતા માટે માન્ય કરવાની વિનંતી કરતા તેમના તા. ૧-૮-૧૯૬૯ના પત્રાંક એફ. ૩-૭-૬૯-ટીઈ-સીએલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે દિલ્હી એડમિનિસ્ટ્રેશન ઑન ડિરેક્ટરેટ ઑફ ટેકનિકલ એજ્યુકેશન, ન્યૂ દિલ્હી દ્વારા લેવામાં આવતી ડિપ્લોમા ઇન ફાર્મસી પરીક્ષાને માન્ય કરવી નહિ એમ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

૨૬. ફર્સ્ટ બી.એસસી. અગર તેની સમકક્ષ પરીક્ષા અન્ય યુનિવર્સિટી અગર બોર્ડમાંથી પસાર કર્યાના આધારે આ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓ એલિજિબિલિટી સર્ટિફિકેટની માગણી કરે તો તે આપતી વખતે સ્ટે. ૧૭૩ની શરતોનું પણ પાલન કરેલું હોવું જોઈએ કે કેમ તે જોવાનું રાખવું કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) સિન્ડિકેટે તેની તા. ૧૪-૬-૧૯૬૯ની સભામાં બાબત ક્રમાંક ૫૫થી ઠરાવ્યું છે કે જે વિદ્યાર્થીઓએ એસ.એસ.સી. કે તેની સમકક્ષ પરીક્ષા માર્ચ ૧૯૬૭ કે તે પહેલાં પસાર કરી હોય તેમને પ્રવેશપાત્ર ગણવા.

(૨) જૂન ૧૯૬૮થી સુધારેલો સ્ટે. ૧૭૩ અમલમાં આવ્યો છે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિનયન, વિજ્ઞાન અને વાણિજ્ય વિદ્યાશાખાઓને અભિપ્રાય માટે મોકલી આપવી.

૧. આ બાબત વિનયન વિદ્યાશાખાની સભા જે તા. ૨૨-૪-૧૯૭૦ના રોજ મળેલ તેમાં નીચે મુજબ ઠરાવ્યું છે :

ઠરાવ

આ બાબત આ વિદ્યાશાખાને સ્પર્શતી નથી, તેમ છતાં ભલામણ કરવામાં આવે છે કે સ્ટે. ૧૭૩ની મર્યાદામાં રહીને ફર્સ્ટ બી.એસસી. અગર તેની સમકક્ષ પરીક્ષા અન્ય યુનિવર્સિટી અગર બોર્ડમાંથી પસાર કર્યાના આધારે આ યુનિવર્સિટીમાં આગળ અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીને પ્રવેશને પાત્ર ગણવા.

૨. વાણિજ્ય વિદ્યાશાખાની જે સભા તા. ૫/૬-૨-૧૯૭૦ના રોજ મળેલ તેમાં નીચે મુજબ ઠરાવ કર્યો છે :

"આ બાબત વાણિજ્ય વિદ્યાશાખાને સ્પર્શતી નહિ હોવાથી આ અંગે કંઈ કરવાનું રહેતું નથી."

૩. વિજ્ઞાન વિદ્યાશાખાનો અભિપ્રાય હવે પછી જાણાવવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે ફર્સ્ટ બી.એસસી. અગર તેની સમકક્ષ પરીક્ષા અન્ય યુનિવર્સિટી અગર બોર્ડમાંથી પસાર કરીને આગળ અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓએ સ્ટે. ૧૭૩ની શરતો જોવી એમ એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એસ. વી. શાસ્ત્રી
કુલસચિવ વતી.

परिशिष्ट 'अ'

Name of the University	*Recognition of B.E.H.S. Examination*
Utkal University, Bhuvaneswar-4	Recognised B.E.H.S. Examination, Burma (with Physics, Chemistry and Mathematics as a compulsory subjects) as equivalent to the Pre-University Examination.
U. P. Agricultural University Pantnagar (Nainital)	B.E.H.S. Examination of Burma will be treated as equivalent to Higher Secondary/Pre-University Examination of India of Indian Boards and Universities for the purpose of admission to this University.
Shivaji University, Kolhapur-4.	B.E.H.S. Examination, Burma is recognised for admission to the B.Sc. Part I/Pre-Professional class.
Madurai University, Madurai	B.E.H.S. Examination is recognised as equivalent to the Matriculation Examination of this University for purpose of admission to the Pre-University course provided the candidates passed this Examination at one sitting with a minimum of five subjects of which English should be one.
University of Bombay, Bombay	B.E.H.S. Examination is recognised by this University as equivalent to the First year Science Examination of this University, if passed with English, Burmese, Mathematics, Physics, Chemistry and Biology.
Nagpur University, Nagpur	B.E.H.S. Examination, Burma is recognised for purposes of admission to the First B.Sc. course in this University.
University of Rajasthan, Jaipur	B.E.H.S. Examination of Mandalay University, Burma, is recognised as equivalent to the Pre-University (Science) Examination on a reciprocal basis but the recommendation of the Equivalence Committee is yet to go before Academic Council and Syndicate.
University of Madras, Madras	B.E.H.S. Examination conducted by the Revolutionary Government of the Union of Burma has been recognised as equivalent to the Matriculation Examination of this University for purposes of admission to the Pre-University Course in this University provided the candidates have passed the Examination with a minimum of Five subjects of which English should be one.

Name of the University	*Recognition of B.E.H.S. Examination*
South Gujarat University, Surat	B.E.H.S. (12 years' Course) Examination, Burma is recognised as equivalent to the Pre-University Science Examination of this University.
Sardar Patel University, Vallabh-Vidyanagar	B.E.H.S. Examination held in Burma is recognised as equivalent to the Preparatory Science Examination of this University for the purpose of admission to the higher course of study in this University.

(૧) બેઝિક એજ્યુકેશન ઉપર સ્ટાન્ડર્ડ પરીક્ષાની માન્યતા અંગે નીચે જણાવેલ યુનિવર્સિટીઓની વિચારણા હેઠળ છે :

૧. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ-૭ (એ.પી.)
૨ ઉદેપુર યુનિવર્સિટી, ઉદેપુર
૩. વિક્રમ યુનિવર્સિટી, ઉજ્જૈન
૪. દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી
૫. કેરાલા યુનિવર્સિટી, ત્રિવેન્દ્રમ
૬. કર્ણાટક યુનિવર્સિટી, ધારવાડ-૩
૭. પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢ
૮. માઈસોર યુનિવર્સિટી. માઈસોર
૯. અન્નામલી યુનિવર્સિટી, અન્નામલીનગર (સાઉથ ઇન્ડિયા)
૧૦. ઇન્દોર યુનિવર્સિટી, ઇન્દોર
૧૧. એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા
૧૨. દિબ્રુગઢ યુનિવર્સિટી, દિબ્રુગઢ (આસામ)
૧૩. ઓરિસ્સા યુનિવર્સિટી ઑફ એગ્રિકલ્ચર એન્ડ ટેકનોલોજી, ભુવનેશ્વર.

(૨) નીચે જણાવેલ યુનિવર્સિટીઓએ બી.ઇ.એચ.એસ. પરીક્ષા માન્ય કરેલ નથી :

૧. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
૨. રૂરકી યુનિવર્સિટી, રૂરકી
૩. બહેરામપુર યુનિવર્સિટી, બહેરામપુર-૪ (ગંજમ), ઓરિસ્સા
૪. લખનૌ યુનિવર્સિટી. લખનૌ
૫. જવાહરલાલ નહેરૂ કૃષિ વિશ્વવિદ્યાલય, જબલપુર-૪ (એમ.પી.)
૬. આગ્રા યુનિવર્સિટી, આગ્રા
૭. કાલિકટ યુનિવર્સિટી, કાલિકટ
૮. કાશ્મીર યુનિવર્સિટી. શ્રીનગર-૬
૯. શ્રી વેંકટેશ્વર યુનિવર્સિટી, તિરુપતિ (આન્ધ્ર પ્રદેશ)
૧૦. રવિશંકર યુનિવર્સિટી, રાયપુર (એમ.પી.)
૧૧. સાંબલપુર યુનિવર્સિટી, સાંબલપુર

૧૨. ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ
૧૩. જબલપુર યુનિવર્સિટી, જબલપુર (એમ.પી.)
૧૪. મીરત યુનિવર્સિટી, મેરઠ
૧૫. એસ. એન. ડા. ટી. વિમેન્સ યુનિવર્સિટી, મુંબઈ
૧૬. અવધેશ પ્રતાપસિંધ યુનિવર્સિટી, રેવા (એમ.પી.)
૧૭. અલિગઢ મુસ્લિમ યુનિવર્સિટી, અલિગઢ
૧૮. કાશી વિદ્યાપીઠ, વારાણુસી
૧૯. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ
૨૦. કલકત્તા યુનિવર્સિટી, કલકત્તા.

(૩) કેટલીક યુનિવર્સિટી અગર સંસ્થાઓ બી.ઈ.એચ.એસ. પરીક્ષા તુલ્ય પરીક્ષા લેતી ન હોવાથી પરીક્ષા માન્ય કરવાનો પ્રશ્ન રહેતો નથી.

પરિશિષ્ટ "બ"

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	યુનિવર્સિટી અગર બોર્ડમાંથી જે પરીક્ષા પસાર કરી હોય તેનું નામ	જે વર્ગમાં દાખલ થવા માટે ઍલિજિબિલિટી સર્ટિફિકેટ કાઢી આપ્યું તે
૧.	શ્રી પટેલ લીલાબેન બી.	બી.એ. રાંચી યુનિવર્સિટી	બી.એડ.
૨.	શ્રી. શાહ સતીશ એન.	ફર્સ્ટ એમ.બી.,બી.એસ. રાંચી યુનિવર્સિટી	સેકન્ડ એમ.બી.,બી.એસ.
૩.	શ્રી. શાહ કલ્પના આર.	ફર્સ્ટ એમ.બી.,બી.એસ. દિલ્હી યુનિવર્સિટી	,,
૪.	શ્રી. કષ્ટિયા ગીતા બી.	સેકન્ડ બી.એ. કલકત્તા યુનિવર્સિટી	થર્ડ બી.એ.
૫.	શ્રી. લાલજી ઉર્ફે જીવબોધે	બી.એ. થ્રી-યર ડિગ્રી કોર્સ બનારસ યુનિવર્સિટી	બી.એડ.
૬.	શ્રી. પટેલ નવીન ડી.	ફાઇનલ એમ.બી.,બી.એસ. રાંચી	એમ.એસ.
૭.	શ્રા. વિટ્ટયા વોનગ્વીટ	સ્કૂલ લીવિંગ સર્ટિફિકેટ પરીક્ષા સેકન્ડરી એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ મિનિસ્ટ્રી ઑફ એજ્યુકેશન, બેંગકોક—થાઇલેન્ડ	પ્રી-યુનિ. વિનયન

Delhi Administration, Directorate of Technical Education
Rouse Avenue, New Delhi

No. F. 3(7)/69-*TE*(*PL*) *Dated the* 1*st August*, 1969.

(1) The Registrar,
Punjab University,
Chandigarh.

(2) The Registrar,
Birla Institute of Science &
Technology, Pilani.

(3) The Principal,
Madura Medical College,
Madura.

(4) The Principal,
L. M. College of Pharmacy,
Ahmedabad.

(5) The Registrar,
Banaras Hindu University,
Varanasi.

(6) The Registrar,
Madras Medical College,
Madras--3.

(7) The Registrar,
Saugar University,
Saugar.

(8) The Registrar,
Mysore University,
Mysore.

Sir,

I am to inform you that under the Delhi Administration in the Union Territory of Delhi, with the concurrence of the Ministry of Education, A.I.C.T.E. and the approval of the Pharmacy Council of India, there has been in operation a two years' diploma course in Pharmacy as part and parcel in the Boys Polytechnic. The course was recognised by the Pharmacy Council of India vide their resolution No. 17–28/68–PCI/68, dated 8–6–'68. It was also approved by the Government of India for purposes of emloyment of these diploma holders in subordinates posts as Pharmacists.

2. While some of these diploma holders are placed in employment; others aspire for prosecuting their studies further in B.Pharm. Degree Course. The Delhi Administration has been making efforts in consultation with the Delhi University to establish such a course, which has already been processed by various committees and the Academic Council of Delhi University and is awaiting orders of the Executive Council of the University. Thereafter it will go up to the University Grants Commission. Hence there is no likelihood of this course being established with the next year or so, as more processings will be necessary.

3. Accordingly the passed out diploma holders have applied for admission to the B.Pharm. Degree Course run by other Universities, but they have bought to the notice of this Administration that the aforesaid diploma course is not yet recognised by the particular universities having B.Pharm. Degree Course for admission to the course. I am to request you to kindly accord necessary recognition in view of the facts stated above. A copy of the syllabus of the diploma course is enclosed alongwith copies of resolution of the Pharmacy Council of India.

4. I would be grateful for early recognition of the course by the University for purposes of admission to the B.Pharm. Degree Course.

Yours faithfully,

S. AINUL ABIDIN,

Director.

No. 17-28/68-PCI/681 : "(1) In pursuance of the provision of sub-section (1) of section 12 of the Pharmacy Act, 1948 (8 of 1948) the Pharmacy Council of India declares the Diploma Course in Pharmacy conducted by the Directorate of Employment Training & Technical Education, Delhi Administration, Delhi at the Department of Pharmacy, Pusa Campus, New Delhi to be an approved course of study from 15th July, 1968. In the first instance for the purpose of admission to an approved examination for Pharmacists.

(2) In pursuance of the provision of sub-section (2) of section 12 of the Pharmacy Act, 1948 (8 of 1948), the Pharmacy Council of India declares the Diploma Examination in Pharmacy held by the Board of Technical Education, Delhi to be an approved examination during the period mentioned above for the purpose of qualifying for registration as a Pharmacist under the said Act."

પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૩૪(૧) (૨)

સિન્ડિકેટની વરણીસમિતિની એક સભા ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૭--૯--૧૯૭૦ના રોજ ૧૨--૩૦ તથા તા. ૧૮--૯--૧૯૭૦ના રોજ ૧૨--૩૦ વાગ્યે વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર ઇન ફિઝિક્સની એક જગ્યા તથા લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની એક જગ્યા માટે ઉમેદવારોની મુલાકાત લેવા માટે મળી હતી. કુલપતિ શ્રી. ઉમાશંકર જે. જોશીએ પ્રમુખસ્થાન લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૭--૯--૧૯૭૦	તા. ૧૮--૯--૧૯૭૦
૧.	શ્રી. ઉમાશંકર જેઠાલાલ જોશી, કુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. સંયુકત શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર	ગેરહાજર
૩.	આચાર્ય કે. એમ. તલાટી	ગેરહાજર	ગેરહાજર
૪.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર	હાજર
૫.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	ગેરહાજર	ગેરહાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	ગેરહાજર	ગેરહાજર
૮.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	ગેરહાજર	ગેરહાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૧૦.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર	ગેરહાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર	ગેરહાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર	ગેરહાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર	હાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર	હાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનલાલ પટેલ	ગેરહાજર	ગેરહાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	ગેરહાજર	ગેરહાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	ગેરહાજર	ગેરહાજર
૧૮.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	ગેરહાજર	ગેરહાજર

વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકશાસ્ત્રના રીડર ડૉ. કે. એમ. કોટડિયા (શ્રી. પી. ડી. પાઠક અમેરિકા ગયા હોવાથી) નિમંત્રણથી હાજર રહ્યા હતા.

લેચકરર ઇન ફિઝિકસ... એક જગ્યા

લેકચરર ઇન ફિઝિકસની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાતે બોલાવવામાં આવ્યા હતા :

૧. ડૉ. વી. પી. શેઠ	ગેરહાજર
૨. ડૉ. એ. બી. દરજી	હાજર
૩. શ્રી. કે. સી. ગર્ગ	ગેરહાજર
૪. ડૉ. કે. પી. જોશી	ગેરહાજર
૫. શ્રી. એચ. એમ. શાહ	હાજર
૬. શ્રી. એમ. સી. તલાટી	હાજર
૭. શ્રી. વી. બી. ગોહિલ	હાજર
૮. ડૉ. આર. વી. મહેતા	ગેરહાજર
૯. ડૉ. ગુહા એસ.	ગેરહાજર
૧૦. ડૉ. (મિસ) મધુકાન્તા એસ. શાહ	હાજર
૧૧. શ્રી. બી. એ. મોદી	હાજર

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

ડૉ. પી. એસ. દેસાઈના પિતાની તા. ૧--૯--૧૯૭૦ની અરજી રજૂ કરવામાં આવી હતી. ત્યાર બાદ સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"નીચેના ઉમેદવારો પૈકી ક્રમાનુવર્તી એકને તેમના નામ સામે બતાવેલ મૂળ માસિક પગારથી લેકચરર ઇન ફિઝિકસની કાયમી જગ્યા પર રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૫૦-૯૫૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી. :

(૧) ડૉ. (મિસ) મધુકાન્તા શાંતિલાલ શાહ ... રૂ. ૬૦૦ મૂળ માસિક પગારથી
(૨) શ્રી. વી. બી. ગોહિલ ... રૂ. ૫૨૦ મૂળ માસિક પગારથી.

લેકચરર ઇન કેમિસ્ટ્રી... એક જગ્યા

લેકચરર ઇન કેમિસ્ટ્રીની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાતે બોલાવવામાં આવ્યા હતા :

૧. ડૉ. એમ. સી. જૈન	હાજર
૨. શ્રી. જે. એસ. ત્રિવેદી	હાજર
૩. ડૉ. એલ. ડી. ત્રિવેદી	હાજર
૪. ડૉ. આર. એસ. શાહ	ગેરહાજર
૫. ડૉ. વી. કે. સકસેના	ગેરહાજર

૬.	ડૉ. એસ. એસ. રાણા	ગેરહાજર
૭.	ડૉ. વી. એમ. શિન્દે	ગેરહાજર
૮.	ડૉ. પી. બી. પટેલ	ગેરહાજર
૯.	ડૉ. એ. એ. શેખ	હાજર
૧૦.	શ્રી. આર. જે. શાહ	ગેરહાજર

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

"નીચેના ઉમેદવારો પૈકી ક્રમાનુવર્તી એકને તેમના નામ સામે બતાવેલ મૂળ માસિક પગારથી લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની કાયમી જગ્યા પર રૂ. ૪૦૦-૪૦-૮૦૦-૧૦-૯૫૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી ધોરણે નીમવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. ડૉ. એ. એ. શેખ ... રૂ. ૪૦૦ ના મૂળ માસિક પગારથી

૨. ડૉ. એલ. ડી. ત્રિવેદી ... રૂ. ૪૦૦ ના મૂળ માસિક પગારથી."

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભૂ. મ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૫૭

ગુજરાત યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રાધ્યાપકની એક જગ્યા માટે ભલામણ કરવા માટે નીમવામાં આવેલી વરણીસમિતિની એક સભા શુક્રવાર, તા. ૨૫--૯--૧૯૭૦ના રોજ બપોરના ૧૨--૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જોશી, કુલપતિ	હાજર
૨. ડૉ. ભોગીલાલ સાંડેસરા	હાજર
૩. ડૉ. જ્યોતીન્દ્ર એચ. દવે	હાજર
૪. શ્રી. મનસુખલાલ ઝવેરી	હાજર
૫. શ્રી. રામપ્રસાદ પી. બક્ષી	ગેરહાજર.

પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું.

નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧. શ્રી. હસિત એચ. બૂચ	હાજર
૨. ડૉ. આઈ. આર. દવે	હાજર
૩. શ્રી. અનંતરાય એમ. રાવળ	હાજર
૪. ડૉ. ધીરુભાઈ પી. ઠાકર	હાજર
૫. ડૉ. કે. બી. વ્યાસ	હાજર
૬. ડૉ. બી. જે. ઝવેરી	હાજર.

તમામ ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ ઠરાવ્યું કે યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનમાં ગુજરાતીના પ્રાધ્યાપકની જગ્યા માટે શ્રી. અનંતરાય મ. રાવળની નિમણૂક કરવા ભલામણ છે.

ઉમાશંકર જોશી
ભોગીલાલ સાંડેસરા
જ્યોતીન્દ્ર હ. દવે
મનસુખલાલ ઝવેરી

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૩૭

સ્ટાફના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા શનિવાર, તા. ૧૯--૯--૧૯૭૦ના રોજ બપોરે ૧૨--૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં પ્રમુખસ્થાન કુલપતિશ્રી ઉમાશંકર જે. જોશીએ લીધું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. શ્રી. ઉમાશંકર જે. જોશી (કુલપતિ)	હાજર
૨. ડિરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. શ્રી. એમ. પી. પંડ્યા	ગેરહાજર
૪. શ્રી. વી. આર. રણદીવે	હાજર
૫. શ્રી. જે. બી. હરિભક્તિ	ગેરહાજર
૬. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર
૭. શ્રી. કં. ચં. પરીખ	હાજર.

૧. તા. ૨૫--૪--૧૯૭૦ની સમિતિની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આ સમિતિની તા. ૨૫--૪--૧૯૭૦ની સભાની નોંધને મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ચીફ મેડિકલ ઑફિસરની જગ્યા પૂરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૩. યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રના રેસિડેન્ટ મેડિકલ ઑફિસર ડૉ. સી. આર. ત્રિવેદીનું પગારધોરણ સુધારવા તથા નોન-પ્રૅક્ટિસિંગ એલાવન્સ આપવા અંગેની તેઓની તા. ૯--૨--૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪. યુનિવર્સિટી ગ્રંથાલયમાં જુનિયર કલાર્કની જગ્યા માટે હાલના લાયકાતના ધોરણમાં સુધારા કરવા અંગે ગ્રંથપાલશ્રીના તા. ૪/૫--૨--૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૫. સિન્ડિકેટે તેની તા. ૬/૭--૬--૧૯૭૦ની સભામાં ક્રમાંક ૨૧થી સ્થાયી સમિતિની તા. ૨૫--૪--૧૯૭૦ની નીચેની ભલામણ નં. ૯, જેને પુનર્વિચારણા માટે પાછી મોકલવાનું ઠરાવ્યું છે, તે અંગે વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીના કેટલાક કર્મચારીઓને માસિક ભથ્થાં (સ્ટેનોગ્રાફી ભથ્થું, ગુજરાતી ટાઇપિંગ ભથ્થું, પરીક્ષા-કાર્ય ભથ્થું ઇત્યાદિ) આપવામાં આવે છે તે ભથ્થાં, જ્યારે કર્મચારી રજા ઉપર જાય ત્યારે કાપવાં કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે નીચેની જગ્યાઓ ઉપર કામ કરતા કર્મચારીઓને, માસિક પગારને જે ભથ્થાં આપવામાં આવે છે તે, તેઓ આકસ્મિક રજાઓ સિવાયની રજાઓ ઉપર જાય ત્યારે તેઓને આપવાં નહિ, પરંતુ તેઓની જગ્યાએ કોઈ કર્મચારીની ઑફિસિયેટિંગ નિમણૂક કરવામાં આવી હોય તો તે તેઓને આપવાં :

૧. ગુજરાતી સ્ટેનોગ્રાફી	...	માસિક	રૂ. ૧૫
૨. ગુજરાતી ટાઇપિંગ	...	,,	રૂ. ૧૦
૩. લેડ ટાઇપિસ્ટ	...	,,	રૂ. ૩૦
૪. સિનિયર ઑપરેટર	...	,,	રૂ. ૧૫
૫. જુનિયર ઑપરેટર	...	,,	રૂ. ૧૦
૬. કુલસચિવના અંગત મદદનીશ--કમ--સ્ટેનો.	...	,,	રૂ. ૧૫૧ + ૧૫
૭. કુલપતિશ્રીના અંગત સચિવ	...	,,	રૂ. ૭૫
૮. હવાલદાર	...	,,	રૂ. ૧૦
૯. નાયક	...	,,	રૂ. ૫
૧૦. મદદનીશ ગ્રંથપાલ	...	,,	રૂ. ૨૫ "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૬. વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાન વિભાગમાં તેના વધેલા કામકાજના હિસાબે તે વિભાગ માટે કલાર્ક-ટાઇપિસ્ટની એક વધુ કાયમી જગ્યા ઊભી કરવા અંગે રસાયણવિજ્ઞાન વિભાગના વડાના તા. ૨૦--૪--૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાન વિભાગ માટે કલાર્ક-ટાઇપિસ્ટની એક જગ્યા હંગામી ધોરણે તા. ૧૫--૩--૧૯૭૧ સુધી મંજૂર કરવી.

૭. રાષ્ટ્રીય સેવા યોજના માટે એક સ્ટેશન વેગન મંજૂર થયું હોવાથી તેના માટે ડ્રાઇવરની એક કાયમી જગ્યા ઊભી કરવા અંગે શ્રી. ડિરેકટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન તા. ૧૨--૫--૧૯૭૦ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે રાષ્ટ્રીય સેવા યોજના હેઠળ એક સ્ટેશન વેગન ખરીદ્યું છે તે માટે ડ્રાઇવર તરીકેની વધારાની ફરજો માટે પ્યુન-કમ-એટેન્ડન્ટ શ્રી. એન. એલ. વાઘેલાને તા. ૭--૭--૧૯૭૦થી રૂ. ૩૦નું માસિક વર્ક એલાવન્સ આપવાનું મંજૂર કરવું.

૮. કુલપતિશ્રીના કાર્યાલયના કામનું પ્રમાણ જોતાં કલાર્ક--ટાઇપિસ્ટની મદદ મળે તે માટેની કુલપતિશ્રીના અંગત સચિવશ્રીની તા. ૨૮--૪--૧૯૭૦ની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે કુલપતિશ્રીના કાર્યાલય માટે કલાર્ક-ટાઇપિસ્ટની એક કાયમી જગ્યા મંજૂર કરવી.

૯. ડી. પી. ઈ. વિભાગમાં કોચની હાલની બે હંગામી જગ્યાઓ કાયમી જગાઓમાં ફેરવવા તથા કોચની બે નવી કાયમી વધારાની જગ્યાઓ ઊભી કરવા અંગે શ્રી. ડી. પી. ઈ.ના તા. ૧૨--૬--૧૯૭૦ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૦. સમાજવિદ્યા ભવનમાં સાંજના વર્ગો શરૂ કર્યા હોવાથી વધેલા કામકાજને લક્ષમાં લઈને ભવનના કાર્યકારી અધ્યક્ષની નીચેની જગ્યાઓ કાયમી ધોરણે ઊભી કરવાની તા. ૨--૬--૧૯૭૦ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

૧. સિનિયર ક્લાર્ક ... ૧ જગ્યા

૨. પટાવાળા ... ૨ જગ્યા.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૧. યુનિવર્સિટી કાર્યાલયના હવાલદાર શ્રી. તુલસીદાસ કડિયા તેઓના હાલના પગારધોરણમાં રૂ. ૫૦-૩-૬૨-૪-૯૦-૫-૧૦૦માં મૂળ માસિક પગાર રૂ. ૧૦૦ ઉપર પહોંચી ગયા હોઈ, તેમનું પગારધોરણ સુધારી આપવા અંગેની તેમની તા. ૧૦--૧૨--૧૯૬૯ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનમાં મિકેનિક-કમ-ઈન્સ્ટ્રુમેન્ટ રિપેરર શ્રી. આર. બી. આચાર્યની, તેમની જગ્યાનું હાલનું પગારધોરણ રૂ. ૮૦-૭-૧૫૦ છે તે સુધારવા અંગેની તેઓની તા. ૧૯--૨--૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૩. આરોગ્યકેન્દ્ર પરના માનદ રેડિયોલોજિસ્ટ ડૉ. એમ. એન. પરીખને હાલ માસિક રૂ. ૧૦૦નું માનદ વેતન મળે છે તેમાં વધારો કરી આપવા અંગેની તેઓની તા. ૯--૫--૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૪. ઍટિરા, ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી, સચિવાલય, અને દિલ્હી યુનિવર્સિટી જેવી સંસ્થાઓના ચોથા વર્ગના કર્મચારીઓને પોતાના વતનમાં જવા-આવવા માટે દર બે વર્ષે તેઓને જવા-આવવાનું રેલવે ભાડું આપવામાં આવે છે તેવી સગવડ આપવા માટે લેડ માળી તથા માળીઓની તા. ૨૯--૪--૧૯૭૦ની સંયુક્ત અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૫. યુનિવર્સિટી કર્મચારીઓનાં બાળકોને ટ્યૂશન ફી તથા પુસ્તકોની વ્યવસ્થા કરી આપવા તથા પરીક્ષા ફીમાંથી મુક્તિ આપવા તથા અસાધ્ય રોગોની સારવાર અને ઑપરેશન માટે થયેલ ખરેખર ખર્ચ માટે આર્થિક સહાય યુનિવર્સિટી તરફથી આપવામાં આવે તે અંગે યુનિવર્સિટી કર્મચારીઓની તા. ૨૪--૬--૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૬. (અ) વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાન વિભાગ માટે ઍડહોક ધોરણે નીચેની હંગામી જગ્યાઓ કુલપતિશ્રીએ તા. ૩૧--૩--૧૯૭૧ સુધી મંજૂર કરી છે તેની નોંધ લેવા બાબત :

ક્રમાંક	**જગ્યાનું નામ**	**સંખ્યા**
૧.	સ્ટોરકીપર	... ૧
૨.	લેબો. આસિસ્ટન્ટ	... ૩
૩.	જુનિયર ક્લાર્ક	... ૧
૪.	પટાવાળા	... ૩

૧૬. (બ) ઉપરોક્ત જગ્યાઓ ઉપરાંત સાંજના વર્ગો માટે આ વર્ષ માટે હંગામી ધોરણે એક પટાવાળાની વધારાની જગ્યા ઊભી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(અ) આથી કરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(બ) આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં રસાયણવિજ્ઞાન વિભાગ માટે સાંજના વર્ગો માટે પટાવાળાની એક જગ્યા હંગામી ધોરણે ચાલુ વર્ષ માટે તા. ૧૫--૩--૧૯૭૧ સુધી મંજૂર કરવી.

૧૭. ગુજરાત રાજ્ય યુનિવર્સિટી અને કૉલેજ કર્મચારી મહામંડળને માન્યતા આપવા અંગે મંડળના મહામંત્રીના તા. ૧૮--૪--૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૧૮. ભાષા--સાહિત્ય ભવનમાં સાંજના વર્ગો માટે નીચેની હંગામી જગ્યાઓ તા. ૩૧--૩--૧૯૭૧ સુધી ઊભી કરવા અંગે અધ્યક્ષશ્રીના પત્રાંક ૨૫૬ તા. ૨૩--૭--૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

ક્રમાંક	**જગ્યાનું નામ**	**સંખ્યા**
૧.	જુનિયર ક્લાર્ક	... એક
૨.	પટાવાળા	... એક

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનમાં સાંજના વર્ગો માટે હંગામી ધોરણે જુનિયર ક્લાર્કની એક જગ્યા અને પટાવાળાની એક જગ્યા ચાલુ વર્ષ માટે તા. ૧૧--૩--૧૯૭૧ સુધી મંજૂર કરવી.

૧૯. યુનિવર્સિટીના કેટલાક અધિકારીઓની, તેઓ પોતાના મકાનમાં રહે છે તે અંગે મ્યુ. કૉર્પોરેશને મકાનની વાર્ષિક ભાડાની જે આકારણી કરી હોય તેના પર જે ઘરભાડાભથ્થું અપાય છે તે અંગે પુનર્વિચારણા કરવા અંગેની તા. ૧૧--૭--૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૨૦. યુનિવર્સિટીના હેલ્પર શ્રી. ભલાભાઈ મોડાભાઈને ફરજ દરમિયાન થયેલા અકસ્માત અંગે તેઓને રૂ. ૬૩--૫૦નું તબીબી બીલ ચૂકવેલ તેની તથા તા. ૮--૭--૧૯૭૦થી તા. ૩૧--૭--૧૯૭૦ સુધીની તેઓની ફરજ રજાઓ આપી તે અંગેની કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૨૧. વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ માટે વધુ એક કાયમી પટાવાળાની જગ્યા ઊભી કરવા અંગે અધ્યક્ષશ્રીના તા. ૩૧--૭--૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં ગણિતશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર વિભાગ માટે પટાવાળાની એક કાયમી જગ્યા મંજૂર કરવી.

૨૨. યુનિવર્સિટી ક્વાર્ટર્સ સફાઈ કરવા માટે એક કાયમી સફાઈ કામદારની જગ્યા ઊભી કરવા અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટના તા. ૩--૯--૧૯૭૦ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ક્વાર્ટર્સના સફાઈકામને પહોંચી વળવા સફાઈ કામદારની એક વધુ કાયમી જગ્યા મંજૂર કરવી.

૨૩. સમાજવિદ્યા ભવનમાં મજૂર કલ્યાણ વિભાગ માટે ફીલ્ડ વર્ક સુપરવાઈઝરની જગ્યાનું હાલનું લાયકાતનું ધોરણ, જે સિન્ડિકેટે અગાઉ તેની તા. ૬/૭--૩--૧૯૬૯ની સભામાં બાબત ક્રમાંક ૨૨થી નક્કી કર્યું છે, તે સુધારવા માટે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રી તરફથી આવેલ તા. ૯--૯--૧૯૭૦ના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં મજૂર કલ્યાણ વિભાગ માટે ફીલ્ડ વર્ક સુપરવાઈઝરની જગ્યાનું હાલનું લાયકાતનું ધોરણ, જે સિન્ડિકેટે અગાઉ તેની તા. ૬/૭--૯--૧૯૬૯ની સભામાં બાબત ક્રમાંક ૪૦થી નક્કી કર્યું છે, તે સુધારીને નીચે જણાવ્યા પ્રમાણે વંચાય તેમ રાખવું :

(1) A First or Second Class Degree preferably in Social Sciences.

and

A First or Second Class or equivalent Post-graduate degree in Labour Welfare or Social Work or Business Administration.

and

(*a*) Three years' experience of guiding or conducting field work either at the University or at any field work agency.

or

(*b*) Three years' experience of teaching or guiding students in research projects for the Post-graduate degree in a School of Social Work of repute.

or

(*c*) Three years' research experience in Labour Problems or Social Work at an Institute of repute.

or

(2) A Ph.D. Degree in Labour Problems or Social Work.

Notwithstanding anything contained above it shall be competent for the Syndicate to make relaxations in respect of prescribed qualifications and experience if the candidate is talented and academically accomplished.

૨૪. યુનિવર્સિટીમાં જુદા જુદા વિભાગોમાં ઑફિસિયેટિંગ નિમણૂક અંગેનું ધોરણ નક્કી કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાં જો કોઈ કર્મચારી ત્રણ માસ કે તેથી વધુ સમય માટે રજા ઉપર હોય અથવા ઉપલી જગા ખાલી પડી હોય તેમાં અવેજીમાં કોઈ કર્મચારીની નિમણૂક કરવાનું થાય તો યુનિવર્સિટીના કાર્યાલયના તથા અન્ય વિભાગોના અને વિદ્યાભવનોના સભ્યોની સમગ્ર સિનિયોરિટી લક્ષમાં લઈ નિમણૂક કરવી અને જો ત્રણ માસથી ઓછા સમય માટે કોઈ કર્મચારી રજા ઉપર હોય તો તેની ગેરહાજરી દરમિયાન અવેજીમાં કોઈની નિમણૂક કરવાનું થાય તો તે વિભાગ કે પેટાવિભાગમાં કામ કરતા કર્મચારીઓની સિનિયોરિટી લક્ષમાં લઈ નિમણૂક કરવી.

(નોંધ.—કુલપતિશ્રીને યોગ્ય લાગે તે કેસમાં તેની ગુણવત્તા જોઈને અન્ય વ્યવસ્થા કરવાની સત્તા રહેશે.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ભો. કે. શાહ.
કુલસચિવ વતી.

પારશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૪૧

ભારતીય વહીવટી સેવા (આઈ.એ.એસ.) અને અન્ય અખિલ ભારતીય સ્પર્ધાત્મક પરીક્ષાઓ અંગે રાજ્ય સરકારના કેળવણી અને મજૂર ખાતા તરફથી આવેલ નોંધ ઉપર ચર્ચાવિચારણા કરી પોતાનો સુચિન્તિત હેવાલ રજૂ કરવા માટે સિન્ડિકેટે નીમેલી સમિતિની સભા તા. ૨૨–૭–૧૯૭૦ ને બુધવારના રોજ ૩–૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિશ્રી ડૉ. ઉમાશંકર જોશીના સાંનિધ્યમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	પ્રો. ડી. એન. પાઠક	હાજર
૨.	પ્રો. કે. જી. દેસાઈ	હાજર
૩.	આચાર્ય એસ. આર. ભટ્ટ	ગેરહાજર
૪.	પ્રો. એ. એમ. ત્રિવેદી	હાજર
૫.	આચાર્ય કે. એન. શાહ	હાજર
૬.	પ્રો. ડી. ડી. ત્રિવેદી	હાજર.

સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી ડૉ. ઉમાશંકર જોશીએ સંભાળ્યું હતું.

ચર્ચા દરમ્યાન સભ્યો તરફથી જુદાં જુદાં સૂચનો રજૂ થયાં હતાં. ભારતીય વહીવટી સેવા (આઈ.એ.એસ.) અને તેના જેવી અન્ય અખિલ ભારતીય સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ગુજરાતના વિદ્યાર્થીઓ તૈયાર કરવા માટે વિચારણા કરવા ગુજરાત સરકારના કેળવણી અને મજૂર ખાતા તરફથી નીમવામાં આવેલી સમિતિની તા. ૪–૬–૧૯૭૦ના રોજ મળેલી સભાની કાર્યવાહીની નોંધની નકલ પણ આ ચર્ચા દરમ્યાન રજૂ કરવામાં આવી હતી. રાજ્ય સરકારના આ અંગેના પ્રયાસોમાં સહકાર આપવાનું માનનીય વાઇસ-ચાન્સેલર સાહેબ તરફથી જણાવાયું હતું.

ભારતીય વહીવટી સેવા (આઈ.એ.એસ.) અને તેના જેવી બીજી અખિલ ભારતીય સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં બેસવા માટે ગુજરાતના વિદ્યાર્થીઓ રસ લેતા થાય તે લક્ષ સિદ્ધ કરવા માટે ચર્ચા-વિચારણાને અંતે નીચે પ્રમાણે ભલામણો કરવામાં આવી :

૧. માધ્યમિક શિક્ષણની કક્ષાથી જ ઉપરોક્ત પરીક્ષાઓ માટે યોગ્ય વાતાવરણ પેદા થાય તે વધુ અસરકારક થશે. તેમ છતાં યોજનાબદ્ધ કાર્યક્રમ ઘડી કાઢવા માટે દરેક કૉલેજે તેમને ત્યાં એક સમિતિની રચના કરવી. વિદ્યાર્થીઓ આ પરીક્ષાઓ તરફ આકર્ષાય તે માટે આ સમિતિ દ્વારા પ્રત્યેક કૉલેજ પોતે જનરલ નોલેજની સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજવાનું રાખે અને પ્રથમ વર્ગમાં આવનાર વિદ્યાર્થીઓને યોગ્ય હોય તે રૂપે ઇનામો પ્રોત્સાહનરૂપે આપવાનું રાખે અને વધુમાં આ રીતે તેજસ્વી વિદ્યાર્થીઓને તારવી કાઢી (આઈ.એ.એસ.) અને તેવી બીજી પરીક્ષાઓ માટે તૈયાર કરી શકાય તેમ કરવા માટે ઘટતાં પગલાં લેવાનું રાખે એમ કૉલેજોને સૂચવવું.

૨. વિદ્યાર્થીઓને જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે દરેક કૉલેજે આ અંગેનું એક માર્ગદર્શન કેન્દ્ર તેમને ત્યાં ઊભું કરવા માટે કૉલેજોને સૂચવવું.

૩. વિદ્યાર્થીઓને આ અંગે યોગ્ય દોરવણી મળી રહે તે માટે (આઈ.એ.એસ.) અને તેના જેવી બીજી અખિલ ભારતીય સ્પર્ધાત્મક પરીક્ષાઓ પાસ કરેલ અધિકારીઓ પાસેથી તેમના જ્ઞાન અને અનુભવોનો લાભ વિદ્યાર્થીઓને મળી શકે તે દૃષ્ટિએ તેમનાં પ્રવચનો ગોઠવવા પણ કૉલેજોને સૂચવવું.

૪. આ પરીક્ષાઓમાં બેસવા ઇચ્છા ધરાવતા વિદ્યાર્થીઓને રજાઓ (vacation) દરમ્યાન અંગ્રેજી ભાષાની ઘટતી જાણકારી થાય, માટે તે અર્થે કૉલેજ વ્યવસ્થા કરવાનું વિચારે તેમ પ્રત્યેક પરીક્ષાઓ માટે તૈયાર કરવા માટે કૉલેજોને ભલામણ કરવી.

૫. આ પરીક્ષાઓમાં બેસવા માટે જે વિષયો વિદ્યાર્થીઓએ તૈયાર કરવાના હોય તે વિષયોના નિષ્ણાતો પાસેથી કયા વિષયો માટે Topic વાર કયાં પુસ્તકો(તેનાં પાનાં કે પ્રકરણોના-નિર્દેશ સહિત)ની વિગતવાર માહિતી મેળવી, જે તે અભ્યાસસમિતિઓના અધ્યક્ષોની સલાહ લઈને એક માર્ગદર્શક યાદી તૈયાર કરાવી, વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરવી.

૬. આ પરીક્ષાઓના વિષયો માટે કઈ કઈ કૉલેજોમાં કયા કયા વિષયના નિષ્ણાત પ્રાધ્યાપકો છે તેની યાદી કાર્યાલયે તૈયાર કરાવીને વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં કૉલેજોને ઉપયોગી થાય તે માટે કૉલેજોને મોકલવી.

૭. ગુજરાત સરકારના આ અંગેના પ્રયાસોને પણ જરૂરી સહકાર આપવા કૉલેજોને જણાવવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થતાં પ્રમુખશ્રીનો આભાર માની સભા સમાપ્ત કરવામાં આવી હતી.

ડા. હ. પટેલ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "જ"

કામકાજ ક્રમાંક ૫૬

બાંધકામ સમિતિની એક સભા તા. ૮–૯–૧૯૭૦ ને મંગળવારના રોજ બપોરના ૩–૦૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી તેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. કુલપતિશ્રી	હાજર
૨. શ્રી. ગિરીશચંદ્ર એસ. દેસાઈ	હાજર
૩. શ્રી. જે. જે. ચિનોય	હાજર
૪. શ્રી. નવનીતલાલ સા. શેાધન	ગેરહાજર
૫. શ્રી. જી. જી. વૈદ્ય	ગેરહાજર
૬. શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી	ગેરહાજર

(૧) બાંધકામ સમિતિની તા. ૧૦–૮–૧૯૭૦ની સભાની કાર્યવાહી મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા ૧૦–૮–૧૯૭૦ની સભાની કાર્યવાહી મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

(૨) યુનિવર્સિટી વિસ્તારમાં નીચેના ડામરના રસ્તાઓ બનાવવાના કામ અંગે આવેલાં ટેન્ડરો પરત્વે વિચારણા કરવા બાબત :

૧. યુનિવર્સિટી કાર્યાલયના સાઈકલ શેડથી શરૂ થતો એપ્રોચ રસ્તો.

૨. બસ સ્ટેન્ડ બાજુના ઝાંપા પાસેથી સેનેટ હોલના પ્રવેશદ્વાર સુધીનો એપ્રોચ રસ્તો.

૩. સમાજવિદ્યા ભવનનો એપ્રોચ રસ્તો.

૪. ભાષા–સાહિત્ય ભવનનો એપ્રોચ રસ્તો.

(નોંધ.— સદરહુ કામ માટે તા. ૬/૭–૧૨–૧૯૬૯ની સિન્ડિકેટની સભાએ રૂ. ૩૦,૦૦૦-નો અંદાજ મંજૂર કરેલો છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી વિસ્તારમાં ૪" જાડાઈના સિમેન્ટ કૉંક્રેટના રસ્તા તૈયાર કરવા અંગેની શકયતાઓ તપાસવી. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન અને એ. સી. સી. (સિમેન્ટ માર્કેટિંગ કંપની ઑફ ઈન્ડિયા) કંપની આ કામ લઈ શકે તેમ છે કે કેમ તે તેઓને પુછાવવું તથા નીચેના રસ્તાઓ માટે અંદાજી ખર્ચ સહિત આ બાબત ફરીથી આ સભાગૃહ સમક્ષ રજૂ કરવી :

૧. યુનિવર્સિટી કાર્યાલયના સાઈકલ શેડથી શરૂ થતો એપ્રોચ રસ્તો.

૨. બસ સ્ટેન્ડ બાજુના ઝાંપા પાસેથી સેનેટ હોલના પ્રવેશદ્વાર સુધીનો એપ્રોચ રસ્તો.

૩. સમાજવિદ્યા ભવનનો એપ્રોચ રસ્તો.

૪. ભાષા–સાહિત્ય ભવનનો એપ્રોચ રસ્તો.

૫. વિજ્ઞાન વિદ્યાભવનના એપ્રોચ રસ્તાઓ.

૬. લાઈબ્રેરીનો એપ્રોચ રસ્તો.

(૩) ચોથી પંચવર્ષીય યોજના હેઠળ બંધાયેલાં મકાનોના ઇલેક્ટ્રિક વાયરિંગ કેબલ વગેરે કામો ઉપર દેખરેખ રાખવા માટે કન્સલ્ટિંગ એન્જિનિયરની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચોથી પંચવર્ષીય યોજના હેઠળ બંધાતાં બધાં મકાનોનાં ઇલેક્ટ્રિક વાયરિંગ કેબલ વગેરે કામોના પ્લાન વગેરે તૈયાર કરવા તથા દેખરેખ રાખવા માટે કન્સલ્ટિંગ એન્જિનિયર તરીકે મેસર્સ વકીલ--મહેતા--પરીખ--શેઠની નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૪) વિદ્યાર્થિનીઓના છાત્રાલયના વિકાસ-બાંધકામ માટે આવેલા પ્લાન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થિનીઓના છાત્રાલયના મકાન ઉપર બીજો માળ બાંધવાનું રાખવું તથા સભામાં સૂચવેલા સુધારા સાથેનો પ્લાન મંજૂર કરવા કુલપતિશ્રીને સત્તા આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૫) ઓન.એસ.એસ.ના સ્ટેશન વેગન માટે કુલપતિશ્રીના બંગલાના કમ્પાઉન્ડમાં હાલના ગૅરેજ પાસે એક વધુ ગૅરેજ બનાવવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે ખર્ચ રૂ. ૧,૭૦૦ જેટલો થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઓન.એસ.એસ.ના સ્ટેશન વેગન માટે કુલપતિશ્રીના બંગલાના કમ્પાઉન્ડમાં હાલના ગેરેજ પાસે એક વધુ ગૅરેજ બનાવવા માટે રૂ. ૧,૭૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૬) વિજ્ઞાન વિદ્યાભવનના બૉટાની વિભાગ તથા ફિઝિકસ વિભાગ માટે બારીઓની સાઈઝ નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—બૉટાની તથા ફિઝિકસ વિભાગની મોટી સ્લેબલેવલ સુધી બારીઓ રાખવાની માગણી છે. આવી મોટી બારીઓ રાખવામાં આવે તો ઉનાળામાં વધુ પડતો ઉજાસ આવે અને પડદાની સગવડ કરવી પડે તથા ચોમાસામાં વરસાદ આવે ત્યારે બારીમાંથી પાણી આવે, તેથી સ્ટીલની બારીઓ કાટથી ખવાઈ જાય. આ અટકાવવા માટે સ્લેબ આગળ પ્રોજેક્ટિંગ કરવો પડે. રીબ્સ રાખવી ના હોય તો સ્લેબલેવલે એક ૭"નો બીમ કરવો પડે, જેથી બીમ પરથી કેન્ટીલીવર સ્લેબ આગળ કરી શકાય. બાજુ પરની બીમની સાઈડો રીબ્સ કરવા માટે વિભાગ ના પાડે છે, કેમ કે તે લાઈટ અટકાવે છે. માઈક્રોસ્કોપનું કામ કરવા માટે વધુ લાઈટની જરૂર છે. આથી બારીની સાઈઝ, બીમ તથા રીબ્સ અંગે નિરાકરણ કરવાનું છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે અધ્યક્ષશ્રી તથા સ્થપતિ સાથે ચર્ચા-વિચારણા કરી આ બાબત પુનર્વિચારણા કરવા માટે આગામી સભાગૃહ સમક્ષ રજૂ કરવી.

કુલપતિશ્રીની પરવાનગીથી નીચેની બે બાબતો રજૂ કરવામાં આવી :

(૭) યુનિવર્સિટી વિસ્તારમાં ટીચર્સ હૉસ્ટેલના કમ્પાઉન્ડમાં કરેલા નવા ટયૂબવેલ માટે સબમર્સિબલ પંપ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નવા ટયૂબવેલ માટે સબમર્સિબલ પંપ ખરીદવા અંગે મ્યુ. કૉર્પોરેશનના ઇલેક્ટ્રિકલ એન્જિનિયર શ્રી. એન. પી. શાહનાં સલાહસૂચનો લઈ યોગ્ય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૮) યુનિવર્સિટી લાઇબ્રેરીમાં બંને બાજુની બે અગાશીઓનો ઉપયોગ થઈ શકે તે માટે તેના ઉપર સિમેન્ટ શીટનું છાપરું બનાવીને બે રીડિંગ રૂમ તૈયાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થપતિ શ્રી. બી. વી. દોશીના તા. ૨--૯--૧૯૭૦ના પત્ર મુજબ સિમેન્ટ શીટનું છાપરું કરવું હિતાવહ નથી તેની નોંધ લેવી.

સ્થપતિ બી. વી. દોશીનો તા. ૨--૯--૧૯૭૦નો પત્ર નીચે મુજબ છે :

Vastu–Shilpa

Town Planning Architecture Industrial Design, Dhan House,
Bhadra, Ahmedabad (Phone : 52982)

Ref. No. Proj/6/1090/70
September 2, 1970

The Registrar
Gujarat University,
Navrangpura,
AHMEDABAD–9.

Re. — Extension to Library building.

Dear Sir,

We refer to your letter No. Estate/21021 of 1970 dated 18-8-1970. M/s. Vakil--Mehta--Parikh–Sheth have informed you vide their letter of 1-7-1970 that extension with RCC slab cannot be made on the above building. Extension with roof of steel trusses and A.C. sheets would not be considered advisable.

Yours faithfully,
Sd/- (. . . . .)
For Vastu-Shilpa.

પરિશિષ્ટ "ઝ"
ક્રમાંક ૭૧

Paper I : **Introduction to Linguistics** — (in M.A. Part I)

(*i*) Language as symbolic system and as a social institution. Two approaches— descriptive and historical. The subsystems of language-phonetic, phonology, morpho-phonology, grammar (morphology and syntax), semantics.

(*ii*) Elements of articulatory phonetics : Organs of speech and their functions. Classification of consonants and vowels. Features of length, stress, pitch, IPA symbols.

(*iii*) Phonetic theory : Phoneme, phone, and allophone. Principles of phonemic analysis. Components and distribution of a phoneme. Suprasegmental phonemes of coarticulation, length stress, pitch and juncture.

(*iv*) Morphology : Morpheme, morph, and allomorph. Principles of morphamic analysis, construction and immediate constituents, Stem Formation, Composition and inflection, Grammatical categories.

(*v*) Relation of morphology to phonology — morphophonology.

(*vi*) Syntax-Word, phrase, clause, and sentence. Selection and form classes. Expansion and immediate constituents. Types of constructions. Transformations.

(*vii*) Language Change : Language variation : Sound change, analogy, borrowing. Semantic change. The concept of a language family and genetic relationship. Language contact. Regional and Social variation in language, dialects and standard language, colloquial and formal styles, dialect geography.

(*viii*) Practical applications of Linguistics : Language policy, Language Technology, Language Teaching.

Books recommended

1. Block and Trager : Outline of Linguistics Analysis.
2. Gleason : 'An Introduction to descriptive Linguistics' (IBS edition, New Delhi)
3. Hall : Introductory Linguistics (IBS edition, New Delhi).
4. Lehmann : Historical Linguistics

Books for reference

5. Langacker : 'Language and its structure' (Harcourt, Brace and World).
6. Hocketti : 'Course in Modern Linguistics' (Macmillan, New York).

Paper II (*a*) **Language Teaching Methods** — (in M.A. Part II).

(*i*) Differences between first language learning and second language learning in respect of motivation, aptitude opportunities, and success. Role of mother-tongue carry over. Learning and language and learning about a language.

(*ii*) Language teaching. Socio-cultural setting. First language, regional, auxiliary, classical and foreign languages as targets. Designing of syllabus, grading. The four skills : listening, speaking, reading, writing. Learning of phonology, writing system, grammar and vocabulary.

(*iii*) Survey of various methods : Traditional Indian Svadhyaya method, grammar-translation, direct, audiolingual. Types of tests.

(*iv*) Application of descriptive, contrastive and statistical study of languages in designing syllabuses and tests in grading, and in classroom procedure. Error analysis.

(*v*) Technological aids : audio, visual and audiovisual aids. Teaching machines.

Books recommended

1. F. L. Billows : 'The Techniques of Language Teaching' (Longmans).
2. E. T. Cornelius, Jr : 'Language Teaching' (Crowell).
3. Halliday, Malutosh, and Strevens : 'The Linguistics Sciences and Language Teaching' (Longmans 1964).
4. Bennet : 'Aspects of language and language teaching' (Cambridge Uni. Press).
5. Mackey : 'Language Teaching Analysis' (Longman).
6. D. H. Harding : 'The New Pattern of Language Teaching' (Longmans).
7. Lado : 'Language Teaching' (McGraw-Hill).
8. A. Valdman (edited) : 'Trends in Language Teaching' (McGraw-Hill).
9. Wilga M. Rivers : 'Teaching Foreign Language Skills' (Uni. of Chicago Press).

Paper II : (b) **Indo-Aryan Linguistics** — (in M.A. Part II)

(*i*) Formulation of sound changes, internal reconstruction and comparative reconstruction.

(*ii*) The position of Indo-Aryan within Indo-Iranian, itself a sub-family within Indo-European. The problem of Dardic, Gypsy and Sinhalese.

(*iii*) The Place of Indo-Aryan among the languages of the Indian subscontinent Brief Survey : Iranian (Pashtu, Balochi), Dravidian, Munda, Other Austric (Khasi), Tibeto-Burman, and unclassified (Burushaski, Andamanese).

(*iv*) Broad survey of OIA, MIA and NIA language in India and outside India.

(*v*) OIA Historical Phonology of Vedic and Classical Sanskrit. The problem of varieties of Popular Sanskrit. The transition to MIA.

(*vi*) Salient features of Pali, Inscriptional Prakrits, Gandhari Prakrit, Literary Prakrits, Buddhist Hybrid Sanskrit. The Transition to NIA.

(*vii*) NIA : Subgroupings; the problem of inner and outer groups; salient features of Gujarati, Hindi, Marathi, Panjabi, Bengali as representing different groups.

Books recommended

1. Jules Bloch : ' Indo-Aryan ' (English Translation by A. Master).
2. Ghatage : ' Historical Lingiustics and Indo-Aryan ' (Chapters 4 to 6).
3. Chatterji : ' Indo-Aryan and Hindi ' (also Hindi and Gujarati tr.).
4. Emeneau : ' India as a Linguistic area ' Language 32 (1956); (reprinted in collected papers).
5. Edgerton : ' Sanskrit Historical Phonology ' (American Oriental Society).

Books for reference

6. Grierson : ' Linguistic Survey of India ', Volume I (also translated in Hindi by Tiwari).
7. Turner : ' Comparative Dictionary of the Indo-Aryan Languages '.
8. T. Burrow : ' The Sanskrit Language '.
9. Pattannayak : ' A Controlled Historical Reconstruction of Oriya, Assamese, Bengali and Hindi '.
10. Chatterji : 'Origin and development of the Bengali Language ', Volume I, Introduction.
11. Sen : ' Comparative Grammar of Middle Indo-Aryan '.
12. J. Bloch : ' Application dela cartographial historie de L Indo-Aryan ' (Especially the maps).

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ-૯

G.U.P. 1089-450-11-70

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટની નવેંબર માસની સભા, શનિવાર, તા. ૭-૧૧-૧૯૭૦ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૭-૧૧-૧૯૭૦
૧.	શ્રી. ઉમાશંકર જોઠાલાલ જોશી, કુલપતિ	હાજર
૨.	શ્રી. શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	આચાર્ય કે. એમ. તલાટી	ગેરહાજર
૪.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૫.	શ્રી. ઠાકોરભાઈ મણિભાઈ દેસાઈ	હાજર
૬.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૭.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૮.	શ્રી. ઇન્દ્રવદન અંબાલાલ મોદી	હાજર
૯.	શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર
૧૦.	શ્રી. ઇન્દ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૧૧.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૨.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૩.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૪.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર
૧૫.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૬.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	ગેરહાજર
૧૭.	આચાર્ય મહેન્દ્રલાલ ચંદુલાલ શાહ	હાજર
૧૮	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧. સિન્ડિકેટની તા. ૩/૪-૧૦-૧૯૭૦ના રોજ મળેલ સભાની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૩/૪-૧૦-૧૯૭૦ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(ક) બે નવી વિદ્યાશાખાઓ તથા કેટલીક પદવીઓ શરૂ થતાં નીચેના એકેડેમિક કોસ્ચ્યુમ (Costume) કુલપતિશ્રીએ મંજૂર કર્યાના :

(૧) ડેન્ટલ સર્જરી વિદ્યાશાખાના ડીન માટે બ્લ્યૂ એમ્બ્રોઇડરીવાળો સફેદ ગાઉન;

(૨) ફાર્મસી વિદ્યાશાખાના ડીન માટે સફેદ એમ્બ્રોઇડરીવાળો ડાર્ક બ્લ્યૂ ગાઉન;

(૩) બી.ડી.એસ. પરીક્ષા પાસ કરી હોય તે વિદ્યાર્થીઓ માટે બ્લ્યૂ પટ્ટીવાળો સફેદ સ્કાર્ફ અને એક સ્ટારવાળો ગાઉન;

(૪) એમ.ડી.એસ. પરીક્ષા પાસ કરી હોય તે વિદ્યાર્થીઓ માટે બ્લ્યૂ પટ્ટીવાળો સફેદ સ્કાર્ફ અને બે સ્ટારવાળો ગાઉન;

(ખ) સી.એસ.આઈ.આર., ન્યૂ દિલ્હીના ડિવિઝન ફોર સાયન્ટિફિક એન્ડ ટેકનિકલ પરસોનલના પત્રાંક આઈ.એ.આર. ૧૫૬૫૬-પ્લેઇસ, ૧૯૭૦ એમ.આર. તા. ૩૧-૮-૧૯૭૦માં જણાવ્યા પ્રમાણે સી.એસ.આઈ.આર.ની સાયન્ટિસ્ટ પુલ યોજના હેઠળ ડૉ જે. કૃષ્ણરાવની પુલ ઑફિસર તરીકે સેવાઓ વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગ માટે લેવાની પરવાનગી આપ્યાના;

(ડૉ. કૃષ્ણરાવ પુલ ઑફિસર તરીકે રહે ત્યાં સુધીનો પગાર ભથ્થાં વગેરેનો ખર્ચ, સી.એસ.આઈ.આર. ભોગવશે.)

(ગ) નડિયાદના ધર્મસિંહ દેસાઈ યુનિવર્સિટીનું જોડાણ શરતોના પરિપાલનના અભાવે રહી શકયું નથી તે સંજોગોમાં કેમિકલ ટેકનોલોજીના વિદ્યાર્થીઓને ઓક્ટોબર ૧૯૭૦ની સેમેસ્ટર પરીક્ષાઓમાં બેસવા દેવાના;

(ઘ) માર્ચ-એપ્રિલ ૧૯૭૦માં લેવાયેલ પ્રથમ બી.એસસી. પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૭૦૪ના ગેરરીતિ અંગેના કેસ બાબતમાં વિદ્યાર્થીએ કરેલ રિટ અંગે યુનિવર્સિટી તરફથી વકીલ તરીકે શ્રી. એસ. એન. શેલતને નીમ્યાના તથા યુનિવર્સિટી વતી સોગંદનામું કરવા માટે શ્રી. કુલસચિવને સત્તા આપ્યાના;

(ચ) યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. ડી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈમાં શિક્ષકોની છટણી અંગે સિન્ડિકેટે તપાસ માટે નીમેલ કમિટિમાં એક વધારાના સભ્ય તરીકે આચાર્ય કે. એન. શાહની નિમણૂક કર્યાના;

(છ) જૂન ૧૯૭૦થી શરૂ થયેલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઈડર અંગે બહાર પડેલ જાહેરનામામાં પ્રથમ વર્ષ બી.એ.માં 'રાજ્યશાસ્ત્ર' વિષયને આવરી લેવાની રાજ્ય સરકારને ભલામણ કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩. વિજ્ઞાન વિદ્યાભવનના લેક્ચરર ઇન ઝૂલોજી તરીકે કામ કરતા શ્રી. આર. કે. મલહોત્રા તા. ૧-૧૦-૧૯૭૦થી રાજીનામું આપી છૂટા થયા હોઈ તેમને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા અંગેની તેઓની તા. ૨૮-૯-૧૯૭૦ની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ. - શ્રી. મલહોત્રા ભવનમાં તા. ૧-૬-૧૯૬૮ના રોજ જોડાયા હતા. અને તા. ૧-૧૦ ૧૯૭૦ના રોજ રાજીનામું આપી છૂટા થયા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. કે. મલહોત્રાને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવી.

૪. વિજ્ઞાન વિદ્યાભવનમાંના ભૌતિકવિજ્ઞાનનાં વિદ્યાર્થિની કુ. યુ. પી. આયંગરને અનુસ્નાતક અભ્યાસ માટે નેશનલ ટેલેન્ટ સ્કોલરશિપ મંજૂર હોઈ એન.સી.ઈ.આર.ટી.ના નિયમો પ્રમાણે તેણીને ખાસ માર્ગદર્શન આપવાનું હોઈ તેણીના ગાઈડ તરીકેની કામગીરી સંભાળવા તથા તે અંગેનું વાર્ષિક રૂ. ૨૦૦નું એન.સી.ઈ.આર.ટી.શ્રી તરફ મળનાર માનદ વેતન સ્વીકારવા અંગેની પરવાનગી માંગતા ડો. કે. એમ. કાપડિયાના તા. ૧૭-૯-૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે વાર્ષિક રૂ. ૨૦૦નું માનદ વેતન સ્વીકારવા માટે ડો. કે. એમ. કાપડિયાને પરવાનગી આપવી.

૫. વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગના રીડર શ્રી. એ. એમ. વૈદ્યની હાઈ-સ્કૂલ મેથેમેટિકસ પ્રોજેકટ અંગે તા. ૧૫-૧૧-૧૯૭૦થી તા. ૧૫-૩-૧૯૭૧ સુધીના સમય માટે તેઓની ફરજના સમય બાદ સેવાઓ આપવા તથા તે અંગેનું માસિક રૂ. ૨૦૦ લેખેનું માનદ વેતન સ્વીકારવા અંગેના કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના અધ્યક્ષશ્રીના તા. ૧૭-૯-૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૫-૧૧-૧૯૭૦થી તા. ૧૫-૩-૧૯૭૧ સુધી સદરહુ કામ કરવા માટે તથા તે માટે માસિક રૂ. ૨૦૦નું માનદ વેતન સ્વીકારવા માટે ડો. એ. એમ. વૈદ્યને પરવાનગી આપવી.

૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને ડો. બી. એસ. વૈદ્યની સંશોધન યોજના અંગે મંજૂર કરેલ ગ્રાન્ટ રૂ. ૧,૫૦૦માંથી ડો. વૈદ્ય તરફથી સદરહુ યોજનાના કામ અંગે એક વધારાના મદદનીશની જરૂરિયાત હોઈ તેમને નળ સરોવર લઈ ગયેલ તેના વધારાના ખર્ચના રૂ. ૧૨-૩૭ પૈસા મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રૂ. ૧૨-૩૭ પૈસાનું ઉપર જણાવેલું વધારાનું ખર્ચ મંજૂર કરવું.

૭. યુનિવર્સિટી કાર્યાલયમાં ચોકીદાર તરીકે કામ કરતા શ્રી. આર. ડી. વેશનો એક વર્ષનો લંબાવવામાં આવેલો અજમાયશી સમય તા. ૭-૧-૧૯૭૧ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૮-૧-૧૯૭૧થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. આર. ડી. વેશના કામકાજ અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે તેમને યુનિવર્સિટીના ચોકીદાર તરીકેની જગ્યા પરથી એક માસની નોટિસ આપીને તા. ૮-૧-૧૯૭૧થી છૂટા કરવા.

૮. મનોવિજ્ઞાન વિદ્યાભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. કે. સી. કર્ણિકનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૨-૧-૧૯૭૧ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૩-૧-૧૯૭૧થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

શ્રી. કે. સી. કર્ણિકના કામકાજ અંગેનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શ્રી. કે. સી. કર્ણિકને મનોવિજ્ઞાન ભવનમાં સ્ટેનોગ્રાફરની જગ્યા પર તા. ૩-૧-૧૯૭૧થી કાયમ કરવા.

૯. સને ૧૯૬૯-૭૦ના વર્ષનો વીસમો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૬૯-૭૦ના વર્ષનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે નીચે જણાવેલ સભ્યોની સમિતિ રચવી :

૧. કુલપતિશ્રી
૨. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૩. પ્રો. મણિશંકર પ્ર. પંડ્યા
૪. ડૉ. જે. જે. ચિનોય
૫. શ્રી. ઇન્દ્રવદન એ. મોદી
૬. આચાર્યા ઊર્મિલાબહેન ચિ. પટેલ.

૧૦. એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદની ત્રિવાર્ષિક તપાસ માટે સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજની ત્રિવાર્ષિક તપાસ માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

૧. ડૉ. બી. વી. પટેલ
૨. આચાર્ય બી. ડી. પરીખ.

૧૧. 'ધી ઇન્ડિયન મૅથેમેટિકલ સોસાયટી'નું વાર્ષિક અધિવેશન ગોરખપુર યુનિવર્સિટીના ઉપક્રમે ગોરખપુર મુકામે ડિસેંબર ૨૮થી ૩૦, ૧૯૭૦ના સમય દરમિયાન યોજાનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર સોસાયટીના માનદ મંત્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સોસાયટીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય કે. એન. શાહને મોકલવા.

૧૨. The Indian Society of International Law તરફથી Indian Society of International Law and the Indian Academy of Interna-

tional Law and Diplomacyના ઉપક્રમે ન્યૂ દિલ્હી મુકામે જાન્યુઆરી ૮થી ૧૦, ૧૯૭૧ના સમય દરમિયાન યોજાનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય પ્રફુલ્લભાઈ દેસાઈ અને આચાર્ય ગિરીશભાઈ પટેલને મોકલવા

૧૩. એસોસિયેશન ઓફ સર્જન્સ ઓફ ઇન્ડિયાનું વાર્ષિક અધિવેશન બેંગલોર મુકામે ડિસેંબર ૨૭થી ૩૦, ૧૯૭૦ના સમય દરમિયાન યોજાનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. જયંત બી. હરિભક્તિને મોકલવા.

૧૪. ભારત સરકારના અણુશક્તિ વિભાગ તરફથી જાન્યુઆરી ૩૧થી ફેબ્રુઆરી ૨, ૧૯૭૧ના સમય દરમિયાન Indian Institute of Technology, કાનપુર મુકામે Powders and sintered products પર યોજાયેલ પરિસંવાદમાં પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાય તો તે મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૫. Indian Institute of Scienceનો Foreign Language વિભાગ ડિસેંબર ૧૪થી ૩૧, ૧૯૭૦ના સમય દરમ્યાન બેંગલોર મુકામે Presentation of Technical Information in English પર એક પરિસંવાદ યોજે છે, તેમાં અંગ્રેજી વિદ્યાભવનના બે શિક્ષકોને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા મજકૂર ઇન્સ્ટિટ્યૂટના કન્વીનર તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે આચાર્ય વી. જે. ત્રિવેદી અને શ્રી. દિગીશભાઈ મહેતાને મોકલવા.

૧૬. 'કલોલ મ્યુનિસિપલ કોમર્સ કૉલેજ, કલોલનું નામ બદલી 'શાહ ચંદુલાલ કસ્તૂરચંદ મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, કલોલ' રાખવા અંગે સદરહુ કૉલેજના આચાર્ય તરફથી આવેલ ાવનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કલોલ મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, કલોલનું નામ બદલીને "શાહ ચંદુલાલ કસ્તૂરચંદ મ્યુનિસિપલ કૉમર્સ કૉલેજ, કલોલ" રાખવા માટે સંમતિ આપવી અને રાજ્ય સરકારને તે માટે જરૂરી ભલામણ કરવી તથા નવા નામ સાથેનું રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી તે નવું નામ અમલમાં આવેલું ગણવું.

૧૭. એમ. એન. કૉલેજ, વીસનગરમાં સ્થાપવામાં આવેલ અંગ્રેજી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્ય એસ. એમ. શાહની નિમણૂક કરવી.

૧૮. શ્રી. રસિકલાલ ગોકળદાસ શાહ એકાઉન્ટન્સી ગોલ્ડ મેડલ એક્ઝામિનેશન માટે એનાયત કરવા અંગે દાતા શ્રી. રસિકલાલ ગોકળદાસ શાહ વતી તેમના વકીલ શ્રી. બી. સી. શાહે તા. ૨૩-૬-૧૯૭૦થી યુનિવર્સિટીને આપેલ નોટિસ અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—(૧) સદરહુ સુવર્ણચંદ્રક ૧૯૭૦ના વર્ષ માટે એનાયત કરવા અંગે એકાઉન્ટન્સીના વિષયમાં ઉમેદવાર નં. ૧૬૮ અને નં. ૧૮૪૧ના ગુણ સરખા (૯૧) હોવાથી ફેબ્રુઆરી ૧૯૭૮ની સભામાં થયેલ ઠરાવ અનુસાર તે પરીક્ષાના બધા વિષયોના કુલ સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થી શ્રી. એન. બી. વાણિયા(નં. ૧૮૪૧)ને એનાયત કરેલ છે.

(૨) તે અંગે શ્રી. દાતાએ વાંધો લીધો છે અને જણાવ્યું છે કે ગોલ્ડ મેડલ પ્રાઇઝના રૂપમાં ફેરવીને સરખા ભાગે વહેંચવો જોઈએ.

(૩) એકાઉન્ટન્સીમાં સૌથી વધુ ગુણ મેળવનાર પહેલા વર્ગમાં પાસ ન થતો હોય તોપણ તેને આપવો જોઈએ.]

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૦ના વર્ષ માટે શ્રી. રસિકલાલ ગોકળદાસ શાહ એકાઉન્ટન્સી સુવર્ણચંદ્રક શ્રી. એન. બી. વાણિયાને એનાયત કરવામાં આવ્યો છે તે બરાબર છે, અને તેથી તે સુવર્ણચંદ્રક તેમની પહોંચ લઈને આપવાનું રાખવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે શ્રી. રસિકલાલ ગોકળદાસ શાહના વકીલ શ્રી. બી. સી. શાહને ઉપરના ઠરાવની જાણ કરીને જણાવવું કે, ચાલુ વર્ષે સદરહુ સુવર્ણચંદ્રક ઇનામ (પ્રાઇઝ)ના રૂપમાં ફેરવીને સરખા ભાગે બે વિદ્યાર્થીઓને આપવા માટેની તેમની વિનંતી સ્વીકારી શકાય તેમ નથી.

(૩) વધુમાં ઠરાવવામાં આવ્યું કે ફેબ્રુઆરી ૧૯૭૮ની સભામાં બાબત નં. ૭૬થી કરવામાં આવેલા નીચેના ઠરાવની જાણ તમામ સંબંધકર્તા દાતાઓને કરવી :

"(અ) જે પ્રદાન ચેકડ રકમમાં આપવાનું હોય ત્યાં ઉપરના સંજોગોમાં જેટલા ઉમેદવારો તે મેળવવાને શરતો અનુસાર પાત્ર હોય તેઓ વચ્ચે સરખે હિસ્સે વહેંચી આપવું.

(બ) ચંદ્રકો એનાયત કરવાની બાબતમાં તે એક જ વ્યક્તિને એનાયત કરવાનું રાખવું જોઈએ અને તે માટે જો ચંદ્રકપ્રદાન કોઈ વિષય માટે નિયત કરવામાં આવ્યું હોય અને તે વિષયમાં તે ચંદ્રકને મેળવવા માટે એક કે વધુ વિદ્યાર્થીઓ ચંદ્રકની શરતો અનુસાર લાયક બનતા હોય તો એ વિદ્યાર્થીઓને માત્ર જે તે વિષયમાં મેળવેલા ગુણાંક જ પ્રદાન માટે ગણતરીમાં ન લેતાં તે પરીક્ષામાં જે તે વિષયોના સમગ્ર ગુણ પર વર્ગ અપાતો હોય તે સમગ્ર ગુણમાં એ વિદ્યાર્થીઓ પૈકી સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને ચંદ્રક એનાયત કરવા માટે પાત્ર ગણવો.

(ક) જે કેસોમાં ઉપરોક્ત નિયમ " બ " લાગુ પાડવા છતાં પણ એક કરતાં વધુ વિદ્યાર્થીઓને ચંદ્રક આપવાનો પ્રશ્ન ઊભો થાય તો તેવી પરિસ્થિતિમાં એક કે વધુ ચંદ્રક આપવા કે

કેમ અને તે કોને આપવો કે કોને આપવા તે નક્કી કરવાનો પ્રશ્ન સિન્ડિકેટની વિચારણા માટે રજૂ કરવાનું રાખવું."

૪. વધુમાં ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીમાં હવે પછી જે પ્રદાનો સ્વીકારવામાં આવે તેમાં નીચેની મતલબની એક કલમ હંમેશાં ઉમેરવાનું રાખવું :

"સદરહુ સુવર્ણચંદ્રક/ઇનામ/શિષ્યવૃત્તિ અંગે યુનિવર્સિટીની સિન્ડિકેટને વખતોવખત જે શરતો ઉમેરવી આવશ્યક જણાય તે ઉમેરવા માટે તેનો અધિકાર રહેશે."

૧૯. બોરસદ સાયન્સ એન્ડ લૉ કૉલેજ. બોરસદમાં કાયદાની વિદ્યાશાખાના વર્ગો, જે હાલ સાંજના ચાલે છે તે, હવે સવારે ચલાવવાની પરવાનગી આપવા આવેલ વિનંતી પરત્વે સિન્ડિકેટે તેની તા. ૬–૯–૧૯૭૦ની સભામાં નીમેલ સમિતિના અહેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોરસદ સાયન્સ અને લૉ કૉલેજ, બોરસદમાં કાયદાની વિદ્યાશાખાના વર્ગો સવારે ૭–૧૫થી ૯–૩૦ સુધી ચલાવવા માટે પરવાનગી આપવી.

૨૦. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ પ્રાણીશાસ્ત્ર વિભાગ માટે રૂ. ૨૦,૦૦૦નું ફર્નિચર ખરીદવા માટે વિજ્ઞાન વિદ્યાભવનના ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૨૦,૦૦૦ની વધુ જોગવાઈ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ચાલુ (૧૯૭૦–૭૧) વર્ષના અંદાજપત્રમાં ફર્નિચર માટે હાલ રૂ. ૧૫,૦૦૦ની જોગવાઈ છે તેમાં રૂ. ૨૦,૦૦૦ની વધુ જોગવાઈ ઉમેરીને કુલ રૂ. ૩૫,૦૦૦ની જોગવાઈ કરવી.

૨૧. નવગુજરાત લૉ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદની ૧૯૭૮ની જોડાણ-અરજી પર સેનેટે ઍકચ્યુઅરિયલ સાયન્સના વ્યાખ્યાતાની નિમણૂક કરવા શરત મૂકી હતી, પરંતુ આ વિષય ફક્ત દ્વિતીય વર્ષમાં જ શીખવાનો હોઈ કૉલેજે તે ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરેલી છે. તો આ વ્યવસ્થા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકચ્યુઅરિયલ સાયન્સના મુખ્ય વિષય માટે પૂર્ણ સમયના પ્રાધ્યાપકનો આગ્રહ રાખવો કે ખંડ સમયના પ્રાધ્યાપકથી ચાલે તે બાબત અંગે વિચારણા કરીને જરૂરી નિયમ ઘડવા માટે વાણિજ્યની વિદ્યાશાખાને સુપ્રત કરવું.

દરમ્યાન ચાલુ વર્ષ પૂરતું (૧૯૭૦–૭૧) ધોરણે નવગુજરાત લૉ એન્ડ કૉમર્સ કૉલેજમાં એસ.વાય.બી.કૉમ.માં ઍકચ્યુઅરિયલ સાયન્સનું શિક્ષણ આપવા માટે ખંડ સમયના પ્રાધ્યાપકની નિમણૂક પર્યાપ્ત ગણવી.

૨૨. સેનેટે તેની તા. ૬/૨–૧૦–૧૯૭૦ની સભામાં સુધારેલો ઓર્ડિ. ૬૨૦–એ સિન્ડિકેટને પુનર્વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત ઍકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

૨૩. 'નેશનલ સાયન્સ ટેલન્ટ સર્ચ' યોજના હેઠળ વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના કર્મચારીઓને વધારાની સેવાઓ આપવા માટેનું મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવા અધ્યક્ષશ્રીના તા. ૧-૯-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કર્મચારીઓનાં નામ	હોદ્દો	તેમને સોંપવામાં આવેલ કામનો પ્રકાર	મહેનતાણાની રકમ	હાલ મળતો મૂળ પગાર
				રૂ.	રૂ.
૧.	પ્રો. જે. જે. ચિનોય	અધ્યક્ષ	અધ્યક્ષ	૧,૦૦૦	૧,૪૨૦
૨.	ડૉ. સી. કે. શાહ	રીડર	ભાષાંતરકાર અને એડમિનિસ્ટ્રેશન	૨૧૦	૯૫૦
૩.	ડૉ. બી. એસ. વૈદ્ય	રીડર	ભાષાંતર, એકાઉન્ટ પોસ્ટ	૨૧૦	૭૦૦
૪.	ડૉ. એ. એમ. વૈદ્ય	રીડર	ગણિતશાસ્ત્રના ભાષાંતર	૨૦૦	૮૦૦
૫.	ડૉ. જે. સી. વોરા	લેક્ચરર	રસાયણશાસ્ત્ર–ભાષાંતર	૨૦૦	૬૪૦
૬.	પ્રો. વી. એમ. ત્રિવેદી	લેક્ચરર	ભૌતિકશાસ્ત્ર–ભાષાંતર	૨૦૦	૭૨૦
૭.	શ્રી. આર. કે. મોદી	ઑફિસસ્ટાફ		૧૦	૧૭૨
૮.	શ્રી. પી. એન. મહેતા	,,		૫૦	૧૩૨
૯.	શ્રી. આર. બી. સાડીવાલા	,,		૪૦	૧૨૪
૧૦.	શ્રી. એન. વી. શાહ	,,		૪૦	૧૧૬
૧૧.	શ્રી. મેકવાન પીટર	પટાવાળા		૨૫	૬૦
૧૨.	શ્રી. બીની માધવ	પટાવાળા		૨૦	૮૨
૧૩.	શ્રી. કિશોર મકવાણા	ટેમ્પરરી કર્મચારી છે.		૨૫	—

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કામ માટે યુનિવર્સિટીના ઉપર જણાવેલા કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ વધારાનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૨૪. સેનેટે તેની તા. ૧/૨-૧૦-૧૯૭૦ની સભામાં ઑર્ડિ. ૧૨૯નો નીચે જણાવેલ સંબંધકર્તા ભાગ સિન્ડિકેટને રિફરમેંક કરેલો હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

O. 129 :

Name of the Examination	*How many times in a year ?*	*Date of commencement*	*Last date of application*	*Examination fees*
M.E. Semester–I	Twice	First Monday in June and Third Monday in October	Three months before the Examination	100/–
M.E. Semester–II	Twice			100/–
M.E. Dissertation	Twice			150/–

આથી ઠરાવવામાં આવે છે : સદરહુ બાબતની વિચારણા નોકૂફ રાખવી.

બાબત નં. ૨૫ અને ૬૧ની વિચારણા સાથે કરવામાં આવી.

૨૫. કુલાધિપતિશ્રીના નીચે જણાવેલ આદેશના સંદર્ભમાં સંલગ્ન કૉલેજોમાં શિક્ષકોની છટણી અંગે આવતી ફરિયાદો પર વિચારણા કરવા બાબત :

(નોંધ.— કુલાધિપતિશ્રીનો આદેશ નીચે મુજબ છે :

"No member of the existing staff in the colleges, as on 1–4–1970, should be retrenched in the inplementation of my decisions.)

૬૨. બી.ડી. કૉલેજ, અમદાવાદમાંથી કેટલાક ડેમોન્સ્ટ્રેટરોને છૂટા કર્યા અંગે આવેલ તેમની તા.૨–૧૦–૧૯૭૦ની ફરિયાદ અંગે તથા જૂન ૧૯૭૧થી વિજ્ઞાન વિદ્યાશાખાનું શિક્ષણ બંધ કરવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૧ ૧૦–૧૯૭૦ના આવેલા પત્ર પર વિચારણા કરવા બાબત.

(૧) સદરહુ બાબતો ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી, તેના સંદર્ભમાં યુ. પી. આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈના આચાર્યનો તા. ૭–૧૧–૧૯૭૦નો પત્ર સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે, સદરહુ પત્રની નોંધ લેવી અને નીચે જણાવેલા ત્રણ શિક્ષકોને સદરહુ કૉલેજમાં તા. ૧૦-૧૧-૧૯૭૦થી ચાલુ રાખવાનું ઠરાવવામાં આવ્યું છે તેના સંદર્ભમાં તેમની સેવાઓનું સાતત્ય સળંગ રહેશે તથા શ્રી. પી. એસ. પટેલ, જેમને સદરહુ કૉલેજમાં પ્રોફેસરની જગ્યા પરથી લેક્ચરરની જગ્યા પર ઉતારવામાં આવ્યા છે પણ જેમની બાબતમાં કશો ઉલ્લેખ સદરહુ પત્રમાં નથી, તેમની સેવાઓ પ્રાધ્યાપક તરીકે પૂર્વવત્ ચાલુ રહેશે તે બાબત અનુમોદન આપવા માટે આચાર્યને લખવું :

૧. શ્રી. ડી. જે. પટેલ
૨. શ્રી એમ. એચ. પટેલ
૩. શ્રી. બી. એમ. શુકલ.

(૨) સદરહુ બાબતના સંદર્ભમાં શ્રી. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજના નીચે જણાવેલા બે શિક્ષકોને તા. ૧૦–૧૧–૧૯૭૦થી છૂટા કરવા માટે નોટિસ આપવામાં આવેલી છે તેના કેસો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા :

૧. સંઘવી રેખાબહેન
૨. ત્રિપાઠી રમ્યલતાબહેન.

તે બાબતમાં કૉલેજના આચાર્યશ્રીનો તા. ૧૦–૬–૧૯૭૦નો પત્ર સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી અને જરૂર જણાય તો સદરહુ કૉલેજની મુલાકાત લઈને સમગ્ર રીતે સદરહુ પ્રશ્ન તપાસીને પોતાનો સુચિંતિત અહેવાલ રજૂ કરવા માટે તેને જણાવવું :

૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૨. ડૉ. જે. જે. ચિનોય
૩. ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ
૪. શ્રી. ઇન્દ્રવદન એ. મોદી.

(૩) શ્રી. બાલાભાઈ દામોદરદાસ કૉલેજ, અમદાવાદના નીચે જણાવેલા સાત ડેમોન્સ્ટ્રેટરોને તા. ૧૦-૧૧-૧૯૭૦થી છૂટા કરવા માટે નોટિસ આપવામાં આવેલી છે. તેમનો પ્રશ્ન પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે બાબતમાં સદરહુ કૉલેજના આચાર્યશ્રીનો તા. ૨૧-૧૦-૧૯૭૦નો પત્ર સભાગૃહ સમક્ષ વાંચી સંભળાવવામાં આવ્યો.

તે પછી સભાગૃહમાં સિન્ડિકેટના સભ્ય શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈએ જણાવ્યું કે ઑક્ટોબર માસમાં તેઓ કુલપતિશ્રીની ફરજે કાર્યકારી ધોરણે બજાવતા હતા તે દરમ્યાન તેઓશ્રીને સદરહુ કૉલેજના આચાર્ય સાથે વાતચીત થયેલી તેમાં તે સાત ડેમોન્સ્ટ્રેટરોને ચાલુ સત્ર દરમ્યાન બીજા સત્રમાં પણ ચાલુ રાખવાનું આચાર્યશ્રીએ જણાવેલું છે તે ઉપરથી સભાગૃહે સદરહુ બાબતની નોંધ લઈને ઠરાવ્યું કે સદરહુ સાત ડેમોન્સ્ટ્રેટરોને ચાલુ વર્ષે બીજા સત્ર દરમ્યાન પણ ચાલુ રાખવામાં આવશે તે બાબતનું અનુમોદન મેળવવા માટે આચાર્યશ્રીને લખવું :

૧. કુ. શાહ અનુપમાબહેન
૨. કુ. પરીખ ઈલાબહેન
૩. કુ. શાહ કૈલાસબહેન
૪. કુ. ભાવસાર સંગીતાબહેન
૫. કુ. શાહ ભારતીબહેન
૬. કુ. મશરૂવાળા શોભનાબહેન
૭. કુ. શાહ પરેશા બહેન.

(૪) વધુમાં ઠરાવવામાં આવે છે કે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમ્યાન કોઈ પણ સંલગ્ન કૉલેજના કોઈ શિક્ષકને છૂટા કરવાનો પ્રશ્ન યુનિવર્સિટી સમક્ષ આવે તો તે અંગે જરૂરી તપાસ કરીને પોતાનો રિપોર્ટ રજૂ કરવા માટે ઉપર નં. ૨મા જણાવેલી સમિતિને જણાવવું.

૨૬. તા. ૨૬-૯-૧૯૭૦ ને બુધવારના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે—

(૧) યુનિવર્સિટીનાં પ્રકાશનોના કામ અંગે લેખક/અનુવાદકને આપવાના મહેનતાણાની બાબતમાં નીચે મુજબના દરો મંજૂર કરવા :

(ક) મૌલિક પુસ્તકના ½ ડેમી કદના પ્રત્યેક છાપેલા પાના દીઠ રૂ. ૮ (અંકે રૂપિયા આઠ) આપવા.

(ખ) અનુવાદિત પુસ્તકના ½ ડેમી કદના પ્રત્યેક છાપેલા પાના દીઠ રૂ. ૬ (અંકે રૂપિયા છ) આપવા.

(**નોંધ.**—જે પાનું અડધા કે અડધા કરતાં વધારે હોય તો આખું પાનું ગણવું અને જે અડધા કરતાં ઓછું હોય તો તેને ગણતરીમાં લેવું નહિ.)

(૨) લઘુગ્રંથોની યોજના હેઠળની પુસ્તિકા માટે લેખકને તેમના કૉપીરાઈટ હકોની ખરીદી માટે રૂ. ૫,૦૦૦ કે તે કેમી કદના પ્રત્યેક છાપેલા પાના દીઠ રૂ. ૮ પ્રમાણે ગણતાં જે રકમ ઓછી હોય તે આપવી.

(**નોંધ.**—જો પાનું અડધું કે અડધા કરતાં વધારે હોય તો આખું પાનું ગણવું અને જો અડધા કરતાં ઓછું હોય તો તેને ગણતરીમાં લેવું નહિ.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૭. ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી, નડિયાદની ગવર્નિંગ બોડીના સભ્યપદે યુનિવર્સિટીના પ્રતિનિધિને નિયુક્ત કરવા અંગે મજકૂર કૉલેજના આચાર્યશ્રી મારફત તા. ૩૧-૭-૧૯૭૦ના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના ચાલુ વર્ષના જોડાણ માટેની શરતોનું પરિપાલન હજુ સુધી થયું નથી અને તેને કારણે રાજ્ય સરકારને જોડાણ આપવા માટે ભલામણ કરી શકાઈ નથી, તે સંજોગોમાં તેના ગવર્નિંગ બોડીના સભ્યપદે યુનિવર્સિટીના પ્રતિનિધની નિમણૂક કરવાના પ્રશ્ન પર વિચારણા કરવાનું આ સભાગૃહને મુનાસિબ લાગતું નથી.

૨૮. ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળ, અમદાવાદને માન્યતા આપવા અંગેના સદર મંડળના મંત્રીશ્રીના તા. ૨૪-૬-૧૯૭૦ના પત્રાંક ૬૬૩ ઉપર વિચારણા કરવા બાબત.

આ બાબતના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટીના અને ગુજરાત યુનિવર્સિટી વિસ્તારની કૉલેજોના બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓના મંડળની માન્યતા અંગેના પ્રશ્ન પર વિચારણા કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે શૈક્ષણિક વર્ગના કે બિનશૈક્ષણિક વર્ગના કોઈ પણ મંડળને માન્યતા આપવાની જરૂર જણાતી નથી.

૨૯. ગુજરાત યુનિવર્સિટી ધારામાં ફેરફાર સૂચવવા અંગે સિન્ડિકેટે તેની તા. ૨-૯-૧૯૬૭ની સભામાં નીમેલ સમિતિના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ તૈયાર કરેલો રિપોર્ટ મંજૂર કરવો અને શ્રી. એસ. આર. ડોંગરકરીના પ્રમુખપદ હેઠળ નીમવામાં આવેલ રાજ્યની યુનિવર્સિટીઓના કાયદાના સુધારણા અંગેના પંચને મોકલી આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૦ની પેટાકલમ ૨૦ તથા ચૂંટણી અંગેની કલમ ૫૪ તથા બીજા કોઈ પણ મુદ્દા અંગે ગુજરાત યુનિવર્સિટી ધારામાં સુધારા કરવાની જરૂર જણાય તો તે અંગે વિચારણા કરીને પોતાની ભલામણ રજૂ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) આચાર્ય વી આર. રણદીવે
(૨) શ્રી. રણજિતરાવ ગં. શાસ્ત્રી
(૩) શ્રી. કે. સી. પરીખ, કુલસચિવ.

(સદરહુ સમિતિએ તૈયાર કરેલા રિપોર્ટની નકલ **પરિશિષ્ટ "ફ"** તરીકે સામેલ છે.)

૩૦. કૉલેજો તથા યુનિવર્સિટીના ગ્રંથપાલોના સુધારેલા પગારધોરણ અંગે તથા કૉલેજોના શિક્ષકોના સુધારેલા પગારધોરણ પ્રમાણેના લાભ કૉલેજના ડેમોન્સ્ટ્રેટર, ટ્યૂટર અને આર્ટ્સ/કૉમર્સ ઇન્સ્ટ્રક્ટરને આપવા અંગેના ભારત સરકારના એજ્યુકેશન અને યૂથ સર્વિસીઝના અનુક્રમે તા. ૨૧–૮–૧૯૬૦ અને પત્રાંક એફ. ૨, ૩૮–૬૯ યુ. ૨ તથા તા. ૧૫મી જુલાઈ ૧૯૭૦ના પત્રાંક એફ. ૧–૨. ૬૯/૭૧ જાણ તથા ઘટતું કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૦ મી સપ્ટેંબર ૧૯૭૦ના પત્રાંક એફ. ૯–૧/૬૬ (૨) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સિન્ડિકેટે તેની તા. ૬–૯–૧૯૭૦ની સભામાં બાબત નં. ૧૪થી નીમેલી ચોથી પંચવર્ષીય યોજનામાં કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણોમાંથી ઊભા થતા પ્રશ્નો અંગે વિચારણા કરવા માટે નીમવામાં આવેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૩૧. માર્ચ–એપ્રિલ ૧૯૭૦માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામોમાં ભૂલો જણાયાથી તે સુધાર્યાની કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩૨. સને ૧૯૭૧–૭૨નું ગુજરાત યુનિવર્સિટીનું અંદાજપત્ર તૈયાર કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) કુલપતિશ્રી
(૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૩) આચાર્ય એમ. સી. શાહ
(૪) પ્રો. જં. જે. ત્રિવેદી
(૫) શ્રી. ઇન્દ્રવદન એ. મોદી
(૬) શ્રી. આર. બી. શાહ.

૩૩. જૂન ૧૯૬૬થી અમલમાં આવેલી નવી તબીબી તપાસ યોજના અનુસાર સંલગ્ન કૉલેજોમાંનાં આરોગ્યકેન્દ્રો તથા જૂની યોજના મુજબની કૉલેજોમાં આવતાં આરોગ્યકેન્દ્રો માટે તપાસ કરવા માટે સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ આરોગ્ય કેન્દ્રોની તપાસ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ રચવી :

(૧) ડૉ. જયંત બી. હરિભક્તિ
(૨) ડૉ. આર. એલ. વાદી
(૩) ડૉ. સી. આર. ત્રિવેદી, કાર્યકારી ચીફ મેડિકલ ઑફિસર.

૩૪. એમ.એ., એમ.કૉમ. વગેરે અનુસ્નાતક પરીક્ષાઓ ઑક્ટોબર માસમાં પણ લેવા તેમ જ જ્યાં જ્યાં અનુસ્નાતક કેન્દ્રો હોય તેવાં સ્થળોએ પરીક્ષા-કેન્દ્રો રાખવા અંગે

શ્રી. આર. બી. શાહે તેમના તા. ૬–૧૦–૧૯૭૦ના પત્રથી કરેલ સૂચનો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની અનુસ્નાતક પરીક્ષાઓ માટે અમદાવાદ સિવાય બહારના કોઈ પણ સ્થળે કેન્દ્ર રાખવું નહીં.

૩૫. ઇન્ડિયન હિસ્ટોરિકલ રેકોર્ડ્સ કમિશન પર આગામી (૧૯૭૧થી ૧૯૭૫)નાં વર્ષો માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવા માટે કમિશનના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૬. કુલપતિશ્રીનાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) શ્રી. ગોધરા તાલુકા સાર્વજનિક કેળવણી મંડળ, ગોધરા તરફથી જૂન ૧૯૭૦થી ગોધરા મુકામે શરૂ કરાયેલ શિક્ષણ, વાણિજ્ય અને કાયદાની પ્રત્યેક કૉલેજ માટે રૂ. ૫૦,૦૦૦ની ઋણમુક્ત અસ્કામત હોવા અંગે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટના પ્રમાણપત્ર મોકલવા અંગેની શરતના પરિપાલનના સંદર્ભમાં એણે કૉલેજ માટે રૂ. ૧,૬૫,૭૮૯–૧૫નું તેનું પ્રમાણપત્ર મોકલાવ્યું છે તે સદરહુ કૉલેજ માટે પર્યાપ્ત ગણવાના;

(૨) વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા શ્રી. આઈ. જી. વશીની તા. ૨૬–૧૦–૧૯૭૦થી તા. ૧૯–૧૨–૧૯૭૦ સુધી કેમિસ્ટ્રી ઑફ નેચરલ કમ્પાઉન્ડ, દિલ્હી મુકામે સ્પેશિયલ પોસ્ટ-ગ્રેજ્યુએટ ટ્રેનિંગ કોર્સમાં પસંદગી થઈ હોવાથી તેઓની તે સમયની અભ્યાસ-રજા મંજૂર કર્યાના;

(૩) દેસાઈ સી. એમ. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામના વિદ્યાર્થીઓ રેલ-સંકટને કારણે બીજી ટેસ્ટ (પરીક્ષા) આપી શકયા ન હતા તે સંજોગોમાં દિવાળીની રજાઓ પછી બીજી કસોટી લેવા પરવાનગી આપ્યાના;

(૪) જૂન ૧૯૭૦થી નીચે જણાવેલ કૉલેજને જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલનના રિપોર્ટને અનુલક્ષીને રાજ્ય સરકારને જોડાણ માટે ભલામણ કર્યાના :

૧. યુ. પી. આર્ટ્સ કૉલેજ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈ

૨. બનાસકાંઠા આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પાલનપુર

૩. શ્રી. કિશનદાસ કિકાણી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા

૪. ભક્ત વલ્લભ ઘોળા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૫. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગિરધરનગર, અમદાવાદ

૬. સેકન્ડરી ટીચર્સ ટ્રેઈનિંગ કૉલેજ, વીસનગર

૭. સાયન્સ કૉલેજ, કડી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં ઉપરનાં કાર્યોની નોંધ લેવી.

૩૭. સને ૧૯૬૯-૭૦ માટેનો 'આચાર્યશ્રી એમ. સી. દેસાઈ સુવર્ણચંદ્રક' એનાયત કરવા માટે અર્થશાસ્ત્રના વિષયમાં થયેલાં સંશોધનો અંગે યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, માન્ય સંસ્થાઓ તથા વિદ્યાભવનોને ત્રણ વાર પરિપત્રિત કરવામાં આવ્યાં છતાં કોઈ પણ શિક્ષક તરફથી અરજી આવેલી ન હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી અને આચાર્યશ્રી. એમ. સી. દેસાઈ સુવર્ણચંદ્રક અંગેના ભંડોળમાં વ્યાજની રકમ ઉમેરી લેવી.

૩૮. રાયબહાદુર ડૉ. જે. પી. મોદી અને શ્રીમતી મંગલાગૌરી મોદી સુવર્ણચંદ્રક સેકન્ડ એમ.બી.બી.એસ. પરીક્ષામાં ફોરેન્સિક મેડિસિન વિષયમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થીને આપવાનો હોય છે. તે કાર્યાલયની ભૂલને લીધે વિદ્યાર્થી નં. ૬૧ને એનાયત કરવામાં આવ્યો છે, તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—વિદ્યાર્થી નં. ૬૧ને ફોરેન્સિક વિષયમાં ૨૦૦ ગુણાંકમાંથી ૧૩૮ ગુણાંક મળે છે, જ્યારે વિદ્યાર્થી નં. ૩૧ અને ૭૬ બંનેને ૨૦૦ ગુણાંકમાંથી ૧૪૪ મળે છે. પણ વિદ્યાર્થી નં. ૩૧ને કુલ ગુણાંક ૪૦૮ મળ્યા છે અને નં. ૭૬ને ગુણાંક ૪૦૪ મળ્યા છે. એટલે સિન્ડિકેટની ફેબ્રુઆરી ૧૯૬૮ની સભામાં કામકાજ નં. ૭૬ના ઠરાવ અન્વયે વિદ્યાર્થી નં. ૩૧ને સુવર્ણચંદ્રક એનાયત કરવાનો થાય.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રક ઉમેદવાર નં. ૬૧ (શ્રી. હરીશ જમનાદાસ માંડલિયા)ની પાસેથી પાછો મેળવીને ઉમેદવાર નં. ૩૧(શ્રી. રાજેન્દ્ર હરિપ્રસાદ દ્વિવેદી)ને આપવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રક અંગેની થયેલી ભૂલનો પ્રશ્ન પરીક્ષાશુદ્ધિ સમિતિની વિચારણા માટે મોકલવો.

૩૯. (૧) જે યુનિવર્સિટીઓમાં વિકાસ અધિકારી/કોલેજોની તપાસ કરનાર અધિકારી હોય તેમણે કૉલેજોને તેમનો વિકાસ-કાર્યક્રમ હાથ ધરવામાં સહાય કરવી.

(૨) યુનિવર્સિટી સંચાલિત કૉલેજોને અને સરકાર મારફતે ચાલતી કૉલેજો સિવાયની કૉલેજોને તેમના નિર્ધારિત વિકાસ-કાર્યક્રમ માટે મંજૂર કરેલી આર્થિક સહાય તે અંગેની શરતો અને નિયમો અનુસાર વાપરી ન શકે અથવા તો કૉલેજો વિકાસ-કાર્યક્રમ પૂરો કર્યા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને જરૂરી એવા દસ્તાવેજો પૂરા ન પાડે અથવા તો યુનિવર્સિટી કોઈ કૉલેજનું જોડાણ રદ્દ કરે [illegible] સંજોગોમાં કૉલેજને ચૂકવેલી આર્થિક સહાયની પૂરેપૂરી રકમ જ્યારે કમિશન પરત કરવાનું કહે ત્યારે જે તે કૉલેજ કે તેના સંચાલકમંડળ કે મૅનેજમેન્ટ કમિટી તે રકમ પરત કરે. એવું પ્રમાણપત્ર કૉલેજના આચાર્યશ્રી અને સંચાલકમંડળ કે મૅનેજમેન્ટ કમિટીના પ્રમુખશ્રી કે મંત્રીશ્રીની સહીથી તે સંચાલક મંડળ કે મૅનેજમેન્ટ કમિટીઓએ પસાર કરેલા ઠરાવના મુસદ્દા સાથે મોકલવા બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૪-૧૦-૧૯૭૦ના પત્ર નં. એફ. ૧-૩/૬૮ સી. ડી. પાર્ટ ૩ પરત્વે નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનું ઉપરનું સૂચન નં. (૧) સ્વીકારવું અને ઉપરના સૂચન નં. (૨)ની નોંધ લેવી.

૪૦. તા. ૩૦-૯-૧૯૭૦ના રોજ મળેલ સેનેટની આસ સભાએ પસાર કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

" યુનિવર્સિટીના શિક્ષકો, અધિકારીઓ તથા અન્ય બિનશિક્ષક વર્ગના કર્મચારીઓ માટે વીમો ઉતરાવવાની જે જોગવાઈ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૩માં નિદર્શિત કરેલ છે તેનું પાલન આજ પર્યન્ત થયું જણાતું નથી, તેથી તે જોગવાઈનું પાલન જેમ બને તેમ તુરત કરવાનું સેનેટની આ સભા ઠરાવે છે. "

આથી ઠરાવવામાં આવે છે કે સેનેટે ઉપર જોગવાયેલો ઠરાવ વીમા અંગે નીમવામાં આવેલી સમિતિની વિચારણા માટે મોકલવો.

૪૧. વિજ્ઞાન વિદ્યાભવન માટે 'પ્રયોગશાળા અને રસાયણ ખર્ચ' માટે હાલ રૂ. ૧,૫૦,૦૦૦ની જોગવાઈ છે તે માટે વધારાની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલની રૂ. ૧,૫૦,૦૦૦ની જોગવાઈના ભવનના અધ્યક્ષશ્રીએ રૂ. ૬૮,૩૬૪ રસાયણવિભાગ માટે ફાળવ્યા છે. રસાયણવિભાગમાં સવારના વર્ગમાં ૮૬ વિદ્યાર્થીઓ તથા " ડેમોન્સ્ટ્રેટર " બેચમાં ૪૦ વિદ્યાર્થીઓ છે તે જોતાં રૂ. ૨૫,૦૦૦ની જોગવાઈ કરવાની જરૂર રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવન માટે પ્રયોગશાળા અને રસાયણ ખર્ચ માટે હાલ ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૧,૫૦,૦૦૦ની જોગવાઈ છે તે વધારીને રૂ. ૧,૭૫,૦૦૦ની જોગવાઈ કરવી.

૪૨. એમ. એન. કૉલેજ, વીસનગરથી રેલ-સંકટના કારણે બીજી ટેસ્ટ (પરીક્ષા) પ્રથમ સત્રના અંતે લઈ શકાઈ ન હતી. તે સંજોગોમાં બીજા સત્રમાં લેવા માટે પરવાનગી આપવા માટે આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૧૭-૧૦-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેમના વિદ્યાર્થીઓની બીજી આંતરિક પરીક્ષા ચાલુ વર્ષના બીજા સત્રમાં લેવા માટે પરવાનગી આપવી.

૪૩. ગુજરાત કૉલેજમાં વિદ્યાર્થીઓની હડતાળને લઈને બીજી ટેસ્ટ (પરીક્ષા) પ્રથમ સત્રમાં લઈ શકાઈ ન હતી, તે સંજોગોમાં બીજા સત્રમાં લેવા માટે પરવાનગી આપવા માટે આચાર્યશ્રીના તા. ૧૪-૧૦-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેમના વિદ્યાર્થીઓની બીજી આંતરિક પરીક્ષા ચાલુ વર્ષના બીજા સત્રમાં લેવા માટે પરવાનગી આપવી.

૪૪. અનુસ્નાતક કક્ષાની તેમજ વ્યવસાયી અભ્યાસક્રમની પરીક્ષાઓમાં નિમાતા મોટા ભાગના એક્સ્ટર્નલ પ્રાધ્યિક / પરીક્ષકો હવાઈ પ્રવાસનું ભથ્થું માંગતા હોવાથી સદરહુ પરીક્ષાઓ અર્થાળ બને છે. આ જોતાં કરકસરનાં પગલાં તરીકે કાર્યાલયે

સૂચવેલ નીચેનાં સૂચનો પર વિચારણા કરી પરીક્ષકોને અપાતી સૂચનાવલિમાં આમેજ કરવા બાબત :

(૧) પૂર્વસ્નાતક અને સ્નાતક કક્ષાની પરીક્ષાઓ માટે જો રેલવેમુસાફરી ૨૪ કલાક કરતાં વધારે ન હોય તો હવાઈ પ્રવાસ માટે પરવાનગી આપી શકાશે નહિ.

(૨) અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓ માટે અને કુલપતિશ્રી મંજૂરી આપે તો જ હવાઈ પ્રવાસ માટે પરવાનગી આપી શકાશે.

(નોંધ.—હાલમાં અપાતી સૂચના નં. ૨ અંગે જ ફેરફાર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની હવે પછીની પરીક્ષાઓના કામકાજ માટે હવાઈ પ્રવાસ બાબતમાં નીચેના નિયમો મંજૂર કરવા :

(૧) પૂર્વસ્નાતક અને સ્નાતક કક્ષાની પરીક્ષાઓ માટે જો રેલવે મુસાફરી ૨૦ કલાક કરતાં વધારે ન હોય તો હવાઈ પ્રવાસ માટે પરવાનગી આપી શકાશે નહિ.

(૨) અનુસ્નાતક કક્ષાની પરીક્ષાઓ માટે જ અને કુલપતિશ્રી મંજૂરી આપે તો જ હવાઈ પ્રવાસ માટે પરવાનગી આપી શકાશે.

૪૫. સંલગ્ન કૉલેજોમાં આરોગ્યકેન્દ્રો ખોલવા માટે ગ્રાન્ટ આપવા યુ.જી.સી. તરફથી આવેલ પત્ર અને તે સાથે બીરુલ રિપોર્ટ પ્રમાણે સંલગ્ન કૉલેજો પાસેથી મંગાવેલ પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

નીચેની કૉલેજોએ ઉપરોક્ત લાભ લેવાની ઇચ્છા દર્શાવી છે :

૧. વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન એન્ડ લૉ, મહેસાણા
૨. બી. સી. જલુંધવાળા સાયન્સ કૉલેજ, ખંભાત
૩. આર. આર. લાલન કૉલેજ, ભૂજ
૪. સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદ
૫. આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, દહેગામ
૬. સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, વાસણા
૭. વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ
૮. વિવેકાનંદ કૉમર્સ કૉલેજ
૯. વિવેકાનંદ કૉમર્સ અને લૉ કૉલેજ.

સદરહુ બાબતના સંદર્ભમાં આરોગ્યકેન્દ્ર સલાહકાર સમિતિએ ઘડેલી વિકાસયોજના સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીના આરોગ્યકેન્દ્રની વિકાસયોજના માટે સદરહુ સમિતિએ ઘડેલી યોજના યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મંજૂરી માટે મોકલી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે કૉલેજનાં આરોગ્યકેન્દ્રો માટે જે કૉલેજજૂથોમાં વિદ્યાર્થીઓની સંખ્યા બે હજાર કે તેથી વધુ થતી હોય તેમની અરજી આવ્યેથી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મંજૂરી માટે મોકલી આપવી.

૪૬. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભાંધરામાં સ્થાપવામાં આવેલા એમ.એસસી. ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે તે કૉલેજના આચાર્યશ્રી એમ. સી. પટેલની પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવાના આચાર્યશ્રીના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

[નોંધ.—(૧) શ્રી. પટેલ ઇન-ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે.

(૨) શ્રી. આર. એસ. પટેલ ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ધરાવે છે, એટલે તેમને કેન્દ્રના નિયામક તરીકે મૂકી શકાય નહિ.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે આચાર્ય એમ. સી. પટેલની નિમણૂક કરવી.

૪૭. ઝૂલોજી વિભાગ માટે ફર્નિચર અને સામગ્રી ખાતે બજેટમાં રૂ. ૧૦,૦૦૦ની વધારાની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(ચાલુ વર્ષમાં ઝૂલોજી ખાતે રૂ. ૨,૦૦૦ની જોગવાઈ છે. આથી કુલ જોગવાઈ રૂ. ૧૨,૦૦૦ની થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં ઝૂલોજી વિભાગ માટે ફર્નિચર અને સામગ્રી માટે ચાલુ વર્ષના અંદાજપત્રમાં રૂ. ૧૦,૦૦૦ની જોગવાઈ છે તે વધારીને રૂ. ૧૨,૦૦૦ની જોગવાઈ કરવી.

૪૮. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં મરામત અને ખાસ ફેરફારો ખાતે વધારાની રૂ. ૩,૦૦૦ની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.

(ચાલુ વર્ષમાં મરામત અને ખાસ ફેરફારો ખાતે રૂ. ૩,૦૦૦ની બજેટમાં જોગવાઈ છે. આથી ૧૯૭૦-૭૧ના વર્ષની કુલ બજેટ-જોગવાઈ રૂ. ૬,૦૦૦ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં ચાલુ વર્ષના અંદાજ-પત્રમાં મરામત અને ફેરફાર ખાતે હાલ રૂ. ૩,૦૦૦ની જોગવાઈ છે તે વધારીને રૂ. ૬,૦૦૦ની જોગવાઈ કરવી.

૪૯. ફાઇનાન્સ સમિતિની તા. ૬-૧૧-૧૯૭૦ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની સભા તા. ૬-૧૧-૧૯૭૦ના રોજ મળી શકી નહિ તેથી સદરહુ બાબત અંગે વિચારણા કરવાપણું રહ્યું નહિ.

૫૦. સેનેટે તેની તા. ૨૬-૧૨-૧૦-૧૯૬૯ની સભામાં રિફર બૅક કરેલી નીચેની બાબત ઉપર વિચારણા કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૬-૧૨-૧૯૬૯ની સભામાં

નીમેલી સમિતિની તા. ૭-૧૧-૧૯૭૦ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

રિફર બૅક થયેલી બાબત

સેનેટે તેની તા. ૧૧/૧૨-૧-૧૯૬૯ની સભામાં સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ નીચેનો સ્ટે. ૧૯૩-બી સેનેટે તેની તા. ૧૦/૧૧-૧૦-૧૯૬૯ની સભામાં પણ પુનઃ સિન્ડિકેટની વિચારણા માટે મોકલેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત:

St. 193-B :

The employees of the University both-teaching and non-teaching shall be insured with benefit naturing at the age of retirement, i.e., 60 years by the University at its own cost as under :

(1) Employees drawing basic pay of Rs. 200/- or less . . Rs. 3,000/-

(2) Employees drawing basic pay from Rs. 201 to 400 .. Rs. 3,500/-

(3) Employees drawing basic pay from Rs. 401 to 800 .. Rs. 4,000/-

(4) Employees drawing basic pay from Rs. 801 and onwards .. Rs. 4,500/-

(5) The policies shall be endowment policies.

On any employee ceasing to be in employment of the University, the University shall cease to pay any further premium in respect of his policy, but the employee shall have an option to continue the policy as his own endowment policy.

Provided further that on an employee crossing the celling of any of the aforesaid slabs of pay, he will be insured for an additional amount so as to make up the total amount of his insurance policy provided for the higher slab of pay.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિની ભલામણ આવ્યેથી તે પર આગળ વિચારણા કરવાનું રાખવું.

૫૨. યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રની સ્થાયી સમિતિની તા. ૨૬-૧૦-૧૯૭૦ના રોજ મળેલી સભાની ભલામણો નં. ૪ અને ૫ પર વિચારણા કરવા બાબત:

ભલામણો નં. ૪ અને ૫

યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રના વિકાસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ પત્ર તથા આ બાબત માટે યુ.જી.સી.એ નીમેલી સમિતિના રિપોર્ટમાં ગ્રાન્ટ માટે દર્શાવેલ

મુદ્દા ઉપર સવિસ્તર વિચારણા કરી યુનિવર્સિટી સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરવાનું આ સમિતિ ઠરાવે છે :

યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રના દરદીઓ માટે અમદાવાદની હૉસ્પિટલોમાં 'બેડ્ઝ' રિઝર્વ કરાવવા માટે ૧ બેડનો વાર્ષિક ખર્ચ રૂ. ૭,૦૦૦ આપવાનો થાય. આમ પાંચેક હૉસ્પિટલમાં બે બેડ રિઝર્વ કરાવીએ તોપણ રૂ. ૭૦,૦૦૦નો ખર્ચ થઈ જાય. આથી આમ ન કરતાં યુ.જી.સી. તરફથી મળતી ગ્રાન્ટનો લાભ લઈ યુનિવર્સિટી આરોગ્ય-કેન્દ્રનો વિકાસ કરવાનું રાખવું.

આ માટે યુ.જી.સી. તરફથી મળી શકતી ગ્રાન્ટ તથા યુનિવર્સિટીએ આવર્તક અને અનાવર્તક કરવાના થતા ખર્ચના આંકડા નીચે આપ્યા છે :

૧. યુ.જી.સી. તરફથી મળી શકે તેવી ગ્રાન્ટના આંકડા

૧. ઈ. એન. ટી. માટેનાં સાધનો માટે ... રૂ. ૭,૬૨૬

૨. આંખ માટેનાં સાધનો ... રૂ. ૨૦,૦૦૦

૩. દાંતના કામ માટેનાં સાધનો ... રૂ. ૧૩,૦૦૦

૪. એકસ-રે માટેનાં સાધનો ... રૂ. ૧,૦૦,૦૦૦
(રિપોર્ટના એપેન્ડિકસ '૨' પ્રમાણે)

૫. ઇમરજન્સી વૉર્ડ, ઑપરેશન ટેબલ, ઑપરેશન લાઈટ ... રૂ. ૫૦,૦૦૦
એર-કન્ડિશનર અને ઑપરેશન તથા એનેસ્થેસિયાનાં સાધનો માટે
(રિપોર્ટના છેલ્લે પાને)

૨. આ સામે યુનિવર્સિટીએ પ્રતિવર્ષ નીચે મુજબનો ખર્ચ કરવાનો થાય :

આવર્તક

(૧) માનદ નિષ્ણાતો : ફિઝિશિયન, સર્જન, કાન-નાક-આંખ-ગળાના નિષ્ણાત, ચામડીના નિષ્ણાત, સ્ત્રીઓના દાકતર, એનેસ્થેટિસ્ટ, ડેન્ટિસ્ટ, દરેકને હાલના રૂ. ૧૦૦/-માસિકના માનદ વેતનના દરે ... રૂ. ૯,૬૦૦

(૨) હાલ આપણે ત્યાં માનદ રેડિયોલોજિસ્ટ સેવા આપે છે. સાઈ-કિયાટ્રિસ્ટ નીમવાનું નક્કી થયેલ છે. સાઈકિયાટ્રિસ્ટને મદદનીશ તરીકે સોશિયલ વર્કર જોઈએ. આનો અંદાજ ખર્ચ :

૧. રેડિયોલોજિસ્ટ (વાર્ષિક) ... રૂ. ૧,૨૦૦

૨. સાઈકિયાટ્રિસ્ટ ,, ... રૂ. ૧,૨૦૦

૩. સોશિયલ વર્કર ,, ... રૂ. ૬,૦૦૦
(રૂ. ૫૦૦ લેખે)

(૩) હાલ આપણે ત્યાં લેબોરેટરી ટેકનિશિયન, લેબોરેટરી અને એક્સ-રે બન્નેનું કામ સભાળે છે. ભવિષ્યમાં મોટા એક્સ-રે મશીન પર કામ વધતાં એક જુદા એક્સ-રે ટેકનિશિયનની જગા ઊભી કરવી પડે— માસિક રૂ. ૩૦૦ લેખે વાર્ષિક અર્થ	... રૂ. ૩,૬૦૦
(૪) એક એમ.બી.,બી.એસ. ડાક્ટર, માસિક રૂ. ૮૦૦ લેખે	... રૂ ૯,૬૦૦
(૫) નર્સ ૨—માસિક રૂ. ૩૦૦ લેખે	... રૂ. ૭,૨૦૦
(૬) ક્લાર્ક-ટાઈપિસ્ટ ૧—માસિક રૂ. ૨૭૫ લેખે	... રૂ. ૩,૩૦૦
(૭) વૉર્ડબૉય ૨—માસિક રૂ. ૧૭૫ લેખે	... રૂ. ૪,૨૦૦
(૮) સ્વીપર ૧—માસિક રૂ. ૧૫૦ લેખે	... રૂ. ૧,૮૦૦
(૯) સાધનો, દવાઓ વગેરેના અર્થ	... રૂ. ૯,૩૦૦
	રૂ. ૫૭,૦૦૦

૩. અનાવર્તક અર્થ

આ ઉપરાંત નીચેના સ્ટાફ માટે આરોગ્યકેન્દ્રની બાજુમાં તાત્કાલિક રહેઠાણો બાંધવાં પડે. (હાલ છે તે ઉપરાંત)

૧. નર્સ માટે ... ૨

૨. ડાક્તર માટે...૧

૩. વર્ગ ૪ માટે એક કે બે વૉર્ડબૉય કે સ્વીપરને રહેવા માટે.

(નોંધ.—હાલ સ્થળ ઉપર ત્રણ "ડી" ટાઈપ ક્વાર્ટર્સ છે, જેમાં લેબોરેટરી ટેકનિશિયન, કંપાઉન્ડર, અને વૉર્ડબૉય રહે છે. કંપાઉન્ડર અને ટેકનિશિયન માટે "સી" ટાઈપ ક્વાર્ટર્સ બાંધવાનું નક્કી થયેલ છે.)

આરોગ્યકેન્દ્રની પાછળ આવેલ ચાર રૂમ ઉપરાંત એમાં બીજા બે રૂમ વૉર્ડ માટે બાંધવા જોઈએ: કારણ કે આ રૂમમાંથી બે ઑપરેશન થિયેટર માટે, એક મોટા એક્સ-રે મશીન માટે અને એક આનંદ નિભ્યાન માટે જોઈએ.

આથી આ સમિતિ યુનિવર્સિટી સિન્ડિકેટને નીચે મુજબના નિયમો ઘડવાની ભલામણ કરવાનું ઠરાવે છે :

૧. ૧૯૭૧ના જૂનથી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે યુનિવર્સિટીના જે કોઈ વિદ્યાર્થી યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રનો લાભ લેવા માગતા હોય તેમણે આરોગ્યકેન્દ્ર પર વાર્ષિક રૂ. ૧૦ ભરીને પોતાનું નામ નોંધાવવું આવશ્યક રહેશે તથા તે માટે પોતાના ફોટાવાળું એક ઓળખપત્ર રજૂ કરવું જોઈશે. જે માટે ચીફ મેડિકલ ઑફિસર જરૂરી નિયમો કરશે, તે રજૂ કર્યાથી તે વર્ષ દરમિયાન આરોગ્યકેન્દ્ર પર ઉપલબ્ધ હોય તે સારવાર વિનામૂલ્યે આપવામાં આવશે.

૨. આવું કાર્ડ મોડામાં મોડું જુલાઈ માસની આખર સુધીમાં કાઢી આપવાનું રાખવું.

૩. કાર્ડ સિવાય દવા લેવા આવનાર વિદ્યાર્થીએ એક દિવસની સારવાર કે તપાસના પચાસ પૈસા રોકડા ભરવાના રહેશે.

૪. યુનિવર્સિટી આરોગ્યકેન્દ્ર ઉપર જે દવાઓ રાખવામાં આવતી હશે તે દવાઓ જ દરદીઓને ઓળખપત્ર સાથે કે રોકડેથી દવા લેનાર બંનેને આપવામાં આવશે. બજારમાંથી લાવવી પડે તેવી દવાઓનું ખર્ચ દરદીએ ભોગવવાનું રહેશે.

૫. ઓળખપત્ર ખોવાઈ જાય, અગર ફાટી જાય તો રૂ. ૧-૦૦ના ફી લઈને આં. ચીફ મેડિકલ ઑફિસર બીજું ઓળખપત્ર પ્રમાણિત કરી આપશે.

૬. આથી યુનિવર્સિટી કૅમ્પસ પરની કૉલેજોએ, આરોગ્ય કેન્દ્ર ન ખોલે તો, દરખિયાત યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રનો લાભ લેવાનો જે નિયમ છે તે રદ કરવો; પરંતુ જે કૉલેજ (કૅમ્પસ પરની અને બહારની) આરોગ્યકેન્દ્ર શરૂ કરવા વિનંતી મોકલી હોય તે માટેના વિદ્યાર્થી, કૉલેજ વગેરેના ફાળાના નિયમો ચાલુ રાખવા.

કૅમ્પસ પરની કૉલેજોએ તબીબી તપાસ પણ આરોગ્ય કેન્દ્ર વગરની કૉલેજો માફક કરાવી લેવાનું રાખવું.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૨. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે બી.ઈ.-૫ (સિવિલ) સેમેસ્ટર-૯ અને ૧૦ની પ્રાયોગિક પરીક્ષામાં તથા બી.ઈ. ૫ (ઈલેક્ટ્રિકલ)ની પ્રાયોગિક પરીક્ષામાં તથા એમ.ઈ. (ઈલે.)ની પ્રાયોગિક પરીક્ષામાં લેબોરેટરી સ્ટાફની નિમણૂંકો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે બી.ઈ.-૫ (સિવિલ) સેમેસ્ટર-૯ અને ૧૦ની પ્રાયોગિક પરીક્ષા માટે તથા બી.ઈ.-૫ (ઇલેક્ટ્રિકલ)ની પ્રાયોગિક પરીક્ષા માટે તથા એમ.ઈ. (ઇલેક્ટ્રિકલ)ની પ્રાયોગિક પરીક્ષા માટે લેબોરેટરી સ્ટાફની જરૂરિયાત અને તેમના વેતનના દર આ સાથે જોડેલા પરિશિષ્ટ પ્રમાણે મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા સ્ટાફની સંખ્યા અને વેતનના દર અંગેની વિગતો **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.

૫૩. સેનેટની તા. ૧/૨-૧૦-૧૯૭૦ના રોજ મળેલ આસ સભામાં પૂછવામાં આવેલ પ્રશ્નોના સંદર્ભમાં માગવામાં આવેલ માહિતી નીચેની કૉલેજોએ હજુ સુધી મોકલી નથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંબંધકર્તા કૉલેજોના આચાર્યોને ઘટતો પત્ર લખીને આ બાબત પરત્વે તેમનું ધ્યાન ખેંચવું અને ભવિષ્યમાં યુનિવર્સિટી કાર્યાલયને માહિતી વેળાસર મળે તે માટે જણાવવું.

૫૪. શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરામાં સ્થાપવામાં આવેલા અનુસ્નાતક કેન્દ્રના વિકાસ માટે મેચિંગ શેર તરીકે વર્ષ ૧૯૬૯-૭૦ની બચતમાંથી

૩. ૨,૭૫૦ની કિંમતનાં સાધનો ખરીદવાની પરવાનગી આપવા વિચારણા કરવા બાબત.

(નોંધ.— ૧. વર્ષ ૧૯૬૯-૭૦માં કુલ બચત રૂ. ૧૦,૦૯૨-૫૯ છે.

૨. પ્રથમ હપ્તામાં રૂ. ૧૦,૦૦૦ વર્ષ ૧૯૬૮-૬૯ની બચતમાંથી આવ્યા છે.

૩. યુ.જી.સી. તરફથી રૂ. એક લાખના અનુદાન સામે રૂ. ૨૫,૦૦૦ મળ્યા છે.

૪. કુલ મેચિંગ શેર અનુદાન સામે સાધનો માટે રૂ. ૨૫,૦૦૦ આપવાના થાય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેના રસાયણવિજ્ઞાનના વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ગ્રાન્ટ સામે 'મેચિંગ શેર' તરીકે ચાલુ વર્ષે રૂ. ૨,૭૫૦ની રકમ વાપરવા માટે પરવાનગી આપવી.

૫૫. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણોની સુધારણાની બાબતના સંદર્ભમાં જે સંલગ્ન કૉલેજોમાં અનુસ્નાતક શિક્ષણ હોય તેમના આચાર્ય તથા અનુસ્નાતક શિક્ષકનું કાર્ય કરતા શિક્ષકોમાંથી ૨૫ ટકાને અનુક્રમે રૂ. ૮૦૦-૫૦-૧,૨૫૦ અને રૂ. ૭૦૦-૪૦-૧,૧૦૦નાં પગારધોરણમાં મૂકવા અંગે વિચારણા કરવા બાબત.

રાજ્ય સરકારના જી. આર.નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે :

(1) All Principals of affiliated colleges in the State shall be placed in the scale of Rs. 700–40–1,100. Principals of affiliated colleges having post-graduate teaching done in those colleges shall be placed in the scale of Rs. 800–50–1,250, subject to the condition that the number of principals so placed shall not exceed 25 per cent of the total number of Principals of all the colleges in the State as on the 1st April, 1966 as have facilities for post-graduates teaching. The Universities will determine as to which of the posts of Principals of such colleges should be in the scale of Rs. 800–50–1,250.

(2) All Professors and Lecturers in the existing scale of Rs. 300–600 and Rs. 250–475 shall be given senior scale of Rs. 400–30–640–40–800, provided that the number of posts in the senior scale of Rs. 400–800 should not exceed 25 per cent of the total number of post of Lecturers. The remaining Lecturers shall be given Jr. Scale of Rs. 300–25–600, provided further that 25 per cent of the total number of post of Professors, in the scale of Rs. 400–800, in post-graduate affiliated colleges shall be placed in the scale of Rs. 700–40–1,100 subject to the condition

that such teachers are recognised/approved by the University concerned for post-graduate work and have at least one year's post-graduate teaching experience as on 1-4-1966. The detailed allocation of posts in this category should be left to the Universities. The Universities shall lay down in the qualification for being eligible to the post-graduate scale of Rs. 700-1,100 and should communicate the same to Government for information. The number of posts in the scale of Rs. 700-1,100 which cannot be filled in by such qualified post-graduate teacher shall remain in the scale of Rs. 400-800.

(3) The post-graduate scale of Rs 800-1,250 and Rs. 700-1,100 shall be admissible with effect from the date such appointments are approved by the University after issue of these revised orders.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સિન્ડિકેટે તેની તા. ૬-૯-૧૯૭૦ની સભામાં કરેલા ઠરાવ અનુસાર ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારણા અંગે ઉદ્‌ભવતા પ્રશ્નો પર વિચારણા કર્યા બાદ યુનિવર્સિટી કાર્યાલય તરફથી રાજ્ય સરકાર પાસે કેટલાક મુદ્દાઓ અંગે સ્પષ્ટતા માગવામાં આવી છે તે સ્પષ્ટતા તાકીદે કરવા માટે રાજ્ય સરકારને યાદ દેવડાવવું.

૫૬. કૉલેજોમાં ગણિતના વિષયનું શિક્ષણ સુધારવા અંગેની વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગે તૈયાર કરેલી યોજના (College Science Improvement Programme University Leadership Project in Mathematics) માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તેઓના તા. ૯-૬-૧૯૭૦ના પત્રાંક એફ. ૨૦-૧૨૯-૭૦ (એસસી-iii)થી રૂ. ૩,૧૮,૧૮૦ની ગ્રાન્ટ મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૭. શીડ્યુલ વ્યાપારી બેંકો "Charitable or Religious" સંસ્થાઓને તેમની ડિપોઝિટો ઉપર મંજૂર કરેલા દર કરતાં અધોં ટકો વ્યાજ આપી શકે છે તેવા રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયાના તા. ૨૮-૩-૧૯૭૦ના નોટિફિકેશનના સંદર્ભમાં "Charitable or Religious" સંસ્થાની વ્યાખ્યામાં યુનિવર્સિટીને ગણી શકાય નહિ તેવી સ્પષ્ટતા કરતા રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા, મુંબઈના તા. ૯-૬-૧૯૭૦ના પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૮. ફોર્ડ ફાઉન્ડેશન, દિલ્હી સરકાર તથા શૈક્ષણિક સંસ્થાઓની સમાજવિદ્યા સંશોધન પ્રવૃત્તિઓમાં (જે મુખ્યત્વે કુટુંબનિયોજનને લગતી છે) મદદગાર થવા માટે ડૉ. વી. પી. શાહ, રીડર-ઇન-સોશિયોલોજી, સમાજવિદ્યા ભવનની વર્ષ દરમિયાન

આશરે ૩૦ દિવસો માટે રેલવાઓ લેવા તથા તે અંગેનું દૈનિક રૂ. ૨૦૦નું મહેનતાણું સ્વીકારવા અંગેની પરવાનગી માગતા ભવનના અધ્યક્ષશ્રીના તા. ૨૦–૧૦–૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનના રીડર ડૉ. વી. પી. શાહને સદરહુ કામ નીચેની શરતોએ સ્વીકારવા માટે પરવાનગી આપવી :

(૧) સદરહુ કામ અંગે કામગીરીના કુલ દિવસો ૨૦થી વધે નહિ તથા વર્ષ દરમિયાન તે અંગેનું વેતન તેમના મૂળ માસિક પગારના ૩૩ ટકાથી વધે નહિ તે રીતે કામકાજ ગોઠવવાનું રહેશે.

(૨) સદરહુ કામગીરી સત્રના ચાલુ કામકાજના દિવસે કરવાની હોય તો તે માટે તેમણે આકસ્મિક રજા અગાઉથી મંજૂર કરાવવી જોઈએ.

૫૯. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી યુનિવર્સિટીઓને ફાળવેલ ફિસ્સા (Allocation) ઉપરાંત અંદાજી રૂ. ૧,૨૫,૦૦૦ના ખર્ચ સુધીના એક વિદ્યાર્થી-ગૃહ (જેમાં એકસાથે ૧૦૦ વિદ્યાર્થીઓ વાંચી શકે તેવી સવલતવાળું તથા ૫૦૦૦ પુસ્તકો માટેનો ખંડ, ભોજન ખંડ વગેરે સગવડવાળું)ના બાંધકામ માટે રૂ. ૧,૦૦,૦૦૦ (રૂ. એક લાખ) આવર્તક સહાય યુનિવર્સિટી ગ્રાન્ટ્સ તરફથી આપવામાં આવનાર છે તે અંગેના સેક્રેટરી, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી તા. ૨૩–૯–૧૯૭૦ના પત્ર નં. એફ. ૧૦–૨–૭૦ (એસ.એ.આઈ.) પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ યોજના સ્વીકારવી અને તે અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આર્થિક સહાય મળે થી જરૂરી પગલાં લેવાનું રાખવું.

૬૦. પદવી પરીક્ષાઓ પ્રસાર કરનાર જે વિદ્યાર્થીઓ પદવી મેળવવા માટે અરજી ન કરે અને કોલેજ ભરે તે તમામને પદવીઓ ગેરહાજર વિદ્યાર્થીઓ તરીકે આપવાની પ્રથા અંગે વિચારણા કરીને રિપોર્ટ કરવા સિન્ડિકેટે તેની જૂન ૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૧૬–૬–૧૯૭૦ની સભાના કરેલ રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૧. સદરહુ બાબતની વિચારણા આગળ બાબત નં. ૨૫ સાથે કરવામાં આવેલી હોઈ તેની નોંધ તે ક્રમમાં દર્શાવવામાં આવી છે.

૬૨. કા. આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, ગોંદરાને જૂન ૧૯૭૦થી જોડાણ આપવા અંગે મૂકેલ શરતોની નીચે જણાવેલ શરતોનું યથાર્થ પરિપાલન કૉલેજે નહિ કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

૧. ગ્રંથાલય માટે વર્ષોથીના રૂ. ૭,૦૦૦ પૈકીના રૂ. ૪,૩૬૮નાં પુસ્તકો વસાવવાનાં બાકી છે.

૨. રૂ. ૧૦,૦૦૦ યુનિવર્સિટીમાં જમા કરાવવાના બાકી છે.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૩. જૂન ૧૯૭૦થી ચાલુ-વધારાના જોડાણ માટે આવેલ અરજીઓ પર સેનેટે મૂકેલ શરતોનું યથાર્થ પરિપાલન નીચે જણાવેલ કૉલેજોએ હજુ સુધી કરેલ નહિ હોઈ તે તે કૉલેજો તરફથી આવેલ પરિપાલનના અહેવાલો અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
૧.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	૧. આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક કરવાની બાકી છે. ૨. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે ખર્ચવાના રૂ. ૮,૦૦૦ની શરતનું પાલન કરવાનું બાકી છે. ૩. તત્ત્વજ્ઞાનના વિષય માટે રૂ. ૧૦૦૦નાં પુસ્તકો વસાવવાનાં બાકી છે : ૪. ગ્રંથાલય માટે નીચે જણાવેલ પ્રમાણેના ઑર્ડર મૂકેલ છે, પુસ્તકો આવવાનાં બાકી છે : અંગ્રેજી રૂ. ૨,૦૦૦ ગણિત રૂ. ૨,૦૦૦ ભૌતિકવિજ્ઞાન રૂ. ૨,૦૦૦ આંકડાશાસ્ત્ર રૂ. ૧,૦૦૦ રૂ. ૭,૦૦૦
૨.	રજની પારેખ આર્ટ્સ અને કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત	૧. ગૃહવિજ્ઞાન માટેનાં રૂ. ૧૧,૩૩૪નાં સાધનો ખરીદાયાં નથી. ૨. ગૃહવિજ્ઞાનનાં રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો પૈકી કેટલી રકમનાં પુસ્તકો વસાવ્યાં છે તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી નથી.
૩.	યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ એન્ડ શ્રી. કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા	હિન્દી ગૌણ તરીકે માગેલ હોઈ હિંદીના વ્યાખ્યાતાની શરત મૂકેલ, પરંતુ ફક્ત પ્રથમ વર્ષમાં જ હિન્દી શીખવાતું હોઈ ૬ તાસ વતા ૧ ટ્યૂટોરિયલ=૭ કાર્યભારને ધ્યાનમાં રાખી પૂર્ણ સમયના વ્યાખ્યાતાને બદલે ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરી છે જે ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતું ચલાવી લેવાની કૉલેજ મંજૂરી માગે છે.

ક્રમાંક	કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
૪.	ધર્મસિંહ દેસાઈ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ	૧. શરત મુજબ પ્રયોગશાળા માટે રૂ. ૧,૦૩,૩૫૦નો ખર્ચ કરવાનો છે તે પૈકી રૂ. ૩૩,૪૮૪નો ખર્ચ કરેલ છે અને રૂ. ૬૯,૮૬૬નાં સાધનો વસાવવાનાં બાકી છે. ૨. કેમિકલ એન્જિનિયરિંગના ઇક્વિપમેન્ટ માટે રૂ.૨,૦૦,૦૦૦નો ખર્ચ કરવાનો બાકી છે.

(**નોંધ.**—તારીખ ૧૫મી જૂન ૧૯૭૧થી ચાલુ જોડાણ માટે આ કૉલેજની આવેલી અરજી પરથી નિમાયેલ સ્થાનિક તપાસસમિતિએ કરેલ રિપોર્ટ ચાલુ વર્ષની પરિસ્થિતિને પણ સ્પર્શતો હોઈ તેની નકલ આ સાથે પરિપત્રિત કરવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૪. તબીબી વિદ્યાશાખાની ભલામણ પરથી રેડિયોલોજીના વિષયોમાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે સ્થાનિક શિક્ષકગણની જરૂરિયાત અંગે ઑર્ડિ. ૬૫-પી (૪) હેઠળ (૫) તરીકે નીચેનો ભાગ ઉમેરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 65-P (4) (v) :

"In the case of Post-graduate Centre for M.D.S. Degree Course, one Post-graduate teacher and one Assistant to a Post-graduate teacher on the local staff of the college, in the subject concerned, shall be considered adequate."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૫. બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને જૂન ૧૯૭૦થી પીએચ.ડી.માં મનોવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તેમ જ ચાલુ વર્ષના અંત સુધીમાં પીએચ.ડી.ના વિદ્યાર્થીઓને આપણાં ધારાધોરણ હેઠળ જરૂરી માર્ગદર્શન આપી શકે તેવી લાયકાત ધરાવતા એક પ્રાધ્યાપકની નિમણૂક કરવાની બાંયધરી આપવામાં આવે તે શરતે મજકૂર સંસ્થાને ૧૪મી જૂન ૧૯૭૨ સુધી ચાલુ માન્યતા આપવા માટે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. એમ. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને તા. ૧૫મી જૂન ૧૯૭૦થી તા. ૧૪મી જૂન ૧૯૭૨ સુધી ચાલુ માન્યતા આપવી.

૬૬. **"The Indian Association of Pathologists'& Microbiologists"નું ૨૦મું વાર્ષિક અધિવેશન કલકત્તા મુકામે ડિસેંબર ૧૨થી ૧૪. ૧૯૭૦ના સમય દરમિયાન થનાર છે, તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગ વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિષદમાં કોઈ પ્રતિનિધિને મોકલવાની જરૂર જણાય તો તેમ કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૬૭. **"The National Academy of Sciences, India"નું ૪૦મું વાર્ષિક સત્ર ફેબ્રુઆરી ૨૬થી ૨૮, ૧૯૭૧ના સમય દરમિયાન વિક્રમ યુનિવર્સિટીના ઉપક્રમે ઉજ્જૈન મુકામે થનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગ સામાન્ય મંત્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬૮. **યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ કોલેજ, દેવગઢબારિયા તરફથી જૂન ૧૯૬૮થી (૧) આર્ટ્સ કોલેજ સાથે વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરવા તથા (૨) આર્ટ્સમાં કેટલાક વિષયો શીખવવા ચાલુ જોડાણ માટે અલગ અલગ બે જોડાણઅરજીઓ, તે પ્રત્યેકની જરૂરી અનામત રકમો સાથે આવેલી અને બાબત ૨૬ (ક) અને (ખ) તરીકે સેનેટમાં વિચારવામાં આવેલી. સદરહુ બાબત પરત્વે એકેડેમિક કાઉન્સિલ, સિન્ડિકેટ અને સેનેટના એક જ ઠરાવ હોઈ જોડાણ કાર્યવાહી તે પ્રમાણે હાથ ધરવામાં આવેલી. સદરહુ સંસ્થાએ વાણિજ્યની વધારાની વિદ્યાશાખા સંયોજિત કરવાની જોડાણઅરજી પાછી ખેંચતાં નીચે આપેલા ઑર્ડિ. ૧૨૦ના સંબંધકર્તા ભાગ અનુસાર જોડાણ અનામત રૂ. ૧,૦૦૦ પાછી આપવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત :**

"....2 every application for affiliation shall be accompanied with a deposit of Rs. 1,000/- which will be returned after the same is finally disposed off but will be forfeited in case the application is with drawn or the affiliation asked for is not accepted,....."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને તેની ડિપોઝિટનાં નાણાં પરત કરવાં.

૬૯. **સેનેટની તા. ૨૫/૨૬/૨૭-૩-૧૯૭૦ના રોજ મળેલ વાર્ષિક સભાએ નીચેનો ઑર્ડિ. ૩૨૧ સિન્ડિકેટની પુનર્વિચારણા માટે મોકલેલ તે સિન્ડિકેટની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભાએ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલેલ તે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૩-૧૯૭૦ની સભાની ભલામણને અનુલક્ષીને સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.**

O. 321 :

Every thesis shall be examined by three referees to be appointed in the manner indicated herebelow :

The Academic Council having before it the suggestion or suggestions of the appropriate Board of Studies shall recommend

to the Syndicate, the names of three referees, one of whom shall be an internal referee, i.e. the University teacher guiding the candidate's work and the other two must be external ones. On the Syndicate appointing the referees, the Registrar shall forward a copy of the thesis to each of them. Of the two external referees the first referee, and failing him, or in the event of the first referee being from abroad, the next one shall also hold the viva-voce examination of the candidate jointly with the internal referee. All the three referees shall report to the Syndicate whether the thesis should be accepted or rejected or resubmitted in a modified form and their report shall be final. In the absence of unanimity of opinion among the referees, the Syndicate shall appoint a fourth Referee and the Syndicate shall after considering the reports of all the external referees decide whether the thesis is of requisite standard for the award of the Ph.D. Degree.

All reports shall be circulated to the members of the relevant Board of Studies and placed before the Academic Council for its information.

આથી ઠરાવવામાં આવે છે કે **ઑર્ડિ.** ૩૨૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૭૦. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજીનાં વ્યાખ્યાતા કુ. એન. જે. ચિનોયની I.C.M.R., દિલ્હી યોજિત Integrated Training Course in Reproductive Courseના અભ્યાસક્રમમાં પ્રવેશ મળ્યો હોઈ તેઓને ચાર માસની ખાસ અભ્યાસ-રજા (૧૨ નવેમ્બર ૧૯૭૦થી ૧૪ માર્ચ ૧૯૭૧ સુધી) આપવા અંગેના તેમના તા. ૩-૧૧-૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુ. એન. જે. ચિનોયને તા. ૧૨-૧૧-૧૯૭૦થી તા. ૧૪-૩-૧૯૭૧ સુધીના સમય માટે ઉપરના અભ્યાસ માટે ખાસ અભ્યાસ-રજા આપવી અને તે સમય દરમ્યાન તેમને મળતો મૂળ પગાર (ભથ્થાં સિવાય) આપવો.

૭૧. કૉલેજ ઑફ્ એજ્યુકેશન, હરામલીને જૂન ૧૯૭૦થી જોડાણ આપવા માટે સેનેટે મૂકેલ શરતો પૈકી પ્રાધ્યાપકની નિમણૂક કરવાની શરતનું પરિપાલન કરવાનું હજુ સુધી બાકી હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સૌપ્રથમ શ્રી. એમ. બી. રાવલની પ્રાધ્યાપક તરીકે નિમણૂક કરેલ, પરંતુ તેઓશ્રી નહિ જોડાતાં કૉલેજે તેની તા. ૧૭-૯-૧૯૭૦થી જણાવેલ કે શ્રી. એમ. બી. રાવલની જગાએ

શ્રી. પી. કે. પરીખની પ્રાધ્યાપક તરીકે નિમણૂક કરેલ છે. હવે કૉલેજ શ્રી. પી. કે. પરીખના કોઈ પણ ઉલ્લેખ વિના તા. ૬–૧૧–૧૯૭૦ના પત્રથી જણાવે છે કે શ્રી. એમ. બી. રાવલની જગાએ શ્રી. એ. સી. શેહને ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતા પ્રાધ્યાપક તરીકે કામ કરવાની છૂટ માટે માગણી કરેલ છે. સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨–૭–૧૯૭૦ની સભામાં શ્રી. એ. સી. શેહને ફક્ત વ્યાખ્યાતા તરીકે જ માન્ય કરેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજને ચાલુ વર્ષે પ્રાધ્યાપકોને બદલે લેક્ચરરથી ચલાવવા માટે અપવાદ તરીકે પરવાનગી આપવી અને તેને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૭૨. શ્રી. સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરાને જૂન ૧૯૭૦થી જોડાણ આપવા માટે સેનેટે મૂકેલ શરતો પૈકીની હિન્દીના વ્યાખ્યાતાની શરતના પરિપાલન અંગે શ્રી. એમ. બી. શુક્લની નિમણૂક કરેલ છે, પરંતુ તેઓએ એમ.એ. કક્ષાએ લીધેલ વિષય અંગે કોઈ માહિતી ન હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજ પાસેથી જરૂરી માહિતી મંગાવવી અને તેને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૭૩. શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, તલોદનું નામ બદલીને "શેઠ એચ. પી. આર્ટ્સ અને તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ રાખવા અંગે સદરહુ કૉલેજના સંચાલકમંડળના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શેઠ એચ. પી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, તલોદનું નામ બદલીને "શેઠ એચ. પી. આર્ટ્સ અને તલોદ એસ. એમ. કૉમર્સ કૉલેજ, તલોદ" રાખવા માટે સંમતિ આપવી અને રાજ્ય સરકારને તે માટે જરૂરી ભલામણ કરવી તથા નવા નામ સાથેનું રાજ્ય સરકારનું જાહેરનામું બહાર પડયેથી તે નવું નામ અમલમાં આવેલું ગણવું.

૭૪. પ્રી-મેડિકલનો અભ્યાસક્રમ જૂન ૧૯૭૧ને બદલે જૂન ૧૯૭૨થી શરૂ કરવાનું સૂચવતા બી. જે. મેડિકલ કૉલેજના ડીનશ્રીના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૦૨૪૪૫૯/૧૯૭૦.

ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ–૯.
નવેંબર ૧૮, ૧૯૭૦.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૨૯

Sec. 16 :

The Senate shall consist of the following members, namely :

Ex-officio Members

(*A*) (*i*) The Chancellor

(*ii*) The Vice-Chancellor

(*iii*) Ex-Vice-Chancellors of the University residing in the State

(*iv*) The Rector, if any

(*v*) The Deans of the Faculties

(*vi*) The Registrar

(*vii*) Director of Education or if he is unable to attend his nominee not below the rank of a Dy. Director of Education.

(*B*) Forty Principals of affiliated colleges to be elected from amongst themselves.

Ordinary Members

Elected as specified below :

(*A*) (*i*) Five teachers of the various University Departments and two Directors of the various University Schools or in the absence of the Directors, Heads of the various University Departments elected by the teachers including Directors of the various University Departments from amongst themselves;

(*ii*) Two heads of the Recognised Institutions from amongst themselves;

(*B*) (*i*) Two members elected by Secondary teachers of High Schools other than the Headmasters from amongst such teachers in the manner specified by the statutes;

(*ii*) Two members by Headmasters of High Schools from amongst such headmasters in the manner specified by the statutes;

(*iii*) Such number of member (members) as is specified below against each faculty by teachers other than the Principals, Directors of the University Departments and Heads of Recognised Institutions in the subject or subjects comprised in each of such faculties in the following manner :

(*a*) Teachers in the faculty of Arts (from amongst themselves)	Three
(*b*) Teachers in the faculty of Science (from amongst themselves)	Three
(*c*) Teachers in the faculty of Technology including Engineering (from amongst themselves)	One
(*d*) Teachers in the faculty of Agriculture (from amongst themselves)	One
(*e*) Teachers in the faculty of Law (from amongst themselves)	Two
(*f*) Teachers in the faculty of Medicine (from amongst themselves)	Two
(*g*) Teachers in the faculty of Commerce (from amongst themselves)	Three
(*h*) Teachers in the faculty of Education (from amongst themselves)	Two
(*i*) Teachers in the faculty of Pharmacy (from amongst themselves)	One
(*j*) Teachers in the faculty of Dentistry (from amongst themselves)	One
(*k*) Teachers in the faculty of Ayurvedic Medicine (from amongst themselves)	One

(*l*) Teachers in each such additional faculty as may be prescribed by the statutes (from amongst themselves) — One

(*iv*) by public associations on bodies as under :

(*a*) One member elected by Municipal School Boards of authorised Municipalities within the University area;

(*b*) One member by School Boards of the District Panchayat within the University area from amongst the members of such Boards;

(*c*) One member by the Municipal Corporation of the City of Ahmedabad from amongst its members;

(*d*) The following number of members, who shall not be persons who are teachers or Secondary teachers of high schools or Headmasters of High Schools by registered graduates in the manner specified below :

(1) Three by registered graduates in the Faculty of Arts from amongst themseives,

(2) Three by registered graduates in the Faculty of Science from amongst themselves,

(3) One by registered graduates in the faculty of Technology including Engineering from amongst themselves,

(4) One by registered graduates in the faculty of Agriculture from amongst themselves,

(5) Two by registered graduates in the faculty of Law from amongst themselves,

(6) Two by registered graduates in the faculty of Medicine from amongst themselves,

(7) Three by registered graduates in the faculty of Commerce from amongst themselves,

(8) Two by registered graduates in the faculty of Education from amongst themselves,

(9) One by registered graduates in the faculty of Ayurvedic Medicine from amongst themselves,

(10) One by registered graduates in the faculty of Pharmacy from amongst themselves,

(11) One by registered graduates in the faculty of Dentistry from amongst themselves,

(12) One by registered graduates in each of such additional faculties as may be prescribed by the statutes from amongst themselves,

(*i*) Every person elected under clause (*i*) to (*v*) shall continue to hold the office of the Senate only so long as he is a secondary teacher or headmaster of a high school or a teacher or a member of the electing body or bodies, as the case may be;

(*ii*) for the purpose of the election of ordinary members a person entitled to stand as a candidate or to vote in more than one constituency mentioned in clause (*iv*) and in sub-clause (*b*) of clause (*v*) shall, before such date as may be appointed by the Statute, elect the constituency from which he desires to stand as a candidate or to vote at the election and shall not be entitled to stand or vote in more than one constituency.

(*C*) Seven members to be nominated by the Chancellor including distinguished educationists, social workers and representatives of backward communities.

(*D*) Three members to be elected in the manner specified below from amongst themselves by donors each donating money or property of the value of not less than one lakh of rupees—

(*a*) to, or for the purposes of, the university; or

(*b*) to, or for the purposes of, a college or an institution affiliated to or recognised by the University—

(*i*) if the donor is an individual, for the purpose of voting, the name of each such donor shall be enrolled on the register maintained by the University;

(*ii*) if the donor is an undivided Hindu family, trust, firm, company, or body corporate, for the purpose of voting, the name of the representative nominated from time to time by each such undivided Hindu family, trust, firm, company or body corporate shall be enrolled on the register maintained by the University;

(*iii*) where sub-clause (*iv*) does not apply, the persons whose names are enrolled on the register under sub-clauses (*i*) and (*ii*) shall elect five members to the Senate;

(*iv*) if the number of names enrolled under sub-clauses (*i*) and (*ii*) is three of less than three, each person whose name is so enrolled shall be deemed to have been elected.

Provided that the right of electing members on the Senate shall not extend beyond the period of twenty years from the date of the acceptance of such donation by the college, institution or Syndicate, as the case may be.

2. (*Explanation I.*—In paragraph (*c*), the reference to donors each donating money or other property of the value of not less than one lakh of rupees shall include donors each of whom has donated money or other property of the value of not less than one lakh of rupees to or for the purpose of, the college or institution prior to the date on which such college or institution was deemed to be affiliated or recognized and admitted to the privileges of the University under sections 5 or affiliated to or recognised by the University or the Vice-Chancellor under section 33, 35 or 63, as the case may be.

Explanation II.—For the purposes of paragraph (*c*), the value of the property means, in the case of a property donated whether prior to or after the date of the coming into force of this Act, the market value of the property at the date of acceptance. The decision as to the market value shall rest with the Syndicate and shall be final.

(2) The term of the office of the elected members and of the members referred in paragraph (b) in ordinary members above shall be five years.

Sce. 19 (1):

The Syndicate shall be the executive authority of the University and shall consist of the following :

(*i*) The Vice-Chancellor—Ex-Officio Chairman

(*ii*) The Rector, if any

(*iii*) The Director of Education, Gujarat State or a Secretary to the State Government (Education) or Joint Director of Education (ones nominated same office holder) should continue for the period.

(*iv*) One Dean from amongst the Deans of the various Faculties elected by the members of the Senate.

(*v*) One Professor from amongst the University Professors elected by the members of the Senate.

(*vi*) Six persons elected by the Senate from amongst its members who are not Principals, Teachers, Headmasters, Head of recognised institutions or Secondary teachers.

(*vii*) Two persons elected by the Senate from amongst its members who are Headmasters, Secondary teachers or teachers but who are not Principals, Deans or Directors of the University Heads or Professors of the University Departments.

(*viii*) Three principals who are members of the Senate elected by the members of the Senate so that each one belongs to a different faculty in such manner as may be prescribed by the statutes.

(*ix*) Two persons who are members of the Senate elected by the Academic Council from amongst its members.

(2) The term of the office of the elected members of the Syndicate shall be three years.

Sec. 21 :

(1) The Academic Council shall be the Academic body of the University and shall consist of the following persons, namely :

Class I : Ex-officio Members

(*i*) The Vice-Chancellor—Ex-officio Chairman

(*ii*) The Rector, if any

(*iii*) The Registrar

(*iv*) Deans of faculties.

Class II : Other Members

(*i*) Two members elected by each of the various faculties from amongst its members, provided that where the Board of studies under any faculty exceeds ten, an additional member elected from amongst its members in the ratio of one to every five Boards of studies, fraction being ignored.

(*ii*) Three representatives of Principals of colleges elected by the Principals in various faculties from amongst themselves in such a manner that each one belongs to a different faculty, provided that a member elected under clause (*iii*), (*iv*) or (*v*) shall cease to hold office as such members if he ceases to be a Principal of a college or a Head of Recognised Institution or a Head of University Department or a teacher as the case may be.

(*iii*) One representative of the Heads of the Recognised Institutions elected by them from amongst themselves.

(*iv*) Two Heads of the University Departments elected by them from amongst themselves.

(*v*) Two teachers to be elected by the teachers in all the faculties taken together.

(2) The term of office of the members of the Academic Council other than ex-officio members shall be three years.

Sec. 23 :

(1) The University shall include the faculties of Arts, Education, Science, Technology including Engineering, Agriculture, Law, Medicine, Pharmacy, Ayurvedic Medicine, Dentistry and Commerce and such other faculties as may be prescribed by the Statutes. Each faculty shall comprise such subjects as may be prescribed by the Statutes.

(2) Each faculty shall consist of—

Class I : Ex-officio Members

(*i*) Principals of affiliated Colleges teaching at degree classes subject or subjects comprised in the faculty.

(*ii*) Directors of the various University Departments.

(*iii*) Heads of the Recognised Institutions.

(*iv*) Members of the Senate elected under Clause (*iii*) of paragraph (B) under "Class II : Ordinary Members" of Section 16 teaching a subject or subjects comprised in the faculty;

(*v*) Members of the Senate elected under sub-clause (*d*) of Clause (*v*) of paragraph (B) under "Class II : Ordinary Members" of section 16 by registered graduates in the faculty;

(*vi*) Chairman of Boards of Studies.

Class II : Ordinary Members

Such members of the Senate as are assigned by the Syndicate on the recommendation of the Academic Council from the following :

(*i*) Ex-officio members of the Senate mentioned in (*i*) to (*vi*) under "Class I : Ex-officio Members" of Section 16.

(*ii*) Members of the Senate elected under clauses (*i*), (*ii*) and (*a*), (*b*) and (*c*) of clause (*iv*) in paragraph (B) under "Class II : Ordinary Members" of Section 16.

(*iii*) Members of the Senate nominated under paragraph (C) under "Class II : Ordinary Members" of Section 16.

(*iv*) Members of the Senate elected under paragraph (D) of "Class II : Ordinary Members" of Section 16.

Provided that no member shall be assigned to more than one Faculty.

(3) A teacher in a subject comprised in more Faculties than one, shall, within one month from the date on which he becomes a member of the Senate, select by intimation in writing to the Registrar any one of such faculties to which he wishes to be assigned. If he fails to make such selection, the Syndicate shall assign to him any one of such Faculty.

(4) The powers and duties of the Faculties shall be determined by the Statutes.

Sec. 24 :

(*i*) There shall be a Dean of each faculty who shall be either a Principal of an affiliated college or a teacher having at least five years' experience of post-graduate teaching who shall be elected from amongst the members of the faculty.

(*ii*) The term of the office of the Dean shall be of three years.

The Dean shall be the Principal executive authority of the Faculty and shall exercise the following powers and perform the following duties, namely :

(*i*) he shall be the Chairman of the Faculty and shall preside at its meetings.

(*ii*) he may attend the meeting of any Board of Studies in the faculty.

(*iii*) he shall supervise and co-ordinate the work of the different Boards of Studies under the Faculty;

(*iv*) he shall plan and organise seminars, refresher courses and work-shops, pertaining to the subjects under the Faculty;

(*v*) he shall inspect and guide the University Departments, affiliated colleges, recognised institutions and approved institutions in respect of subjects under the Faculty;

(*vi*) he shall be responsible for the due observance of the Statutes, the Ordinances and the Regulations relating to the Faculty, and

(*vii*) he shall recommend to the Syndicate for approval, proposals for the programmes of visiting teachers and for the exchange of teachers.

Sec. 25 :

(1) There shall be a Board of Studies for every subject or group of subjects as may be prescribed by the Statutes;

(2) Each Board shall consist of the following members :

1. Ex-Officio Members

(*i*) Teachers in the University Depatments who hold the status of at least a Professor or Reader in the subject;

(*ii*) Professors of the special subject actually taught at degree level in the affiliated colleges, provided they are actually teaching the subject and are qualified to be recognised as post-graduate teachers as per rules of the University.

Co-option of not more than three members of whom one may if the Board so chooses be a "reputed scholar" in the subject and the rest shall be either teachers or ex-teachers.

(3) The Chairman shall be elected by the members of the Board from amongst the ex-officio members mentioned in paragraph (*i*) and (*ii*) of sub-section 2 above.

(4) The term of office of the members of a Board of Studies shall be three years.

(5) The other powers and duties of the Board of Studies shall be as prescribed by the Statutes.

Sec. 20 (iv) :

To arrange for and direct the inspection of affiliated colleges, recognised institutions and hostels, to issue instructions for maintaining their efficiency and for ensuring proper conditions, including the pay-scales and other allowances that may be prescribed by the Syndicate from time to time of employment of members of their staff both teaching and non-teaching and in case of disregard of such instructions to recommend modification of the conditions of their affiliation, or recognition or take such other steps as it deems proper.

પારશિષ્ટ "અ"
આમકામ ક્રમાંક પર

Sr. No.	*Subject*		*Staff suggested by the Engineering Faculty*					
			Days of pre-paration	Days of clean-ing	Exp. Asst.	Lab. Asst. Store-keeper, etc.	Ham-als	No. of students per batch
			B.E. V (Civil) Semester IX (B.E. V Civil, Part I)					
1	Theory of Structures--III							
		Term-work	1	1	—	1	1	50
2	Estimating Specifi-cations & Engg. Economics	Prac-tical	1	1	1	—	1	20
		Oral						
		Term-work	—	—	—	1	1	50
3.	Project Civil Engineering	Prac-tical	1	1	1	—	1	20
		Oral						
		Term-work	—	—	—	1	1	50

Sr. No.	*Subject*		*Staff suggested by the Engineering Faculty*					
			Days of pre-para-tion	Days of clean-ing	Exp. Asst.	Lab. Asst. Store-keeper, etc.	Ham-als	No. of students per batch
			B.E. V (Civil) Semester X (B.E. V–Civil, Part II)					
1.	Design of structure	Prac-tical	1	1	1	—	1	20
		Oral						
		Term-work	—	—	—	1	1	50
2.	Elective—Paper I	Prac-tical	1	1	1	—	1	20
		Oral						
		Term-work	—	—	—	1	1	50
3.	Elective—Paper II	Prac-tical	1	1	1	—	1	20
		Oral						
		Term-work	—	—	—	1	1	50

Tabular Statement of Assistants, etc. for B.E. V (Electrical) Practical Examination

Sr. No.	Subject	Days of preparation	Days of cleaning up	Expart Assistant	Laboratory Assistant, Store-keeper, etc.	*Electrician	Hamal	Nos. of students per batch
1.	Electrical Machines–III Practical	1	1	2	2	1	2	8
	T.W.	—	—	—	1	—	1	50
2.	Electrical Design of Machines and Power System–Oral and Sketching	1	1	1	—	—	2	20
	T.W.	—	—	—	1	—	1	50
3.	Industrial Electronics and Servomech–Practical	3	1	2	2	1	2	8
	T.W.	—	—	—	1	—	1	50
4.	Elective subjects (in each paper)–Practical	3	1	2	2	1	2	8
	T.W.	—	—	—	1	—	1	50

*For the days of preparation and Practical only.

Tabular Statement of Assistants, etc. for M.E. Elect. Practical Examination

Sr. No.	Subject	Days of preparation	Day of cleaning up	Expert Assistant	Laboratory Assistant, Store-keeper, etc.	Electrician	Hamal	Nos. of students per batch
1.	Power System-I	1	1	1	1	1	1	5
2.	Power System-I T.W.	—	—	—	1	—	1	15
3.	Power System-II	1	1	1	1	1	1	5
4.	Power System-II T.W.	—	—	—	1	—	1	15
5.	Power System-III	1	1	1	1	1	1	5
6.	Power System-III T.W.	—	—	—	1	—	1	15
7.	Protection and Control	1	1	1	1	1	1	5
8.	Protection nnd Control T.W.	—	—	—	1	—	1	15
9.	Advanced Electrics T.W.	—	—	—	1	—	1	15
10.	Instrumentation T.W.	—	—	—	1	—	1	15
11.	Network Theory T.W.	—	—	—	1	—	1	15
12.	Automation and Control T.W.	—	—	—	1	—	1	15

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ–૯.

આનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની નવેંબર માસની વિશેષ સભા શનિવાર, તા. ૨૧-૧૧-૧૯૭૦ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કુલપતિ શ્રી. ઉમાશંકર જોડાલાલ જોશીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૧--૧૧--૧૯૭૦
૧.	શ્રી. ઉમાશંકર જોડાલાલ જોશી, કુલપતિશ્રી	હાજર
૨.	શિક્ષણસંચાલક, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	શ્રી. બટુભાઈ હરિભાઈ દેસાઈ	હાજર
૪.	શ્રી. ડાકોરભાઈ મણિભાઈ દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. રસિકલાલ બાલચંદ શાહ	હાજર
૬.	ડૉ. જયંત ભગવાનદાસ હરિભક્તિ	હાજર
૭.	શ્રી. ઇંદ્રવદન અંબાલાલ મોદી	હાજર
૮.	શ્રી. ઝીણુભાઈ રતનજી દેસાઈ	હાજર
૯.	શ્રી. ઇંદ્રવદન માણેકલાલ નાણાવટી	ગેરહાજર
૧૦.	શ્રી. રણજિતરાય ગંગાશંકર શાસ્ત્રી	હાજર
૧૧.	શ્રી. મણિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૨.	ડૉ. અશ્વિનકુમાર માધવલાલ ત્રિવેદી	હાજર
૧૩.	ડૉ. જમશેદજી જીજીભોય ચિનોય	હાજર
૧૪.	આચાર્યા ઊર્મિલાબહેન ચિમનભાઈ પટેલ	હાજર
૧૫.	આચાર્ય કૃષ્ણલાલ નટવરલાલ શાહ	ગેરહાજર
૧૬.	આચાર્ય મહેંદ્રલાલ ચંદુલાલ શાહ	ગેરહાજર
૧૭.	આચાર્ય વિશ્વનાથ રામચંદ્ર રણદીવે	હાજર.

૧. સિન્ડિકેટની તા. ૭-૧૧-૧૯૭૦ના રોજ મળેલ સભાની નોંધને મંજૂર કરવા બાબત.

સિન્ડિકેટની તા. ૭-૧૧-૧૯૭૦ના રોજ મળેલી સભાના કામકાજની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી તથા તે મુજબ સુધારેલી નોંધ પર કુલપતિશ્રીએ સહી કરી :

બાબત નં. ૨૧ અંગેના ઠરાવમાં પ્રાધ્યાપકને બદલે 'લેક્ચરર' શબ્દ મુકવો.

૨. રાષ્ટ્રીય સેવા યોજનાના આર. આર. લાલન કૉલેજ, ભૂજના યુનિટના પ્રોગ્રેસર-ઇન-ચાર્જ તરીકે પ્રો. એ. એન. વ્યાસની નિમણૂકને મંજૂરી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૩. એમ. એસ. યુનિવર્સિટી, વડોદરાના ઉપક્રમે Gujarat Economic Conferenceનું બીજું અધિવેશન જાન્યુઆરી ૨ અને ૩, ૧૯૭૧ના સમય દરમ્યાન વડોદરા મુકામે યોજાનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના પ્રાધ્યાપકોને મોકલવા :

(૧) પ્રો. ડી. ટી. લાકડાવાળા
(૨) આચાર્ય એચ. કે. ત્રિવેદી
(૩) આચાર્ય એમ. સી. દેસાઈ
(૪) આચાર્ય એસ. આર. મહેતા
(૫) આચાર્ય પી. એમ. પીરઝાદા
(૬) આચાર્ય વી. પી. પરીખ
(૭) પ્રો. મણિશંકર પંડ્યા
(૮) પ્રો. રમેશભાઈ ભટ્ટ.

૪. તા. ૩ થી ૬ જાન્યુઆરી ૧૯૭૧ના સમય દરમિયાન બેંગલોર મુકામે મળનાર Indian Council of Geographersની વાર્ષિક સભામાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે મજકૂર કાઉન્સિલના પ્રમુખશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાઉન્સિલની વાર્ષિક સભામાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. અંબુભાઈ દેસાઈને મોકલવા.

૫. The National Academy of Sciences, Indiaનું ૪૦મું વાર્ષિક સત્ર ફેબ્રુઆરી ૨૬થી ૨૮, ૧૯૭૧ના સમય દરમયાન વિક્રમ યુનિવર્સિટીના ઉપક્રમે ઉજ્જૈન

મુકામે થનાર છે તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે સામાન્ય મંત્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ આગામી વાર્ષિક સત્રમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે આચાર્ય વી. એફ. શાહ અને ડૉ. એ. એમ. ત્રિવેદીને મોકલવા.

૬. ગાંધી એન. આર. સાર્વજનિક હોસ્પિટલ અને ઉજમબા હાથીચંદ ઘેલદાસ પ્રસૂતિગૃહ, તલોદને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ મુજબ ફરજિયાત રેટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા માટે તલોદ આરોગ્ય સેવામંડળના મંત્રીશ્રી તરફથી આવેલા તા. ૬-૧૧-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમવી :

(૧) ડૉ. જે. બી. હરિભક્તિ

(૨) ડૉ. આર. એલ. વાદી (ડીન)

૭. ઇન્ડિયન હિસ્ટોરિકલ રેકૉર્ડ્સ કમિશન પર આગામી ૧૯૭૧થી ૧૯૭૫નાં વર્ષો માટે યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવા માટે કમિશનના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કમિશન પર ૧૯૭૧થી ૧૯૭૫ના ગાળા માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ નીમવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૮. સને ૧૯૭૧ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક અંગેની ભલામણ કરવા માટેની 'પરીક્ષાસમિતિ' પર સિન્ડિકેટ તરફથી ઑર્ડિનન્સ ૬૭ હેઠળ પ્રત્યેક વિદ્યાશાખાની સમિતિમાં બબ્બે સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જુદી જુદી વિદ્યાશાખાઓની સદરહુ પરીક્ષાસમિતિઓ પર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચે મુજબના સભ્યોની નિમણૂક કરવી :

ક્રમાંક	સમિતિનાં નામ	સભ્યોનાં નામ
૧.	વિનયન વિદ્યાશાખા	૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ ૨. આચાર્યા ઊર્મિલાબહેન પટેલ
૨.	વિજ્ઞાન વિદ્યાશાખા	૧. ડૉ. એ. એમ. ત્રિવેદી ૨. શ્રી. આર. જી. શાસ્ત્રી
૩.	ઇજનેરી વિદ્યાશાખા	૧. ડૉ. જે. જે. ચિનોય ૨. ડૉ. એ. એમ. ત્રિવેદી
૪.	કાયદા વિદ્યાશાખા	૧. આચાર્ય વી. આર. રણદીવે ૨. શ્રી. આર. બી. શાહ

ક્રમાંક	સમિતિનાં નામ	સભ્યોનાં નામ
૫.	તબીબી વિદ્યાશાખા	૧. ડૉ. જે. બી. હરિભક્તિ ૨. શ્રી. આઈ. એ. મોદી
૬.	વાણિજ્ય વિદ્યાશાખા	૧. આચાર્ય એમ. સી. શાહ ૨. પ્રો. એમ. પી. પંડ્યા
૭.	ઇન્ટલ વિદ્યાશાખા	૧. ડૉ. જે. બી. હરિભક્તિ ૨. શ્રી. આઈ. એ. મોદી
૮.	ફાર્મસી વિદ્યાશાખા	૧. શ્રી. આર. જી. શાસ્ત્રી ૨. શ્રી. આઈ. એ. મોદી.

૯. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૩ (૨) અન્વયે ગુજરાત યુનિવર્સિટીની સેનેટના જે સભ્યોને એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ના રોજ મળેલ સભાની ભલામણ પર વિચારણા કરીને કોઈ એક વિદ્યાશાખાનું સભ્યપદ એનાયત કરવાનું છે તે અંગે તથા ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ (૨) અન્વયે સેનેટના સર્વે સભ્યોને જે તે વિદ્યાશાખા હેઠળ આવતી કોઈ બે વિષયોની અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત.

કેટલીક ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે હવે પછી રચાનાર અભ્યાસસમિતિઓ પર સેનેટના પ્રત્યેક સભ્યને માત્ર એક જ અભ્યાસસમિતિનું સભ્યપદ આપવાનો સિદ્ધાંત સ્વીકારવો.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે સેનેટના જે સભ્યોને વિદ્યાશાખાનું સભ્યપદ આપવાનું થાય છે તે બાબતમાં એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર આ સાથે જોડેલી યાદી મુજબ પ્રત્યેક સભ્યને તેમનાં નામ સામે જણાવેલ વિદ્યાશાખાનું સભ્યપદ આપવું.

(સદરહુ યાદીની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૧૦. પ્રી-યુનિવર્સિટી વિનયન તથા પ્રથમ વર્ષ બી.એ.ના સંસ્કૃતના અભ્યાસક્રમમાં સુધારો કર્યો હોવાથી સદરહુ અભ્યાસક્રમને લગતા ૨. પ્રી-આર્ટ્સ-૨ તથા ૨. આર્ટ્સ-૨ નીચે મુજબ સુધારવાની તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

R. Pre-Arts 2 :

Sanskrit

		Marks
1.	Text-Books—Prose and Poetry	70
2.	Internal Evaluation	30

R. **Arts 2 :**

Sanskrit

	Marks
1. Rupak 2. Kavya (Not more than 200 verses)	70

આથી ઠરાવવામાં આવે છે કે પ્રી-યુનિવર્સિટી વિનયન તથા પ્રથમ વર્ષ બી.એ.ના સંસ્કૃતના અભ્યાસક્રમમાં એકેડેમિક કાઉન્સિલે સૂચવ્યા મુજબ સુધારા કરવા તથા તે મુજબ રે. પ્રી-આર્ટ્સ–૨ તથા રે. આર્ટ્સ–૨ ના સંબંધકર્તા ભાગ ઉપર મુજબ સુધારવા અને સુધારેલા રે. પ્રી-આર્ટ્સ–૨ તથા રે. આર્ટ્સ–૨ને તાત્કાલિક (એટલે કે ૧૯૭૧ની પરીક્ષાથી અમલમાં આવે તે રીતે) અમલમાં મૂકવા.

૧૧. કાયદાની વિદ્યાશાખાની તા. ૨૮–૨–૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર એલએલ.એમ.ના જૂના અભ્યાસક્રમવાળા જે વિદ્યાર્થીઓએ એલએલ.એમ. બ્રાન્ચ ૪ માટે સત્રો ભર્યાં હોય તેમને જુનિયર અને સિનિયર એલએલ.એમ.ના નવા અભ્યાસ-ક્રમમાં ગ્રુપ ત્રણમાં સત્રો ભર્યા વગર બેસવાની પરવાનગી આપવાનું એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯–૮–૧૯૭૦ની સભાએ મંજૂર કર્યું હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૨. ભારતની યુનિવર્સિટીમાં એમ.બી.,બી.એસ.નો અભ્યાસ કરતા સિલોનના વિદ્યાર્થીઓને ભારતમાં એક વર્ષની ઇન્ટર્નશિપ કરવી પડે છે, અને ત્યાર બાદ સિલોનમાં રજિસ્ટર્ડ થવા માટે ફરીથી સિલોનમાં એક વર્ષની ઇન્ટર્નશિપ કરવી પડે છે તો આમાં તેમને એક વર્ષની ઇન્ટર્નશિપમાંથી મુક્તિ આપી શકાય તેમ છે કે કેમ તે અંગેનો અભિપ્રાય જણાવવા માટે અન્ડર સેક્રેટરી ટુ ધી ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા, મિનિસ્ટ્રી ઑફ એકસ્ટર્નલ એફેર્સના પત્ર પર તબીબી વિદ્યાશાખાની તા. ૩–૯–૧૯૬૯ની સભાની નીચેની ભલામણ મંજૂર કરવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯–૮–૧૯૬૯ સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

તબીબી વિદ્યાશાખાની તા. ૩–૯–૧૯૬૯ની સભાની ભલામણ

" This faculty resolves to recommend to approve the compulsory rotating housemanship done in the hospitals recognised by Ceylon for a period of 1 year after passing M.B.,B.S. degree examination of this University for the purpose of qualifying for the award of M.B.,B.S. Degree of this University. "

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિદ્યાશાખાની ઉપરની ભલામણ સ્વીકારવાની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૧૩. અનુસ્નાતક નિયમ નં. ૧(ડી) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

P. G. Rule No. 1(D) :

While in case of post-graduate Diploma Course prescribed under the Faculty of Medicine, the maximum number of students that can be enrolled per teacher shall be (*a*) one per teacher or Assistant to a recognised teacher per year for degree, and (*b*) two separate for diploma per teacher or Assistant to a recognised teacher per year.

N.B.— students admitted under concessions only for diploma are not to be included under the above rule. Students who have registered for the degree and diploma will be counted as students for degree only.

આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક નિયમ નં. ૧ (ડી) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૪. તબીબી વિદ્યાશાખાની તા. ૫-૬-૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર ટીચિંગ હૉસ્પિટલોમાં કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ (સી. એસ. આઈ. આર.) તરફથી નિમાતા 'પૂલ ઑફિસર્સ' જો ત્યાંમાં આખું એક વર્ષ કોઈ શિક્ષણ-સંસ્થામાં કાર્ય કરે તો તે પૂલ ઑફિસરને જુનિયર લેક્ચરર કે રજિસ્ટ્રારની સમકક્ષ ગણવા અને તબીબી વિદ્યાશાખાના શિક્ષકોની લાયકાત અંગેના વારાધોરણના સંદર્ભમાં પૂલ ઑફિસરનો અનુભવ માન્ય ગણવાના એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૮-૧૯૬૯ની સભાના ઠરાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી.

૧૫. તબીબી વિદ્યાશાખાની ભલામણ પરથી ડેન્ટિસ્ટ્રીના વિષયોમાં અનુસ્નાતક કેન્દ્રો સ્થાપવા માટે સ્થાનિક શિક્ષકગણની જરૂરિયાત અંગે ઑર્ડિ. ૬૫-પી(૪) હેઠળ (૫) તરીકે નીચેનો ભાગ ઉમેરીને તેને તાત્કાલિક અમલમાં મૂકવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 65 P (4) (v) :

In the case of post-graduate centre for M.D.S. Degree Course, one post-graduate teacher and one Assistant to a post-graduate teacher on the local staff of the college, in the subject concerned, shall be considered adequate.

આથી ઠરાવવામાં આવે છે કે દંતવિદ્યાનાં અનુસ્નાતક કેન્દ્રો માટે સ્થાનિક શિક્ષકગણ અંગેની જરૂરિયાત અંગે ઑર્ડિ. ૬૫-પી(૪) હેઠળ ઉપરની પેટાકલમ (૫) ઉમેરવી અને તે મુજબ સુધારેલા ઑર્ડ. ૬૫-પી(૪)ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૬. ડિપ્લોમાના અભ્યાસ માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તથા મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટે લઘુતમ યોગ્યતા નિયત કરવા અનુક્રમે ઓર્ડિ. ૬૫-કે (એ) Non-clinical subjects હેઠળ (૪) તરીકે તથા ઓર્ડિ. ૬૫-કે (બી) ક્લિનિકલ સબ્જેક્ટ્સના મથાળા હેઠળ (૭) તરીકે અને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકે માન્યતા આપવાના ઓર્ડિ. ૬૫-એમ હેઠળ આપવામાં આવેલી નોંધ (iii) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાનું એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભામાં મંજૂર કરેલ હોઈ તે બાબતે વિચારણા કરવા બાબત.

"ઓર્ડિ. ૬૫-કે (એ) (નોન-ક્લિનિકલ સબ્જેક્ટ્સ) હેઠળ નીચેની પેટાકલમ (૪) ઉમેરવી :

The following shall be the minimum requirements for recognition as a post-graduate teacher for teaching Diploma Courses in the Faculty of Medicine and Dental Surgery :

(*i*) A teacher with a post-graduate degree with at least four years' teaching experience in the subject as an Assistant to a recognised post-graduate teacher;

OR

(*ii*) A teacher with a post-graduate Diploma in the subject with at least five years' teaching experience as an Assistant to a recognised post-graduate teacher or as a Senior Lecturer or equivalent post in a teaching college or any recognised institution.

ઓર્ડિ. ૬૫-કે (બી) (ક્લિનિકલ સબ્જેક્ટ્સ) હેઠળ નીચેની પેટાકલમ (૭) ઉમેરવી :

The following shall be the minimum requirements for recognition as a post-graduate teacher for teaching Diploma Courses in the faculty of Medicine and Dental Surgery :

(*i*) A teacher with a post-graduate degree with at least four years' teaching experience in the subject as an assistant to a recognised post-graduate teacher;

OR

(*ii*) A teacher with a post-graduate Diploma in the subject with at least five years' teaching experience as an Assistant to a recognised post-graduate teacher or as a Senior Lecturer or equivalent post in a teaching college or any institution.

ઑા.ડ. ૬૫–એમ હેઠળની નોંધ (*iii*) સુધાર્યા મુજબ નીચે પ્રમાણે વંચાશે :

"The following shall be the minimum requirements for recognition as an Assistant to a post-graduate teacher for a Diploma course in the Faculties of Medicine and Dental Surgery :

(*iii*) A post-graduate degree or Diploma in the subject concerned and having at least two years' teaching experience as a Registrar or an equivalent post in a teaching college or institution."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની સદરહુ ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ઑાર્ડિ. ૬૫–કે (એ) Non clinical subjects હેઠળ ઉપરની પેટાકલમ (૪) તથા ઑાર્ડિ. ૬૫–કે (બી) Clinical subjects હેઠળ ઉપરની પેટાકલમ (૭) ઉમેરવી અને તે મુજબ સુધારેલા ઑા.ડ. ૬૫–કે (એ) અને ઑા.ડ. ૬૫–કે (બી)ને તાત્કાલિક અમલમાં મૂકવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે ઑાર્ડિ. ૬૫–એમ હેઠળની નોંધ (*iii*) ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી અને તેને તાત્કાલિક અમલમાં મૂકવી.

૧૭. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવાના સંદર્ભમાં સંલગ્ન કૉલેજોની વર્ગ-સંખ્યા અંગે કુલાધિપતિશ્રીએ આપેલા નિર્ણયને અનુલક્ષીને ઑાર્ડિ. ૧૨૦–બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની તથા તેને ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯–૮–૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. 120-B :

(*i*) There shall not be more than 1650 students in a college.

(*ii*) There shall not be more than two Faculty units in a college.

(*iii*) If a college has more Faculty units than one, the total strength of such units taken together shall not exceed 1650 students.

(*iv*) No college shall have more than five divisions of a class and each division shall be of not more than 115 students in the case of Pre-Uni. and F. Y. Classes in the faculties of Arts, Science and Commerce and not more than hundred students in case of classes other than the Pre-University and F. Y. Classes, mentioned above, provided that it will be competent for the Vice-Chancellor in his discretion and at the request of a college to permit admission of not more than 10 students in each division of Pre-Uni. and F. Y. Classes in the faculties

of Arts, Science and Commerce and an additional number of students not exceeding ten per cent of the maximum admissible number of students in each division of classes other than the Pre-University and First Year Classes mentioned above, subject to a maximum total of 1650 students as mentioned in (*i*) and (*iii*) above;

Provided further that in the case of a college affiliated for teaching courses of studies in two faculties there shall not at any of the stages, viz., either Pre-University Class or F.Y. Class be more than six divisions in both the faculties taken together.

Notwithstanding anything contained in (*iv*) above, it shall be competent for the Vice-Chancellor to permit in his discretion and at the request of a Medical College, admission of such number of additional students as does not exceed thirty per cent of the maximum permissible in a class or in a division thereof.

આથી ઠરાવવામાં આવે છે કે ઑા.ડ. ૧૨૦-બી ઉપર મુજબ ચંચાય તે રીતે સુધારવાની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા સુધારેલા ઑર્ડિ. ૧૨૦-બીને ૧૫મી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

૧૮. સેનેટે તેની તા. ૧/૨-૧૦-૧૯૭૦ની સભામાં ઑર્ડિ. ૧૨૯ નો નીચે જણાવેલ સંબંધકર્તા ભાગ સિન્ડિકેટને 'રિફરેંસ' કરેલો હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

0.129 :

Name of the Examination	*How many times in a year ?*	*Date of commencement*	*Last date of application*	*Exam fees Rs.*
M.E. Semester-I	Twice	First Monday in June & Third Monday in October	Three months before the Examination	100/-
M.E. Semester-II	Twice	-do-	-do-	100/-
M.E. Dissertation	Twice	-do-	-do-	150/-

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૧૯. બીજી યુનિવર્સિટી કે બોર્ડની પરીક્ષાઓની અરસપરસતાના ધોરણે માન્યતા અંગેના રેગ્યુ. ૧ થી ૩ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવાની તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

R. 1 :

In all cases in which recognition has been given to the Examinations of other Statutory Universities and Examining Bodies as equivalent to the corresponding examinations of this University, such recognition is available only to those Universities and Examining Bodies which reciprocate with this University, and applicable only to such students as have attended a regular course of study laid down for the Examination at a college affiliated to the said University or included among its constituent colleges, or at an Institution recognised by Examining Body concerned;

Provided always that a student who has passed the Pre-University Science Examination or its equivalent Examination of another statutory University or Board shall not be deemed to have passed an examination equivalent to the Pre-University Science Examination of this University unless he fulfils the minimum requirement for admission to that course of this University under provisions of Statute 173 in force from time to time;

Provided always that a student who has passed the Intermediate examination ***or its equivalent*** examination of another statutory University or Board shall not be deemed to have passed an examination equivalent to the *First Year Examination of three years' integrated degree course* of this University unless he shall have, after passing the Matriculation entrance or other examination entitling him to an admission to that University or Board kept attendance for a period of two years at a college affiliated to the University or Board, before passing the said Intermediate examination.

Notwithstanding anything contained hereinabove external examination is deemed as equivalent to the corresponding external examination of this University, provided corresponding regular examination of that University or Board is recognised on reciprocal basis.

R. 2 :

Where such reciprocation does not exist, the Intermediate Arts, Intermediate Commerce and Intermediate Science examinations or equivalent examinations thereto will be accepted as equivalent to the *Pre-University Arts, Pre-University Commerce and Pre-University Science Examinations* respectively of this University, *provided always that the minimum requirement for admission to Pre-University Science Examination of this University is fulfilled under provisions of Statute 173 in force from time to time* for admission to F.B.Sc. Class in this University.

The Intermediate examination, irrespective of subjects, of the Madras, the Andhra and the Annamali Universities, is deemed equivalent to the Intermediate Arts examination of this University for the purpose of proceeding to the T.D. Courses.

The Intermediate examination of the Madras, the Andhra and the Annamalai Universities, if passed in subjects some of which are Arts subjects and some Science subjects is deemed equivalent to the Pre-University Arts or Pre-University Science Examination of this Universiry *subject to the fulfilment of Statute 173 of this University in force.*

The degree examinations of the statutory University or Board is deemed equivalent to degree examination of this University for the purpose of proceeding to the LL.B. course. The degree examination of the Statutory University in the Faculty of Medicine recognised by the Indian Medical Council and included in its schedule is deemed equivalent to the corresponding examination of this University

R. 3 :

In no circumstances will be first year's college examination by colleges affiliated to any other university be considered equivalent to the Pre-University examination held by this University.

આથી ઠરાવવામાં આવે છે કે સુધારેલા રેગ્યુ. ૧, ૨ અને ૩ ઉપર મુજબ્ય વંચાય તે રીતે સુધારવા અને તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

૨૦. યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે પ્રાશ્નિક-પરીક્ષકોની ઓછામાં ઓછી લાયકાત અંગેનાં ધોરણો સુધારવા અંગેની તા. ૨૪-૬-૧૯૬૯ તેમ જ તા. ૩-૭-૧૯૬૯ના રોજ મળેલ પ્રાશ્નિક-પરીક્ષકોની પેનલ અંગેની સમિતિની ભલામણ મંજૂર કરવા તેમ જ દંતવિદ્યાની વિદ્યાશાખામાં પ્રાશ્નિકો-પરીક્ષકો તરીકેની નિમણૂક માટે શિક્ષણકાર્યનો જે અનુભવ આવશ્યક લેખવામાં આવ્યો છે તે જુનિયર લેક્ચરર તરીકેનો હોય તોપણ માન્ય કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી.

(**નોંધ.**—દંત વિદ્યાશાખામાં નિમણૂંકો અંગે જરૂર જણાય તો ઉપરની ભલામણ મુજબ ત્રણ વર્ષ માટે નિમણૂંકો ગ્રાહ્ય ગણવી.)

(સદરહુ સમિતિની ભલામણોની નકલ આ સાથે **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૨૧. યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રની સ્થાયી સમિતિની તા. ૨૬-૧૦-૧૯૭૦ના રોજ મળેલી સભાની ભલામણો નં. ૪ અને ૫ પર વિચારણા કરવા બાબત :

ભલામણ નં. ૪

યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રના વિકાસ માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ પત્ર તથા આ બાબત માટે યુ.જી.સી.એ નીમેલી સમિતિના રિપોર્ટમાં ગ્રાન્ટ માટે દર્શાવેલ મુદ્દા ઉપર સવિસ્તર વિચારણા કરી યુનિવર્સિટી સિન્ડિકેટને નીચે મુજબ ભલામણ કરવાનું આ સમિતિ ઠરાવે છે :

યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રના દરદીઓ માટે અમદાવાદની હોસ્પિટલોમાં 'બેડઝ' રિઝર્વ કરાવવા માટે ૧ બેડનો વાર્ષિક ખર્ચ રૂ. ૭,૦૦૦ આપવાનો થાય. આમ પાંચેક હોસ્પિટલમાં બે બેડ રિઝર્વ કરાવીએ તોપણ રૂ. ૭૦,૦૦૦નો ખર્ચ થઈ જાય. આથી આમ ન કરતાં યુ.જી.સી. તરફથી મળતી ગ્રાન્ટનો લાભ લઈ યુનિવર્સિટી આરોગ્ય-કેન્દ્રનો વિકાસ કરવાનું રાખવું.

આ માટે યુ.જી.સી. તરફથી મળી શકતી ગ્રાન્ટ તથા યુનિવર્સિટીએ આવર્તક અને અનાવર્તક કરવાના થતા ખર્ચના આંકડા નીચે આપ્યા છે :

૧. યુ.જી.સી. તરફથી મળી શકે તેવી ગ્રાન્ટના આંકડા

૧. ઈ.એન.ટી. માટેનાં સાધનો	... રૂ.	૭,૧૨૬
૨. આંખ માટેનાં સાધનો	... રૂ.	૨૦,૦૦૦
૩. દાંતના કામ માટેનાં સાધનો	... રૂ.	૧૩,૦૦૦
૪. એક્સ-રે માટેનાં સાધનો (રિપોર્ટના એપેન્ડિક્સ '૨' પ્રમાણે)	... રૂ.	૧,૦૦,૦૦૦
૫. ઇમર્જન્સી વૉર્ડ, ઑપરેશન ટેબલ, ઑપરેશન લાઇટ, એર-કન્ડિશનર અને ઑપરેશન તથા એનેસ્થેસિયાનાં સાધનો માટે (રિપોર્ટના છેલ્લે પાને)	... રૂ.	૫૦,૦૦૦

૨. આ સામે યુનિવર્સિટીએ પ્રતિવર્ષ નીચે મુજબનો ખર્ચ કરવાનો થાય :

આવર્તક

(૧) માનદ નિષ્ણાતો : ફિઝિશિયન, સર્જન, કાન-નાક-આંખ-ગળાના નિષ્ણાત, ચામડીના નિષ્ણાત, સ્ત્રીઓના દાક્તર, એનેસ્થેટિસ્ટ, ડેન્ટિસ્ટ દરેકને હાલના રૂ. ૧૦૦ માસિકના માનદ વેતનના દરે ... રૂ. ૯,૬૦૦

(૨) હાલ આપણે ત્યાં માનદ રેડિયોલોજિસ્ટ સેવા આપે છે. સાઈકિયાટ્રિસ્ટ નીમવાનું નક્કી થયેલ છે. સાઈકિયાટ્રિસ્ટને મદદનીશ તરીકે સોશિયલ વર્કર જોઈએ. આનો અંદાજ ખર્ચ :

૧. રેડિયોલોજિસ્ટ (વાર્ષિક)	...	રૂ. ૧,૨૦૦
૨. સાઇકિયાટ્રિસ્ટ (,,)	...	રૂ. ૧,૨૦૦
૩. સોશિયલ વર્કર (,,) (રૂ. ૫૦૦ લેખે)	...	રૂ. ૬,૦૦૦

(૩) હાલ આપણે ત્યાં લેબોરેટરી ટેકનિશિયન લેબોરેટરી અને એક્સ-રે બન્નેનું કામ સંભાળે છે. ભવિષ્યમાં મોટા એક્સ-રે મશીન પર કામ વધતાં એક જુદા એક્સ-રે ટેકનિશિયનની જગા ઊભી કરવી પડે— માસિક રૂ. ૩૦૦ લેખે વાર્ષિક ખર્ચ ... રૂ. ૩,૬૦૦

(૪) એક એમ.બી.,બી.એસ. દાક્તર—માસિક રૂ. ૮૦૦ લેખે	...	રૂ. ૯,૬૦૦
(૫) નર્સ ૨—માસિક રૂ. ૩૦૦ લેખે	...	રૂ. ૭,૨૦૦
(૬) કલાર્ક-ટાઈપિસ્ટ ૧—માસિક રૂ. ૨૭૫ લેખે	...	રૂ. ૩,૩૦૦
(૭) વૉર્ડબૉય ૨—માસિક રૂ. ૧૭૫ લેખે	...	રૂ. ૪,૨૦૦
(૮) સ્વીપર ૧—માસિક રૂ. ૧૫૦ લેખે	...	રૂ. ૧,૮૦૦
(૯) સાધનો, દવાઓ વગેરેનો ખર્ચ	...	રૂ. ૯,૩૦૦
		રૂ. ૫૭,૦૦૦

૩. અનાવર્તક ખર્ચ

આ ઉપરાંત નીચેના સ્ટાફ માટે આરોગ્યકેન્દ્રની બાજુમાં તાત્કાલિક રહેઠાણો બાંધવાં પડે (હાલ છે તે ઉપરાંત) :

૧. નર્સ માટે...૨
૨. દાક્તર માટે...૧
૩. વર્ગ ૪ માટે એક કે બે વૉર્ડબૉય કે સ્વીપરને રહેવા માટે.

(**નોંધ.**—હાલ સ્થળ ઉપર ત્રણ "ડી" ટાઇપ ક્વાર્ટર્સ છે, જેમાં લેબોરેટરી ટેકનિશિયન, કંપાઉન્ડર, અને વૉર્ડબૉય રહે છે. કંપાઉન્ડર અને ટેકનિશિયન માટે "સી" ટાઇપ ક્વાર્ટર્સ બાંધવાનું નક્કી થયેલ છે.)

આરોગ્યકેન્દ્રની પાછળ આવેલ ચારે રૂમ ઉપરાંત ઓછામાં ઓછા બીજા બે રૂમ વૉર્ડ માટે બાંધવા જોઈએ; કારણ કે ચાર રૂમમાંથી બે ઑપરેશન થિયેટર માટે, એક મોટા એક્સ-રે મશીન માટે અને એક માનદ નિષ્ણાત માટે જોઈએ.

ભલામણ ૫

આથી આ સમિતિ યુનિવર્સિટી સિન્ડિકેટને નીચે મુજબના નિયમો ઘડવાની ભલામણ કરવાનું ઠરાવે છે :

૧. ૧૯૭૧ના જૂનથી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે યુનિવર્સિટીના જે કોઈ વિદ્યાર્થી યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રનો લાભ લેવા માગતા હોય તેમણે આરોગ્યકેન્દ્ર પર વાર્ષિક રૂ. ૧૦ ભરીને પોતાનું નામ નોંધાવવું આવશ્યક રહેશે તથા તે માટે પોતાના ફોટાવાળું એક ઓળખપત્ર રજૂ કરવું જોઈશે, જે માટે શ્રી. ચીફ મેડિકલ ઑફિસર જરૂરી નિયમો કરશે, તે રજૂ કર્યાથી તે વર્ષ દરમિયાન આરોગ્યકેન્દ્ર પર ઉપલબ્ધ હોય તે સારવાર વિનામૂલ્યે આપવામાં આવશે.

૨. આવું કાર્ડ મોડામાં મોડું જુલાઈ માસની આખર સુધીમાં કાઢી આપવાનું રાખવું.

૩. કાર્ડ સિવાય દવા લેવા આવનાર વિદ્યાર્થીએ એક દિવસની સારવાર કે તપાસના પચાસ પૈસા રોકડા ભરવાના રહેશે.

૪. યુનિવર્સિટી આરોગ્યકેન્દ્ર ઉપર જે દવાઓ રાખવામાં આવતી હશે તે દવાઓ જ દરદીઓને ઓળખપત્ર સાથે કે રોકડેથી દવા લેનાર બંનેને આપવામાં આવશે. બજારમાંથી લાવવી પડે તેવી દવાઓનું ખર્ચ દરદીએ ભોગવવાનું રહેશે.

૫. ઓળખપત્ર ખોવાઈ જાય, અગર ફાટી જાય તો રૂ. ૧–૦૦ની ફી લઈને શ્રી. ચીફ મેડિકલ ઑફિસર બીજું ઓળખપત્ર પ્રમાણિત કરી આપશે.

૬. આથી યુનિવર્સિટી કૅમ્પસ પરની કૉલેજોએ, આરોગ્યકેન્દ્ર ન ખોલે તો, ફરજિયાત યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રનો લાભ લેવાનો જે નિયમ છે તે રદ કરવો; પરંતુ જે કૉલેજ (કૅમ્પસ પરની અને બહારની) આરોગ્યકેન્દ્ર શરૂ કરવા વિનંતી કરતી હોય તો તે માટેના વિદ્યાર્થી, કૉલેજ વગેરેના ફાળાના નિયમો ચાલુ રાખવા.

કૅમ્પસ પરની કૉલેજોએ તબીબી તપાસ પણ આરોગ્યકેન્દ્ર વગરની કૉલેજો માફક કરાવી લેવાનું રાખવું.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રની સ્થાયી સમિતિની ઉપર જણાવેલ ભલામણ નં. ૪ મંજૂર કરવી.

(૨) યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રની સ્થાયી સમિતિની ઉપર જણાવેલ ભલામણ નં. ૫, તેનો સૂચિત નિયમ નં. ૧ નીચે મુજબ વંચાય તે રીતે સુધારીને મંજૂર કરવી :

(૧) ૧૯૭૧ના જૂનથી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટે યુનિવર્સિટીના જે કોઈ વિદ્યાર્થી યુનિવર્સિટી આરોગ્યકેન્દ્રનો લાભ લેવા માગતા હોય તેમણે આરોગ્યકેન્દ્ર પર વાર્ષિક

રૂ. ૧૦–૦૦ (દસ રૂપિયા) કે સત્ર દીઠ રૂ. ૬–૦૦ (છ રૂપિયા) ભરીને પોતાનું નામ નોંધાવવું આવશ્યક રહેશે, તથા તે માટે પોતાના ફોટાવાળું એક ઓળખપત્ર રજૂ કરવું જોઈશે, જે માટે શ્રી ચીફ મેડિકલ ઑફિસરે જરૂરી નિયમો કરશે. તે રજૂ કર્યેથી તે વર્ષ દરમ્યાન આરોગ્યકેન્દ્ર પર ઉપલબ્ધ હોય તે સારવાર વિનામૂલ્યે આપવામાં આવશે.

૨૨. પદવી પરીક્ષાઓ પસાર કરનાર જે વિદ્યાર્થીઓ પદવી મેળવવા માટે અરજી ન કરે અને ફી ન ભરે તે તમામને પદવીઓ ગેરહાજર વિદ્યાર્થીઓ તરીકે આપવાની પ્રથા અંગે વિચારણા કરીને રિપોર્ટ કરવા સિન્ડિકેટે તેની જૂન ૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિના તા. ૧૬–૯–૧૯૭૦ની સભાના કરેલ રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિએ તેની તા. ૧૬–૯–૧૯૭૦ની સભાના રિપોર્ટમાં કરેલી ભલામણ મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૧૬–૯–૧૯૭૦ની સભાએ કરેલ રિપોર્ટની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૩. યુનિવર્સિટી દ્વારા લેવાતી પ્રથમ એમ.બી.,બી.એસ.ની ફિઝિયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષામાં યુનિવર્સિટીએ તેના પરિપત્ર નં. ૧૧, તા. ૨૩–૨–૧૯૭૦થી વોલન્ટિયર્સના મહેનતાણાના જે દર નક્કી કરેલ છે તે દરે વોલન્ટિયર્સ મળવા મુશ્કેલ છે, તો હવે પછી લેવાનાર પરીક્ષાઓ માટે વોલેન્ટિયર્સની વ્યવસ્થા યુનિવર્સિટીએ કરી લેવા અથવા વોલન્ટિયર્સના મહેનતાણાના દરમાં યોગ્ય સુધારો કરવા અંગેનો મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ, અમદાવાદના ડીનશ્રીનો પત્ર પર તબીબી વિદ્યાશાખાએ તેની તા. ૩૧–૮–૧૯૭૦ની સભામાં નીચે મુજબ ભલામણ કરી છે તે અંગે વિચારણા કરવા બાબત :

(**નોંધ.**—તા. ૧૪/૧૫–૨–૧૯૭૦ના રોજ મળેલ સિન્ડિકેટની સભાએ બાબત ક્રમાંક ૧૧૮થી દરરોજના બે વોલન્ટિયર્સની નિમણૂક કરવાનું અને તેમનો દૈનિક મહેનતાણાનો દર રૂ. ૧-૦૦ દરેક વોલન્ટિયરનો રાખવાનું ઠરાવ્યું હતું.)

વિદ્યાશાખાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પ્રથમ વર્ષ એમ.બી.,બી.એસ.ની ફિઝિયોલોજી વિષયની પ્રાયોગિક પરીક્ષામાં સત્ર દીઠ ૭ વોલન્ટિયર્સ રાખવા જરૂરી છે અને વોલન્ટિયર્સને સેશન દીઠ એક રૂપિયો મહેનતાણું આપવા ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રથમ વર્ષ એમ.બી.,બી.એસ.ની ફિઝિયોલોજી વિષયની પ્રાયોગિક પરાક્ષાના પ્રત્યેક સત્ર (session) દીઠ ૬ 'વોલન્ટિયર્સ' રાખવા અને પ્રત્યેક 'વોલન્ટિયર'ને સત્ર (session) દીઠ રૂ. ૧નું માનદ વેતન આપવું.

૨૪. કાર્યકારી ચીફ મેડિકલ ઑફિસર શ્રી. સી. આર. ત્રિવેદીને સિન્ડિકેટે તેની તા. ૮-૧૦-૧૯૬૬ની સભામાં અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનમાં ડૉક્ટરને જે ધોરણે સ્કૂટર એલાવન્સ આપવામાં આવે છે તે ધોરણે આપવાનું નક્કી કરેલ હોઈ અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશને તા. ૧-૪-૧૯૭૦થી આ દરમાં રૂ. ૫૫ ને બદલે રૂ. ૬૦નો સુધારો કરેલ હોઈ ડૉ. ત્રિવેદીને રૂ. ૬૦ લેખે આ ભથ્થું આપવા અંગેની તેમની તા. ૨૯-૯-૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—કાર્યાલયમાં નીચેના સભ્યોને રૂ. ૫૫ના દરે ઉપરોક્ત ઠરાવ થયા બાદ ભથ્થું આપવામાં આવે છે :

૧. શ્રી. પી. ડી. મિર્ઝા
૨. શ્રી. વી. પી. મહેતા
૩. શ્રી. બી. એમ. પટેલ.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૨૫. **વિદ્યાર્થી કલ્યાણની પ્રવૃત્તિઓની જરૂરિયાત અંગે અને અગ્રિમતાની આકારણી કરવા માટે તથા આ યુનિવર્સિટી તરફથી પ્રસ્તાવો તૈયાર કરવા માટે યુનિવર્સિટીમાં એક સમિતિ રચવા અંગેની સેક્રેટરી, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી આવેલ તા. ૨૯-૧૦-૧૯૭૦ના પત્ર ક્રમાંક એફ. ૧-૧૨૦-૭૦ (સીડી) પત્ર ઉપર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ રચવી અને તે સમિતિને પોતાની સુચિંતિત ભલામણો રજૂ કરવા માટે જણાવવું :

(૧) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૨) પ્રો. મણિશંકર પંડ્યા
(૩) શ્રી. ઇંદ્રવદન મોદી
(૪) આચાર્ય ય. પ્રા. શુક્લ
(૫) આચાર્ય ધીરુભાઈ ઠાકર
(૬) શ્રી. ભૂપેંદ્રભાઈ પટેલ, મંત્રી.

૨૬. **લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ તરફથી જૂન ૧૯૭૧થી પીએચ.ડી.માં પ્રાકૃત, સંસ્કૃત અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા ચાલુ માન્યતા મેળવવા માટે આવેલ અરજી પર સિન્ડિકેટે તેની તા. ૩/૪-૧૦-૧૯૭૦ની સભામાં નીમેલ સ્થાનિક તપાસસમિતિના એક સભ્ય પ્રો. રસિકલાલ પરીખ સમિતિ પર કામ કરવાની અશક્તિ દર્શાવતા હોઈ તેઓની જગ્યાએ અન્ય સભ્યની નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સ્થાનિક તપાસસમિતિ પર પ્રો. રસિકલાલ છો. પરીખની ખાલી પડેલી જગ્યા પર આચાર્ય જે. ટી. પરીખની નિમણૂક કરવી.

૨૭. શ્રી. એ. એન. કેલાના પ્રથમ એલએલ.બી. તેમ જ બીજી એલએલ.બી.નાં સત્રો તથા પરિણામો તા. ૩૦/૩૧ મે ૧૯૬૯ના સિન્ડિકેટના ઠરાવથી રદ્દ કર્યા હોઈ તેમને ૩જી ઑક્ટોબર ૧૯૬૩ના પદવીદાન સમારંભમાં અર્પણ થએલ એલએલ.બી.ની પદવી પાછી ખેંચવા બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૮. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવાની બાબતમાં ઉદ્ભવતા પ્રશ્નો અંગે થતી વિચારણા કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯-૮-૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૪-૧૧-૧૯૭૦ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૪-૧૧-૧૯૭૦ની સભાની ભલામણોની નોંધ લેવી અને તે સમિતિની આખરી ભલામણો આવ્યેથી તે પર વિચારણા કરવાનું રાખવું.

૨૯. ઇજનેરી તબીબી ઇત્યાદિ સંલગ્ન કૉલેજોના નૉન-ટેકનિકલ ટીચિંગ સ્ટાફ તરીકે કાર્ય કરતા શિક્ષકોને ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગાર-ધોરણોમાં સમાવી લેવાની બાબતમાં એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીના શિક્ષકો તરફથી આવેલ તેમની તા. ૨૦-૧૦-૧૯૭૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીની ફાર્મસી અને ઇજનેરી વિદ્યાશાખા-ઓમાં કામ કરતા નૉન-ટેકનિકલ વર્ગના શિક્ષકો માટેનાં પગારધોરણો નીચે મુજબ સુધારવાં :

પ્રાધ્યાપક	.....	રૂ. ૪૦૦-૩૦-૬૪૦-૪૦-૮૦૦
વ્યાખ્યાતા	.....	રૂ. ૩૦૦-૨૫-૬૦૦
ટ્યૂટર-કમ-ડેમોન્સ્ટ્રેટર	.....	રૂ. ૨૫૦-૧૫-૪૦૦.

વધુમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે મોંઘવારી ભથ્થા સહિતનાં અન્ય ભથ્થાંઓ સિન્ડિકેટે તેની તા. ૬-૯-૧૯૭૦ની સભામાં બાબત નં. ૧૪ ઉપરના ઠરાવ ૧(ખ) માં દર્શાવ્યા છે તે આ શિક્ષકોને પણ લાગુ પડશે.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે આ સુધારેલાં પગારધોરણોનો અમલ તા. ૧-૪-૧૯૬૬થી કરવા માટે સંબંધકર્તા કૉલેજોને જણાવવું.

(૩) વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર (૧) મુજબ સુધારેલાં પગારધોરણોનો અમલ થતાં તે માટે જે તે કૉલેજોને જરૂરી આર્થિક સહાય આપવા માટે રાજ્ય સરકારને અને ભારત સરકારને ભલામણ કરવી.

૩૦. શ્રી સાર્વજનિક લૉ કૉલેજ, ગોધરાને જૂન ૧૯૭૦થી જોડાણ આપવા અંગે મૂકેલ શરતો પૈકીની નીચે જણાવેલ શરતોનું યથાર્થ પરિપાલન કૉલેજે નહીં કરેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત :

(૧) ગ્રંથાલય માટે ખર્ચવાના રૂ. ૭,૦૦૦ પૈકીના રૂ. ૪,૩૬૮નાં પુસ્તકો વસાવવાનાં બાકી છે.

(૨) રૂ. ૧૦,૦૦૦ યુનિવર્સિટીમાં જમા કરાવવાના બાકી છે.

સદરહુ બાબત ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી ત્યારે સભાગૃહને જણ કરવામાં આવી કે રૂ. ૧૦,૦૦૦ની રકમ સદરહુ કૉલેજ તરફથી યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવી છે અને બાકીનાં પુસ્તકોની ખરીદી માટે ઑર્ડર મુકાઈ ગયા છે.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૩૧. જૂન ૧૯૭૦થી ચાલુ/વધારાના જોડાણ માટે આવેલ અરજીઓ પર સેનેટે મૂકેલ શરતોનું યથાર્થ પરિપાલન નીચે જણાવેલ કૉલેજોએ હજુ સુધી કરેલ નહિ હોઈ તે તે કૉલેજો તરફથી આવેલ પરિપાલનના અહેવાલો અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
૧.	આર. આર. લાલન કૉલેજ, ભૂજ	૧. આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતાની નિમણૂક કરવાની બાકી છે. ૨. ભૌતિકવિજ્ઞાનની પ્રયોગશાળા સુસજ્જ કરવા માટે ખર્ચવાના રૂ. ૮,૦૦૦ની શરતનું પાલન કરવાનું બાકી છે. ૩. તત્ત્વજ્ઞાનના વિષય માટે રૂ. ૧,૦૦૦નાં પુસ્તકો વસાવવાનાં બાકી છે. ૪. ગ્રંથાલય માટે નીચે જણાવ્યા પ્રમાણેના ઑર્ડર મૂકેલ છે, પુસ્તકો આવવાનાં બાકી છે : અંગ્રેજી ... રૂ. ૨,૦૦૦ ગણિત ... રૂ. ૨,૦૦૦ ભૌતિકવિજ્ઞાન ... રૂ. ૨,૦૦૦ આંકડાશાસ્ત્ર ... રૂ ૧,૦૦૦ રૂ. ૭,૦૦૦
૨.	રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાત	૧. ગૃહવિજ્ઞાન માટેનાં રૂ. ૧૧,૩૩૪નાં સાધનો ખરીદાયાં નથી. ૨. ગૃહવિજ્ઞાનનાં રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો પૈકી કેટલી રકમનાં પુસ્તકો વસાવ્યાં છે તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી નથી.

ક્રમાંક	કૉલેજનું નામ	કાર્યાલયની નોંધ
૩.	યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ શ્રી. કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા	હિન્દી ગૌણ તરીકે માગેલ હોઈ હિંદીના વ્યાખ્યાતાની શરત મૂકેલ, પરંતુ ફક્ત પ્રથમ વર્ષમાં જ હિન્દી શીખવાનું હોઈ (૬ તાસ વત્તા ૧ ટ્યુટોરિયલ=૭) કાર્યભારને ધ્યાનમાં રાખી પૂર્ણ સમયના વ્યાખ્યાતાને બદલે ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરી છે, જે ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતું ચલાવી લેવાની કૉલેજ મંજૂરી માગે છે.
૪.	ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદ	૧. શરત મુજબ પ્રયોગશાળા માટે રૂ. ૧,૦૩,૩૫૦નો ખર્ચ કરવાનો છે તે પૈકી રૂ. ૩૩,૪૮૪નો ખર્ચ કરેલ છે અને રૂ. ૬૯,૮૬૬નાં સાધનો વસાવવાનાં બાકી છે. ૨. કેમિકલ એન્જિનિયરિંગના બ્લિવપમેન્ટ માટે રૂ. ૨,૦૦,૦૦૦નો ખર્ચ કરવાનો બાકી છે.

(**નોંધ.**—તા. ૧૫મી જૂન ૧૯૭૧થી ચાલુ જોડાણ માટે આ કૉલેજની આવેલી અરજી પરથી નિમાયેલ સ્થાનિક તપાસસમિતિએ કરેલો રિપોર્ટ ચાલુ વર્ષની પરિસ્થિતિને પણ સ્પર્શતો હોઈ તેની નકલ આ સાથે પરિપત્રિત કરવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) આર. આર. લાલન કૉલેજ, ભૂજની બાબતમાં જોડાણની શરતોનું હજુ સુધી પરિપાલન થયું નથી તે તરફ શ્રી. શિક્ષણસંચાલકનું ધ્યાન ખેંચીને તે શરતોનું પાલન થાય તે જોવા માટે વિનંતી કરવી.

(૨) રજની પારેખ આર્ટ્સ ઍન્ડ કે. બી. કૉમર્સ કૉલેજ, ખંભાતને ગૃહવિજ્ઞાન માટેનાં બાકીનાં સાધનો અને પુસ્તકોની ખરીદી કરીને ત્વરિત જાણ કરવા માટે જણાવવું.

(૩) યુવરાજ સુભગસિંહજી આર્ટ્સ ઍન્ડ શ્રી. કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયાએ ખંડ સમયના હિન્દીના લેક્ચરરની કરેલી નિમણૂક ચાલુ વર્ષ પૂરતી ગ્રાહ્ય ગણવી અને સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્ય સરકારને ભલામણ કરવી.

(૪) ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદને બાકી રહેલી જોડાણની શરતોનું ત્વરિત પરિપાલન કરવા માટે તાકીદ કરવી.

૩૨. યુનિવર્સિટી દ્વારા સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદમાં હિંદીના વ્યાખ્યાતાને સંસ્કૃત, સમાજશાસ્ત્રના વ્યાખ્યાતાને ઇતિહાસ અને ભૂગોળના વ્યાખ્યાતાને નાગરિકશાસ્ત્ર અને રાજ્યબંધારણના વિષયોનું શિક્ષણકાર્ય સોંપ્યું છે તે યુનિવર્સિટીના નિયમભંગ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્ય ગુજરાતી ઉપરાંત સંસ્કૃતના શિક્ષણકાર્ય માટે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવે છે તે જોતાં તેઓ પ્રી-યુનિવર્સિટી કક્ષાએ સિન્ડિકેટની તા. ૧/૨–૩–૧૯૬૯ની સભાના ઠરાવ અન્વયે, સંસ્કૃતનું શિક્ષણકામ કરવા માટે પાત્ર ગણાય, પરંતુ (૧) ઇતિહાસના, અને (૨) નાગરિકશાસ્ત્ર અને રાજ્યબંધારણના વિષયોના શિક્ષણકાર્ય માટે યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવી આવશ્યક છે અને તે નિમણૂંકો ત્વરિત કરીને યુનિવર્સિટી કાર્યાલયને તેની જાણ કરવા માટે જણાવવું.

૩૩. સેનેટે તેની તા. ૨૫/૨૬/૨૭–૩–૧૯૭૦ની સભામાં મંજૂર કરેલ ૨૮. ૨૦૨ને કુલાધિપતિશ્રીએ તેમના સચિવશ્રીના તા. ૧૯–૧૦–૧૯૭૦ના પત્રાંક જી. એસ. ૪૭૩૭ દ્વારા અનુમતિ આપી છે તેમાં જણાવેલ નીચેના સૂચન પર વિચારણા કરવા બાબત :

"The University should be clear about the details of the subject of 'Social change' before it introduces this subject."

આથી ઠરાવવામાં આવે છે કે કુલાધિપતિશ્રીના સદરહુ સૂચનની નોંધ લેવી.

૩૪. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિભાગના વ્યાખ્યાતા શ્રી. કે. પી. સોનીને નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇનમાં અમદાવાદમાં બેથી ત્રણ કલાક માટે વ્યાખ્યાનો આપવા માટે તથા તે અંગેનું એક કલાકના વ્યાખ્યાન દીઠ રૂ. ૧૫નું માનદ વેતન સ્વીકારવાની મંજૂરી આપવા માટે શ્રી. સોનીની તા. ૨૧–૧૦–૧૯૭૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા શ્રી. આઈ. એમ. ભટ્ટની અરજી પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે સર્વશ્રી કે. પી. સોની અને આઈ. એમ. ભટ્ટ પ્રત્યેકને ચાલુ સત્ર દરમ્યાન નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈનમાં ૨૦ વ્યાખ્યાનો આપવા માટે તથા તે અંગેનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૩૫. ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન કેટલાક વિદ્યાર્થીઓએ ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવી લેવાની મુદત તા. ૧૫–૧૦–૧૯૭૦ના રોજ પૂરી થઈ છે તે તા. ૩૧–૧૨–૧૯૭૦ સુધી લંબાવવા બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ શૈક્ષણિક વર્ષ દરમિયાન જે વિદ્યાર્થીઓએ પ્રવેશપાત્રતાનું પાકું પ્રમાણપત્ર (Final Eligibility Certificate) હજુ સુધી રજૂ કર્યું નથી તેમને તે રજૂ કરવાની મુદત તા. ૩૧–૧૨–૧૯૭૦ સુધી લંબાવી આપવી અને આ લંબાવેલી મુદત દરમ્યાન તે પ્રમાણપત્ર રજૂ કરવા માટે જણાવવું.

૩૬. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કંઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સને જૂની પોસ્ટઑફિસવાળો રૂમ (કેન્ટીન પાસેનો) આપવા તથા તે અંગેનું ભાડું નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૭. યુનિવર્સિટી પ્રેસના કૉપીહોલ્ડર શ્રી. વી. એલ. દવે તા. ૨૦-૧૨-૧૯૭૦ના રોજ ૬૩ વર્ષ પૂરાં કરતા હોવાથી તેમની નિવૃત્તિવય લંબાવવા માટેની તેઓની તા. ૨-૧૦-૧૯૭૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસના કૉપીહોલ્ડર શ્રી. વી. એલ. દવેની તબીબી તપાસ કરીને તેનો રિપોર્ટ કરવા માટે કાર્યકારી ચીફ મેડિકલ ઑફિસરને જણાવવું.

૩૮. પ્રોફેસરની જગાનો સિનિયર સ્કેલ રૂ. ૧,૬૦૦-૧૦૦-૧,૮૦૦ આપવા અંગેની અંગ્રેજીના પ્રાધ્યાપક ડૉ. કે. આર. ચંદ્રશેખરનની તા. ૧૪-૮-૧૯૭૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલના સ્ટે. ૨૦૪ પ્રમાણે પ્રોફેસરની જગાનું પગારધોરણ રૂ. ૧,૧૦૦-૫૦-૧,૩૦૦-૬૦-૧,૬૦૦નું છે, પણ ચોથી પંચવર્ષીય યોજનાના સ્કેલ મંજૂર કર્યા અંગેના ગુજરાત રાજ્ય સરકારના તા. ૧૨-૧૨-૧૯૬૭ના પત્રમાં નિર્દેશ કરેલ છે કે કુલ પ્રોફેસરોની સંખ્યાના ⅓ ભાગના પ્રોફેસરોને રૂા. ૧,૬૦૦-૧૦૦-૧,૮૦૦ના સિનિયર સ્કેલમાં નીમી શકાય. હાલ આપણી યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં કુલ્લે ૧૦ પ્રોફેસરો કામ કરે છે. સિનિયર સ્કેલના અમલ માટે સ્ટે. ૨૦૪ સુધારવાની જરૂર રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૯. આ યુનિવર્સિટી તરફથી હાલ દર વર્ષે (ઑક્ટોબર અને માર્ચ-એપ્રિલ) લેવાનાર એમ.ડી. (પેડિયાટ્રિક્સ)ની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને "ધી ઇન્ડિયન એકેડેમી ઑફ પેડિયાટ્રિક્સ, અમદાવાદ શાખા સુવર્ણચંદ્રક" એનાયત કરવા માટેનું પ્રદાન રૂ. ૭,૫૦૦ સ્વીકારવા માટે ધી ઇન્ડિયન એકેડેમી ઑફ પેડિયાટ્રિક્સ, અમદાવાદ શાખાના મંત્રીશ્રીના તા. ૬-૧૧-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સુવર્ણચંદ્રક માટેના પ્રદાનનો સાભાર સ્વીકાર કરવો, પરંતુ સદરહુ સુવર્ણચંદ્રક માટેની વિદ્યાર્થીઓની પાત્રતાની બાબતમાં દાતાની સાથે ચર્ચાવિચારણા કરીને તેની શરતોનો મુસદ્દો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવો.

૪૦. સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓમાં અપૂરતી લાયકાતવાળા ગ્રંથપાલ હોવા અંગે તથા જે ગ્રંથપાલોને યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડું ઇત્યાદિ અપાતાં ન હોય તે બાબત પરત્વે વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં તથા માન્ય સંસ્થાઓમાં ગ્રંથપાલની નિમણૂંકો અંગેના યુનિવર્સિટીના નિયમો પળાવવા માટે આગ્રહ રાખવો.

૪૧. ૧૯૭૧ના માર્ચ માસમાં લેવાનાર બી. એડ.ની આગામી પરીક્ષાનાં પ્રશ્નપત્રો ગુજરાત રાજ્ય બહારના કોઈ પ્રેસમાં છપાવી જે તે કેન્દ્રો પર પહોંચાડવાની વ્યવસ્થા કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલ જે જે પ્રેસોમાં પ્રશ્નપત્રો છાપવાનું કામ ચાલે છે તે પૈકી ગોધરા, ડભોઈ, વગેરે કેન્દ્રો પર આ પરીક્ષાનાં પ્રશ્નપત્રો વધારાનાં છાપવાનાં થતાં હોવાથી તેઓ તે કામને પહોંચી ન વળે તેમ લાગવાથી ઉપરનું સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે જરૂરી પગલાં લેવા માટે કુલપતિશ્રાને સત્તા આપવી

૪૨. તા. ૨૩ અને ૨૪ જાન્યુ. ૧૯૭૧ના સમય દરમિયાન Constitution Club, ન્યૂ દહલ્હી મુકામે યોજાયેલા The Institution of Telecommunication Engineersના ૧૪મા ટેકનિકલ કન્વેન્શનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ઇન્સ્ટિટ્યૂશનના આગામી ટેકનિકલ કન્વેન્શનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. એમ. કોટડિયાને મોકલવા.

૪૩. નાસિક મુકામે તા. ૨૮થી ૩૦ ડિસેંબર ૧૯૭૦ દરમિયાન યોજાયેલા ઑલ ઇન્ડિયા કૉમર્સ કૉન્ફરન્સના ૨૪મા અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ/નિરીક્ષકની નિમણૂક કરવા અંગે સદરહુ મંડળના મંત્રીશ્રીના તા. ૧ નવેંબર ૧૯૭૦ના પરિપત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રો. એચ. એ. પટેલને મોકલવા

૪૪. રાજસ્થાન યુનિવર્સિટીના ઉપક્રમે જયપુર મુકામે ડિસેંબર ૨૯ અને ૩૦, ૧૯૭૦ના સમય દરમિયાન યોજાયેલ Indian Law Teachers Associationના ૧૦મા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એસોસિયેશનના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે આચાર્ય વી. આર. રણદીવે અને આચાર્ય ગિરીશભાઈ પટેલને મોકલવા.

૪૫. ડિસેંબર ૧૯૭૦ના છેલ્લા અઠવાડિયામાં કોઇમ્બતુર ખાતે યોજાયેલા The Indian Academy of Applied Psychologyના ૯મા વાર્ષિક અધિવેશનમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ એકેડેમીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૬. સેવાસંઘ સાર્વજનિક હૉસ્પિટલ, મોડાસા, જિ. સાબરકાંઠાને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ અનુસાર ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટની તા. ૧૪/૧૫-૨-૧૯૭૦ની સભાએ નીમેલી સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" Looking to the amount of work done and residential facility available we recommend that two interns be posted at this Hospital in Obstetrics and Gynaecology and one in medicine."

આથી ઠરાવવામાં આવે છે કે સેવાસંઘ સાર્વજનિક હૉસ્પિટલ, મોડાસાને રોટેટિંગ હાઉસમેનશિપ માટે સદરહુ સમિતિએ કરેલી ભલામણો મુજબ માન્ય કરવી.

૪૭. વિક્ટોરિયા જ્યુબિલી હૉસ્પિટલ, અમદાવાદને ઑર્ડિ. ૨૭૨ અને ૨૭૨-એ અનુસાર ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટે માન્યતા આપવા અંગે સિન્ડિકેટની તા. ૬-૯-૧૯૭૦ની સભાએ નીમેલ સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

" We recommend that the hospital may be recognised for internship in Gynaecology & Obstetrics and four internees may be sent therefore internship in the above subject (Obstetrics and Gynaecology)."

આથી ઠરાવવામાં આવે છે કે વિક્ટોરિયા જ્યુબિલી હૉસ્પિટલ, અમદાવાદને રોટેટિંગ હાઉસમેનશિપ માટે સદરહુ સમિતિએ કરેલી ભલામણો મુજબ માન્ય કરવી.

૪૮. યુ. પી. આર્ટ્સ એન્ડ શ્રીમતી એમ. જી. પંચાલ સાયન્સ કૉલેજ, પિલવાઈમાંથી ત્રણ શિક્ષકોની કરવામાં આવેલ છટણી અને એક શિક્ષકને પ્રાધ્યાપકમાંથી વ્યાખ્યાતાની કક્ષા પર ઉતાર્યા અંગેની બાબતમાં સિન્ડિકેટની તા. ૭-૧૧-૧૯૭૦ની સભાના ઠરાવના સંદર્ભમાં લખાયેલા પત્રના જવાબમાં આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સિન્ડિકેટે તેની તા. ૭-૧૧-૧૯૭૦ની સભામાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોને છૂટા કરવાના પ્રશ્ન અંગે તપાસ કરવા માટે નિમાયેલી સમિતિની વિચારણા માટે મોકલવી.

૪૯. બી. ડી. કૉલેજ, અમદાવાદમાંથી બીજા સત્રથી છૂટા કરાયેલા સાત ડેમોન્સ્ટ્રેટરોને તા. ૧૫ માર્ચ ૧૯૭૧ સુધીનો પગાર ચૂકવવામાં આવશે, પરંતુ તેઓને માટે કોઈ કામ નહીં હોવાથી તેઓએ કૉલેજમાં હાજરી આપવાની રહેશે નહીં તથા જૂન ૧૯૭૧થી વિજ્ઞાન વિદ્યાશાખાનું શિક્ષણ બંધ કરાનાર છે તેવી જાણ કરતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૧૧-૧૧-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કૉલેજોમાં કોઈ પણ વિષયનું કે વિષયોનું શિક્ષણકાર્ય બંધ કરવાની બાબતમાં સિન્ડિકેટે તેની તા. ૯/૧૦-૩-૧૯૬૮ની સભામાં મંજૂર કરેલા માર્ગદર્શક સિદ્ધાંતો તરફ સદરહુ કૉલેજના આચાર્યનું ધ્યાન ખેંચવું.

(૨) વધુમાં ઠરાવવામાં આવે છે કે નીચેના સાત ડેમોન્સ્ટ્રેટરોના ઉનાળાની રજાઓ દરમ્યાનના પગાર અંગેનો પ્રશ્ન સિન્ડિકેટે તેની તા. ૭-૧૧-૧૯૭૦ની સભામાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોને છૂટા કરવાના પ્રશ્ન અંગે તપાસ કરવા માટે નિમાયેલી સમિતિની વિચારણા માટે મોકલવો:

૧. શાહ અનુપમાબહેન
૨. પરીખ ઇલાબહેન
૩. શાહ કૈલાસબહેન
૪. ભાવસાર સરોજબહેન
૫. શાહ ભારતીબહેન
૬. મશરૂવાળા શોભનાબહેન
૭. શાહ પરેશાબહેન.

તે પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૬૯ ઉપર વિચારણા કરવામાં આવી.

૬૯. સ્વામિનારાયણ સાયન્સ કૉલેજ, અમદાવાદમાંથી બીજા સત્રથી છૂટા કરાયેલા બે ડેમોન્સ્ટ્રેટરોને તા. ૨૫મી માર્ચ ૧૯૭૧ સુધીનો પગાર ચૂકવવામાં આવશે, પરંતુ તેમને માટે કોઇ કામ ન હોવાથી તેમની હાજરીની કૉલેજમાં જરૂર નથી તેમ જણાવતા સદરહુ કૉલેજના આચાર્યશ્રીના તા. ૨૯-૧૧-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નીચેના બે ડેમોન્સ્ટ્રેટરોના પગાર અંગેનો પ્રશ્ન સિન્ડિકેટે તેની તા. ૭-૧૧-૧૯૭૦ની સભામાં સંલગ્ન કૉલેજોના શિક્ષકોને છૂટા કરવાના પ્રશ્ન અંગે તપાસ કરવા માટે નિમાયેલી સમિતિની વિચારણા માટે મોકલવો:

૧. સંઘવી રેખાબહેન
૨. ત્રિપાઠી રમ્યલતાબહેન.

૫૦. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત:

(૧) નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી માટે સ્વીકારી જાહેર કર્યાના:

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
૧.	શ્રી. એ. એસ. ચૌધરી	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. એમ. સી. વૈદ્ય	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.

(૨) સેનેટ પરની સ્નાતક મતદારવિભાગની શિક્ષણ સહિતની વિનયન વિદ્યાશાખાની ચાર જગ્યાઓ માટેના એક ઉમેદવાર શ્રી. સિદ્ધાર્થ કેશવલાલ ઝવેરીએ ગુજરાત હાઈકોર્ટમાં કરેલી સ્પે. સિવિલ એપ્લિકેશન નંબર ૧૩૮૫-૧૯૭૦થી રિટ અરજી દાખલ કરવામાં આવી છે તેની તથા યુનિવર્સિટી તરફથી એડવોકેટ શ્રી. સી. ટી. દારૂ તથા શ્રી. એસ એન. શેલતને રોકવાના તથા તે અંગેનો ખર્ચ મંજૂર કર્યાના.

(૧) આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી તથા તે બાબતમાં જરૂરી ખર્ચ મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫૨. સહજાનંદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં ૧૯૬૯-૭૦ના વર્ષમાં વાણિજ્ય વિષયના શૈક્ષણિક કાર્ય માટે શ્રી. સી. આર. લાખિયાની નિમણૂક કરેલ. પરંતુ તે માન્યતાને પાત્ર ન હોવાથી સદરહુ વિષયના શૈક્ષણિક કાર્ય માટે ગયા વર્ષે મુલાકાતી પ્રાધ્યાપક તરીકે શ્રી. આઈ. એન. પટેલની નિમણૂક ગયા શૈક્ષણિક વર્ષના બીજા સત્રમાં કરવામાં આવી હતી તે બાબત અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ચાલુ વર્ષે સદરહુ વિષયના શૈક્ષણિક કાર્ય માટે શ્રી. ટી. જે. રાણાની નિમણૂક કરી છે, જેઓ જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૬૯-૭૦ના વર્ષમાં સદરહુ કૉલેજે યોગ્ય લાયકાત ધરાવતા વાણિજ્યના શિક્ષક વિના ચલાવ્યું તે યોગ્ય થયું નથી તે બાબત તરફ આચાર્યશ્રીનું ધ્યાન ખેંચવું.

૫૩. ગ્રંથાલય સમિતિની તા. ૧૩-૧૦-૧૯૭૦ની સભાના નીચેના ઠરાવની જાણ લેવા બાબત :

"ગ્રંથાલયના તા. ૧-૪-૧૯૭૦થી તા. ૩૦-૬-૧૯૭૦ સુધીના ત્રૈમાસિક અહેવાલની નોંધ લેવામાં આવે છે અને તે સિન્ડિકેટની જાણ માટે મોકલવાનું ઠરાવવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ત્રૈમાસિક અહેવાલની નોંધ લેવી.

૫૪. ગ્રંથાલય સમિતિની તા. ૧૩-૧૦-૧૯૭૦ની સભાના નીચેના ઠરાવની મંજૂરી બાબત :

"સને ૧૯૬૭-૬૮, ૧૯૬૮-૬૯ અને ૧૯૬૯-૭૦ના વર્ષ દરમિયાન પુસ્તકોની વાર્ષિક મેળવણી કરતાં આ સાથેની યાદીમાં જણાવેલ ૭૫ પુસ્તકો, જેની કિંમત રૂ. ૨,૯૫૮-૦૦ થાય છે તે મળતાં નથી તો તે ક્રમી થયેલાં ગણી તેને માંડી વાળવાની સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામા આવ છ ક સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૫૫. ગ્રંથાલય સમિતિની તા. ૧૩-૧૦-૧૯૭૦ની સભાના નીચેના ઠરાવની જાણ લેવા બાબત :

"યુનિવર્સિટીની જરૂરિયાતોને ધ્યાનમાં લઈને ૧૯૭૦-૭૧ના વર્ષ દરમિયાન નીચે જણાવેલ પુસ્તક-વિક્રેતાઓ પાસેથી તેમણે આપેલ તેમ જ માન્ય રાખેલી શરતોએ અમેરિકન પ્રકાશનોમાં

એક ડૉલરના રૂ. ૬–૭૫પૈ. સુધીના દરે, બ્રિટિશ પબ્લિકેશનમાં ૧ શિલિંગના રૂ. ૦–૮૧પૈ. સુધીના દરે તથા ભારતીય અંગ્રેજી પ્રકાશનોમાં ૧૦ ટકા કે તેથી વધુ વળતર આપનાર પાસેથી, હિંદી, ઉર્દૂ તથા પર્શિયન પ્રકાશનોમાં ૧૨½ ટકા કે તેથી વધુ વળતર આપનાર પાસેથી, ગુજરાતી સામાન્ય પ્રકાશનો ૨૦ ટકા કે તેથી વધુ વળતર આપનાર પાસેથી તથા પાઠ્યપુસ્તકો ૧૦ ટકા કે તેથી વધુ વળતર આપનાર પાસેથી, સંસ્કૃત પુસ્તકો ૧૦ ટકા કે તેથી વધુ વળતર આપનાર પાસેથી તથા મરાઠી પુસ્તકો ૧૦ ટકા કે તેથી વધુ વળતર આપનાર પાસેથી ખરીદવાનું ઠરાવવામાં આવે છે. એસ. ડી. બુક્સ માટે વધુમાં વધુ ૧૫ ટકા સુધીના હેન્ડલિંગ ચાર્જીસ સ્વીકારવા જે કોઈ વિક્રેતાઓ તૈયાર હોય તેમના ભાવ સ્વીકારવાનું ઠરાવવામાં આવે છે, તથા અમેરિકન અને બ્રિટિશ પ્રકાશનો સિવાયનાં અન્ય વિદેશી પ્રકાશનો માટેની જે તે વિક્રેતાની શરતો મંજૂર રાખવાનું ઠરાવવામાં આવે છે:

૧. આત્મારામ એન્ડ સન્સ, દિલ્હી
૨. બાલગોવિંદ બુકસેલર્સ, અમદાવાદ
૩. ગુજરાત યુનિવર્સિટી કન્ઝ્યુમર્સ સ્ટોર્સ, અમદાવાદ
૪. કોઠારી બુક ડીપો, મુંબઈ
૫. ન્યૂ ઓર્ડર બુક કંપની, અમદાવાદ
૬. હિમાંશુ બુક કંપની, અમદાવાદ
૭. એન. એમ. ત્રિપાઠી, મુંબઈ
૮. ઇન્ટરનેશનલ બુક હાઉસ, મુંબઈ
૯. જયકોસ, મુંબઈ
૧૦. મેકમિલન એન્ડ કંપની, મુંબઈ
૧૧. કરન્ટ ટેકનિકલ લિટરેચર પ્રા. લિ., મુંબઈ
૧૨. કાદરી બુક એજન્સી, અમદાવાદ
૧૩. મક્તબા જમીઆ, મુંબઈ
૧૪. આર. આર. શેઠની કંપની, અમદાવાદ
૧૫. ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ
૧૬. સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ
૧૭. ઓરિયેન્ટલ બુક સેન્ટર, અમદાવાદ
૧૮. એચ. ઈશ્વર, મુંબઈ
૧૯. લોકમિલાપ ટ્રસ્ટ, ભાવનગર
૨૦. ચોખંબા સંસ્કૃત સિરીઝ ઑફિસ, વારાણસી
૨૧. પોપ્યુલર બુક ડીપો, મુંબઈ

આપણે આપેલા ઑર્ડરનાં પુસ્તકો ઉપરના કોઈ વિક્રેતા મુદત દરમિયાન પૂરાં ન પાડે અને તે બીજા કોઈ ગ્રંથ-વિક્રેતા પાસે હાજર સ્ટૉકમાં હોય તો તેમની પાસેથી તે પુસ્તક અને ત્યાં સુધી ગુજરાત યુનિવર્સિટી કન્ઝ્યુમર્સ સ્ટોર્સ મારફતે ખરીદી લેવાં.

આ ઉપરાંત જે પુસ્તકો બીજા કોઈ વિક્રેતા પાસેથી હાજર સ્ટૉકમાં હોય અને તે લેવા માટે જે તે વિદ્યાશાખાના ડીન અથવા ભવનના અધ્યક્ષની ભલામણ આવે તો તે વિક્રેતા પાસેથી ઉપરના ભાવે ખરીદવાનું રાખવું.

અમદાવાદના પ્રકાશકોનાં પ્રકાશનો જે પ્રકાશકોની પોતાની પાસેથી ખરીદવાથી ઉપરના કરતાં સસ્તાં પડે તો તે પુસ્તકો તેના પ્રકાશકો પાસેથી ખરીદવાં."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિના ઉપરના ઠરાવની નોંધ લેવી.

૫૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યોની નોંધ લેવા બાબત :

(૧) પિલવાઈ કૉલેજના છૂટા કરાયેલા શિક્ષકોની બાબતમાં તે કૉલેજની ગવર્નિંગ બૉડીના સભ્યો સાથે આ અંગે ચર્ચાવિચારણા કરવા તા. ૧૯–૧૦–૧૯૭૦ના રોજ સિન્ડિકેટના સભ્ય શ્રી. આઈ. એ. મોદી મુંબઈ ગયેલા તે માટે નિયમ પ્રમાણે પ્રથમ વર્ગનું મુસાફરી ભથ્થું મળે, પણ તે વર્ગનું રિઝર્વેશન ન મળતાં તેઓશ્રીને જવાઆવવા માટે ઍરકન્ડિશન વર્ગની મુસાફરી મંજૂર કર્યાના;

(૨) સિન્ડિકેટની તા. ૩/૪–૧૦–૧૯૭૦ની સભામાં સિમલા મુકામે થનાર Physiology of Differentiation in Plants નામના પરિસંવાદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. જે. જે ચિનોયની નિમણૂક કરી છે, તેને બદલે મિનિટ્સમાં ડૉ. જે. જે. ત્રિવેદી એમ છપાયું છે તે છાપભૂલ સુધાર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીનાં સદરહુ કાર્યોની નોંધ લેવી.

૫૭. ગુજરાત યુનિવર્સિટીના યુથ વેલ્ફેર બોર્ડની ૧૯૬૯–૭૦ના વર્ષની ગ્રાન્ટની રકમ રૂ. ૮,૯૨૯–૦૦ ભારત સરકારના શિક્ષણખાતાએ તેમના પત્રાંક એફ–૪–૧૩–૧૯૭૦ વાય. એસ.આઈ (૩), તા. ૧૦–૧૧–૧૯૭૦થી મંજૂર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૮. સને ૧૯૭૧ના વર્ષ દરમિયાન યુનિવર્સિટી કાર્યાલયમાં પાળવાની રજાઓ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૭૧ના વર્ષ દરમ્યાન યુનિવર્સિટી કાર્યાલયમાં પાળવાની રજાઓની યાદી મંજૂર કરવી તથા દર વર્ષની જેમ ૧૯૭૧ના વર્ષમાં પણ વધુ બે રજાઓ મંજૂર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

(મંજૂર કરવામાં આવેલી રજાઓની યાદીની નકલ પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.)

૫૯. **Seminar on Orientation for Teachers : Curriculum in Biology for P.-U. Science માટે વિજ્ઞાન વિદ્યાભવનના નીચેના કર્મચારીઓને વધારાની સેવાઓ આપવા માટેનું મહેનતાણું સ્વીકારવા માટે પરવાનગી આપવા અધ્યક્ષશ્રીના તા. ૯-૧૧-૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત :**

ક્રમાંક	કર્મચારીનું નામ	હોદ્દો	કામનો પ્રકાર	મહેનતાણાની રકમ
૧.	શ્રી. બાબુભાઈ મોદી	લેબોરેટરી આસિ.	સેક્રેટરિયલ કામ	રૂ. ૩૦
૨.	શ્રી. એચ. આર. પરમાર	ટાઇપિસ્ટ	,,	રૂ. ૩૦
૩.	શ્રી. કે. જી. વડોદરા	પટાવાળા	,,	રૂ. ૧૦
૪.	શ્રી. રામજી	પટાવાળા	,,	રૂ. ૧૦.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કર્મચારીઓને તેમનાં નામ સામે જણાવેલ કામ માટે ઉપર જણાવ્યા મુજબનું વેતન સ્વીકારવા માટે પરવાનગી આપવી.

૬૦. **સમાજવિદ્યા ભવનના ફર્નિચર માટે રૂ. ૫,૦૦૦ની વધારાની જોગવાઈ કરવા અંગે વિચારણા કરવા બાબત.**

"આથી ભલામણ કરવામાં આવે છે કે બી.એડ.ના કન્ટેન્ટ વિષય શીખવવા માટેના સ્ટાફ ઉપર અત્યાર સુધી યુનિવર્સિટીએ નક્કી કરેલ લાયકાતવાળી વ્યક્તિ ન હોય તો જે અધ્યાપકોએ વિષય બી.એ./બી.એસસી. કક્ષાએ મુખ્ય વિષય તરીકે લઈ પરીક્ષા પાસ કરી હોય અને તે વિષય માધ્યમિક શાળાના દશમા કે અગિયારમા ધોરણમાં ઓછામાં ઓછાં પાંચ વર્ષ સુધી શીખવ્યો હોય તે અધ્યાપકને એ વિષય બી.એડ.માં શીખવવા માટે લાયક ગણવા. એ ઉપરાંત જે કોઈ માધ્યમિક શાળાના શિક્ષક એ વિષય બી.એ./બી.એસસી. કક્ષાએ મુખ્ય વિષય તરીકે લઈ પરીક્ષા પાસ કરી હોય અને માધ્યમિક શાળાના દશમા કે અગિયારમા ધોરણમાં વિષય દશ વર્ષ સુધી શીખવ્યા હોય તો તે શિક્ષકને જો તે બી.એડ. થયેલ હોય તો તે વિષય બી.એડ.માં શીખવવા માટે ખંડ સમયના અધ્યાપક તરીકે માન્ય ગણવા."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે શિક્ષણની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૧૮. તા. ૧૩–૧૦–૧૯૬૯ના રોજ મળેલ મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિએ એમ.એ. ભાગ ૨ની પરીક્ષાના ડિઝર્ટેશન તપાસવાની બાબતમાં કરેલી નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦–૧૨–૧૯૭૦ની સભામાં મંજૂર કરેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત :

"રિસર્ચ વર્ક કર્યું હોય તેવા શિક્ષકને જ ડિઝર્ટેશન તપાસવાનું કાર્ય સોંપવું."

[નોંધ.—(૧) પરીક્ષક થવાની લાયકાતનાં હાલનાં ધોરણમાં સંશોધનકાર્ય કરેલું હોવું આવશ્યક નથી.

(૨) એમ.એ. સમાજશાસ્ત્ર વિષયમાં મહાનિબંધ માટે અલગ પેનલ હોય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ. ભાગ ૨ની મનોવિજ્ઞાન માટેની પરીક્ષામાં ડિઝર્ટેશન તપાસવાનું કાર્ય બને ત્યાં સુધી જે શિક્ષકોએ સંશોધનકાર્ય કર્યું હોય તેમને જ સોંપવાનું રાખવું.

૧૯. વિજ્ઞાન વિદ્યાશાખાની તા. ૨-૯-૧૯૬૯ની સભાની ભલામણને અનુલક્ષીને એમ.એસસી. ભાગ ૨ ના પરીક્ષણની વ્યવસ્થા કરવા અંગે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

1. The dissertation be assessed jointly by two Examiners, one of whom should be the guide under whom the candidate has worked.
2. Marks be assigned from 150, and should be assigned after viva.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૦. વિજ્ઞાનની કૉલેજોમાં પ્રાયોગિક કાર્ય માટે વિદ્યાર્થી / ડેમોન્સ્ટ્રેટરનું પ્રમાણ નીચે પ્રમાણે રાખવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

Class	*Students/Demonstrator Ratio*
1. Pre-Uni. & First B.Sc. Classes	30 : 1
2. Second B Sc.	25 : 1
3. Third B.Sc.	20 : 1

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનની કૉલેજોમાં પ્રાયોગિક કાર્ય માટે વિદ્યાર્થી-ડેમોન્સ્ટ્રેટરનું પ્રમાણ એકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે જૂન ૧૯૭૧થી ઉપર મુજબ રાખવું.

૨૧. વિજ્ઞાનની કૉલેજોમાં પ્રાયોગિક કાર્ય માટેની ગુરુતમ વિદ્યાર્થી સંખ્યા નીચે મુજબ રાખવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

No.	*Class*	*Subject*	*Maximum strength of a batch for practicals*
1.	Pre-Uni.	Chemistry	30
		Physics	30
		Biology	30
2.	F Y.B.Sc.	Chemistry	30
		Physics	30
		Biology	20
3.	S.Y.B.Sc.	Chemistry	30
		Physics	30
		All other subjects	20
4.	T.Y.B.Sc.	Chemistry	30
		All other subjects	20

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનની કૉલેજોમાં પ્રાયોગિક કાર્ય માટે વિદ્યાર્થીઓની વધુમાં વધુ સંખ્યા એકેડેમિક કાઉન્સિલની ભલામણ પ્રમાણે જૂન ૧૯૭૧થી ઉપર મુજબ રાખવી.

૨૨. પરદેશની યુનિવર્સિટીઓ/સંસ્થાઓની પદવી ધરાવતી વ્યક્તિઓની શિક્ષકો તરીકેની નિમણૂકોને મંજૂરી આપવાની બાબતમાં હાલની પદ્ધતિને બદલે કુલપતિશ્રી નિષ્ણાત અગર નિષ્ણાતોની સલાહ લઈ ઘટતો નિર્ણય લે તેવી ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરદેશની યુનિવર્સિટીઓ/સંસ્થાઓની પદવી ધરાવતી વ્યક્તિઓની શિક્ષકો તરીકેની નિમણૂકોને મંજૂરી આપવાની બાબતમાં કુલપતિશ્રીને યોગ્ય લાગે તે નિષ્ણાત અગર નિષ્ણાતોની સલાહ લઈને ઘટતો નિર્ણય લેવાની પદ્ધતિ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ અખત્યાર કરવી.

૨૩. ઑર્ડિ. કૉમ. ૭ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા તથા ઑર્ડિ. ૧-એ રદ કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

O. Com. 7 :

A candidate who has passed the B.Com. Examination of this University will be permitted to appear in any of the additional optional subjects, and will on passing in such an additional subject, be awarded a degree to that effect. A candidate will have to appear simultaneously or in part in the additional optional subject at F.Y.B.Com., S.Y.B.Com. and T.Y.B.Com. Examinations and shall be declared to have passed if he secures 36% or more marks at every paper. Such a candidate who secures at the First Trial 60% of the total marks will be placed in first class if he has got first class at the B.Com., level and such a candidate who secures at the First Trial 48% of the total marks will be placed in the second class, if he has got second class at the B.Com. level. Such a candidate will not be eligible for any prize or any other award.

[redacted] આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી. દરમિયાન બીજી [redacted] છે તેની

૨૫. ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ ઑફ ઇન્ડિયા ઍન્ડ સિલોનના નીચેના સૂચન જે પર પર (૧) બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ (૨) વિનયન વિદ્યાશાખા તથા ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાએ હાલ કશું કરવાની જરૂર નથી એવો અભિપ્રાય દર્શાવ્યો છે તે પર વિચારણા કરવા બાબત:

"Institution of an Intermediate Degree between M.A. and Ph D. for subjects in Social Sciences and Humanities in order to upgrade and maintain the standard of the Ph D. or D.Phil. Degree."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સૂચન અંગે હાલ વિશેષ કશું કરવાની જરૂર નથી.

૨૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૯-૧૦-૧૯૬૯ની ભલામણને અનુલક્ષીને આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજ અગર માન્ય સંસ્થાઓમાં કામ કરતા શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવા અંગેના ઑર્ડિ. ૬૫-એમ (૧) માં નીચે પ્રમાણેની જોગવાઈ ઉમેરવા તથા સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવે તે રીતે સુધારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

Bachelors' Degree	Masters in the subject	Doctorate degree	Teaching experience as a Lecturer in the subject
II	I	Ph.D.	2 years
I	II	Ph.D.	2 years

આથી ઠરાવવામાં આવે છે કે ઑર્ડિ. ૬૫-એમ (૧) માં ઉપર મુજબની જોગવાઈ ઉમેરીને તે પ્રમાણે સુધારેલા ઑર્ડિ. ૬૫-એમ(૧)ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૨૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણને અનુલક્ષીને ઑર્ડિ. ૬૮ના પેરા ૧ હેઠળ નીચેનો ભાગ ઉમેરીને તે ઑર્ડિ. સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત

૨૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૬-૧૯૭૦ની સભાની ભલામણને અનુલક્ષીને નીચે મુજબનો સ્ટે. ૧૧૮-એ મંજૂર કરવાની એકેડમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત:

St. 11[illegible]-A :

One-third of the total number of members of the Board shall constitute quorum for the meeting of the Board of University Teaching and all questions shall be decided by a majority of votes of the members present.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની ભલામણ મુજબ સ્ટે. ૧૧૮-એ મંજૂર કરવા માટે સેનેટને ભલામણ કરવી.

૨૯. ભૌતિકવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા ૨૧-૧૦-૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર એસ.વાય.બી.એસસી.માં ભૌતિકવિજ્ઞાનનો નવો અભ્યાસક્રમ આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવા અને તે જૂન ૧૯૭૧ના શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકવાની એકેડમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસ.વાય.બી.એસસી.ના વર્ષ માટે ભૌતિકવિજ્ઞાનનો અભ્યાસક્રમ સુધારવા માટે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે મુજબ રેગ્યુ. સાયન્સ ૮ સુધારીને તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. સાયન્સ ૮ની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૩૦. વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૨-૧૦-૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર એમ.એસસી. ભાગ ૧ અને ૨નો બોટેની વિષયનો સુધારેલો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા અને તે અંગેનો સંબંધકર્તા રેગ્યુ. એમ.એસસી. ૨ તથા રેગ્યુ. એમ.એસસી. ૬ને સુધારવા તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવાની એકેડમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી. ભાગ ૧ અને ૨ના વર્ષ માટે વનસ્પતિવિજ્ઞાનનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરવો તથા તે મુજબ રેગ્યુ. એમ.એસસી. ૨ તથા રેગ્યુ. એમ.એસસી. ૬ સુધારવા તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

(રેગ્યુ. એમ.એસસી. ૨ તથા રેગ્યુ. એમ.એસસી. ૬ની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે)

૩૧. ગણિતની અભ્યાસસમિતિની તા. ૧૯-૧-૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર
(અ) દ્વિતીય વર્ષ બી.એ. અને દ્વિતીય વર્ષ બી.એસસી.ના ગણિત વિષયના અભ્યાસક્રમો આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા તથા તે અંગેના સંબંધકર્તા રેગ્યુ. આર્ટ્સ ૭ અને રેગ્યુ. સાયન્સ ૮(એ) સુધારી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા માટેની; તથા
(બ) દ્વિતીય વર્ષ બી.એ. અને દ્વિતીય વર્ષ બી.એસસી.માં ગુણનું વિભાજન નીચે મુજબ રાખવા માટેની તથા તે અંગેના સંબંધકર્તા રેગ્યુ. આર્ટ્સ અને રેગ્યુ. સાયન્સ-૮ (*iii*) માં સુધારા કરવા અને તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા માટેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

For Mathematic as a special subject there will be three papers and the distribution of marks will be as under

	Ext. Evaluation	Int. Evaluation	Duration of Exa m.
Papers III	70	30	3 hours
Paper IV	70	30	3 h ours
Paper V Theory	40	20	2 hours
Practical	30	10	3 hours

આથી ઠરાવવામાં આવે છે કે—
(અ) દ્વિતીય વર્ષ બી.એ. અને દ્વિતીય વર્ષ બી.એસસી.ના ગણિતના વિષયના સુધારેલા અભ્યાસક્રમો મંજૂર કરવા તથા તે મુજબ સુધારેલા રેગ્યુ. આર્ટ્સ-૭ અને રેગ્યુ. સાયન્સ-૮ને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.
(બ) દ્વિતીય વર્ષ બી.એ. અને દ્વિતીય વર્ષ બી.એસસી.માં ગુણનું વિભાજન ઉપર મુજબ મંજૂર કરવું તથા તે મુજબ રેગ્યુ. આર્ટ્સ-૭ અને રેગ્યુ. સાયન્સ-૮ (*iii*) સુધારવા તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

(અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૩૨. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને તબીબી વિદ્યાશાખાના વિષયોમાં પીએચ.ડી. પદવી માટે માર્ગદર્શક શિક્ષક તરીકેની માન્યતા માટેની લાયકાતના ધોરણને ઑર્ડિ. ૬૫-એચ. જે તે વિદ્યાશાખાની ભલામણ અનુસાર આ સાથે આપેલ પરિશિષ્ટ પ્રમાણે સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૮-૭-૧૯૭૦ની સભામાં બાબત નં. ૫થી નીમેલી સમિતિનો અહેવાલ આવે ત્યાં સુધી મોકૂફ રાખવી.

૩૩. ઇતિહાસ વગેરેની અભ્યાસસમિતિની તા. ૯-૨-૧૯૭૦ની સભાનો ભલામણ અનુસાર રેગ્યુ. એમ.એ. ઇતિહાસ ભાગ ૨, ગ્રુપ 'ડી' પેપર ૮ (ઑપ્શનલ): હિસ્ટરી ઑફ ગુજરાત તેમ જ એમ.એ. ઇતિહાસ ભાગ ૨, ગ્રુપ "ઈ" પેપર ૮ (ઑપ્શનલ): હિસ્ટરી ઑફ ફાર ઇસ્ટના મુદ્દાઓ અને ભલામણ કરેલ પુસ્તકોની યાદી આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ રાખવાની અને તેનો અમલ ૧૯૭૧ના વર્ષથી કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૮/૨૯-૮-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એ ભાગ ૨, ઇતિહાસ ગ્રુપ 'ડી'—પેપર ૮ (ઑપ્શનલ): હિસ્ટરી ઑફ ગુજરાત તેમજ એમ.એ. ભાગ ૨, ઇતિહાસ ગ્રુપ 'ઈ'—પેપર ૮ (ઑપ્શનલ): હિસ્ટરી ઑફ ફાર ઈસ્ટના મુદ્દાઓ અને ભલામણ કરેલ પુસ્તકોની યાદી અંગે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ રેગ્યુ. એમ.એ.-૮ સુધારવો અને તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

(મુદ્દાઓ તેમજ ભલામણ કરેલ પુસ્તકોની યાદી **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે)

૩૪. સિન્ડિકેટે તેની તા. ૧૧/૧૨-૪-૧૯૭૦ની સભામાં નવી કૉલેજની જરૂરિયાત અંગે નીમેલી સમિતિનો તા. ૭/૮-૮-૧૯૭૦ની સભાની નીચેનો ભલામણોની સિન્ડિકેટે તેની તા. ૮/૯ ૮-૧૯૭૦ની સભામાં નોંધ લઈને મજકૂર ભલામણો ઍકેડેમિક કાઉન્સિલની તેની તા. ૧૯'૨૦-૧૧-૧૯૭૦નો સભાનો ભલામણ કરતી નોંધ લઈ પ્રત્યેક અરજીની વિચારણા કરતી વખતે સદ્દરહુ મુદ્દાઓ લક્ષમાં લેવા ઠરાવ્યું છે તે પર વિચારણા કરવા બાબત:

૧. (ક) ૧૯૭૧-૭૨ના વર્ષમાં અમદાવાદ શહેર વિસ્તારમાં વિનયન કે વાણિજ્ય કે શિક્ષણ કે કાયદાની નવી કૉલેજોનું જોડાણ જરૂરી જણાતું નથી.

(ખ) અમદાવાદ શહેર વિસ્તારમાં વિજ્ઞાનની નવી કૉલેજ માટે અવકાશ છે, પરંતુ પ્રયોગશાળા ઇત્યાદિની જરૂરી સુવિધા વેળાસર કરવામાં આવે તે આવશ્યક છે.

(ગ) સંલગ્ન કૉલેજોમાં શિક્ષણ માટે અમુક બે વિદ્યાશાખાઓના સંચાલનની યુનિવર્સિટીની સામાન્ય નીતિને અનુસરીને કોઈ બે વિદ્યાશાખાઓ ધરાવતી કૉલેજના વિભાગીકરણ માટેની માગણી આવે તો તે વિચારવી જોઈએ.

૨. ૧૯૭૧-૭૨ના વર્ષમાં ગ્રામવિસ્તારમાં વિનયન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદાની નવી કૉલેજોની જરૂર જણાતી નથી છતાં અને વિદ્યાશાખાઓ પૈકી કોઈ વિદ્યાશાખાની કૉલેજ ન હોય અને બીજું જે ગામોમાં સીધી કૉલેજ હોય પણ ત્યાંથી ગામ લાંબા અંતરે હોય તો તેવી કૉલેજોની જોડાણ માટેની અરજી પર વિચારણા કરવી જોઈએ.

ગ્રામ્ય વિસ્તારમાં ૧૯૭૧-૭૨ના વર્ષ દરમ્યાન વિજ્ઞાનની નવી કૉલેજ માટે કોઈ અરજી આવેલી ન હોઈ તે અંગે કોઈ ભલામણ કરવાની રહેતી નથી.

આથી ઠરાવવામાં આવે છે કે સદ્દરહુ સમિતિની ભલામણની નોંધ લેવી અને તે ભલામણો, જોડાણ અંગેની પ્રત્યેક અરજીની વિચારણા કરતી વખતે લક્ષમાં લેવાનું રાખવું.

૩૫. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડની યોજના હેઠળ પ્રસિદ્ધ કરવા નક્કી કરેલ પ્રકાશનો પૈકી યુનિવર્સિટીને મળેલ/મળનાર હસ્તપ્રતોના મુદ્રણ અંગે સદ્દરહુ બોર્ડ માન્ય

કરેલાં પ્રેસો પાસે તે કામો તાકીદે પૂરાં કરાવવા માટે બોર્ડના અધ્યક્ષશ્રી ઈશ્વરભાઈ પટેલે તેમના તા. ૧૬-૧૦-૧૯૭૦ના પત્રથી કરેલ સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડની આર્થિક સહાયથી પ્રસિદ્ધ થતાં આ યુનિવર્સિટીનાં પ્રકાશનો ગુજરાત યુનિવર્સિટી પ્રેસ ઉપરાંત જરૂર પડયે સદરહુ બોર્ડે માન્ય કરેલાં અન્ય મુદ્રણાલયોમાં છપાવવાનું રાખવું અને તે અંગે જરૂરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૬. ઇજનેરી વિદ્યાશાખાની તા. ૩૧-૮-૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર એમ.ઈ.ની જુદી જુદી પરીક્ષાઓ માટે નિમાતા પ્રાધ્યિક/પરીક્ષકોની લઘુતમ લાયકાતનું ધોરણ સુધારી નીચે મુજબ રાખવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Post-graduate Examination in Engineering :

No person shall be recommended as an Examiner at a Post-graduate examination, unless he is a recognised post-graduate teacher or holds a Doctor's or a Master's degree of this or any other recognised University or an equivalent qualification and has at least 7 (Seven) years teaching experience or is a person of recognised eminence in the subject.

આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરી વિદ્યાશાખામાં એમ.ઈ.ની પરીક્ષાઓ માટે નિમાતા પ્રાધ્યિકો/પરીક્ષકોની ઓછામાં ઓછી લાયકાતનાં ધોરણો અંગેનો નિયમ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો અને તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

૩૭. નીચેના વિદ્યાર્થીઓના મહાનિબંધ તેમનાં નામ સામે જણાવેલ વિષય અને પદવી સ્વીકારી જાહેર કર્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિદ્યાશાખા અને વિષય	પદવી
૧.	શ્રી. એ. સી. વર્મા	વિનયન—હિન્દી	પીએચ.ડી.
૨.	શ્રી. જે. કે. મોતીવાલા	વિજ્ઞાન—રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના ઉપરના કાર્યની નોંધ લેવી.

૩૮. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫ (૨) અન્વયે સેનેટના સભ્યોને જે તે વિદ્યાશાખા હેઠળ આવતી એક અભ્યાસસમિતિનું સભ્યપદ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૫(૨) અન્વયે સેનેટના સભ્યોને આ સાથે જોડેલી યાદી પ્રમાણે અભ્યાસસમિતિઓનું સભ્યપદ આપવું.

(સદરહુ યાદીની નકલ આ સાથે **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૩૯. બી.એ.ની પરીક્ષા અર્થશાસ્ત્ર મુખ્ય વિષય લઈને પાસ થયેલા વિદ્યાર્થીઓ બી.કૉમ.ના બીજા વર્ષમાં દાખલ થયા પછી થર્ડ બી.કૉમ.ના વર્ગમાં આવે ત્યારે તેમને માટે થર્ડ બી.કૉમ.ના અંગ્રેજીના પ્રશ્નપત્રનો અભ્યાસક્રમ નીચે મુજબ રાખવા તથા તે માટે ઑર્ડિ. કૉમર્સ–૫(બી)માં જરૂરી સુધારો કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા.૧૯/૨૦–૧૧–૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

(1) Business Letters relating to complaints and adjustments, sales and circular, collection.

(2) Banking and Secretarial Correspondence and drafting of speeches.

(3) Business Report writing by individuals and Committees.

(4) Market reports and questionnaires for Economics and Business survey.

N B — Students under this course will not be required to study any prescribed text

આથી ઠરાવવામાં આવે છે કે બી.એ. નો પરીક્ષામાં અર્થશાસ્ત્ર મુખ્ય વિષય લઈને પાસ થયેલા વિદ્યાર્થીઓ બીજા વર્ષે દાખલ થઈ થર્ડ બી.કૉમ.માં આવે ત્યારે તેમને માટેનો અંગ્રેજીનો અભ્યાસક્રમ ઉપર મુજબ રાખવો તથા તે મુજબ ઑર્ડિ. કૉમર્સ–૫(બી) સુધારીને તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

૪૦. ૧૯૭૧ના પ્રથમ છ માસ દરમ્યાન લેવાનાર યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓની ઑ. ૧૨૯ મુજબ શરૂ થવાની તારીખોને બદલે જરૂરી ફેરફાર સાથે કાર્યાલયે સૂચવેલ તારીખો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૭૧ના પ્રથમ છ માસ દરમિયાન લેવાનારી આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ તેનાં નામ સામે જણાવેલ તારીખોએ શરૂ કરવા અંગેનો કાર્યાલયનો પ્રસ્તાવ મંજૂર કરવો.

૪૧. દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામમાં નિયમ મુજબ હિન્દીના ખંડ સમયના પણ ઍકેય લેક્ચરર રાખવામાં આવ્યા નથી તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આચાર્યશ્રી જણાવે છે કે એક પણ વિદ્યાર્થીએ હિન્દી વિષય રાખ્યો ન હોઈ નિમણૂક કરી નથી. તેઓએ વધુમાં સૂચવ્યું છે કે વિદ્યાર્થી વિના અધ્યાપક નીમવાનો આગ્રહ ન રખાય અને આ નિયમમાં સુધારો કરાવવામાં આવે એ ઇચ્છનીય છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યશ્રીને જણાવવું કે હિન્દીના વિષયમાં ઓછામાં ઓછા ખંડ સમયના એક લેક્ચરર રાખવા આવશ્યક છે અને યુનિવર્સિટીના આ નિયમનું તાત્કાલિક પરિપાલન કરીને કાર્યાલયને તેનો જાણ કરવા માટે પણ તેમને જણાવવું.

૪૨. ગણિતની અભ્યાસસમિતિની તા. ૧૯-૧-૧૯૭૦ની સભાની નીચેની ભલામણ એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાએ મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત:

"જૂન ૧૯૭૦થી અમલમાં આવતા પ્રથમ વર્ષ બી.એ.,બી.એસસી. ગણિત વિષયનો અભ્યાસક્રમ શીખવવા માટે પેપર દીઠ ઓછામાં ઓછા ચાર તાસ (પિરિયડ) રાખવામાં આવે તેવી ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રથમ વર્ષ બી.એ. અને પ્રથમ વર્ષ બી.એસસી.માં ગણિતના વિષય માટે પ્રત્યેક પેપર દીઠ ઓછામાં ઓછા ચાર તાસનું શિક્ષણકાર્ય જૂન ૧૯૭૧થી આવશ્યક રાખવું.

૪૩. સિન્ડિકેટે નીમેલી સ્ટાફ અંગેની સ્થાયી સમિતિની તા. ૧૨-૧૨-૧૯૭૦ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની નીચેની ભલામણો મંજૂર કરવી :

(૧૧) આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ચોથા વર્ગના કર્મચારીઓને પોતાના વતનમાં જવા-આવવા અંગે મુસાફરી ભથ્થું આપવા અંગેની તેઓની તા. ૨૯-૪-૧૯૭૦ની વિનંતી નામંજૂર કરવી.

(૧૬) આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ભવનોમાં ત્રણ વિભાગીય ગ્રંથાલયો શરૂ કરવા માટે હાલ યુનિવર્સિટી ગ્રંથાલયના સ્ટાફમાંથી જરૂરી કર્મચારીઓને ટ્રાન્સફર કરવા અને નવી જગાઓ ઊભી કરવા અંગે સિન્ડિકેટે નીમેલી વર્કલોડ કમિટીનો રિપોર્ટ આવ્યા બાદ વિચારણા કરવી.

(૧૭) આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે શ્રી. એન. આર. જોશીને મકાન બાંધકામ માટે યુનિવર્સિટીના નિયમ પ્રમાણે મળતી રૂ. ૪,૩૭૫ની લોન તેઓના મકાન બાંધકામ અંગેના થયેલા ખર્ચ માટેનું તેમના એન્જિનિયર/આર્કિટેક્ટનું સર્ટિફિકેટ મળ્યેથી લોનની રકમ આપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૪૪. સમાજવિદ્યા ભવનમાં પ્રોફેસર ઑફ લેબર વેલ્ફેરની જગ્યા માટે તા. ૧૧-૧૨-૧૯૭૦-ની વરણીસમિતિની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં પ્રોફેસર ઑફ લેબર વેલ્ફેરની જગ્યા અંગે વરણીસમિતિની તા. ૧૧-૧૨-૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી અને તે પ્રમાણે સદરહુ જગ્યા માટે ફરીથી જાહેરખબર આપીને અરજીઓ મગાવવી.

(સદરહુ સમિતિની તા. ૧૧-૧૨ ૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૪૫. લલિતકળાની અભ્યાસસમિતિની તા. ૮-૧૨-૧૯૬૯ની સભાની ભલામણને અનુલક્ષીને લલિતકળાનો વિભાગ યુનિવર્સિટી કક્ષાએ શરૂ કરવા અંગે સૈદ્ધાન્તિક સ્વીકાર કરવા તથા સદરહુ વિભાગ શરૂ કરવા પાંચમી પંચવર્ષીય યોજનામાં બદલી વિચારણા કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે લલિતકળાઓનો વિભાગ યુનિવર્સિટી કક્ષાએ શરૂ કરવા અંગેના પ્રસ્તાવનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવો તથા તે વિભાગ શરૂ કરવા માટે પાંચમી પંચવર્ષીય યોજનામાં ઘટતી વિચારણા કરવાનું રાખવું.

૪૬. અંગ્રેજીની અભ્યાસસમિતિની તા. ૮/૯–૧૦–૧૯૭૦ની સભાની ભલામણને અનુલક્ષીને પ્રથમ વર્ષ બી.એ., બી.એસસી. અને બી.કૉમ.ના ફરજિયાત અંગ્રેજી વિષયના અભ્યાસક્રમ અંગેના રેગ્યુ. આર્ટ્સ ૨, સાયન્સ ૨ અને રેગ્યુ. કૉમર્સ ૨ નીચે મુજબ સુધારવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૦–૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

In (b) Non-personal essays should be deleted so that
(b) reads as under :

Reg. Arts 2, Reg. Sc. 2

(b) Letter writing or non-personal theme or Paragraph writing. .. 10 marks.

Reg. Com. 2

(b) Letter writing excluding (Commercial letter) or non-personal theme or Paragraph writing. .. 10 marks.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રથમ વર્ષ બી.એ., પ્રથમ વર્ષ બી.એસસી. અને પ્રથમ વર્ષ બી.કૉમ.ની પરીક્ષાઓ માટે ફરજિયાત અંગ્રેજી વિષય અંગેના રેગ્યુલેશનો અનુક્રમે રેગ્યુ. આર્ટ્સ–૨, રેગ્યુ. સાયન્સ–૨ અને રેગ્યુ. કૉમર્સ–૨ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા અને તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

૪૭. ઝૂલોજીની અભ્યાસસમિતિની તા. ૧૩-૧૦-૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર એમ.એસસી. ભાગ ૧ અને ૨ નો ઝૂલોજી વિષયનો સુધારેલો અભ્યાસક્રમ આ સાથે આપેલા પરિશિષ્ટ મુજબ રાખવા અને તે અંગેના સંબંધકર્તા રેગ્યુલેશન એમ.એસસી. ૨ તથા રેગ્યુ. એમ.એસસી. ૬ ને સુધારી જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એમ.એસસી. ભાગ ૧ અને ૨માં ઝૂલોજીના વિષયનો સુધારેલો અભ્યાસક્રમ મંજૂર કરવો તથા તે પ્રમાણે રેગ્યુ. એમ.એસસી. ૨ તથા રેગ્યુ. એમ.એસસી. ૬ સુધારવા અને તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

(અભ્યાસક્રમની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૪૮. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ 33 અન્વયે કૉલેજના જોડાણ સંબંધી હાથ ધરેલ કાર્યવાહી બાબતમાં શિક્ષણ અને મજૂર ખાતાના અન્ડર સેક્રેટરી તરફથી આવેલ પત્રની સિન્ડિકેટે તેની તા. ૬-૧૨–૧૯૬૯ની સભામાં નોંધ લઈ એકેડેમિક કાઉન્સિલને વિચારવા માટે મોકલેલ હોઈ તે અંગે એકેડેમિક કાઉન્સિલે પણ તેની

તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભામાં સદરહુ બાબતની નોંધ લેવા ઠરાવ્યું છે તે પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—પત્રનો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે :

In accordance with sub-section (4) of section 33 of the Gujarat University Act, 1949 where in application for affiliation or any part thereof is refused the grounds for such refusal have to be stated. It has been observed that the University does not furnish reasons for its recommendation to refuse an application for affiliation although where Government refuses an application or any part thereof, the grounds of such refusal have to be stated. I am, therefore, to request you to move the University to consider the matter in light of provisions of the Gujarat University Act and to adopt the procedure of giving the grounds for recommending refusal of an application for affiliation.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૯. કાયદાની અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાની તા. ૧૨-૧૦-૧૯૭૦ની સભાની નીચેની ભલામણને અનુલક્ષીને બીજી એલએલ.બી.ના જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષામાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓને જો તેમણે જૂના અભ્યાસક્રમની પરીક્ષાના વિષયમાં મુક્તિ મેળવી હોય તો સેકન્ડ એલએલ.બી.ના નવા અભ્યાસક્રમના તે સામે જણાવેલા વિષયમાં મુક્તિ આપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦નો સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

A student leaving failed at the Second LL.B. (Old) but has obtained exemptions in one or more subjects is eligible to claim exemption in the subject shown against them as under :

2nd LL.B. (Old)	*2nd LL.B. (New)*
1. Jurisprudence	Jurisprudence
2. Hindu Law	Hindu Law and Mohamedan Law
3. Mohamedan Law and Indian Succession Act	Hindu Law and Mohamedan Law
4. T.P. Reasement, and Registration	T.P. and Succession Act
5. Public and Private International Law	Either Public International Law or Private International Law
6. Equity, Specific Rel. and Trust.	No Exemption.

આથી ઠરાવવામાં આવે છે કે જૂના અભ્યાસક્રમ મુજબની સેકન્ડ એલએલ.બી.ની પરીક્ષામાં જ્યુરિસ્પ્રુડન્સના વિષયમાં મુક્તિ મેળવનાર વિદ્યાર્થીઓને તે જ વિષયમાં એટલે કે જ્યુરિસ્પ્રુડન્સના વિષયમાં મુક્તિ આપવા અંગેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે જૂના અભ્યાસક્રમ હેઠળ બાકીના વિષયોમાં મુક્તિ મેળવતા વિદ્યાર્થીઓને નવા અભ્યાસક્રમ હેઠળ મુક્તિ આપવા માટેની પોતાની ભલામણ પર ફેરવિચારણા કરવા માટે એકેડેમિક કાઉન્સિલને જણાવવું.

૫૦. કાયદાની અભ્યાસસમિતિઓની સંયુક્ત સભાની તા. ૧૨–૧૦–૧૯૭૦ની સભાની નીચેની ભલામણને અનુલક્ષીને બીજી એલએલ.બી.ના પ્રશ્નપત્ર ૪ લીગલ થિયરી જ્યુરિસ્પ્રુડન્સ માટે વાચનસામગ્રીમાં નીચે મુજબનો સુધારો કરવા અને તે મુજબ રે. સંબંધકર્તા લૉ રે. ૪ (ન્યૂ) સુધારવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦–૧૧–૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Paper IV : Legal Theory (Jurisprudence)

Prescribed readings

Jurisprudence—Salmand Fitzgerald.

આથી ઠરાવવામાં આવે છે કે બીજી એલએલ.બી.ની પરીક્ષા માટેના પ્રશ્નપત્ર ૪ 'લીગલ થિયરી જ્યુરિસ્પ્રુડન્સ' માટે વાચનસામગ્રીમાં ઉપર મુજબનો સુધારો કરવો અને તે મુજબ રેગ્યુ. લૉ–૪(ન્યૂ) સુધારવો અને તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

૫૧. ઇજનેરી વિદ્યાશાખામાં જૂની પદ્ધતિની એપ્રિલ ૧૯૭૦ કે તે અગાઉ લેવાયેલ બી.ઈ. ૧, બી.ઈ. ૨ વગેરે પરીક્ષાઓમાં નાપાસ થનાર કે એ..ટી.કે.ટી. મેળવનાર વિદ્યાર્થીઓ કે જેમના ગુણ કેરી ફોરવર્ડ કરવાના થાય છે તેમના જે તે વિષયના ગુણ નવી સેમેસ્ટર પદ્ધતિમાં ગુણાંકનમાં થયેલ ફેરફારને લક્ષમાં લઈ પ્રમાણ (પ્રોરેટા) ગણી ગણતરીમાં લઈ કેરી ફોરવર્ડ કરવા અંગે એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦-૧૧–૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.— ઇજનેરી વિદ્યાશાખાના ડીનશ્રીએ જૂની પદ્ધતિમાંથી નવી પદ્ધતિમાં જૂના ગુણ કેરી ફોરવર્ડ કરવા માટે પ્રોરેટાથી ફેરવવાની તરફેણ કરી છે અને ઑક્ટોબર ૧૯૭૦નાં પરિણામો તે અનુસાર તૈયાર કરવાનું જરૂરી બને છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને ઑક્ટોબર ૧૯૭૦ની અને તે પછીની પરીક્ષાઓને આ નિર્ણય લાગુ પાડવો.

૫૨. ક્રિમિનોલોજી ઍન્ડ ફોરેન્સિક સાયન્સનો અભ્યાસક્રમ શરૂ કરવાના શિક્ષણ નિયામક, અમદાવાદના સૂચન પર એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦–૧૧–૧૯૭૦ની સભામાં ક્રિમિનોલોજી ઍન્ડ ફોરેન્સિક સાયન્સનો જુદો વિભાગ શરૂ કરવાનું હાલ શક્ય નથી તેમ અભિપ્રાય દર્શાવેલ હોઈ તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ક્રિમિનોલોજી અને ફોરેન્સિક સાયન્સના અભ્યાસક્રમ માટે જુદો વિભાગ હાલ શરૂ કરવો નહીં.

૫૩. ટેક્સ્ટાઈલ અને પેટ્રોકેમિકલ્સના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો દાખલ કરવા એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦–૧૧–૧૯૭૦ની સભાએ સૈદ્ધાન્તિક સંમતિ દર્શાવી છે તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૪. સામાજિક પરિવર્તન(Social Change)ના અભ્યાસ માટે એક વિભાગ શરૂ કરવાની આપણી દરખાસ્ત યુનિ. ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીને અસ્વીકાર્ય હોવા અંગે તેમના તરફથી આવેલ તા. ૨૦–૧૧–૧૯૭૦ના પત્રાંક એફ. ૨–૫–૭૦(એસ.આઈ.)ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫૫. ત્રિવાર્ષિક પદવી અભ્યાસક્રમના સંદર્ભમાં દ્વિતીય વર્ષ અને તૃતીય વર્ષના અનુભવને જ પદવી કક્ષાનો અનુભવ ગણવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦–૧૧–૧૯૭૦ની સભાની સ્પષ્ટતા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ત્રિવાર્ષિક પદવી માટેના અભ્યાસક્રમોના સંદર્ભમાં દ્વિતીય અને તૃતીય વર્ષનો શૈક્ષણિક અનુભવ, પદવી કક્ષાના શૈક્ષણિક અનુભવ તરીકે ગણવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી.

૫૬. ઇજનેરી વિદ્યાશાખાની સભાની તા. ૧૩–૧૦–૧૯૬૯ની સભાએ એક્ઝામિનેશન સ્કીમમાંથી સેશનલ માર્ક્સ રદ કરવા ભલામણ કરી હતી, પરંતુ તેની તા. ૧૩–૧–૧૯૭૦ની સભાની ભલામણ અનુસાર મજકૂર ભલામણ હવે રદ કરવા અને સેશનલ માર્ક્સ ચાલુ રાખવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૪/૨૫–૭–૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ઇજનેરી વિદ્યાશાખામાં 'સેશનલ માર્ક'ની પદ્ધતિ ચાલુ રાખવી.

૫૭. ઓ. ૧૨૨ અને ૧૨૩ તેમ જ સ્ટ. ૧૧૪–એ સુધારવાની તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦–૧૧–૧૯૭૦નો સભાનો ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ઑા.ડ. ૧૨૨ અને ઑડિ. ૧૨૩ સુધારવા તથા તેને તાત્કાલિક અમલમાં મૂકવા.

(૨) સ્ટ. ૧૧૪–એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા માટે સેનેટને ભલામણ કરવી :

Statute 114–A :

Panels for various subjects at the different examinations shall be prepared by the respective Boards of Studies once a year. In preparing the panels, the Boards of Studies shall put on the panel the

names of teachers who fulfil the qualifications laid down by the Syndicate for appointment as Examiners/Paper-setters. The Board will suggest who is particularly suited for a particular branch or paper in a subject.

(સુધારેલા ઑર્ડિ. ૧૨૨ અને ઑર્ડિ. ૧૨૩ની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૫૮. બાંધકામ સમિતિની તા. ૭-૧૨-૧૯૭૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૭-૧૨-૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરી.

(સદરહુ સમિતિની તા. ૭-૧૨-૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૫૯. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૪-૩-૧૯૭૦ની સભાએ સ્વીકારેલ, શિક્ષણની અભ્યાસસમિતિની નીચેની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૯/૨૦-૧૧-૧૯૭૦ની સભામાં મંજૂર કરી હોઈ તે પર વિચારણા કરવા બાબત :

શિક્ષણની અભ્યાસસમિતિની ભલામણ

" આથી ભલામણ કરવામાં આવે છે કે અનુસ્નાતક કેન્દ્રો ધરાવતી શિક્ષણની કૉલેજોમાં એમ.એડ. માટે શિક્ષક અને વિદ્યાર્થીઓનું પ્રમાણ ૧ : ૩ રાખવું અને મુલાકાતી શિક્ષક અને વિદ્યાર્થીનું પ્રમાણ ૧ : ૧ રાખવું. "

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ મંજૂર કરવી.

૬૦. રાષ્ટ્રીય સેવા યોજનાના શ્રી. સહજાનંદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના અધ્યાપક-ઇન-ચાર્જ શ્રી. ટીન્ડવાણી એન.સી.સી.ના કામમાં રહેતા હોવાથી તેમની જગ્યાએ તા. ૧-૧૦-૧૯૭૦થી શ્રી. આર. પી. શાહ ઇન-ચાર્જ તરીકે કામ કરશે તે અંગેના આચાર્યશ્રીના તા. ૪-૧૨-૧૯૭૦ના પત્રાંક ૪૬૯૭-૭૦ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં શ્રી. આર. પી. શાહને રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવા.

૬૧. રાષ્ટ્રીય સેવા યોજનાના સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના અધ્યાપક-ઇન-ચાર્જ શ્રી. એમ. ડી. મિસ્ત્રીનો જગ્યાએ પ્રો. ઈશ્વરભાઈ પરમારની તા. ૧૦-૧૧-૧૯૭૦થી અધ્યાપક-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવા અંગે આચાર્યશ્રીના તા. ૧૪-૧૧-૧૯૭૦ના પત્રાંક ૧૨૭ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજમાં પ્રો. ઈશ્વરભાઈ પરમારને રાષ્ટ્રીય સેવા યોજનાના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે નીમવા.

૬૨. ચોથી પંચવર્ષીય યોજના હેઠળ સંલગ્ન કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ સુધારવાની બાબતમાં ઉદ્ભવતા પ્રશ્નો અંગે ઘટતી વિચારણા કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૮/૯–૮–૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિની તા. ૨૪–૧૧–૧૯૭૦નો સભાનો ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત સિન્ડિકેટે તેની તા. ૮/૯–૮–૧૯૭૦ની સભામાં નીમેલી સમિતિની પુનર્વિચારણા માટે મોકલવી.

૬૩. ડિસેંબર ૨૮થી ૩૦, ૧૯૭૦ના સમય દરમિયાન ગોરખપુર મુકામે યોજનાર 'ધી ઇન્ડિયન મૅથેમેટિકલ સોસાયટી'ના વાર્ષિક અધિવેશનમાં આચાર્ય કે. એન. શાહ ઉપરાંત ડૉ. પી. સી. વૈદ્યને મજકૂર અધિવેશનમાં યુનિવર્સિટીના વધારાના પ્રતિનિધિ તરીકે હાજરી આપવા અંગે પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૬૪. તા. ૨૭/૨૮ ડિસેંબર ૧૯૭૦ના સમય દરમિયાન શ્રી. એમ. પી. શાહ વિનયન અને વિજ્ઞાન કૉલેજ, સુરેન્દ્રનગરના ઉપક્રમે ગુજરાતી અધ્યાપક સંઘનું ૨૧મું સંમેલન યોજાનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા અંગે તેમ જ સંઘને આર્થિક સહાય મંજૂર કરવા અંગે સંઘના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અધ્યાપક સંઘના આગામી સંમેલનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેના સભ્યોને મોકલવા :

(૧) પ્રો. અનંતરાય રાવળ,
(૨) ડૉ. રમણલાલ જોશી, અને
(૩) પ્રો. અનિરુદ્ધ ભટ્ટ.

૬૫. ડિસેંબર ૨૬ અને ૨૭, ૧૯૭૦ના સમય દરમિયાન "ઇન્ડિયન કૉંગ્રેસ ઑફ અમેરિકન હિસ્ટરી"નું ૭મું વાર્ષિક સત્ર જબલપુર મુકામે યોજાનાર છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉંગ્રેસના આગામી વાર્ષિક સત્રમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. આર. કે. ધારૈયાને મોકલવા.

૬૬. ફેબ્રુઆરી ૨૫થી ૨૭, ૧૯૭૧ના સમય દરમિયાન ભારત સરકારનો અણુશક્તિ વિભાગ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, મદ્રાસ મુકામે 'ઇલેક્ટ્રોનિક્સ' વિષય પર પરિસંવાદ યોજે છે. તેમાં યુનિવર્સિટીના પ્રતિનિધિને મોકલવા અંગે ભારત સરકારના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. કે. એમ. ઝાટકિયાને મોકલવા.

૬૭. યુનિવર્સિટી મુદ્રણાલયમાં કૉપીહોલ્ડર તરીકે કામ કરતા શ્રી. વેણીભાઈ દવેની તબીબી તપાસ અંગે કાર્યકારી ચીફ મેડિકલ ઑફિસરના તા. ૪–૧૨–૧૯૭૦ના રિપોર્ટને અનુલક્ષીને શ્રી. દવેની સેવાની મુદત તેઓ ૬૪ વર્ષ (પૂરાં)ની ઉંમર થાય ત્યાં સુધી એટલે કે તા. ૨૦–૧૨–૧૯૭૧ સુધી લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં કાર્યકારી ચીફ મેડિકલ ઑફિસરનો હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

તે પછી ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટી મુદ્રણાલયના કૉપીહોલ્ડર શ્રી. વેણીભાઈ દવેની સેવાઓની મુદત વધુ એક વર્ષ માટે એટલે કે તા. ૨૦–૧૨–૧૯૭૧ સુધી લંબાવવી.

૬૮. શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ અને શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકામાં એકાઉન્ટન્સી વિષયના શૈક્ષણિક કાર્ય માટે યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા પ્રાધ્યાપક નહીં મળતા હોવાથી ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતું શ્રી. જે. જી. પટેલ દ્વારા શૈક્ષણિક કાર્ય ચલાવવા અંગે સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ પરવાનગી માગી છે તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. – શ્રી. જે. જી. પટેલ બી.કૉમ. પાસ વર્ગ અને સી.એ.ની પદવી ધરાવે છે તથા પાંચ વર્ષનો ધંધાકીય અનુભવ ધરાવે છે. **)**

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે એકાઉન્ટન્સીના વિષયમાં ઓછામાં ઓછા બે સમયના એક પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક છે અને તે માટે જરૂરી લાયકાત ધરાવતા પ્રાધ્યાપકની નિમણૂક કરીને યુનિવર્સિટી કાર્યાલયને ત્વરિત જાણ કરવી.

૬૯. ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કો-ઑપરેટિવ સ્ટોર્સને જૂની પોસ્ટ ઑફિસવાળો રૂમ (કેન્ટીન પાસેનો) આપવા તથા તે અંગેનું ભાડું નક્કી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઑપરેટિવ સ્ટોર્સ લિમિટેડે પોતાના અલગ મકાન માટે યુનિવર્સિટી પાસે જમીનની આ અગાઉ કરેલી માગણીનો સિન્ડિકેટે તેની તા. ૧૪–૬–૧૯૭૯ની સભામાં સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો છે તે સદરહુ સ્ટોર્સને તેના મકાનના બાંધકામ માટે જમીન ફાજલ પાડી આપવા અંગેનો પ્રશ્ન યુનિવર્સિટીની બાંધકામ સમિતિની વિચારણા માટે મોકલવો.

૭૦. ફાઇનાન્સ સમિતિની તા. ૭–૧૨–૧૯૭૦ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સમિતિની તા. ૭–૧૨–૧૯૭૦ની સભાની ભલામણો મંજૂર કરવી.

(સદરહુ સમિતિની તા. ૭–૧૨–૧૯૭૦ની સભાની કાર્યવાહીની નોંધની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૭૦–એ. આ યુનિવર્સિટીમાં એક વિકાસ સમિતિ (ડેવલપમેન્ટ કમિટી) રચવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટી અને તેની સાથે જોડાયેલી કૉલેજોનાં વિકાસ કામો માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તથા ભારત સરકાર અને રાજ્ય સરકાર તરફથી શકય તેટલી આર્થિક સહાય મળી રહે તે માટે વખતોવખત જરૂરી પગલાં સૂચવવા માટે નીચે જણાવેલા સભ્યોની એક સ્થાયી સમિતિ રચવી :

(૧) કુલપતિશ્રી
(૨) શ્રી. રણજિતરાય ગં. શાસ્ત્રી
(૩) શ્રી. મણિશંકર પી. પંડ્યા
(૪) આચાર્ય એમ. સી. દેસાઈ
(૫) શ્રી. ઇન્દ્રવદન એ. મોદી
(૬) ડૉ. એ. એમ. ત્રિવેદી
(૭) કુલસચિવશ્રી
(૮) શ્રી. ભૂપેન્દ્રભાઈ પટેલ (વિકાસ અધિકારી).

૭૧. ડિપ્લોમા-ઇન-ટીચિંગ (ટી.ડી.)ને બદલે હવે ડિપ્લોમા-ઇન-એજ્યુકેશન (ડિપ.એડ.)ની પરીક્ષા લેવામાં આવતી હોવાથી સદરહુ પરીક્ષા પસાર કરનાર પ્રથમ વર્ષ બી.એ.માં પ્રવેશ મેળવી શકે તે માટે આર્ટ્સ ઉનો પાઠ સુધારવાના સંદર્ભમાં સિન્ડિકેટે તેની તા. ૮/૯-૮-૧૯૭૦ની સદરહુ સભામાં નીચેના ઠરાવથી શિક્ષણની અભ્યાસસમિતિને અભિપ્રાય માટે મોકલી હતી તે પરના શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૭-૧૦-૧૯૭૦ની સભાના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

સિન્ડિકેટનો ઠરાવ

" આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતના સંદર્ભમાં ટી.ડી.નો અભ્યાસક્રમ ચાલુ રાખવો કે કેમ તે અંગે શિક્ષણશાસ્ત્રની અભ્યાસસમિતિને પોતાનો અભિપ્રાય આપવા જણાવવું."

અભ્યાસસમિતિનો ઠરાવ

" આ સભા ઠરાવે છે કે ટી.ડી.નો કોર્સ જે ડિપ.એડ. તરીકે નવો કોર્સ છે તે ચાલુ રાખવો."

(નોંધ.—ઉપરની ભલામણ સ્વીકારાય તો બી. આર્ટ્સ ઉનો પાઠ નીચે મુજબ સુધારવાનો રહે :

O. Arts–3 :

Notwithstanding anything contained in O. Arts 2 above, a candidate who has passed the Diploma in Education Examination shall be permitted to appear at the First B.A. Examination after keeping two terms at a college affiliated to this University on his producing satisfactory testimonials in the prescribed form.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી અને તે મુજબ ઑા.ડ. આર્ટ્સ–૩ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

૭૨. એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૪/૨૫-૭–૧૯૭૦ની સભામાં વિજ્ઞાન વિદ્યાશાખાની ભલામણ અન્વયે વિજ્ઞાન વિદ્યાશાખાની પરીક્ષાઓમાં વર્ગ આપવા માટે ફરજિયાત અંગ્રેજી વિષયના ગુણ ગણતરીમાં લેવા તેનો અમલ જૂન, ૧૯૭૧થી કરવા ઠરાવ્યું હોઈ, પ્રી-યુનિ. વિજ્ઞાન, પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ તથા તૃતીય વર્ષ બી.એસસી.ના ઉત્તીર્ણતા માટેના રેગ્યુલેશનો અનુક્રમે આર. પ્રી-સાયન્સ–૩, આર. સાયન્સ ૪, આર. સાયન્સ ૯ તથા આર. સાયન્સ–૧૫(એ) સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦–૧૨–૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(૨) ઉપર જણાવ્યા પ્રમાણે જો પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ બી.એસસી.પરીક્ષાના ઉત્તીર્ણ થવાનાં ધોરણ સુધારવામાં આવે તો તેને અનુલક્ષીને તૃતીય વર્ષ બી.એસસી.ના ઉત્તીર્ણતા અંગેના ધોરણ બાબતના આર. સાયન્સ ૧૫–એ (૨) માં સદરહુ પરીક્ષાઓમાં મળેલા ગુણ ક્રેડિટ–ગુણ ગણતરીમાં લેતી વખતે આ પરીક્ષામાં મળેલા અંગ્રેજી વિષયના ગુણ હાલના નિયમ મુજબ ગણતરીમાં લેવાતા નથી. તેમાં કોઈ ફેરફાર કરવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર રેગ્યુલેશનો પ્રી-સાયન્સ–૩, સાયન્સ–૪, સાયન્સ–૯ અને સાયન્સ ૧૫–એ સુધારવા તથા તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યુલેશનો પ્રી-સાયન્સ–૩, સાયન્સ–૪, સાયન્સ–૯ અને સાયન્સ ૧૫–એની નકલ પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૭૩. સેનેટ તેની તા. ૨–૧૦–૧૯૭૦ની સભામાં ઑર્ડિ. ૧૨૯નો નીચે જણાવેલ સંબંધકર્તા ભાગ સિન્ડિકેટને રિફરેંક કરેલો હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત :

O. 129 :

Name of the Examination	How many times in a year	Date of commencement	Last date of application	Examination fees Rs.
M E. Semester–I	Twice	First Monday in June and Third Monday in October	Three months before the Examination	100/-
M. E Semester–II	,,	,,	,,	100/-
M. E Dissertation	,,	,,	,,	150/-

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૪. શ્રી. એ. એન. કેલાનાં પ્રથમ એલએલ.બી. તેમ જ બીજી એલએલ.બી.નાં સત્રો તથા પરિણામો તા. ૩૦/૩૧ મે, ૧૯૬૯ના સિન્ડિકેટના ઠરાવથી રદ કર્યાં હોઈ તેમને ૩જી ઑક્ટોબર, ૧૯૬૩ના પદવીદાન સમારંભમાં અર્પણ થયેલ એલએલ.બી.ની પદવી પાછી ખેંચવા બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. એ. એન. કેલાની સનદ પાછી ખેંચવા અંગે ન્યાયતંત્રના સત્તાવાળાઓએ કશાં પગલાં લીધાં છે કે કેમ અને લીધાં હોય તો શાં તે અંગેની માહિતી મેળવી આ સભાગૃહ સમક્ષ આ બાબત ફરીથી રજૂ કરવી.

૭૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને કૉલેજોના શિક્ષકોનાં પગારધોરણ તા. ૧-૪-૧૯૬૬થી સુધાર્યાં છે. તેના સંદર્ભમાં યુનિવર્સિટી ભવનોમાં કેટલાક શિક્ષકો તા. ૧-૪-૧૯૬૬ પછી જોડાયા હોય તેઓ જે કૉલેજોમાં ચાલુ રહ્યા હોય તો તેઓને યુનિવર્સિટીમાં તેમની નિમણૂક વખતે જે પગાર તથા બીજાં ભથ્થાં આપેલાં હતાં તેથી વધુ કુલ પગાર તેમને તે વખતે કૉલેજમાં મળતો હોય તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૬. પ્રોફેસરની જગ્યાનો સિનિયર સ્કેલ રૂ. ૧,૬૦૦-૧૦૦-૧,૮૦૦ આપવા અંગેની અંગ્રેજીના પ્રાધ્યાપક ડૉ. કે. આર. ચંદ્રશેખરનની તા. ૧૪-૮-૧૯૭૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—હાલના સ્ટે. ૨૦૪ પ્રમાણે પ્રોફેસરની જગાનું પગારધોરણ રૂ. ૧,૧૦૦-૫૦-૧,૩૦૦ -૬૦-૧,૬૦૦નું છે. પણ ચોથી પંચવર્ષીય યોજનાના સ્કેલ મંજૂર કર્યા અંગેના ગુજરાત રાજ્ય સરકારના તા. ૧૨-૧૨-૧૯૬૭ના પત્રમાં નિર્દેશ કરેલ છે કે કુલ પ્રોફેસરોની સંખ્યાના ૨/૩ ભાગના પ્રોફેસરોને રૂ. ૧,૬૦૦-૧૦૦-૧,૮૦૦ના સિનિયર સ્કેલમાં નીમી શકાય. હાલ આપણી યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનોમાં કુલ્લે ૧૦ પ્રોફેસરો કામ કરે છે સિનિયર સ્કેલના અમલ સ્ટે. ૨૦૪ સુધારવાની જરૂર રહેશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭૭. ગુજરાત યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી માર્ચ ૧૯૭૧ સુધીમાં પ્રકાશિત થનાર લઘુગ્રંથોને બોર્ડને સોંપવા બોર્ડના અધ્યક્ષ શ્રી ઈશ્વરભાઈ પટેલે તેમના તા. ૧૦-૧૨-૧૯૭૦ના પત્રથી કરેલ સૂચન પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ યુનિવર્સિટીનાં તમામ પ્રકાશનો માટે જરૂરી આર્થિક સહાય આપવાનું બોર્ડ સ્વીકારે તો તે પ્રકાશનો બોર્ડની પ્રકાશન યોજના હેઠળ યુનિવર્સિટીના પ્રકાશન તરીકે પ્રસિદ્ધ કરવા માટે સિન્ડિકેટ સંમત છે એમ સદરહુ બોર્ડના અધ્યક્ષશ્રીને જણાવવું.

૭૮. શ્રી પ્રગતિ મંડળ, ભાદરણે તા. ૨૦-૭-૧૯૭૦ની સ્પેશિયલ સિવિલ અરજી નં. ૮૪૮-૧૯૬૬થી બોરસદ મુકામે શરૂ થનાર કૉલેજ સામે ગુજરાત હાઈ કોર્ટમાં કરેલ

રિટ અરજી કોર્ટે તા. ૨૧–૧૧–૧૯૭૦ના હુકમ નં. ૮–૫૩૪થી કાઢી નાખી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૭૯. શ્રી. લાલભાઈ ૨. દેસાઈ તરફથી આવેલા નીચેના સૂચન પરત્વે વિચારણા કરવા બાબત :

"યોગ્ય કક્ષાના શિક્ષકોની ઊણપ અથવા એમની લાયકાતમાં જો કોઈ ઊણપ હોય તો તે ચલાવી લેવાની નીતિ બંધ કરવી અને તેમાં છૂટછાટ સિન્ડિકેટ તરફથી ન મળે એવી જાતનો સ્ટેચ્યૂટ ઘડી સેનેટ સમક્ષ મૂકવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે સિન્ડિકેટ સજાગ છે એમ શ્રી. લાલભાઈ ૨. દેસાઈને જણાવવું.

૮૦. વાણિજ્યની વિદ્યાશાખાની ભલામણને અનુલક્ષીને તૃતીય વર્ષ બી.કોમ.માં વર્ગ ગણવા માટે અંગ્રેજીના ગુણની ગણતરી કરવા અને તે મુજબ રેગ્યુ. કોમ. ૧૪માં ઘટતો સુધારો કરવા તથા તેને જૂન ૧૯૭૧ના શૈક્ષણિક વર્ષથી અમલમાં મૂકવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૧૯/૨૦–૧૧–૧૯૭૦ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણ મુજબ રેગ્યુ. કોમ. ૧૪ સુધારવો અને તેને જૂન ૧૯૭૧થી અમલમાં મૂકવો.

(સુધારેલા રેગ્યુ. કોમ. ૧૪ની નકલ પરિશિષ્ટ "ઙ" તરીકે સામેલ છે.)

૮૧. ગોરખપુર મુકામે તા. ૨૮થી ૩૦ ડિસેંબર ૧૯૭૦ સુધી યોજાનાર ઇન્ડિયન મૅથેમેટિકલ સોસાયટીની પરિષદમાં વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતશાસ્ત્રના રીડર શ્રી. દર્શનસિંગ બસન તથા આંકડાશાસ્ત્ર વિભાગના વ્યાખ્યાતા શ્રી. એ. વી. ગજ્જરને મોકલવાની પરવાનગી આપ્યાના કુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીના સદરહુ કાર્યની નોંધ લેવી.

૮૨. યુનિવર્સિટી ગ્રંથાલયના મદદનીશ ગ્રંથપાલ શ્રી. આર. એસ. ગાંધીને ગુજરાત પુસ્તકાલય મંડળ સંચાલિત તાલીમ વર્ગમાં 'કૅાલન પદ્ધતિ' ઉપર અમદાવાદમાં બે વ્યાખ્યાનો તથા બે પ્રાયોગિક એમ કુલ ચાર પિરિયડો લેવા અંગેની મંજૂરી માગતા તે સંસ્થાના તાલીમ વર્ગના સંચાલક શ્રી. કી. ૨. દેસાઈના તા. ૧૧–૧૨–૧૯૭૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ચાલુ સત્ર દરમ્યાન શ્રી. આર એસ. ગાંધીને ગુજરાત પુસ્તકાલય મંડળ સંચાલિત તાલીમ વર્ગમાં અમદાવાદમાં બે વ્યાખ્યાનો તથા બે પ્રાયોગિક કામ એમ કુલ ૪ તાસનું કામ કરવા માટે પરવાનગી આપવી અને તે માટે પ્રત્યેક તાસ દીઠ રૂ. ૫નું વેતન સ્વીકારવા માટે પણ તેમને પરવાનગી આપવી.

૮૩. "Encyclopaedia Britannica"ના તંત્રીમંડળ તરફથી 'ગુજરાત' ઉપર લેખ લખવા અંગે શ્રી. ડી. એન. પાઠકને (અધ્યક્ષ, સમાજવિદ્યા ભવન) મળેલ આમંત્રણનો સ્વીકાર કરવા તથા તે અંગેનું ૩૦૦ ડૉલરનું મહેનતાણું સ્વીકારવા અંગેની પરવાનગી માગતા તેઓના તા. ૮-૧૨-૧૯૭૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ કાર્ય માટે ઉપર જણાવેલું વેતન સ્વીકારવા માટે પ્રો. ડી. એન. પાઠકને પરવાનગી આપવી.

૮૪. ઑર્ડિ. ૭૫ અનુસાર નાતાલની રજાઓ ડિસેંબર ૨૫થી ૨જી જાન્યુઆરી સુધી હોય છે, પરંતુ જાન્યુઆરી ૧૯૭૧ના પ્રથમ સપ્તાહ દરમિયાન દિલ્હી મુકામે બ્રિટિશ કૉમનવેલ્થ લૉ કૉન્ફરન્સ હોઈ અને તેમાં કાયદાની કૉલેજોના શિક્ષકો તેમાં ભાગ લેવાના હોઈ મજકૂર નાતાલ-વેકેશન કાયદાની કૉલેજોમાં જાન્યુઆરી ૬ થી ૧૩ સુધી મંજૂર કરવા ન્યૂ લૉ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની કૉલેજોને ચાલુ વર્ષે નાતાલની રજાઓ તા. ૨૫-૧૨-૧૯૭૦થી તા. ૧-૧-૧૯૭૧ને બદલે તા. ૬-૧-૧૯૭૧થી તા. ૧૩-૧-૧૯૭૧ સુધી રાખવા માટે છૂટ આપવી.

૮૫. ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર અધ્યાપક મંડળના પાંચમા વાર્ષિક અધિવેશનમાં પસાર થયેલા નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત :

> " મંડળની આ સામાન્ય સભા મંડળની કારોબારીને આદેશ આપે છે કે સલામતી માટેની ટ્રિબ્યુનલ અંગેની ચાર વર્ષ જૂની માગણીની સમાજ સમક્ષ રજૂઆત કરતી અને યુનિવર્સિટી તેમજ સરકાર ડિસેંબર ૧૯૭૦ સુધીમાં ટ્રિબ્યુનલ ન રચે તો મંડળે લેવાનાં પગલાંનો કાર્યક્રમ ૧૫મી જાન્યુઆરી સુધીમાં જાહેર કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત આ યુનિવર્સિટીની સ્થાયી કાનૂનવિષયક સમિતિની વિચારણા માટે મોકલવી.

૮૬. ઇન્ડિયન સોસિયોલોજિકલ સોસાયટીનું ૧૨મું અધિવેશન ગુજરાત યુનિવર્સિટીના ઉપક્રમે રાખવા માટે નિમંત્રણ આપવા અંગે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીના તા. ૧૨-૧૨-૧૯૭૦ના પત્ર ક્રમાંક ૨૨૫૮થી આવેલ પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ડિયન સોસિયોલોજિકલ સોસાયટીનું ૧૯૭૧ના વર્ષનું ૧૨મું અધિવેશન આ યુનિવર્સિટીના ઉપક્રમે રાખવા માટે આમંત્રણ આપવું અને તે અંગેનું અંદાજપત્ર સુધારીને રજૂ કરવા માટે સમાજવિદ્યા ભવનના અધ્યક્ષશ્રીને જણાવવું.

૮૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ભલામણ પ્રમાણે ભારત સરકારે ગ્રંથાલય-શાસ્ત્રના શિક્ષકગણનાં પગારધોરણો નીચે જણાવ્યા પ્રમાણે સુધાર્યાં છે. તે તા. ૧-૪-૧૯૬૬થી અમલી બને તે રીતે યુનિવર્સિટીઓને રાજ્ય સરકાર તે અંગેની શરતોના નિયમોને

આધીન રહીને આર્થિક સહાય આપશે તેમ જણાવતાં ગુજરાત સરકારના શિક્ષણ અને મજૂર વિભાગના ઠરાવ નં. એમ.આઈ.એસ. ૧૦૬૮ કે. એચ, તા. ૨૭–૧૦–૧૯૭૦ પરત્વે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	હોદ્દો	પ્રવર્તમાન પગારધોરણ	સુધારેલ પગારધોરણ
૧.	પ્રોફેશનલ સિનિયર પ્રોફેસર	રૂ. ૧,૦૦૦-૫૦–૧,૫૦૦	રૂ. ૧૧,૦૦–૫૦–૧,૩૦૦–૬૦–૧,૬૦૦
૨.	પ્રોફેશનલ સિનિયર રીડર	રૂ. ૫૦૦–૩૦–૬૨૦–૪૦–૧,૦૦૦	રૂ. ૭૦૦–૫૦–૧,૨૫૦
૩.	પ્રોફેશનલ જુનિયર લેક્ચરર	રૂ. ૪૦૦–૩૦–૬૪૦–૪૦–૮૦૦	રૂ. ૪૦૦–૪૦–૮૦૦–૫૦–૬૫૦

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૮. એમ. એન. સાયન્સ એન્ડ પી. કે. કે. આર્ટ્સ કૉલેજ, પાટણમાં ગુજરાતી વિષયના અનુસ્નાતક શિક્ષણનું કેન્દ્ર જૂન ૧૯૭૧ થી સ્થાપવા આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

નોંધ.—સ્થાનિક શિક્ષણ અંગે માહિતી નીચે મુજબ છે :

૧. શ્રી. એન. સી. શાહ, શિક્ષક
૨. શ્રી. જે. કે. વ્યાસ, શિક્ષક
૩. શ્રી. એસ. સી. પટેલ, મદદનીશ.

મજકૂર કૉલેજ નૉર્થ ઝોનમાં આવેલી છે અને તે ઝોનની—

૧. એમ. એન. કૉલેજ, વીસનગર
૨. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધોળકા
૩. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકામાં ગુજરાતી વિષયનાં અનુસ્નાતક કેન્દ્રો છે.

આથી ઠરાવવામાં આવે છે કે નવાં અનુસ્નાતક કેન્દ્રો માટેની બધી અરજીઓ ઉપર એકસાથે વિચારણા કરવા માટે તે અંગેની બીજા પ્રસ્તાવો સાથે આ બાબત સિન્ડિકેટની હવે પછીની સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

તે પછી પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી :

૮૯. ઑક્ટોબર ૧૯૭૦માં લેવાયેલી નવમા સેમેસ્ટરની પરીક્ષામાં 'હીટ પાવર'–૨ના પ્રશ્નપત્રમાં કેટલોક ભાગ અભ્યાસક્રમ બહારનો પુછાયો હોવાની વિદ્યાર્થીઓની ફરિયાદ અને તે પર ઇજનેરી વિદ્યાશાખાના ડીનના અભિપ્રાયને અનુલક્ષીને વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇજનેરી વિદ્યાશાખાની ઑક્ટોબર ૧૯૭૦માં લેવાયેલી નવમા સેમેસ્ટરની પરીક્ષાના 'હીટ પાવર ૨'ના પ્રશ્નપત્રમાં પ્રશ્નપત્રનો કેટલોક ભાગ તે અંગેના અભ્યાસક્રમ બહારનો હોઈ તે પ્રશ્નપત્રમાં વિદ્યાર્થીઓને મળેલા ગુણ ફરીથી જોઈતપાસીને સામાન્ય રીતે પ્રમાણસર (પ્રો-રેટા)ના સિદ્ધાંત મુજબ ગુણ સુધારીને પરિણામમાં ફેરફાર કરવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૯૦. જાન્યુઆરી ૧૯૬૭ અને જુલાઈ ૧૯૬૭માં એમ.બી.,બી.એસ.ની જે વધારાની પરીક્ષાઓ લેવાઈ તેમાં ઉત્તીર્ણ થઈને એમ.ડી. અને એમ.એસ.નો અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓને અનુક્રમે માર્ચ/એપ્રિલ ૧૯૭૧ અને ઑક્ટોબર ૧૯૭૧માં લેવાનારી એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષામાં બેસવા દેવા માટેની કેટલાક વિદ્યાર્થીઓની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ વિનંતી અપવાદ તરીકે મંજૂર કરવી.

૯૧. ફર્સ્ટ એમ.બી.,બી.એસ.માં ચોથી વખત નાપાસ થયેલા વિદ્યાર્થીઓને વધુ એક વખત તે પરીક્ષામાં બેસવા દેવા માટેની કેટલાક વિદ્યાર્થીઓની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલવી.

તે પછી સભાગૃહનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./ ૦૨૮૪૭૫ /૧૯૭૧.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૯.
જાન્યુઆરી ૪, ૧૯૭૧.

કં. ચં. પરીખ
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૧૦

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Botany (Plant Physiology) in the University School of Sciences was held on 23-11-1970, the Monday at 9-30 a.m. at the office of the Gujarat University. Shri U. J. Joshi, Vice-Chancellor, Gujarat University, presiding

The following was the attendance of the members :

1.	Shri U. J. Joshi, Vice-Chancellor and Chairman	Present
2.	Dr. R. S. Chaudhari	Absent
3.	Professor G. S. Sirohi	Present
4.	Professor R. D. Ashana	Present
5.	Shri R. D. Adatia	Present
6.	Dr. J. J. Chinoy	Present.

The following candidates were called for interview :

1.	Dr. J. V. Amin	Present
2.	Dr. A. B. Vora	Present
3.	Dr. (Miss) U. H. Acharya	Absent
4.	Dr. O. P. Saxena	Present
5.	Dr. Jai Prakash	Absent
6.	Dr. (Miss) Hemlata D. Patel	Present
7.	Dr. M. N. Tewari	Present
8.	Dr. M. M. Laloraya	Absent.

Dr. Laloraya's telegram stating his inability to attend the interview and requesting for considering him in absentia was placed before the Committee.

Then, after interviewing the candidates who were present and considering their qualifications and experience as well as those of Dr. Laloraya's, the committee resolved as follows :

The committee is of the view that of all the candidates who have applied for the Post of Reader in Botany Dr. M. M. Laloraya has been found to be the most suitable for this post and recommends that Dr. M. M. Laloraya be appointed as a Reader in Botany in the University School of Sciences on a basic salary of Rs. 1,000/- per mensem.

Ahmedabad.
Nov. 23, 1970.

Umashankar Joshi
G. S. Sirohi
R. D. Ashana
R. D. Adatia
J. J. Chinoy.

પરિશિષ્ટ "અ"
કામકાજ ક્રમાંક ૧૧

A meeting of the Selection Committee for recommending the names for appointment to the Post of Reader in Chemistry in the University School of Sciences was held on 23-11-1970, the Monday at 12-30 p.m. at the office of the Gujarat University. Shri U. J. Joshi, Vice-Chancellor, Gujarat University, presiding

The following was the attendance of the members :

1.	Shri U. J. Joshi Vice-Chancellor and Chairman	Present
2.	Dr. Suresh Sethana	Present
3.	Dr. T. R. Sheshadri	Absent
4.	Dr. J. R. Merchant	Absent
5.	Dr. R. C. Merhotra	Present
6.	Prof. A. M. Trivedi	Present.

The following candidates were called for interview :

1.	Dr. M. H. Desai	Present
2.	Shri S. A. Vaishnav	Present
3.	Dr. Sankhala Ramswaroop H.	Absent
4.	Shri Menghani Gurumukh Das	Absent
5.	Shri J. P. Trivedi	Present
6.	Dr. I. G. Vashi	Present
7.	Shri Urvish S. Pathak	Present.

After interviewing the candidates who remained present and considering their qualifications and experience, the Committee resolved as under :

Resolved that the following candidates are found suitable for the Post of Reader in Chemistry and that they be recommended for appointment in the following order of priority :

1. Dr. J. P. Trivedi
2. Dr. I. G. Vashi.

Umashankar Joshi
Suresh Sethna
Dr. R. C. Merhotra
Dr. A. M. Trivedi.

Ahmedabad.
23 Nov. 1970.

પરિશિષ્ટ "ગ"
કામકાજ નંબર ૨૯

PHYSICS at S.Y.B.Sc.

Paper III ; **Mechanics, Properties of Matter, Heat, Sound & Optics**

(M. K. S. units should be followed throughout.)

Mechanics :

Scalars, Vectors, Scalar product and Vector product.

Angular velocity, Angular acceleration, Rotation with constant angular acceleration, Relation between angular and linear velocity and acceleration; Kinetic energy of rotation, Moment of inertia; Laws of parrallel and perpendicular axes, M. I of thin rod, disc, rectangular lamina, and solid sphere; acceleration of a rolling body down an inclined plane.

